## ॥ અધ્યાય - ૧ ॥

# मंगलाचरण

(१) श्रीमान्योऽक्षर धाम नींदतितरांस्तुन्वतियंवैधशा
येनेदं सद् सदद्विभाति विबुद्धायस्मैहरंतेऽर्हणम
आजेयेयमनं जयंत्य जगणद्यस्मादकस्माद्यजी
धस्यामेय महत्त्व मैश्यमतुलंयस्मि जीयाद्धरिः ॥

(२) कोटयर्केंदुविभाति भामतिमनो वाण्यक्षिद्विक्षा
क्षमांदिव्यांस्वीय तनुनिदययायोनिन्दुतिं
नित्योध्धाममहाप्रताप निवृतंनिर्ध्वः ॥
नृत्यंनृनाट्यौदधत्सोड्यं मेहृदयेसदैव सहजानंदो वरीय वृत्य ताम ॥

દિવ્ય અક્ષરધામમાં વિરાજમાન પરાત્પર નારાયણ મહાપ્રભુ જેમની વેદો, બ્રહ્માદિ દેવો હંમેશા સ્તુતિ કર્યા કરે છે. એવા તથા યત્કિંચિત્ જગતમાં સત્યઅસત્યના જ્ઞાનને કરાવનારા તથા જીવપ્રાણી માત્રનાં સર્વ પ્રકારનાં દુઃખોને હરનારા, સર્વત્ર જયજયકારને કરનારા, પોતાની ઈચ્છાથી દર્શન આપનારા, અનંત ઐશ્વર્ય પ્રતાપવાળા, કોઈથી ન જીતાય એવા હે સર્વોપરી નારાયણ મહાપ્રભુ ! આપનો જયજયકાર થાઓ. ॥૧॥ જે નારાયણનાં સ્વરૂપનું તેજ કરોડો સૂર્ય-ચંદ્રના પ્રકાશ કરતાં પણ અધિક છે એવા દિવ્ય નેત્રકમળવાળા, દિવ્યસ્વરૂપને ધારી રહેલા ભક્તજનો ઉપર કૃપા કરીને દર્શન આપનારા, હંમેશા પોતાનાં પ્રતાપને સર્વત્ર વિસ્તારતા થકા નવાં નવાં લીલાચરિત્રોને કરતા થકા વિચરણ કરનારા શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ મારા અંતઃકરણમાં નિવાસ કરીને સુખ આપો. ॥૨॥ દિવ્ય બ્રહ્મપુર અક્ષરધામમાં વિરાજમાન એવા શ્રીહરિને તપસ્વી મુનિઓ સામવેદના મંત્રો વડે સ્તુતિ કરતા થકા ધ્યાન કરે છે. વેદની શ્રુતિઓ આપનું ગુણગાન કર્યા કરે છે. અને જ્ઞાની પુરુષો આપનાં સત્ત્વગુણમય મનથી દર્શન કરે છે. અનંત સૂર્ય-ચંદ્રના તેજ કરતાં અધિક સ્વસ્વરૂપના તેજથી શોભાયમાન આકૃતિવાળા આપના યશને વિસ્તારતા થકા હંમેશાં આપ શ્રી ધર્મભક્તિના



પુત્ર એવા શ્રી સહજાનંદ સ્વામી આપનું સર્વત્ર મંગળ થાય. ॥૩॥ બ્રહ્મા, શંકર, ઈન્દ્રાદિ દેવો જેમાં મુખ્ય છે એવા, તથા દેવતાઓથી જેમનું પાલન કરાય છે એવા, જગતના સર્વે જીવોને સુખ આપનારા, શ્વેત વસ્ત્રને ધારણ કરનારા, સુગંધ યુક્ત પુષ્પોનાં હારોને ધારણ કરી રહેલાં, શાંતપ્રકૃતિવાળા, મંદહાસ્ય મુખકમળ જેમનું છે એવા, અભય વરદાનને આપનારા, તથા હસ્તકમળમાં માળાને ધારણ કરી રહેલા એવા નારાયણ અને નર પ્રભુ ॥૪॥ પીતાંબર વસ્ત્રોને ધારણ કરી રહેલા તથા વલ્કલ વસ્ત્રોને ધારણ કરીને તપ કરી રહેલા, મનોહર મૂર્તિ લક્ષ્મી આદિ પોતાની શક્તિઓથી સેવાયેલા અતિશય મનોહર મૂર્તિ, જેમનું મુક્તજનો સ્થિરદૃષ્ટિથી એકાગ્ર ચિત્તથી દર્શનપાન કરે છે, એવા નરની સાથે નારાયણ ભગવાનને મારા હૃદયમાં ધારણ કરું છું ॥૫॥ સંત પુરુષોને સુખ આપનારા, પરબ્રહ્મ પરમાત્મા, ધર્મભક્તિના પુત્ર એવા, જિજ્ઞાસુજનોના અજ્ઞાનરૂપી સંશયનો નાશ કરીને સાચા સ્વરૂપનું જ્ઞાન આપનારા, સર્વ ઈશ્વરોના ઈશ્વર, વેદની શ્રુતિઓ જેમનું યશોગાન કર્યા કરે છે. સત્યસ્વરૂપ હે નારાયણ ! આપ સાચા ભક્તિભાવવાળા ભક્તજનોનાં હૃદયમાં કાયમ નિવાસ કરીને રહો. ॥૬॥ વિદ્વાન જ્ઞાનીજનોને ભક્તિભાવપૂર્વક વેદાન્તાદિ સદ્‌વિદ્યાના ગ્રંથોમાંથી આપના સ્વરૂપનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તથા વારંવાર અવતાર ધારણ કરીને ભક્તજનોના દુઃખોને હરનારા, તથા પીડાઓ અને ઉપાધિઓનો નાશ કરનારા, એવા પરાત્પર શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ આપને હું વારંવાર નમસ્કાર કરું છું. ॥૭॥ તપ જેમને પ્રિય છે એવા શ્રીહરિ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને અનેક ચરિત્રોનું શ્રવણ કરીને પૂર્ણજ્ઞાન મેળવીને મારી બુદ્ધિમાં ધારણા પ્રમાણે આ "શ્રીહરિલીલા સુધાકર" નામનો ગ્રંથ, શ્રીહરિના લીલાચરિત્રો અને ભક્તિ, પ્રિયજનોને કલ્પવૃક્ષ સમાન થાય તે માટે હે મહાપ્રભુ ! મારી બુદ્ધિમાં વાસ કરીને હંમેશા મને આપના ચરિત્રો લખવાનું બળ આપો. ॥૮॥ આ શ્રીહરિલીલા સુધાકર ગ્રંથ શ્રીહરિનાં અનેક લીલાચરિત્રોનો પ્રકાશ કરનાર છે. તે ભગવાનના ભક્તો માટે સ્વાદિષ્ટ લાડુ

સમાન છે. બધા શાસ્ત્રોમાંથી સાર કાઢીને આ એક અમૃતમય સંપુટ બનાવેલ છે. તેથી સર્વેને આનંદ આપનાર થાય. ॥૯॥ શ્રીકૃષ્ણ મહાપ્રભુ આ ગ્રંથના દેવતા છે, અને આ ગ્રંથમાં શ્રીકૃષ્ણ મહાપ્રભુના લીલા-ચરિત્રોનું આલેખન કરેલું છે. તેથી તેનું દર્શન કરાવે છે તથા કૃષ્ણાનંદ હું મારી યથામતિ ભક્તજનોની પ્રસન્નતા માટે આ ગ્રંથની રચના (પ્રારંભ) કરું છું. ॥૧૦॥ આ પૃથ્વી ઉપર (ભરત ખંડના) ભારત દેશનાં મધ્યમાં ગુજરાતમાં સૌવીર પ્રાંત (સૌરાષ્ટ્ર) લીલાપુર નામનું ગામ આવેલું છે. તે ખૂબ જ પ્રખ્યાત છે. ॥૧૧॥ જે નગરમાં ચારે વર્ગના લોકોથી વસેલું તથા અનેક પ્રકારના વૃક્ષોથી શોભાયમાન તથા અતિશય સ્વચ્છતાવાળા જળવાળું, કમળોની શોભાથી મનોહર લાગતું, સુંદર મોટું તળાવ શોભે છે. ॥૧૨॥ એવા લીલાપુર ગામમાં મહાપ્રતાપી તથા સાધુ બ્રાહ્મણોનું પૂજન કરનારા ઈન્દ્રિયોને જીતીને વશમા કરનારા અને શ્રીહરિની કથા સાંભળવામાં તત્પરતાવાળા ॥૧૩॥ અતિ ઉદાર દિલવાળા, બુદ્ધિશાળી રાજનીતિને પારખનારા, સદ્‌ગુણોવાળા લાલજી નામના એક સજ્જન તે લીલાપુર ગામમાં થયા હતા. ॥૧૪॥ તે લાલજીભાઈને ચાર પુત્રો થયા હતા. તેમાં કાનજીભાઈ જેમાં મુખ્ય છે. એવા ચારે પુત્રો શ્રીહરિની ભક્તિમાં દૃઢનિષ્ઠાવાળા હતા. સત્સંગમાં ખૂબ જ આસક્તિવાળા હતા. ॥૧૫॥ તે લાલજીએ એક વાર કથામાં સાંભળ્યું અને તેણે પોતાના મનમાં ખૂબ જ વિચાર કરીને નક્કી કર્યું કે સત્સંગ કરવાથી ઘણા સદ્‌ગુણો આવે છે, અને તેને ખૂબ જ શાંતિ થાય છે. ॥૧૬॥ એવી રીતે બુદ્ધિશાળી લાલજી ભક્તે મનમાં નક્કી કરીને પોતાના મોટા પુત્ર કાનજીભાઈને રાજ્યનો કારભાર આપીને તીર્થ કરવાની ઈચ્છાથી લીલાપુરથી નીકળી તે તીર્થોમાં ફરવા લાગ્યા. ॥૧૭॥ તે લાલજીભક્ત દૃઢ ભક્તિભાવથી પ્રેમપૂર્વક તીર્થયાત્રામાં ભારત વર્ષમાં ફરતા હતા, તેવા સમયમાં કોઈક ભક્ત જનનાં મુખ થકી ભગવાનના ઉત્તમ મહાપુરુષ તદ્રૂપાનંદ સ્વામીનું નામ સાંભળી તેને ॥૧૮॥ તે તદ્રૂપાનંદ સ્વામી મુળીપુરમાં નિવાસ કરીને ભગવાનની ભક્તિ કરે છે.



એવી રીતનું સાંભળીને તે લાલજીભાઈ (ભક્ત) તેમના દર્શન કરવાની ઉત્સુકતાથી તે મૂળી પુરમાં તત્કાળ પહોંચી ગયા.॥૧૯॥ તે મૂળીપુર ધામ અતિશય શોભાયમાન સ્ફટિકની શીલાઓથી યુક્ત ખૂબ જ ઊંચું પ્રવેશદ્વાર, ખૂબ જ કલાકારીગરીથી બનાવેલું હતું. તેમાં સુંદર કમાનો તોરણો બનાવેલા હતા તથા બારણાં સોનાથી મઢેલાં હતાં, તે નગરની નજીકમાં સુંદર ઉપવનો શોભતાં હતાં. તે નગરને ફરતો કિલ્લો બનાવેલો હતો, તેને ફરતી ખાઈઓ કરેલી હતી. ॥૨૦॥ જ્યાં મોર, પોપટ વગેરે પક્ષીઓ મધુર નાદ કરી રહ્યાં હતાં. નગરના માર્ગો ઉપર હાથીઓના ગંડસ્થળમાંથી ઝરતા મદઝરથી ભીંજાયા હતા. જ્યાં દરેક ધર્મના દરવાજા ઉપર આંબાના પાનનાં તોરણો બાંધેલાં હતાં. ચોકમાં ફૂલો પાથરેલાં હતાં. છત્રીઓ ઉપરની ધજાપતાકાઓથી તાપ રોકાવાથી છાયા મળતી હતી. ॥૨૧॥ તે મુળીનગરમાં ઊંચા શિખરો ઉપર સોનાનાં કળશો તથા ઊંચી ધજાઓ શોભી રહી છે એવા શ્રી રાધાકૃષ્ણ દેવના સુંદર મનોહર દિવ્યમંદિર તે રાજાએ જોયું. ॥૨૨॥ તે મંદિર ઊંચે આકાશને સ્પર્શ કરતું હોઈને શું ! એવુ પર્વત સમાન ઊંચુ, કૈલાશ શિખરની માફક, પોતાની શોભાથી ખૂબ જ શોભતું હતું. તે અતિશય સ્વચ્છતાને લીધે શિખરના ઉપરના ભાગમાં દેવશિખરોના રત્નો, દર્પણોથી શોભાયમાન લાગતું હતું. ॥૨૩॥ શરદ ઋતુના ચંદ્રમાની માફક એકદમ સ્વચ્છ સીડીના પગથિયાં શોભતાં હતાં. સોના-ચાંદી-રત્નનાં વર્ણવાળાં આભાવાળાં લાગતાં હતાં. જ્યાં શિલ્પકળાનો ખૂબ જ ઉપયોગ કરવાથી શોભતાં હતાં. આવી રીતની કલાયુક્ત રચના જોઈને તે રાજા ખૂબ જ આનંદિત થયા. ॥૨૪॥ પવનના વેગથી શિખર ઉપરની ધજાઓ ફરકતી હતી. તેનાથી ભક્તજનોને આવકાર કરતી હોય ને શું !! એવો ભાવ થતો હતો કે ભગવાન પોતાના હસ્તકમળના ઈશારા વડે ભક્તજનોને બોલાવે છે. ॥૨૫॥ તે રાજાને મુળી ધામનાં અધિપતિ શ્રી રાધાકૃષ્ણદેવ સુંદર દિવ્ય સિંહાસનમાં વિરાજીત થઈને દર્શન આપતા હતા. તે જોઈને ભક્તરાજ ખૂબ જ આનંદિત થઈ ગયા. ॥૨૬॥ તે દિવ્ય સિંહાસનમાં ભાતભાતના મનોહર

રત્નો, મણીઓથી ખૂબ જ કલાત્મક રીતે કલાકારીગરીથી જડેલા, એવા મનોહર સ્થાનમાં વિરાજમાન થયેલા ખૂબ જ શોભતા હતા. પોતાના આશ્રિતોને સુખ આપતા થકા, હાથમાં બંસી ધારણ કરીને લાલ હોઠ કમળમાં રાખીને સુંદરનાદ કરતાં દર્શન આપતા મનોહર લાગતા હતા. ॥૨૭॥ પોતાના મસ્તક ઉપર હજારો સૂર્યની કિરણો સમાન કાંતિવાળા મુકુટને ધારી રહેલા શ્રીકૃષ્ણ મહાપ્રભુ, કાનમાં કુંડળોને ધારણ કરેલાં, કંઠમાં, હૃદય ઉપર મણી મુક્તનાં હારોને ધારણ કરેલાં, ને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધેલા, કટીભાગમાં મણી મેખલા બાંધેલા, તથા સોનાના આભૂષણોને ધારીને ખૂબ જ શોભતા હતા. ॥૨૮॥ શીતળ મલયચંદનના અર્ચનથી ભરપુર મધુર સુગંધયુક્ત, મનોહર વસ્ત્રોને ધારણ કરીને સુવાસને ફેલાવતા તથા કોઈની ઉપમા ન આપી શકાય, એવા મંદ હાસ્યમુખ કમળવાળા શ્રીકૃષ્ણ મહાપ્રભુને સિંહાસનમાં વિરાજેલા જોઈને તે લાલજીભક્ત ત્યાં નજીકમાં ગયા. ॥૨૯॥ ત્યાં જઈને તે સ્વરૂપોનાં પ્રેમપૂર્વક દર્શન કરવા લાગ્યા. પ્રથમ રાધાકૃષ્ણની સાથે ધર્માત્મજ શ્રી ઘનશ્યામ પ્રભુને પ્રણામ કર્યા. ત્યાર પછી ધર્મભક્તિને નમન કરીને ત્યાર પછી રણછોડ ત્રિકમરાય પ્રભુને નમસ્કાર-પ્રણામ કર્યા. ॥૩૦॥ ત્યાંથી નીકળીને તે રાજાને તદ્રુપાનંદ સંતનાં દર્શન થયાં. તેથી તે મુનિ પાસે ગયા. તે સદ્‌ગુરુને મૂર્તિમાન તપોમૂર્તિ જોઈને ખૂબ જ આનંદપૂર્વક થઈ ગયા. ॥૩૧॥ તે રાજા તદ્રુપાનંદ સ્વામીને નમસ્કાર કરીને હર્ષઘેલા થઈને હાથ જોડીને પોતાને ધન્યભાગ્યવાળા માનતા થકા કહેવા લાગ્યા. ॥૩૨॥ હે સ્વામી ! આજે મારા અનેકજન્મના પુણ્યોનો ઉદય થયો છે અને મારો આ મનુષ્યજન્મ સફળ થયો કેમ કે આજે મને ખૂબ જ સમર્થ તપસ્વી સંતપુરુષના દર્શન થયાનો યોગ પ્રાપ્ત થયો, એ જ મારાં મોટા ભાગ્ય છે. ॥૩૩॥ વેદની શ્રુતિના પઠન દ્વારા એવું જાણવા મળેલું કે અનેક જન્મના તપપુણ્યના પ્રતાપે ભગવતકૃપાથી સત્સંગનો યોગ પ્રાપ્ત થાય છે. એટલા માટે આજે સંત પુરુષના દર્શન થવાથી મને ખૂબ જ ભાગ્યશાળી માનું છું.



આપના જેવા સમર્થ સંતની કૃપા થાય તો મારા આત્માનો મોક્ષ થઈ જાય. ॥૩૪॥ આવી રીતે રાજા એકાગ્રતાથી ધ્યાન કરતા થકા પોતાના નેત્રોમાંથી પ્રેમાશ્રુને વહેવડાવતા થકા બન્ને હાથ જોડીને સંતપુરુષને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ॥૩૫॥ ત્યારે તે સંત તે રાજાને પગમાં પડેલા જોઈ પ્રેમપૂર્વક ઊભા કરીને તે લાલજી ભક્તને તદ્રુપાનંદ સ્વામી આશિષ આપીને ખૂબ જ પ્રેમથી મળ્યા. તમારું કલ્યાણ થાય એવા આશીર્વાદ આપ્યા. ॥૩૬॥ ત્યાર પછી પ્રેમપૂર્વક તે સ્વામીના મુખકમળથી ભગવાનની અમૃતમય કથાવાર્તા સાંભળીને (અમૃતપાન કરીને) મનમાં ખૂબ જ શાંતિ પામી ગયો. દેહનું ભાન ભૂલીને સમાધિ પામી ગયો. ॥૩૭॥ ત્યાર પછી તે રાજા ગદ્ ગદ્ મનવાળો થઈને તે મુનિને નમસ્કાર કરીને નમ્ર વાણીથી બોલ્યો : હે મુનિરાજ ! આપની કૃપાથી મારું બધે જ કલ્યાણ થઈ રહ્યું છે. ॥૩૮॥ હે ગુરુદેવ ! આ ભારત વર્ષમાં મનુષ્ય જન્મ મળવો ઘણો દુર્લભ છે, તો મનુષ્યજન્મ મળ્યો છે તેમાંય અત્યારે સત્સંગનો યોગ થયો તેથી મનમાં ખૂબ જ શાંતિ થઈ; પરંતુ જગતમાં વિષયવાસના રૂપી સંસારનાં સાગર મહા વડવાનલમાં જીવાત્મા બળ્યા કરે છે, પણ હે ગુરુદેવ ! આપ જેવા સંતની કૃપાથી સત્સંગના અમૃતથી જ તે પીડાથી શાંતિ થઈ શકે. ॥૩૯॥ એવી રીતે રાજા તે સ્વામીની અમૃતમય વાર્તા સાંભળીને પ્રેમપૂર્વક ખૂબ જ રાજી થયા અને શ્રીહરિના સ્વરૂપને વિષે અતિશય ભક્તિભાવનાવાળા થયા. ત્યાર પછી કેટલાક સમય સુધી ભગવાનના ચરિત્રો સાંભળીને ખૂબ જ રસવાળા થઈને ભક્તિરસમાં ઓતપ્રોત થઈ ગયા. ॥૪૦॥

**એવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરનો પ્રારંભ નામનો પ્રથમ અધ્યાય થયો. ॥૧॥**

## ॥ અધ્યાય - ૨ ॥

**લાલજી ભક્ત બોલ્યા** : હે યોગીઓમાં શ્રેષ્ઠ સ્વામી ! મારે ભગવાનની પવિત્ર કથા જે દિવ્ય ચરિત્રોની છે, જેનાથી મનમાં ખૂબ જ શાંતિ થાય છે, તે પવિત્ર કથા આપના મુખ થકી સાંભળવાની ઈચ્છા છે. તો આપ મારા પર કૃપા કરીને કહો, જેથી મારા મનમાં ખૂબ જ શાંતિ થઈ જાય. ॥૧॥ હે સ્વામી ! ધર્માત્મજ શ્રી સહજાનંદ સ્વામીએ આ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરીને જે જે ચરિત્રો કર્યા તે જીવનપર્યંતનાં સર્વે ચરિત્રો ખૂબ જ વિસ્તારથી મને કહેજો. ચરિત્રો સાંભળીને જન્મમરણનાં ફેરામાંથી છૂટી શકું એવી મારી ઉપર કૃપા કરો. ॥૨॥ **તદ્રુપાનંદ સ્વામી બોલ્યા** : હે ભક્તરાજ ! તમે મને જે પ્રશ્ન પૂછ્યો તેનું સમાધાન હું આપને કૃષ્ણાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીના ચરિત્રોનું આલેખન કરીને તૈયાર કરેલા ગ્રંથમાંની કથા આપને મારી ધારણામાં જે આવેલ છે તે પ્રમાણે ભગવાનના ચરિત્રોની કથા તમને વિસ્તારપૂર્વક સંભળાવીશ. તે અમૃત સમાન કથાને સાંભળો. ॥૩॥ મુનિઓમાં શ્રેષ્ઠ મહાજ્ઞાની **બ્રહ્માનંદ સ્વામી** પોતાના અંતઃકરણમાં શ્રીહરિના ચરણકમળનું સ્મરણ કરતા થકા તીર્થયાત્રા કરતાં થકા ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરતા-કરતા, ભગવાનની દૃઢભક્તિ કરતાં જ્યાં ભગવાનના ભક્ત પવિત્રા એકાંતિકી ભક્તિ કરી રહેલા છે, એવા ભુજ નામના નગરમાં ગયા. ॥૪॥ તે બ્રહ્માનંદ સ્વામી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યમાં દૃઢતાવાળા, જીવોને ભગવાનના સ્વરૂપનો ઉપદેશ કરનારા તથા ભગવાનના સ્વરૂપનું સુખ આપનારા, શાંત મનવાળા, ભગવાનમાં મનને જોડી રાખનારા, લાંબા હાથવાળા, કોમળ કમળ સમાન નેત્રવાળા હતા. ॥૫॥ તે ભુજનગરમાં સાંકડા માર્ગો ઉપર ફૂલો પાથરેલાં હતાં તથા ચારે વર્ણના લોકોના આવવા જવાના કાર્યોથી શોભાયમાન થતા હતા તથા તે નગરમાં દેવાલયોથી તથા સદ્‌ગૃહસ્થોના ઘરોની સમજાવટથી, શોભાથી જેમ સરોવર કમળોની સજાવટથી સુશોભિત થાય છે તેમ નગર શોભતું



હતું. ॥૬॥ તે બ્રહ્માનંદ સ્વામીએ નગરની આવી રીતની શોભાને જોઈને તે નગરમાં રહેલા સોનાના કળશોવાળાં શિખરોથી શોભાયમાન, જ્યાં નર ભગવાનની સાથે નારાયણ ભગવાન વિરાજમાન છે. એવા તે પવિત્ર દિવ્ય મંદિરમાં નિવાસ કરીને રહ્યા. ॥૭॥ તે મંદિરમાં ભગવાનના સુંદર સ્વરૂપો સોનાના સિંહાસનમાં કે જેમાં મણીરત્નો જડેલાં છે, તેવા તે સિંહાસનમાં વિરાજમાન પ્રભુ પોતાના વક્ષસ્થલમાં શ્રીવત્સના ચિહ્‌નવાળા (લક્ષ્મીના ભાવવાળા) તેમનાં દર્શનથી સર્વે પાપોનો નાશ થાય છે, એવા શાન્તમૂર્તિ ચતુર્ભુજ સ્વરૂપવાળા શ્રીહરિના દર્શન કર્યાં. ॥૮॥ તે દિવ્ય સિંહાસનમાં વિરાજમાન દેવોના ચારે ભુજાઓમાં દિવ્ય આયુધો શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલા તથા મંદહાસ્ય મુખકમળવાળા, કંઠમાં સુંદર રીતે ગૂંથેલા હારો ધારણ કરેલા તથા આભૂષણોને ધારણ કરેલાં, કાનોમાં સોનાનાં રત્નો જડેલાં કુંડળોને ધારણ કરેલા, મસ્તક ઉપર સુંદર મુકુટને ધારણ કરેલાં, હસ્તકમળમાં બાજુબંધ, કડાં-કકણ ધારણ કરેલાં શ્રી પ્રભુ ખૂબ જ શોભતા હતા. ॥૯॥ આવી રીતના સુંદર પવિત્ર સ્થાનમાં ભક્તિ કરવા તથા ભગવાનના લીલાચરિત્રોનું ગાન કરવાના ભાવથી યોગ્ય સ્થાન જોઈને ત્યાં બ્રહ્માનંદ સ્વામી ભગવાનના લીલાચરિત્રોને સંભારતા થકા સુખપૂર્વક નિવાસ કરતા હતા. ॥૧૦॥ એવામાં ધમડકાપુરના **રાજા રામસિંહભાઈ** તીર્થો કરતા કરતાં, યાત્રા સ્થળોમાં ફરતા ફરતા નરનારાયણ દેવ મહાપ્રભુના દર્શન કરવા ભુજનગરમાં આવ્યા. ॥૧૧॥ જેમનું મન શ્રી ઘનશ્યામ મહારાજના ચરણકમળમાં ચોંટેલું છે, તથા સંતપુરુષોની સેવા કરવામાં તત્પરતાવાળું છે, એવા તે રામસિંહ ભક્ત ખૂબ જ શાંત ચિત્તવૃત્તિવાળા પવિત્ર નરનારાયણ ભગવાનના દર્શન કરવા મંદિરમાં આવ્યા. ॥૧૨॥ તે રામસિંહ ભક્ત મંદિરમાં આવી નરનારાયણ ભગવાનનાં દર્શન કરીને બીજા દેવોનાં દર્શન કરીને ત્યાં નિવાસ કરીને રહેલા બ્રહ્માનંદ સ્વામીનાં દર્શન કર્યાં. તેમને મસ્તક નમાવીને નમસ્કાર કરીને તેમની સામે જોઈને પ્રેમવિહ્‌વળ થઈને બોલ્યા. ॥૧૩॥ **રામસિંહ બોલ્યા** : હે મહાયોગી

! આપના દર્શન તથા સમાગમથી મહાભયંકર પાપનો નાશ થઈ જાય છે. જેમ એક સિંહની ગર્જનાના શબ્દો સાંભળીને હરણો પોતાના વિનાશના ભયથી ભાગી જાય છે, તેમ આપના સમાગમથી દુષ્કૃત્યો નાશ પામી જાય છે. ।।૧૪।। હે સ્વામી ! આપ નારાયણ ભગવાન પરાયણ છો અને સર્વે શાસ્ત્રો ઈતિહાસમાંના મર્મને જાણનારા છો. મહાજ્ઞાનિ છો, તેમજ શ્રીહરિના ગુપ્તમાં ગુપ્ત ચરિત્રોને જાણનારા આપ એ ભગવાનના દિવ્ય ચરિત્રોરૂપી ગુપ્ત જ્ઞાન આપ મને કહેવા માટે યોગ્ય છો. ।।૧૫।। હે મહામુનિ ! આપના મુખકમળથી શ્રી ભક્તિધર્માત્મજ શ્રી સ્વામિનારાયણ ભગવાન (સહજાનંદ સ્વામીના) અદ્‌ભુત ચરિત્રોનું શ્રવણ કરવાની શ્રદ્ધાવાળો થયો છું, તો મારી આશા પૂર્ણ કરો એવી મારી વિનંતી છે. ।।૧૬।। જે ગુણોની કથા સાંભળવાથી જીવાત્માને ભગવાનના સ્વરૂપને વિષે એકાંતિકી ભક્તિ ઉત્પન્ન થાય છે તથા ભગવાનના એકાંતિક ભક્તોમાં ખૂબ જ પ્રીતિ થાય છે અને સાંસારિક પદાર્થોમાં અપ્રીતિ થાય છે અને સાંસારિક પદાર્થોમાં તથા વ્યવહારમાંથી તેને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ।।૧૭।। તેમજ જે જીવ ભગવાનના ચરિત્રોની કથા સાંભળે છે તેના જન્મ-મૃત્યુના ભય સર્વે તે દેહધારીને ટળી જાય છે અને અંત સમયે તે જીવાત્મા ભગવાનના ધામને પ્રાપ્ત કરે છે, એટલા માટે એવી પવિત્ર ભગવાનની કથા મને કહો એવી આપને વિનંતી કરું છું. ।।૧૮।। **તદ્રુપાનંદ સ્વામી બોલ્યા :** આવી રીતનાં તે રામસિંહ રાજાના વિનંતીપૂર્વકનાં નમ્ર વચનો સાંભળીને મહાન તપસ્વી બ્રહ્માનંદ સ્વામી તે રાજા ઉપર કૃપાદષ્ટિવાળા થઈને તેમનું માન કરતાં થકા કથા કહેવા લાગ્યા. ।।૧૯।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! તમારી બુદ્ધિ અતિશય નિર્મળ છે, તેથી જ તમે આવા ભગવાન શ્રી હરિકૃષ્ણ પ્રભુના પવિત્ર ચરિત્રો સાંભળવા માટે જે પ્રશ્નો પૂછ્યાં તેથી તમારી બુદ્ધિ ભગવાનના સ્વરૂપમાં આસક્તિવાળી થઈ છે. ।।૨૦।। કેમ કે તમારા પૂર્વજન્મના પુણ્યનો ખૂબ જ ઉદય થયો છે. તેથી જ તમારી ભાવના ભગવાનની કથા સાંભળવા માટે પ્રેરાણી છે. રાજ પુરુષો તો કેવળ રજોપ્રધાન જ હોય છે, તેથી



ભગવાનમાં પ્રીતિ થવી ઘણી દુર્લભ જ હોય છે. ।।૨૧।। ભગવાનનાં ચરિત્રરૂપી અમૃતોના સાગર તેમાં જે પાન કરે છે તે સ્ત્રી-પુરુષ સર્વને પવિત્ર કરે છે. નિષ્પાપ કરે છે. જેવી રીતે ગંગા નદી પોતાના જળના પ્રવાહથી ત્રિલોકને પવિત્ર કરે છે તેમ આ ભગવાનની કથા કહેનાર, ભાવપૂર્વક સાંભળનાર અને ભક્તિભાવથી પૂછનારને પવિત્ર કરે છે. ।।૨૨।। પરબ્રહ્મ સ્વરૂપમાં નિષ્ઠાવાળા જે ભક્તો ભગવાનનાં સ્વરૂપમાં પોતાના અંતઃકરણને જોડીને ભગવાનના દિવ્ય ચરિત્રોને ખૂબ જ આનંદપૂર્વક, પ્રેમભાવથી કાયમી રાત-દિવસ સતત ગાયા જ કરે છે. ।।૨૩।। હે રાજન્ ! ભગવાનના સર્વે ચરિત્રોને સર્વે સો વર્ષ સુધી ગાય તો પણ સમય પૂરો ન મળે. આ ચરિત્રોને હું તો શું પણ બીજા બ્રહ્માવિષ્ણુ આદિક દેવતાઓ પણ ભગવાનના ચરિત્રો ગાવામાં પાર પામી શકતા નથી એટલા અગાધ ચરિત્રો છે.।।૨૪।। તેથી મહામુની શ્રી કૃષ્ણાનંદ સ્વામીએ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના ચરિત્રો વર્ણવેલાં છે. તે હું ધર્મનંદન મહાપ્રભુનું સ્મરણ કરીને તેમનાં ચરિત્રો હું સંભારીને તમને કહીશ. ।।૨૫।। **રાજા બોલ્યા :** હે સ્વામી ! તે કૃષ્ણાનંદ સ્વામી કોણ હતા અને તે પૂર્વજન્મમાં કોણ હતા ? કયા ગામમાં એમનો જન્મ થયો હતો ? એમણે કેવું તપ કર્યું હશે ? તેમની કેવી બુદ્ધિ હશે જેથી આવું અદ્‌ભુત શાસ્ત્ર બનાવ્યું ? ।।૨૬।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** કાળ માયાના ક્રમ પ્રમાણે ચોથો યુગ કળીયુગ આવ્યો ત્યારે તેના કેટલાક સમય વીત્યા પછી ચ્યવન મુની ભગવાનની ઈચ્છાથી રાણપુર ગામમાં અત્યારે જન્મ પામ્યા છે, તે જ ચ્યવન ઋષિ જ કૃષ્ણાનંદ મુનિ થયા છે. ।।૨૭।। તે ચ્યવન ઋષિ જ રાણપુરમાં બ્રાહ્મણના કુળમાં જન્મ પામીને જીવરામ નામથી પ્રસિદ્ધ થયા પોતે સંસારમાં સારી ખ્યાતિ મેળવી પરંતુ અંતઃકરણમાં વૈરાગ્ય થયો તેથી ઘરનો ત્યાગ કરીને તીર્થયાત્રા કરવાના નિમિત્તથી ચાલતા થઈ ગયા. ।।૨૮।। ઘેરથી વૈરાગ્ય પામેલા તે જીવરામ વિપ્ર તીર્થોમાં ફરતા ફરતા શ્રી કાઠી રજપૂતોનાં કાઠિયાવાડી રાજ્યોમાં શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ સત્સંગના

હેતુભૂત વિચરતા થકા કારીયાણી નગરીમાં રહેતા હતા ત્યારે જીવરામ વિપ્ર પણ તીર્થોમાં ફરીને ત્યાં કારીયાણીમાં આવ્યા. ॥૨૯॥ શ્રી સ્વામિનારાયણ ભગવાન કારિયાણી ગામમાં લોકોના પાણીના સંકટ નિવારવા માટે લોકકલ્યાણ નિમિત્તે ગામના ઉત્તર ભાગમાં મોટું તળાવ ખોદતા હતા ત્યાં તે બ્રાહ્મણે ભગવાનને જોયા.॥૩૦॥ ત્યારે તે જીવરામ ભક્ત તળાવના કામમાં વ્યસ્ત સ્વામિનારાયણ ભગવાનને જોઈને ત્યાં જઈને તરત જ ભગવાનને ઓળખીને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા અને શ્રીહરિને પુરુષોત્તમ નારાયણનો નિશ્ચય કરીને માનવા લાગ્યા. ॥૩૧॥ આવી રીતના સેવાપરાયણ પુરુષોત્તમ નારાયણને જોઈને તે જીવરામ વિપ્રને ભગવાનનો દૃઢ નિશ્ચય થઈ ગયો. તેમનો દૃઢ આશ્રય કરીને શ્રીહરિ પાસે દિક્ષા લેવાની ઈચ્છા કરી ત્યારે શ્રી હરિનારાયણ મહાપ્રભુએ તેમને પરમહંસની દિક્ષા આપીને તેમનું **કૃષ્ણાનંદ સ્વામી** નામ પાડીને સેવામાં રાખ્યા. ॥૩૨॥ ત્યાર પછી તે કૃષ્ણાનંદ મુનિને શુદ્ધ સદ્‌ગુણમય હૃદયના જાણીને ગુણીયલ શ્રેષ્ઠ તે મુનિને શ્રીહરિએ પોતાના અલૌકિક ચરિત્રોનું પામર ભક્તોને દર્શન કરાવાની ઈચ્છાથી તે મુનિને કહ્યું કે તમો અમારાં લીલા ચરિત્રોનું લોકોના કલ્યાણ માટે લેખ કરીને ગ્રંથ તૈયાર કરો. ॥૩૩॥ ત્યાર પછી તેમની ભક્તિભાવથી પ્રસન્ન થયેલ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ તે કૃષ્ણાનંદ સ્વામીને પોતાના ગળામાંથી હાર કાઢીને તેની ઉપર રાજી થઈને પહેરાવ્યો. ॥૩૪॥ ત્યાર પછી મહાપ્રભુની આજ્ઞાથી કૃષ્ણાનંદ સ્વામી **કારિયાણીથી જેતલપુર નામનાં તીર્થમાં ગયા.** ત્યાં જઈને તેમણે સ્વચ્છ જળથી ભરેલું અતિશય શોભાયમાન સરોવરને જોયું. ॥૩૫॥ હે રાજન્ ! તે સરોવરના કિનારા ઉપર અતિશય પવિત્ર તથા હિમાલય સમાન સુંદરતા તથા મનોહરતા જોઈને તે કૃષ્ણાનંદ મુનિએ તરત જ ત્યાં નિવાસ કરવાનો નિર્ણય કર્યો. ॥૩૬॥ ત્યાર પછી બધી જ ઈન્દ્રિયોને વશમાં કરીને જ્ઞાન અને વૈરાગ્યવાન એવા મુનિએ શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુના ચરણકમળમાં મનના લક્ષ્યને જોડીને ધ્યાન કરવા લાગ્યા. ॥૩૭॥ પછી તે મુનિ શ્રીહરિ



મહાપ્રભુના લીલાચરિત્રોનું પ્રીતિપૂર્વક સ્મરણ કરીને ભક્તોજનોની ભગવાનની ભક્તિની વૃદ્ધિ માટે, સત્સંગની દૃઢતા માટે, ભક્તિ જ્ઞાન માટે **કૃષ્ણાનંદ સ્વામીએ "હરિલીલા સુધાકર" નામના ગ્રંથની રચના કરી.** ॥૩૮॥ તે **"શ્રી હરિલીલા સુધાકર" ગ્રંથની કથા મુક્તાનંદ સ્વામીએ જયસિંહ રાજાને** સંભળાવી હતી તે જ ચરિત્ર હું (બ્રહ્માનંદ સ્વામી) અત્યારે તમને ભાવપૂર્વક સંભળાવું છું. ॥૩૯॥ બ્રહ્માનંદ સ્વામીએ અમદાવાદ નગરમાં ખૂબ જ સુંદર, મનોહર મંદિરમાં નરનારાયણ ભગવાન વિરાજમાન થયા છે તેના સભા મંડપમાં બેસીને રામસિંહ ભક્તને આ કથા પ્રેમથી સંભળાવતા હતા. ॥૪૦॥ આત્યંતિક કલ્યાણના અંગભૂત ભગવાનના જન્મની તથા બાળલીલાની કથા અનુક્રમથી મેં વિસ્તારથી સાંભળેલી છે તે લીલાઓ હું અત્યારે તમને સંક્ષેપથી સંભળાવું છું તે સાંભળો. ॥૪૧॥ અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરનારાં એવાં શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાનનાં અદ્‌ભુત શ્રેષ્ઠ ચરિત્રો છે તેને તમો ધ્યાનપૂર્વક સાંભળો. ॥૪૨॥ શ્રી ભગવાનના નિવાસભૂત જે અક્ષરધામ કેવું છે ? તે બ્રહ્મસ્વરૂપવાળું શુદ્ધ છે (ચિદ્‌ઘન તેજ) મહાતેજના સમુદ્રભૂત છે, જેની ક્યારેય ઉત્પત્તિ નથી તથા ક્યારેય નાશ નથી થતો, કાયમ રહે છે, તે સર્વોપરી સર્વથી મહાન પૂર્ણસ્વરૂપે વિરાજમાન છે, તે કેવું છે ? અનંત સૂર્યચંદ્રના પ્રકાશ કરતાં પણ અનંતઘણા અધિક પ્રકાશમાન. અર્થાત્ અક્ષરધામના તેજ આગળ સૂર્યચંદ્રનો પ્રકાશ કોઈ ગણતરીમાં જ ન આવે એવું જ્યાં જીવાત્માઓને આત્યંતિક અલૌકિક સુખ પ્રાપ્ત થાય છે એવું. અદ્‌ભૂત દિવ્ય અક્ષરધામ છે. ॥૪૩॥ તે દિવ્ય અક્ષરધામમાં વિરાજમાન એવા જેમના નખની કાન્તિ કરોડો સૂર્યચન્દ્રની કાન્તિ કરતાં અધિકાધિક છે. દિવ્યસ્વરૂપે વિરાજમાન તે દિવ્યસ્વરૂપની દિવ્યમુક્તો હંમેશા ગદ્‌ગદ્ ભાવથી સતત સેવન કર્યા કરે છે. આવા મહાન છે. ॥૪૪॥ જેમના ચરણકમળનો આશ્રય કરીને મનોહર સ્વરૂપવાળા, સૌંદર્યમૂર્તિ, ગુણના સાગર, અનંત ધામોના સ્વામી, કામદેવના ગર્વને હરનારા મંદ હાસ્યયુક્ત

મુખકમળવાળા, જેમના ચરણકમળનો ભક્તો આત્મશ્રેય માટે સેવ્યા કરે છે, ભક્તિ કર્યા કરે છે એવા પરાત્પર નારાયણ શ્રીહરિ એક જ સર્વોપરી છે. ॥૪૫॥ એવા તે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ મહાપ્રભુ સ્વયં પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને મૃત્યુલોકવાસી જીવોને પોતાના સ્વરૂપની ઓળખાણ કરીને ભજન કરે એટલા માટે દેવોને દુર્લભ એવા દિવ્ય સ્વરૂપને પૃથ્વી ઉપર ધારણ કરવાનો નિર્ણય કર્યો. ॥૪૬॥ તેજ પરાત્પર નારાયણ પ્રભુ ભક્તિ ધર્મના સંસારભુવનમાં પ્રગટ થઈને આદિ સત્યયુગમાં પૃથ્વી ઉપર **"નર, નારાયણ"** બે સ્વરૂપે પ્રગટ થઈને તે બન્ને સ્વરૂપે ભરતખંડના મનુષ્યોના સુખને માટે તપ કરતા થકા અલૌકિક સુખ આપે છે. ॥૪૭॥ તે નર નારાયણ, પ્રભુ સત્ય, તપ, દયા, ક્ષમા, જ્ઞાન, વૈરાગ્ય, સરળતા, એકાન્તિક ધર્મ, ઉદારતા, આદિ ગુણો જેમાં કાયમ માટે નિવાસ કરે છે એવા સ્થાનમાં ॥૪૮॥ તે નરનારાયણ ભગવાન ધર્મદેવના ઘરનો ત્યાગ કરીને ભરતખંડના પામર જીવાત્માઓના સુખ કલ્યાણ માટે હિમાલય પર્વત ઉપર **બદ્રિકાશ્રમમાં વિશાલા** બોરડીના વનમાં બોરડીના વૃક્ષ નીચે ભક્તિ, જ્ઞાન, આદિ ગુણોયુક્ત થઈ દઢતાથી તપ કરવા લાગ્યા. ॥૪૯॥ પુરાણ પુરુષ એવા તે બન્ને **નરનારાયણ** પ્રભુ પોતે જ મૃત્યુલોકવાસી મનુષ્યોના કલ્યાણ માટે તથા સમગ્ર જગતના સુખ માટે ઉદાર દિલવાળા ઉગ્ર તપસ્યા કરવા લાગ્યા. ॥૫૦॥ તે નર નારાયણ ભગવાન ચાર હાથવાળા, શાંતમૂર્તિ, એવા મસ્તક ઉપર જટાને ધારણ કરેલ છે. કમરમાં મૌંજી મેખલાને ધારણ કરેલા, વલ્કલ વસ્ત્રને ધારણ કરેલા ॥૫૧॥ તે નરનારાયણ પ્રભુ કમળ સમાન મનોહર નેત્રવાળા, વિશાળ લલાટ ઉપર પીળા ચંદનની અર્ચા કરેલી છે જેમણે, તથા બન્ને દેવો વર્ણીના વેષને ધારી રહેલા સુંદર ભ્રૂકુટિવાળા તથા સુંદર હસ્તકમળ એવા મનોહરમૂર્તિ તપ કરનારા ॥૫૨॥ ભારતીય પ્રજાના સુખ, કલ્યાણ માટે મુનિજનો જેમનાં ચરણકમળને કાયમ માટે સેવ્યા કરે છે એવા તે નરનારાયણ પ્રભુ વિશાલા (બોરડી)ના વૃક્ષ નીચે પદ્માસન જમાવીને સ્વસ્વરૂપના ધ્યાનમા બેઠેલા



એવા ॥૫૩॥ તે જ અક્ષરબ્રહ્મધામના નિવાસી પ્રભુ આ પૃથ્વી ઉપરના પાપાચાર, અધર્મ, ભક્તોની પીડાને દૂર કરવા, પાપાચારનો નાશ કરવા માટે **ધર્મદેવ અને મૂર્તિ (ભક્તિ)** દેવી થકી અવતાર ધરીને **નારાયણ રૂપે** પ્રગટ થયા હતા તથા યાદવકુળમાં **વસુદેવ દેવકી થકી** તેમના પુત્રરૂપે પ્રગટ થઈને વાસુદેવ રૂપે પ્રસિદ્ધ થઈને શંકર બ્રહ્માદિ દેવતાઓથી પૂજાયા તથા કુરુકુળમાં તિલકરૂપ અર્જુનએ બન્ને નરોત્તમ, નારાયણ, વાસુદેવ બન્ને એકરૂપે થયા તે જ શ્રીહરિ અત્યારે **કળીકાળમાં ભક્તિધર્મના પુત્રરૂપે પ્રગટ થયા તે સહજાનંદ સ્વામી પોતે જ નરનારાયણ, અક્ષરધામાધિપતિ જ છે** એ પ્રમાણે તમે જાણો. ॥૫૪॥ તે જ નરનારાયણ ભગવાન અક્ષરધામાધિપતિ પોતે, પહેલાં છપૈયા ધામમાં ધર્મદેવના ઘેર ભક્તિમાતાના ઉદરથી જન્મને ધારણ કરીને બાલચરિત્રો કરીને માતાપિતાને મોક્ષ ગતિ આપીને તીર્થોમાં ફર્યા, ઉગ્ર તપસ્યા કરી, ત્યાર પછી રામાનંદ સ્વામીને મળ્યા, તેમની પાસેથી દીક્ષા લીધી અને ધર્મધુરા ગ્રહણ કરીને જીવોને સમાધિ કરાવી લોકકલ્યાણનાં કાર્યો કર્યાં. દેવમંદિર કરાવ્યાં, વેદોક્ત વિધિથી દેવોની સ્થાપના કરાવી, યજ્ઞો કરાવ્યા, મોટા સામૈયા કર્યા. બન્ને દેશમાં આચાર્યોની સ્થાપના કરી, ઉદ્ધવમતની સ્થાપના કરી, વિશ્વનાથ એવા શ્રીહરિએ કામદેવના ગર્વને હર્યો. ગર્વનો નાશ કર્યો. સર્વદેવતાઓથી પૂજાયેલા શ્રી સહજાનંદ સ્વામી સર્વના નિયંતા છે. ॥૫૫॥ જે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ (શ્રી સહજાનંદ સ્વામી) મુમુક્ષુજનોમાં પોતાના અલૌકિક સ્વરૂપના માહાત્મ્યજ્ઞાને સહિત એકાન્તિકી દઢ ભક્તિની સ્થાપના કરીને તે ભક્તિ દઢ કરાવીને અનંતધામની પ્રાપ્તિ કરાવી એવા પરાત્પર શ્રી નારાયણનાં લીલાચરિત્રોને કહેતાં કોઈ પાર પામી શકે તેમ છે જ નહીં એવા એ પ્રભુ મહાન છે. ॥૫૬॥

**એવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના ચરણાશ્રિત શ્રીકૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં શ્રી નરનારાયણ ભગવાનના સ્વરૂપનું નિરૂપણ નામનો બીજો અધ્યાય થયો. ॥૨॥**

## ॥ અધ્યાય - ૩ ॥

**રાજા બોલ્યા :** હે બ્રહ્મમુનિ ! આપે કહ્યું કે ધર્મદેવના પુત્ર શ્રીહરિ નારાયણ પ્રભુએ આ પૃથ્વી ઉપર મનુષ્ય અવતાર ધારણ કર્યો તે મનુષ્ય અવતાર ધારણ કરીને (જન્મ લઈને) ભગવાને એવાં કયાં મહાન ચરિત્રો કર્યાં તે સર્વે લીલાચરિત્રોનું મને વિસ્તારપૂર્વક શ્રવણ કરાવો. ॥૧॥ હે મુનિ ! તેમણે છપૈયા પુરધામમાં બાલસ્વરૂપમાં એવી કઈ કઈ અદ્‌ભુત લીલાઓ કરી જે લીલાઓ ભગવાનના પ્રિય સંતોને આનંદ ઉપજાવનારી તથા દૃઢ શ્રદ્ધાથી સાંભળનારને પાપોથી મુક્ત કરનારી છે. ॥૨॥ તે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન પોતાના જન્મભૂમિ કૌશલદેશથી કયા પ્રયોજનથી ચાલી નીકળ્યા ? તેઓએ કયા કયા તીર્થોને પોતાની પાવન ચરણરજથી પવિત્ર કર્યાં ? તથા ગુરુ રામનંદજીને ક્યારે મળ્યા ? સર્વે કથા મને કહો. ॥૩॥ તે ધર્મનંદન મહાપ્રભુએ પોતાના ભક્તજનોને ક્યાં ક્યાં સમાધિ કરાવી તથા એમણે મહારુદ્ર યાગ ક્યારે કર્યા ? ક્યાં ક્યાં કર્યાં ? તથા મંદિરો તે ક્યાં ક્યાં કરાવ્યાં તેમજ કોને કોને આચાર્યની પદવી આપી અને પોતાના ધર્મગુરુના સ્થાન ઉપર સ્થાપ્યા. ॥૪॥ તે શ્રીહરિ પુરુષોત્તમ નારાયણે ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કયા કારણથી કરી ? તે તથા સંતપુરુષો તથા નૈષ્ઠિક બ્રહ્મચારીઓના મોટા સમુદાયથી વિંટાયા થકા તેઓને દૃઢતાથી ભક્તિ કરાવતા થકા ક્યાં ક્યાં વિચરણ કર્યું એ સર્વે કથા મને કહો. ॥૫॥ હે બ્રહ્મમુનિ તે શ્રી પુરુષોત્તમ નારાયણ સ્વામિનારાયણ પ્રભુનું યોગીઓના સ્વામી મહાપ્રભુનું જન્મસ્થાન ક્યાં આવેલું છે. તે તથા એમના બીજાં લીલાચરિત્રો જે હોય તે મને વિસ્તારપૂર્વક સંભળાવો એવી મારી પ્રાર્થના છે. ॥૬॥ **તદ્રૂપાનંદમુનિ બોલ્યા :** હે લાલજીભક્ત ! બ્રહ્માનંદ સ્વામી તે રામસિંહ રાજાના ભગવાન સંબંધી ભગવાનના ચરિત્રો સાંભળવા માટેના ભાવનાપૂર્વકનાં વાક્યો સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળમાં ચિત્તવૃત્તિને જોડેલા બ્રહ્મમુનિ તે ભક્તરાજનાં વચનો સાંભળી



તેને સન્માનતા થકા, ભગવાનના ચરણકમળનું ધ્યાન કરતા થકા, તે શ્રીહરિના લીલાચરિત્રોનું સ્મરણ કરતા થકા તે રામસિંહ રાજાને સંભળાવવા લાગ્યા. ॥૭॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** હે રાજન ! તમે ભગવાન નીલકંઠ (ઘનશ્યામ) પ્રભુના જન્મ આદિનાં જે લીલાચરિત્રોની કથા સંભળાવવા માટે મને કહ્યું તે હું તમને અત્યારે સંભળાવું છું. તે ભગવાન નારાયણનાં લીલાચરિત્રો છે. તે જીવાત્માને વિષયવાસનારૂપી દોષોને ટાળવા માટે મહા અમોઘ ઔષધિ સમાન હોય છે. તે અમૃતતુલ્ય કથા તમને હું સંભળાવું છું. ॥૮॥ જ્યારે આ પૃથ્વી ઉપર ઘોર કળિયુગના સમયમાં પાપના ભારથી તે કળીનાપ્રભાવથી સર્વે મનુષ્યના સ્વભાવો અતિ દુરાચારી થઈ ગયા. કામવાસનાવાળા થયા, લોભ, રસાસ્વાદી, ક્રોધી પ્રકૃતિવાળા તથા જીવપ્રાણીમાંથી ધાર્મિકભાવનાનું મૂળ જ નાશ પામી ગયું ત્યારે ॥૯॥ વર્ણાશ્રમના આચાર વ્યવહારોથી વિમુખ થયેલા ચિત્તવાળા સર્વે મનુષ્યો સ્ત્રીઓ-પુરુષો સર્વે આસુરી પ્રકૃતિવાળા થઈ ગયા તેથી આચારવિચારનો ત્યાગ કરી દીધો તેથી પૃથ્વી ઉપરથી દેવતાઓનું તર્પણ તથા વૈદિક ક્રિયાકર્મનો નાશ થયો. ત્યારે રાજાઓ પણ પોતાની પ્રજાનું પાલન રક્ષણ કરવાની નીતિઓનો ત્યાગ કરીને દુરાચારી વૃત્તિવાળા થઈ ગયા. ॥૧૦॥તે સર્વે રાજાઓ હિંસાવૃત્તિવાળા તથા દુરાચારી સ્વભાવવાળા, ચોરી, લૂંટફાટ આદિ કાર્યો કરનારા થયા. તે રાજાઓ સત્ય, તપ આદિ ગુણોનો ત્યાગ કરીને ઘૃણા, ઈર્ષ્યા, અસૂયા આદિ સ્વભાવવાળા થઈ ગયા તથા ભગવાન શ્રીકૃષ્ણના નામશ્રવણ આદિ ભક્તિકાર્યથી વિમુખ થયેલા તથા દુરાચારી, અત્યાચારી, અપવિત્રતા અધમતા આદિ મહા અધમ કાર્યો કરનારા કુશાસનવાળા થઈ ગયા, રાક્ષસી પ્રકૃતિના થઈ ગયા ત્યારે ॥૧૧॥ એવી રીતે આ પૃથ્વી ઉપર દુષ્ટ લોકોને ઘોર કર્મ કરતા જોઈને, કળીકાળનો અતિશય વ્યાપ થયેલો જોઈને, વનમાં નિવાસ કરીને, પ્રભુની ધ્યાનભક્તિ કરતા એવા ઋષિમુનિઓ આ પ્રમાણેના વાતાવરણને જોઈને ત્રાસ પામીને શ્રી નારાયણ પ્રભુનું ચિંતવન કરતા થકા નારાયણ ભગવાનના આશ્રમ

પ્રત્યે ગયા. ॥૧૨॥ હે રાજા ! તે શ્રેષ્ઠ ઋષિમુનિઓના નામ હું તમને કહું છું તે તમે સાંભળો. મહર્ષિ વ્યાસ, કપિલ, રામ, નારદ, સનકાદિક, મરીચિ, અંગિરા, શાકલ્ય, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ, કશ્યપ, ધૌમ્ય ભારદ્વાજ, ગૌતમ ॥૧૩-૧૪॥ મહર્ષિ અત્રિ, કર્દમ, ગર્ગ, પ્રચેતા, ચ્યવન, કચ, દેવલ, સૌભરિ, પંચ્ચશિખ, દેવગુરુ ॥૧૫॥ વિશ્વામિત્ર, અગસ્ત્ય, માર્કણ્ડેય, ભાગુરિ, કણાદ, લોમશ, પૈલ, કાત્યાયન, શુક્ર અને મહર્ષિ ભૃગુ ॥૧૬॥ ઋષિ વરતંત્તુ, સુમંતુ, વાલ્મીકિ, આરુણિ, શૌનક, ઈધ્મવાન્, વામદેવ, મૈત્રેય અને ઋષિ ચમસ ॥૧૭॥ મહર્ષિ વાલ્મીકિ આસુરી, શાંડિલ્ય, પિપ્પલાયન, અગ્નિહોત્ર, દ્રુમિલ, વાસિષ્ઠ અને ઉદ્દાલક વગેરે ॥૧૮॥ તે સર્વ ઋષિમુનિઓ કૃષ્ણના ચરણકમળમાંથી ઉત્પન્ન થયેલી યમુના નદી પાર કરીને દક્ષિણ દિશામાં વહેનારી ગંગા કે જે દરેક માણસના પાપને હરે છે તે બાજુ સત્વરે ગયા. ॥૧૯॥ બ્રહ્મને જાણનારા તે સુશીલ, વેદને જાણનારા, નારાયણમાં મગ્ન થયેલા, શાંતસ્વરૂપ તે ઋષિઓએ તે આશ્રમને જોયો. ॥૨૦॥ અનેક પ્રકારના જાતજાતનાં વૃક્ષોની મનોહરતાથી શોભાયમાન તે વનની શોભા વધારનાર વૃક્ષો પુન્નાગ, કદંબ, આંબો, અનાર, બાવળ, કમરડો, આસોપાલવ, દેવદાર આદિ મોટાં મોટાં વૃક્ષો તેની ઉપર અનેક પક્ષીઓ તથા ભમરાઓ મધુરરસનું પાન કરતા થકા ગુંજારવ કરતા હતા. ॥૨૧॥ તે આશ્રમમાં ગુલાબ, અશોક, તમાલ કલ્પતરૂ, ન્યગ્રોધ, શિંગરવો, જાંબુ, પીંપળો, કલ્પવૃક્ષ, અર્જુનવૃક્ષો, પારિજાત, આદિ વૃક્ષો ઉપર કોયલ આદિ પક્ષીઓ મધુર સ્વરથી ગાન કરતાં થકાં શોભા વધારતાં હતાં તેની સાથે પનસનાં વૃક્ષો પણ શોભતાં હતાં ॥૨૨॥ સોના જેવી શોભાવાળાં પાંદડાંઓથી છ પાંખડીવાળાં કહલાર, કંજ, ઉત્પલ આદિજાતિથી પ્રસિદ્ધ કમળોની શોભાથી ભરપૂર તથા પવિત્ર સ્વચ્છ જળથી પૂર્ણ ભરેલું સુંદર સરોવર જ્યાં શોભા આપતું હતું. ॥૨૩॥ હંસો વગેરે પક્ષીઓનાં પાંખોના અવાજથી શોભાયમાન અને તે સરોવરના તટ ઉપરનાં વૃક્ષો પાંદડાંને હલાવતાં થકાં પોતાના હાથોથી ઋષિ બ્રાહ્મણોને બોલાવતા હોઈને શું ?



તેમ અનેક પ્રકારના પાણીથી પલળવાથી સુંદર લાગતા તે જાતજાતના વૃક્ષના સ્પર્શથી વહેતા સુગંધવાળા પવનોથી સેવાયમાન તે આશ્રમ ॥૨૪॥ વિશાલા નામનાં મોટાં બોરડીનાં વૃક્ષોથી શોભાયમાન જે વૃક્ષોમાં અમૃત સમાન મીઠાં અને ખૂબ જ મોટાં ફળો થાય છે. એવા અક્ષરધામ જેવું મનોહર લાગે છે. તે બોરડીના વૃક્ષ નીચે **નર, નારાયણ** ભગવાન ભરતખંડના પ્રજાના ચતુષ્ટય સિદ્ધિ માટે શાંતચિત્તથી તપ કરવા બેઠેલા છે. તેમના ચરણકમળ સેવન કરવાથી મુનિઓના મનને શાંતિ આપે છે. ॥૨૫॥ તે વિશાલા નામના મોટા બોરડીના વૃક્ષ નીચે નર નારાયણ ભગવાનને બેઠેલા જોયા. તે ભગવાન શ્યામ સ્વરૂપવાળા, વલ્કલ વસ્ત્રોને ધારણ કરેલા, સર્વને સુખ આપનારા સંતજનોથી હંમેશાં સેવાતા, ચારે બાજુથી વિંટાયેલા, બ્રહ્મપુર અક્ષરધામમાં જે સ્વરૂપ વિરાજમાન છે તે જ આ પૃથ્વીલોકમાં શ્રી કૃષ્ણનારાયણ પ્રભુ કાયમ નિવાસ કરે છે જેમના દર્શન કરવાથી મનમાં શાંતિ થાય છે એવા **નર નારાયણ ભગવાનને** પ્રાર્થના સ્તુતિ કરતા થકા સાષ્ટાંગ નમસ્કાર કરતા હતા. ॥૨૬॥

**આવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં વિશાલા વર્ણન અને નરનારાયણ ભગવાનનો સમાગમ નામનો ત્રીજો અધ્યાય થયો. ॥૩॥**

## ॥ અધ્યાય - ૪ ॥

**ઋષિઓ બોલ્યા :** હે નરનારાયણ ભગવાન ! આપ જગતમાં રહેલા અને શરણે આવેલા જીવોને અભયદાન આપનારા, મંદહાસ્ય મુખકમળવાળા, કરુણાદષ્ટિ નેત્રકમળવાળા (કૃપાદષ્ટિવાળા), જે દષ્ટિ વડે સંપૂર્ણ જગતને કર્મપાપોથી મુક્ત કરનારા, અનંત લીલાચરિત્રો કરીને પોતાના એકાન્તિક ભક્તનાં મનને આનંદ આપનારા હે નરનારાયણ !

આપ અનેક રાજહંસ જેવા મહામુક્તજનોથી પૂજાનારા ॥૧॥ ભક્તોજનોના જન્મમરણની વ્યાધિથી મુક્ત કરનારા, જીવાત્મા ઉપર હંમેશા દયાદષ્ટિથી પ્રેમ આપનારા એવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર આદિ દેવોથી પ્રાર્થના કરાયેલા તથા મુનિજનો જેમનું હંમેશાં ધ્યાન સ્મરણ કરે છે તેમની એકાન્તિકી ભક્તિ કરીને જગતમાં જયજયકારને પામે છે એવા મનોહર ચરણકમળાવાળા ॥૨॥ હે હરિ ! આપના સ્વરૂપનો પ્રકાશ કરોડો સૂર્યચંદ્રના પ્રકાશને ઝાંખું પાડે છે એવા જેમના એક એક રુંવાંડા ઉપર અનંતકોટિ બ્રહ્માંડો અણુની માફક ઊડ્યા કરે છે એવા હંમેશાં અક્ષરધામમાં નિવાસ કરનારા, વેદો જેમના ગુણનું હંમેશા ગાન કર્યા કરે છે એવા, ધર્મકુળના મુકુટમણિ અમૃત મૂર્તિ હે હરિકૃષ્ણ આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. ॥૩॥ મેઘ સમાન શ્યામ વર્ણવાળા વિશાળ વક્ષઃસ્થળ જેમનાં છે, કમળની પાંખડી જેવાં કોમળ મનોહર નેત્રવાળા, પોપટની ચાંચ જેવી નાસિકાવાળા, લાલવર્ણના અધર ઓષ્ટવાળા, દાનવો, દેવતાઓ, મુનિઓ આદિના ગર્વને હરનારા એવા, જેમના ભજનસ્મરણથી કામાદિદોષો નાશ પામી જાય છે એવા હે નારાયણપ્રભુ ! ॥૪॥ આપ બ્રાહ્મણો, દેવો, મુનિઓ, ગાયો, ભક્તજનોની અસુરોથી રક્ષા કરવા માટે તથા પૃથ્વી ઉપરના પાપના અને અધર્મના ભારને હળવો કરવા તથા તેનાથી રક્ષા કરવા અવતાર ધારણ કરનારા વિષયવાસના તથા ભોગ સુખનો નાશ કરવા માટે તથા પોતાના ભક્તજનોને સાચા સ્વરૂપનું સુખ આપવા માટે જેમણે દિવ્ય સ્વરૂપને ધારણ કરેલ છે. ॥૫॥ જેમનાં ચરણકમળને દેવો, મુનિઓ કાયમ પૂજે છે તથા સંસારમાં રહેલા અને પોતાના શરણમાં આવેલા જીવાત્માને પોતાના શરણમાં રાખનારા, ધર્મકુળમાં અવતાર ધારણ કરીને વૈરાગ્ય ધારણ કરીને ભક્તજનોને માર્ગદર્શન આપવા માટે ભક્તિ કરતા, તેમજ અનંત ગુણોના સર્જનારા હે પ્રભુ ! આપના સ્વરૂપનું અખંડ સ્મરણ અમને થાય એવી કૃપા કરો. ॥૬॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા** : હે રાજન ! આવી રીતે તે સર્વે ઋષિઓ સ્તુતિ કરી રહ્યા હતા તેને સાંભળીને ત્યાર પછી નારાયણ



પ્રભુ તે મુનિઓને ઉદ્દેશીને હે બ્રહ્મશ્રેષ્ઠ મુનિજનો ! આપનું સ્વાગત છે. ॥૭॥ આપ લોકો આપના ચરણની રજથી પુષ્કરરાજ આદિ તીર્થોને પાવન કરતા થકા પરબ્રહ્મના ચરણનું સ્મરણ કરતા થકા વેદોના તત્ત્વને જાણનારા તમે અહીંયા પધાર્યા તે મહાન ભાગ્યની વાત છે. ॥૮॥ હે મહાપુરુષો ! તમો સર્વે શાંત થઈને આ આસનો ઉપર વિરાજમાન થાઓ અને તમે સર્વે ભારત વર્ષમાં પરિભ્રમણ કરીને આવો છો તેથી તેવું ભારત વર્ષની પ્રજાના જીવન વ્યવહારની પરિસ્થિતિનું વર્ણન જેવું હોય તે અમને જણાવો. ॥૯॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : આવી રીતે શ્રીહરિ નરનારાયણ ભગવાન મુનિઓને વાત કરતા હતા એવા સમયમાં ત્યાં સભામાં ધર્મદેવ ભક્તિમાતા આવ્યાં તે સર્વે નારાયણપ્રભુની વાત સાંભળવામાં એકાગ્ર ચિત્તવાળાં થયેલાં હતાં અને ભગવાનના મુખથી અમૃત વચનો સાંભળતાં હતાં એટલામાં કૈલાસથી અત્રિ ઋષિના પુત્ર ક્રોધમૂર્તિ દુર્વાસાનું આગમન થયું. ॥૧૦॥ હે રાજન્ ! નારાયણ ભગવાનના મુખથી અમૃત વચનો સાંભળવામાં શૌનકાદિ ઋષિઓ તથા ધર્મભક્તિ સર્વે ભગવાનમાં પ્રેમાધિક્યને લીધે નારાયણ ભગવાનને તે મુનિઓ કહેવા લાગ્યા. ॥૧૧॥ હે નારાયણ પ્રભુ ! અખિલ જગતના નિયંતા હે વાસુદેવ ! અત્યારે આપે ભારત વર્ષની પરિસ્થિતિનું પૂછ્યું તેમાં અત્યારે કળીકાળનું પ્રભુત્વ સર્વત્ર ફેલાઈ ગયું છે તેનાથી આપને કાંઈ અજાણ હોય જ નહીં. ॥૧૨॥ હે સર્વજ્ઞ ! હે સચ્ચિદાનંદ પ્રભુ આપની આજ્ઞા થઈ છે એટલે હે પ્રભુ ! ભારતીય જીવોનું સર્વ વૃત્તાંત આપને અમો કહીએ છીએ. ॥૧૩॥ હે નારાયણ પ્રભુ ! આ પૃથ્વી ઉપરથી ધર્મનો નાશ થઈ ગયો છે તથા તપ પણ ચાલ્યું ગયું છે. સત્યપાલનનું પણ સ્થાન જતું રહ્યું છે. પુરુષો, સ્ત્રીઓ વિષય આસક્ત થયેલા રહે છે. તથા સ્ત્રીઓ પણ ચંચળવૃત્તિવાળી થઈ ગઈ છે. તથા બ્રાહ્મણો લોભ સ્વાર્થવૃત્તિવાળા થઈ ગયા છે. રાજાઓ પણ સ્વાર્થવૃત્તિવાળા તથા કપટ પ્રપંચવાળા થઈ ગયા છે. તેમના મંત્રીઓ પણ દુષ્ટ બુદ્ધિવાળા થયા છે. સજ્જનો દુઃખી થયા છે અને દુર્જનો શક્તિવાળા થયા છે.

પ્રભાવવાળા થઈ ગયા છે. આ સર્વે કળિયુગ આવવાના કારણે જ થયું છે. ॥૧૪॥ દુષ્ટબુદ્ધિવાળા મનુષ્યો લાંબા સમય સુધી જીવે છે અને સત્પુરુષો થોડા કાળ સુધી જીવનવાળા થઈ ગયા છે. ધાર્મિક જીવનવાળા દરિદ્ર થયા છે. કપટી, પ્રપંચી, ધનવાન બની ગયા છે. તથા મનુષ્યો પરાયાની સાથે મિત્રતા રાખનારા થયા અને પોતાના નિકટના સંબંધી સાથે દુશ્મનાવટ રાખનારા થયા. આ સર્વે વાતાવરણ કળિયુગનું વિચિત્રપણું જણાય છે. ॥૧૫॥ હે ભગવાન ! કળિયુગના પાપમય વાતાવરણને કારણે ભારતની પ્રજા ખૂબ જ પીડાય છે. એના સુખ માટે તેમની ઉપર (કૃપા) દયા કરીને ઉદ્ધાર કરવા માટે આપ કાંઈક ઉપાય કરો. ॥૧૬॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! આવી રીતે તે શ્રેષ્ઠ મુનિવરો શ્રીહરિ નારાયણ પ્રભુને કહી રહ્યા હતા એવા સમયમાં જ મહાક્રોધની મૂર્તિ રુદ્ર સ્વરૂપવાળા દુર્વાસામુનિ ત્યાં આવ્યા તેમનું સન્માન ન થવાથી તેઓ ખૂબ જ ક્રોધાયમાન થઈ ગયા. ॥૧૭॥ **દુર્વાસા મુનિ કહેવા લાગ્યા :** હું સર્વે ઋષિઓમાં અગ્રણી-શ્રેષ્ઠ છું. દેવો પણ મારા ક્રોધને જોઈને ગભરાય છે એવો મહાન હું, તે મારું તમે સર્વે મુનિઓએ મહાભયંકર અપમાન કર્યું છે. ॥૧૮॥ એટલા માટે હું તમને સર્વે મુનિઓને ધર્મ તથા તેમની પત્ની મૂર્તિ સાથે શાપ આપું છું કે તમો સર્વે અસુરોથી પીડાતી પ્રજાની સાથે પૃથ્વી ઉપર જન્મ ધરીને અસુરોથી પીડા પામો. ॥૧૯॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે :** આવી રીતે તે દુર્વાસા મુનિના બોલવાના શબ્દો સાંભળીને દુર્વાસા ઋષિનો શાપ સર્વે મુનિઓની સાથે અમને પણ થયો છે. એ પ્રમાણે જાણી ધર્મદેવ પત્ની મૂર્તિ સાથે તે દુર્વાસા મુનિના પગ પકડીને વિનંતીપૂર્વક તેમની પાસે ક્ષમા માગવા લાગ્યા. ॥૨૦॥ **ધર્મદેવ કહે છે :** હે મુનિરાજ ! અમે તો ભગવાન નરનારાયણના મુખથી નીકળતી વાણી સાંભળવામાં તત્પર હતા તેથી તમારા આવવાનો અમને કાંઈ ખ્યાલ હતો જ નહીં. તેથી અમે સર્વે અજ્ઞાની જ છીએ. આપ ક્ષમા કરવા યોગ્ય છો. અમે આપના શાપને સહન નહીં કરી શકીએ તેથી કૃપા કરો. ॥૨૧॥ આવી રીતે નમ્રતાપૂર્ણ આજીજીના શબ્દો



સાંભળીને નિર્દોષભાવવાળા ધર્મદેવ ઉપર પ્રસન્ન થઈને તે દુર્વાસા પ્રેમભાવવાળા થઈને ધર્મદેવને મારાં વચન સાંભળો એ પ્રમાણે કહેવા લાગ્યા. ॥૨૨॥ **દુર્વાસા કહે છે :** હે ધર્મ ! મારો શાપ ક્યારેય પણ મિથ્યા નથી થતો, પણ હું તમારી ઉપર અનુગ્રહ કરીને કહું છું, તમો બન્ને બ્રાહ્મણ વર્ણમાં જન્મ ધારણ કરશો ત્યાર પછી આ નારાયણ પ્રભુ તમારે ત્યાં અવતાર લેશે. ॥૨૩॥ હે ધર્મ ! આ શ્રીકૃષ્ણ નારાયણ પ્રભુ તમારે ત્યાં પુત્રરૂપે અવતાર ધારણ કરીને આપનું તથા સર્વે ઋષિમુનિઓનું સર્વેનું અસુરો થકી રક્ષણ કરશે અને સર્વે પ્રજાને પણ ખૂબ જ સુખશાંતિ આપશે. ॥૨૪॥ દુર્વાસામુનિ તે સર્વેને આવાં વચન કહીને ત્યાર પછી ત્યાંથી ચાલ્યા ગયા. ત્યાર પછી તે સર્વ ધર્મભક્તિ તથા ઋષિમુનિઓને **શ્રીહરિ કહેવા લાગ્યા :** હે મુનિઓ ! આ દુર્વાસાનો શાપ થયો તેમાં મારી જ ઇચ્છા હતી તેથી થયો છે, કેમ કે મારી મરજી વિના તો સૂકું પાંદડું પણ હલી શકતું નથી તો બીજું ક્યાંથી થાય ? તમારે ગભરાવાની જરૂર નથી. તમારી સર્વેની સાથે હું પણ આવી ગયો તેથી તમારી સાથે મળીને હું પણ સર્વે કાર્ય પૂર્ણ કરીશ. તમો કોઈ ચિંતા કરશો નહીં. ॥૨૫॥ તે સર્વે ઋષિઓને આ પ્રમાણે કહીને શ્રી નારાયણ પ્રભુ ધર્મને કહેવા લાગ્યા : હું આપના પુત્રરૂપે જન્મ ધારણ કરીશ અને પ્રગટ થઈને દેવ, મનુષ્ય, ગાયો, બ્રાહ્મણો, ભક્તજનોને સર્વેને સુખી કરીશ. તમારી સર્વેની અસુરોથી રક્ષા કરીશ અને અધર્મોનો નાશ કરીને પૃથ્વી ઉપર એકાન્તિક ધર્મની સ્થાપના કરીને ધર્મમય વાતાવરણ કરીશ. ॥૨૬॥ જે દેશ સર્વમાં શ્રેષ્ઠ હોય, જ્યાં ધર્મમય વાતાવરણમાં વેદોના પાઠ થતા હોય, ભક્તિમય જ્યાં સમાજનું વાતાવરણ હોય એવા પવિત્ર કૌશલ દેશ તેના વચમાં અયોધ્યાનગરી શ્રેષ્ઠ છે તે નગરમાં બ્રાહ્મણ વર્ણ ભગવાનનાં કીર્તનો, વાજિંત્રો વગાડીને નિત્ય પ્રત્યે ગાયા કરે છે, સર્વે તીર્થોમાં મહાન તીર્થ એવું જ્યાં સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓમાં શ્રેષ્ઠ રાજા રઘુકુળના તિલકરૂપ ખૂબ જ પ્રસિદ્ધ મહાકીર્તિમાન રાજા રાજ્ય કરી ગયા એવા સરયૂ નદીના કાંઠા ઉપર

આવેલ છે એવી અયોધ્યાનગરી મને ખૂબ જ પ્રિય છે. ॥૨૭॥ એટલા માટે સાકેત તીર્થથી કુલ પર્વતથી ઉત્તર દિશામાં તે જ સરયૂ નદીના તટ પાસે પાંડેય બ્રાહ્મણોના વંશમાં પવિત્ર તપયોગ વિધિને આચરનારા યોગીસ્વરૂપ એવા સરયૂપારી બ્રાહ્મણ એવા છપૈયાપુરવાસી ધર્મદેવના ઘેર ભક્તિદેવી થકી હું પુત્રરૂપે વિક્રમ સં. ૧૮૩૭ના ચૈત્ર માસમાં શુક્લ પક્ષમાં શુભ નક્ષત્રમાં નવમી તિથિના રોજ પવિત્ર ધર્મકુળમાં હું નારાયણ પોતે પુત્રરૂપે પ્રગટ થઈશ. ॥૨૮॥ હે રાજન્ ! કરુણામૂર્તિ એવા શ્રીહરિ નારાયણ ભગવાન જીવો ઉપર દયા કરીને જીવાત્માઓને સુખ આપવા માટે તથા આત્યંતિક મોક્ષ કરવાની ઈચ્છાથી એવી રીતે સર્વની સાથે વિચાર કરીને આ પવિત્ર ભારત વર્ષમાં જન્મધારણ કરવાની ઈચ્છા સર્વને જણાવી. ॥૨૯॥ ત્યાર પછી સર્વે ઋષિઓ પણ પોતાની ઈચ્છા પ્રમાણે વિચરણ કરતા થકા પૃથ્વી ઉપર ભારત વર્ષમાં ચારે વર્ણોમાં જન્મ ધારણ કરતા હતા તથા ભગવાનના, દેવતાઓના શત્રુ એવા અસુરો પણ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરેલા ભગવદ્ ભક્તો ઉપર દ્વેષ કરીને ખૂબ જ દુઃખ આપવા પીડા કરવા જન્મ ધરતા હતા. ॥૩૦॥

**આવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં દુર્વાસાનો શાપ થયો એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥**

## ॥ અધ્યાય - ૫ ॥

**રાજા બોલ્યા :** હે બ્રહ્મમુનિ ! તે રાક્ષસો સર્વે ક્યાં જન્મ લઈને ઉત્પન્ન થયા ? કયા જૂથમાં સર્વે ભેગા થયા ? તેઓ સર્વે મળીને પૃથ્વી ઉપર જન્મ ધરેલા તેમને પીડા આપતા હતા. તેમનાથી શ્રીહરિ નારાયણ પ્રભુએ કેવી રીતે તેમની રક્ષા કરી તે સર્વે લીલાચરિત્રો મને સંભળાવવા કૃપા કરો. ॥૧॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** શ્રી નરનારાયણ ભગવાન



અને ઋષિઓ પૃથ્વી ઉપર (અવતાર) જન્મ લેવાના છે અને અધર્મનો નાશ કરવાના છે અને સત્પુરુષો ધર્મની વૃદ્ધિ કરવાના છે એવા સમાચાર સાંભળીને સર્વ અસુરો ભેગા મળીને વિચારવા લાગ્યા. ॥૨॥ તે સર્વે અસુરો પૂર્વ સમયે શ્રીકૃષ્ણ ભગવાને એ સર્વેને મારેલા તેના વૈરને લીધે બધા ભેગા મળીને હવે નારાયણ આપણો દુશ્મન જન્મ લેવાનો છે તેના માટે વિચાર કરવા ભેગા થયા. ॥૩॥ તે દુષ્ટ બુદ્ધિના પાપી અસુરો એક સ્થાન ઉપર ભેગા મળીને ચર્ચા કરતાં કહેવા લાગ્યા કે નારાયણ શ્રીહરિ આપણો વિનાશ કેવી રીતે કરશે અને શા માટે કરશે આ રીતે ચર્ચા કરવા લાગ્યા. ॥૪॥ આપણી સંખ્યા છાસઠ (૬૬) કરોડની છે અને આપણા શત્રુઓ દેવતાઓની તો સંખ્યા તેત્રીસ કરોડની જ છે તેથી તેઓ આપણાંથી તો અડધા જ છે તેથી તેઓ આપણને શું મારી શકવાના છે ? શું આપણે કાંઈ નિર્બળ છીએ ? ॥૫॥ આપણા શત્રુઓ જ્યાં જ્યાં જન્મ ધારણ કરશે ત્યાં ત્યાં આપણે સર્વે જઈને ખૂબ મોટાં વિઘ્નો ઊભા કરીને આપણે એમને પીડા કરીશું. ॥૬॥ આવી રીતે સર્વે અસુરો ભેગા મળીને ચર્ચા કરતા હતા એવામાં એક બોલ્યો : હું આપણા દુશ્મન દેવોનો બાપ થઈને તેની ઉપર વૈર રાખીને ધર્મ, ભક્તિના કાર્યોને જરૂર નાશ કરીશ. ॥૭॥ એવી રીતે બીજા અસુરો પણ કહેવા લાગ્યા હું તેની માતા થઈશ, કોઈ કહે હું તેનો ભાઈ થઈશ. એક કહે હું તેની સ્ત્રી થઈશ. આપણે સર્વે તેમના સમુદાયમાં પ્રવેશ કરીને તેમની ભક્તિમાં ભંગ પડાવીને મોટા વિઘ્નો પાડીશું. આ પ્રમાણે ચર્ચા કરતા હતા. ॥૮॥ આવી રીતે તે સર્વે અસુરો (દૈત્યો) સાથે મળીને ચર્ચા-વિમર્શ કરીને પૃથ્વી ઉપર જુદી જુદી જગ્યાએ જન્મ લઈને ભગવાનનો અવતાર થવાનો છે એ પ્રમાણે જાણીને ભગવાનના ભક્તોને ખૂબ જ પીડા આપવા લાગ્યા. ॥૯॥ કોઈક કાકાઓના રૂપમાં, કોઈક બહેનના રૂપમાં કોઈક સસરાના રૂપમાં, કોઈક માતારૂપે, કોઈક મામા રૂપે, કોઈક પુત્રના રૂપમાં અસુરો જન્મ ધરીને તે સમુદાયમાં થતા હતા. ॥૧૦॥ કોઈક મિત્ર રૂપે, કોઈક ગુરુરૂપે તથા ભગવાનના સંબંધિના રૂપમાં

સર્વેમાં પ્રવેશ કરીને ભગવાનના આશ્રિતોને ખૂબ જ અનેક પ્રકારના બળપૂર્વક દુ:ખો, પીડાઓ આપવા લાગ્યા. ॥૧૧॥ તેમાં કેટલાક રામાનુજ સંપ્રદાયમાં કેટલાક સૂર્ય ઉપાસકોમાં મધ્વ સંપ્રદાયમાં, કેટલાક વિષ્ણુમાર્ગમાં, કેટલાક કૂડાપંથમાં, કેટલાક કબીર પંથમાં, કેટલાક નાસ્તિકના માર્ગમાં તથા કેટલાક શાક્ત (શક્તિ)ના મતમાં આવી રીતે અનેક મતો, સંપ્રદાયો, પંથોમાં જુદા માર્ગોમાં વિશ્વાસિધર્મમાં, જીવોપાસક ધર્મમાં, નિદેશિક સંપ્રદાયમાં પ્રવેશ કરતા હતા. ॥૧૨॥ તે અસુરો સંતપુરુષો અને ભગવાનના ભક્તો સાથે વેર રાખીને જુદા જુદા સંપ્રદાયો, ધર્મોમાં રહીને તેમાં ભળીને ખોટા આડંબરો કરીને મોક્ષ સંબંધી કાર્યો ભગવદ્ ભક્તિ આદિનો વિરોધ કરતા હતા. ॥૧૩॥ તેમાં કેટલાક દૈત્યો જ્ઞાતિ સમાજમાં ઝગડા કરીને ભેદ પડાવીને કેટલાક સ્ત્રી, દ્રવ્ય, વ્યવહારથી સર્વેમાં પંક્તિ ભંગ કરાવીને ભગવાનના ભક્તોને ખૂબ જ પીડા કરતા હતા. ॥૧૪॥ કંઠી માળાને ધારનારા વૈષ્ણવો, શૈવો આદિ સંપ્રદાયના જનો ઉર્ધ્વપૂંડ્ર તિલક, ચાંદલા, આદિનો શાકત મતવાળા કુડાપંથી, નાસ્તિકવાદી સર્વે ધર્મના દ્વેષી એવા તેઓ સર્વેની ખૂબ જ નિંદા કરતા હતા. ॥૧૫॥ તે સર્વે કબીરપંથી નાસ્તિકવાદી, જૈન મતવાળા ભગવાનના સાકાર સ્વરૂપનો અનેક યુક્તિ પ્રયુક્તિથી નિષેધ કરીને લોકોને માર્ગ ભુલાવતા હતા. અધર્મ તરફ વાળતા હતા. ॥૧૬॥ આવી રીતે પૃથ્વી ઉપર અધર્મનું ખૂબ જ બળ વધી ગયું. અધર્મમય વાતાવરણ આખા જગતમાં વ્યાપી ગયું ત્યારે ધર્મ પાલન કરવાનું કેવળ ગણતરીના જ જીવાત્મા કરતા હતા તેથી ધર્મ પાલન કેવળ કહેવા માત્રનું જ રહ્યું. ॥૧૭॥ **રાજા બોલ્યા** : હે સ્વામી ! ધર્મ અને ભક્તિ કયા દેશમાં, રાજ્યમાં તથા કયા ગામમાં, તેમજ કોના ઘરને વિષે તેમનો જન્મ થયો અને છપૈયાપુરમાં તે ધર્મ, ભક્તિનો નિવાસ શા કારણે કેવી રીતે થયો તે સર્વે વૃત્તાંત મને આપ સંભળાવો. ॥૧૮॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા** : હે રાજન ! સરયૂ નદીના ઉત્તર તટ ઉપર ઉત્તર કૌશલ દેશમાં ઈટાર નામનું એક નગર આવેલું હતું. તે નગરમાં



ખૂબ જ વિદ્વાન ધાર્મિક પવિત્ર બ્રાહ્મણ લક્ષ્મણ શર્મા નામના શ્રેષ્ઠ વ્યક્તિ રહેતા હતા. ॥૧૯॥ તે લક્ષ્મણ શર્માનું સાવર્ણી ગોત્ર, સામવેદના અધ્યયનવાળા, મહાબુદ્ધિશાળી, કૌથમી શાખાવાળા વેદના ત્રણ પ્રવર ભાર્ગવ, વૈતહવ્ય, વૈતસ, આ ત્રણ પ્રવરવાળા રહેતા હતા. ॥૨૦॥ તેમના પુત્ર બંસીધર નામના થયા, તેમના પુત્ર કનયી રામનામના થયા તથા બાલશર્મા નામના ખૂબ જ પવિત્ર વિદ્વાન એવા પુત્ર થયા. ॥૨૧॥ તે બાલશર્મા સુશીલ સ્વભાવવાળા, પવિત્ર આત્માવાળા ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા હતા. તેમના પત્ની ભાગ્યવતી નામના પવિત્ર પતિવ્રતા ભગવાનની ભક્તિમાં દૃઢ નિષ્ઠાવાળાં હતાં. ॥૨૨॥ એવાં તે પવિત્ર ભક્તિ પ્રિય બાલશર્માના પત્ની ભાગ્યવતીના ઉદરથી વિક્રમ સંવત (૧૭૯૬) સત્તરસો છન્નુંના કાર્તિક માસમાં પ્રમોદ નામના સંવત્સરમાં પ્રબોધિની એકાદશીના દિવસે મધ્યાહ્ન સમયે પુત્ર દેવશર્માનો જન્મ થયો. ॥૨૩॥ તે (દેવ શર્મા) પુત્રના જન્મોત્સવ સમયે માતાપિતાએ પોતાના ઘરમાં માંગલિક ઉત્સવ કર્યો ત્યારે દ્વિજાતિ સંસ્કારમાં જાતકર્મના સંસ્કારની મહા ક્રિયા વિદ્વાન બ્રાહ્મણો પાસે બાલશર્મા કરાવતા હતા અને તેમનું નામ દેવ શર્મા એ પ્રમાણે રાખ્યું. ॥૨૪॥ ત્યાર પછી કૌશલ દેશ નામના વિસ્તારમાં આવેલ છપૈયાપુર નામના નગરમાં ઉત્તમ બ્રાહ્મણ જ્ઞાતિમાં શ્રેષ્ઠ ત્રિવેદી કૃષ્ણ શર્મા નામના બ્રાહ્મણ નિવાસ કરીને રહેતા હતા. ॥૨૫॥ તે કૃષ્ણ શર્માનાં ભવાની નામનાં પત્ની અતિશય સુશીલ સ્વભાવનાં અને ભગવાનના સ્વરૂપની ભક્તિ પરાયણ હતાં. તે બન્ને પતિપત્ની ખૂબ જ પુણ્યશાળી હતાં. તેઓ બન્ને ખૂબ જ પ્રેમપૂર્વક ગૃહસ્થના ધર્મનું પાલન કરીને રહેનારાં હતાં. ॥૨૬॥ તે કૃષ્ણ શર્મા અને તેમના ધર્મપત્ની ભવાની થકી તેમના ઘરમાં વિક્રમ સંવત (૧૭૯૮) સત્તરસો અઠ્ઠાણુના કાર્તિક શુક્લ પૂર્ણિમાના દિવસે બુધવારના રોજ કૃતિકા નક્ષત્રમાં પુત્રી (બાલા ભક્તિદેવી)નો જન્મ થયો. આનંદ થયો. ॥૨૭॥ તે બાલાપુત્રી ચંદ્રની કળા જેમ વધે તેમ પ્રતિદિન વધવા લાગી. તે બાલા એકાગ્ર ચિત્તથી ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં

મન જોડીને એકાન્તિકી ભક્તિ કરતી હતી. જે ભક્તિ મોક્ષ આપનારી થાય છે, તેને બાલા નિત્ય પ્રત્યે કરતી હતી. ॥૨૮॥ પોતાની પુત્રી નિત્ય પ્રત્યે અહર્નિશ ભગવાન શ્રીકૃષ્ણની અર્ચન-પૂજનમાં જ કાયમ જોડાયેલી રહેતી તેથી પિતા કૃષ્ણ શર્મા તેને ભક્તિ એ પ્રમાણે બોલાવવા લાગ્યા. તેથી લોકો પણ તેને ભક્તિના નામથી કહેવા લાગ્યાં. ॥૨૯॥ ત્યાર પછી પુત્રી વિવાહને યોગ્ય થવાથી પિતા કૃષ્ણ શર્મા પોતાની પુત્રીના વિવાહ માટે વિચારવા લાગ્યાં. ત્યારે ઈટારનગર નિવાસી દ્વિજ શ્રેષ્ઠ બાલ શર્માના પુત્ર (વૃષાત્મા) ધર્મદેવની સાથે લગ્નસંબંધ નક્કી કરતા હતા. ॥૩૦॥ ત્યાર પછી કૃષ્ણ શર્માએ બાલ શર્મા તથા તેમના પુત્ર હરિપ્રસાદ (ધર્મદેવ)ને પોતાના ઘેર છપૈયાપુરમાં બોલાવીને પોતાની પુત્રી (બાલા) ભક્તિદેવીને ખૂબ જ પ્રસન્ન થઈને શાસ્ત્રોક્ત વિધિથી અગ્નિની સાક્ષીએ તેમને આપી. ॥૩૧॥ વિવાહ કર્યા પછી કૃષ્ણ શર્માએ પોતાની પુત્રી ઉપર અતિશય સ્નેહ હોવાથી પોતાની પુત્રીને અને જમાઈ ધર્મને પોતાના ઘેર છપૈયાપુરમાં જ ખૂબ જ આગ્રહપૂર્વક માનપુરઃસર પોતાના ઘરમાં જ રાખ્યા. ॥૩૨॥ ધર્મદેવ પોતાના સસરાના ઘેર પોતાની પત્નીની સાથે ગૃહસ્થધર્મનું સારી રીતે પાલન કરતાં થકાં પ્રેમપૂર્વક રહેતાં હતાં. સાથે સાથે પોતાના પિતાએ આપેલા માર્ગદર્શનનું દઢતાથી પાલન કરતાં થકાં સુખેથી રહેતાં હતાં. ॥૩૩॥ હે રાજન્ ! તે ધર્મદેવ હંમેશા દઢ નિયમમાં રહીને કાયમ માટે શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરતા થકા વૈરાગ્યવૃત્તિથી જીવનને આચરતાં થકાં પરબ્રહ્મ પરમાત્માનું ભજનકીર્તન કરીને શ્રીહરિનો આશ્રય (ઉપાસના) કરતા હતા. ॥૩૪॥ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રોનું ગાન કરતાં હતાં તથા દરેક પક્ષની એકાદશીનું વ્રત દઢતાથી કરતાં હતાં. તેથી (ધર્મદેવને) હરિપ્રસાદને ધર્મનિયમમાં દઢતા જોઈને સર્વે મનુષ્યો એમને ધર્મ એ નામથી બોલાવા લાગ્યાં. ॥૩૫॥ હે રાજન્ ! તે હરિપ્રસાદ (ધર્મદેવ) નિત્યનાં તથા નૈમિતિક જે ક્રિયાકર્મ તેને ધર્મદેવ કાયમ માટે કરતાં હતાં ત્યારે તે ધર્મની



શ્રદ્ધા, તિતિક્ષા નામની બાર પત્નીઓ ગુપ્ત રૂપથી ત્યાં આવીને ધર્મદેવની સેવા શૂશ્રુષા કરતી હતી. ॥૩૬॥ આવી રીતે તે બન્ને પતિ-પત્ની દઢતાથી ભગવાનની ભક્તિ કરતાં થકાં સંસારમાં રહેતાં હતાં ત્યારે તેમને ત્યાં અનંતના અંશ એવા પુત્રનો જન્મ થયો. ત્યારે એમણે તે પુત્રનું નામ રામપ્રતાપ એ પ્રમાણે પાડીને રાખ્યું. ॥૩૭॥ આવી રીતે સંસારમાં રહેલા હતા ત્યારે ભગવાનની સાથે આગળના સમયથી વૈરભાવવાળા તે અસુરો ધર્મભક્તિને ભગવાનની ભક્તિપરાયણ જોઈને સુશીલ સ્વભાવવાળા તેઓને ખૂબ જ પીડા આપવા લાગ્યા. તથા ખૂબ જ દુઃખો આપવા લાગ્યા. તે છતાં તેઓ ગુણદોષને જાણનારાં તેઓ મનમાં કાંઈ દુઃખ લગાડતાં ન હતાં. ॥૩૮॥ આવી રીતે કાયમ અસુરોનો ઉપદ્રવ થતો જોઈને કંટાળીને તરત જ બીજે જવાનો વિચાર કર્યો. ત્યાર પછી તેઓ ધર્મદેવ ભક્તિમાતા પુત્રની સાથે અયોધ્યા ગયા. ત્યાં જઈને ભગવાનના ભજનભક્તિમાં રહેલા એવા ધર્મભક્તિને ત્યાં પણ ખૂબ જ દુઃખ આપીને પીડા પમાડવા લાગ્યા. ॥૩૯॥ ત્યાં અયોધ્યામાં પણ દુઃખ પડવા લાગ્યાં એટલે પત્નીની સાથે ધર્મદેવ કાશીનગરીમાં ગયા. ત્યાં જઈને ધર્મદેવે વિઘ્નના નિવારણ માટે મહારુદ્રયાગ નામનો યજ્ઞ કર્યો. ॥૪૦॥ શમ, દમ, સત્ય, તપ, ક્ષમા, દયા, ઋજુતા, જ્ઞાન, વિરક્તિ (વૈરાગ્ય), આદિ મુખ્ય ગુણો વડે સત્પુરુષના જેવા ગુણોથી શોભાયમાન શરીરવાળાં તે બન્ને એકાન્તિક ભાવથી શ્રીહરિના સ્વરૂપમાં વૃત્તિ જોડીને ભક્તિ કરતાં હતાં. ॥૪૧॥ ત્યારે ત્યાં પણ દેવો, મુનિઓ ભક્તજનોથી પૂજા પામતા ધર્મભક્તિને તે કાશીનગરીનો ત્યાગ કર્યો, કેમ કે ત્યાં પણ અસુરોનો ઉપદ્રવ થવા લાગ્યો તેથી તેનો ત્યાગ કરીને તીર્થરાજ પ્રયાગ નામના તીર્થ પ્રત્યે ગયા. ત્યાં ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું તેથી ત્યાં થોડી શાંતિ અનુભવી ત્યારે એમણે પોતાને પ્રિય વેદોના માર્ગ, ઉપદેશ પ્રમાણે વૈદિક ધર્મ અનુષ્ઠાન, જપ વગેરે ત્યાં કરવા લાગ્યા. ભગવાનની ભક્તિ કરવા લાગ્યા. ॥૪૨॥

**આવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં શ્રી ધર્મભક્તિનું પ્રયાગરાજમાં ગમન નામનો પાંચમો અધ્યાય થયો. ।।૫।।**

## ॥ અધ્યાય - ૬ ॥

**શ્રી બ્રહ્માનંદ મુનિ બોલ્યા :** સર્વે સંતોમાં શ્રેષ્ઠ એવા રામાનંદ સ્વામી જે પૂર્વજન્મમાં ઉદ્ધવ રૂપે હતા. તે ધર્મ અને ભક્તિ પ્રયાગમાં રહેલાં હતાં ત્યારે તીર્થાટન કરતાં થકાં ત્યાં આવ્યાં ત્યારે ધર્મદેવની ઉપર કૃપાદૃષ્ટિ કરીને પોતાનું દર્શન આપ્યું. ।।૧।। ત્યારે તે ધર્મદેવે પોતાની પત્નીની સાથે ત્યાં આવેલા રામાનંદ સ્વામીને એકદમ જ જોયા. અનાયાસ જ દર્શન થયાં. તે મુની બ્રહ્મના સ્વરૂપમાં રહેનારા, આનંદમાં રહેનારા, પ્રસન્નમુખ કમળવાળાએ એમને જોયા. ।।૨।। વર્ણિના વેષને ધારણ કરેલા તપસ્વી એવા તે રામાનંદ સ્વામીએ લલાટમાં ઉર્ધ્વપૂંડ્ર તિલક ચાંદલો કરેલાં તથા કંઠમાં તુલસીની બેવડી કંઠીને ધારણ કરેલા, ધીર ગંભીર પ્રકૃતિવાળા, શ્રીનારાયણના સ્વરૂપમાં મનને જોડેલા એવા ।।૩।। તે રામાનંદ સ્વામીને જોઈને તે ધર્મભક્તિએ રામાનંદ સ્વામીને પ્રમાણ કર્યા. તે સદ્‌ગુરુ મહાભાગ્યવાળા કરુણાદૃષ્ટિવાળા બ્રહ્મમૂર્તિ એવા તે રામાનંદ સ્વામીને પોતાને અસુરો થકી પીડા દુઃખ થાય છે તેની સર્વે વાત કરવા લાગ્યા. ।।૪।। હે તપોમૂર્તિ ! આપને તો હું જાણું છું. આપ તો ભગવાનના સ્વરૂપને વિષે દૃઢ પ્રીતિવાળા છો. આપના ગુણો બહુ છે. બ્રહ્મમૂર્તિ ! હે ગુરુ ! અમને અસુરો થકી ખૂબ જ કષ્ટ થાય છે. તેનાથી નિવૃત્તિ માટે કોઈક ઉપાય હોય તો અમને બતાવો એવો મને ઉપદેશ આપો. ।।૫।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** હે રાજન્ ! ધર્મદેવના મુખથી આવી રીતના દર્દભર્યાં વચનો સાંભળીને તે ધર્મદેવ તથા તેમનાં પત્ની ભક્તિદેવીને રામાનંદ



સ્વામીએ પાપને નાશ કરનારી ભાગવતી દિક્ષા તે બન્નેને કૃપા કરીને પ્રેમભાવથી આપી. ।।૬।। લલાટમાં તિલક કર્યું. ઉપવીત આપી તુલસીની બે કંઠીઓ પહેરાવી તથા તેઓને આ પ્રમાણે ભગવાનના નામનો મહામંત્ર આપ્યો, “શ્રીકૃષ્ણ ત્વંગતિર્મમ” અર્થાત્ હે કૃષ્ણ ! “તમે જ મારી ગતિ છો.” આ ગુરુમંત્ર તેમણે આપ્યો. ।।૭।। ત્યાર પછી મહામંત્રમાં “બ્રહ્માહં કૃષ્ણદાસોસ્મિ” અર્થાત્ “બ્રહ્મસ્વરૂપ એવો હું કૃષ્ણનો દાસ છું” આ પ્રમાણે મહામંત્ર આપ્યો. ત્યાર પછી તે સદ્‌ગુરુ ધર્મભક્તિએ પૂછેલો મનુષ્યે પાળવાના ધર્મોનો ઉપદેશ એમને આપવા લાગ્યા.।।૮।। **રામાનંદ સ્વામી બોલ્યા :** હે ધર્મભક્તિ ! તમે હવે શાંતિથી પોતાના ઘેર જાઓ. ત્યાં જઈને મેં તમોને દિક્ષા આપીને જે મંત્ર આપેલ છે તે મંત્રને ધર્મભાવનાપૂર્વક જપ કરજો અને દૃઢતાપૂર્વક ધર્મ પાલન કરતા થકા મારી આજ્ઞાથી મુમુક્ષુ જીવાત્માઓને દિક્ષા આપજો. તે વૈષ્ણવી દીક્ષા આપીને ભક્તિમાર્ગને વિસ્તારજો. ।।૯।। ભાગવત્ આદિક સદ્‌ગ્રંથોનું વાંચન કરજો. તેમાંથી કૃષ્ણના માહાત્મ્યની કથા બીજા ભક્તોને સુંદર રીતે સમજાવજો. આવી રીતે રામાનંદ સ્વામીનાં બોધનાં વચનો સાંભળીને ગુરુને નમસ્કાર-વંદન કરીને ગુરુઆજ્ઞાથી પોતાના ઘેર ધર્મભક્તિ બન્ને અયોધ્યા પ્રત્યે ગયાં. ।।૧૦।। હે મહાત્મા । આત્મનિષ્ઠ ગુણોના સમુદ્ર જેવા મનોવૃત્તિને હંમેશાં ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં જોડી રાખનારા, દૃઢભક્તિવાળા, ગુરુવાક્યને વિષે નિષ્ઠાવાળા, પોતાના આશ્રિતજનોને ભગવત્ સંબંધી અખંડ સુખ આપનારા એ ગુરુ રામાનંદ સ્વામી ત્યાં જ પ્રયાગરાજમાં રહ્યા. ।।૧૧।। પોતાની પાસેથી વૈષ્ણવી દીક્ષાને જેમણે ગ્રહણ કરેલી છે એવા પોતાના આશ્રિતોએ અર્પણ કરેલા અન્નવસ્ત્રને ગ્રહણ કરીને તેનું સેવન કરતા રહેવાથી ખૂબ સમૃદ્ધિમાન થયા તથા તે પદાર્થો મળવાથી ખૂબ જ સુખ થયું તેના યોગથી ભાગવત આદિ અનેક સદ્‌ગ્રંથોનું અધ્યયન (અભ્યાસ) કર્યું. ।।૧૨।। ત્યાર પછી ધર્મદેવે પોતાના આઠ વર્ષની ઉંમરના પુત્ર રામપ્રતાપને જનોઈ સંસ્કાર કર્યા તથા બ્રાહ્મણોને સારાં પકવાનો જમાડ્યાં. સારાં ભોજનો કરાવીને

સારી ધનની દક્ષિણા આપીને તૃપ્ત કર્યા. તે સર્વે ખૂબ જ ઉદાર દિલથી ઉત્સાહપૂર્વક કાર્ય કર્યું. ।।૧૩।। આવી રીતના સત્કર્મો કરનારા ધર્મભક્તિ ખુબ જ સુખપૂર્વક રહેતાં હતાં. તે સુખને નહીં જોઈ શકનારાં ઈર્ષ્યાખોર દુષ્ટો અસુરો મનમાં દાજતાં થકાં તેમના નગરમાંથી ધનધાન્ય આદિ સર્વે પદાર્થો બળપૂર્વક હરીને ચોરીને લઈ ગયા. ।।૧૪।। તે ભક્તિ ધર્મના ઘરમાંથી બધી જ વસ્તુ-સામગ્રી લઈ જઈને તેમને ખૂબ જ પીડા-દુઃખ આપતાં હતાં તથા એમની મશ્કરી કરતાં હતાં. તેમની ઉપર ખૂબ જ ઈર્ષા કરતાં હતાં. આ રીતે પીડાવા લાગ્યાં. ।।૧૫।। આ પ્રમાણે અસુરો પીડા આપતા હતા તેથી ખૂબ જ ત્રાસ પામવાથી, આવી વિપત્તિ આવવાથી ભક્તિદેવી પવિત્ર મનથી ધર્મદેવને કહેવા લાગ્યાં : હે સ્વામીનાથ ! આપણા ઉપર આવેલ આપત્તિથી રક્ષા માટે કાંઈક ઉપાય કરવાની જરૂર છે, તો આપ શક્તિમાન છો તેથી કાંઈક ઉપાય કરો તો સારું. આપ તો સત્યના ખૂબ જ પ્રિય છો. ।।૧૬।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા** : ધર્મદેવ પોતાની પત્ની ભક્તિદેવીનાં દુઃખનું કથન સાંભળીને ભગવાનની ભક્તિ પરાયણ બંને દંપત્તિ વિચાર કરીને અયોધ્યામાં જઈને હનુમાનગઢીમાં પોતાના કુળદેવ હનુમાનજીની આરાધના કરવા લાગ્યા. ।।૧૭।। ધર્મદેવ હનુમાનગઢીમાં જઈને હનુમાનજીની આગળ એક પગે ઊભા રહીને હનુમતસ્તોત્રનું અનુષ્ઠાન કરવા લાગ્યા. તે આરાધનાને લીધે ધર્મદેવને પ્રસન્ન થયેલા હનુમાન દેવે રાત્રે સ્વપ્નમાં દર્શન આપ્યાં. ।।૧૮।। ધર્મદેવને સ્વપ્નમાં આવીને **કષ્ટભંજન દેવ હનુમાનજી ભગવાન** કહેવા લાગ્યા કે અત્યાર સુધી કષ્ટ સહન કર્યું છતાં મને કેમ ન સંભાર્યો ? હવેથી તમારાં સર્વે કષ્ટો, આપત્તિઓ નાશ પામશે. તમને હવે ઉપાધિ નહીં થાય એ પ્રમાણે માનો. ।।૧૯।। હે ધર્મદેવ ! હવે તમો જલદીથી ભગવાનનું તીર્થસ્થળ વૃંદાવનમાં જાઓ. એ જ તમારા માટે સારું છે. ત્યાં જઈને તમો ત્યાં આવેલા સર્વે મુનિઓની સાથે મળીને શ્રીહરિ નારાયણ ભગવાનની આરાધના-ભક્તિ કરો, સ્તુતિ કરો. ।।૨૦।। ધર્મદેવને હનુમાનજી દર્શન આપીને વૃંદાવન જવાનું કહીને



અદૃશ્ય થયા. ત્યાર પછી મનમાં ખૂબ જ પ્રસન્ન થઈને પોતાના ઘેર પાછા આવ્યા. ।।૨૧।। ત્યાર પછી ભક્તિદેવીની સાથે પરામર્શ કરીને પોતાના પુત્ર રામપ્રતાપને મામાને ઘેર મૂકી આવીને બન્ને પતિપત્ની ત્યાંથી ચાલતાં થયાં અને માર્ગમાં નૈમિષારણ્ય ક્ષેત્ર આવ્યું ત્યાંથી આગળ ચાલીને પવિત્ર તીર્થ રમણભૂમિ વૃંદાવનમાં પહોંચ્યાં. ।।૨૨।। હે રાજન્ ! ત્યાં વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનવિહારી પ્રભુનાં ખૂબ જ ભાવપૂર્વક દર્શન કર્યાં. ત્યાર પછી ગોવર્ધન પર્વત તથા પવિત્ર યમુના નદીનાં દર્શન કરીને ખૂબ જ આનંદ પામવા લાગ્યાં. ।।૨૩।। યમુના નદીમાં સ્નાનવિધિ કરીને વ્રજભૂમિને પ્રદક્ષિણા કરીને તે બન્ને દંપતિ શાંતિ પામતાં થકાં બેઠાં હતાં. એટલામાં અસુરોના ઉપદ્રવથી ત્રાસ પામેલા મરીચ્યાદિ ઋષિમુનિઓ ત્યાં આવ્યા. ।।૨૪।। આવેલા સર્વે મુનિઓને જોઈને તે ધર્મભક્તિને શ્રી હરિનારાયણ ભગવાન આગળ બદ્રિકાશ્રમમાં થયેલી વાતો યાદ આવવા લાગી. સર્વે પરસ્પર મળીને ભગવાનની કૃપાથી જ આપણો મેળાપ થયો છે એ પ્રમાણે માનતા થકા સર્વે પોતપોતાના દુઃખદર્દોની ચર્ચા કરવા લાગ્યા. ઉદ્ગારો કાઢવા લાગ્યા. ।।૨૫।। હે મુનિઓ ! આપણે બધા જ દુર્વાસા ઋષિના શાપના લીધે દેવતાઓના દુશ્મન અસુરોના ત્રાસરૂપી અગ્નિથી દાઝેલા છીએ તેથી અત્યારે શ્રીહરિ નારાયણનું આરાધન કરી પ્રેમપૂર્વક ભક્તિ કરવાથી પ્રભુ જરૂર આપણું રક્ષણ કરશે. સર્વના રક્ષક શ્રીહરિ જ છે. ।।૨૬।। આવી રીતે સર્વે ઋષિઓની સાથે ચર્ચા કરીને સર્વે ઋષિઓ અને ધર્મભક્તિ સાથે મળીને ભગવાન શ્રીહરિની એકાન્તિક મનથી દૃઢભક્તિ ભાવથી આદરપૂર્વક આરાધના કરવા લાગ્યા. ।।૨૭।। ધર્મદેવ શ્રીહરિના મંત્રનો જપ કરવા લાગ્યા. ભક્તિદેવી રાસપંચાધ્યયીની પારાયણ (પાઠ) કરવા લાગ્યાં. કેટલાક શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્રદ્ધાભક્તિપૂર્વક પાઠ કરવા લાગ્યાં. ।।૨૮।। તેમાં કેટલાક શ્રી વાસુદેવ માહાત્મ્યનું, કેટલાક શ્રીવિષ્ણુ સહસ્ર નામ સ્તોત્રનું અનુષ્ઠાન કરવા લાગ્યા. કેટલાક શ્રીવર્મનારાયણના પાઠ કરવા લાગ્યા. કેટલાક વિષ્ણુગાયત્રીનો પાઠ કરતા

હતા. ॥૨૯॥ હે રાજન ! તે સર્વે મુનિવરોએ એકાગ્ર ચિત્તે શ્રીહરિની આરાધના ભક્તિ કરી તે ભક્તિ તપના પ્રભાવથી આરાધના કરતા હતા તે સમયે જ વદ એકાદશીના દિવસે બ્રાહ્મમુહૂર્તમાં વહેલી સવારે મહાપ્રકાશના સમુદ્રમાં પરબ્રહ્મ પરમાત્માએ રાધાજીની સાથે સર્વે મુનિઓ ઉપર કૃપા કરીને દર્શન આપ્યાં. ॥૩૦॥ બંસીને હાથ ઉપર ધારણ કરેલા, મનોહર લાગતા, નવીન મેઘ સમાન શ્યામસ્વરૂપવાળા, કરોડો કામદેવને મોહ પમાડે મનોહર મુખકમળ જેમનું છે એવા તથા સોના જેવાં પીળાં વસ્ત્રોને ધારણ કરનારા, કમળની પાંખડી જેવા કોમળ વિશાળ નેત્રકમળવાળા, મસ્તક ઉપર શ્યામ-ચીકણા ગુચ્છવાળા કેશની શોભાયુક્ત એવા મનોહર સ્વરૂપનાં સર્વે મુનિજનોએ દર્શન કર્યાં. ॥૩૧॥ જેમના કર્ણ ઉપર સુંદર મણિરત્નોથી જડેલા સોનાના કુંડળો છે. તથા જાતજાતના આભૂષણોને ધારણ કરેલા, શોભાયમાન અંગવાળા તથા મસ્તક ઉપર સર્વના કષ્ટને હરનારા મનોહર મુગટને ધારણ કરેલા, હૃદયમાં શ્રીવત્સના ચિહ્ન ધારણ કરેલા, રાધાલક્ષ્મીના સ્વામી એવા ॥૩૨॥ સર્વે પાર્ષદોથી સેવા કરાતા એવા શ્રીહરિનાં ધર્મ આદિ સર્વે આરાધકોએ દર્શન કર્યાં. પોતાના મનમાં ખૂબ જ આનંદ થયો તેથી તૂટીફૂટી છૂટક વાણીમાં આનંદ પામતા થકા કહેવા લાગ્યા. ॥૩૩॥ **ધર્મદેવ વિગેરે બોલ્યા :** હે સર્વેના આત્મા ! દિવ્યસ્વરૂપને ધારણ કરનારા આપનો જયજયકાર થાય છે. આપ સર્વેના સૌંદર્યાદિ સર્વેગુણોવાળા, સર્વની બુદ્ધિને વિષે રહેનારા પોતાના આશ્રિતોના હૃદયમાં રહેલા દોષરૂપ શત્રુનો નાશ કરનારા, સર્વેનાં દુઃખોને હરનારા, ભવબ્રહ્માદિ અનંત દેવોની સ્તુતિપૂજાને ગ્રહણ તથા પોતાના આશ્રિત ભક્તોના અંતઃકરણમાં જેમનાં ચરણકમળ રહેલાં છે એવા હે વાસુદેવ આપ જ છો. ॥૩૪॥ હે પ્રભુ આપ તો અનંતકોટી બ્રહ્માંડોને ઉત્પન્ન કરો છો. તેને ધારણ કરીને તેને આપના સ્વરૂપમાં લય પમાડનારા છો. પોતાના દિવ્ય અક્ષરધામમાં ભક્તજનોને અનંત દિવ્ય સુખ આપતા થકા નિવાસ કરીને રહેનારા તથા ધર્મની રક્ષા કરવા માટે આ પૃથ્વી ઉપર



મનુષ્ય સ્વરૂપને ધારણ કરનારા તે અવતારો દ્વારા પોતાના ભક્તોના કષ્ટોનો નાશ કરનારા તથા અસુરોનો સંહાર કરીને ભૂમંડળમાં સુખશાંતિ આપનારા આપ એક જ છો. ॥૩૫॥ હે પ્રભુ ! અમે આપના ચરણકમળના આશ્રયમાં આવેલા છીએ. શરણાગત છીએ, તો આપ અમારું રક્ષણ કરો, કેમ કે આપ સાધુ, ગાય, બ્રાહ્મણ આદિને સુખ આપનારા છો, તેથી અમારું પણ રક્ષણ કરો. ॥૩૬॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ ધર્મદેવ જેમાં મુખ્ય છે એવા તે સર્વે ઋષિગણની સ્તુતિ સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ પરબ્રહ્મ પુરુષોત્તમ સર્વેના જાણનારા એવા તે સર્વેને આ પ્રમાણે બોલ્યા : ॥૩૭॥ **શ્રીહરિ ભગવાન બોલ્યા :** હે મહાભાગ્યશાળી મુનિઓ ! તમે સર્વે મારા થકી તમારે ઈચ્છિત જે હોય તે વરદાન માંગો. હું તમારી ઉપર આજે પ્રસન્ન થયો છું. તમારે જે કાંઈ અપ્રાપ્ય હોય તે માંગો. હું તમને જરૂર આપીશ. હું તો સર્વે દેહધારીઓને પ્રાપ્ત નથી થઈ શકતો તેથી તમો જે માગવું હોય તે જરૂર માંગો. ॥૩૮॥ **ધર્મદેવ બોલ્યા :** હે કૃષ્ણ ! હે નારાયણ ! હે મારા નાથ ! અસુરો થકી મહા પીડા, કષ્ટ થાય છે. તેના થકી અમારું રક્ષણ કરો. હે કૃપાનાથ ! આપ તમારા ભક્તો તથા સર્વેમુનિ તપસ્વીજનોનું અસુરો થકી રક્ષા કરવાને માટે આપ જ યોગ્ય છો. ॥૩૯॥**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** તે ધર્મદેવનું વચન સાંભળીને શ્રીકૃષ્ણ નારાયણ તે સર્વે મુનિઓની સાથે ધર્મદેવને કહેવા લાગ્યા કે તપસ્વીઓ તમો મારા આશ્રિત છો તેથી તે દૈત્યોને મારી સાથે વૈર છે. તેથી તમો મારા આશ્રિત ઉપાસક હોવાથી તમને પીડા આપે છે. ॥૪૦॥ તેથી તે સર્વે અસુરોનો જરૂર હું નાશ કરી નાખીશ. માટે હે ધર્મ ! તમે દુઃખ ન પામશો. ધીરજ રાખજો. **હું નારાયણ રૂપે** અવતાર ધરીને તમારા પુત્ર રૂપે થઈને તમને સર્વેને દુર્વાસાના શાપ થકી મુક્ત કરીશ એ નિશ્ચિતપણે જાણો. ॥૪૧॥ હું જ ગોલોક ધામનો અધિપતિ છું તથા વિશાલા-બદ્રીવનમાં પણ હું જ નરનારાયણના નામથી રહું છું. એટલા માટે તમારે ત્યાં પુત્રરૂપે હું જ જન્મ ધરવાનો છું. ॥૪૨॥ ધર્મદેવ તથા મુનિઓને શ્રીહરિ

ભગવાન આવી રીતે વચનો કહીને અંતર્ધ્યાન થઈ ગયા. ત્યાર પછી સર્વે મુનિગણો તથા ભક્તજનો ખૂબ જ આનંદ પામતા થકા સર્વે પોતપોતાના નિવાસસ્થાને ગયા. ॥૪૩॥ ત્યાર પછી ધર્મદેવ ભક્તિદેવી બન્ને જ્યારે પોતાના ઘેર જતાં હતાં ત્યારે માર્ગમાં મહાવન આવ્યું. તે વનમાં પોતે ભૂલાં પડ્યાં ત્યારે કોઈક મહાભયંકર રૂપવાળી સ્ત્રી મળી. તેમને ધર્મદેવે પૂછ્યું : ॥૪૪॥ તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? કેવી રીતે આવ્યાં છો ? તે સર્વે મારે જાણવું છે. ત્યારે તેણી સ્ત્રીએ કહ્યું કે હું દુષ્કર્મોની પુત્રી અવિદ્યા છું. અસત્યભાષિણી તે મારી માતા છે. ॥૪૫॥ કામદેવ આદિ સર્વે દોષો મારા પુત્રો છે. તેઓ હજારોની સંખ્યામાં રહેલા છે. હું ત્રણે લોકમાં વ્યાપીને રહેલી છું. એટલા માટે મને અજર-અમર જાણો. હે ધર્મ મારે આ પ્રમાણે કહેવાનું છે તે તમે જાણો. ॥૪૬॥ ત્યાર પછી ધર્મદેવે તે અવિદ્યાત્મક સ્ત્રીને ભગવાનના સ્વરૂપનું મહાત્મનું જ્ઞાન એને સમજાવીને તે દંપતિ ત્યાંથી આગળ વનના માર્ગે ચાલતાં થઈ ગયાં. મહાઘોર વનમાં પ્રવેશ કર્યો. ॥૪૭॥ તે વન અનેક પ્રકારનાં ખૂબ જ ઘાટી જાડીવાળું તેની અંદર તે ઝાડોનાં પાંદડાઓ ખૂબ જ ખખડતાં હતાં. તેમજ સિંહ, શિયાળ, વાઘ, દીપડા, સર્પ, જંગલી ગાયો, પાડાઓ, ભૂંડો મહાભયાનક લાગતાં હતાં. તેથી તે વન પણ ખૂબ જ ભયાવહ લાગતું હતું. ॥૪૮॥ તે વનમાં હતાં તેવામાં જ સૂર્યનારાયણ અસ્ત પામી ગયા. મહાવનની ઝાડીને લીધે ઘોર અંધારું થઈ ગયું. અંધારામાં માર્ગ ભૂલી ગયાં. આમતેમ ભમતાં થકાં કાંટા કાંકરા વાગતા હતા. પગમાં ભટકાતા રસ્તો દેખાતો ન હતો. ॥૪૯॥ એવા સમયે તે જંગલમાં ભૂરી થયેલી દાઢીવાળો, માથાની ખોપરી ખુલ્લી દેખાતી હતી. શ્યામ શરીરવાળો તેના ઉપર ભસ્મનો લેપ કરેલો, તપસ્વીના વેષ ધારણ કરેલો એવા કોઈક પુરુષને ધર્મદેવે જોયો. ॥૫૦॥ તે વિકૃત પુરુષને જોઈને બન્ને ભયભીત થઈ ગયાં. ત્યારે બન્નેને હાથ જોડીને પૂછવા લાગ્યો, 'તમે બન્ને પતિપત્ની કોણ છો ? અત્યારે રાત્રિના અંધકારમાં શા માટે અહીં ફરો છો ? જે હોય તે સત્ય મને જણાવો. આવી રીતે પૂછ્યું



એટલે ધર્મદેવ તેને કહેવા લાગ્યા : ॥૫૧॥

**આવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તનારા શ્રી સહજાનંદ સ્વામીના ચરણસેવક કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં ધર્માદિને વરદાન મળ્યાં એ નામનો છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥**

## ॥ અધ્યાય - ૭ ॥

**શ્રી ધર્મદેવ ઉવાચ** : હે બ્રહ્મદેવ ! હું દેવ શર્મા નામનો બ્રાહ્મણ છું. અમે કૌશલ દેશમાં રહીએ છીએ. અમે વૃંદાવનમાં ગયાં હતાં ત્યાં શ્રીહરિની આરાધના કરી. શ્રીહરિ અમારી ઉપર પ્રસન્ન થયા છે. ॥૧॥ તેમના થકી મને વરદાન મળ્યું કે ભગવાન અમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થશે. આવું વચન સાંભળીને તે બ્રહ્મચારી ધર્મદેવને કહેવા લાગ્યા કે એ કૃષ્ણ તો મારો વૈરી છે, મારે એની સાથે વૈર છે. ॥૨॥ તમે મને શ્રીકૃષ્ણના શત્રુ અશ્વત્થામા નામનો બ્રાહ્મણ જાણો. હું તમારા પુત્રને શાપ આપું છું કે તમારો પુત્ર ક્યારેય પણ હથિયાર ધારણ નહીં કરે. જો હથિયાર ધારણ કરશે તો તેનો પરાજય થશે. એ પ્રમાણે તે કહીને અદ્રશ્ય થઈ ગયો. ॥૩॥ આ પ્રમાણે વાક્યો સાંભળીને ધર્મદેવે વિચાર કર્યો કે સર્વે વિઘ્નોને હરનારા પવનપુત્ર હનુમાનજી છે. આમ વિચારી તેમનું સ્મરણ કરવા લાગ્યા. એમ કરતાં આખી રાત વીતી ગઈ ત્યારે પ્રભાતે મહાપ્રભાવશાળી વિદ્વાન બ્રાહ્મણના રૂપે દર્શન થયાં. ॥૪॥ તેમણે કહ્યું કે, હે ધર્મદેવ ! તમારે સ્હેજ પણ ચિંતા કરવાની નહીં કેમ કે શ્રીહરિ ભગવાન જ તમારા પુત્ર થવાના છે તે જન્મ લઈને સર્વના કષ્ટોનો નાશ કરી નાંખશે. ॥૫॥ એવી રીતે અંજની પુત્રના વાક્યો સાંભળીને અતિ પ્રસન્ન થઈ ગયા અને હનુમાનજીના બતાવેલા માર્ગ પ્રમાણે ધર્મદેવ પત્ની સાથે પોતાને ઘેર ગયા. ત્યાં પોતાનાં સર્વે સંબંધીઓ સર્વે સ્ત્રીઓએ બન્નેને ખૂબ જ પ્રેમપૂર્વક મળીને સન્માનિત

થઈને ખૂબ જ રાજી થયાં. ॥૬॥ લોકો કહેવા લાગ્યાં કે જે મનુષ્ય શ્રીકૃષ્ણ ભગવાનની રાતદિવસ ભક્તિભાવપૂર્વક એકાગ્ર મનથી નવધા ભક્તિ કરે છે. તેવી માહાત્મ્ય સહિતની ભક્તિથી ભગવાન રાજી થાય છે. તે જ રીતે આ હરિપ્રસાદે (ધર્મદેવે) પણ શ્રીહરિને પ્રસન્ન કર્યા છે. ॥૭॥ અક્ષરના આત્મા સર્વના સ્વામી પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી નરનારાયણ ભગવાન પોતે જ તે ધર્મદેવ ઉપર કૃપા કરીને આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરવા માટે નિર્ણય કરીને ધર્મદેવના હૃદયમાં નિવાસ કરીને વિરાજમાન થયા. ॥૮॥ દેહધારીઓને દુર્લભ એવું તેજ (સ્વરૂપકાન્તિ) મનોહરતા જે આવે છે તે પોતાના અંતઃકરણમાં શ્રીકૃષ્ણ ભગવાનનું ચિંતવન કરીને ધારણ કરે છે તે જ શ્રીકૃષ્ણના સર્વે ગુણોના નિધિ સ્વયં પ્રગટ થાય છે ત્યારે તેનું તેજ વધે છે. ॥૯॥ ધર્મદેવમાં પ્રવેશ કર્યો તેથી તે સર્વ ગુણના નિધિ, સર્વના મનને ભાવનારા, પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિને ભક્તિદેવીએ ધર્મદેવ થકી પોતાના ગર્ભગૃહમાં પોતાના કલ્યાણ માટે તથા સમગ્ર વિશ્વના કલ્યાણ માટે ગ્રહણ કરીને જેમ સૂર્યોદય સમયે પૂર્વદિશા શોભે છે તેમ ભક્તિદેવી શ્રીહરિને ધારણ કરવાથી શોભવા લાગ્યાં. ॥૧૦॥ તે ધર્મદેવ ભક્તિમાતા બન્નેમાં શ્રીહરિ પ્રભુએ વાસ કર્યો ત્યારે ગૃહસ્થ ધર્મના આચરણોનું પાલન કરતા થકા સત્યસ્વરૂપ એવા શ્રીહરિમાં મનને જોડી ને ભગવાનનું ધ્યાન સ્મરણ કરતા થકા પોતાના ઘરમાં આનંદપૂર્વક સુખેથી રહેવા લાગ્યા. ॥૧૧॥ ત્યારે સર્વે અસુરોએ જાણ્યું કે ધર્મની પત્નીમાં શ્રીકૃષ્ણે ગર્ભમાં પ્રવેશ કર્યો છે. એ પ્રમાણે જાણીને તે અસુરોને ખૂબ જ પીડા થવા લાગી. સર્વે મનમાં ત્રાસ પામતા થકા પોતાને સિદ્ધ થયેલી વિંધ્યાવાસીની ચંડી દેવીની પાસે ગયા. ॥૧૨॥ તે દેવી પાસે જઈને તેની આગળ નિર્દય થઈને વારંવાર કુત્સિત કર્મ કરવા લાગ્યા. તેથી તે દેવી તેમની ઉપર ક્રોધાયમાન થઈને લાલનેત્રવાળી થઈને તેમને રોષપૂર્વક કહેવા લાગી. ॥૧૩॥ અલ્યા દુષ્ટો તમે મારું વ્રત કરતા થકા વ્રત ધારણ કરીને મારી પૂજા કરાવવાના નિમિત્તથી કુત્સિત કર્મ અને જીવહિંસા કરો છો તેથી થોડા સમયમાં જ



સર્વ વંશ સહિત તમારા કુળનો નાશ થઈ જશે. ॥૧૪॥ તમારા સર્વનાશ કરવા માટે તથા પોતાના આશ્રિત ભક્તજનોનાં રક્ષણ કરવા માટે ધર્મદેવના પુત્રરૂપે શ્રીહરિ નારાયણ પ્રગટ થવાના છે તે જ તમારો નાશ કરી નાખશે. ॥૧૫॥ આવી રીતે તે ચંડીકા દેવી તે સર્વેને શાપ આપીને મૌન રહી ત્યાર પછી સર્વે અસુરો કાળા મુખવાળા થઈને નમાલા મુખવાળા મલીન આશયથી પૃથ્વી ઉપર ચારે બાજુ ફરવા લાગ્યા. ॥૧૬॥ ત્યાર પછી ધર્મદેવના ઘેર આવીને સર્વ દેવો બ્રહ્મા, ઈન્દ્ર, શંકર આદિ પ્રેમપૂર્વક નિર્દોષભાવથી ગર્ભમાં રહેલા શ્રીહરિની નિર્ગુણ સ્તુતિ કરવા લાગ્યા. ॥૧૭॥ **દેવો બોલ્યા :** હે પ્રભુ આપના નામ તથા લીલાઓ અને આપનાં રૂપોનું અમો કેવી રીતે વર્ણન કરી શકીએ ? જેનું મુનિજનો પ્રાણાયામ, યોગ, ધ્યાનથી મનદ્વારા પણ આપનાં દર્શન કરી શકતા જ નથી. તથા વેદો, આગમો દ્વારા આપની સ્તુતિ કર્યા કરે છે એવા હે મુનિઓના સ્વામી ! હે નારાયણ વાસુદેવ ! અમે આપના શરણમાં આવેલા છીએ તો આપ શરણમાં સ્થાન આપો. ॥૧૮॥ પંચભૂત, દશ ઈન્દ્રિયોના વિકારને વશમાં કરનારા, સત્ય સ્વરૂપ એવા હંમેશા સર્વના સુખ ના હેતુરૂપ એવા હે પરાત્પર ! આપનું અમે ચિંતવન કરીએ છીએ. હે ઈશ ! આપ આ સર્વે બ્રહ્માંડોના કારણરૂપ, તેનાં મૂળરૂપ છો. સર્વથી ઉપર છો. ઈશ્વર, માયા, જીવ તેની શાખાઓ છે એવા આ જગતરૂપી વૃક્ષને આપ પોતાને વિષે ધારણ કરેલા સર્વ જગતમય દેખાવ છો. ॥૧૯॥ સર્વ તત્ત્વનાં ઢાંકણરૂપ એવા આપ સર્વોપરી સર્વના સારરૂપ ઉત્તમ સ્વરૂપ ધારીને રહેનારા સૃષ્ટિ સમયે સૃષ્ટા, પ્રકૃતિના રૂપને ધારણ કરનારા તથા સર્વના અંતરૂપ એવા તથા સર્વના કારણરૂપ તમે એક જ છો એવા દિવ્યસ્વરૂપવાળા, અક્ષરધામના અધિપતિ, સર્વના સ્વામી, એવા આપના અલૌકિક મહિમાને અમે કેવી રીતે વર્ણન કરી શકીએ ? ॥૨૦॥ હે સત્યવ્રતવાળા ! સર્વોપરી જે સ્થાન છે તે જ સત્યરૂપ છે. સર્વે શાસ્ત્રો પણ સત્ય છે. ત્રણે સત્યના સ્વરૂપ જેનાં છે તે જ સત્યમાં રહેલાં છે. સત્ય જ જેનું વર્ણ છે, સત્ય જેની જાતિ છે, ચાલવું,

બોલવું, દર્શન આપવું એ સર્વે જેનું સત્ય છે. પ્રત્યક્ષ દર્શન થાય છે એવા સત્યસ્વરૂપવાળા હે નારાયણ ભગવાન ! અમે આપના શરણમાં આવ્યા છીએ. ।।૨૧।। અનેક પ્રકારના શાસ્ત્રોક્ત મંત્રોથી સર્વ પ્રકારના વિધિવિધાનનું પાલન કરીને આપના ચરણકમળનું પૂજન કરનાર તથા પવિત્રતા, વ્રતો, ઉદારતા, શમતા, આદિ ગુણોના નિધિ એવા આપના સ્વરૂપનો આશ્રય રાખીને નિશ્ચલ ભક્તિ કરનારનું સ્વર્ગાદિના દેવતા હોય કે મુક્તાત્મા હોય તે જો ગર્વ કરીને આપના ભક્તનું અપમાન કે અનાદર કરે છે તો તેને અનેક જન્મના ફેરારૂપ ભવાટવીમાં ભમવું પડે છે. ।।૨૨।। સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, વાયુ, અગ્નિ, જ્ઞાનનું મૂળ, હલનચલન, અનેક પ્રકારના રસો, જાણતા છતાં ન દેખાવું, આઠ પ્રકારના વિકારો તથા હલનચલન, વિપત્તિઓ, ઈન્દ્રિયો, નેત્ર, દિશાઓ, પ્રાણ આકાશ આદિ આ સર્વે જગત આપનાં આત્મારૂપ છે. ।।૨૩।। હે પ્રભુ ! તમારા સ્વરૂપમાં મનોવૃત્તિ જોડીને ભક્તિ કરનારા એકાન્તિક ભક્તો છે તે પોતાના પુત્ર વિગેરેમાંથી વિરક્ત થઈને આપના ચરણકમળમાં ચિત્તવૃત્તિને જોડી રાખીને આપના જન્માદિ અનેક ચરિત્રો રૂપી સાગરમાં અખંડ જોડાયેલા રહે છે, એવા દઢ ભક્તો મૃત્યુના દેવતા યમરાજાના મસ્તક ઉપર પગ મૂકીને દિવ્યધામમાં પહોંચે છે. આપના પ્રતાપથી મૃત્યુને પાર પામે છે એ આપનો પ્રતાપ જ છે. ।।૨૪।। અખિલ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લયના કરનારા સર્વના આત્મા એવા હે શ્રીકૃષ્ણ પ્રભુ ! આપને આ પૃથ્વી ઉપર જન્મ લેવાનો હેતુ તો કેવળ પોતાની ઈચ્છાથી જીવના અંતઃકરણમાં રહેલા કામ ક્રોધાદિ શત્રુઓના નાશ માટે તથા પોતાના સ્વરૂપનો પ્રાદુર્ભાવ તે ભક્તોને ભજન કરવાના હેતુ માટે જ કરો છો. અમે જાણીએ છીએ કે આપ બીજા કોઈના માટે અવતાર ધરતા જ નથી. આપના સાચા સ્વરૂપનું જ્ઞાન તો આપના ભક્તને જ થાય છે. ।।૨૫।। હે પ્રભુ ! આપનો આવો અવતાર દેવોમાં, ઋષિઓમાં, મનુષ્યોમાં તેમજ ધર્મદેવને ત્યાં થયેલા છે માટે હે નારાયણ આવી રીતનાં અદ્‌ભુત લીલાચરિત્રોનું અમે અત્યારે ગાન કરીએ છીએ. ।।૨૬।। હે પ્રભુ ! અમારી



ઉપર ખુબ જ કૃપા કરી તેથી અમે ખૂબ જ રાજી થઈને આપને પ્રણામ કરીએ છીએ. ત્યાર પછી તે **દેવતાઓ ધર્મદેવને કહેવા લાગ્યા** કે તમારાં મહાન ભાગ્ય છે એની તો અમે શું વાત કરીએ. ।।૨૭।। હે ધર્મદેવ ! હે મહાત્મા આપના ઘરમાં શ્રી હરિકૃષ્ણ ભગવાન પ્રગટ થવાના છે ત્યારે જ દેવોના શત્રુ એવા અસુરો દ્વારા જે વિપત્તિઓ ઉત્પન્ન કરેલી છે તેનો તેમના જન્મની સાથે નાશ થવા લાગશે. ।।૨૮।। આવી રીતે તે ત્રણે દેવો, બ્રહ્મા, શંકર, ઈન્દ્ર શ્રીહરિના પ્રાદુર્ભાવની રાહ જોતાં જોતાં શુભ ઘડીના દર્શનની પ્રતિક્ષા કરતા પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા. ।।૨૯।। હે રાજન ! સર્વે લોકોને મોઢે એક જ વાત થવા લાગી કે ભક્તિદેવી આજે માતા દેવકીની માફક ખૂબ જ પવિત્ર શોભાયમાન લાગે છે. આવી રીતે ચર્ચા કરતા થકા ખૂબ જ આશ્ચર્ય પામવાં લાગ્યાં. ।।૩૦।। પોતાની પુત્રી તથા આવનારા પુત્રના સુખ માટે હનુમાનજીનો મનમાં જપ કરવા લાગ્યા. તે જપના પ્રતાપથી ભગવાનની પ્રેરણા અને તેમના પ્રતાપથી ગ્રહો, મહિનાઓ, રાજાઓ સર્વે અનુકૂળ થયા. ।।૩૧।।

**એવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં દેવતાઓએ શ્રીહરિના ગર્ભમાં સ્તુતિ કરી એ નામે સાતમો અધ્યાય થયો. ।।૭।।**

## ।। અધ્યાય - ૮ ।।

**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા** : હે રાજન્ ! શ્રીહરિ ભગવાન આ પૃથ્વી ઉપર જે દિવસે પ્રગટ થયા તે સમયે કાળ પુણ્યદાયક હતો. પવિત્ર વાતાવરણ હતું. વિક્રમ સંવત (૧૮૩૭) અઢારસો સાડત્રીસની સાલમાં ।।૧।। અવરોધ નામના સંવત્સરમાં સૌમ્ય નામના અયનમાં સૂર્ય રહેલો હતો ત્યારે વસંત ઋતુમાં ચૈત્ર માસમાં શુક્લ પક્ષમાં નવમી તિથિના રોજ

॥૨॥ જન્મના સમયનું નક્ષત્ર બ્રહ્મ નામનું હતું. કૌવલ નામનું શુભ કર્ણ હતું. વૃશ્ચિક લગ્ન હતું. મંગલકારી સૂકર્મ નામે યોગ હતો અને શુક્ર મીન રાશિમાં હતો. ચંદ્ર કર્ક રાશિનો હતો. રાહુ રિપુ સ્થલ છઠ્ઠા ભુવનમાં હતો. બુધ પાંચમા સ્થાનમાં, મંગલ ધન નામના બીજા સ્થાનમાં હતો. સૂર્ય પાંચમા સ્થાનમાં હતો. આવા શુભ સમયે પરબ્રહ્મ નારાયણ પ્રગટ થયા. ॥૩-૪॥ સર્વત્ર વ્યાપક એવા ભગવાન શ્રીહરિ માતા ભક્તિના ઉદરથી પ્રગટ થયા ત્યારે જેમ પૂર્વ દિશામાં પૂર્ણિમાનો ચંદ્રમાં ઉદય થઈ સર્વને આનંદ આપનારો થાય છે તે જ રીતે સર્વને હરિ પ્રગટ થવાથી થયો. ॥૫॥ ત્યારે સર્વત્ર પ્રસન્નતા ફેલાઈ ગઈ. આકાશ તારા ગણો સર્વે ખૂબ જ નિર્મળ હતાં. પૃથ્વી ઉપર મંગલમય વાતાવરણ થઈ ગયું હતું. નદીઓના પાણી શુદ્ધ નિર્મળ થઈને વહેતાં હતાં. ॥૬॥ સુંદર કમળો ખીલવાથી શોભાવાળાં જળાશયો શુદ્ધ નિર્મળ જળવાળાં શોભતાં હતાં. નવપલ્લવિત થયેલાં વૃક્ષોથી ભરપૂર જંગલો, વેલીઓ, ફૂલફળથી ખૂબ જ શોભતાં હતાં. ॥૭॥ ત્રણે પ્રકારનાં મધુર વાયુઓ વાતા હતા. અગ્નિહોત્રીઓના કુંડના અગ્નિઓ આપોઆપ સ્વયં પ્રજવલિત થયા હતા અને સંત પુરુષોનાં મનમાં ખૂબ જ પ્રસન્નતા થવા લાગી. ॥૮॥ સ્વર્ગમાં દુદુંભીના નાદો થવા લાગ્યા. દેવતાઓ શ્રીહરિના પ્રાદુર્ભાવથી પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ગંધર્વો સિદ્ધો ભગવાનના કીર્તનો ગાવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. ॥૯॥ સમુદ્રો ભગવાનના પ્રાગટ્યના આનંદમાં મધુસ્વરે ગાજવા લાગ્યો. નેસડાઓમાં ગાયોના આંચળમાંથી જાતે દૂધ ઝરવા લાગ્યાં અને આસુરી જીવો એવા દૈત્યોનાં હૃદયમાં અગ્નિ જલવા લાગ્યો. મન ખિન્ન થઈ ગયાં. ॥૧૦॥ શ્રીહરિ પ્રગટ થયા પછી ધર્મદેવના ઘરમાં ખૂબ જ પ્રકાશ ફેલાઈ ગયો. તેજનાં સમૂહમાં ઊભેલા શ્રીહરિ કરોડો કામદેવને મોહ પમાડે (શરમાવે) એવા મનોહર સ્વરૂપવાળા, શ્યામળા મુખ કમળવાળા. કમળ સમાન મનોહર નેત્રવાળા. દિવ્ય સ્વરૂપે ભગવાનને જોઈ ધર્મદેવ ખૂબ જ આનંદ પામતા હતા. ॥૧૧॥ શ્રીહરિએ મસ્તક ઉપર મનોહર મુકુટને ધારણ



કરેલો હતો. કાન ઉપર મકરાકાર સુંદર કુંડળ શોભી રહ્યાં હતાં. મનોહરહારોને ધારણ કરેલા હતા. અનેક પ્રકારના રત્નોથી જડેલાં કંકણો ધારણ કરેલાં હતાં. પીળાં સોનેરી વસ્ત્રો ધારણ કરેલા, સુંદર લલાટમાં ચાંદલો કરેલા, સુંદર પુષ્પોની માળાઓને ધારણ કરેલાં, પ્રભુદર્શન કરતા હતા. ॥૧૨॥ તેમજ કૌસ્તુભ મણીના આભૂષણો ધારેલા એવા અજન્મા સર્વત્ર વ્યાપક શ્રીનારાયણ ભગવાનને જોઈને તેમની ઓળખાણ થવાથી ઉત્કંઠિત થયેલા મનવાળા ધર્મદેવ પ્રેમપૂર્વક ગળગળા કંઠથી સ્તુતિ કરવા લાગ્યા. ॥૧૩॥ પોતાના આશ્રિત ભક્તોના જન્મમરણના કષ્ટને હરનારા, મંદ હાસ્ય મુખકમળવાળા, અદ્રશ્ય સ્વરૂપવાળા, અખિલ જગતના આદિસ્વરૂપ, સર્વના કારણના પણ કારણ, સર્વશક્તિને ધારણ કરનારા, પ્રકૃતિ પુરુષથી પર એવા સર્વના દુઃખોને હરનારા, આનંદસ્વરૂપ, અનંત સુખોને આપનારા, કલ્યાણનિધિ આપને સર્વ નિયંતા હું જાણું છું. ॥૧૪॥ હે સર્વના આત્મા ! એવા હે પુરુષોત્તમ પ્રભુ ! આપના ચરણકમળની ગુણિજનો પવિત્ર મનથી કાયમ માટે ભક્તિ કર્યા કરે છે. સર્વના જાણનારા, અજ્ઞાનીજનોને નહીં દેખાનારા એવી અલૌકિક લીલાવાળા હોવા છતાં પણ આપને સર્વ જગતના કારણરૂપ મનોહરમૂર્તિ આપના સ્વરૂપનું ધ્યાન કરીને જીવો કાયમ ભજ્યા કરે છે. ॥૧૫॥ મહાતેજાયમાન એવા અલૌકિક, ભય પામેલાને અભયસુખ આપનારા, સર્વે સૃષ્ટિમાં આત્મારૂપે થઈને રહેનારા, સર્વના ઉપકારક આપને કાળમૂર્તિ એવા ભગવાન શંકર પણ આપના સ્વરૂપને જાણી શકતા નથી એવા આપને મુનિજનો, એકાગ્ર ચિત્તથી ધ્યાન કરીને આપના સ્વરૂપને જાણી શકે છે. ॥૧૬॥ એવા હે નારાયણ પ્રભુ ! આપના સ્વરૂપને વિષે પોતાની બુદ્ધિને જોડી રાખે છે, તેઓ નિર્વાસનિક થઈને હંમેશા ભક્તિ કરવામાં જોડાયેલા અને ત્રિવિધ તાપમાં તપતા એવા જીવાત્માઓ ને આપનાં સ્વરૂપના દર્શન થાય છે એવા દુર્લભ મૂર્તિ હે પ્રભુ ! આપ અત્યારે મારા ઘરમાં મને દર્શન આપો છો એ તો મને જે પ્રાપ્તિ થઈ તે તો મારાં મહાન ભાગ્ય જ છે અને આપની પરમ કૃપાનું જ પરિણામ

છે, એ પ્રમાણે હું માનું છું. ||૧૭|| હે ભગવાન ! હું આપને નમસ્કાર કરું છું. આ પૃથ્વી આદિ સર્વના સર્જન કરનાર, પાલન કરનાર, લય કરનાર આપ જ છો. આપે મને જે વૃંદાવનમાં કહેલું તે વચન સત્ય કહ્યું હતું તે આજે મારા ઘેર પ્રગટ થઈને સાચું કર્યું એ પ્રમાણે જાણું છું. આપે સત્ય સ્વરૂપ પ્રગટ કરીને દર્શન આપ્યાં. ||૧૮|| **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા** : ત્યાર પછી ભક્તિમાતા શ્રીહરિ પ્રભુને પોતાના પુત્ર રૂપે પ્રગટ થયેલા જોઈને મહાતેજના પુંજમાં સામે ઊભેલા દિવ્યમૂર્તિ શોભાયમાન સામે તેમની હાથ જોડીને ભાવપૂર્વક સ્તુતિ કરવા લાગ્યાં. ||૧૯|| **શ્રી ભક્તિમાતા બોલ્યાં** : હે ભગવાન ! આપનો જયજયકાર થાવ. આપતો પ્રભુ પૂર્ણકામ, સર્વના મનોરથોને પૂર્ણ કરનારા, રાધાના સ્વામી છો. સર્વે જગતને ધારણ કરનારા છો તથા પોતાના આશ્રિત ભક્તોને સુખ આપનારા, આનંદ આપનારા છો. વેદોમાં કહેલા ધર્મની મર્યાદા પાલન કરવા માટે સ્વરૂપને ધારણ કરીને સ્વસ્વરૂપને ઓળખાવનારા, ભક્તો શત્રુરૂપ અસુર સમૂદાયનો નાશ કરવા માટે આપ અત્યારે પ્રગટ થયા છો. ||૨૦|| સુંદર ખીલેલા કમળ સમાન કોમળ નેત્રવાળા, પૂર્ણિમાના ચંદ્ર સમાન સુંદર મુખ કમળવાળા, સૂર્યની કિરણ સમાન પીળા વસ્ત્ર ધારણ કરેલા, પોતાના એકાન્તિક ભક્તોએ દેવવૃક્ષના ફૂલોની માળાઓ બનાવીને અર્પણ કરી તેને ધારણ કરેલા એવા હે પ્રભુ ! હું આપના શરણમાં આવેલી છું. ||૨૧|| હે પ્રભુ આપ જ્યારે જદુકુળમાં પ્રગટ થયા ત્યારે આપે પોતાના માતાપિતાને દિવ્યસ્વરૂપે પોતાનું દર્શન આપીને વ્રજમાં મૂકવાનો આદેશ આપીને બાળક રૂપે થઈને યશોદાને તથા વ્રજ બાળકોને ગોપીઓને ખૂબ જ ચરિત્રો કરીને આનંદ આપ્યો એવા હે પ્રભુ ! અમને દર્શન આપો છો. ||૨૨|| હે મત્સ્ય અવતારને ધરનારા, હે કૂર્મ અવતારને ધરનારા, નૃસિંહ, વામન સ્વરૂપે, યજ્ઞનારાયણ સ્વરૂપે, રામાવતારને ધારણ કરીને રાવણના વધને કરનારા એવા હે નારાયણ ! આપને નમસ્કાર છે. ||૨૩|| હે શ્રીકૃષ્ણ ! હે બુધાવતારને ધારનારા, હે કલ્કી અવતારને ધરનારા એવા હે નારાયણ મુનિ ભગવાન ! આપ દશે



અવતારોને ધારણ કરી ભક્તોને સુખ આપનારા આપને હું નમસ્કાર કરું છું. ||૨૪|| જેની કૃપાથી નાગરાજ મુક્ત થયો તથા પૌલસ્ત્ય પુત્ર રાવણના બંધનમાંથી જનકપુત્રી સીતાને મુક્ત કર્યા તથા ગોપીઓ, માતા કુંતી, માતાપિતાને દુષ્ટ કંસના બંધનમાંથી આસુરોના ત્રાસમાંથી મુક્ત કર્યા તેમજ મને પણ અસુરોના ત્રાસમાંથી મુક્ત કરવા કૃપા કરો. ||૨૫|| **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! આવી રીતે પોતાના માતાપિતાના મુખથી પ્રાર્થનાના વચનો સાંભળીને શ્રીહરિ ભગવાન તેમની ઉપર પ્રસન્ન થઈને પ્રેમમય મધુર અમૃતવાણીથી બોલ્યા. ||૨૬|| **શ્રી ભગવાન બોલ્યા** : હે માતાપિતા ! આ જગતના પ્રથમ ઉદ્‌ભવ સમયે આદિ સત્યયુગમાં તમે બન્ને ધર્મ અને મૂર્તિ સ્વરૂપી મારાં માતાપિતા હતાં. ત્યારે હું તમારો પુત્ર હતો તે સમયે નર નારાયણ બન્ને સ્વરૂપે તમારા પુત્ર તરીકે અમે હતા. ||૨૭|| હે માતાપિતા ! તમારા પુત્રરૂપે અત્યારે પણ તમારા થકી જન્મ ધરીને ધર્મનું રક્ષણ કરવા અને વૃંદાવનમાં કહેલ વચનને સત્ય કરવા માટે તમારે ત્યાં પુત્ર રૂપે થયો છું. ||૨૮|| હે માતા ! તમારા જ્ઞાનના અનુસંધાન માટે આ મેં તમને સ્વરૂપનાં દર્શન આપ્યાં તે સ્વરૂપનાં સામાન્ય રીતે દર્શન થતાં જ નથી. હું આ તમને જે સ્વરૂપે દર્શન આપું છું એવા દિવ્ય દેહનાં દર્શન તો મનુષ્ય દેહ ધરનારાને ખૂબ જ અપ્રાપ્ય છે. મારી કૃપાથી જ દર્શન થાય છે. ||૨૯|| અમારા સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરીને મને સર્વોપરી માનશે તથા મારા આ સ્વરૂપને વિષે ખૂબ જ પ્રેમભાવથી એકાન્તિકી ભક્તિ કરશે તે. જન જરૂર મારું ધામ જે અક્ષરબ્રહ્મ ધામ તેને પામશે એ પ્રમાણે જાણજો. ||૩૦|| હે રાજન ! એ પ્રમાણે કહીને તે ધર્મભક્તિને દેખતાં જ શ્રીકૃષ્ણ મહાપ્રભુએ દિવ્ય સ્વરૂપમાંથી જ બાલસ્વરૂપે થઈ ગયા. ત્યારે શ્રીહરિનાં આ ચરિત્ર જોઈને ખૂબ જ આશ્ચર્ય પામી ગયાં. ||૩૧|| તે પુત્રના જન્મોત્સવમાં ધર્મદેવ ભક્તિ માતાના ઘેર વૈદિક મંત્રો વડે વાજિંત્રોના ઉદ્‌ઘોષની સાથે જયજયકાર થતો હતો. સાથે સાથે માગધો અને બંદીજનો ભગવાનના ચરિત્રના ગુણોનો મોટા સ્વરે ઉદ્‌ઘોષ કરવા માટે આવેલા

હતા. ॥૩૨॥ ભક્તિ માતાને ત્યાં પુત્રના જન્મના સમાચાર જાણીને નગરની અનેક સ્ત્રીઓ અને પુરુષો સારાં સારાં વસ્ત્રો આભૂષણ કુમકુમને સાથે લઈને જલદીથી ધર્મભક્તિના ઘર પ્રત્યે ખૂબ જ આનંદ પામતા થકાં આવવા લાગ્યાં. ॥૩૩॥ તે સમયે સર્વે ઘરોમાં મંગલ ગીતો ગવાતાં હતાં. પ્રત્યેક ઘરમાં તોરણો બાંધ્યાં હતાં તથા સોનાના પાણીના ઘડાઓ મૂકેલા હતા. સારાં સારાં વસ્ત્ર આભૂષણોને ધારણ કરીને મનુષ્યો ધર્મદેવના ઘેર પુત્ર જન્મોત્સવના આનંદમાં આનંદ પામતાં થકાં આમતેમ ફરતાં હતાં. ॥૩૪॥ તે સમયે મદોન્મત હાથીએ પોતાના ગંડસ્થળમાંથી મદ ઝરતા સારાં આભૂષણોને ધારણ કરાવીને ફરતા થકા તે પોતાની સૂંઢમાં જળ ભરીને રસ્તા ઉપર છાંટતા હતા. બ્રાહ્મણો ચાર વેદના જ્ઞાનવાળા હતા. તેઓ વેદના ધ્વનિ સાથે ભગવાનની સ્તુતિ કરતાં થકા ધર્મપુત્રનું અભિવાદન કરતા હતા. ॥૩૫॥ તે છપૈયાપુરની બ્રાહ્મણની યુવાન સ્ત્રીઓ ભક્તિમાતાને ત્યાં પુત્રનો જન્મ થયાના સમાચાર સાંભળીને પોતાના વાળમાં વેણી બાંધેલી તથા સારાં વસ્ત્ર આભૂષણોને ધારણ કરીને શોભાયમાન થઈને ॥૩૬॥ ભગવાનના જન્મ સંબંધી સમાચારથી આનંદ પામતી થકી મંગલ ગીતોને ગાતી થકી હાથમાં ભેટ સામગ્રી લઈને ઉત્સાહપૂર્વક ધર્મદેવના ઘર પ્રત્યે આવવા લાગી.॥૩૭॥ હે રાજન ! તે સર્વે સ્ત્રીઓ આનંદ પામતી થકી કેટલીક સ્ત્રીઓ સુંદર કુમકુમ લાવી કેટલીક સુંદર હારમાળાઓ લાવી તથા કેટલીક સ્ત્રીઓ જાવંત્રી, ઈલાયચી, લવિંગ આદિ વસ્તુઓ પ્રેમપૂર્વક રાજી થતી લાવતી હતી. ॥૩૮॥ કેટલીક સ્ત્રીઓ શ્રીફળ (નાળિયેર) લાવી, કોઈ સોનાના વાસણ લાવી, કોઈ મુક્તાફળ લાવી, કોઈ અમૃત લાવી, કોઈ કિંમતી ભારે વસ્ત્ર લાવી, કોઈક સ્ત્રીઓ સોપારી પણ લાવી. ॥૩૯॥ હે રાજન્ ! કોઈક સોનાના તારવાળી સુંદર ટોપી લાવ્યાં. કેટલાંક અંગરખા લાવ્યાં. તેમાં કેટલીક સ્ત્રીઓએ બાલસ્વરૂપ એવા શ્રીહરિ ભગવાનને સુંદર આશીર્વાદ આપ્યા. ॥૪૦॥ ત્યાર પછી અતિસંતુષ્ટ થયેલા ધર્મદેવ વેદશાસ્ત્રને અતિશય જાણનારા વિદ્વાન એવા, ધર્મનિયમ પાળનારા, સારા



આચરણવાળા, પોતાના કર્મકાંડમાં દઢતાવાળા ઘણા બ્રાહ્મણોને બોલાવીને ॥૪૧॥ હે રાજન્ ! તે બ્રાહ્મણોને સાથે રાખીને ધર્મદેવે સ્વસ્તિવાચનપૂર્વક વેદોક્ત વિધિપૂર્વક શુભ કર્મ કરાવીને પુત્રના જાતકર્મ સંસ્કાર ખૂબ જ પવિત્રતાથી કર્યા. ॥૪૨॥ ત્યાર પછી વિધિ પૂરો કરીને ધર્મદેવે તે સર્વે કર્મકાંડી બ્રાહ્મણોને ખૂબ જ દાન આપ્યાં, તથા જાતજાતનાં સુંદર વસ્ત્રો દાનમાં આપ્યાં. આભૂષણો આપ્યાં તથા હાથીઘોડાઓને સારી રીતે શણગાર કરાવીને સારાં પદાર્થોના લાડુ ખવડાવીને રાજી કર્યા. ॥૪૩॥ ત્યાર પછી ધર્મદેવે પુત્રના જન્મોત્સવ નિમિત્તે બ્રાહ્મણોને સોનાનાં આભૂષણો સજીને દશહજાર ગાયો દાનમાં આપી. તથા સૂતો, માગધો, બંદીજનો, આદિને દાનો આપીને ખૂબ જ રાજી કર્યા. ॥૪૪॥ હે રાજન્ ! ત્યાર પછી તે બ્રાહ્મણો આદિ સર્વે અતિથિઓ દાન લઈને ખૂબ જ રાજી થતા ધર્મપુત્રને શુભ આશીર્વાદ આપતા થકા પોતપોતાના ઘર પ્રત્યે ગયા. ત્યાર પછી તે ધર્મદેવના ઘેર તથા છપૈયાપુરમાં શ્રીહરિનો પ્રાદુર્ભાવ થવાથી ખૂબ જ આનંદમય વાતાવરણ થઈ ગયું. ॥૪૫॥

**આવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં છપૈયાપુરમાં શ્રીહરિનો જન્મોત્સવ નામનો આઠમો અધ્યાય થયો. ॥૮॥**

## ॥ અધ્યાય - ૯ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** "હે રાજન્ ! હવે અત્યારે શ્રી હરિનાં બાળલીલાનાં ચરિત્રોની કથા તમને સંભળાવું છું. જે કથાને સાંભળીને સર્વે મુનીજનોનાં હૃદયમાં ખૂબ જ શાન્તિ થઈ જાય છે ॥૧॥ પોતાના શત્રુ એવા નારાયણે પૃથ્વી ઉપર જન્મ લઈ લીધો છે. એવા સમાચાર જાણીને રક્તાક્ષ નામના અસુરોનો નાયક કાલીદત્તે શ્રી હરિને મારી નાંખવા માટે

પોતાના કૃત્યારૂપે અસુરોને મોકલ્યા. ॥૨॥ ત્યાર પછી તે આસુરીવૃત્તિરૂપ કૃત્યાઓ એ ખૂબ જ વિકૃતરૂપને ધારણ કર્યું. વીખરાયેલા લાલ વાળવાળી, લાલ વિકૃત આંખોવાળી, વિકરાળ મુખવાળી, કાળી કાજલ જેવા વિચિત્ર રૂપવાળી ॥૩॥ મોટી વિશાળ લાંબા પેટવાળી, લાલ હોઠવાળી, એવી વિકરાળ કૃત્યાઓ ધર્મદેવના ઘર પ્રત્યે આવી ઘરમાં પુત્રની સાથે એકલાં ભક્તિ માતા હતાં એટલે તે કૃત્યાઓને જોઈને ખૂબ જ ભય પામવા લાગ્યાં. ॥૪॥ ભક્તિ માતા તે ક્રૂર કૃત્યાઓને બરાડા ચીસો પાડતી જોઈને ગભરાઈ ગયાં હતાં એટલે જલદીથી ત્યાં આવીને તે ક્રૂર રાક્ષસીઓ બળપૂર્વક ભક્તિમાતાના હાથમાંથી બાળકને બળ કરીને લઈને ભાગી ગઈ ॥૫॥ તે કૃત્યાઓને જોઈને ભયથી ખૂબ જ આકુળવ્યાકુળ થઈ ગયેલાં ભક્તિમાતા બૂમો પાડતાં નેત્રોમાંથી આંસુ વહેવડાવતાં પુત્રના વિયોગમાં શૂન્ય થઈ ગયેલાં હૃદયવાળાં થઈને લોકલાજનો ત્યાગ કરીને તેઓ ખૂબ જ રડવા લાગ્યાં. ॥૬॥ હે રાજન ! ત્યારે ધર્મદેવ એકાદશીના દિવસે જાગરણ કરવા બેઠા હતા તેમણે પુત્રના વિયોગમાં રોતાં ભક્તિમાતાનો અવાજ સાંભળ્યો એટલે ધર્મદેવ જલદીથી ત્યાં આવ્યા અને જોયું ॥૭॥ ધર્મદેવે ભક્તિમાતાને પુત્રના વિયોગમાં રડતાં જોઈને તરત જ પોતાના કુળદેવ હનુમાનજીને સ્મરણ કરીને બોલાવ્યા. હનુમાનજી પ્રસન્ન થઈને ત્યાં આવ્યા અને ભક્તિમાતાને કહેવા લાગ્યા કે હે માતા ! આપને શું ઉપાધી છે ? ત્યારે ધર્મભક્તિએ કૃત્યાઓનું પુત્રને લઈ જવાનું કર્મ સર્વે સંભળાવ્યું એટલે પવનસુત તરત જ ત્યાંથી આકાશ માર્ગે ઉપડયા ॥૮॥ ત્યાર પછી તે કૃત્યાઓ શ્રી હરિને લઈને ગઈ ત્યારે તે કૃત્યાઓ શ્રી હરિના સ્પર્શ કરવાથી અતિશય બળવા લાગી ત્યારે પર બ્રહ્મસ્વરૂપી બાળક શ્રી હરિને પોતાના હાથમાં રાખવા સમર્થ થઈ નહીં ત્યારે તરત જ શ્રીહરિને નીચે મૂકી દીધા ॥૯॥ ત્યાર પછી હનુમાનજીએ તે કૃત્યાઓને પકડીને ખૂબ પીડા આપી. પછી આજીજી ને પ્રાર્થના કરીને શ્રીહરિની દ્રષ્ટિ થવાથી છોડી દીધી તે કૃત્યાઓ ત્યાર પછી કાલીદત્ત પાસે ગઈ તેને જઈને કહ્યું કે અમે તે બાળક રૂપ



હરિને નહીં મારી શકીએ અમને આ કાર્યમાં ક્ષમા આપો ॥૧૦॥ ત્યાર પછી હનુમાનજી તે ઘનશ્યામ પ્રભુને લઈને ધર્મને ઘેર જઈને ભક્તિમાતાને બ્રાહ્મણના રૂપમાં જઈને સોપ્યા ત્યાર પછી શ્રીહરિને વંદન કરીને હનુમાનજી અંતર્ધ્યાન થઈ ગયા ॥૧૧॥ ભક્તિમાતા પોતાના પુત્રને પાછો આવેલ જોઈને ખૂબ જ રાજી થઈ ગયાં અને આશ્ચર્ય પામી ગયાં કે પ્રભુ નિર્ભયતાથી પાછા આવ્યા એટલે ધર્મદેવ આ સર્વે જોઈને સંતોષ પામેલા ભક્તિમાતાને કહેવા લાગ્યા : હે દેવી ! તમારા પૂર્વના પુણ્યના પ્રતાપે પુત્ર પાછો આવ્યો છે એ પ્રમાણે પ્રભુકૃપા જાણો ॥૧૨॥ આવી રીતનાં પુત્રને જોઈને તેમને નીરખીને જોવા લાગ્યાં તેમના કમળ સમાન મનોહર મુખકમળને જોઈને તથા કમળની પાંખડી સમાન લાલવર્ણના અધરોવાળા, મુખમાં નાના દાંતવાળા, મંદહાસ્યમુખવાળા, મસ્તક ઉપર કાળા વાંકડીયા વાળ તથા સુંદર કર્ણવાળા એવા મનોહર મુખકમળવાળા પુત્રને બાલ સ્વરૂપે જોઈને ખૂબ જ આનંદ પામવા લાગ્યાં ॥૧૩॥ ભક્તિમાતા અતિશય પ્રેમથી પોતાના ખોળામાં લઈ લીધા અને પુત્રને સ્તનપાન કરાવવા લાગ્યાં ત્યારે શ્રીહરિનાં મુખ સામુ જોયું ત્યારે તેમને ખૂબ જ આનંદ થયો જે આનંદ બ્રહ્માદિ દેવતાઓને કે તપ કરતા તપસ્વીઓને પણ ક્યારેય નથી મળતો તે આનંદ ભક્તિમાતાએ પુત્રપ્રેમથી મેળવ્યો. ॥૧૪॥ હે રાજન્ ! એક દિવસ તે ધર્મદેવના ઘેર માર્કંડેય નામના તપસ્વી મુનિરાજ, ત્રણે કાળના જ્ઞાનવાળા, તપસ્વીના વેષવાળા પોતાના અનેક શિષ્યોની સાથે લઈને છપૈયાપુરમાં શ્રીહરિના દર્શન માટે પધાર્યા ॥૧૫॥ જ્યોતિષ શાસ્ત્રને જાણનારાઓમાં આગેવાન એવા ગુણવાનોમાં શ્રેષ્ઠ શ્રીહરિના અતિશય પ્રેમવાળા એવા તે મુનિને જોઈને ધર્મદેવ અને ભક્તિમાતા તેમને નમસ્કાર કરીને ખૂબ રાજી થઈ ગયાં અને બોલ્યાં ॥૧૬॥ હે મુનિશ્રેષ્ઠ આપનું સ્વાગત કરીએ છીએ. અમે આપની શું સેવા કરીએ તે આપ જણાવો. આપ અત્યારે ક્યાંથી પધાર્યા ? આપ શિષ્યમંડળની સાથે અમારે ઘેર પધાર્યા તેથી અમારૂં ઘર પાવન થયું. ॥૧૭॥ આપનાં પગલાં અમારા જેવા દુઃખી ગૃહસ્થના ઘેર

કૃપા કરીને પધાર્યા તે તો અમારી ધારણામાં જ ન હતું તે છતાં આપના પધારવાથી અમારા કલ્યાણનું દર્શન કરાવે છે તેથી બીજાના ઘેર આપની પધરામણી થતી નથી તેથી અમેં અમારા શુભ ભવિષ્યને માનીએ છીએ ॥૧૮॥ માર્કંડેય મુનિ બોલ્યા - હે ધર્મદેવ હું અનેક તીર્થસ્થળોમાં ફરતો ફરતો આવ્યો છું. તમારી મિત્રતાની યાદ આવી તેથી આ છપૈયાપુરમાં આવ્યો. અહીં તમારે ઘેર આવ્યા છીએ ત્યારે પ્રેમપૂર્વક તે માર્કંડેય મુનિને ધર્મદેવ કહેવા લાગ્યા ॥૧૯॥ હે ઋષિવર ! અમારા અતિશય પુણ્યના પ્રતાપે ઘણા લાંબા સમયે આપનાં દર્શન થયાં તેથી અમને ખૂબ જ આનંદ થયો. આપ તો વેદોના રહસ્યમય અર્થને જાણનારા છો અને સર્વ વિદ્યાઓના પારંગત છો એટલે વિદ્યાના સાગર જેવા હું આપને જાણું છું. ॥૨૦॥ હે મુનિશ્રેષ્ઠ ! આપના આગમનનું કારણ હું જાણું છું આપ આવ્યા છો તેથી મારા પુત્રનું જન્માક્ષરની સાથે શાસ્ત્રના નિયમ અનુસાર સ્થિર દૃષ્ટિથી વિચાર કરીને જ્યોતિષ શાસ્ત્ર મુજબ મારા પુત્રના નામ કરણસંસ્કાર આપ કરો એવી મારી વિનંતી છે. ॥૨૧॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા** : હે રાજન્ ! આ પ્રમાણે પુત્રના નામકરણ સંસ્કાર કરવા માટેનું સાંભળીને વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા માર્કંડેય મુનિએ સ્વીકાર કરીને ધર્મદેવ ભક્તિમાતાને કહેવા લાગ્યા. ॥૨૨॥ **ઋષિ બોલ્યા** : હે હરિપ્રસાદ ! (ધર્મદેવ) હું જે કહું તેને તમે ધ્યાનથી સાંભળો. આ તમારા પુત્રનું નામ એવું મહાન છે. જે કોઈ આનું નામ સાંભળશે, તે સાંભળવા માત્રમાં જ નિર્ભય બની જાય એવું અદ્‌ભુત નામ છે. ॥૨૩॥ હે ધર્મદેવ ! આ તમારો પુત્ર કાયમ માટે અતિ પ્રસન્ન રહેનારો છે. બોલ્યા પ્રમાણે જ કરવાવાળો, સત્યવાદી અને આ તમારો પુત્ર ખૂબ જ સંતોષી પ્રકૃતિનો થશે. એટલા માટે તે સત્ય આચરણ કરનારો લોકોને સત્યનું પાલન કરાવનારો, અતિશય ઉદાર મનવાળો, ધીરજવાળો અને આના જોવામાત્રથી જ શાન્તિ થઈ ગઈ છે. ॥૨૪॥ હે ધર્મદેવ ! આ તમારો પુત્ર વસંત ઋતુમાં જન્મેલ છે તેથી કામદેવને પણ મોહ પમાડે એવો ખૂબ જ બુદ્ધિશાળી, પ્રભાવશાળી સર્વના મનના ભાવને



જાણનાર રાજાઓના મનને નિર્મળ બનાવી પોતાને વશમાં રાખનાર એવો મહાન આપનો પુત્ર થશે. ॥૨૫॥ સાત્વિક કાર્યોને કરનાર, સર્વને નિયમમાં ચલાવનાર, જગતના સાંસારિક કાર્યોમાંથી વૈરાગ્યવાળા થશે અને સદાચારનું પાલન કરનાર બ્રાહ્મણોની પાસે શુભકર્મો કરાવશે અને ચૈત્ર માસમાં આનો જન્મ થયો છે એટલે ખૂબ જ બળવાન પરાક્રમવાળો થશે. ॥૨૬॥ આ તમારો બાળક ચૈત્ર શુકલ પક્ષમાં જન્મ પામેલ છે, તેથી ધાર્મિક વિચારવાળો, હંમેશા સુશીલ સ્વભાવવાળો, સુંદર સ્વરૂપવાળો, શોભાયમાન થશે. સત્પુરૂષોને સુખ આપનાર થશે. ભગવાનની ભક્તિ કરશે અને બીજાને ભક્તિમાં જોડનાર થશે. ॥૨૭॥ કામવાસનાવાળા મનુષ્યોથી હંમેશ દૂર રહેશે. દુષ્ટમનવાળા અસુરોને કઠોર શિક્ષા કરનાર તથા તપસ્વિજનો તપ કરનાર જીવો ઉપર ઉદાર મનવાળા, તપ પ્રકૃતિવાળા હોવાથી જગતથી ઉદાસ રહેનારા, સંપૂર્ણ જગતનો આધાર આનો જન્મ નવમીના દિવસે છે તેથી આ જગતનો આધાર થશે. ॥૨૮॥ હે ધર્મ, આ તમારો પુત્ર (ઈન્દુ) સોમવારે જન્મ્યો છે. તે ખૂબ જ વિદ્વાન સુખદુઃખમાં સમાન વિચારવાળો, શાંતસ્વભાવવાળો, મનોહર રૂપગુણવાળો, અનંત જીવોને અલૌકિક સુખ આપનારો થશે એને સંસારના બંધનમાંથી મુક્ત કરનાર થશે. મોક્ષ આપનાર થશે. ॥૨૯॥ હે ધર્મ ! આ તમારા બાળકનો જન્મ પુષ્ય નક્ષત્રમાં બળવાન છે. તેથી આ બાળક ખૂબ જ બળવાન થશે. પ્રાણીઓમાં જેમ સિંહ બળવાન છે. તેમ આ પણ મનુષ્યોમાં મહાન થશે એટલા માટે આ તમારો બાળક પ્રસન્ન અંગોવાળા તથા માતાપિતામાં અખંડ ભક્તિભાવવાળો થશે. ॥૩૦॥ આ બાળક સદ્‌બુદ્ધિવાળા મનુષ્યોમાં ભક્તિ કરાવતા થતા લાખો લોકોના સ્વામી બનશે. રથો, ઘોડાઓ ઉપર તથા પાલખીઓમાં ફરનારા થશે અને આ બાળક હરિ એવા નામથી જ ઓળખાશે અને પોતાના આશ્રિત ભક્તોના દુઃખો, ચિંતાઓને હરનારા થશે. એવા મહાન આ બાળક થશે. ॥૩૧॥ હે ધર્મદેવ ! આ તમારા પુત્રના જન્મ સમયે સુકર્મા નામનો યોગ હતો તેથી આ બાળક બધી યોગકળાઓમાં

હોંશિયાર થશે કાયમ માટે ઉત્સાહવાળા પોતાના કાર્યોમાં જોડાયેલા રહેશે. પરોપકારી વૃત્તિવાળા આ તમારા પુત્ર મહાન થશે. ॥૩૨॥ "કૌલવ" નામના કરણમાં આ બાળકનો જન્મ થયો છે, એટલે બધા લોકોમાં પ્રિય અને માનપાનવાળો થશે. અનેક જીવો માનનારા થશે. આ તમારો પુત્ર સ્વતંત્ર વિચારવાળો સર્વનો (ઈશ) નિયંતા થશે. ખૂબ જ બળવાન થશે. મધુરવાણી બોલનાર મહાન થશે. ॥૩૩॥ આ તમારો બાળક રાજાઓમાં માનિતો થશે અને તેમની પાસે યજ્ઞો, મહોત્સવો અને દેવમંદિરો બનાવરાવશે તેનો વિકાસ વ્યવહાર કરાવશે. સર્વ સેનાના નાયક નેતા સંતોને આનંદ આપનાર, મહાન પ્રભાવશાળી થશે, દુષ્ટો વૈરીજનોને જીતી ને પોતાનો વિજય કરનારા થશે. ॥૩૪॥ હે ધર્મદેવ ! આ તમારો પુત્ર પોતાના ઐશ્વર્ય પ્રતાપથી ધર્મથી પડેલા પાપી જીવાત્માનો ઉદ્ધાર કરનાર, મદઝરતા હાથીની જેમ પોતાના પરાક્રમથી શોભાયમાન થઈને વિચરનારા થશે. પોતાના ગુણોથી સમગ્ર કાર્યોને કરતા થકા મોટા સમુદાયોને ખૂબ ધામધૂમથી આનંદ પમાડતા થકા સુખ આપનારા બહુ મોટા થશે ॥૩૫॥ મનુષ્યોના પાપને હરનારા તથા જીવોના મનને પોતાના સ્વરૂપમાં ખેંચીને જોડનારા થશે તેથી તેમને કૃષ્ણ એવા નામથી બોલાવશે તથા તેમનામાં જીવોના મનને હરવાના ગુણ છે. બન્ને ગુણને ભેગા કરીને લોકો "હરિકૃષ્ણ" એવા નામથી પણ બોલાવે એવા થશે. ॥૩૬॥ મેઘસમાન શ્યામ આકૃતિવાળા હોવાથી ઘનશ્યામ એવા નામથી બોલાવશે, કામદેવને વશમાં કરીને ઉર્ધ્વ રેતા રહેવાથી નીલકંઠ, એવા નામથી પણ કેટલાક વખત કહેશે. ॥૩૭॥ આમના ચરણના તળમાં વજ્ર, અંકુશ, કેતુ, પદમ, આદિ ચિન્હ છે તેથી આ બાળક જગતમાં મુનિના નામથી પ્રસિદ્ધ થઈને નારાયણ નામથી પ્રસિદ્ધિ પામશે. ॥૩૮॥ આ બાળક અક્ષરધામના નિવાસી પરબ્રહ્મ પુરૂષોત્તમ પોતાના ધામમાં રહેનારા હોવા છતાં પણ જ્યારે પૃથ્વી ઉપર ધર્મનો નાશ થાય છે, અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે પોતે અવતારને ધારણ કરે છે પોતે જ સ્વયં સ્વરૂપ ધારણ કરે છે ॥૩૯॥ જે લોકો આ



સ્વરૂપને વિષે પોતાના મનને પ્રેમપૂર્વક જોડીને એમના સ્વરૂપમાં પોતાના મનને જોડી દે છે, ભક્તિ કરે છે તે જીવાત્માને આશ્રીહરિ પોતાના દિવ્ય ધામમાં નિર્ગુણ દિવ્ય સ્વરૂપ આપીને પોતાની સેવામાં અખંડ રાખે છે. ॥૪૦॥ હે ધર્મદેવ ! તમે બન્ને શ્રદ્ધાપૂર્વક આ તમારા પુત્ર સાક્ષાત નારાયણ, વાસુદેવ છે તેથી તેમને વિષે મનથી પ્રીતિ કરીને ભક્તિ કરો તેથી તમો આલોકમાં જ્યાં સુધી રહો ત્યાં સુધી સુખી રહેશો અને દેહ છૂટ્યા પછી દિવ્ય અક્ષર ધામમાં દિવ્ય દેહે જઈ શકશો અને અનંત સુખ પામશો ॥૪૧॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** હે રાજન્ ! તે માર્કંડેય મુનિ ધર્મદેવ અને ભક્તિમાતાને આવી રીતે કહીને શ્રી ઘનશ્યામ પ્રભુનું માહાત્મ્ય સમજાવીને પોતે શ્રી હરિમાં મન જોડીને ધર્મદેવે આપેલી ભેટ દક્ષિણા સ્વીકારીને પોતાના શિષ્ય મંડળની સાથે સંતોષ પામતા થકા પોતાના માર્ગે ચાલતા થયા ॥૪૨॥

**એ પ્રમાણે શ્રી ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ મુનિ રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિ લીલા સુધાકરમાં નામકરણ સંસ્કાર નામનો નવમો અધ્યાય થયો. ॥૯॥**

## ॥ અધ્યાય - ૧૦ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** હે રાજન્ ! ધર્મદેવના પુત્ર શ્રી હરિ ઘનશ્યામ પ્રભુના દિવ્ય બાલચરિત્રની લીલાની કથા હું તમને કહું છું તમે ધ્યાનથી સાંભળો. તે કથા મહાપુણ્ય આપનારી છે તેને સાંભળો ॥૧॥ એક દિવસ શ્રી ઘનશ્યામ મહાપ્રભુ પોતાના બાળચારિત્રો વડે માતાપિતાને મોહ પમાડતા થકા પોતાના માહાત્મ્યનું લોકોને સુખ આપવા માટે લીલા કરતા હતા. ॥૨॥ એક વખત ભક્તિમાતા પોતાના પુત્રને પ્રેમપૂર્વક આનંદ આપતાં થકાં ખોળામાં સુવરાવીને મુખ ઉપર ચુંબન લઈને શ્રી હરિકૃષ્ણ પ્રભુને સ્તનપાન કરાવવા મુખમાં સ્તન આપતાં હતાં. ॥૩॥ સ્તનપાન

કરાવીને તૃપ્ત થયેલા શ્રી હરિને જોઈને નિદ્રા પામેલા મુખ ઉપર જોઈને તેમને સુંદર સોનાના શોભાયમાન પારણામાં શ્રી હરિને સુવરાવી દીધા ॥૪॥ સોનાના પારણામાં સ્ફટિકમણીઓ જડેલાં હતાં તથા વૈદૂર્યમણીઓથી ખૂબ જ શોભાવાળું તે પારણું તેમાં શ્રી પ્રભુને સુવરાવીને રેશમની દોર હાથમાં લઈને હીંચોળવા લાગ્યાં હતાં ॥૫॥ પારણામાં ઝુલાવતાં ઝુલાવતાં માતા ફરીને કાંઈ જોતાં હતાં એટલામાં શ્રી હરિ રોવા લાગ્યા ત્યારે માતા ભક્તિદેવી હાથમાં ઘૂઘરાના નાદ કરવા લાગ્યાં અને મધુર કંઠે ગીતો ગાવા લાગ્યાં ॥૬॥ કોઈક સમયે ઘનશ્યામ મહારાજ રમતા હતા ત્યારે રોવાથી કંઠ ભરાઈ ગયો અને અશ્રુઓના રેલા મુખ ઉપર ઉતરેલા એવા મનોહર મુખકમળને જોઈને ધર્મદેવ આશ્ચર્ય પામી ગયા. તેમને ખૂબ જ આનંદ થઈ ગયો ॥૭॥ હે રાજન ! જેમની કૃપાને પ્રાપ્ત કરવા માટે બ્રહ્મા, શંકર રૂદ્ર આદિ મુખ્ય દેવો જંખ્યા કરે છે પણ એવી કૃપા પામી શકતા નથી. પરંતુ શ્રી નીલકંઠ પ્રભુના આવા અદ્‌ભુત ચરિત્રને ભક્તિમાતા અને ધર્મદેવ પ્રેમલક્ષણાભક્તિથી બન્ને એ સુખને પામે છે. ॥૮॥ હે રાજન ! જ્યારે ભક્તિ માતાને ઘરનું કામકાજ કરવાનું બાકી હતું ત્યારે ઘનશ્યામ પ્રભુને પૃથ્વી ઉપર સુવરાવીને કામ કરવામાં વ્યસ્ત હતાં ત્યારે પુત્ર ઘનશ્યામને અગ્નિજળથી રક્ષણ કરવામાં અસમર્થ થતાં છતાં તેનાથી બચાવી નોતાં શકતાં ॥૯॥ તે મહાનુભાવ ધર્મદેવના પુત્ર કાયમ માટે પ્રસન્નમુખ કમળ જેમનું છે, એવા ઘનશ્યામ પ્રભુના નેત્રમાં કાજળ ભરેલું છે એવા નેત્ર જોઈને ભક્તિમાતા ઘરનું કામકાજ પડતું મેલીને મુખ જોવા લાગ્યાં. ત્યારે બીજાું કામ ભૂલી ગયા. ॥૧૦॥ ધર્મપુત્ર શ્રી હરિ પોતાની પાસે નકલી કબૂતર, મોર, પોપટ, હંસ વિગેરે પક્ષીઓને પોતાની પાસે બેઠેલા જોઈને શ્રી ઘનશ્યામ ખૂબ જ આનંદ પામતા હતા ॥૧૧॥ શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના હાથમાંથી ઘૂઘરો પડી ગયો ત્યારે ઢીંચણ રગડતા થકા લેવા ગયા પણ તે ઘૂઘરો મોટા ભાઈ પાસે ગયો હતો તે લેવા રગડતા રગડતા મોટાભાઈ પાસે ગયા ત્યારે તેમને ખીજાયેલા જોયા ॥૧૨॥ ત્યારે તે શ્રી હરિ ઘનશ્યામની



મુખાકૃતિ નેત્રમાં આંસું લાવીને ભય પામેલા છે એને શું ! એવી રીતે એકદમ પાછા વળીને માતાના ખોળામાં જઈને લપાઈ ગયા ॥૧૩॥ ત્યારે પુત્રને પોતાના ખોળામાં લપાયેલા જોઈને માતા તેમને પોતાની છાતી સાથે દબાવીને તેમને આશ્વાસન આપવા લાગ્યાં. પોતાને પુત્ર ઉપર ખૂબ જ સ્નેહને લીધે તુરત જ માતાજીને સમાધિ થઈ ગઈ. એમણે સમાધિમાં ગોલોક ધામનાં દર્શન કર્યાં. ॥૧૪॥ જે ધામ અનંત કોટિ સૂર્યની જેવી શંકા થતી હોય એવી શોભાવાળું, અતિ તેજોમય સોનાના કીલામાં મણીરત્નો જડેલા બ્રહ્મપુરધામના ઉંચા કીલાવાળું, તથા સ્ફટિક મણીઓના દરવાજા પણ ઉંચા ઉંચા હતા. ॥૧૫॥ અનેક ઉપવનોની શોભાવાળું, અનેક પક્ષીઓની અને ફૂલનાં વૃક્ષોની શોભાવાળું જેવાં કે મંદાર, કલ્પ વૃક્ષોથી શોભાયમાન અતિ તેજોમય એવું ॥૧૬॥ તે તેજના મધ્યમાં રહેલ અક્ષરધામ જોયું. તે ધામમાં મોટું દિવ્ય સિંહાસન જોયું. તેમાં અનેક મુક્તાફળો, મણીઓના થાંભલાવાળું, ને કરોડો સૂર્યના તેજથી અધિક તેજવાળું તે સિંહાસન જોયું. ॥૧૭॥ તે સિંહાસનમાં બિરાજમાન શ્રી વાસુદેવ નારાયણ ભગવાનને જોયા. તે પણ અનંત મુક્તનાં સમુહોથી ચારે બાજુ ઘેરાયેલા, ગોવાળો અને ગોપીઓથી પૂજાયેલા શ્રી કૃષ્ણ ભગવાનને વેણુ હાથમાં ધારણ કરેલા દર્શન કર્યા ॥૧૮॥ કિશોર અવસ્થાવાળા સંતપુરૂષોને, સજ્જનોને, સુખ આપનારા, સર્વેના સ્વામી એવા ઘનશ્યામપ્રભુએ મસ્તક ઉપર મુકટને ધારણ કરેલા, કંઠમાં હારોને ધારણ કરેલા, હાથમાં કડાં કંકણને ધારણ કરેલા, તથા નંદ, સુનંદ આદિ પાર્ષદ ભક્તજનોથી અર્ચન પૂજન કરાયેલા, લક્ષ્મીના સ્વામી, સર્વેયજ્ઞોના સ્વામી (યજ્ઞનારાયણ) સર્વે ચરાચર જગતના નિયંતા સર્વોપરી શ્રી હરિને જોયા ॥૧૯॥ આવી રીતે શ્રી નારાયણ ભગવાનના દર્શન કર્યાં તેના આનંદમાં મગ્ન મસ્ત થયા ત્યારે તુરત જ ફરીથી આલોકમાં પોતાના પુત્રરૂપે બાલસ્વરૂપે ઘનશ્યામને જોઈને માતા ભક્તિદેવી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. અને કહેવા લાગ્યાં કે મને આ શું અનુભવ થાય છે ! આ કાંઈ દેવની માયા જેવું લાગે છે. ॥૨૦॥ કે શું

મારી બુદ્ધિમાં કાંઈ ભ્રાંતિ જેવું થયું હશે કે શું ? આ ઘનશ્યામની લીલા હશે ! એવું નક્કી કરીને ત્યાર પછી સાધ્વી એવાં માતા ભક્તિદેવી પોતાના પુત્રને હૃદયસરસા ચાંપીને ખૂબ આનંદ પામવા લાગ્યાં. ॥૨૧॥ હે રાજન્ ! એક દિવસ ભક્તિમાતા, ધર્મપિતા આનંદ કરતાં થકાં પોતાના પુત્રને ત્રણ વસ્તુઓ બતાવતા હતા ॥૨૨॥ સોનાનો સિક્કો, તલવાર અને, પુસ્તક, આ ત્રણે વસ્તુઓ જોઈને શ્રી ઘનશ્યામ પ્રભુ તો ખૂબ જ આનંદ પામતા થકા પોતાની રૂચિને જણાવવા માટે શાસ્ત્રના ગુટકાને ઉપાડીને પોતાની શાસ્ત્રમાં નિષ્ઠા પ્રગટ કરી બતાવી ॥૨૩॥ એક દિવસ ઘી અને સાકરમાં કોઈ મિષ્ઠ પદાર્થ બનાવીને ભક્તિમાતાએ પ્રેમથી શ્રી ઘનશ્યામ પ્રભુને જમાડીને ખૂબ જ મનમાં (આનંદ પામવા લાગ્યાં) પ્રસન્ન થઈ ગયાં. ॥૨૪॥ બાળક ઘનશ્યામના જન્મનક્ષત્ર આવ્યું ત્યારે તેમના સર્વ સંબંધિઓ અને ઘણા બધા બ્રાહ્મણો ધર્મદેવના ઘેર આવ્યા. ॥૨૫॥ પોતાના પુત્રના અભ્યુદય માટે ધર્મદેવે ખૂબ રાજી થઈને ભાવપૂર્વક સારાં લાડુનાં ભોજનો બનાવીને આદરપૂર્વક આગ્રહ કરીને ખૂબ જમાડ્યા અને ત્યાર પછી તે બ્રાહ્મણોની પૂજા કરી સારી એવી દક્ષિણાઓ આપીને તૃપ્ત કરી દીધા. ॥૨૬॥ હે રાજન ! ત્યાર પછી સર્વે આવેલા મનુષ્યો ધર્મદેવના પુત્ર શ્રી હરિના લાલ કમળ જેવા શોભાયમાન ચરણ જોઈને તેના તળમાં જુદાં જુદાં સોળ ચિન્હો જોઈને ખીલેલા કમળ સમાન મનોહર ચરણના વારંવાર દર્શન કરવા લાગ્યાં. અને ખૂબ જ આનંદપૂર્વક પ્રસન્ન મનવાળા ધર્મદેવને કહેવા લાગ્યાં. ॥૨૭॥ હે ધર્મદેવ ! આ આપના પુત્ર લોકોમાં ખૂબ જ પ્રસિદ્ધિને પામશે અને અનેક મનુષ્યોને સુખ આપનારા થશે. જન્મમરણના ભયથી મુક્ત કરનારા થશે. અર્થાત જીવોનાં કલ્યાણ કરનારા આ જ છે. કેમ કે અમે એમના ચરણ કમળના તળમાં એક આશ્ચર્ય જોયું તેથી તે મહાન ભાગ્યશાળી છે. એ પ્રમાણે બતાવે છે. અનેકના ભાગ્યનો ઉદય કરનારા આ તમારા પુત્ર થશે. ॥૨૮॥ જેમનું મુખ કમળ એવું સુંદર છે જાણે પૂર્ણિમાનો ચંદ્ર હોય ને શું એવા મુખારવિંદને જોઈને તથા તેમના નેત્રકમળ ખૂબ જ સુંદર છે. એમના



હસ્તકમળ ખૂબ જ સુંદર છે. એમનો કંઠ ભાગ સુંદર શંખ સમાન છે. એમની બાળકુમાર લીલાઓ ખૂબ જ મનોહર અને રમણીય છે. તમારાં તો મહાન ભાગ્ય છે. આ તમારા પુત્રનું લાલનપાલન કરી રહ્યા એ જ મહાન ભાગ્ય છે. ॥૨૯॥ ત્યાર પછી એક વખત મુનિઓ અને દેવતાઓ ગુપ્ત સ્વરૂપે અવ્યક્તરૂપે છપૈયાપુરમાં ધર્મદેવના ઘર પ્રત્યે આવ્યા ત્યાં ઘરને નમન કરવા લાગ્યા. ॥૩૦॥ તેમણે ત્યાં આવીને ધર્મદેવના ઘેર દિવ્ય પ્રકૃતિના અદ્‌ભુત બાળકને જોઈને સાક્ષાત્ નારાયણના દર્શન કરાવ્યા ત્યારે તે સર્વદેવો ગદગદ કંઠથી અસ્પષ્ટ ઉચ્ચારો વડે શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. ॥૩૧॥ **દેવો બોલ્યા** : હે શ્રીકૃષ્ણ ! આપ ધર્મદેવને ત્યાં ભક્તિ માતાના પુત્રરૂપે થઈને સ્વસ્વરૂપનું સુખ આપો છો. સંતપુરુષોથી સેવા પામેલા, ભક્તજીવોના પરમભાગ્યરૂપ એવા માયાળુ મનુષ્યોની ભક્તિ રૂપ પ્રેમ બંધનમાં બંધાયેલા, મનુષ્યોના આત્મા એવા આપ હે નારાયણ ! હે વાસુદેવ ! આપને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૩૨॥ જેના ચરણકમળને પ્રાપ્ત કરવા માટે અનેક જન્મ સુધી તપ કરવા છતાં પ્રાપ્ત નથી થતા. યોગીઓને ઘણાકાળ સુધી તપ કરવા છતાં તે ચરણની રજ પ્રાપ્ત નથી થતી. એવા આપ અમને દર્શન આપી રહ્યા છો. આપ આ છપૈયાપુરમાં નિવાસ કરીને રહ્યા છો તેથી એમના ભાગ્યની તે શું વાત કરીએ ! મહાનભાગ્ય જ છે. ॥૩૩॥ **શ્રી મુનિઓ બોલ્યા** : હે હરિ ! આમ આ પૃથ્વી ઉપર અવતાર ધરીને ધર્મદેવના ઘેર નિવાસ કરીને રહ્યા છો એવા સાક્ષાત્ પરાત્પર પરમાત્મા, સર્વના નિયંતા, અનંત ધામના ધામી એવા આપના દર્શન કરીને અમારા અનેક જન્મનાં પુણ્યરૂપ વિદ્યા, જપ, તપ, સમાધિ આદિ જે કર્યાં તેનું ફળ આજે અત્યારે ધર્મદેવના ઘેર પ્રાપ્ત થયું જે આપના દર્શન થયાં તેથી અમારા બધાં જ દુઃખો નાશ પામી ગયાં. ॥૩૪॥ હે પ્રભુ ! આપ અખિલ જગતના ગુરુ છો. આપનું આ દિવ્ય બાળસ્વરૂપનું ધ્યાન કરીને મુનિજનો દર્શન કરવાના પ્રયત્ન કરે છે તે સ્વરૂપને મુનિજનો અત્યારે જુવે છે જોઈને અમારાં મહાન ભાગ્ય ઉઘડી

ગયાં. અમે મહાન ભાગ્યવાળા છીએ. આપ હે કૃપાળુ ! પ્રેમપૂર્વક આપના ચરણકમળનું કાયમ દર્શન કરીને તેનું ભજન કરીએ એવી અમારી ઉપર કૃપા કરો. ॥૩૫॥ હે હરિ ! આપ કરૂણામય દષ્ટિવાળા છો તેથી અમારાં મહાન ભાગ્ય છે. અમારાં પુન્યનો પાર નથી જેથી આપનાં દર્શન થયાં હે પ્રભુ ! આપનાં બાલચરિત્રની કથા જે કોઈ એકાગ્રતાથી સાંભળશે, ગાશે, સ્મરણ કરશે તે શ્રોતા જીવ કાયમ આત્મ સુખને પામશે. એવા સુખને આપનારા હે હરિ ! અમારા ઉપર આપ કૃપા દષ્ટિ કરો. ॥૩૬॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા** : હે રાજન્ ! સર્વ દેવો અને મુનિઓ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનાં દર્શન સ્તુતિ કરીને તૃપ્ત થઈને પોતપોતાના સ્થાન પ્રત્યે અંતર્ધ્યાન થઈ ગયા ત્યાર પછી શ્રી ઘનશ્યામ પ્રભુ ધર્મદેવના ઘરમાં અન્ય ચરિત્રો કરતા થકા રહેવા લાગ્યા સુખ આપવા લાગ્યા ॥૩૭॥

**એ પ્રમાણે શ્રી ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ મુનિ રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિ લીલા સુધા કરમાં શ્રી હરિકૃષ્ણ લીલાચરિત્ર નામનો દશમો અધ્યાય થયો. ॥૧૦॥**

## ॥ અધ્યાય - ૧૧ ॥

**રાજા બોલ્યા** : હે સ્વામી ! શ્રી હરિ ઘનશ્યામ પ્રભુના બાલચરિત્રોની લીલા અદ્‌ભુત છે. તે સાંભળવાથી મનને ખૂબ જ સુખ મળે છે તેથી બીજાં પણ જે ચરિત્રો હોય તે મને સંભળાવવા કૃપા કરો કેમ કે આ ચરિત્રોથી જીવનાં સર્વે પાપોનો નાશ થઈ જાય છે. ॥૧॥ હે બ્રહ્મમુનિ ! આ ઘનશ્યામ પ્રભુના ચરિત્રો આપના મુખેથી સાંભળવામાં ક્યારેય તૃપ્તિ થાય તેમ નથી. તેથી સ્વામી મારી ઉપર કૃપા કરીને બીજા વધારે વિસ્તાર કરીને જે ચરિત્રો હોય તે કહેવાનો આગ્રહ કરૂં છું તેથી કહો ॥૨॥ **શ્રી**



**બ્રહ્માનંદ સ્વામી બોલ્યા** : હે રાજન ! ભગવાન શ્રી હરિનાં બાલચરિત્રની કથા ભાવપૂર્વક શ્રદ્ધાથી જે કોઈ સાંભળે છે તેને સુખ થાય છે એવી મહાપુણ્ય આપનારી સદાય સુખ કરનારી કથા હું તમને સંભળાવું છું તે તમે ધ્યાન રાખીને સાંભળો ॥૩॥ આકાશમાં પ્રતિદિન ચંદ્ર વધે છે તેમ શ્રી ઘનશ્યામપ્રભુ પણ દિન પ્રતિદિન વધવા લાગ્યા. આ મેઘ વધે તેમ વધવા લાગ્યા તે શ્રી હરિકૃષ્ણ પ્રભુ પોતાની કાલીઘેલી મધુરવાણીથી પોતાના સંબંધિજનોનાં મનને ખેંચવા લાગ્યા તથા મધુર વચનોથી આનંદ આપવા લાગ્યા ॥૪॥ હે રાજન્ ! બાલસ્વરૂપ પોતાના માતાપિતાને આનંદ આપતાથકા જ્યારે આ પૃથ્વી ઉપર ચાલવાની ઈચ્છા કરે છે ત્યારે ઉભા થઈ શકતા નથી અને પડી જાય છે ઘણા પ્રયત્ને ઊઠીને ધીરે ધીરે પૃથ્વી ઉપર ચાલે છે અને તુરત જ પડી જાય છે. આવી રીતની લીલા કરે છે ॥૫॥ શ્રી હરિ ઘનશ્યામપ્રભુ પોતાના ઘરમાં રમતા થકા ઘરની બહાર જવા માટે ડેલી ઉપર (દરવાજો) પગ મૂકીને બહાર જવાનો પ્રયત્ન કરે છે, પણ નીચે પડી જાય છે. હરિ ઉભા થઈને ફરી પોતાના પગે ઉભા રહેવા વારંવાર પ્રયત્ન કરે છે. આવી રીતે સર્વજનોને આનંદ આપતા હતા ॥૬॥ આવી રીતે શ્રીહરિ ભગવાને અનેક પ્રકારનાં બાલચરિત્રો કર્યાં છે તે ચરિત્રો દ્વારા પોતાના સંબંધીઓને ખૂબ જ આનંદ આપેલો, તે આનંદ આપનારાં ચરિત્રો ગાવા માટે બ્રહ્માદિ દેવો પણ સમર્થ થઈ શકતા નથી. એવાં અદ્‌ભુત ચરિત્રોને વિસ્તારતા થકા શ્રીહરિ શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના ઘરની અંદર જ રમતા થકા સુખ આપતા હતા ॥૭॥ ત્યાં એક દિવસ ઘનશ્યામ પ્રભુના મોટાભાઈના વિવાહ-સંસ્કારનો મંગળમય સમય આવ્યો. તે વિવાહ સંસ્કારમાં સુવાસિની નામની કન્યાની સાથે મંગળમય વિધિ પ્રમાણે પાણિગ્રહણવિધિ ખૂબ જ ધામધૂમથી કરતા હતા. ॥૮॥ હે રાજન ! તે સુવાસિની ધર્મદેવના મોટા પુત્ર રામપ્રતાપજીનાં પત્ની સ્વભાવ ગુણ પ્રમાણે શાંત, કોમળ નયના, પતિવ્રતા, સુશીલ, સારા ગુણોવાળા, પ્રેમપૂર્વક પતિની સેવા કરવા લાગ્યાં. ॥૯॥ ત્યાર પછી તે રામ પ્રતાપના નાનાભાઈ

ઘનશ્યામને જન્મને બે વર્ષ પૂરા થયાં ત્યારે ત્રીજા વર્ષમાં આવતાં જ ધર્મદેવ પિતા મોટો ઉત્સવ કરતા હતા. ।।૧૦।। હે રાજન ! ત્યારે તે સમારંભમાં વ્યાસ નામના ઋષિ તથા માર્કંડેય આદિ ઋષિઓ તથા શૌનક આદિ ઋષિઓ પણ તે ઉત્સવમાં આવ્યા તે ધર્મદેવના આંગણે મોટો સંતજનોનો સમુદાય ભેગા થયો છે. ।।૧૧।। તે ઉત્સવમાં બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને અન્ય સર્વ સંબંધિઓ પણ આવ્યા. તે સર્વેને ધર્મદેવ ધર્મમર્યાદા પ્રમાણે યથા યોગ્ય વિધિ અને ભાવનાથી પૂજન કરતા થકા તેમનું સન્માન કરતા હતા ।।૧૨।। ત્યાર પછી ધર્મદેવ વિદ્વાન બ્રાહ્મણો પાસે સ્વસ્તિ વાચન કરાવીને શ્રીહરિ ઘનશ્યામ બાળ પ્રભુની વૈદિક મંત્રોક્ત વિધિથી ચૌલ સંસ્કાર વિધિ ખૂબ જ ધામધૂમથી કરાવતા હતા ।।૧૩।। ત્યાર પછી ધર્મદેવે સર્વે બ્રાહ્મણોને સારાં પદાર્થોનું ખૂબ જ ભોજન કરાવીને તેઓને જુદાં જુદાં ખૂબ દાનો પ્રેમથી આપ્યાં અને બીજા પોતાના સર્વ સંબંધિઓને ખૂબ જ ભોજનો કરાવ્યાં ।।૧૪।। તે સમયે ભક્તિમાતા ઉત્સવમાં આવેલાં સંબંધિ સ્ત્રીઓનું, પુરૂષોનું તેમની પત્નિઓનું સ્વાગત સરભરા કરવા પોતાના પુત્ર ઘનશ્યામ શ્રીહરિને રમાડવા બીજા બાળકોને આપીને જલદીથી બીજા કામોમાં જોડાઈ ગયાં. એકાગ્રતાથી કામ કરવા લાગ્યાં ।।૧૫।। ભક્તિમાતા બીજા કામમાં લાગી જવાથી પોતાનો પુત્ર બીજાને રમાડવા આપ્યો છે એની વાત ભૂલી જવાથી તે બાળકો શ્રી ઘનશ્યામ પ્રભુને લઈને નગરથી બહાર ચાલ્યા ગયાં. નજીકમાં રહેલી આંબાવાડિયામાં ગયાં. તે વાડી સુંદર કારીગરીપૂર્વક વૃક્ષોના સમુહોથી ખૂબ જ મનોહર શોભાવાળી હતી. ।।૧૬।। તે વાડી જાતજાતનાં ઝાડોથી ભરચક શોભાવાળી હતી. તે વાડીની મનોહરતા જોઈને બાળકો શ્રીહરિને લઈને ત્યાં જઈને ખૂબ જ આનંદ પામતાં થકાં શ્રી હરિની સાથે સર્વે બાળકો રમતો રમવા લાગી ગયાં ।।૧૭।। તે સર્વે બાળકો ત્યાં રમતાં હતાં તે જ સમયે શ્રીહરિનો દ્વેશી અસુર એવો કાળીદત્ત ત્યાં આવ્યો અને ત્યાં બાળકોની સાથે બાળક થઈને બૂરી દાનતથી રમવા લાગ્યો ।।૧૮।। તે દુષ્ટ શ્રી હરિ ઘનશ્યામ પ્રભુને મારવા માટેના ભાવથી તેની પ્રતિક્ષા



કરતો થકો તે લાલ નેત્રવાળો કાળીદત્ત માયાવી પ્રકૃતિનો, પૂર્વના વૈરનું સ્મરણ કરતો થકો રમતો હતો ।।૧૯।। જ્યારે માયાવી કાળીદત્તે પોતાની આસુરી માયાથી સૂર્યાસ્ત જેવું વાતાવરણ કરીને (સાધારણ ભાંભરૂ વાતાવરણ કરીને) પોતાના શરીરને વિકરાળ બનાવી નાંખ્યું ત્યારે તે દૈત્ય ભયંકર આકૃતિથી પોતાનાં મુખને પહોળું કરીને વિકૃત દાંતોથી જાણે આકાશને ખાઈ જશ કે શું એ પ્રમાણે દેખાતો હતો ।।૨૦।। તે પાપી કાળીમેષ જેવી જીભને વીસ ધનુષ વાર લાંબી કરીને બહાર કાઢીને પોતાના હાથોને પહોળા કરીને ચાદરની માફક કરીને ફરવા લાગ્યો ।।૨૧।। ત્યારે તે દૈત્યને જોઈને ભયંકર રૂપથી બાળકો ગભરાઈ ગયાં. શ્રીહરિ ભગવાનને ત્યાં જ ભૂલીને ભાગવા લાગ્યાં ત્યારે તે અસુર કાલીદત્ત શ્રી હરિને મારવા શક્તિમાન ન થઈ શક્યો પરંતુ પોતે જ શ્રી હરિકૃષ્ણ પ્રભુની વક્ર કરડી દૃષ્ટિ જોઈને બળવા લાગ્યો. ।।૨૨।। જ્યારે તે અસુરે બાળકો ઉપર પોતાની આસુરી માયાથી માયાવી વિકૃત રૂપ કરીને માયાવી રીતે આકાશમાં ઘનઘોર વાદળાં છવાઈ ગયાં. વિજળીના જોરદાર કડાકા-ભડાકા થતા હતાં. વીજળી નીચે પછડાવા લાગી. ।।૨૩।। અંધારી ઘોર રાતના સમય જેવાં વાતાવરણમાં તે કાળી દત્ત અસુર વંટોળીયો થઈને મહા ભયંકર ઘૂઘવાટા કરતો દિશાઓને ગજવવા લાગ્યો ચારે બાજુ રેતનો વર્ષાદ કરવા લાગ્યો ।।૨૪।। તે મહાઘોર રાક્ષસ પૃથ્વી ઉપર મોટા માયાવી પર્વતો નાંખવા લાગ્યો. ત્યાંના બાળકોને બીજા મનુષ્યોને પક્ષીઓને જીવોને પીડા આપીને ભય પમાડી ઉપદ્રવ કરવા લાગ્યો ।।૨૫।। ત્યાર પછી તે રાક્ષસ આકાશમાં ઉંચે જઈને મોટા પહાડ હિમાલયની માફક જ્યાં શ્રીહરિ ઘનશ્યામ આંબાના વૃક્ષ નીચે બેઠા હતા તે આંબા ઉપર જોરથી પડ્યો ।।૨૬।। ત્યારે તે દૈત્યના પડવાથી વજ્રપાત થયો હોય ને શું ? તેમ તે દૈત્યના પડવાથી આંબાનું ઝાડ મૂળમાંથી ઉખડીને ભૂમિ ઉપર પડી ગયું તેની નીચે શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ આનંદપૂર્વક નિશ્ચિત થઈને બેઠેલા તે રાક્ષસે જોયા ।।૨૭।। હે રાજન ! ત્યારે તે દૈત્ય ફરીથી શ્રી હરિ ઉપર ઉપદ્રવ કરીને પડતો તેને જોઈને તેની

ઉપર શ્રી ઘનશ્યામ પ્રભુએ કરડી દૃષ્ટિ કરી ને તેની સામે જોયું. એટલામાં તે દૈત્ય ભાન વિનાનો મોહ પામી ગયો ॥૨૮॥ ત્યારે મૂર્છા પામેલો તે વૃક્ષની ડાળીઓની સાથે પવનથી અથડાતો પછડાતો તે રાક્ષસ વાયુથી ફંગોળાતો પ્રાણ વિનાનો થઈને પૃથ્વી ઉપર પડ્યો ॥૨૯॥ હે રાજન્ ! જેમ પતંગિયું જે દીવાને જોઈને તેની પાસે જાય છે અને તેમાં હોમાઈ જાય છે, જેમ હરણ સિંહને મારવાનો પ્રયાસ કરે તેમ આ રાક્ષસ પોતે પોતાની માયામાં મોહાન્ધ થઈને શ્રીહરિને મારવાના ભ્રમમાં પોતે જ પોતાના કર્મનો ભોગ થઈને નાશ પામ્યો ॥૩૦॥ હે રાજન્ ! ત્યારે ધર્મદેવની બાર શ્રદ્ધાદિ પત્નીઓ ત્યાં આવીને આનંદ પામતી થકી પ્રેમપૂર્વક શ્રીહરિ ઘનશ્યામ પ્રભુને રમાડવા અને સ્તનપાન કરાવવા લાગી ॥૩૧॥ ત્યારે તે શ્રી ઘનશ્યામે સર્વ સ્ત્રીઓ જેટલાં જ બાર રૂપો ધારણ કરીને સર્વનાં સ્તનપાન કરીને સર્વેને સુખ આપ્યું ॥૩૨॥ ત્યાર પછી દૈત્યનો નાશ થયા પછી વાતાવરણ એકદમ શાંત થઈ ગયું ત્યારે આકાશ નિર્મળ થઈ ગયું. ચંદ્રમા પણ પૂર્ણ રીતે પ્રકાશિત થઈ ગયો ત્યારે બાળકોએ શ્રી હરિને નજર કરી તે છતાં ન જોયા ત્યારે શોધવા લાગ્યાં ॥૩૩॥ ચારે બાજુ શોધવા માટે બાળકોએ ખૂબ જ પ્રયત્ન કર્યો છતાં ઘનશ્યામ પ્રભુને જોઈ ન શક્યાં ત્યારે સર્વ બાળકો વિલાપ કરવા લાગ્યાં. ઘનશ્યામ પ્રભુ ન મળ્યા હવે આપણે તેમના માતાજીને શું જવાબ આપીશું; આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યાં. ॥૩૪॥ હે રાજન ! ત્યાર પછી છપૈયાપુરમાં સર્વે ઉત્પાતો ખૂબ થવા લાગ્યા ત્યારે તે નગરના મનુષ્યો સમજવા લાગ્યા કે અત્યારે કોઈ દૈવી યા આસુરીઓએ મોટો ઉપદ્રવ કર્યો હોય એવું લાગે છે. આ પ્રમાણે વિચારવા લાગ્યા ॥૩૫॥ ત્યારે જ નગરના મનુષ્યોના મુખથી સાંભળ્યું કે આ મારાં બાળકો ક્યાંયે દેખાતા નથી. એવી રીતના શબ્દો સાંભળીને ભક્તિ માતાને પુત્રની સ્મૃતિ થઈ. પુત્ર બાળકોને રમાડવા આપેલો તેથી તે તત્કાળ બેભાન થઈ ગયાં. જેમ મૃગલી પોતાનું બાળક મૃત્યુ પામે ને જેમ વિલાપ કરે તેમ ભક્તિ માતા પણ આકુળ વ્યાકુળ થઈને રોતાં થકાં શોક કરવા લાગ્યાં ॥૩૬॥



ભક્તિ માતાનું રૂદન સાંભળીને તે નગરની સર્વે યુવતીઓ ત્યાં દોડીને આવી. ભગવાન ઘનશ્યામનાં બાળચરિત્રોનું ગાન કરતી થકી રૂદન કરતી વિલાપ કરવા લાગી. ॥૩૭॥ હે રાજન્ ! ત્યારે ધર્મદેવ સર્વનગર વાસીઓને સાથે લઈને જેમનું મન પ્રભુના ચરણ કમળમાં જોડાયેલું છે. તેમના ચરણરજથી શરીર પવિત્ર બનેલું છે એવા સર્વેજનો શ્રી હરિ ઘનશ્યામ પ્રભુને શોધવા માટે ઉપવનના આંબાવાડીયાંના માર્ગ ઉપર ચાલવા લાગ્યાં ॥૩૮॥ મહિમાને જાણનારા મહિમા સંભળાવતા થકા જનોને સાંત્વના આપવા લાગ્યા. ॥૩૯॥ ધર્મદેવ નગરના ઉપવન આંબાવાડીયામાં જઈને ખૂબ જ સુંદર રીતે ખીલેલાં શોભાયમાન એવા તે આંબાવાડીયામાં ઘનશ્યામ પ્રભુને શોધવા લાગ્યાં. ક્યાંય જોવામાં ન આવ્યાં ત્યારે વિહ્‌વળ થઈ ગયાં ॥૪૦॥ ત્યારે શ્રદ્ધાદિ ધર્મદેવની બાર અપર ગુપ્ત પત્નિઓ શ્રીહરિને આંબાના વૃક્ષ નીચે ગુપ્ત સ્વરૂપે સ્તનપાન કરાવતી હતી તેનો અવાજ થવાથી ભગવાનની પ્રાર્થના કરીને ગઈ ત્યાર પછી ઘનશ્યામ પ્રભુની સુંદરી મામીએ ઘનશ્યામને જોયા ॥૪૧॥ ત્યારે તે સુંદરી બાઈએ આંબા નીચેથી તેડી લઈને ખૂબ જ વહાલ કરતાં થકાં ભક્તિ માતા પાસે જઈને આનંદપૂર્વક તેમને સોંપ્યા ત્યારે ભક્તિમાતાને પોતાના પુત્રને જોઈને ખૂબ જ આનંદ થયો. ધર્મદેવ પણ પુત્રને જોઈને ખૂબ જ રાજી થઈ ગયાં. ॥૪૨॥ મોટાભાઈ રામપ્રતાપજી તથા નગરના મનુષ્યો સર્વે શ્રી ઘનશ્યામને જોઈને ખૂબ જ આનંદ પામ્યાં ત્યાર પછી શ્રી ઘનશ્યામને લઈને પોતાને ઘેર ગયાં. ॥૪૩॥

**આવી રીતે શ્રી ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિ લીલા સુધાકરમાં કાલિદત્ત નામના અસૂરનો નાશ કર્યો એ નામે અગિયારમો અધ્યાય થયો ॥૧૧॥**

## ॥ અધ્યાય - ૧૨ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** હે રાજન્ ! ત્યાર પછી ધર્મદેવ પોતાની પત્નિ ભક્તિ માતા તથા ઘનશ્યામ પ્રભુને નગરના મનુષ્યોની સાથે પોતપોતાના ઘેર આવ્યા ત્યાર પછી પુત્ર શ્રી હરિના રક્ષણ માટેનું કવચ વિધિ કરાવીને કરાવ્યું ॥૧॥ ત્યાર પછી ભક્તિમાતા પોતાના પુત્ર ઘનશ્યામ પ્રભુનો નવો જન્મ થયો છે એ પ્રમાણે જાણીને પુત્રને ખૂબ હેતથી ચુંબન કરીને તેમને સ્તનપાન કરાવવા લાગ્યાં. ॥૨॥ હે રાજન ! તે સુંદરી મામીએ મારા પુત્ર ઘનશ્યામનું રક્ષણ કર્યું છે તે એમ વધામણું રૂપે કિંમતી મૌતિકનો હાર ભક્તિમાતાએ પહેરામણીમાં સુંદરી મામીને આપ્યો રાજી થયાં. ॥૩॥ અનેક પવિત્ર સમીધા ઔષધિઓ વડે વૈદિમંત્રો ચારથી બાળ પ્રભુ ઘનશ્યામના બારે અંગોનું શ્રીકૃષ્ણના બાર નામો વડે વિધિ કરીને કવચ કર્યું. ॥૪॥ હે રાજન્ ! ત્યાર પછી સર્વનગરવાસીઓએ મહાભયંકર મરેલા અસૂરના શરીરને જોઈને તેને મરેલો જાણીને શ્રી ઘનશ્યામ પ્રભુનું જીવન કુશળ જોઈને ખૂબ જ આશ્ચર્ય પામી જતાં હતાં. ॥૫॥ તે અસૂરના શરીરને જોઈને ધર્મદેવના સંબંધિઓ ધર્મદેવ પાસે આવીને આનંદપૂર્વક કહેવા લાગ્યાં કે, “હે ધર્મદેવ ! આપણા કુળમાં સર્વના અજ્ઞાનના અંધકારનો નાશ કરનાર, સૂર્ય સમાન આપનો પુત્ર થયો છે. એ આપણા કુળને તારશે. ॥૬॥ આ ભક્તિ માતાનો પુત્ર કોઈ મનુષ્ય નથી એ તો એક દેવ અથવા ભગવાન વિષ્ણુનો અવતાર જ છે. એમાં કોઈ શંકા છે જ નહિં. આ તો સર્વે એની લીલા જ છે તેથી આપણને ભ્રમ થાય છે. ॥૭॥ ધર્મના તે બાળકરૂપ પરમાત્માના ભાગ્યની શી વાત કરવી એનાં કાયમ દર્શન કર્યા કરીએ તોય સંતોષ નથી થતો. ઘરનાં કામકાજ કરવાના બાકી રહી જાય છે. તોય એના દર્શનથી મન નેત્રો દૂર ખસતાં જ નથી. કામકાજને ભૂલી જઈએ છીએ. ॥૮॥ હે ધર્મ ! તમારા આ બાળની અંદર એવી અલૌકીક સિદ્ધિ છે જે બીજે ક્યાંય જોવામાં અનુભવવામાં આવતી જ નથી. કેમ કે



આ બાળક મોટા મોટા મહાન સિદ્ધોને પણ પોતાના સ્વરૂપમાં જોડી દે એવો મહાન થાય એમ લાગે છે. ॥૯॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ !ધર્મદેવને આ પ્રમાણે કહીને સર્વે લોકો પોતપોતાના ઘેર ચાલ્યાં ગયાં ત્યાર પછી તેમના વચનોને યાદ કરીને ધર્મ અને ભક્તિદેવી ખૂબ જ આનંદ પામતાં હતાં. ॥૧૦॥ એક દિવસ છપૈયા પુરની સર્વે સ્ત્રીઓ ઘનશ્યામ પ્રભુને રમાડવા માટે ધર્મદેવના ઘેર આવી ત્યારે તેઓને જોઈને બાળકને ખૂબ જ આનંદ થયો તેઓની વાતોનું તે અનુકરણ કરવા લાગ્યો ॥૧૧॥ આવેલ સ્ત્રીઓમાં કોઈક બહેન બોલ્યા કે, “હે ઘનશ્યામ પ્રભુ પેલા ચાખડી, કળશ, ચાખડી તથા વસ્ત્રો તથા અલંકાર એ સર્વે અહીં લાવો. ॥૧૨॥ હે રાજન ! શ્રીહરિ ઘનશ્યામ તે સ્ત્રીનાં આવાં વચન સાંભળીને પ્રસન્ન મનવાળા આનંદપૂર્વક પોતાનાં જનની ભક્તિ માતાને જોતાં આનંદ આપતાં થકા તે સ્ત્રીના કહ્યા મુજબ સર્વે વસ્તુઓ લાવી આપતા હતા. ॥૧૩॥ હે રાજન્ ! કોઈક સ્ત્રી શ્રી ઘનશ્યામ પ્રભુનો હાથ પકડીને ઉભા કરીને ચાલતા જોવાની ઈચ્છા હતી તેથી તેણીનીએ હાથ ઝાલીને ચલાવ્યા તેથી ચાલવા લાગ્યા ॥૧૪॥ ત્યાર પછી થોડાક માસ પછી શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાની જાતે પગેથી ચાલવા લાગ્યા અને છપૈયા વાસીઓને પોતાની કળાને બતાવતા થકા દર્શન આપતા થકા ખૂબ જ આનંદ આપવા લાગ્યા ॥૧૫॥ જે નિર્ગુણ બ્રહ્મનું મુનિઓ ધ્યાન કરીને ભક્તિ કરીને કલ્યાણ મેળવવા માટે જે સ્વરૂપને પામવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કરે છે. છતાં પ્રાપ્ત નથી થતા એવા અસાધ્ય પ્રભુને મેળવવા સંસ્કૃત ભાષામાં સ્તોત્રો રચીને પ્રાર્થનાઓ કરે છે. સ્તુતિ કરે છે, છતાં નથી મળતા તે જ પ્રભુનાં પૂજાયેલાં ચરણ જેમનાં છે એવા ઘનશ્યામ પ્રભુ પોતાના માતાપિતા આદિ સંબંધીઓએ તેમના મનોરથો પૂર્ણ કરે છે. ॥૧૬॥ એક વખત શ્રી ઘનશ્યામ પ્રભુ છપૈયાપુરની બહાર બગીચામાં બાલસખાઓની સાથે ઉપવાટીકામાં ગયા. ત્યાં જઈને અમૃત સમાન સારાં પાકેલાં જાંબુ ઉતારીને ખાવા લાગ્યા. બાળસખાઓને ખવરાવવાની ઈચ્છા કરીને ખવરાવ્યાં

॥૧૭॥ મીઠાં, મધુરાં પાકેલાં આંબાની કેરીઓ તથા બીજાં કેટલીક જાતનાં ફળોને પરમાત્મા શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના બાલસખાઓની સાથે ખૂબ ખાધાં. ॥૧૮॥ ત્યારે ભક્તિમાતા પોતાના પુત્ર ઘનશ્યામને શોધ્યા તેથી ક્યાંય દેખાયા નહીં. એટલે શોધવા લાગ્યાં. શોધતાં શોધતાં બગીચામાં સર્વે બાળકોની સાથે ઘનશ્યામને ફળો ખાતા જોયા. ॥૧૯॥ ત્યારે જેમના સ્તનમાંથી દૂધ સ્રવી રહેલ છે એવાં પુત્ર પ્રેમવાળાં ભક્તિમાતા પુત્ર ઘનશ્યામને કહેવા લાગ્યાં - હે પરબ્રહ્મ ! હે પુત્ર ! હવે રમવાનું બંધ કરો. સવારમાં તમે કાંઈ ભોજન કર્યું છે ? ॥૨૦॥ તમારા પિતાજી ધર્મદેવ અત્યારે ભોજન કરવા માટે તમારી રાહ જોઈ રહ્યા છે. એટલા માટે ચાલો જલદીથી સ્નાન કરી લ્યો. ॥૨૧॥ ત્યાર પછી ઘનશ્યામ પ્રભુના મિત્રોને ભક્તિમાતા કહેવા લાગ્યાં હે બાળકો ! તમો પોતપોતાના ઘેર જાઓ. સમય ઘણો થઈ ગયો છે. એમ કહીને માતાજી ઘનશ્યામ પ્રભુને લઈને પોતાના ઘેર આવ્યાં ॥૨૨॥ ઘેર આવીને શ્રી હરિએ ધૂળથી ખરડાયેલા શરીરને શુદ્ધ જળથી સ્નાન કરાવી પવિત્ર કરીને ત્યાર પછી પિતા ધર્મદેવની સાથે મોટાભાઈ-ભાભીની સાથે સુંદર ભોજન માતાજીએ પીરસીને જમાડ્યા. ॥૨૩॥ સુખ આપનારૂં સાત્વિક અન્ન જમીને ત્યાર પછી સાકર યુક્ત દૂધનું પાન કરીને શુદ્ધ જળથી હાથમુખ ધોઈ જળપાન કરીને ત્યાર પછી રાત્રીના સમયે પ્રભુ પલંગ ઉપર શયન કરી ગયા, પોઢી ગયા. ॥૨૪॥ ધર્મનંદન મહાપ્રભુ ત્યાર પછી સવારમાં પ્રાતઃ કાળે ઉઠીને શૌચાદિ વિધિ કરીને, દંતધાવન (દાતણ) વિધિ કરીને શ્રી હરિ પ્રભુએ શુદ્ધ પવિત્ર જળથી સ્નાન કર્યું. ॥૨૫॥ સ્નાન કર્યા પછી શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને ઉત્તરીય વસ્ત્ર ધારણ કરીને નારાયણ ભગવાનની અર્ચનપૂજન વિધિ કરીને ત્યાર પછી ભોજન કર્યું.॥૨૬॥ ત્યાર પછી શ્રી ઘનશ્યામ પ્રભુ મોટાભાઈ રામપ્રતાપજીની સાથે નજીકના ખેતરમાં જેમાં કાકડીઓ શોભી રહી છે એવા ખેતરમાં ગયા ॥૨૭॥ ત્યાં જઈને તેમના મોટાભાઈ કાકડીનાં છોડોને ચોખા કરવા(નીંદામણ) વધારાના ઘાસને દૂર કરવા ઉખાડીને કાઢી નાંખવાનું



કામ કરવા લાગ્યા ॥૨૮॥ હે રાજન ! ત્યારે મોટાભાઈ ઘનશ્યામ પ્રભુને કહે - હે ભાઈ ! તમો પણ આ કાકડીને ઉત્પાદન વધે તે માટે કાકડીને છોડીને વધારાનું ઘાસ છે તેને કાઢી નાંખો. એ પ્રમાણે કહ્યું. ॥૨૯॥ ત્યારે ઘનશ્યામ પ્રભુ તો ઉદાર મૂરતી દયાળુ ઘાસ કાઢવાની જગ્યાએ કાકડીના જોડને ઉખાડી નાખવા લાગ્યા ત્યારે તે જોઈને મોટાભાઈ ખૂબ જ વ્યાકુળ થઈ ગયા. ખૂબ જ ક્રોધાયમાન થઈ ગયા ॥૩૦॥ ત્યારે મોટાભાઈ ઘનશ્યામ પ્રભુને જોઈને તેમને કહેવા લાગ્યા હે હરિકૃષ્ણ ! તમે આવેલ એ ચીભડાંના વેલાઓને ઉખાડી નાંખ્યા તે બરોબર નથી કર્યું. તમને ઘાસ કાઢી નાંખવાનું કહ્યું હતું તે તમે ઉલટું કર્યું. ॥૩૧॥ આમ કહીને મોટાભાઈએ ઘનશ્યામ પ્રભુને મારવા માટે હાથ ઉંચો કર્યો તેવો જ બાલકૃષ્ણ પ્રભુએ પકડી લીધો ત્યારે તેને પકડવાથી એકદમ કંપવા લાગ્યા ॥૩૨॥ મોટાભાઈ રામપ્રતાપજી ઘનશ્યામ પ્રભુના પકડેલા હાથને છોડાવવા માટે ખૂબ પ્રયત્ન કર્યા છતાં છોડાવી ન શક્યા એટલે પોતે મનમાં વિચાર કરે છે કે આ બાળકમાં એવું કયું પરાક્રમ હોઈ શકે કે એટલો પરીશ્રમ કરવા છતાં છોડતો નથી. ॥૩૩॥ ત્યારે ઘનશ્યામ પ્રભુ તરત જ એમના હાથને પોતાના બંધનથી છોડી દીધો અને પોતે ઘેર ચાલ્યા ગયા ત્યારે રામપ્રતાપજી પણ સાથે સાથે આશ્ચર્ય પામતા થકા ઘેર ગયા અને આ વાત પોતાના સંબંધિઓને પણ કહેવા લાગ્યા ॥૩૪॥ સાંભળો, આ ઘનશ્યામ લાલાની લીલા જ અલૌકીક છે. જન્મમરણના પાશના બંધન થકી છોડાવનારી છે. કેમ કે સાંભળો; ત્યાં એક કુવો છે, તે કુવો ભૂતો, વીંછીઓ અને સર્પોથી ભરાયેલો છે ॥૩૫॥ આ ઘનશ્યામ તે કુવાની પાસે ગયા, તેના સંસર્ગમાં તે કુવાનું પાણી આવવાથી, તેની હવાનો સ્પર્શ થવાથી તેમાં રહેલાં પ્રેતો સ્વર્ગવાસી થઈ ગયાં. આ બાલકૃષ્ણનાં સંસર્ગથી, એના સ્પર્શમાત્રથી સર્વેનાં પાપો બળીને ભસ્મ થઈ જાય છે, તે એક ક્ષણ માત્રમાં મુક્ત થઈ જાય છે. ॥૩૬॥ મોટાભાઈ રામપ્રતાપજી આ વાતનું વૃત્તાંત પોતાનાં પત્ની સુવાસીનીને કહે છે. એટલામાં તો તે કહેવા લાગ્યા કે

મહાબુદ્ધિમાન આ વાત આપે અત્યારે કરવાની જરૂર જ નહોતી ॥૩૭॥ મોટાભાઈના વચનો સાંભળીને મનમાં નારાજ થયેલા. નેત્રમાં આંસુ આવેલાં હોવા છતાં પણ તેજ ક્ષણે ભૂતપ્રેતની મુક્તિ કરવાના હેતુથી ઘનશ્યામ તરત જ તે કૂવામાં જઈને કૂદી પડ્યા ॥૩૮॥ ત્યાં તત્કાળ જઈને ઘનશ્યામ પ્રભુ પોતાની કાયાને વિસ્તારીને તે કૂવામાં જોરથી કૂદકો માર્યો ને અંદર પડ્યા. વધારે વેગથી પડવાથી કૂવાનું બધું પાણી બહાર ઉછળીને એક સો ધનુષ્યવાર છેટું ફેલાઈ ગયું. બાળકના પડવાથી આ પાણી ઉછળીને બહાર નીકળી ગયું. આ આશ્ચર્યની વાત છે તે યોગ્ય જ છે. કેમ કે આ કાર્ય કરનાર શ્રીહરિના ચરિત્રની કોઈ આશ્ચર્યની સીમા હોય જ નહીં. કેમ કે આ તો અનંતધામના સ્વામીનાં ચરિત્રો છે. ॥૩૯॥ અખિલ બ્રહ્માંડના અધિપતિ પરાત્પર શ્રી નારાયણ એવા શ્રીહરિના ચરણકમળને બ્રહ્માંડ નાયક બ્રહ્માદિ દેવોએ પૂજેલાં છે. એવા પ્રભુ આ કૂવામાં કૂદકો માર્યો એવાં જ જેમ સિંહના ભયથી હરણાં ભાગે તેમ હરિકૃષ્ણ પ્રભુના ભયથી સર્વે ભૂતો નીકળીને ભય પામતાં થકાં ચાલ્યાં ગયાં. આ અદ્‌ભૂત જ ચરિત્ર છે. ॥૪૦॥ ત્યાર પછી સર્વે વિચાર કરવા લાગ્યા કે, આ નગરમાં અવારનવાર મોટા ઉત્પાતો આવ્યા જ કરે છે. એ પણ કેવા ભયંકર થાય છે. એની કોઈ મર્યાદા જ નથી હોતી. આ સર્વે થાય છે તેના માટે આપણે નિવારણ માટે કોઈ ઉપાય કરવો જોઈએ. ॥૪૧॥ આ રીતે વિચાર કરીને શ્રી ઘનશ્યામ પ્રભુને શોધતા થકા ઘનશયામ ક્યાં ગયા છે ? અત્યારે ક્યાં હશે આમ ચર્ચા કરે છે. એટલામાં એક બાળક બોલ્યું કે મેં ઘનશ્યામને ભૂતીયા કુવામાં જોયા છે. ॥૪૨॥ તે બાળકની વાત સાંભળીને તુરત જ સર્વે મનુષ્યો, મોટાભાઈ રામપ્રતાપ તથા સુવાસિની આદિક સર્વે તે કૂવા તરફ જવા લાગ્યાં. ધર્મદેવે કૂવા પાસે જઈને જોયું તો ઘનશ્યામને કૂવાની અંદર જોયા ॥૪૩॥ જગતના દુઃખોને દૂર કરવા પૃથ્વી ઉપર અવતાર ધરનાર શ્રી હરિને કૂવામાં પડેલા જોયા એટલે સકળભૂમંડળને પૃથ્વીને ધારણ કરનાર શેષજી પોતાની અનંતફેણોથી નમન કરીને સ્તુતિ કરવા લાગ્યા. ॥૪૪॥



**એવી રીતે શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રી હરિએ કરેલ બાલચરિત્રમાં બારમો અધ્યાય થયો. ॥૧૨॥**

## ॥ અધ્યાય - ૧૩ ॥

**રામ પ્રતાપ મહારાજ બોલ્યા** : હે ભાઈ મુકુંદ ! આપ સુંદર પીઠ ઉપર વિરાજમાન થાઓ છો ત્યારે આપના ચરણકમળને ઋત્વિજો- હોતાઓ યજ્ઞમાં પૂજા દ્રવ્યો વડે અર્ચન પૂજન કરે છે. તથા યોગીઓ પોતાની ઈન્દ્રિયોને એકાગ્ર કરીને ચરણકમળનું નિત્ય અહર્નિશ ધ્યાન કર્યા કરે છે. એવા વાસુદેવ આપના શરણમાં હું આવ્યો છું ॥૧॥ શુદ્ધ એવા અહર્નિશ કૈલાસ ધામમાં નિવાસ કરનારા મહેશ્વર ભગવાન જગતના લય માટે જોડાયેલા છે. તથા જગતના પાલન કરવા માટે વિષ્ણુરૂપે રહેલા તથા જગતની ઉત્પત્તિ માટે સૃષ્ટા બ્રહ્મારૂપે આપ તત્પર રહો છો, એવા અદ્‌ભૂત ધામમાં નિવાસ કરીને રહેલા એવા દિવ્ય તેજમાં અદશ્ય રહેનારા એવા પોતાના ઐશ્વર્યને ગુપ્ત રાખીને મનુષ્ય સ્વરૂપે વિચરણ કરતા એવા હે નારાયણ ! આપ તો અક્ષરધામમાં પણ વિરાજમાન રહો છો. ઈચ્છિત સ્વરૂપો ધરનારા હે પ્રભુ ! હું આપના શરણે આવ્યો છું. આપ અક્ષરધામમાં પોતાના ભક્તજનોને સુખ આપવા નિવાસ કરીને રહો છો. ॥૨॥ હે પરમાત્મા ! આ જગત તો તમો ગુણથી વ્યાપ્ત છે તેમ છતાં તેમાં પણ આપ મનુષ્ય સ્વરૂપે તમો ગુણથી પર રહો છો એવા હે ઈશ્વર પુરાણ પુરૂષ, હે હરિ ! આપ પોતાના તેજ, ઐશ્વર્ય વડે સર્વત્ર વ્યાપ્ત રહો છો એવા હે હરિ ! હું આપને શરણે આવ્યો છું. ॥૩॥ હે સર્વના કારણ સ્વરૂપ ! હે ધર્મપુત્ર ! હે કૃપાદષ્ટિવાળા ! હે ભાઈ ! તમે અમારા જાણે અજાણે કરેલા પાપો કર્મોને ક્ષમા ગણીને દયા કરીને કૂવામાંથી બહાર આવો અને અમને બધાને સકળ સમુદાયને પવિત્ર કરો. ॥૪॥ **સુવાસિની બોલ્યાં** : હે હરિકૃષ્ણ ! હે ઘનશ્યામ ! હે

પરબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાન ! આપ તો સર્વેશ્વર પરબ્રહ્મ પરાત્પર સર્વોપરી છો તેથી હે ભગવાન ! આપ મારા થયેલા પાપોને ક્ષમા કરીને મારી ઉપર કૃપા કરો. ।।૫।। જેની સ્તુતિ અનેક દેવો ગુણનું ગાન કરતા થકા કાયમ સ્તુતિ કર્યા કરે છે. હે અદશ્ય સ્વરૂપવાળા ! હે ઈશ્વરોના ઈશ્વર ! હે કમળ નયન ! અનંતકોટી બ્રહ્માંડોનું સર્જન કરનારા આપ જ છો. ।।૬।। હે સ્વામી ! પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા અનંત કોટી બ્રહ્માંડોએ સર્વેનો આપની એક કૃપા દૃષ્ટિથી જ ઉદ્‌ભવ થાય છે તથા આપના પ્રતાપથી જ તેનો લય પણ થાય છે. ।।૭।। સર્વે જીવ પ્રાણીમાત્રમાં પદાર્થમાં આપ જ એક ચૈતન્યરૂપે રહેલા છો. આ વિશ્વનું સર્જન કરીને તેની અંદર પ્રવેશ કરીને અદશ્ય રૂપે રહી તેને પ્રકાશીત કરતા દેખાઓ છો. ।।૮।। હે હરિ ! આપની ઉપર માતાપિતાને ખૂબ જ ભાવના પ્રેમ છે તથા અતિશય પ્રિતિ છે. અને પોતાના આત્મીયજનોના મનને સુખ આપી આનંદ આપનારા હે ઘનશ્યામ ! કૂવામાંથી બહાર નીકળો ।।૯।। **સર્વે લોકો બોલ્યાં :** હે ધર્મકુળના આભુષણરૂપ ! હે ક્ષમાના સાગરરૂપ ! આપ દિવ્યરૂપે, આત્મા છો, ગુણના સાગરરૂપે રહેલા છો, લક્ષ્મી, બ્રહ્મા, શિવ આદિ સર્વથી પૂજાયેલા છે ચરણ કમળ જેમનાં એવા ચરણરજને વિસ્તારતા એવા સર્વે ભક્ત સમુદાયને પ્રિયજનોને સુખ માટે મનુષ્ય અવતાર ધરીને વિચરણ કરો છો એવા હે ઘનશ્યામ ભગવાન ! અમારૂં રક્ષણ કરો. ।।૧૦।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** આવી રીતે સર્વેજનોએ પ્રાર્થના કરી તેથી પોતાના પ્રિય ભક્તો તથા સંબંધિજનો ઉપર કૃપા કરીને શ્રી હરિકૃષ્ણ પ્રભુ સર્વાત્મા તે કૂવામાંથી તુરત જ બહાર નીકળ્યા અને સર્વેને સુખ આપવા લાગ્યા. ।।૧૧।। બહાર નીકળેલા ઘનશ્યામને જોઈને મોટાભાઈ રામપ્રતાપજી, ધર્મદેવ, ભક્તિમાતા, સુવાસિની ભાભી આ સર્વે ખૂબ જ પ્રેમથી ઘનશ્યામને ભેટી પડ્યાં અને ખૂબ જ સુખ પામ્યાં. ।।૧૨।। હે રાજન ! તે સર્વે મનુષ્યો અને સ્વજનો શ્રી હરિની જય બોલવા લાગ્યાં અને પ્રિય એવા ઘનશ્યામ પ્રભુને સર્વે છપૈયાપુરનાં મનુષ્યો આશિર્વાદ આપીને પોતપોતાના ઘેર ગયાં અને



ધર્મદેવ પોતાનાં સર્વે પરિવારની સાથે પોતાના ઘેર આવ્યા ।।૧૩।। એવી રીતે ભક્તિમાતા, ધર્મદેવ તથા મોટાભાઈ રામપ્રતાપજીની સાથે બધાથી લાલનપાલન કરાતા લાડ લડાવાતા થકા રમતા હતા અને ત્યાં જ પોતે બાળલીલાઓને કરતા થકા રહેતા હતા. ।।૧૪।। એક દિવસ શ્રી હરિકૃષ્ણ પ્રભુ પોતાના ઘેર ભોજન કરીને ખૂબ તૃપ્ત થઈને પોતાના પ્રિય બાલસખાઓ, પોતાની સમાન વયના હજારો મિત્રોની સાથે ।।૧૫।। રમતા થકા સુખને આપનારા, શ્રીલક્ષ્મીને આનંદ આપનારા એવા શ્રી હરિપ્રભુ પોતાના પ્રિય મિત્રોને આનંદ આપતા થકા વનમાં જવા માટે ગૌઘાટ ગયા. ।।૧૬।। પોતાના અનેક બાલમિત્રોની વચ્ચે ઘેરાયેલા શ્રી હરિ અનેક પ્રકારના ફૂલો ખીલેલાં સમુહના વનમાં કોમળ પાંદડાઓથી શોભાયમાન વનના માર્ગમાં રમતા થકા ચાલતા હતા. ।।૧૭।। ત્યાં વનમાં મોરને નાચતા જોઈને ધર્મપુત્ર ઘનશ્યામ પણ નાચવા લાગ્યા અને ક્યારેક કોયલ બોલે તો તેની સામે શ્રી ઘનશ્યામ પણ બોલીને જવાબ આપતા ।।૧૮।। ક્યારેક વાંદરાઓ કૂદકા મારતા ત્યારે તેમની સાથે ધર્મપુત્ર શ્રી ઘનશ્યામ પણ કૂદકા મારતા હતા. ક્યારેક વાઘને જોઈને તેનાથી ભય પામતાં બાળકો તેમની સાથે ઘનશ્યામ પણ પાછા ખેંચાતા હતા ।।૧૯।। શ્રી ધર્મનંદન ઘનશ્યામ પ્રભુ ક્યારેક કોઠાંથી ક્યારેક બીલીનાં ફળથી, ક્યારેક આમળાંથી ક્યારે ચણોઠી આદિથી બનાવટી દડો બનાવીને બાલમિત્રોની સાથે શ્રીહરિ પ્રભુ રમતો રમતા હતા ।।૨૦।। શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના ચરિત્રો મનને હરનારાં છે એવા ધર્મપુત્ર પોતાના મિત્રોને આનંદ આપતા થકા રમતો રમાડતા હતા. ક્યારેક એમને પરસ્પર લડાઈઓ લડાવતા થકા જોતા પ્રભુ હાસ્ય કરતા હતા. ।।૨૧।। ક્યારેક મલ્લની જેમ ઘનશ્યામ પ્રભુ પોતે તે બાળકોની સાથે મલ્લકુસ્તી કરે છે. ક્યારેક હંસ બગલાની માફક ચાલે છે. ક્યારેક બગલા સ્થિર થઈને ધ્યાનની માફક બેસે તેમ ઘનશ્યામ પ્રભુ પણ ધ્યાન મુદ્રામાં બેસીને આનંદ આપવા લાગ્યા ।।૨૨।। હે રાજન્ ! આવી રીતે સારી રીતે ખીલેલી વનની શોભાને જોતાં થકા વનમાં રમતોને રમતા થકા વનની

શોભા સંપત્તિને જોતા થકા શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ સૌની આગળ જતા હતા ।।૨૩।। આવી રીતે ત્યાં ગૌઘાટ નદીકાંઠે સર્વે બાળમિત્રોની સાથે વિચરણ કરતા થકા આવી ગયા; ત્યાં મનને હરનારા મધુર આંબાની કેરીઓને સારાં અને સુંદર જાંબુને જોતા હતા ।।૨૪।। ત્યારે વસંતઋતુ આવેલી હોવાથી કેળોના થાંભલાઓ (વૃક્ષો) કેળોના થડા (ફૂલો) આવવાથી તથા વૃક્ષોની ડાળીઓમાં ફૂલો ખીલવાથી તે વૃક્ષો પણ ખૂબ જ શોભા આપતા હતા. ।।૨૫।। અમૃત સમાન રસથી ભરેલાં દાડમનાં ફળો નીચે પડવાથી તેના રસથી પલળેલી પૃથ્વી પણ સુગંધવાળી થઈ ગઈ છે; ત્યાં પક્ષીઓ તથા મોરો આનંદથી નૃત્ય કરી રહ્યા છે. ।।૨૬।। જુઈ, ચંપા, ગુલાબ, કેતકી વગેરે પુષ્પ વનમાં પ્રવેશ કરેલા વાયુ વડે તે (પવનથી) ફૂલની પરાગરજના સહવાસથી ત્યાંનું વાતાવરણ સુગંધમય બની જાય છે. એવું ત્યાંનું વાતાવરણ થયેલું છે. ।।૨૭।। જે વનમાં અનેક પ્રકારના નાના મોટા વૃક્ષ ઉપર જાતજાતના પક્ષીઓના જુદા જુદા પ્રકારે કલરવના શબ્દોથી ગુંજાયમાન જાતજાતના છોડવાઓ લતાઓ, વેલાઓ ઝુંડથી, ઝુથોથી શોભા વધારતું એ વન ખૂબ જ સુખ આપતું હતું ।।૨૮।। સો પાંખડીઓવાળાં લીલાં કમળ વડે અને લાલકમળ વડે ગૌઘાટની ચંદ્રાવતી વિશ્વામિત્રિ નદી ખૂબ જ શોભા પામી રહી છે. તથા પોતાના પવિત્ર, સ્વચ્છ, શુદ્ધજળથી સૌના મનને ખેંચી રહી છે. ।।૨૯।। એ સ્થળ અતિસુંદર છે, ત્યાં મૃગો હરણાંઓ નિવાસ કરે છે, અને બીજાં પ્રાણીઓ, સિંહો, વાઘો, હાથીઓ પણ ત્યાં રહે છે. શ્રી હરિની કૃપાથી તે સર્વે પ્રાણીઓ કોઈ જાતના વૈર કે ભય વિના જ ત્યાં પોતપોતાનો ચારો ખોરાક મેળવે છે. ।।૩૦।। આવી રીતના તે મનોહર સ્થળમાં તે સર્વે સખાઓની સાથે શ્રી હરિ સામાન્ય રીતે રમતો રમતા થકા આનંદ પ્રમોદ કરતા થકા તે ચંદ્રાવતી નદી ગૌઘાટના ધરામાં સર્વે બાળકો સ્નાન ક્રીડા કરતા થકા રમતા હતા અને આનંદ કરવા લાગ્યા ।।૩૧।। તે નદીના તટ પાસે લીંબડાના મોટાં વૃક્ષોની લાઈનમાં ઘટાદાર શીતળ છાયામાં સુખ પામતા થકા કોમળ પાંદડાની પથારી



(આસન) (ગાદી) પાથરીને તેની ઉપર સર્વે બેઠા. ।।૩૨।। ત્યાં સર્વે વિશ્રાન્તિ કરવા બેઠેલા છે તેમાંથી કેટલાંક સમાન વયનાં બાળકો શ્રી હરિની પગ ચંપી કરવા લાગ્યા. કેટલાક પંખા વડે પવન ઢોળવા લાગ્યા, આવી રીતે અનેક લીલાઓ કરે છે ।।૩૩।। મંદમંદ હસતું મુખ કમળ હંમેશા પ્રસન્ન જ ભાશે છે. વનના સુંદર સુગંધીદાર ફૂલોની માળાને ધારણ કરેલા, ખીલેલાં લાલ ફૂલોના ગુચ્છોને ધારણ કરીને તે શ્રી હરિ પોતાના પ્રિય ભક્તોને દર્શન આપે છે. ।।૩૪।। **શ્રી હરિ કહે છે :** હે મહાબુદ્ધિશાળી રઘુનાથ ! વેણી માધવ ! તમે સૌ મિત્રો સાંભળો. આ સર્વે વૃક્ષોનો આ પૃથ્વી ઉપર જે ઉદ્‌ભવ થયો છે તે આ જે એમનો જન્મ સફળ થઈ ગયો ।।૩૫।। હે મિત્રો ! આ મૃગોને પણ ધન્ય છે જેઓ મનુષ્યો નથી, તે છતાં તેઓ કેવો પ્રેમભાવ બતાવે છે, કેવા પ્રેમથી આપણી સામે જુએ છે, એ જોવા માત્રથી આપણી પૂજા કરે છે; જેમ આપણે કરીએ છીએ તેમ તે આપણું પૂજન કરે છે ।।૩૬।। આ પૃથ્વી પણ ધન્ય ભાગ્ય થયેલી છે કેમ કે તે આપણા ચરણના સ્પર્શ માટે ઉત્સુકતાવળી થાય છે. તમારા ચરણના વિચરણથી આ ભૂમિ પવિત્ર થઈને મનુષ્યો માટે એ તીર્થભૂમી થઈ ગઈ ।।૩૭।। આ વનમાં રહેલી સર્વે વસ્તુઓ ધન્ય છે જે આ રીતે કાયમ આપણા ઉપયોગમાં આવે છે એમનો આ જન્મ સફળ થઈ ગયો અને હવે શ્રેષ્ઠ જન્મ આવશે. ।।૩૮।। પાંદડા, ફૂલો, ફળો, છાંયો, આદિ સર્વે પરોપયોગ માટે જ તત્પર રહે છે, સતત સેવા આપ્યા કરે છે માટે વૃક્ષો હંમેશા પરોપકારી રહેલાં છે, સર્વે પ્રાણીઓને સુખ આપે છે; તેથી તેઓનો જન્મ સફળ જ છે. ।।૩૯।। હે મિત્રો ! આ નદીને તો જુઓ. આના કાંઠા ઉપર કોમળ રેતીથી કેવી શોભા લાગે છે. આ રેતી બધાના પગને બાળે છે અને આનું જળ કેટલું સુંદર છે તે સર્વેના પાપોને હરનારૂં છે. કલ્યાણ આપનારૂં થાય છે. તેથી નદી પણ ધન્ય છે. ।।૪૦।। જે સતત સર્વ દિશાઓમાં વહેનારો, પોતાના વેગમાં કમળની રજને ખેંચીને ચારે બાજુ ફેલાવે છે, તે પવન કેટલો શીતળ સુખ આપનારો વાય છે; તે પણ ધન્ય છે. ।।૪૧।। આ સ્થળ અતિ પવિત્ર કોઈ

પર્વતરાજની માફક ઉંચા ઉંચા વૃક્ષોની શોભાથી ખૂબ જ સુંદર લાગે છે જેમ કે તે પર્વત જેમ આકાશને અડતો હોય તેમ તેની સ્પર્ધા કરે છે તેમ પોતાની હરિયાળી સંપત્તિની સ્પર્ધા કરતાં હોય ને શું એવું આ સર્વે વાતાવરણ લાગે છે. ॥૪૨॥ એ પ્રમાણે મધુર વચનો કહીને સુંદર વાર્તાલાપ કરીને શ્રી હરિકૃષ્ણ પ્રભુ સખાઓથી વિંટાયા થકા તે નદીના શાન્ત પવિત્ર જળમાં સ્નાન કરવા માટે ઉભા થયા. ભક્તિમાતાના પુત્ર ! ખીલેલા કમળ સમાન મંદહાસ્ય મુખકમળવાળા શ્રી ઘનશ્યામ સખાઓની સાથે ન્હાવા (સ્નાન કરવા) માટે નદીના જળમાં પ્રવેશ કર્યો. ॥૪૩॥

**આવી રીતે ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિ લીલા સુધાકરમાં શ્રી હરિ બાળલીલા નામનો તેરમો અધ્યાય થયો. ॥૧૩॥**

## ॥ અધ્યાય - ૧૪ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** દર્શન કરનારને આનંદ આપનારા, સુંદર સ્વરૂપવાળા, જેમનું મુખ કમળ શોભાયમાન થઈ રહ્યું છે. સર્વે જગતના માલિક એવા; પોતાના પ્રિય સખાઓની સાથે જળમાં ક્રીડા કરી રહ્યા છે એવા નારાયણ પ્રભુ કરૂણાનિધાન, સર્વના હૃદયને ખેંચનારી મનોહર મૂર્તિના દર્શન કરીને અતિશય આનંદ થયો. ॥૧॥ એવા ધર્મદેવ ભક્તિમાતાના પુત્ર શ્રી હરિ પ્રિય સખાઓની સાથે જળક્રીડા કરી રહ્યા છે તેનાં દર્શન કરવા માટે સ્વર્ગમાંથી દેવો વિમાનો લઈને આવ્યા. આ શ્રી હરિની જળ ક્રીડા જોઈને પ્રસન્ન થઈને ફૂલોનો વરસાદ કર્યો અને કહેવા લાગ્યા કે આ શ્રીહરિની સાથે જળક્રીડા કરનારનાં મહા ભાગ્યશાળી કહેવા એની શું વાત જ કરવી ? ॥૨॥ આવા દૂર્લભ આત્યંતિક કલ્યાણના



આપનારા મનુષ્ય સ્વરૂપે થઈને પોતાના એકાન્તિક ભક્તોને એકાન્તિકી ભક્તિનું સુખ આપનારા શ્રી ઘનશ્યામની સાથે જળક્રીડામાં રમનારાએ કેટલા જન્મનાં વ્રતોનું પુણ્ય હશે ત્યારે આવો લ્હાવો મળે છે. ॥૩॥ જેમના ચરણ કમળની રજનો સ્પર્શ તો અનંત જન્મનાં કરેલાં તપો, ભજનો, ચાંદ્રાયણાદી વ્રત્તોના પ્રતાપે પુણ્યથી પ્રાપ્ત થાય છે, યોગીયો બ્રહ્મનું આવાહન કરીને વર્ષો સુધી ધ્યાન કરે છે છતાં દૃષ્ટિમાં નથી આવતા એવા નારાયણ તે જ આ જળ ક્રીડા કરતા દૃષ્ટિ આગળ દેખાતા હતા. ॥૪॥ છપૈયાપુર વાસીઓનાં તો ભાગ્યની શી વાત જ કરવી ? એ તો અહોભાગ્યવાળા જ છે કેમ કે એમને તો શ્રીહરિના કાયમ દર્શન થાય, તેમની સાથે ક્રીડા કરવાથી સ્પર્શ થાય, વાણી સાંભળવા મળે, એમની અંતઃ કરણની વૃત્તિની તે શી વાત જ કરવી ? ॥૫॥ ત્યાં પવિત્ર નદીમાં ઈચ્છા પ્રમાણે ખૂબ જળક્રીડા કરીને શ્રીહરિ પક્ષીઓના મધુર કંઠના શબ્દો સાંભળીને નદીના જળમાંથી બહાર નીસરીને ત્યાર પછી ઘનશ્યામ પ્રભુએ સ્વચ્છ વસ્ત્રો ધારણ કર્યાં. ॥૬॥ વનના પુષ્પોની માળાઓ ધારણ કરીને અંગોને સુશોભિત કરીને મિત્ર સમુદાયથી વિટાયા થકા સર્વેસાથે મળીને છપૈયાપુરમાં પધાર્યા. ॥૭॥ વનની મનોહર શોભાને જોઈને શ્રી ઘનશ્યામ પ્રભુ ખૂબ જ પ્રસન્ન થઈ ગયા. આનંદ પામતા થકા પ્રિય ભક્તોના મુખથી ગવાતા કીર્તનો સાંભળીને ખૂબ જ શોભવા લાગ્યા. ॥૮॥ શ્રીકૃષ્ણનારાયણ દિવ્યસ્વરૂપ વાળા, પવિત્ર સ્વરૂપ પરબ્રહ્મ પુરૂષોત્તમ સર્વના સ્વામી એવા ઘનશ્યામ પ્રભુના મસ્તકના શ્યામ અને ચીકણા કેશ મનોહર લલાટ ઉપર આવેલા શોભતા હતા ॥૯॥ જેમનું વક્ષઃસ્થળ (છાતી) ખૂબ વિશાળ છે. જેમની નાસિકા સુંદર ચળકે છે.માર્ગમાં બ્રહ્માદિ દેવોએ ચરણ કમળનું પૂજન કરેલ છે એવા ॥૧૦॥ અનેક પ્રકારના સાધનોથી બાળમિત્રોની સાથે અનેક પ્રકારની રમતોને રમતા થકા ક્યારેક બોલ લાકડીથી (ગેડીદડો) રમતા થકા શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ બાળ સખાઓની સાથે નારાયણ સરોવર પાસે આવ્યા ॥૧૧॥ ત્યાં છપૈયાપુર નગરથી પૂર્વ દિશામાં રહેલું અનેક જાતના અનેક

વૃક્ષોની વચ્ચે શોભાયમાન, ગુલાબ, અશોક, આંબો, મહુડો, ઈંગુદ, લીંબડો આદિ વૃક્ષથી શોભાયમાન તથા ॥૧૨॥ પીંપળો, શાળવૃક્ષો, જાંબુડા, અર્જુનવૃક્ષો, કદંબનાં વૃક્ષો, બોરડીનાં વૃક્ષો, દેવદારનાં વૃક્ષો આદિ અને વનફળનાં વૃક્ષોથી શોભાયમાન ॥૧૩॥ જેમાં ફળો આવેલાં છે એવા કેળોના થાંભલાઓથી ત્યાં હજારોની સંખ્યામાં રમણીય ફૂલોનાં વૃક્ષોમાં લીલાં, લાલ પીળાં સફેદ, ખીલેલાં ખૂબ જ શોભા વધારતાં હતાં તથા લાલ, નીલ, પીળાં ખીલેલાં કમળોથી પણ ખૂબ જ શોભા થતી હતી, તેનાથી તે સરોવર મનોહર લાગતું. ॥૧૪॥ હંસો, જળકુકડી, બતકો જેમાં તરી રહ્યાં છે તથા મોર પક્ષીઓ નૃત્ય કરતાં થકાં ટહુકા કરી રહ્યાં છે. જે સરોવરનાં પગથિયામાં મણીઓ જડેલાં હોવાથી શોભા વધતી હતી તથા તે નારાયણ શર ઉપર જવાનો માર્ગ પણ ખૂબ જ સુંદર બનાવેલો છે. ॥૧૫॥ અનેક મહાપુરૂષોએ આ સરોવરના પવિત્રજળમાં પ્રવેશ કરેલ છે તથા જળનું પાન કરેલ છે તેથી પવિત્ર છે તેમજ તેની અંદર તરંગો ચાલ્યા કરે છે તેથી શોભાયમાન દેખાય છે. આ સરોવરનું જળ અંદરથી અને ઉપરથી ખૂબ જ શુદ્ધ છે તેથી તેમાં શાંતિથી પ્રેમપૂર્વક સ્નાન કરવાથી ખૂબ જ આનંદ આવે એવું સુંદર હતું. ॥૧૬॥ આ નારાયણ સરોવરમાં મહિમાપૂર્વક ઈષ્ટદેવનું સ્મરણ કરતા થકા સ્નાન કરે છે તે જીવાત્મા અક્ષરધામને પ્રાપ્ત કરે છે અને ભાવનાપૂર્વક આ સરોવરમાં જે કોઈ મનુષ્ય પોતાના પિત્રુઓનું તર્પણ વિધિ કરાવે છે તેના પિતૃઓ મોક્ષની ગતિને પામીને સ્વર્ગાદિ લોકને પામે છે. ॥૧૭॥ આવા શોભાયુક્ત નારાયણ સરોવરને જોતા થકા શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના પ્રિય સખાઓથી જેમ ગૃહ મંડળથી આકાશમાં ચંદ્ર વિટાયેલો રહે છે, તેમજ શ્રી ઘનશ્યામપ્રભુ સખાઓથી વીંટાયેલા છપૈયાપુરમાં પધાર્યા. ॥૧૮॥ જે નગર દરેક પ્રકારની સમૃદ્ધિથી ભરપૂર છે; જ્યાંના માર્ગો પાણી છાંટેલા પવિત્ર છે તથા ચોતરાઓ પણ પુષ્પોથીસજ્જ કરેલા હોય છે. પ્રત્યેક ઘરના ચોકમાં પુષ્પોનાં શોભાયમાન વૃક્ષો આવેલાં છે. ॥૧૯॥ વેદાધ્યાયનને આચરનારા બ્રાહ્મણોના મુખથી



મંત્રોચ્ચાર ગુંજી રહ્યા છે. જે નગરમાં ચારે વર્ણના મનુષ્યો નિવાસ કરી રહેલા છે. હાથી, ઘોડા, ગાયોના અવાજથી વાતાવરણ ગુંજાયમાન થઈ રહેલું છે. ॥૨૦॥ શ્રી લક્ષ્મીના સ્વામી શ્રીહરિના નિવાસથી તેના કારણે ત્યાંના નિવાસીજનો અતિશય આનંદ પામી રહ્યા છે. હારતોરાથી શોભા વધે છે. તથા ઘરોમાં ફૂલના ગુચ્છો તથા દિવાઓ તથા પાણીના ઘડા ભરેલા મૂકવાથી ખૂબ જ શોભા વધી રહી છે. ॥૨૧॥ હે રાજન ! સરયુપારિણ જ્ઞાતિના બ્રાહ્મણોની પત્નીઓ આનંદપૂર્વક શ્રી હરિકૃષ્ણ પ્રભુના ચરિત્રોના ગુણનું ગાન કરવાથી તેમજ ભક્તિના રસને લીધે તે છપૈયાપુરનાં માર્ગો અતિ સાંકડા લાગવા માંડ્યા છે. ॥૨૨॥ જ્યાં શ્રી હરિકૃષ્ણ, શ્રી ઘનશ્યામના જ શબ્દનો સર્વે મનુષ્ય જપ કર્યા કરે છે તથા પતિવ્રત્તા સ્ત્રીઓ પણ શ્રી હરિના ગુણને ગાતી થકી મોટા સમૂહમાં શોભાને વધારી રહ્યાં છે. ॥૨૩॥ અગર ચંદનના ધૂપના શેડોથી તેની સુગંધથી મનોહર લાગતું તથા શ્રી હરિ ઘનશ્યામ પ્રભુના પવિત્ર ચરણનો સ્પર્શ થયેલી છપૈયાપુરની ધૂળ પણ ખૂબ જ પવિત્ર થયેલી છે. ॥૨૪॥ હે રાજન ! જ્યાં ધર્મદેવનું ઘર છે તેને સર્વ પ્રકારની શોભાઓથી સજ્જ કરેલ છે. તથા જાતજાતનાં મનોહર ચિત્રો, રંગોળીઓ અને સુશોભિત પદાર્થોથી શણગારેલ છે. ॥૨૫॥ તે ધર્મદેવનું ઘર એવું લાગે છે કે જાણે સોનું અને રત્નો જડીને બનાવેલું હોય ને શું ! એવું તે અનેક પ્રકારની સમૃદ્ધિઓથી શોભાયુક્ત તથા આંગણામાં ગાયોની ખરીઓથી ઉડેલ રજથી તેનાં પગલાં શોભે છે. ॥૨૬॥ હે રાજન્ ! કેળોના થાંભલા, સોપારીનાં વૃક્ષો, તથા ફૂલોના વૃક્ષોની ડાળોમાં ફૂલો ખીલેલા હોવાથી ઘરનું આંગણું શોભે છે. તથા તેના સ્પર્શવાળો પવન પણ સુગંધવાળો થઈને શીતળ વહી રહ્યો છે. ॥૨૭॥ મનોહર યજ્ઞની વેદીકાઓથી તથા મેના, પોપટના મુખે જ્યાં શ્રી હરિ, નારાયણ, રામકૃષ્ણ એ પ્રમાણે સતત જપ કર્યા કરે છે. ઉંચે શ્વરે બોલ્યા કરે છે. ॥૨૮॥ છપૈયાપુરમાં પવિત્ર સુંદરનિવાસોમાં અનેક દેવો પણ નિવાસ કરીને રહેલા છે. એવી અતિશય શોભાથી પવિત્ર નગરીમાં પોતાના મોટા પરિવારોની સાથે શ્રી ધર્મદેવ

પણ નિવાસ કરે છે. ॥૨૯॥ જ્યાંનાં મંદિરો પોતાની ભવ્યતાથી દેવલોકના મંદિરોને પણ ઝાંખા પાડે છે, એવા ત્રણ શિખરવાળા જે મંદિરમાં શીખર ઉપર ગગનને સ્પર્શ કરતી હોય ને શું તેમ ઊંચી જાતિઓ તથા શીખરની ટોચ ઉપર સોનાના કળશોની શોભા તે દેવતાઓના કળશો અને ધજાઓને તીરસ્કારે છે. અતિશય સુંદર છે. ॥૩૦॥ જે મંદિરનાં કાંગરાઓ ચાંદી તથા મણિ આદિ જડીને સજ્જ કરેલ છે તે સોનામાં નીલમણી જડયાં હોય તેવાં શોભે છે. તે મંદિરની સીડીના પગથિયામાં વૈદુર્ય મણિ જડીને ખૂબ જ કલાકૃતિ કરીને બનાવેલાં ખૂબ જ શોભા આપે છે એવો માર્ગ છે તથા મંડપ પણ ॥૩૧॥ મણિઓની શોભાવાળા થાંભલાઓ જ્યાં ઉભા કરેલ શોભે છે જાણે જાંબુનગની મનોહર હજારી શિલાઓ લગાડેલ છે. તેને મુક્ત મણિઓ લગાવવાથી તે અતિશય મનોહર લાગે છે. જેમ કે જયાં મણિઓથી પ્રતિમાઓ બનાવેલી હોય તેમ ખૂબ જ શોભે છે. ॥૩૨॥ મંદિરના દરવાજાની બારશાખો વૈદૂર્યમણીથી બનાવેલી હોય તેમ તે મંદિરના દરવાજા શોભાવાળા, તેની ઉપર તોરણો તથા સોનાના તથા ચાંદીનાં પાંદડાંઓ બનાવીને રચના કરીને બાંધવાથી શોભા વધારે છે. ॥૩૩॥ સોનાના કમાડો ઉપર રત્નો જડેલાં, તેમાં સુંદર કળાત્મક જડતર કરેલ, તેમાં બનાવેલા મોર, માછલી, કાચબા આદિનાં ચિત્રો ખૂબ જ સુંદર રીતે ઉપસાવેલા શોભે છે. એવા દ્વારવાળાં. ॥૩૪॥ તે દ્વારો ઉપર પડખે દ્વારપાળો બનાવેલા છે, તે જે જગ્યાએ ઊભા છે; તેની ઉપર પક્ષીઓના સમૂહો બનાવેલા શોભાયમાન થાય છે. ત્યાં અગર ચંદનનો ધૂપ નીકળે છે. તે દ્વાર ઉપરથી આવનારને તે ધૂમાડો મનને આનંદ પમાડે છે. ॥૩૫॥ એવા સુંદર મંદિરમાં સોનાના સુંદર કલાકૃતિવાળા સિંહાસનમાં ધર્મદેવ, ભક્તિમાતા તેમની સાથે શ્રીહરિકૃષ્ણ ભગવાન શોભા આપી રહ્યા છે. તથા તેમનાથી પૂર્વ તરફના મંદિરમાં કુંજબિહારી, રાધિકાજી, સૂર્યનારાયણદેવ, આ પ્રમાણે બિરાજીત દેવો ભકતજનોને દર્શન સુખ આપતા થકા સર્વની મનોકામનાઓને પૂર્ણ કરે છે. ॥૩૬॥ હે રાજન ! દેવલોક કરતાં શ્રેષ્ઠ



એવા પ્રસિદ્ધ છપૈયાપુર ધામમાં ભવ્ય શ્રી હરિના મંદિરમાં ઉપરોક્ત છ દેવોનાં સ્વરૂપો બિરાજમાન રહીને ખૂબ જ ખ્યાતિને પમાડે છે. ॥૩૭॥ તેજ નગર છપૈયાપુરમાં શ્રી ઘનશ્યામ મહારાજ નિવાસ કરીને રહેલા છે, તે છતાં છપૈયાપુરવાસીજનોને શ્રી ઘનશ્યામને પોતાની દષ્ટિથી નીરખ્યા સિવાય એક ક્ષણ જો વીતી જાય છે તે પણ એમને જાણે એક યુગ આખો વીતી ગયો છે, તોય ઘનશ્યામનાં દર્શન ન થયાં એવું જણાય છે. ॥૩૮॥ સર્વના આત્મા એવા શ્રી અક્ષરધામાધિપતિ શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાની બાળલીલાઓનાં અલૌકિક ચરિત્રો કરીને પોતાના માતાપિતાને તથા પોતાના નિકટ સંબંધીઓને ખૂબ જ આનંદ આપીને ખૂબ જ સુખ આપતા હતા. ॥૩૯॥ શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાની બાલ્યઅવસ્થામાં પોતાના બાલ સખાઓની સાથે ખૂબ જ મનોહર બાળચરિત્રો કરીને સર્વેને, પોતાના મિત્રોને સુખ આપ્યું ત્યાર પછી પૌગંડ અવસ્થામાં શ્રી હરિકૃષ્ણ પ્રભુ પોતાના સંબંધિઓ તથા માતાપિતાની ઈચ્છા મુજબ વર્ણાશ્રમ ધર્મમુજબ ઉપવિત સંસ્કારને ગ્રહણ કરતા હતા. ત્યાર પછી પોતાના માતા શ્રી ભક્તિમાતાને ઘનશ્યામ પ્રભુએ શુભગતિને પમાડ્યાં ॥૪૦॥ હે રાજન્ ! પોતાના માતાપિતા જ્યારે બ્રહ્મગતિને (મુક્તિ) પામ્યા ત્યારે શ્રી ઘનશ્યામને આ સંસારમાંથી અતિશય વૈરાગ્ય થઈ ગયો એટલે પોતાના ઘરનો ત્યાગ કરીને નીકળી ગયા. ॥૪૧॥ જે મનુષ્ય શ્રી ઘનશ્યામ મહારાજની બાળલીલાનું કથાનું તેમજ જે ભક્તજન આ છપૈયાપુરમાં રહીને શ્રદ્ધાપૂર્વક ભક્તિભાવથી ગૌઘાટનાં ચરિત્રો અથવા છપૈયાપુરનાં કે જંગલમાં જે ચરિત્રો કર્યાં તેની કથા સાંભળશે તે જીવાત્મા અથવા કોઈ શ્રદ્ધાપૂર્વક કોઈને આ કથા સંભળાવશે તે જીવાત્મા પોતાના જન્મજન્માંતરના સર્વે પાપોથી મુકત થઈને શ્રી બ્રહ્મધામને પામે છે. ॥૪૨॥

**આ પ્રમાણે ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિ લીલા સુધાકરમાં છપૈયાપુર બ્રહ્મ લીલા વર્ણન નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥**

## ॥ અધ્યાય - ૧૫ ॥

**રાજ બોલ્યા** : હે સર્વ બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મમુનિ ! શ્રીનારાયણના સ્વરૂપમાં તન્મય રહેનારા હે સ્વામી ! આપ મને શ્રીહરિકૃષ્ણ મહારાજની નવી જે કથા હોય તે કહો ॥૧॥ જેના ગુણોને દેવી સરસ્વતી પણ ગાઈ ગાઈને પાર પામી શકતી નથી. તેની કરેલી લીલાઓને વેદની શ્રુતિઓ પણ ગાયા કરે છે; પણ પૂર્ણતાને નથી પામી શકતી; એવા શ્રી હરિકૃષ્ણ પ્રભુના ચરિત્રોનું શ્રદ્ધાથી જે ભજનકીર્તન કરે છે. ॥૨॥ જેનું મન છે તે મનથી શ્રી કૃષ્ણ પ્રભુનું સ્મરણ કરે છે અને મસ્તક શ્રી હરિને નમન કરે છે અને જે આંખોથી સર્વરૂપ ગુણના સ્વામી શ્રી હરિ ભગવાનનાં દર્શન કરે છે. તેની આંખો ધન્ય છે. ॥૩॥ જે પગથી શ્રી હરિ પ્રભુના લીલાતિર્થોની યાત્રા કરે છે તેનાં અંગો શ્રેષ્ઠ છે તથા બુદ્ધિ, ઈન્દ્રિયોને ભગવાનના સ્વરૂપમાં જોડીને જે સત્પુરૂષ શ્રી હરિનું નિત્ય પ્રત્યે ધ્યાન ભજન કર્યા કરે છે તે જ ભગવાનના ચરણના આશ્રિત થઈ જાય છે. ॥૪॥ હે સ્વામી ! હમણાં જ તમે કહ્યું કે, શ્રી હરિએ પોતાના પિતા પાસેથી ઉપવીતને ધારણ કરી ત્યાર પછી માતા,પિતાને ઉત્તમ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપીને એમને સ્વરૂપનો દ્રઢ ઉપદેશ આપ્યો, મોક્ષ આપ્યો. ॥૫॥ ત્યાર પછી પોતાના સંબંધીઓ તથા પોતાના ઘરનો ત્યાગ કરીને શ્રી હરિ વનમાં પધાર્યા. આદિની જે કથા સંભળાવવામાં બાકી હોય તે કથા આપના મુખથી જ શ્રી હરિએ જે બીજાં ચરિત્રો કર્યાં છે તે મને સંભળાવવા કૃપા કરો ॥૬॥ તે શ્રી હરિના બીજા બધા ચરિત્રોની કથા વિસ્તાર પૂર્વક મને આપ સંભળાવો. જેથી કરીને સાંભળવાથી મારી વૃત્તિ શ્રી હરિના ચરણકમળમાં દઢતાથી જોડાયેલી રહે એટલી મારી ઉપર કૃપા કરો. ॥૭॥ હે સ્વામી ! આપના મુખથી શ્રી હરિના ચરિત્રોની કથા સાંભળવાથી તૃપ્તિ તો થતી જ નથી. તેથી બીજાં શ્રી હરિનાં ચરિત્રરૂપી અમૃતનું મને પાન કરાવો ॥૮॥ દેવો અને મનુષ્યોના જીવનનું ફળ તો એ જ છે જે શ્રી હરિની લીલાચરિત્રોનું શ્રવણ કરવું તથા શ્રી હરિના સ્વરૂપનો આશ્રય કરીને એમના ચરણકમળમાં



વંદન કરવાં. ॥૯॥ **તદ્રુપાનંદ સ્વામી બોલ્યા** : ! હે ભક્તરાજ ! રામસંગ રાજાનાં આવાં ભાવપૂર્ણ વચનોમાં ભળીને બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિની મૂર્તિનું અનુસંધાન રાખીને તેના ચરિત્રોનું સ્મરણ કરીને ભગવાનના સ્વરૂપનું દઢતાથી ધ્યાન કરવા લાગ્યા. સુખ પ્રાપ્ત કરીને તત્કાળ સમાધિમાંથી બહાર આવી જાગ્રત થયા અને કહેવા લાગ્યા ॥૧૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : હે રાજન્ ! જયસિંહ ભક્તે મુકતાનંદ સ્વામીને જે પ્રશ્ન પૂછ્યા હતા તેને મહાબુદ્ધિશાળી મહાજ્ઞાની શ્રી મુક્તાનંદ સ્વામીએ જે ઉત્તર આપેલા હતા** તેનું જ હું સ્મરણ કરીને કહું છું. ॥૧૧॥ હે રાજન્ ! ધર્મદેવની સુખ સમૃદ્ધિ જોઈને મહાદુષ્ટ બુદ્ધિવાળા આસુરી આત્માઓ ધર્મદેવના ઘરમાંથી સર્વે સામગ્રીને ચારેબાજુથી તોડીફોડીને લૂંટીને લઈ ગયા તથા બીજી પણ અનેક પ્રકારે પીડા આપવા લાગ્યા ત્યારે ॥૧૨॥ ધર્મદેવ પુત્ર શ્રી ઘનશ્યામ પ્રભુના સુખ કલ્યાણ માટે ઈચ્છા રાખનારા હોવાથી મોટા પુત્ર શ્રી રામપ્રતાપની સાથે વિચાર વિમર્શ કરીને આવી રીતે મનમાં નક્કી કર્યું. ॥૧૩॥ નિતિશાસ્ત્રમાં કહેલું છે કે, જ્યાં સુખ શાંતિ ન રહેતી હોય, અનેક પ્રકારની ઉપાધિ આવતી હોય તો તે સ્થાનનો તત્કાળ ત્યાગ કરો. આ નિયમ મુજબ આપણે આ જગ્યાએથી ક્યાંક બીજે જતા રહીએ તો ખૂબ જ શાંતિ થઈ જાય. ॥૧૪॥ આ પ્રમાણે વિચાર કરીને તે ધર્મદેવ ઘરનો સર્વે સામાન વસ્તુઓ ઘરમાંથી ભેગી કરીને ગાડામાં ભરીને ગાડામાં બેસીને સર્વે છપૈયા પુરથી અયોધ્યાપુરી તરફ જવા લાગ્યા ॥૧૫॥ હે રાજન્ ! ભક્તિમાતા, સુવાસિનીભાભી અને ઘનશ્યામ મહારાજની સાથે એક ગાડામાં બેઠા. ઘનશ્યામ પ્રભુ તો અલંકારને ધારણ કરેલા ખૂબ જ શોભાયમાન લાગતા હતા. ॥૧૬॥ ધર્મદેવ અને રામપ્રતાપભાઈ બન્ને ઘોડાઓ ઉપર બેસીને માર્ગમાં શ્રી હરિકૃષ્ણ મહારાજનાં ગુણગાન ગાતા થકા પ્રેમપૂર્વક જતા હતા ॥૧૭॥ માર્ગમાં જતાં વચમાં મનોરમા (સરયૂ) નદી આવી. એટલે સર્વ નદીઓમાં આ શ્રેષ્ઠ નદીને જોઈને બાલશર્માના પુત્ર ધર્મદેવ ત્યાં નદીના કાંઠે વિશ્રામ કરવા રોકાઈ ગયા. અને પવિત્ર શુદ્ધજળથી

હાથમુખ ધોયાં. ।।૧૮।। હે રાજન ! ખીલેલાં કમળો નદીની શોભા વધારી રહ્યાં છે. તથા નદીના કાંઠા ઉપર સુંદર વૃક્ષો ઘેરાયેલાં છે. એવી મનોહર નદીમાં ધર્મદેવે પરિવારની સાથે સ્નાન કર્યા. ।।૧૯।। માર્ગમાં મખોડા નામના તીર્થરાજના કાંઠા ઉપર દક્ષિણે પીપળા નીચે બેસીને ધર્મદેવે પુત્ર ઘનશ્યામને મસ્તકનું મુંડન કરાવરાવ્યું. ।।૨૦।। ત્યાર પછી તીર્થમાં પરિવારની સાથે સ્નાન કરીને ત્યાં પરિવાર સહિત સર્વેએ ભોજન કર્યાં અને આનંદપૂર્વક વિશ્રાંતિ કરીને ત્યાર પછી બ્રાહ્મણોને ભોજન કરાવીને તેમને હજારોની સંખ્યામાં ગાયોનાં દાન કર્યાં. ।।૨૧।। ત્યાર પછી ધર્મદેવ માર્ગમાં પરિવારની સાથે આગળ ચાલ્યા આગળ મહાપુણ્યવાળી ભગવાન રામચંદ્રજીની કીર્તિ વિસ્તારનારી અયોધ્યા નગરીમાં આવ્યા ।।૨૨।। તે નગરીને કમળલોચન શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ જોતા થકા તે નદીના જળને સ્વદૃષ્ટિના સ્પર્શથી પવિત્ર કરતા હતા તથા તે નગરના મોટા મોટા મનોહર કલાકૃતિ વાળા મણિ મુક્તાફળો જડેલાં સોનાના જડતરવાળાં શોભાવાળાં નગર દ્વારનાં કમાડ જોયાં ।।૨૩।। ત્યાં સીતાના સ્વામી રામચંદ્રજી ભગવાનનાં મંદિરો અને તેની ઉપર ફરકતી ધજાઓ જોઈ જેનાથી નગરના મનુષ્યોનાં તાપનું નિવારણ થાય છે. નગરના માર્ગો ઉપર સુગંધયુક્ત જળના છંટકાવ કરેલ છે. માર્ગ ઉપર ચોતરાઓમાં પુષ્પોની પાંખડીઓ પાથરેલ છે તથા ચોખા પથરાયેલ એવી નગરી જોઈ ।।૨૪।। અયોધ્યાનગરીના દ્વારની આગળ સોનાના મુકેલા કળશો વડે તથા અગરનો ધૂપ કરવાથી સુવાસને ફેલાવાથી શોભા ખૂબ જ વધે છે તથા દીવાઓની સરખી હારમાળા નદીના જળમાં તેનો પ્રતિબિંબ પડે છે. તેથી નદીની પણ શોભા વધે છે તેવો પ્રકાશ પડે છે. ।।૨૫।। અયોધ્યાનગરીમાં શ્રી ધર્મદેવના પુત્ર રામપ્રતાપ તથા શ્રી હરિ ઘનશ્યામપ્રભુને જોવા માટે તે નગરની સ્ત્રીઓ પોતે ઘરના કામકાજને જેમનાં તેમ પડતાં મૂકીને તથા દેહની શુધબુધને ભૂલી જઈને માર્ગમાં ચાલતા શ્રી હરિને જોવા માર્ગ ઉપર ઉભાં રહી ગાયાં ।।૨૬।। તેમાં કેટલીક સ્ત્રીઓ સ્નાન કરતી કરતી આવી, કેટલીક ભોજન કરતી, કરાવતી આવી, કેટલીક



વાસણ સાફ કરતી અને કેટલાક ઘરમાં પોતું કરતી ત્યાં આવી, કેટલીક સ્ત્રીઓ કાનનાં આભુષણને એક કાનમાં ધારેલ એકબાજુ રહી ગયેલ એ સ્થિતિમાં ત્યાં આવ્યાં હતાં. ।।૨૭।। હે રાજન્ ! કેટલીક સ્ત્રીઓ પગમાં મેંદીથી રંગ કરતી હતી. તે એક પગમાં બાકી રહી ગયા હતા તોય ત્યાં આવી, કેટલીક એક પગમાં ઝાંઝર પહેરેલ એવી સ્થિતિમાં ત્યાં શ્રી હરિને જોવા આવી ગયાં હતાં. ।।૨૮।। કેટલીક સ્ત્રીઓ જમીનથી ઉંચા મકાનો ઉપર ચડીને મંદહાસ્ય મુખ કમળવાળા, કરૂણામય દૃષ્ટિવાળા, સોના જેવા પીળા વસ્ત્રોને ધારણ કરેલા, સોનાના પુષ્પોની માળા ધારણ કરેલા (હારોને) એવા નારાયણ પ્રભુ સર્વ ગુણોના ભંડાર શ્રી સર્વના આદિ એવા શ્રી હરિકૃષ્ણ ભગવાનને જેમનાં ચરણકમળને અનંત મુક્તો સેવી રહ્યા છે. એવા તે શ્રી હરિનું તે નગરની સ્ત્રીઓએ પોતાના નેત્રો વડે દર્શન કરીને સન્માન કર્યું. ।।૨૯-૩૦।। શ્રીહરિ પોતાની દૃષ્ટિથી નગરજનોને પવિત્ર કરતા થકા તે નગરની મનોહરતાને જોતા થકા તેની પ્રશંસા કરતા થકા માતાપિતા તથા મોટાભાઈ રામપ્રતાપની સાથે શ્રી હરિ પ્રભુ ''બર્હટા'' નામના સ્થાનમાં ગયા. ।।૩૧।। હે રાજન્ ! ત્યાં પોતાના ઘરમાં ધર્મદેવ પુત્ર, અને પત્નીઓની સાથે નિવાસ કરીને રહેતા હતા. નિત્ય પ્રત્યે નદીમાં સ્નાન કરીને સમયે, સમયે પોતાના ધર્મ પ્રમાણે દેવકર્મ, પિતૃકર્મ તેને યોગ્ય રીતે કરતા હતા. ।।૩૨।। ત્યાં ધર્મદેવ વેદમાં કહેલ ગૃહસ્થાશ્રમીના ધર્મનું પાલન કરતા થકા ભાગવત ધર્મનું પાલન કરતા તેનું શ્રવણ કરીને પોતાના આચરણમાં ઉતારીને શ્રીમદ્‌ભાગવતની કથા સંભળાવતા થકા લોકોને સાચા ધર્મની શિક્ષા આપતા હતા. ।।૩૩।। જ્યારે શ્રી હરિ ઘનશ્યામ પ્રભુની ઉંમર પાંચ વરસની થઈ તે વરસે ભક્તિ માતાએ શ્રી હરિની ભક્તિ કરતાં થકાં માઘમાસમાં ત્રીજા પુત્ર ઈચ્છારામ પુત્રનો જન્મ થયો. ।।૩૪।। શ્રી ઘનશ્યામ પ્રભુએ મોટાભાઈ રામપ્રતાપજીની સાથે અયોધ્યાનગરીને જોઈને તથા પવિત્ર સરયુ નદીને જોઈને તથા સુંદર અતિ પવિત્ર દેવમંદિરો જોઈને શ્રી હરિ ખૂબ જ આનંદ પામી ગયા. ।।૩૫।। સર્વ ઈશ્વરોના ઈશ્વર એવા

શ્રી ઘનશ્યામ પ્રભુ દરરોજ ત્રણ વાર સરયુ નદીમાં સ્નાન કરીને તે નદીના તટ ઉપર દેવસ્થાનોમાં તીર્થોને પાવન કરવા માટે શ્રીહરિકૃષ્ણ પ્રભુએ ત્યાં પરિભ્રમણ કરીને પવિત્ર કર્યાં. ॥૩૬॥ સર્વગુણના સાગર એવા શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ કાયમ સ્નાન કર્યા પછી સંતોનો સમાગમ કરતા હતા તથા નિત્ય ભાગવત કથાનું શ્રવણ કરીને સર્વ લોકોને કૃપા કરીને સમજણ આપતા હતા. ॥૩૭॥ શ્રી ઘનશ્યામ પ્રભુ અક્ષરધામના અધિપતિ હોવા છતાં પણ સર્વજીવ પ્રાણીમાત્રનું કલ્યાણ કરવા માટે તથા ભગવદ્ ભક્તોનું અસુરો થકી રક્ષણ કરીને તે સર્વે અસુરોના નાશ કરવા માયાભૂત આ પૃથ્વી ઉપર મનુષ્ય અવતારને ધારણ કરીને વિચરી રહ્યા છે. ॥૩૮॥ હે રાજન્ ! ધર્મદેવના પુત્ર શ્રી હરિકૃષ્ણપ્રભુ પરાત્પર નારાયણ સર્વજગતનું સર્જન કરનારા અને તેનું પાલન કરનારા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સર્વજીવ પ્રાણી ઉપર દયા કરીને તેમના અજ્ઞાનનો નાશ કરતા થકા અયોધ્યા નગરીમાં વિચરણ કરતા હતા. ॥૩૯॥

**આ પ્રમાણે શ્રી ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ મુનિએ રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિ લીલા સુધાકરમાં પોતાના પુત્રો સાથે શ્રી ધર્મદેવ ભક્તિમાતાનું અયોધ્યા પુરીમાં આગમન થયું એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥**

## ॥ અધ્યાય - ૧૬ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** હે રાજન્ ! હું શ્રી હરિ ઘનશ્યામ પ્રભુની બાળલીલાની આગળની કથા કહું છું. તેને તમે સાંભળો. જે કથાને પ્રેમપૂર્વક સાંભળવાથી મનુષ્ય માયિક સાંસારીક ગુણોનો ત્યાગ કરી દે છે એવી પવિત્ર આ કથા છે. ॥૧॥ કથા સાંભળીને માયાથી પર થયેલા જીવાત્મા નારાયણ પરાયણ થઈને નિર્મળ થઈ વૈરાગ્યવાન થઈને નિર્ગુણ બ્રહ્મસ્થિતિવાળા થઈને શ્રી હરિના એકાત્મપણાને પામેલા જીવો પણ



(મુક્તો) શ્રી હરિની કાયમ ભક્તિ કર્યા કરે છે. ॥૨॥ હે રાજન્ ! પોતાના પ્રેમીભક્તોની ઉપર પ્રસન્ન થઈને શ્રી ઘનશ્યામ પ્રભુ એક દિવસ અયોધ્યાનગરીમાં નિવાસ કર્યા પછી પોતાની સમાન વયના બાળમિત્રોની સાથે રમતો કરીને ભક્તોને સુખ આપતા હતા. ॥૩॥ એક વખત મોટાભાઈ રામપ્રતાપનાં પત્ની સુવાસિનીભાભી ઘનશ્યામ પ્રભુને માટે ભોજન બનાવવા માટે રસોડામાં કામ કરતાં હતાં ત્યારે પોતાની અંગુઠીને કાઢીને એકાંતમાં મૂકેલી હતી. તેને શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ચોરી છૂપીથી આવીને ઉપાડીને લઈને જતા રહ્યા. ॥૪॥ ત્યાર પછી પોતાના મિત્રોની સાથે આનંદિત થતા થકા કંદોઈ (મીઠાઈ) ની દુકાને જઈને તે અંગૂઠી આપીને તેના બદલામાં સાકરયુક્ત પેંડા, જલેબી, ખાજાં, મૈસુબા આદિ બધી મીઠાઈ લઈને ગયા ॥૫॥ ત્યારે શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના મિત્રોની વચ્ચોવચ્ચ બેસીને તે સર્વે બાલ મિત્રોને આગ્રહપૂર્વક ખૂબ મીઠાઈ ખવડાવી પોતે પણ ખાધી. આ તો શ્રીહરિ પૂર્ણ કામ હોવા છતાં ભક્તજનોને સુખ આપવા માટે પોતે બાળકોની સાથે રમતો રમીને અદ્ભૂત ચરિત્ર કરતા હતા. ॥૬॥ આ બાજુ ઘરમાં રસોઈનું કામ પતાવીને સુવાસિની ભાભી રસોડામાંથી બહાર આવવા લાગ્યાં ત્યારે એમને પોતાની અંગુઠી યાદ આવી, લેવા ગયાં પણ ત્યાં અંગુઠટી હતી નહી, તેથી તેમને ખુબ જ ચિંતા થવા લાગી. ॥૭॥ વિચાર કર્યા પછી એમણે મનમાં નક્કી કર્યું કે આ સર્વ પરાક્રમ બાલ પ્રભુ ઘનશ્યામનાં જ છે એ પ્રમાણે વિચારીને પોતાનાં સાસુજી ભક્તિમાતાની પાસે જઈને અંગુઠી ચોરાઈ ગઈ તેનું સર્વ વૃત્તાંત કહ્યું. ॥૮॥ હે માતા ! હું જ્યારે રસોડામાં રસોઈ કરવામાં એકાગ્ર થઈને રસોઈ બનાવી રહી હતી તે સમયે મેં અંગુઠી કાઢીને સારી જગ્યાએ મુકેલી હતી, તે સમયે આપના પુત્રી શ્રી ઘનશ્યામ લાલા પોતાના મિત્રોની સાથે ગુપ્ત રીતે અહીંયા આવ્યા હતા. ॥૯॥ ત્યારે તેમણે મારી સાથે પ્રેમ ભરી મીઠી મીઠી વાતો કરી ને તેઓ શ્રીઘનશ્યામ પ્રભુ મારી અંગુઠી છાની માની ઉપાડી લઈને ગુપ્ત રીતે મારી પાસેથી ચાલ્યા ગયા હતા. તેમણે અંગુઠીનું

શું કર્યું હશે તે હું જાણતી નથી ॥૧૦॥ શ્રી ભક્તિ માતા પુત્રવધુ સુવાસિનીનું વચન સાંભળીને ત્યાર પછી પોતાના પુત્ર ઘનશ્યામનો હાથ પકડીને કહ્યું કે હે પુત્ર ! ક્યારેય પણ કોઈનું ધન પદાર્થ ચોરી છુપીથી લેવાય નહીં. ॥૧૧॥ અને જો આ વાતને આપણા નગરનો રાજા જાણી જાય ને તો આપણને દંડ કરશે અને આપણા ઘરમાં તો ધન સંપત્તિ ઘણી છે તેથી હે પુત્ર ફરીથી આવી રીતે કર્મ કરીશ નહીં. આ પ્રમાણે માતાએ પુત્રને સમજાવ્યા. ॥૧૨॥ ત્યાર પછી કહેવા લાગ્યાં હે પુત્ર ! જો તેં આ તારી ભાભીની અંગુઠી લીધી હોય તો પાછી આપી દે, કેમ કે આ કર્મ તો લોકમાં નિંદા કરવા જેવું છે તેથી જો તારું આવું ખરાબ કર્મ છે એ પ્રમાણે લોકો જાણશે તો તને કોઈ પોતાની પુત્રી (કન્યા) પણ નહીં આપે. ॥૧૩॥ આવી રીતનાં માતાનાં વચનો સાંભળીને શ્રી હરિ પોતાની માતાને હસતાં કહ્યું કે હે મા, આ લોકો મને સૌથી નાનો બાળક જાણીને દબાવવા માટે જુઠું જુઠું બોલે છે ॥૧૪॥ હે મા ! મને બાળક સમજીને મને આ દરરોજ ગાળો બોલે છે, કોણ જાણે એમની અંગુઠી કોણ લઈ ગયું છે, મને કાંઈ ખબર નથી. ॥૧૫॥ જો મારું કહેવું ન મનાતું હોય તો મારી મુઠી જુઓ, હું મારી મુઠી ખોલું છું. આ રીતે બતાવ્યું, ત્યારે પ્રભુને સાંભળતાં જ સુવાસિની ભાભી ભક્તિ માતાને કહેવા લાગ્યાં. ॥૧૬॥ હે મા ! આપનો આ પુત્ર ઘનશ્યામ લાલો જે બોલે છે તે હળાહળ જુઠું જ બોલે છે અને તે અંગુઠી લઈ જઈને તેને વેચીને કાંઈક વસ્તુ લીધી હશે. ॥૧૭॥ એણે મિઠાઈ લઈને પોતાના મિત્રોને ખૂબ ખવડાવી દીધી છે, અને બીજાને પણ ખવડાવી છે, એ એમના મોટા ભાઈને પહેલાં એમણે વાત કરેલી છે તે એમને તમે પૂછી જૂઓ તો સત્ય જણાય. ॥૧૮॥ આવી રીતના સુવાસિની દેવીના શબ્દો સાંભળીને ભક્તિ માતા હસતાં થકાં પોતાના પુત્ર શ્રી ઘનશ્યામને કહેવા લાગ્યાં કે હે પુત્ર ! હવેથી આજ પછી ક્યારેય પણ આવું ખરાબ નિંદ્યકર્મ તારા હાથે કોઈના દ્વારા કરીશ નહીં. આ રીતે ઠપકો આપીને સમજાવ્યા. ॥૧૯॥ હે રાજન્ ! એક દિવસ ઘનશ્યામ મહારાજ મલ્લક્રીડા જોવા માટે



ગયા ત્યારે ત્યાં મોટા મોટા મલ્લો સિંહની માફક એકબીજાની સાથે દ્વંદ્વ યુદ્ધ કરતા હતા. તેમની સાથે શ્રીહરિએ પણ કુસ્તી કરી. ॥૨૦॥ ગંભીરતાપૂર્વકનું છટાદાર, ઉદાર, તેજસ્વી એવું અદ્‌ભુત પરાક્રમયુક્ત શ્રીહરિને જોઈને તે મલ્લોને આશ્ચર્ય થયું ત્યારે તે મલ્લમાં આગેવાન મલ્લો શ્રી હરિ પાસે આવ્યા. ॥૨૧॥ ત્યારે ભવાની દીન અને દેવી દીન બંને મલ્લો, બીજા મલ્લો પણ ભેગા મળીને શ્રી ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યા અને કહ્યું કે અમારી બંનેની સાથે મલ્લ યુદ્ધ કરો.॥૨૨॥ તે ભવાની દીન આદિ મલ્લોનાં વચનો સાંભળીને શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ તેમને કહ્યું કે તમે તો બહુ જ મોટા યોદ્ધા છો અને હું તો બાળક છું. આવા મહાકાય ભયાનક યોદ્ધાઓની સાથે મલ્લ કુસ્તી કરવી તે અમને યોગ્ય નથી લાગતું. ॥૨૩॥ ત્યારે શ્રીહરિના કહેલાં વચનો સાંભળીને ભવાની દીન નામનો મલ્લ બોલ્યો કે હે ઘનશ્યામ ! તમારી અંદર તો ખૂબ જ બળ અને શૌર્ય, ઓજસ્ આદિ છે. તેથી આપને કોઈ યોગ્ય અયોગ્ય કહેવાનું હોય જ નહીં. ॥૨૪॥ ત્યારે ફરીથી ભવાની દીને કહ્યું હે ઘનશ્યામ, હે ધર્મપુત્ર ! આપ મારી સાથે યુદ્ધ કરો. આ પ્રમાણે ફરીથી તે મલ્લના વચન સાંભળીને હાસ્ય કરતા થકા શ્રી હરિપ્રભુ તે ભવાની દીન મલ્લની સાથે મલ્લ યુદ્ધ કરવા લાગ્યા. ॥૨૫॥ તે ભવાની દીન મલ્લની સાથે તેની ભુજાઓની સાથે શ્રી હરિ પોતાની ભૂજા (હાથ)થી, પગની, સાથે પગથી તથા આંગળીઓની સાથે આંગળીઓ ભીડાવીને તેઓની સાથે મલ્લયુદ્ધ કર્યું. ॥૨૬॥ શ્રી હરિ પોતાના મસ્તકથી તે મલ્લના મસ્તક સાથે બન્ને મસ્તકો ભીડાવીને ખૂબ શૌર્ય અને બળથી ખૂબ જ દબાવતા થકા ખૂબ જ સુંદર રીતે પરાક્રમપૂર્વક બન્નેએ અતિ મનોહર મલ્લ યુદ્ધ કર્યું. ॥૨૭॥ ત્યારે તે મલ્લશ્રેષ્ઠ ભવાની દીન મલ્લનો હાથ શ્રી હરિએ પોતાની કળાથી ભાંગી નાંખ્યો ત્યાર પછી દેવી દીન નામના મલ્લની સાથે યુદ્ધ કરીને થોડા સમયમાં જ શ્રી હરિ ઘનશ્યામ પ્રભુએ તેને પણ બાહુ ભાંગીને જીતી લીધો ॥૨૮॥ ત્યાર પછી તે બન્ને મલ્લોએ જાણી લીધું કે આપણી સાથે જે કુસ્તીની પરીક્ષા કરનારા

તો સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા સર્વના કારણ એવા સાક્ષાત નરનારાયણ ભગવાન એવા સાક્ષાત શ્રી કૃષ્ણ પ્રભુ સ્વયં પધાર્યા એ પ્રમાણેનો મનમાં નિશ્ચય કરીને સ્તુતિ કરવા લાગ્યા. ॥૨૯॥ **મલ્લો બોલ્યા** : હે પ્રભુ ! સર્વ પ્રકારના સુખ સંપત્તિ આદિ ઈચ્છાઓને પૂર્ણ કરનારા, અનંત મુનિઓ વડે વંદન કરાયેલા અર્થાત સર્વના વંદનીય, અક્ષરધામમાં અખંડ નિવાસ કરીને રહેલા સર્વ ઈન્દ્રિયોના કારણ અધિષ્ઠાતા હે નારાયણ ! આપના ચરણમાં પદ્મ, અંકુશ, યવ, આદિ ચિન્હોના કારણે હે દયાળુ ! આપ અમારા હૃદયમાં નિવાસ કરીને અમને અખંડ આપની સ્મૃતિ રહે એવી અમારી ઉપર કૃપા કરો. ॥૩૦॥ એ રીતે તે બન્ને મલ્લોને જીતીને શ્રી ઘનશ્યામ મહારાજ ત્યાંથી પોતાના ઘેર ગયા ત્યાર પછી ભક્તિમાતાએ એમને સુંદર ભોજન આપ્યું તેને આરોગીને ત્યાર પછી સુંદર રાત્રિમાં - શય્યામાં શયન કરવા લાગ્યા ॥૩૧॥ ત્યાર પછી સવારના પહોરમાં શ્રી નારાયણ પ્રભુ, અક્ષરધામના ધામી પોતાના મનમાં પૃથ્વી ઉપર આવવાનું કારણ એવા અધર્મી આસુરીવૃત્તિવાળા સર્વે દૈત્યનો નાશ કરવાનો વિચાર કરીને શ્રી ઘનશ્યામ પ્રભુ ઘેરથી નીકળી ગયા. ॥૩૨॥ તે શ્રીહરિ કાયમ સરયૂમાં સ્નાન કરવા જતા તે આજે પણ મખોડા તીર્થમાં જઈને તે મનોરમા નદીના પવિત્ર જળમાં કાયમ સ્નાન કરતા હતા ત્યાં જ સ્નાન કરવા પધાર્યા તે સ્થળ ખૂબ જ પવિત્ર અને સુશોભિત રહે છે. ॥૩૩॥ તે મખોડા તીર્થના આરે શ્રી હરિકૃષ્ણ પ્રભુએ સ્નાન કરી લીધું ત્યારે પોતાના પૂર્વના વૈરી એવા હજારો અસુરો શ્રી હરિકૃષ્ણ પ્રભુનું વૈરભાવે સ્મરણ કરતા થકા ત્યાં આવ્યા ॥૩૪॥ હે રાજન્ ! જ્યારે તે સર્વે હજારો અસુરો શ્રી હરિ ભગવાનને મારવા માટે તૈયાર થયા ત્યારે તેઓને સજ્જ થતા જોઈને તત્કાળ જલ્દીથી અજય એવા શ્રી નારાયણ પ્રભુ પીંપળાના વૃક્ષ ઉપર ચઢી ગયા ॥૩૫॥ ત્યાર પછી સર્વના કારણના કારણ એવા સર્વેને જાણનારા મનુષ્ય સ્વરૂપને ધારણ કરેલા શ્રી હરિએ પોતાના નેત્રની વક્ર દૃષ્ટિ કરી એટલામાં તો સર્વ અસુરો પરસ્પર એક બીજાની સાથે મહાભયંકર રૂપવાળા, ભયાનક



આંખોવાળા અને આખા શરીરે રાખનો લેપ કરેલા જગતના જીવોને ભય આપનારા દુષ્ટ બુદ્ધિવાળા એવા તેઓ પોતાના હાથમાં તલવાર, ભાલાં, બરછી વિગેરે હથીયારોને ધારણ કરેલા એવા ॥૩૬-૩૭॥ થોડી ટૂંકી બુદ્ધિવાળા (અલ્પજ્ઞ) અભિમાનીઓ એવા તે શ્રી વિષ્ણુ ભગવાનની મોહમાયા વડે કરીને તે દૈત્યો પરસ્પર યુદ્ધ કરીને પોતાનો નાશ કરી નાંખતા હતા. ॥૩૮॥ ત્યાર પછી શ્રી હરિકૃષ્ણ પ્રભુ પીંપળા ઉપરથી નીચે ઉતરીને અયોધ્યાપુરીમાં ગયા ત્યારે માર્ગમાં એક ગાડાવાળો ગાડું લઈને આવ્યો ને કહેવા લાગ્યો ॥૩૯॥ હે હરિ ! તમે આ માર્ગને છોડી દો કેમ કે આ ગાડી જોડેલા આ બળદો ખૂબ જ વેગથી દોડે છે તમને પહોંચવા નહીં દે અને તમને પાડી દે તો ઉપાધી થાય તેથી તમે એક બાજુ જતા રહો. નહીં જાવ તો તમને કચરી નાંખશે. ॥૪૦॥ માટે હે મૂર્ખ ! તું માર્ગ છોડીને દૂર જતો રહે આ પ્રમાણે તે મૂર્ખ ગાડાવાળાના વચનો સાંભળીને તેને શ્રી હરિ ક્રોધ કરવા લાગ્યા તેને યોગ્ય દંડ દેવા માટે શ્રી હરિએ વિચાર કર્યો. ॥૪૧॥ ત્યાર પછી શ્રી હરિ ઘનશ્યામ પ્રભુએ પોતાની વક્ર દૃષ્ટિથી તે ગાડાવાળાને તથા તેના બળદોને તત્કાળ સ્થિર કરી દીધા ત્યારે તે ગાડાવાળો બળદોને ચલાવવા માટે ખૂબ જ પ્રયત્ન કર્યા છતાં બળદો ચાલવા તૈયાર જ ન થયા ચલાવી ન શક્યો. ॥૪૨॥ ત્યારે તે ગાડાવાળો પોતાના અભિમાનનો તયાગ કરીને તે શ્રી હરિકૃષ્ણ પ્રભુને વિનવવા લાગ્યો. હે પ્રભુ ! સર્વભૂત પ્રાણીમાત્રના આત્મા પ્રાણરૂપ આપ જ છો. સર્વના સ્વામી, સર્વના મિત્ર આદિ સર્વ આપ જ છો. હે પ્રભુ ! આપ સાધુ પુરુષોના રક્ષણ કરવા માટે મનુષ્ય સ્વરૂપને ધારીને આપના ઐશ્વર્યને ઢાંકીને આ પૃથ્વી ઉપર વિચરણ કરો છો. ॥૪૩॥ આવી રીતે તે ગાડા ખેડુએ શ્રી હરિ ઘનશ્યામ પ્રભુની સ્તૂતિ પ્રાર્થના કરીને શ્રીહરિની કૃપા મેળવીને ગયો. ત્યાર પછી શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના ઘેર ગયા. માર્ગમાં અનેક મનુષ્યોને તથા નગરની સુખસંપત્તિને જોતા થકા પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા ॥૪૪॥ આવી રીતનાં શ્રી ઘનશ્યામ પ્રભુનાં અમૃત સમાન ચરિત્ર રસનું પોતાના કાનરૂપી

પડીયાથી પાન કરીને ધર્મનંદન પ્રભુના સ્વરૂપનાં દર્શન કરતા થકા તે સ્વરૂપને વિષે પોતાની બુદ્ધિને જોડીને જે મનુષ્ય સંસારની વાસનાનો ત્યાગ કરીને વૈરાગ્ય બુદ્ધિવાળો થઈને ભગવાનમાં એકાત્મ ભાવ પામીને મૃત્યુને તરીને દિવ્ય અક્ષરધામમાં જાય છે. ॥૪૫॥

**ઇતિ શ્રી ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિ લીલા સુધાકરમાં શ્રી હરિ ઘનશ્યામ પ્રભુનું અયોધ્યા પૂરમાં ભ્રમણ અને અસુરોનો નાશ કર્યો એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥**

## ॥ અધ્યાય - ૧૭ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** મહાન તપોનિષ્ઠ અને ભક્તિવાન ધર્મદેવે પોતાના પુત્ર શ્રી ઘનશ્યામ પ્રભુના ગર્ભજન્મથી આઠમું વર્ષ આવતું હોવાથી તેમણે શ્રી હરિકૃષ્ણ પ્રભુને યજ્ઞોપવિત આપવા માટે પોતે વિચાર કર્યો. ॥૧॥ પુત્રને યજ્ઞોપવિત આપવા માટે મૂહુર્ત કઢાવવા જ્યોતિષશાસ્ત્રના પારંગત વિદ્વાન પંડિતોને બોલાવીને તેમની સાથે ચર્ચા કરીને મૂહુર્ત કાઢીને તૈયારી કરી સાધનસામગ્રી એકત્રિત કરીને મહા સુદ દશમના રોજ યજ્ઞોપવિત કરવા માટેના જુદી જુદી ક્રિયાઓ કરવાનો પ્રારંભ કર્યો. ॥૨॥ સર્વે સાધન સામગ્રી એકત્રિત કરીને ત્યાર પછી યજ્ઞોપવિત માટે જાણ કરવા કુમકુમ પત્રિકાઓ લખીને બ્રાહ્મણો દ્વારા તે પત્રિકાઓ દેશદેશાંતરમાં મોકલાવવા માંડી. ॥૩॥ ત્યાર પછી વિશ્વકર્મા જેવા હોંશિયાર શિલ્પી કારીગર પાસે સુમંગલ કાર્ય માટે સુંદર મંડપ બનાવવાનો પ્રારંભ કર્યો ॥૪॥ પોતાના ઘરથી પૂર્વ દિશામાં સુંદર કલાકારીગરીવાળો, જાતજાતનાં રંગોથી શોભાયમાન કરેલો, તેની અંદર જાતજાતના તોરણો બાંધ્યાં, પતાકાઓ બાંધીને ખૂબ જ શણગારીને તૈયાર કરેલો મંડપ ખૂબ જ શોભા આપતો હતો ॥૫॥ અશોક વૃક્ષ, સોપારીના વૃક્ષો, કેળના થાંભલાઓને



ફળની સાથે ઉભા કર્યા અને પાંદડાઓ સાથે મંડપના મુખ્ય દરવાજા ઉપર કળશોમાં વ્યવસ્થિત બંધાવ્યા ॥૬॥ હે રાજન્ ! નીલમણી, સ્ફટીક મણી, વૈદૂર્યમણિ, પ્રવાલ મોતી આદીથી જડેલા સેંકડો-હજારો થાંભલાઓ ઉભા કરીને ઘરની શોભાનો વધારો કરાવ્યો ॥૭॥ અનેક દરવાજાઓ, બારીઓમાં કૃત્રિમ (બનાવેલાં) માછલાઓ, અને સારાં સારાં પક્ષીઓ લગાવ્યાં તથા સોનાના કળશો ગોઠવ્યા તેની અંદર સુંદર કલ્પ વૃક્ષોથી શોભાયમાન કર્યા. ॥૮॥ જાુઈ, કુંદ આદિના પુષ્પોથી આખા વિસ્તારને સુગંધમય સુવાસિત બનાવી દઈને પછી અશોક પારિજાત વિગેરે વૃક્ષો હારબંધ ઉભાં કરીને શોભાયમાન બનાવ્યું. ॥૯॥ સોનાના ચિત્રો ભીંતો ઉપર લગાડ્યા અને મુકતાફળ મણીઓનાં તોરણો લગાડ્યાં તથા રત્નદીપોની સ્થિર પંક્તિમાં પ્રકાશથી પોપટોની હાર હોય ને શું એ પ્રમાણે શોભાયમાન બનાવ્યાં ॥૧૦॥ અનેક સૂર્યોના જેવા પ્રકાશવાળું સર્વના મનને હરી લે એવું રત્નનું સિંહાસન તે ઉપવિત સંસ્કારના મંડપમાં બનાવીને તૈયાર કર્યું. ॥૧૧॥ અનેક પ્રકારના રંગોબેરંગી પરવાળા અને રત્નોથી અતિશય શોભાવાળું આશ્ચર્ય આપનાર ત્યાં મંડપમાં વેદીની રચના કરી ॥૧૨॥ સુંદર કળશોથી ચાર મુખ્ય પીઠીકાવાળો, યજ્ઞનારાયણને હવન કરવા માટેનો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનો યજ્ઞ કુંડ સુંદર રીતે બનાવ્યો ॥૧૩॥ સુંદર સુગંધયુક્ત દ્રવ્યોથી છંટકાવ કરેલો, સુંદર ધૂપથી સુગંધિત કરેલા કુંડને જોઈને સર્વ દેવો અને મનુષ્યો મોહ પામી ગયા ॥૧૪॥ સુંદર વસ્ત્રો આભુષણોને ધારણ કરીને સ્ત્રીઓ જ્યાં માંગલીક ગીતો ગાઈ રહી હતી ત્યાં તેમની સાથે દેવતાઓની દુદુંભીની સાથે બીજા વાજિંત્રોનો નાદ થતો હતો. ॥૧૫॥ શ્રી હરિ ઘનશ્યામ પ્રભુનો ઉત્સવ થાય છે એ પ્રમાણે જાણીને સર્વદેવો, ઋષિઓ, તપસ્વીઓ અને બીજા પણ પોતાના હાથમાં અનેક પ્રકારના મંગલકારી પદાર્થો લઈને તે ઉત્સવનાં દર્શન કરવા ત્યાં આવ્યા ॥૧૬॥ સાવિત્રી અને ચાર વેદો બ્રહ્માજીની સાથે ત્યાં આવ્યા. પોતાના પુત્રો અને સ્ત્રીઓની સાથે મહાદેવજી, ઈન્દ્ર અને દેવતાઓ અને અષ્ટવસૂઓ પણ ત્યાં આવ્યા ॥૧૭॥ ધન્વંતરી

ભગવાન, ચંદ્રમા, સૂર્યનારાયણ, અગ્નિદેવ, વરુણદેવ, યમરાજા અને સિદ્ધો, ચારણો, ગાંધર્વો, આદિ સર્વે પોતાની પત્નિઓની સાથે ત્યાં આવ્યા ॥૧૮॥ વિષ્ણુ, પ્રદ્યુમ્ના આદિ ગોત્રો, સર્વે નદીઓ સાગરોની સાથે આવ્યાં તથા વાયુ, અને ઈન્દ્ર જેમાં મુખ્ય છે એવા સર્વ દેવો પોતાની પત્નિઓની સાથે આવ્યા તથા સર્વ દેવસ્ત્રીઓ પણ ત્યાં આવી ॥૧૯॥ ઉર્વશી આદિ સર્વે અપ્સરાઓનાં સંઘો તથા સર્વ નિધિઓ અને સિદ્ધિઓ, મુનીઓ અને સર્વે રાજાઓ પોતાની પત્નિઓની સાથે ત્યાં યજ્ઞમાં આવ્યા. ॥૨૦॥ ચારે વર્ણાશ્રમમાં રહેલા મનુષ્યો ઘનશ્યામ પ્રભુના ઉપવિત યજ્ઞમાં ધર્મદેવના ઘેર આવ્યા. બ્રહ્મવેત્તા સર્વે ઋત્વિજો અને સામવેદનું ગાન કરનારા પવિત્ર વિદ્વાન બ્રાહ્મણો પણ ત્યાં આવ્યા ॥૨૧॥ આવેલા સર્વે અતિથિ મહેમાનોનું યથા યોગ્ય સન્માન પૂજન કરીને મહાન ઉદાર દિલવાળા ધર્મદેવ પોતાનાં પત્નિની સાથે સ્નાનવિધિ કરીને પવિત્ર થઈને પુત્રને ઉપવિત આપવા માટેના યજ્ઞ કાર્ય કરવા તૈયાર થયા ॥૨૨॥ ધર્મદેવ વસ્ત્ર, આભૂષણો ધારણ કરીને સપત્નિક આનંદ કરતા થકા પોતાના પ્રિયજનો, સ્ત્રીઓનાં કંઠથી ગવાતાં મધૂર ગીતો, વાજિંત્રોનાં ઉદ્‌ઘોષ સાથે યજ્ઞમંડપમાં આવ્યા. ॥૨૩॥ શુદ્ધ, પવિત્ર આસન ઉપર બેસીને એમણે પ્રથમ ગણપતિ દેવનું વિધિપૂર્વક પૂજન કર્યું ત્યાર પછી માત્રુકાનું સ્થાપન કરીને તેમનું ષોડષોપચાર પૂજન કરતા હતા. ॥૨૪॥ ત્યાર પછી કળશની પૂજા કરીને ત્યાર પછી અર્ધ્ય બંધન કરતા હતા ત્યાર પછી બ્રહ્માની સ્થાપના કરીને સ્નાતકોનું પૂજન કરતા હતા. ॥૨૫॥ વેદને જાણનારા પવિત્ર વિદ્વાન બ્રાહ્મણોને યજ્ઞમાં ઋત્વિજ તરીકે વરણ કરતા હતા. ત્યાર પછી ધર્મદેવ ભક્તિદેવી સાથે શાસ્ત્રની રીત પ્રમાણે ગૃહશાંતિ કરાવતા હતા. ॥૨૬॥ પછી ધર્મદેવ પુત્ર ઘનશ્યામપ્રભુને મુંડન કરાવીને એમને પવિત્ર જળથી સ્નાન કરાવીને ત્યાર પછી પોતાની પાસે પૂજામાં બેસાડ્યા ॥૨૭॥ ઋત્વિજ બ્રાહ્મણો પાસે પુત્રના સર્વે વૈદિક વિધિ પ્રમાણે પૂજન આદિ કર્યાં. શ્રીહરિને ભૂતશુદ્ધિ આદિક સંસ્કાર કરાવ્યા ॥૨૮॥ ત્યાર પછી ધર્મને જાણનારા ધર્મદેવે રાજી થઈને



બ્રાહ્મણોને હજારો ગાયો દાનમાં આપી; ત્યાર પછી શ્રી ઘનશ્યામ પ્રભુએ પવિત્ર જળથી ફરીથી સ્નાન કર્યું. ॥૨૯॥ ત્યાર પછી દેવોની સુરભિ ગાય આવીને તત્કાળ પોતાના સ્તનમાંથી દૂધ વહેવડાવીને શ્રી હરિને તે દૂધથી નવરાવ્યા અને નદીઓ મૂર્તિમાન મનુષ્ય સ્વરૂપ ધારીને સોનાના ઘડામાં જળભરી લાવ્યાં હતાં તે જળથી શ્રી હરિ ઉપર અભિષેક કર્યો. ॥૩૦॥ ત્યાર પછી ઐરાવત હાથી સ્વર્ગમાંથી આવીને પોતાની સૂંઢમાં ગંગાજીનું જળ ભરી લાવેલ તે મંદાકિની ગંગાના જળથી વારંવાર અભિષેક કર્યો અને તે સમયે બ્રાહ્મણોએ વેદઘોષ કર્યો. ॥૩૧॥ હે રાજન્ ! ત્યારે શ્રી ઘનશ્યામ પ્રભુ યજ્ઞમંડપમાં ખૂબ જ પ્રકાશવાન દેખાવા લાગ્યા. પોતાના આસન ઉપર બેઠા થકા સાક્ષાત-યજ્ઞનારાયણ જેવા ખૂબ જ દર્શનીય દેખાવા લાગ્યા ॥૩૨॥ ધર્મદેવે બ્રાહ્મણોની સાથે ઘનશ્યામ પ્રભુને ઉર્ધ્વ પૂંણ્ડ્ર તિલક કર્યું અને ભક્તિ માતાએ એમને કેડમાં મેખલા બંધન બાંધ્યું તથા કૌપીન આપી તેમજ તેની ઉપર ઓઢવાનું વસ્ત્ર આપ્યું. ॥૩૩॥ પ્રજાપતિએ બનાવેલ પવિત્ર બ્રહ્મસૂત્ર (ઉપવિત) જે આયુષ્ય વધારે છે, ઓજસત્વ આપે છે એવું તે સૂત્ર દેવી સરસ્વતીએ આપ્યું. ॥૩૪॥ અજીન વસ્ત્ર તથા પલાશદંડ (ખાખરાની લાકડી) વિગેરે અત્રિપુત્રદત્તાત્રેય ભગવાને આપ્યાં અને સૂર્યનારાયણે આવીને સાવિત્રી મહામંત્ર બટુક બ્રહ્મચારીરૂપે રહેલા શ્રી હરિને આપ્યો. ॥૩૫॥ (ગગન) આકાશે બ્રહ્મચારીને છત્ર આપ્યું, શતધૃતિએ કમંડલું આપ્યું, સપ્તર્ષિઓએ દર્ભનું આસન સાદડી આપ્યાં અને સરસ્વતીએ અક્ષમાળા આપી. ॥૩૬॥ યક્ષરાજ કુબેરે અક્ષયપાત્ર આપ્યું. વિશ્વકર્માએ શ્રી હરિને પાદુકાઓ આપ્યાં. કૌશિકે સુંદર ચામર આપ્યું, વાયુદેવે વિજણો (પંખો) આપ્યો, ત્યાર પછી એમણે અંજલી નાથ માટે પૂષ્પ અર્ગ્ય અર્પણ કર્યાં. ॥૩૭॥ ત્યાર પછી ધર્મદેવે પોતાના પુત્રને કહ્યું કે, હે પુત્ર ! હું મારૂં હૃદય તમને આપું છું. તેને ધારણ કરો, જો તમારા મનમાં મારા મનને ધારણ કરો અને મારી વાણી બુદ્ધિને આપની વાણી અને બુદ્ધિ બન્ને એક જ થાઓ. ॥૩૮॥ બ્રાહ્મણ દેવીઓએ કહ્યું

એટલે શ્રી નીલકંઠ પ્રભુએ ત્યાર પછી બ્રાહ્મણોએ પરીક્ષ્ય અગ્નિમાં આજ્યાદિની આહૂતિ વડે યજ્ઞમાં હવન કર્યો. ત્યાર પછી ધર્મદેવના પુત્ર બ્રહ્મચારી ! હે મારી માતા મને ભિક્ષા આપો. આ પ્રમાણે ભક્તિમાતાને કહ્યું ॥૩૯॥ ત્યારે સતી એવાં ભક્તિ માતાએ પોતાના પુત્ર એવા વર્ણિવેષે શ્રી હરિને પ્રેમપૂર્વક ભિક્ષા આપી જેમાં સાત પડા સાકરના આપ્યા ત્યારે "કલ્યાણ થાઓ" એ પ્રમાણે કહ્યું. ॥૪૦॥ (કલ્યાણમસ્તુઃ) બ્રહ્મચારી મળેલી ભિક્ષા ઉપવીત આપનાર ગુરુજીને અર્પણ કરીને વર્ણિરાજ ફરીથી બાકી રહેલી ભિક્ષા લઈને ત્યાર પછી માતાપિતાને દેખતાં જ યજ્ઞનારાયણની પાસે જ સામે બેઠા. ॥૪૧॥ ત્યારે બ્રહ્મચારીના વેશને ધારણ કરેલા બટુક બ્રહ્મચારી શ્રી હરિને મોટાભાઈ રામપ્રતાપભાઈએ તાજા ખીલેલાં કમળની સુંદર બનાવેલી માળા અર્પણ કરી અને શ્રી હરિનાં ભાભી સુવાસિની દેવીએ સુંદર રસથી ભરપૂર મધૂર ફળો આપ્યાં. ॥૪૨॥ આ સમયે દુંદુંભીઓનો નાદ થતો હતો. અને આકાશમાંથી સ્વર્ગના દેવો શ્રી હરિ ઉપર પુષ્પનો વરસાદ કરવા લાગ્યા ત્યારે અનેક દિવ્ય વાજિત્રો વાગવા લાગ્યાં. ॥૪૩॥ આ ઉપવિત મહોત્સવમાં આનંદ પામતી થકી સ્ત્રીઓ સુંદર ગીતો ગાવાનો ઉદ્‌ઘોષ કરતી હતી ત્યારે આકાશમાં અને પૃથ્વી લોકમાં સર્વત્ર જયજયકારનો મહાઉદ્‌ઘોષ થવા લાગ્યો. ॥૪૪॥ વર્ણિના વેષને ધારણ કરી રહેલા શ્રી ઘનશ્યામ પ્રભુના સ્વરૂપની કાન્તિ ખૂબ જ સુંદર લાગતી હતી એમણે પોતાના હાથમાં પલાશદંડ ધારણ કર્યો હતો ત્યારે બ્રહ્મા જેમાં મુખ્ય છે એવા સર્વ દેવો તથા સર્વે મનુષ્યો તથા સપ્તર્ષિઓએ સર્વે ભેગા મળીને વર્ણિસ્વરૂપે શ્રી હરિકૃષ્ણ ભગવાનનાં દર્શન કરીને તેમની સ્તુતિ પ્રાર્થના કરવા લાગ્યા. ॥૪૫॥

**ઇતિ શ્રી ઉધ્ધવ સંપ્રદાયને પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદમુનિ રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં શ્રી હરિને યજ્ઞોપવિત સંસ્કાર નામનો સત્તરમો અધ્યાય થયો.॥૧૭॥**



## ॥ અધ્યાય - ૧૮ ॥

**બ્રહ્માજી બોલ્યા** : હે નારાયણ આપ તો અલૌકિક સ્વરૂપવાળા છો, કેમ કે જીવાત્મા પોતાના આત્મકલ્યાણ માટે વ્રત, ઉપવાસ, તપ આદિ કરે છે; તો પણ પ્રાપ્ત નથી થતા. એવા હે બ્રહ્મચારી ! આપ તો માયા આદિ શક્તિઓના નિયંતા છો એ પ્રમાણે જાણું છું. એવા મહાન હોવા છતાં અત્યારે તો આપ જીવોના કલ્યાણ નિમિત્તે બટુક બ્રહ્મચારીનો વેશ ધારણ કરીને હે કમળનયન ! ઉપવીતના અંગભૂત દંડ (પલાશદંડ) મૃગચર્મ, ઉપવીત આદિને લીધે બ્રહ્મચારીના વેશમાં મને દર્શન થયા એ મારા મહાનભાગ્ય છે. ॥૧॥ **ભગવાન ભોળાનાથ બોલ્યા** : હે ધર્મપુત્ર ! આપ તો બ્રહ્મપુર ધામમાં રહેવાવાળા છો તે છતાં આ પૃથ્વી ઉપર આપના ચરણ પડ્યાં છે તે કેવળ સત્પુરુષોના કલ્યાણ માટે જ પડ્યાં છે. તથા અધર્મમય પાપી અસુરોના નાશ માટે અને વૈદિક ધર્મની સ્થાપના માટે અને સત્યધર્મની રક્ષા માટે આપ અત્યારે ધર્મકુળમાં અવતાર ધારીને વિચરણ કરો છો તે તમારા એકાન્તિક ભક્તોના સુખ માટે કરો છો. એવા હે નારાયણ આપનાં દર્શન કરીને હું આ સ્વરૂપને અંતઃકરણમાં ધારીને ખૂબ જ આનંદિત થયો છું. ॥૨॥ **ઇન્દ્ર બોલ્યા** : જેમના ચરણકમળ કોમળ, કમળના પત્ર જેવાં અતિશય કોમળ છે તથા તે ચરણના નખો રત્ન માફક શોભે છે. આપના સ્વરૂપનાં દર્શન તથા હૃદયપૂર્વક ભક્તિ કરવાથી ઈચ્છિત સુખને આપનારું છે. એવા આપના મુખથી નીકળેલી ઉપદેશવાણી વરદાન આપનારી છે. એવા સર્વ સુખદાતા નારાયણ આપને હું વારંવાર પ્રણામ કરું છું. ॥૩॥ **દેવો બોલ્યા** : હે ઈશ્વર વાસુદેવ ! આપ માયાથી ઉત્પન્ન થયેલા જગતથી જોડાયેલા હોવા છતાં સ્વતંત્ર અને માયામય જગતમાં પોતાની ઈચ્છાથી ગુણકાર્ય અનુસાર મનોહર સ્વરૂપોને ધરનારા એવા આપના ચરણકમળના આશ્રય કરનારને આપ અક્ષરધામમાં નિવાસ કરાવો છો. ત્યાં અનંત સુખને આપનારા એવા તથા ચરણકમળના પ્રતાપથી

સર્વના દુઃખોને દૂર કરનારા હે દયાળુ ! આપ અમારી ઉપર કરૂણા દૃષ્ટિ કરીને અમને સુખ આપજો. ।।૪।। **ઋષિઓ બોલ્યા** : હે નારાયણ પ્રભુ ! આપની લીલા તો અલૌકિક જ હોય છે, કેમ કે એને કોઈ પાર પામી શકતું જ નથી. તેમજ કોઈ પણ કાર્યમાં તમે બંધાતા નથી. એવા આપ સ્વયં સ્વતંત્ર છો. જેમ કમળા (લક્ષ્મી) તમારી પાછળ ભમ્યા કરે છે, પરંતુ આપ તો કોઈ દિવસ એનાથી બંધાતા નથી એવા હે નારાયણ પ્રભુ ! આપના ચરણની સેવાનું સુખ અમને પ્રાપ્ત થાય એવી કૃપા કરજો, એવી પ્રાર્થના છે. ।।૫।। **અગ્નિનારાયણ બોલ્યા** : હે હરિકૃષ્ણ પ્રભુ ! આપની કૃપા વડે યજ્ઞયાગાદિમાં બ્રાહ્મણો હવિશ્યાન્ન વડે આહૂતિઓ આપીને મને અર્પણ કરે છે તેથી તથા ઋત્વિજો વૈદિકમંત્રોનો ઉદ્‌ઘોષ કરીને ઘીની ધારા કરીને હોમે છે તે સર્વે પદાર્થોને આપના સ્વરૂપના પ્રતાપથી આપની કૃપાથી જ સર્વે હજમ થાય છે. એવા દયાળુ આપ આ પૃથ્વી ઉપર જીવોના કલ્યાણ માટે પધાર્યા એનુ સુખ અમને આપવાની કૃપા કરજો. ।।૬।। **લોકપાલો બોલ્યા** : સત્ય સ્વરૂપ સર્વને નહી દેખાતા એવા હે નારાયણ ! આપના ચરણકમળનો આશ્રય કરીને જે મુનિજનો સેવાભક્તિ કરે છે તેમના ગુણદોષોને જોયા વિના જ માયાને તરીને આપના ધામને પ્રાપ્ત કરે છે એવા અજીત હોવા છતાં પૃથ્વી લોકના કલ્યાણ માટે ધર્મદેવના ઘરમાં મનુષ્ય અવતાર ધારણ કરીને સામાન્ય મનુષ્યરૂપે જણાવ છો તે આપની અનંત જીવો ઉપર અતિશય કૃપા જ છે. ।।૭।। **યોગેશ્વરો બોલ્યા** : હે હરિકૃષ્ણ ! આપ ભક્તિભાવપૂર્વક જીવો, વ્રતો, તપ કરે છે તેઓને યોગ્ય ફળને આપનારા તથા દઢવૈરાગ્યભાવથી ભક્તિપૂર્વક ચરણકમળની સેવા કરે છે તેમને સ્વ-સ્વરૂપનુ સુખ આપો છો. એવા વક્ષસ્થળમાં શ્રીવત્સના ચિન્હોને ધારી રહેલા આપ શ્રીકૃષ્ણ-સ્વરૂપની મુનિજનો હમેશાં સ્તુતિ પાર્થના કરે છે તે નારાયણ સ્વરૂપને નમસ્કાર કરીએ છીએ. ।।૮।। **સિદ્ધો બોલ્યા** : હે નારાયણ પ્રભુ ! આપના ચરિત્રોની કથામૃતનું પાન એકાંતિક



સંતો દ્વારા તેમના મુખથી અમૃત સમાન ચરિત્ર વર્ણવે છે. તેને શ્રોતા કાન રૂપિ પડિયાથી પીવે છે તથા ભક્તિપૂર્વક આપના સ્વરૂપના દર્શન નમસ્કાર કરે છે તેઓને જીવનાન્તે આત્યંતિક મુક્તિ થાય છે તેમને મુક્તિ આપો છો તે આનંદપૂવક આપના સ્વરૂપના સુખને પામે છે. ।।૯।। **યજમાનો બોલ્યા** : હે ઘનશ્યામ ! આપ જો આ પૃથ્વી ઉપર પ્રગટ ન થયા હોત તો અત્યારે ધર્મ અને ભક્તિ બંને આ પૃથ્વી ઉપરથી અદશ્ય થઈ ગયાં હોત અને આ જગત સર્વે માયાના દાસ બનીને વિષય-વાસનારૂપી સર્પની દૃષ્ટિ બંધનમાં ફસાઈને, પીડાઈને મૃત્યુ પામી જાત. હે દયાળુ ! આપે અત્યારે અવતાર ધરીને ખૂબ જ દયા કરી છે. ।।૧૦।। **સદ્‌ગૃહસ્થો બોલ્યા** : હે ભગવાન ! હે હરિ ! આપના સ્વરૂપની માહાત્મ્ય જ્ઞાનયુક્ત એકાન્તિક ભક્તિ કરે છે જે જીવાત્માઓ ખૂબ જ ભાવપૂર્વક પૂજન અર્ચન કરે છે તે હંમેશા ખૂબ જ સુખશાંતિને પામે છે, તથા અધર્મી સ્વચ્છંદ મનવાળા માયાના બનીને લોભી મૃગલાની માફક વિષયવાસનામાં લોભાઈને ઘરમાં દુઃખ, પીડાને શોકથી આકુળ-વ્યાકુળ થાય છે, દ્વિધામનવાળો થઈને કાળના બંધનમાં જેમ બકરાને પાંજરામાં પૂર્યો હોયને બહાર સિંહ તરાપ મારવા માટે તૈયાર થયો હોય ને જેવી સ્થિતિ હો તેવી સ્થિતિ તે વિષયમાં આસક્ત જીવનની થાય છે, પણ ભગવાનના ભક્તો એવા દુઃખી નથી થતા તેઓ ભગવાનના સ્વરૂપમાં રમતા હોય છે. ।।૧૧।। **વસુઓ બોલ્યા** : હે હરિકૃષ્ણ ! પ્રભુ આપે જગતના લોકોના કલ્યાણ માટે કામદેવનો નાશ કરેલો હતો એવા આપના ચરણકમળમાં પોતાની બુદ્ધિને જોડીને પોતાના મનમાં અખંડ ચિંતવન કર્યા કરે છે. મુનિઓ જે સ્વરૂપનું અખંડ ધ્યાન કર્યા કરે છે એવા હે નારાયણ વાસુદેવ ! કલ્યાણ મૂર્તિ ! ઉદાર યશ કીર્તીવાળા આપને હું નમસ્કાર કરું છું. ।।૧૨।। **ગાંધર્વો બોલ્યા** : હે ધર્મપુત્ર ! ઘનશ્યામ ! આપ બટુક બ્રહ્મચારીરૂપે ખૂબ જ શોભો છો. આપના અણિયાળા નેત્રકમળ તથા ધનુષ્યની સમાન વક્રભ્રૂકુટીવાળા તેમજ કટીભાગમાં મૌંજી મેખલાને

ધારેલા વલ્કલ વસ્ત્રોને (કૌપીન, ખભા ઉપર ખેશ) ધારી રહેલા અને હમેશાં અક્ષરધામમાં નિવાસ કરનારા હે નારાયણપ્રભુ ! આપને વંદન કરીએ છીએ. ॥૧૩॥ **ચારણો બોલ્યા** : જેમનાં ચરણકમળ લાલ કમળની પાખંડી સમાન લાલવર્ણનાં છે એવાં કોમળચરણનાં ધ્યાન માટે ભક્તજનો હંમેશા આસક્ત જ રહે છે. એવા મોક્ષ આપનારા કૃપાનાથ, હે હરિ ! આપને નમસ્કાર કરીએ છીએ. ॥૧૪॥ **વરુણદેવ બોલ્યા** : હે વિશ્વના નિયંતા નારાયણ મહાપ્રભુ ! આ જગતનું સંચાલન તો આપના અંશના અંશો અર્થાત્ બ્રહ્મા, વિષ્ણુ, શિવ દ્વારા ઉત્પતિ, પાલન, લય, ક્રિયાઓ આપની આજ્ઞા મુજબ થયા જ કરે છે, પરંતુ જીવોનો આત્યાંતિક કલ્યાણ કરવા માટે આપ અત્યારે કળીકાળમાં ધર્મભક્તિના ઘેર પ્રકટ થયા છો, એવા હે ધર્માત્મજ ! આપના ચરણકમળમાં હું વારંવાર વંદન કરું છું. અમારી ઉપર કૃપા કરજો. ॥૧૫॥ **કુબેર બોલ્યા** : હે વાસુદેવ હરિકૃષ્ણપ્રભુ ! આપની દૃષ્ટિ માત્રથી અનંત બ્રહ્માંડોમાં હમેશાં ઉત્પત્તિ પ્રલયના યોગો થયા જ કરે છે. કેટલાક ઉત્પન્ન થાય છે કેટલાક નાશ પામે છે, તે તો આકાશમાં વાદળાં થાય, વૃષ્ટિ થાય આ ક્રમ તો વારંવાર થયા જ કરે છે પરંતુ આપના ચરણકમળનો આશ્રય કરી આપના સ્વરૂપની દૃઢ અનન્ય ભક્તિ કરે છે તે જીવાત્મા આ જગતના જન્મ મરણના બંધનથી મુક્ત થાય છે. એવા આપના ચરણનો મને યોગ પ્રાપ્ત થાય એવી મારી ઉપર કૃપા કરજો. ॥૧૬॥ હે હરિકૃષ્ણ ! નારાયણ પ્રભુ ! તપસ્વિમુનિઓ આપના ચરણ કમળનું હમેશં ચિંતવન કર્યા કરે છે તેમ જ આપના કરુણામય સુંદર કમળ પાંખડી સમાન કોમળ નયન જેનાં છે એવાં મંદહાસ્યવાળા કોમળ અધરોષ્ઠ જેમનાં શોભી રહ્યાં છે એવા ધર્મનંદન મહાપ્રભુને હું મારા બન્ને હાથ જોડીને વારંવાર પ્રણામ કરું છું. ॥૧૭॥ **સ્વજનો બોલ્યા** : હે ધર્મનંદન મહાપ્રભુ ! ધર્મકુળભૂષણ, આપના ઉપનયન સંસ્કારના ઉત્સવમાં જે સ્ત્રીઓ અને પુરુષો આવેલા છે તેઓ સર્વે આપના સ્વરૂપનાં મુખારવિંદનાં દર્શન કરીને



પરાત્પર પરમેશ્વર એવા આપના સ્વરૂપમાં એમની સર્વેની ચિત્તવૃત્તિ ઈન્દ્રિયો મન સર્વે માયિક વાતાવરણથી પર થઈ ગયાં છે. અર્થાત્ આપના સ્વરૂપમાં સ્થિર થઈ ગયાં છે. ॥૧૮॥ **ધર્મદેવ બોલ્યા** : હે નારાયણ ! આપે આ પૃથ્વી ઉપર પધારીને મારા ઘરમાં વાસ કરીને અત્યારે તે ઘર તમારા નિવાસથી અક્ષરધામ જેવું પવિત્ર દિવ્ય થઈ ગયું છે એવા હે અક્ષરધામાધિપતિ ! તેથી મારા અહો અહોભાગ્ય જ માનું છું. એનાથી વધારે શું કહેવું ? હે નારાયણ ! આપ મારા નેત્ર આગળ આવાને આવા અખંડ નિવાસ કરીને રહો. ॥૧૯॥ **ભક્તિમાતા બોલ્યાં** : હે ચરાચરના નિયંતા ! આપ મારે ઘેર પધાર્યા તેથી આપના પધારવાથી આ પૃથ્વી ધન્ય થઈ, તથા આપના ઉપનયન સંસ્કારમાં બનાવેલ મંડપ ધન્ય થઈ ગયો, તથા ઉત્સવમાં આવેલા સર્વે પુરુષો તથા સર્વે યુવતીઓ તે સર્વે ધન્ય થઈ ગયા, તથા સર્વ જગતના કર્તા આપના દર્શન કરીને બ્રહ્મા મહેશ્વરાદિ દેવતાઓ તથા લોકપાલો પણ ધન્ય થયાં. અમારો વંશ પણ ધન્ય થઈ ગયો, જ્યાં આપે અવતાર ધર્યો તે વંશના કુળદેવ કપીરાય પણ ધન્ય થઈ ગયા તેમજ અત્યારનો સમય પણ ધન્ય થઈ ગયો. તથા આ તમારા ઉપનયન સંસ્કારમાં જેમણે ભેટ સામગ્રીઓ આપી તેઓ પણ ધન્ય થયાં છે. કેમ કે આપતો સર્વોપરી, નારાયણ, સ્વયં પધાર્યા તેથી સર્વે ધન્ય ભાગ્યવાળાં થઈ ગયાં. ॥૨૦॥ **માર્કંડેય મુનિ બોલ્યા** : અવ્યક્ત (અદૃશ્યરૂપવાળા) સર્વોપરી પુરાણ પુરુષ બ્રહ્માદિ દેવોથી પૂજાયેલા, જ્યોતિસ્વરૂપવાળા સર્વના સ્વામી, નિર્ગુણ સ્વરૂપવાળા, આપના ચરિત્રનાં વેદો હંમેશા ગુણોનું ગાન કર્યા કરે છે. એવા હે નારાયણ ! આપ અત્યારે મનુષ્ય સ્વરૂપ ધારીને પૃથ્વી ઉપર વિચરો છો. ॥૨૧॥ એવા હે પ્રભુ ! આપ બાલચરિત્રો કરીને લોકોના મનને આનંદ આપીને પિતાની પાસેથી આપે ઉપવીત સંસ્કાર પ્રાપ્ત કર્યા, તે સર્વે લીલાઓને અમે જોઈ. ॥૨૨॥ હવે આપ પિતા પાસે વેદવેદાન્તનો અભ્યાસ કરશો. ત્યાર પછી પોતાના

માતાપિતાને તમારા સ્વરૂપનું નિવાસ અક્ષરધામ આપશો. દિવ્યગતિ આપીને ત્યાર પછી સંસારમાંથી વિરક્ત થઈને સ્નાન કરવાના નિમિત્ત લઈને વનવાસ લેશો. ।।૨૩।। હે પ્રભુ ! આપ ઘરનો ત્યાગ કરીને ઉત્તર દિશા તરફ જશો ત્યાં હિમાલયને પ્રાપ્ત કરીને અનેક વનો તીર્થોમાં સિદ્ધો દ્વારા પૂજાતા થકા સિદ્ધેશ્વર સર્વે સ્થળોમાં વિચરતા થકા ત્યાર પછી જગન્નાથપુરીમાં જશો. ।।૨૪।। હે પ્રભુ ! ત્યાં સર્વે દૈત્યોનો નાશ કરીને ત્યાર પછી હે પ્રભુ ! આપ સેતુબંધ રામેશ્વર પધારશો. ત્યાંથી આપ ભૂતપુરી તીર્થમાં પધારશો. ।।૨૫।। હે પ્રભુ ! ત્યાંથી ચાલતાં માર્ગમાં ઘોરવન આવશે તેમાં ફરતાં ફરતાં આપ ગોપાળ યોગીને મળશો. તેમની પાસે નિવાસ કરીને તેમને સદ્‌ગતિ આપીને ત્યાંથી હે ધર્મનંદન ! પ્રભુ આપ કન્યાકુમારી નામના તીર્થમાં પધારશો. ।।૨૬।। હે પ્રભુ ! આપ પદ્મનાભ નામના તીર્થમાં જશો, ત્યાર પછી ત્યાંથી શ્રીરંગક્ષેત્રમાં જશો તથા જનાર્દન તીર્થમાં પધારશો ત્યાંથી પંપા સરોવરમાં પધારશો. ત્યાંથી પંઢરપુરમાં વિઠ્ઠલનાથજીને મળશો. ત્યાંથી નાશિક-ત્ર્યંબકેશ્વર પધારશો. ત્યાંથી નર્મદા, મહી, સાબરમતી, ભીમનાથ, ગોપનાથથી માંગરોળ, ત્યાંથી લોજપુર પધારશો. ।।૨૭।। હે પ્રભુ ! મુક્તાનંદ સ્વામી આદિ સંતો રહેતા હશે તેમને મળીને તેમની સાથે નિવાસ કરશો, ત્યાર પછી શ્રી રામાનંદ સ્વામીની સાથે મેળાપ થશે ત્યારે આપને જોઈને સર્વે સમુદાયને ખૂબ જ આનંદ થશે. ।।૨૮।। હે પ્રભુ ! ત્યાર પછી રામાનંદ સ્વામીના અક્ષરવાસ પછી આપ આપના ઐશ્વર્ય, તેજના પ્રતાપથી સર્વે ભક્તજનોને આપના દર્શન માત્રથી જ સમાધિ થઈ જશે તેથી તે સર્વે આપના આશ્રિત જઈ જશે. તેઓ દૃઢનિષ્ઠાથી એકાન્તકી ભક્તિ કરશે. ।।૨૯।। હજારો હરિભક્તો તથા સાધુઓ તથા અન્ય ગૃહસ્થ ભક્તો પણ કાયમ માટે તમારી ભક્તિ કરશે. આપની આજ્ઞા મુજબ વ્રતો કરશે તથા આપ ગામોગામ વિચરતા થકા અમદાવાદનગરમાં પધારશો. ।।૩૦।। હે પ્રભુ ! આપ (કર્ણાવતી) અમદાવાદ નગરમાં જશો ત્યારે ત્યાં



જાંમીને રહેલા પાખંડીઓ એવા લોલંગર, અખાડામાં લોકોને બળપૂર્વક છેતરતા એવા મતવાદીઓ, અસુરોને મારીને નાશ કરશો અને ત્યાંથી સિધ્ધપુર નામના નગરમાં જઈને તીર્થયાત્રા દાનપુણ્ય કરીને ત્યાંથી બ્રાહ્મણોને રાજી કરીને પાછા (શ્રીપુર) અમદાવાદમાં પધારશો. ।।૩૧।। પછી અમદાવાદથી જેતલપુરનગર પ્રત્યે પધારશો. ત્યાં ભક્તજનોને દર્શન ભક્તિનું સુખ આપીને ત્યાંથી જૂનાગઢ પધારશો. ત્યાં ગિરનાર યાત્રા કરીને દામોદર કુંડમાં સ્નાન કરીને ભવનાથ મહાદેવનાં દર્શન કરીને તીર્થસ્થળ બનાવીને ત્યાંથી કારીયાણી જશો. ।।૩૨।। ત્યાં કારીયાણીમાં અતિ રુદ્રયાગ કરશો. ત્યાંના ભક્તજનોને સુખ આપીને ત્યાંથી અમદાવાદ પધારશો ત્યાં મહેમદાવાદમાં લઘુ રુદ્રયાગ કરીને અસુરોને રામશરણ કરીને પછી અસુરોનો ભાર હળવો કરીને ત્યાંથી હે પ્રભુ ! આપ વેહલાલ નામના ગામે પધારશો. ।।૩૩।। ત્યાર પછી ત્યાં વહેલાલથી ફરતાં ફરતાં ધર્મનંદન મહાપ્રભુ ફરી પાછા જેતલપુર પધારશો ત્યાં યજ્ઞ કરવાનો પ્રારંભ કરવા માટે મકરસંક્રાંતિ ઉપર યજ્ઞના અંગભુત બ્રાહ્મણોને ભોજન જમાડીને તૃપ્ત કરશો. ।।૩૪।। જેતલપુરમાં બીજા યજ્ઞનું કાર્ય અસુરોના ઉપદ્રવથી અધુરું મૂકીને જેતલપુરથી ડભાણ પધારશો ત્યાં યજ્ઞ કરીને પછી ભૂજનગર કચ્છમાં પધારશો ત્યાં શ્રીહરિ સુંદરજીભાઈ તથા ગંગારામના અદિ સર્વે ભક્તોને ખૂબ જ સુખ આપી તેમને ખૂબ જ રાજી કરી દેશો. ।।૩૫।। હે ઘનશ્યામ ! આપ કચ્છમાંથી પાછા આવીને અગત્રાઈમાં પર્વતભાઈને રાજી કરશો. ત્યાર પછી શતાનંદ સ્વામીને સ્વસ્વરૂપનું સુખ આપશો ત્યાર પછી વૌઠા ગામની ભાગોળે સાત નદીઓનાં સંગમ સ્થળે મોટો ઉત્સવ કરશો. ।।૩૬।। ત્યાર પછી આપ સારંગપુરમાં ભક્તોને ઉત્સવ કરીને રાજી કરશો ત્યાંથી (દુર્ગપુર) ગઢપુર પધારશો. ત્યાંના રાજા એભલ ખાચરના સદ્‌ગુણો તથા તેમના પરિવારજનોના પ્રેમભાવને વશ થઈને ત્યાં નિવાસ કરશો. ।।૩૭।। ત્યાર પછી તેઓને પોતાની ભક્તિ તથા જ્ઞાનનું અલૌકિક સુખ

આપવા માટે ત્યાં નિવાસ કરીને અખંડ ત્યાં રહેવાનું વચન આપશો. ત્યાર પછી પોતાના ભક્તોના આમંત્રણથી વડતાલ જશો. ત્યાં હોળીના રંગોત્સવનું મોટા રૂપમાં મહોત્સવ કરશો. ॥૩૮॥ ત્યાર પછી ગુજરાતના પોતાના અનેક ભક્તોને દર્શન આપતા થકા ગામોમાં વિચરણ કરતા થકા ધર્મનંદન મહાપ્રભુ ધર્મપુર વાંસદા જઈને કુશળ કુંવરબાઈને રાજી કરવા ત્યાં મોટો ઉત્સવ કરવા માટે રાજી થશો. ॥૩૯॥ હે હરિ ! આપ ત્યાર પછી ધર્મપુરથી વડતાલ પધારશો અને ત્યાર પછી ત્યાંથી ગઢપુર પધારશો, ત્યાં કાયમી નિવાસ કરીને લાંબા બાર માસ સુધી ત્યાં મનુષ્ય ચરિત્રો તથા દિવ્ય ચરિત્રો કરીને ઘણા ભક્તોને ખૂબ જ સુખી કરશો. ॥૪૦॥ હે પ્રભુ ! આપ સત્સંગના અંગરૂપ તેના વિકાસ તથા પોષણ માટે મોટાં શિખરબંધ મંદિરો કરાવશો ત્યાર પછી તે મંદિરોમાં નરનારાયણદેવ આદિ દેવોની સ્થાપના કરાવશો. ॥૪૧॥ સત્સંગના વિકાસ પોષણ માટે સત્સંગી જીવન જેવા અનેક ગ્રંથો બનાવરાવશો તેમાં સદ્ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનું ખૂબ જ વિસ્તારપૂર્વક વર્ણન કરાવશો. ॥૪૨॥ ત્યાર પછી પોતાના ભાઈઓના પુત્રો અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરપ્રસાદજી બંનેને ધર્મની જવાબદારી સોંપવા માટે બંનેને આચાર્ય સ્થાને સ્થાપશો અને તેઓને પોતાનું ઐશ્વર્ય તેમને આપશો. ॥૪૩॥ પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન પૃથ્વીલોકના મનુષ્યોને આપીને દૃઢભક્તિ કરાવશો. કેટલાક ભક્તોને અક્ષરધામમાં લઈ જઈને કલ્યાણનો માર્ગ સ્થાપિત કરીને જગતના વાતાવરણમાં પોતાના યશને ખૂબ જ ફેલાવશો. ॥૪૪॥ આ પ્રમાણે બધાં કાર્યો પૂરા કરીને બધી વ્યવસ્થા કરીને તમે પોતાના નિવાસસ્થાન અક્ષરધામમાં પધારશો. ત્યાર પછી આ પૃથ્વી ઉપર તમારા ઐશ્વર્ય ચમત્કારોનાં દર્શન કરીને જીવાત્માઓ તે લીલા ચરિત્રોને ગાઈને, સાંભળીને પોતાના જીવનને દૃઢતાવાળાં કરશે. ॥૪૫॥ હે ધર્મકૂળભુષણ ! હે નારાયણ ! આપ ભક્તજનોનાં હૃદય અંતઃકરણમાં નિવાસ કરીને તેમના પાપોને બાળીને અતિશય સુખ આપનારા હે નારાયણપ્રભુ ! આપને વારંવાર નમસ્કાર કરું છું. ॥૪૬॥ એવી રીતે તે



ઋષિશ્રેષ્ઠ તથા દેવો મનુષ્યો સર્વેશ્રી હરિકૃષ્ણ પ્રભુની સ્તુતિ કરીને ધર્મદેવ દ્વારા પૂજાયેલા સર્વ દેવો ઋષિઓ શ્રીહરિની પ્રશંસા કરતા થકા પોતપોતાના ઘર પ્રત્યે ગયા. ॥૪૭॥

**ઇતિશ્રી ઉદ્ધવ સંપ્રદાયને પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી કૃષ્ણાનંદ સ્વામીએ રચેલ શ્રીભક્તિ શાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં દેવતાઓ ઋષિઓએ સ્તુતિ કરી એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥**

## ॥ અધ્યાય - ૧૯ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા :** ઘનશ્યામ પ્રભુનો ઉપવિત સંસ્કાર થઈ ગયા પછી ધર્મદેવ પુત્રને વર્ણિરૂપે વેદનો અભ્યાસ કરવા જવા માટે ભાતુ બાંધી આપ્યું અને પ્રભુ દોડવા લાગ્યા તેમની પાછળ તેમના વશરામ મામા તેમને રોકવા માટે દોડ્યા. ॥૧॥ આ રીતે શ્રીહરિ વારાણસી તરફ ચાલતા થયા ત્યારે તેમના મામા મળ્યા તેમને ખૂબ જ સમજાવીને પ્રેમપૂર્વક બટુક બ્રહ્મચારી વેશવાળા શ્રીહરિને ઘેર પાછા લાવ્યા. ॥૨॥ હે રાજન્ ! અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણ વર્ણિ વેશે ખૂબ જ સુંદર લાગતા હતા. તેથી પોતાના સંબંધીઓ દર્શન કરીને ખૂબ જ રાજી થઈને જતા હતા. એવાં મનોહર ચરિત્રને કરતા થકા શ્રી ઘનશ્યામ પ્રભુ પિતા ધર્મદેવના ઘેર રહેવા લાગ્યા. ॥૩॥ ત્યાર પછી ઘનશ્યામ પ્રભુ પિતા પાસેથી વિદ્યાભ્યાસ કરતા થકા ચાર વેદોનો અભ્યાસ કર્યો તથા અંગોસહિત ષડ્શાસ્ત્રોનો તથા મુખ્ય પુરાણોનો અભ્યાસ કરીને મહાજ્ઞાની થયા. ॥૪॥ તથા સર્વ કળાઓની સાથે મુખ્ય સર્વવિદ્યાના મૂળને સમજી વિચારીને સર્વ પ્રવર્તક બન્યા. ॥૫॥ તે સર્વે શાસ્ત્રોમાંથી સાર કાઢીને જેમ ભમરી, મધમાખી ફૂલમાંથી રસ લઈને મધ બનાવે છે તેમ ગુટકો તૈયાર કર્યો તથા શ્રીમદ્ ભાગવતમાંથી તેના મુખ્ય અંગભૂત પાંચમસ્કંધ તથા દશમ સ્કંધનો સાર કાઢ્યો. ॥૬॥ તથા

મહાભારતમાંથી વિષ્ણુસહસ્ત્રનામ તથા વિદુરનીતિ સારરૂપે કાઢ્યા તથા સ્કંધ પુરાણમાંથી વાસુદેવ મહાત્મ્ય નામનો ગ્રંથનો સાર કઢાવ્યો. ॥૭॥ ધર્મશાસ્ત્રમાંથી યાજ્ઞવલ્ક્ય સમૃતિ મીતાક્ષરા ટીકાયુક્તનો સાર કઢાવ્યો. આ સર્વે શાસ્ત્રોમાંથી ઊંડું અધ્યયન કરીને તેના સારનો એક ગ્રંથ બનાવ્યો. ॥૮॥ તે સર્વે શાસ્ત્રોમાંથી સંશોધન કરીને સાર કાઢીને શ્રીબાલ ઘનશ્યામ પ્રભુએ પિતા ધર્મદેવને તે સર્વે સંશોધન કરેલ ગ્રંથ બતાવ્યો. તે જોઈને પિતાધર્મદેવ ખૂબ જ ચકિત થઈ ગયા અને પુત્રના કાર્ય ઉપર તેમને ખૂબ જ ગૌરવ થયું. ॥૯॥ ધર્મદેવને પોતાના પુત્રનાં આવા તીવ્રજ્ઞાનનાં પરાક્રમ જોઈને તેમને ખૂબ જ આશ્ચર્ય થવા લાગ્યું. પોતાના પુત્રના આવા બાલ્ય અવસ્થાનાં કાર્યો વિષે પોતે ખાસ વિચાર કરવા લાગ્યા. ॥૧૦॥ તે ધર્મદેવ બાળકના નામકરણ સંસ્કાર વખતે જ બાળક ઘનશ્યામના ગુણના વર્ણન કરેલાં તે વાક્યો સાચા લાગવા માંડ્યા તથા વૃંદાવનમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ એટલું કહેલું કે હું તમારા ઘેર તમારા પુત્રરૂપે અવતાર ધરીશ એ વાક્યો મુજબ ધર્મદેવ શ્રીહરિને પૂર્ણ પુરુષોત્તમ વાસુદેવ માનવા લાગ્યા. ॥૧૧॥ ત્યાર પછી પોતાની જન્મદાત્રી મનુષ્ય દેહધારી ભક્તિમાતાને માનુષિદેહની મુક્તિ માટે તેમના મનોરથો જોઈને તેમને પોતાના દિવ્ય સ્વરૂપનું અલૌકિક જ્ઞાનનો ઉપદેશ કરીને હરિગીતાનો ઉપદેશ કર્યો ને દિવ્યધામનાં દર્શન કરાવ્યાં. ॥૧૨॥ કહેવા લાગ્યાં : હે માતા ! તમને મારા દ્વારા દિવ્ય જ્ઞાનનો ઉપદેશ આપીને તમારા મનમાં માયિક ગ્રંથિ બંધાયેલી છે તેને તોડીને મારા દિવ્ય સ્વરૂપનો સ્વધર્મ, ભક્તિ, વૈરાગ્ય, સહિત દિવ્યજ્ઞાન તમને સંભળાવું છું તેને તમો સાંભળો. ॥૧૩॥ હે માતા ! તમે સાંભળો. માયિક સ્ત્રી, દ્રવ્ય આદિકનો ત્યાગ કરીને સત્ય, તપ, દાન, દયા યુક્ત ભાવનાવાળા થઈને દેવતાઓનું પૂજન અર્ચન કરવું. તથા હે માતા ! સત્પુરુષો, સંતોના મુખ થકી ભગવાનના લીલાચરિત્રોની કથા સાંભળવી તેથી સ્વધર્મનું ભાન થાય છે. ॥૧૪॥ હે માતા ! આ મળમૂત્રથી લથપથ પોતાના દેહનું ભાન ભૂલીને પોતાના આત્માનું દઢતાથી ચિંતવન કરીને આત્મસ્થિતિવાળા થવું ત્યાર પછી દિવ્ય તેજના સમૂહમાં દિવ્ય



સિંહાસનમાં વિરાજમાન પરબ્રહ્મનારાયણનું ધ્યાન કરવું એ પ્રમાણે સંતો કહે છે. ॥૧૫॥ હે માતા ! માયાનાં કાર્યરૂપ, કાળચક્રનું ધ્યાન રાખીને આ માયાના પ્રપંચરૂપ ગુણ ઐશ્વર્યનો વિચાર કરીને તેમાંથી પોતાની વૃત્તિને પાછી વાળીને કેવળ આત્માચિંતન કરીને પરમાત્માનું ચિંતવન કરવા માટે વૈરાગ્યયુક્ત થવું. ॥૧૬॥ હે માતા ! જેમ અજ્ઞાની આંધળા મનુષ્યો પોતાના દેહને પાણીમાં ધોઈને પવિત્ર થાય છે, તેમ વૈરાગ્ય મનવાળા થઈને હમેશાં પોતાના મન ને શ્રીહરિના સ્વરૂપના ધ્યાનમાં જોડવું. જેનું મન એવી રીતે ભગવાનમાં જોડાય છે તેને વિદ્વાનો, જ્ઞાનીઓએ એકાન્તિક ભક્તિ કહી છે. ॥૧૭॥ હે માતા ! જીવાત્મા ભગવાનની સાથે પ્રીતિ કરીને જગતના વાતાવરણનો ત્યાગ કરીને પોતાનાં સંબંધીઓ તથા પુત્ર પરિવારનો ત્યાગ કરી દે છે અને મારા ચરિત્રોની કથા કાયમ સાંભળે છે તથા અનન્ય ભાવથી મારી લીલા ચરિત્રોનાં કિર્તનો ગાયા કરે છે. એવી રીતે મારે વિષે પ્રીતિ રાખે છે તે જીવાત્મા આત્યંતિક મોક્ષ પામે છે. ॥૧૮॥ હે માતા ! જે સંત પુરુષના સમાગમથી જીવાત્મા માયાના બંધનમાંથી અને ચિત્તના દોષોથી મુક્ત થાય છે. નિર્દોષ ચિત્ત-મનવાળા વૈરાગ્યયુક્ત થઈને ભગવાનને વિષે એકાત્મતાને પામે છે. ત્યાર પછી તે અક્ષરધામમાં જાય છે. ત્યાં તે આત્મા ભાગવતી તનુ અર્થાત્ દિવ્ય દેહને પામે છે. મહાતેજાયમાન સ્વરૂપવાળો થાય છે, એ સર્વે સંત પુરુષોના સમાગમનો પ્રતાપ છે. ॥૧૯॥ હે માતા ! મારું જે સ્વરૂપ છે તે તો જીવોના પરમાર્થ પરોપકાર માટે સર્જાય છે એટલા માટે નારાયણ ભગવાનને વેદોમાં આદિ અનાદિના કહેલા છે. મારું ધામ કોઈને દેખાતું નથી. અવ્યક્ત જ છે સર્વે જગતનો કર્તા, પાલક, સંહારક હું જ છું. હે માતા ! એટલા માટે મારા દિવ્યધામનું તથા મારા દિવ્ય સ્વરૂપનું ચિંતવન કરો તેથી તમારું શરીર મોક્ષ પ્રાય બને છે. ॥૨૦॥ હે માતા ! હું જ સર્વે પંચભુતના આત્મામાં પ્રકાશક જ્યોતિરૂપે રહું છું. સર્વને ચેતનતાનું બળ હું આપું છું તેમજ સ્થાવર-જંગમ બ્રહ્માદિ સર્વના કાર્યો મારાથી જ થાય છે તેથી સર્વનો કારણ હું જ છું ॥૨૧॥ હે માતા ! જ્યારે આ પૃથ્વી ઉપરથી ધર્મકાર્ય

ધર્મતત્ત્વનો નાશ થાય છે ત્યારે જ મારે આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને આસૂરીક દુષ્ટોનો નાશ કરીને પૃથ્વી ઉપર સદ્ધર્મની પુષ્ટિ કરીને ભક્તજનોને સુખ આપું છું. ॥૨૨॥ હે માતા ! મારા ભયથી મારી આજ્ઞા મુજબ પવન વાય છે તેમજ આ જગત ઉપર સૂર્ય પણ મારી આજ્ઞાથી જ તપે છે ઉદય અસ્ત થાય છે. તેમજ સૂર્યચંદ્રના યોગથી સર્વે ઔષધીઓ ઉત્પન્ન થાય છે તથા સમય પ્રમાણે પાકે છે. તે સર્વે મારી આજ્ઞા મુજબ થાય છે. ॥૨૩॥ હે માતા ! સર્વે તારાઓ, ચંદ્ર, અગ્નિ, આખા જગતમાં જે કાંઈ બોલાય છે, જણાય છે તે સર્વે તથા મર્યાદાનું પાલન થાય છે.નદીઓ વહે છે. સમુદ્રમર્યાદાથી મુક્ત તે સર્વે વાતાવરણમાં હું જ વહન કરું છું. ॥૨૪॥ એટલા માટે હે માતા ! સર્વનો કર્તાહર્તા સર્વનો નિયંતા એવો નારાયણ જાણીને મારા વિષે તમારા ચિત્તને જોડી દઈને એકાંતિક ભાવથી ધર્મ, જ્ઞાન. વૈરાગ્યયુક્ત જ્ઞાનથી મારી નિર્ગુણ દઢભક્તિ કરો તેથી તમારો મોક્ષ થાય. ॥૨૫॥ આવી રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનાં ઉપદેશનાં જ્ઞાનપૂર્ણ વચનો સાંભળીને આનંદિત મનવાળાં તે ભક્તિમાતા પ્રેમપૂર્વક સંશય વિનાનાં થઈને કહેવા લાગ્યાં : હે પ્રભુ ! તમે મને આવા દિવ્ય જ્ઞાનના ઉપદેશથી કૃતાર્થ કરી દીધી, માટે હે પ્રભુ ! આપની વાણી  પૂર્ણ કૃપા કરીને જીવને મુક્ત કરે છે. ॥૨૬॥ એવી રીતે તે ભક્તિમાતા ભગવાન શ્રીહરિકૃષ્ણ પ્રભુના સ્વરૂપનું પોતાના હૃદયમાં ધ્યાન કરીને દેહના ભાવને ભૂલી ગયાં અને બ્રહ્મમય દેહવાળાં થઈને ભગવાનના બ્રહ્મપુર ધામમાં ગયાં. ॥૨૭॥ ત્યાર પછી તેમના પુત્રો તથા સર્વે સંબંધીઓની, સાથે મળીને દેહને અગ્નિસંસ્કાર વિધિ કરીને ત્યાર પછી સર્વે કુટુંબ પરિવારના જનો પવિત્ર જળથી સ્નાન કરીને શુદ્ધ થયા. ॥૨૮॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! ત્યાર પછી તે સર્વે પરિવારજનો ભક્તિમાતાના અક્ષરવાસ પછી તે સર્વે શ્રાદ્ધક્રિયાઓ અગિયારમાં સુધી વિધિ પ્રમાણે કરીને ગૃહસ્થાશ્રમના રિવાજ મુજબ યોગ્યજનોને દાનો આપ્યા તથા ભોજન કરાવીને તૃપ્ત કર્યા. ॥૨૯॥ ત્યાર પછી ઘનશ્યામ પ્રભુનું પિતા ધર્મદેવ તથા મોટાભાઈ રામ પ્રતાપજી તથા સુવાસિની ભાભી તથા સર્વે



પરિવારજનોની સાથે ખૂબ જ પાલન કરતા થકા આનંદપૂર્વક રહેતા હતા. ॥૩૦॥ હે રાજન ! ત્યારે એક દિવસ ઘનશ્યામ પ્રભુ પિતા ધર્મદેવને નરમ થયેલ જોઈને તપાસ કરી તો શરીરમાં તાવ આવેલો જણાયો તેથી તાવથી પીડાતા પિતા પોતાના શરીરનો ત્યાગ કરવાની ઈચ્છાવાળા થયા છે એ પ્રમાણે જાણીને તેમની ખૂબ જ સેવા કરવા લાગ્યા. વૈદ્યને બોલાવીને ઔષધિ કરાવરાવી. ॥૩૧॥ ત્યારે ધર્મદેવે પોતાના પુત્ર ઘનશ્યામને કહ્યું કે તમે લોકોને ધર્મમર્યાદામાં રાખવા તથા ઉપદેશ આપવા માટે યોગ્ય છો, ધર્મ એ જ સર્વ કાર્યની સિદ્ધિ કરનાર છે. ॥૩૨॥ ત્યારે ધર્મદેવ આવી રીતે બોલતા હતા એવામાં તે સમાધિમાં ઊતરી ગયા. તેઓ અભયસ્થાન એવું બ્રહ્મધામ જે કરોડો સૂર્યચંદ્રના તેજ કરતા અધિક તેજાયમાન શ્રીહરિના અક્ષરધામને સમાધિમાં જોયું. ॥૩૩॥ તે અક્ષરધામમાં પોતાના પુત્ર ઘનશ્યામ પ્રભુને અનંત મુક્તોથી સેવા પામતા તથા પોતાના પાર્ષદોથી સેવાતા તેમ જ પોતાના પિત્રુઓથી અને આત્માઓથી સેવા કરાતા તેમને દિવ્ય સિંહાસનમાં વિરાજમાન જોયા. ॥૩૪॥ તે હરિકૃષ્ણ પ્રભુ કરોડો કામદેવને મોહ પમાડે એવા મનોહર સ્વરૂપવાળા, કરોડો ચંદ્ર કરતા શીતળતાવાળા, કરોડો સૂર્ય કરતાં અધિક તેજાયમાન સ્વરૂપ જેમનું છે એવા તે શ્રીહરિ દિવ્ય વસ્ત્ર આભુષણોથી શોભતા હતા. ॥૩૫॥ હે રાજન્ ! તે ધર્મદેવ તેજ સ્વરૂપને પોતાના પુત્ર હરિકૃષ્ણને તે દિવ્ય સિંહાસનમાં બેઠેલા જોયા તેથી તેમને ખૂબ જ શાંતિ થઈ અને ખૂબ જ માહાત્મ્ય સમજીને દર્શન કર્યા. ॥૩૬॥ **ધર્મદેવ બોલ્યા** : હે હરિ ! આપ સંત પુરુષોને સુખ આપનારા છો તથા હમેશાં પ્રકૃતિના કાર્યોમાં કરૂણામય દૃષ્ટિવાળા છો, સર્વે સૃષ્ટિને સર્વ રીતે ચલાવનારા છો, સર્વે જગતના નિયંતા છો એવા હે કમળનયન નારાયણ ! આપને હું વારંવાર પ્રણામ કરું છું. ॥૩૭॥ હે હરિ ! કળિયુગમાં આ પૃથ્વી ઉપર જન્મેલા જીવાત્માઓને પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને મનુષ્ય સ્વરૂપે ખૂબ જ સુખ આપનારા એવા હે હરિકૃષ્ણ પ્રભુ ! આપના ચરણકમળને પૃથ્વી ઉપર સ્થાપન કરીને જગતનું કલ્યાણ કરનારા છો તેથી આપને પ્રણામ કરુ છું. ॥૩૮॥ હે હરિ ! આપ આ

પૃથ્વી ઉપર અંધશ્રદ્ધામાં રાચતા જીવોને સાચું જ્ઞાન આપીને, જગતના જીવોનાં દુઃખો દૂર કરીને તાપમાંથી ઉગારનારા એવા આપના નામનું રટણ કરવામાંથી જ મોટા શરીરના સર્વે તાપો થકી મને ખૂબ જ શાંતિ સુખ થયું છે તે આપના પ્રતાપથી જ થયું છે. ॥૩૯॥ હે પ્રભુ ! આપનાં ચરિત્રને મનુષ્ય નમ્રતાથી ભાવપૂર્વક જે ગાય છે તે ખૂબ જ સુખ પામે છે. પવિત્ર થઈને જે જીવાત્મા તમારા ચરિત્રની કથા સાંભળે છે તે તમારા ધામને જરૂર પ્રાપ્ત કરે છે. ॥૪૦॥ હે ભગવાન ! આપના સ્વરૂપનું વર્ણના મનોહર સુખાનંદને આપનારુ છે. આપની આકૃતિ સૂર્યના પ્રકાશ જેવી છે. મેઘ જેવા નીલાવર્ણવાળા, એવા મનોહર આપના સ્વરૂપને વિષે મારી મનની રુચિ એવી દઢ કરજો કે જે ક્યારેય પાછી ન પડે. ॥૪૧॥ હે ભગવાન નારાયણ ! હે વાસુદેવ ભગવાન ! હે સર્વના સાક્ષીરૂપ બ્રહ્મપુરુષોત્તમ ! આપને મારા નમસ્કાર છે. આપે આ પૃથ્વી ઉપર અવતાર ધરીને અમારા કુળને પાવન કરી નાખ્યું, એવા પવિત્ર સ્વરૂપને મારી દૃષ્ટિ પાસેથી ક્યારેય દૂર કરશો નહિ. ॥૪૨॥ હે પ્રભુ ! આપ અનેક સ્વરૂપે જન્મનારા છો, અનેક ચરિત્રોને કરો છો. સૌને આપનો મહિમા તો ખૂબ જ પાર પામવો કઠિન છે. હજારો ફેણો રૂપી મુખથી શેષજી આપના ગુણનું ગાન કર્યા કરે છે તે છતાં પાર પામી શકતા નથી તો હું તો ક્યાંથી પાર પામી શકું ? ॥૪૩॥ આવી રીતે તે પિતા ધર્મદેવનાં કહેલાં વાક્યો સાંભળીને **શ્રીહરિ ભગવાન તેમને કહેવા લાગ્યા** : હે પિતાજી ! આપના આવા નિશ્ચયપૂર્વકના વ્યક્તિત્વને ધન્યવાદ છે તમારે આત્માની મુક્તિ માટે મારા સ્વરૂપનો દઢ આશ્રય કરીને મુક્તિ મેળવી લેવી. ॥૪૪॥ હે પિતાજી ! આપ ચારેબાજુથી મૃત્યુનો પરાજય કરી મારા સ્વરૂપમાં ચિત્તની વૃત્તિને ખેંચીને પરાત્પર નારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રકૃતિ, કાળ, માયાનો નિયંતા એવો હું છું તેથી મારા સ્વરૂપમાં એકાગ્ર થઈને તે સ્વરૂપનું અખંડ ધ્યાન કરો. આ પ્રમાણે શ્રીહરિની દિવ્ય વાણી સાંભળીને ધર્મદેવ નિઃસંશય થયા. ॥૪૫॥ આવી રીતેનાં તે ઘનશ્યામ પ્રભુએ ધર્મદેવનાં દઢ નિશ્ચયપૂર્વકનાં શબ્દો સાંભળીને શ્રીઘનશ્યામ મહાપ્રભુએ વિદ્વાન શાંત પ્રકૃતિના બ્રાહ્મણને બોલાવીને



શ્રીમદ્ ભાગવત્‌ની સપ્તાહ પારાયણ વંચાવી. તેને ધર્મદેવે એકાગ્રતાથી ભગવાનના સ્વરૂપમાં મન જોડીને સાંભળ્યું. જ્યારે સપ્તાહની પૂર્ણાહુતિ થઈ ત્યારે. ॥૪૬॥ ઘનશ્યામ પ્રભુએ તે બ્રાહ્મણોને દક્ષિણામાં હજાર ગાયો દાનમાં આપી, બીજું ધન પણ ખૂબ જ આપી તેને વિદાય કર્યા. ત્યાર પછી ધર્મદેવે પોતાના મનને શ્રીહરિના સ્વરૂપમાં જોડી શુદ્ધ મનવાળા થઈને તેમણે મનુષ્ય શરીરનો ત્યાગ કરીને ભાગવતી સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું. ॥૪૭॥ હે રાજન્ ! આવી રીતે શ્રીહરિકૃષ્ણ પ્રભુએ ધર્મદેવને દુર્વાશાના શાપથી મુક્તિ અપાવી અને ધર્મદેવ દિવ્ય સ્વરૂપે હરિકૃષ્ણ પ્રભુની સેવા કરવા લાગી ગયા. ॥૪૮॥ ત્યાર પછી મોટા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામભાઈ તથા સર્વે સંબંધીઓ મળીને ધર્મદેવના પાર્થિવદેહની અગ્નિસંસ્કાર વિધિ, ઉત્તરક્રિયાઓ વિધિપૂર્વક કરી દીધી. ॥૪૯॥ ત્યાર પછી રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામભાઈએ દશ દિવસ સુધીના શ્રાદ્ધકર્મો વિધિપૂર્વક કર્યા. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે રામપ્રતાપજીએ સદાચાર પ્રમાણે ત્રયોદશા પર્યંત સર્વે ધાર્મિક કાર્યો કર્યા. ॥૫૦॥

**ઇતિશ્રી ઉદ્ધવ સંપ્રદાયને પ્રવર્તનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રીકૃષ્ણાનંદ સ્વામીએ રચેલ ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં ધર્મદેવે, ભક્તિમાતાએ દેહે ત્યાગ કર્યો એ નામે ઓગણીસમો અધ્યાય થયો. ॥૧૯॥**

## ॥ અધ્યાય - ૨૦ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! એક વખત શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે મારું અત્યારે આ પૃથ્વી ઉપરના અનંત જીવોનું કલ્યાણ કરવાના હેતુ માટે તથા આત્યંતિક ધર્મનાં સ્થાપન કરવા માટે પૃથ્વી ઉપર આગમન થયેલ છે, તેથી મારે આ કાર્ય કરવું એ જ નિર્ધાર છે. ॥૧॥ શ્રીહરિ ઘનશ્યામ એ પ્રમાણે પોતાના

મનમાં નક્કી કરીને વિક્રમ સંવત ૧૮૪૯ (અઢારસો ઓગણપચાસ)ની સાલમાં અષાઢ સુદ દશમના રોજ નિત્ય નિયમ મુજબ પ્રભાતમાં સ્નાન કરવાના નિમિત્તથી એકલા જ નીકળી ગયા. ॥૨॥ પોતે મનમાં એકલાએ જ વિચાર કરીને ઘરનો ત્યાગ કર્યો અને પોતે પૃથ્વી ઉપર વિચરણ કરવાના ઉદ્દેશ્યથી વસ્ત્રઆભૂષણનો ત્યાગ કરીને શરીરને ઢાંકવા માટે કેવળ કૌપીનને તેની ઉપર એક વસ્ત્ર ધારણ કરીને નીકળ્યા. ॥૩॥ વિશાળ લલાટમાં ઊર્ધ્વપૂંડ્ર તિલક ચાંદલાને ધારણ કરેલા, મૃગચર્મ ધારણ કરેલા, તથા મસ્તક ઉપર સુવર્ણ સમાન ભુરાકેશની જટાવાળા, હાથમાં પલાશ દંડને ધારી રહેલા, કટી ભાગમાં મુંજની મેખલાને ધારણ કરેલા એવા. ॥૪॥ બ્રહ્મસ્વરૂપ એવા બાલમુકુંદ તથા શાલિગ્રામને એક પાત્રમાં રાખીને વસ્ત્રથી બાંધીને ગળામાં ધારણ કરેલા આઠ શાસ્ત્રોના સારભુત ગુટકાને ખભે ભરાવેલ એવા ઘનશ્યામ પ્રભુ ॥૫॥ હાથમાં તુલસીની માળાને ધારણ કરેલા એવા, વર્ણીના વેશમાં ખૂબ જ શોભતા હતા એવા ઘનશ્યામ પ્રભુ સરયૂ નદીએ જલદી જલદી પહોંચ્યા. ॥૬॥ ત્યારે તે સરયૂ નદી પણ ઘનશ્યામ પ્રભુને કમળના ફુલોની શોભાથી સન્માનતી હતી તથા તરંગો અને ઉછાળા મારીને આલિંગન કરવા તત્પર થતી હતી તથા છીપલાં રૂપી નેત્રોથી શ્રી ઘનશ્યામના દર્શન કરતી હતી. આવી રીતે શ્રીહરિને જોઈને આનંદ પામતી હતી ॥૭॥ તરીને જવાની ઈચ્છા કરતા પ્રભુને જોઈને કોઈક કેવટ જલદીથી ત્યાં આવ્યો અને આવીને શ્રી ઘનશ્યામ પ્રભુને કહેવા લાગ્યો : 'હે પ્રભુ ! હું આપની શી સેવા કરું, આજ્ઞા આપો. ॥૮॥ આ પ્રમાણે તે કેવટની વાણી સાંભળી શ્રી ઘનશ્યામ પ્રભુ તેને કહેવા લાગ્યા કે તું અત્યારે જ નૌકા લાવ. આ પ્રમાણે કહ્યું એટલે તે હાથ જોડીને પ્રાર્થનાપૂર્વક કહેવા લાગ્યો ॥૯॥ હે ઘનશ્યામ મહાપ્રભુ ! આપના દર્શનથી મારું કુળ પવિત્ર થઈ ગયું કેમ કે આપ તો અનંત કોટી બ્રહ્માંડના સ્વામી સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છો તેથી હું ધન્યભાગ્યવાળો થયો. ॥૧૦॥ અત્યારે જ હું નૌકા તો લાવું તેનો કોઈ વાંધો નથી, પરંતુ આપના ચરણરજથી તે પવિત્ર જઈ જશે પણ હે કૃષ્ણ મહાપ્રભુ ! એથી આપના



સ્પર્શથી મારી આજીવિકાનો નાશ થઈ જાય એનો ભય છે ॥૧૧॥ તેથી આપનાં ચરણ પ્રથમ મને ધોઈને પૂજવા દયો. આ પ્રમાણે વિધિ કર્યા પછી હું આપને નાવમાં બેસાડીને સરયૂ પાર કરાવીશ. ॥૧૨॥ આવી રીતનાં તે કેવટનાં વચનો સાંભળીને શ્રી ઘનશ્યામ પ્રભુએ તેને પગ ધોવાની અનુમતિ આપી ત્યારે તે કર્ણધાર આનંદ પામ્યો. તે શ્રીહરિ મહાપ્રભુના ચરણોને ધોવા લાગ્યો. ॥૧૩॥ ઘનશ્યામ પ્રભુના ચરણ ધોઈને તે જળ પવિત્ર ત્રિલોકને પાવન કરનાર પોતાના મસ્તક ઉપર ધારણ કરીને પોતાને પવિત્ર કરતો હતો અને પોતાના કુટુંબ પરિવારને પાવન કરીને ત્યાર પછી શ્રીહરિને નૌકામાં બેસાડ્યા. ॥૧૪॥ ત્યાર પછી ઘનશ્યામ પ્રભુ નૌકામાં વિરાજમાન થઈને સરયૂની શોભા-સમૃદ્ધિને જોઈ વિચાર કરતા હતા - આ તીર્થરૂપ સ્થળ સર્વે મનોરથને પૂર્ણ કરનાર છે એવું આ શુદ્ધ પવિત્ર નદીનું જળ છે. ॥૧૫॥ તે નદીનાં અગાધ જળમાં મોટા મગરમચ્છોને તથા મોટા મોટા કાચબાઓ આદિને જોઈને શ્રીહરિ વિચાર કરવા લાગ્યા કે આ જીવો પવિત્ર જળની અંદર ભય આપનારા છે, એ પ્રમાણે વિચારતા હતા. ॥૧૬॥ પરંતુ આ જળમાં જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક દરરોજ નદીમાં સ્નાન કરે છે તે જીવો અંત સમયે વિમાનમાં બેસીને સ્વર્ગમાં જાય છે, કેમકે આ સરયુ નદી રામચંદ્ર પરમાત્માના ચરણરજથી પવિત્ર થયેલ છે, તેથી શ્રી ધર્મનંદન મહાપ્રભુએ નદીમાં તરીને જવાનો નિર્ણય કર્યો. ॥૧૭॥ નદીમાં પડ્યા પછી તરવામાં અતિ કઠિન એવી તે નદીમાં ઘનશ્યામ પ્રભુ તરવા લાગ્યા. દુર્ગમ એવી નદીને એક યોજન અર્થાત્ ચાર ગાઉ સુધી તરતા થયા. (એક યામ) સાડા ત્રણ પ્રહર સુધી અડધા દિવસ સુધી તરતા તરતા સામા કાંઠે નીકળ્યા. ॥૧૮॥ નદીમાં પડવાથી પાણીના વેગને લીધે તરવામાં મુશ્કેલ જળમાં બધી વસ્તુઓ તણાઈ ગઈ. જેટલી રહી તેટલી લઈને બહાર નીકળ્યા. શાલીગ્રામનો બટવો તથા પૂજાપુસ્તક કમંડળ વગેરે વસ્તુઓ લઈને શ્રીહરિ મહાપ્રભુ પોતાની સાથે લઈને એકલા જ આગળ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં ઘણો સમય વીતી ગયો. ॥૧૯॥ એટલામાં સાંજ પડી ગઈ. સૂર્યાસ્ત થવાથી એક વૃક્ષની નીચે નિવાસ કર્યો ત્યારે એ

અરણ્યમાં કોઈ મનુષ્ય ન મળે એવું બિહામણું લાગતું હોવા છતાં શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ નિર્ભય થઈ નિવાસ કરવા લાગ્યા. ॥૨૦॥ આ બાજુ અયોધ્યામાં સવાર પડ્યા પછી સર્વે સંબંધીઓ શ્રી ઘનશ્યામ પ્રભુને નહીં જોવાથી વિચાર કરવા લાગ્યા. એટલામાં ઘનશ્યામના બાલમિત્રો સવારમાં ઘનશ્યામને શોધવા લાગ્યા. પણ ક્યાંય ન મળવાથી ચિંતા કરવા લાગ્યા કે ઘનશ્યામ ક્યાં ગયા હશે ? હજુ કેમ ન આવ્યા ? બપોરનો સમય થવા આવ્યો તે છતાં ઘનશ્યામ પ્રભુ કેમ ન આવ્યા ? ॥૨૧॥ શ્રી ઘનશ્યામ પ્રભુને ગામમાં, બજારમાં, ક્યાંય નહીં જોવાથી ખૂબ જ વિલાપ કરવા લાગ્યા. અતિ વિરહથી મોટાભાઈ રામપ્રતાપજી મૂર્છિત થઈને પૃથ્વી ઉપર પડી ગયા તથા ઈચ્છારામ, ભાભી સુવાસિની તથા ઈચ્છારામની પત્ની તથા સર્વે બાળકો વિરહ કરવા લાગ્યાં. ॥૨૨॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રી હરિ ઘનશ્યામના અદૃશ્ય થવાથી સર્વ સંબંધીઓ ખૂબ જ વિલાપ કરવા લાગ્યાં તથા શ્રીહરિનાં ચરિત્રોનું ગાન કરતાં કરતાં સમય વિતાવતાં હતાં. ॥૨૩॥ શ્રીહરિ ઘનશ્યામમાં અધિક પ્રેમને લીધે તેના કરેલા ચરિત્રો તથા તેમનું ચાલવાનું, હસવાનું, જોવાનું આદિ ક્રિયાઓનું સ્મરણ કરીને ઉદાસ મનવાળા થકા બધા સાથે મળીને ઘનશ્યામને શોધવા માટે વનપ્રદેશમાં પણ જતા હતા. ॥૨૪॥ વિરહથી આકુળવ્યાકુળ મનવાળા ઉન્મતની માફક સર્વને પૂછવા લાગ્યા,ઘનશ્યામને તમે જોયા ? ઘનશ્યામ ક્યાં ગયા છે તે અમને કહો. આ પ્રમાણે વિરહના તાપમાં બળતાં તેઓ શોધતાં હતાં. ॥૨૫॥ હે અશોક, હે દેવદાર, હે બકુલ, હે આંબા, તમારા પ્રિય ઘનશ્યામને અહીંથી ગયેલા તમે ક્યાંય જતા જોયા છે? જોયા હોય તો તમો અમોને કહો. ॥૨૬॥ હે કદંબ, પનસ, આસોપાલવ તથા બીલા, જાંબુ, વડ આદિ વૃક્ષો, મંદ હાસ્ય કરનારા, અમારા મનને હરનારા, અમારા મનને જીતનારા ઘનશ્યામને તમે જોયા છે ? ॥૨૭॥ હે ચંપા, નાગચંપા, ગુલાબ, કેતકી, કરેણ, તમોએ તુલસી જેમને પ્રિય છે એવા; જેના ચરણકમળને અમો વંદન કરીએ છીએ એવા હરિકૃષ્ણ ઘનશ્યામને તમોએ અહીંથી જતા જોયા છે ? ॥૨૮॥ હે વેલીઓ, તમે એવાં શું મોટા તપ કર્યાં



છે જેથી શ્રી ઘનશ્યામ ગયા તે છતાં તમો આનંદમાં છો ? તેથી જરૂર તમોએ અહીંથી ઘનશ્યામને જતા જોયા હોય તેમ લાગે છે. તેથી જ તમો આનંદમાં છો. ॥૨૯॥ હે હરણો તથા હે સરયુ તટ ઉપર ઊગેલાં વૃક્ષો ! તમોએ અહીંથી પસાર થયેલા ઘનશ્યામ પ્રભુને પ્રેમપૂર્વક જોયેલા છે એવું લાગે છે કેમકે શ્રી ઘનશ્યામ પ્રભુને તમારી ઉપર ખૂબ જ પ્રેમ છે તેથી. ॥૩૦॥ આ સરયુ કેમ ગંભીરતાથી વહે છે. તેથી હે સરયુ, તમે શ્રી ધર્મનંદન શ્રી ઘનશ્યામને જોયા છે, પોતાની તરંગો ભમરીઓ દ્વારા તેમનો સ્પર્શ કરીને શાંત થઈ ગઈ લાગે છે. ॥૩૧॥ આવી રીતે તે સર્વેજનો શ્રીહરિ ઘનશ્યામ પ્રભુને શોધતાં શોધતાં બહુ ફર્યાં પણ ઘનશ્યામ ન મળ્યા તથા તેમનું પગેરું પણ ન મળ્યું તેથી પાછાં વળીને ત્યાર પછી નગરમાં પોતપોતાના ઘેર ગયાં અને ચોરેચૌટે વાતો થવા લાગી. ॥૩૨॥ શ્રી ઘનશ્યામ પ્રભુને તેમના સગા સંબંધીઓ તથા સ્વજનો સર્વે ઘનશ્યામ ન મળવાથી પોતાના નિવાસસ્થાને જઈને અતિશય દુઃખી મનવાળાં થઈને કરુણસ્વરથી રુદન કરતાં કરતાં ઘનશ્યામના ચરિત્રોનું વારંવાર સ્મરણ કરતાં હતાં. ॥૩૩॥ રામપ્રતાપજી વિલાપ કરતાં કહે છે, "હે ઘનશ્યામ ! તમારો આ પૃથ્વી ઉપર જન્મ ધારણ કર્યો ત્યારથી જયજયકાર થાય છે. તેમ જ આપના મહાપરાક્રમવાળાં ચરિત્રો જોઈને અમોને આનંદ થતો હતો. આપના જવાથી તે મહાભયંકર માયાવી દેવોને પરાભૂત કરનાર કાલીદત્તના ભયનો અનુભવ કરાવો છો કે શું ? કેમકે આપ અમારી ઉપેક્ષા કરીને ગયા છો તેથી ॥૩૪॥ હે ભક્તિપુત્ર ! આપ તો સર્વ પ્રાણી માત્રના સાક્ષી છો. આ પૃથ્વી ઉપર ભક્તજનો, તપસ્વીઓએ હે નારાયણ ! આપની પ્રાર્થના કરી તથા અત્રીપુત્ર દુર્વાશાના શાપથી મુક્ત કરવા માટે આપ અવતાર ધારણ કરીને આ સત્પુરુષોને તથા બ્રાહ્મણોને તમારા સ્વરૂપનું સુખ આપવા પધાર્યા છો. ॥૩૫॥ હે હરિ ! મુનીજનોએ તમારા ચરિત્રોનું આલેખન કરીને લોકોનાં ત્રિવિધ તાપને સમાવવા માટે સંપુટ બનાવેલ છે. તેને જે જન સાંભળે છે તેના સર્વે પાપો બળી જાય છે. તે મુક્ત બને છે તથા જન્મ મૃત્યુના ભય થકી મુક્ત થઈ જાય છે. એટલા માટે જ ગુણવાનજનો આપનું સ્મરણ

કરે છે. ॥૩૬॥ આપનું મંદ હાસ્યયુક્ત જોવું તથા મધુર વાણીથી બોલવું તથા સર્વને મોહ પમાડે એવાં અદ્‌ભુત ચરિત્રોને કરનારા તથા સ્નેહના બંધનમાં બાંધીને અમારાં અંતકરણને તમારામાં ખેચનારા એવા આપના ચરિત્રોનું સ્મરણ કરીએ છીએ તેથી અમારાં મન મોહ પામી જાય છે. તમારું વારંવાર સ્મરણ થયા કરે છે. ॥૩૭॥ હે પ્રભુ ! આપના સ્વરૂપના વૈભવથી અમો ગૃહસંસારના તાપોથી મુક્ત થયાં હતાં અને આપના શરણમાં આવેલાં હતાં તે સર્વને અમોને છોડીને આપ ક્યાં ચાલ્યા ગયા છો ? હે સ્વામીપ્રભુ, હે ભક્તિપુત્ર ! આપ અમારાથી અદૃશ્ય થઈને અમને દુઃખ ન આપો. ॥૩૮॥ સુવાસિની કહેવા લાગ્યાં : “હે હરિ ! આપ પ્રથમ અમોને ખૂબ અલૌકિક-અદ્‌ભુત સુખો આપીને અમોને તમારા સ્વરૂપના પ્રેમના બંધનમાં બાંધ્યાં, પ્રેમ આપ્યો, પછી અનાદર કરીને અમોને નિરાધાર બનાવીને મહામોટાકુળમાં ચાલ્યા ગયા કે શું ? અત્યારે આપ મારી સાથે આવું કઠોર ચરિત્ર કરીને મને શા માટે દુઃખી કરો છો ? ॥૩૯॥ હે કૃષ્ણ ! તમે અમારી સાથે આવો. કઠોરતાનો વ્યવહાર કરવાની શી જરૂર હતી ? તમો સુંદર ચરિત્રો કરીને સુંદર પ્રતાપ બતાવીને સુખી કર્યા, તેઓને વિયોગના દુઃખથી મુક્ત કરો. તમારાં દર્શન આપો જેમ પૃથ્વી પર સુકાતા ઘાસને પાણી મળે ને તૃપ્ત થાય તેમ અમોને મુખનાં દર્શન આપીને તૃપ્ત કરો. મૃતઃપ્રાય થયેલાને સજીવન કરો. ॥૪૦॥ હે મિત્ર ! તમો અહીં આવો, આવીને અમોને કૃપાનેત્ર વડે જેવી રીતે બોલાવતા હતા તેવી રીતે હે ધર્મનંદન ! બોલાવીને સુખ આપો. મંદહાસ્ય યુક્ત ચંદ્રમાના બિંબ જેવા મનોહર મુખના દર્શન કરીને મન નિર્મળ બની ગયાં હતાં ને લૌકિક સુખો સર્વે ઝેર જેવાં લાગતાં હતાં, તેવાં મુખનાં દર્શન આપો. ॥૪૧॥ હે નાથ ! આપના જવાથી આપના વિના અમારાં પ્રાણ વિયોગ દુઃખમાં ચાલ્યાં જશે. કેમ કે તમારામાં જ અમારું જીવન છે. તમારા વિયોગથી એક ક્ષણ પણ એક યુગ જેટલી લાંબી લાગે છે. માટે હે પ્રાણનાથ ! તમે પાછા આવીને અમોને દુઃખમાંથી ઉગારો. ॥૪૨॥ એવી રીતે ઘનશ્યામનાં ચરિત્રોનું સ્મરણ વારંવાર કરતા હતા તથા વિલાપ કરતા થકા ખૂબ જ દુઃખી મનવાળાં સર્વે



સંબધીઓ, મિત્રો વિલાપ કરતાં હતાં. ॥૪૩॥

**ઈતિ શ્રી ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધારકરમાં શ્રીહરિએ ઘરનો ત્યાગ કર્યો એ નામે વીસમો અધ્યાય થયો. ॥૨૦॥**

## ॥ અધ્યાય - ૨૧ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! ત્યાર પછી ઘેરથી નીકળ્યા પછી નીલકંઠ ઘનશ્યામપ્રભુ સાંજ પડ્યા પછી તે જંગલમાં સ્વચ્છ જગ્યામાં વૃક્ષોની ઝાડીમાં ઉત્તમ સ્થાનમાં વિશ્રામ લેવા માટે રોકાણ કરીને રાત્રિ વિતાવી શાંતિપૂર્વક મુક્તાનંદ મેળવતા હતા. ॥૧॥ હે રાજન્ ! જે મનુષ્ય આવાં શ્રીહરિના ચરિત્રોને પોતાના કાન વડે નથી સાંભળતો તે જીવને કાન તે કેવળ સર્પના દર જેવા જ છે અને ભગવાનનાં સ્વરૂપનાં પોતાનાં નેત્રો વડે મોર મુગુટધારી સ્વરૂપનાં પાન કરે છે તે જ સત્પુરુષ ભાગ્યવાન છે, તે જ સજ્જન કહેવાય છે. ॥૨॥ જે જીવાત્મા પોતાની જીભથી ભગવાનના ગુણનું ગાન નથી કરતો, ભગવાનના ચરિત્રોનું વર્ણન નથી કરતો તે જીવાત્મા વ્યવહારની લોકવાર્તાઓ કહે છે. તે તો કેવળ દેડકા જેમ ખાલી ખાલી બોલ્યા કરે છે તેવો વ્યર્થભાષી જાણવો એમ શાસ્ત્રોમાં વર્ણવેલું છે તથા જે કોઈ મનુષ્ય ભગવાન નારાયણ શ્રીકૃષ્ણને પોતાનું મસ્તક નમાવીને નમસ્કાર વંદન નથી કરતો તે જન પોતાના મસ્તક ઉપર મુકુટ, કુંડળને ધારીને કેવળ ભારને ઉપાડનારો જ મૂર્ખ માનેલો છે. ॥૩॥ ભગવાન નારાયણના સ્વરૂપના મહિમાને જાણ્યા સિવાય ભજન કર્યા વગર સંસારમાં જીવન વિતાવે છે, તે કેવળ વૃક્ષની ડાળીઓની માફક કેવળ ભારરૂપ જ છે અને શ્વાસોશ્વાસ જે લે છે તે કેવળ લુહારની ધમણની માફક છે તથા ખોરાક લેવાનું તે પણ પશુઓ જેમ ઘાસ ખાય છે તે રીતે તેનું જીવન અર્થ વિનાનું વીતે છે. તે જન્મ-મરણના ફેરામાં ભમ્યા કરે છે. ॥૪॥ હે રાજન ! જે જીવ ભગવાનને

નથી સ્મરતો તેમ જન્માંતરે ઘોડો, ઊંટ, ગધેડો, આદિ યોનિઓમાં ભમ્યા કરે છે અને જ્યારે કોઈ સત્પુરુષની કૃપાથી તેનો યોગ થાય છે ત્યારે તેમની દયાથી તેમાંથી મુક્તિ મળે છે. ॥૫॥ જે મનુષ્ય ભગવાન હરિકૃષ્ણની કથાચરિત્રો સાંભળવામાં એક ક્ષણ માત્ર વ્યર્થ જાય તેથી જેને પસ્તાવો થાય છે તેથી તેની ભક્તિમાં ઉન્નતિ થાય છે અને મહાન-સુખને મેળવે છે તે ભાગ્યવાન બને છે. ॥૬॥ ત્યાર પછી શ્રીહરિ નીલકંઠ પ્રભુ રાત્રિ માર્ગમાં વિતાવીને પ્રાતઃકાળમાં ઊઠી નિત્યક્રિયા કરીને આગળ પગ શેરડીથી હિમાલય તરફ ચાલ્યા. ત્યાં પહેલા મહાઘોર ઘાટું વન આવ્યું તેને ઉલંગીને આગળ ગયા ત્યારે હિમાલયને પ્રાપ્ત કર્યો. ॥૭॥ ચાલતાં પ્રથમ કાળો પહાડ આવ્યો તેને ઉલંગીને ધોળા પર્વતને પામીને તે પર્વત ઉપર ગંડકી નદી પાસે પર્વત ઉપર મુક્તનાથ ભગવાનનું સ્થાન છે ત્યાં ગયા. ત્યાં પૌલસ્ત્ય મુનિના આશ્રમમાં નિવાસ કરીને શ્રી નીલકંઠ પ્રભુ સૂર્યનારાયણને ઉદ્દેશીને ઉગ્ર તપસ્યા કરતા હતા. તે લોકકલ્યાણ માટે જ કરતા હતા. ॥૮॥ આવી રીતે ઉગ્ર તપસ્યા કરતા શ્રી નીલકંઠ મહાપ્રભુને જોઈને સવિતાપતિ સૂર્યનારાયણ બ્રહ્મ ધામાધિપતિ પાસે આવીને પ્રેમપૂર્વક અંતઃકરણથી સ્તુતિ કરવા લાગ્યા. ॥૯॥ **વિવસ્વાન્ (સૂર્યનારાયણ) સ્તુતિ કરે છે :** "હે પરાત્પર પુરુષોત્તમ ! હે હરિકૃષ્ણ ! હે આદિપુરુષ એવા હે નારાયણ ! આપ મનુષ્ય અવતાર ધારણ કરીને પધાર્યા છો તે અમે જાણીએ છીએ. અમારી ચિત્તવૃત્તિ આપનામાં ખેંચાય છે. એવા મારા આદિપિતૃઓ આપનું ધ્યાન-સ્મરણ કરે છે એવા આપ મહાન છો તે આપ પૃથ્વી ઉપર પધાર્યા છો. ॥૧૦॥ જેની કૃપાદૃષ્ટિથી, જેના પ્રતાપથી અમો વિશ્વને મિત્રરૂપે પ્રકાશ આપીએ છીએ, અગ્નિ તપે છે, વાયુ વાય છે, વરુણ જળ આપે છે, તે આપના પ્રતાપથી જ સર્વે ક્રિયા થાય છે. વેદમાં કહેલા કર્મકાંડો તથા આદિ બ્રાહ્મણો એ કરવાના કાર્યો કર્યા કરે છે તે સર્વેના આપ જ અધિષ્ઠાતા છો, અનંતધામ રૂપ આપ જ છો. ॥૧૧॥ જેના ભયથી પવનો વાય છે તથા કાળ પણ જેના ભયથી ફર્યા કરે છે તથા અગ્નિ જેના ભયથી તપે છે તથા આકાશના ગ્રહગણો જેના ભયથી સ્થિર



રહે છે તથા વેદની ઋચાઓ તથા સંહિતાઓ જેના ગુણ ગાય છે, તે આપ જ છો. ॥૧૨॥ સર્વના સ્વામી એવા હે ઘનશ્યામ ! તપ કરતા એવા હે નીલકંઠ પ્રભુ ! હે ભક્તિધર્માત્મજ ! હે નારાયણ ! હું આપના શરણે આવ્યો છું, તેથી મારી ઉપર કૃપા કરો. ॥૧૩॥ આવી રીતે તે સૂર્યનારાયણની સ્તુતિ સાંભળીને તેને યોગ્ય રીતે સત્કાર કરીને તેમની પાસેથી વચનોરૂપ શબ્દોનું સુખ આપીને ત્યાંથી ચાલતા થયા. ત્યાંથી હિમાલયની તળેટીમાં મહાન ગહન વનમાં પધાર્યા. ॥૧૪॥ તે ઘોર વનમાં ચાલવા માટે સાંકડી પગકેડી જ હતી. એક માણસ પરાણે ચાલી શકે એવા વનમાં ચાલતા હતા ત્યારે ભયંકર જંગલી ભેંસો, સર્પો, ચમરી ગાયો, સિંહો, વાઘો, મૃગો આદિ જંગલનાં રહેનારાં અનેક પ્રાણીઓ તે જંગલમાં રહેતાં હતાં. તેમનાથી કોઈ જાતનો ભય નહિ રાખીને શ્રી નીલકંઠ પ્રભુ આગળ ચાલતા હતા. ॥૧૫॥ આવી રીતે એક વનમાંથી બીજા વનમાં ફરતા ફરતા પર્વતોને ઓળંગતા ઓળંગતા શ્રી નીલકંઠ પ્રભુ એક વનના મધ્યમાં મોટા વડની નીચે ઝૂંપડીમાં યોગનું આસન જમાવીને બેઠેલા ગોપાળ યોગીને જોયા. તેમની પાસે યોગક્રિયાનું જ્ઞાન મેળવવા તથા તેમને મુક્તિનો માર્ગ સમજાવવા ત્યાં રહ્યા. ॥૧૬॥ ત્યાં નજીકમાં ગાયોનું પાલન કરનારા ગોવાળોની તકલીફ સાંભળીને તેમના દુઃખને દૂર કરવા તેમજ ગાયોને સુખ આપવા અને સિંહ, વાઘ, આદિ હિંસક પ્રાણીઓને દૂર કરવા માટે શ્રી નીલકંઠ પ્રભુ શંખના નાદને કરતા હતા. જેટલા વિસ્તારમાં શંખનો ધ્વનિ પહોંચ્યો એટલા વિસ્તારમાંથી હિંસક પ્રાણીઓને દૂર ખસેડી નાખતા હતા. ॥૧૭॥ ત્યાર પછી તે ગોપાળ યોગીને સ્વસ્વરૂપનો ઉપદેશ આપી સ્વસ્વરૂપનો નિશ્ચય કરાવીને નીલકંઠ મહાપ્રભુએ મુક્તિ અપાવીને દુર્વાશાના શાપથી મુક્ત કર્યા. તેમની ઉત્તરક્રિયા કરીને ત્યાંથી પ્રયાણ કર્યું. ॥૧૮॥ ત્યાંથી નીલકંઠ પ્રભુ પૂર્વ દિશા તરફ ચાલતા થયા અને આદિ વરાહ નામના તીર્થને પ્રાપ્ત કરી ત્યાં થોડો સમય રોકાઈને ત્યાંથી બંગાળ પ્રાંતમાં સિરપુર નામના નગર પ્રત્યે પધાર્યા. ॥૧૯॥ તે નગરમાં સિદ્ધવલ્લભ નામનો રાજા હતો. તે ખૂબ જ ધાર્મિક હતો અને તે નીલકંઠ પ્રભુને ચાતુર્માસપર્યંત

ચાર માસ સુધી પોતાના રાજ્યમાં પ્રેમપૂર્વક રાખતો હતો. ।।૨૦।। તે રાજાની પ્રાર્થનાને માન આપીને શ્રી નીલકંઠ પ્રભુ ત્યાં રહેતા હતા. તે નીલકંઠ બટુકને ત્યાં રહેલા જોઈને કાળભૈરવના સેવકો અસુરો શ્રીહરિને વૈરપૂર્વક જોતા હતા. ।।૨૧।। દેહની કોઈ જાતની દરકાર નહિ રાખીને ઉગ્ર તપસ્યા કરતા એવા તે વર્ણીની સાથે ખૂબ જ દ્વેષ કરીને પોતાને સિદ્ધ બતાવીને ખૂબ જ અભિચાર મંત્રોના પ્રયોગો કરીને પીડવાના પ્રયત્નો કરતા હતા પણ કોઈ કારી ન ફાવી અને નીલકંઠ પ્રભુ દૃઢ સ્થિતિમાં રહેતા હતા. ।।૨૨।। નીલકંઠ પ્રભુને કાંઈ નહિ કરી શકવાથી તેમની સેવામાં રહેલા નીલકંઠ પ્રભુના શિષ્ય માનીને તે ગોપાળદાસની ઉપર અભિચાર મંત્રની મૂઠ નાખીને મૂર્છિત કરી નાખ્યો ત્યારે નીલકંઠ પ્રભુએ તેની ઉપર દયા કરીને રક્ષા કરી. ।।૨૩।। ત્યાર પછી ત્યાં તિલંઘ દેશનો કોઈક વિદ્વાન બ્રાહ્મણ પોતાના ગુણને લીધે તે રાજા પાસેથી હાથી આદિ દ્રવ્યોનું દાન લેવાથી લોભવૃત્તિથી તે પીડાવા લાગ્યો. ।।૨૪।। તે હાથી આદિના દાન લેવાથી પાપના દોષથી તે ગૌરવર્ણમાંથી કાળાવર્ણનો થઈ ગયો. તત્કાળ મોઢાનો ભાવ બદલાઈ જવાથી તે કુરૂપ બ્રાહ્મણ શ્રી નીલકંઠ પ્રભુના શરણમાં આવીને નમ્રતાથી તેમને પ્રાર્થના કરવા લાગ્યો. ।।૨૫।। તે બ્રાહ્મણની પ્રાર્થના સાંભળીને શ્રી નીલકંઠ પ્રભુએ તેની ઉપર કૃપા કરીને દાન લેવાના પાપમાંથી મુક્ત કર્યો, તેથી શ્રી પ્રભુની કૃપાદૃષ્ટિથી તે શ્યામ વર્ણમાંથી શ્વેતવર્ણનો થઈને શ્રીહરિને વંદન કરીને તે પોતાના ઘર તરફ ગયો. ।।૨૬।। ત્યાં શિરપુરમાં શ્રી નીલકંઠ પ્રભુ ચાતુર્માસ પર્યંત રહ્યા. તે સમયે પાપીઓ, અસુર પાખંડી સિદ્ધો ભગવાન ઉપર ઈર્ષ્યાને લીધે શ્રી નીલકંઠ પ્રભુને કાંઈ નહિ કરી શકવાથી તે ગોપાળદાસને અભિચાર મંત્રથી પીડા આપતા હતા. ।।૨૭।। એક દિવસ અતિ ભારી મંત્રના લીધે તે મૂર્છિત થઈને નિષ્પ્રાણ થઈ ગયો ત્યારે રાજા તે સિદ્ધોને કહેવા લાગ્યા કે આને આ પ્રાણઘાતમાંથી બચાવો ત્યારે તે સિદ્ધો પોતાના પાપને ઢાંકવા માટે રાજાને કહેવા લાગ્યા કે બટુક બ્રહ્મચારીને કહો તે તમારા સેવકની રક્ષા કરશે. ।।૨૮।। ત્યારે તે રાજા તરત જ નમ્રભાવથી શ્રી નીલકંઠ પ્રભુ



પાસે જઈને વિનંતીપૂર્વક કહેવા લાગ્યો : હે મુનિરાજ ! હે બટુક બ્રહ્મચારી ! આપ આની ઉપર કૃપા કરીને તેની પીડાથી રક્ષા કરો એવી મારી પ્રાર્થના છે. ।।૨૯।। તે રાજાની વિનંતીને ધ્યાનમાં લઈને વર્ણીરાજ પોતે ઊઠીને તે ગોપાળદાસ નિષ્પ્રાણ અવસ્થામાં મૂર્છિત થઈને પડ્યા હતા ત્યાં ગયા અને પોતાની અમૃતમય દૃષ્ટિ કરીને તેને તત્કાળ મૂર્છામાંથી કૃપાદૃષ્ટિથી મુક્ત કર્યો અને સજીવન કર્યો. ।।૩૦।। ત્યારે જેણે ગોપાળદાસ ઉપર અભિચારમંત્રનો પ્રયોગ કર્યો હતો તે પાપી દુષ્ટના કર્મ મુજબ ગોપાળદાસ ઉપરનો અભિચાર તેના કર્મ મુજબ શ્રીહરિના પ્રતાપથી પાછો વળીને પ્રહાર કરનારને લાગ્યો અને તે જ પોતે મૂર્છિત થઈને પીડાવા લાગ્યો ત્યારે તે સર્વે અસુર સિદ્ધો શ્રી નીલકંઠ પ્રભુની શરણમાં આવીને નમ્ર થઈને પ્રાર્થના કરવા લાગ્યા ।।૩૧।। અને કહેવા લાગ્યા : હે વર્ણી ! તમો આની ઉપર દયા કરીને મહાકષ્ટમાં પીડાતા આ યોગીને પીડામાંથી મુક્ત કરો. આપ દીનવત્સલ છો તેથી આપના શરણે આવ્યા છીએ. ત્યારે શ્રી નીલકંઠ પ્રભુએ તેની દયાની યાચનાપૂર્વકની વાણી સાંભળી તેની ઉપર દયા કરીને તેને અભિચાર કષ્ટમાંથી મુક્ત કર્યો. ।।૩૨।। ત્યાર પછી દુઃખમાંથી મુક્ત થયા પછી તેઓ સમજી ગયા કે આ વર્ણી પાસે આપણું કાંઈ નહિ ચાલે તેથી તે રાજાની પૂજાને ગ્રહણ કરીને ત્યાંથી ચાલવા લાગ્યા અને આ બાજુ શ્રી નીલકંઠવર્ણી મહાપ્રભુ સિદ્ધ વલ્લભરાજાને અભયદાન આપીને પોતે વર્ણી કામાક્ષીનગરી તરફ ગયા. ।।૩૩।। તે કામાક્ષીમાં શક્તિનો ઉપાસક એક બ્રાહ્મણ મહાન અભિચારવાળો, લાલ નેત્રોવાળો, ત્રિશૂળ હાથમાં લઈને મોટા હાકોટા, પડકારા કરતો જ્યાં સિદ્ધોની સાથે શ્રી નીલકંઠ પ્રભુ રોકાયા હતા ત્યાં આવ્યો. ।।૩૪।। તે અભિચાર મંત્રથી શ્રી નીલકંઠ વર્ણીની સાથે સર્વે સિદ્ધોને મારવા મથતો હતો પરંતુ શ્રી નીલકંઠ વર્ણી પ્રભુના પ્રતાપથી કાંઈ કરી શક્યો નહિ ત્યારે સર્વ પ્રકારે પ્રયત્નમાંથી પરાસ્ત થઈને શ્રી નીલકંઠ પ્રભુના શરણે આવ્યો. તેમનો સેવક થઈને નમ્ર થઈ ગયો. ।।૩૫।। તે સર્વ સિદ્ધોને છૂટા કરીને શ્રી નીલકંઠ પ્રભુ નવલખા પર્વત તરફ ગયા. તે પર્વત અતિશય ઊંચો હતો અને તે પર્વત

ઉપર સિદ્ધો રહીને તપ કરતા હતા તેની ઉપર કૃપા કરીને શ્રી નીલકંઠ પ્રભુ પર્વત ઉપર ગયા. ॥૩૬॥ તે પર્વત ઉપર પાણીનાં કુંડોથી શોભાયમાન તથા હંસો, કોયલો આદિના કલરવથી શબ્દાયમાન જ્યાં નવ લાખ યોગીઓ, મહાન સિદ્ધો જેનાં દર્શન દુર્લભ છે તેવા એ સતત અગ્નિને પ્રગટ રાખીને મહાન તપ કરે છે. શ્રીહરિની ઉપાસના-ભક્તિ કરે છે. ॥૩૭॥ તે પર્વત ઉપર શ્રી નીલકંઠ પ્રભુને આવેલા જોઈ તેઓ સર્વે આવકાર આપવા તત્પર થયા અને શ્રી નીલકંઠ પ્રભુ તે સર્વેને અનંત રૂપ લઈને તે નવ લાખ યોગીઓને એકસાથે મળ્યા. ખૂબ જ સ્વરૂપ-સુખ આપ્યું. ત્યાં ત્રણ દિવસ રહીને પછી શ્રીહરિ બાલવાકુંડ તરફ દુર્ગમ માર્ગથી હાથીઓને ચાલવાના માર્ગેથી એકલા જ ઊતર્યા અને બાલવાકુંડ તરફ ગયા. ॥૩૮॥ તે ગરમ-ઠંડા પાણીના કુંડમાં સ્નાન કરીને ત્યાં ત્રણ દિવસ રોકાઈને શ્રી નીલકંઠ પ્રભુ બાલવાકુંડથી અગ્નિ દિશામાં ચાલતા થયા. ગંગાસાગર સંગમના સ્થાન પ્રત્યે ગયા. ॥૩૯॥ શ્રી નીલકંઠ પ્રભુ ગંગાસાગરના સંગમસ્થાને આવીને ત્યાં સ્નાન કરીને સમુદ્રને પાર કરીને કપીલ મુનિના આશ્રમ પ્રત્યે પધાર્યા ॥૪૦॥ સાંખ્ય શાસ્ત્રના પ્રણેતા કપિલમુનિનાં દર્શન કરીને શ્રી નીલકંઠ પ્રભુ તે સ્થાનમાં એક માસ સુધી નિવાસ કરીને બટુક બ્રહ્મચારી ત્યાંથી ચાલતા થયા. ॥૪૧॥ ત્યાંથી જગન્નાથ પુરી આવીને સ્નાન કરીને સિદ્ધોની સાથે રહેતા હતા અને જગન્નાથ પ્રભુના નિત્ય પ્રત્યે દર્શન કરતા હતા અને સર્વના ચરિત્રોને જોતા હતા. ॥૪૨॥ નગરથી સર્વથી દૂર ઈન્દ્રદ્યુમ્ન સરોવરના કાંઠા ઉપર નિવાસસ્થાન કરીને રહેતા હતા ત્યાંથી સર્વ અસુરોના મંત્રતંત્રના કામણ મારણના સર્વ કાર્યોને જોતા જ રહેતા હતા. ॥૪૩॥ તેઓના દુરાચારનાં કાર્યોથી પૃથ્વીને ભારરૂપ અધર્મીઓને પાપીઓના ભારથી પૃથ્વીને મુક્ત કરવા માટે તેઓને અંદરોઅંદર મહાન વિગ્રહ કરાવતા હતા અને પૃથ્વીનો ભાર હળવો કરાવતા હતા. ॥૪૪॥ બ્રહ્માનંદસ્વામી કહે હે રાજન્ ! શ્રી નીલકંઠ પ્રભુ ત્યાંથી નીકળી ફરતા ફરતા જીવોના કલ્યાણ કરવાના આશયથી મનુષ્ય સ્વરૂપ ધારેલા પ્રભુશ્રી હરિ માનસપુર પ્રત્યે જતા હતા. ॥૪૫॥



**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપન એકાંતિકધર્મ પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ મુનિરચિત ભક્તિ શાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ તીર્થ વન વિચરણ નામનો એકવીસનો અધ્યાય પૂરો થયો. ॥૨૧॥**

## ॥ અધ્યાય - ૨૨ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! તે માનસપુરનો રાજા સત્રધન્વા ખૂબ જ પુણ્યશાળી ધાર્મિક રાજા હતો. ભક્તિભાવવાળો હતો. તે નીલકંઠ પ્રભુને આવેલા જોઈને તેમને પ્રણામ કરીને પ્રેમપૂર્વક સેવા કરતો હતો. ॥૧॥ આવી રીતે તે રાજાએ પૂજેલ નીલકંઠવર્ણીને જોઈને ઈર્ષ્યાવાળા બીજા અસુરવૃત્તિના મનુષ્યો દંભ કરતા અને શ્રી નીલકંઠવર્ણી ઉપર નીલકંઠવર્ણીને મારી નાખવા માટે પથ્થરો ફેકીને તેનો વરસાદ કરતા હતા. ॥૨॥ તે રાજા નીલકંઠ વર્ણીને પથ્થરો નાખવા છતાં કાંઈ થયું નહિ તેથી તેમને ભગવાન માનીને તેમની ઉપર પથ્થર ફેંકનાર અસુરોને હથિયારથી મારી નાખતો હતો. ॥૩॥ એવી રીતે શ્રી નીલકંઠપ્રભુ પોતાના ઐશ્વર્ય પ્રતાપથી અસુરોનો નાશ કરાવતા હતા તથા પૃથ્વીનો ભાર હળવો કરાવતા થકા વેંકટાદ્રી પર્વત પ્રત્યે જતા હતા. ॥૪॥ વેંકટાદ્રીમાં વેંકટેશ્વર ભગવાનનાં દર્શન કરીને નીલકંઠવર્ણી ત્યાંથી શીવકાંચી ગયા અને શીવકાંચીમાં સદાશિવ પ્રભુનાં દર્શન કરી તીર્થયાત્રા કરીને બ્રહ્મચારી બટુક વિષ્ણુકાંચીમાં ગયા. ત્યાં પાવન કરીને પછી વર્ણીરાટ્ પ્રભુ શ્રીરંગક્ષેત્ર નામના તીર્થ પ્રત્યે પધાર્યા. ॥૫॥ શ્રીરંગક્ષેત્રને પાવન કરીને ત્યાં કાવેરી નદીમાં સ્નાન કરીને ત્યાં કાંઠા ઉપર બનાવેલી ફૂલવાડીમાં જઈને નિવાસ કરતા થકા ત્યાં બે માસ સુધી રહીને અનેક જીવોને ધર્મજ્ઞાનનો ઉપદેશ આપી ભક્તિમાર્ગમાં જોડ્યા અને તેઓને અલૌકિક સુખ આપ્યું. ॥૬॥ તે પુષ્પવાટિકામાં નિવાસ દરમ્યાન અનેક જીવોને પોતાના ઐશ્વર્યનાં દર્શન

કરાવી પોતાના આશ્રિત બનાવી તેઓને અભય વરદાન આપીને નીલકંઠ પ્રભુ ત્યાંથી સેતુ બંધ રામેશ્વર તીર્થમાં પધાર્યા. ||૭|| ત્યાં રામેશ્વર તીર્થમાં શ્રીનીલકંઠ પ્રભુ ત્યાંના પાખંડ, અધર્મના નાશ માટે બે માસ નિવાસ કરીને તપ કરી રામેશ્વર ભગવાનની પૂજા અર્ચના કરતા હતા. આ સ્થાન નીલકંઠ પ્રભુને ખૂબ જ પ્રિય હતું. ||૮|| ત્યાંથી પછી શ્રી નીલકંઠ બ્રહ્મચારી ચાલ્યા. તે સુંદરરાજ નામના તીર્થ પ્રત્યે ગયા. ત્યાં દર્શન કરીને પછી પ્રભુ રામાનુજાચાર્યની જન્મભૂમિ તીર્થ ભૂતપુરી જવા નીકળતા હતા. ||૯|| ત્યાં જતાં માર્ગમાં મહાવન આવ્યું. તે વનમાં અનેક સુગંધિત ફૂલોની સુગંધ ફેલાવતાં ઘણાં વૃક્ષો હતાં તથા અનેક પક્ષીગણોથી શોભી રહ્યાં હતાં. ઊંડી ઊંડી ઘટાઓની ગુફાઓમાં, પ્રાણીઓના ભયાનક અવાજો સંભળાતા હતા. ||૧૦|| તે વનમાં પાંચ રાત-દિવસ ચાલતા હતા ત્યારે તે વનમાં એક સરોવર જોતા હતા ત્યાં સ્નાન કરીને વિષ્ણુંનું પૂજન કરીને નૈવેદ્ય કરીને ધરતા હતા. ||૧૧|| નીલકંઠ પ્રભુ વિષ્ણુભગવાનને નૈવેદ્યમાં ધરવા માટે ચાર ફળોને લાવીને ભગવાનને નિવેદન કરતા હતા ત્યાર પછી તે પ્રસાદને પોતે ગ્રહણ કરીને (જમીને) તપોમૂર્તિ ત્યાંથી આગળ ચાલતા થયા. ||૧૨|| ત્યાં માર્ગમાં અરણ્યમાં મોટો કુવો જોયો. તે ઝાડવાઓની ઘટાઓથી ખૂબ જ મનોહર સ્થળ લાગતું હતું, તેથી તે કૂવાનુ પાણી કાઢીને ગાળીને પાન કર્યું.||૧૩|| ત્યાર પછી પવિત્ર જગ્યામાં સાફસૂફ કરીને આસન પાથરીને શાલિગ્રામને પધરાવ્યા અને સ્નાન કરાવવા લાગ્યા ત્યારે પાંચ કમંડળ પાણી પી ગયા એટલા બધા તરસ્યા થયા હશે તેથી પીવે છે. ||૧૪|| ત્યાર પછી આશ્ચર્યચકિત થઈને ફરીથી જળની ધારા કરીને પાત્ર ભરતા ગયા ને નીલકંઠ પ્રભુ વિષ્ણુને જળથી તૃપ્ત કરતા હતા. ||૧૫|| ત્યાર પછી નીલકંઠવર્ણી આ રીતે વિષ્ણુને તરસ લાગી હતી તેથી ભૂખ પણ લાગી હશે, પણ અત્યારે મારી પાસે કાંઈ નથી તેથી શું આપવું ? મને પણ કાઈ નથી મળતું તેથી એમને ક્યાંથી આપવું ? ||૧૬|| આવી રીતે વિચાર કરે



છે એટલામાં કામદેવને ભસ્મ કરનાર, સર્વજગતને વંદન કરવા યોગ્ય એવા પોઠિયા ઉપર વિરાજમાન મસ્તક ઉપર ચંદ્રને ધારણ કરેલા અને તપોબળથી અતિશય તેજાયમાન એવા, મસ્તક ઉપર પીળા કલરની જટા ધારણ કરેલા તથા શ્યામ શરીરવાળા વાઘના ચામડાને ધારણ કરેલા તથા શ્વેત વસ્ત્રોને ધારણ કરેલી તે ઉમાની સાથે ત્રિલોચન ત્યાં નીલકંઠ પ્રભુની પાસે આવ્યાં. ||૧૭|| તેમણે ત્યાં આવીને નારાયણનાં આદિ સ્વરૂપ એવા વર્ણીના વેશમાં મનોહરમૂર્તિ એવા મંદહાસ્યયુક્ત મુખકમલવાળા પૂર્ણિમાના ચંદ્રની માફક પૂર્ણ કળાવાળા તપોમૂર્તિ એવા શ્રી નીલકંઠ વર્ણીરાજને જોતા હતા.||૧૮|| બ્રહ્માનંદસ્વામી કહે છે - હે રાજન્ ! નીલકંઠ પ્રભુને જોઈને તેમના દર્શનથી ખેંચાઈને ત્રિલોચન પ્રભુ નંદી ઉપરથી પાર્વતીની સાથે નીચે ઊતર્યા. દર્શનથી અતિશય ગદ્ગદ ભાવવાળા થઈ જવાથી કાંઈ બોલી શકતા નહોતા. ||૧૯|| ત્યારે તે નીલકંઠ પ્રભુને અનાદિ પરબ્રહ્મ સ્વરૂપ એવા તેમને ભાવપૂર્વક પ્રિયમૂર્તિને શંભુએ સાથવોને મીઠું નીલકંઠ પ્રભુને આપ્યાં. ત્યાર પછી પોતાના સ્વામીને પ્રાર્થના-સ્તુતિ કરવા લાગ્યા. ||૨૦|| **શિવપ્રભુ સ્તુતિ કરે છે,** ‘‘જેના રહસ્યને પૂર્ણ રીતે નથી જાણી શકાતું એવા ગૂઢાર્થવાળા પરબ્રહ્મ પુરુષોત્તમ કે વેદ જેના ગુણને ગાયા કરે છે એવા બ્રહ્મમૂર્તિ સત્-અસત્ના ભેદને જાણનારા, પ્રકાશનારા સર્વના સ્વામી - જેને પૂરા જાણી શકાતા નથી, આદિ પુરુષ અનેક કળાઓના સર્જક, આત્મસુખને માટે હંમેશાં ધ્યાન કરવા યોગ્ય સર્વના પ્રિય સત્ ચિત્ આનંદ રૂપ એવા હે નારાયણ ! ||૨૧|| જે ક્ષરથી પર અક્ષરરૂપ એવા સર્વભૂત માત્રના સ્વામી, અનંત કોટી દિવ્ય મુક્તો દ્વારા હંમેશાં સેવાતા એવા ચરણકમળવાળા તથા શેષ શારદા પણ અનંત મુખો હોવા છતાં પણ જેના ગુણોને ગાવા છતાં પાર નથી પામી શકતા એવા આપના ગુણને અમો ક્યાંથી પામી શકીએ તે છતાં આપનું અંતઃકરણમાં ચિંતવન કરીએ છીએ. ||૨૨|| **શ્રી નીલકંઠ વર્ણી કહે છે,** ‘‘હે ભૂતનાથ ! મારે આ પૃથ્વી ઉપર

આવવાનું કારણ માત્ર અનંત જીવોને મારા સ્વરૂપનું જ્ઞાન આપીને પરમ ધામમાં પહોંચાડવા માટે જ થાય છે, તે જાણો. આવી રીતે તે નીલકંઠ પ્રભુને પ્રણામ કરીને નીલકંઠ વર્ણીને સર્વોપરી માનતા હતા ત્યાંથી ગયા. ॥૨૩॥ સદાશિવને ગયા પછી તેમનાં આપેલાં સાથવો ને મીઠું વિષ્ણુ ભગવાનને નિવેદન કરીને ત્યાર પછી નીલકંઠ પ્રભુ-જગતના જીવોને તૃપ્ત કરનાર પોતે પ્રસાદ રૂપે ગ્રહણ કરતા હતા. ॥૨૪॥ ત્યાર પછી ત્યાંથી ચાલીને નીલકંઠ પ્રભુ ભૂતપૂરી પધાર્યા ત્યાં તોતાદરિ મઠમાં જઈને ત્યાં રામાનુજાચાર્યની અર્ચનપૂજા કરીને તેમના અનુયાયીઓને મળ્યા. ॥૨૫॥ ત્યાર પછી તેમના અનુયાયીઓને અનેક પ્રશ્નો પૂછ્યા ત્યારે તેનો ઉત્તર આપવામાં તેઓ શક્તિવાન ન થયા ત્યારે તેઓ નીલકંઠ વર્ણી ઉપર ક્રોધાયમાન થઈને અકળાવા લાગ્યા. ત્યાર પછી નીલકંઠ વર્ણી ત્યાંથી આગળ ચાલ્યા. ॥૨૬॥ ભૂતપુરીથી પ્રભુ કુમારીકા ક્ષેત્ર (કન્યાકુમારી)માં ગયા. ત્યાંથી નીલકંઠ પ્રભુ પદ્મનાભ ભગવાનનાં દર્શન કરી તીર્થ પાવન કરી જનોને આનંદ આપીને શ્રીહરિ જનાર્દન તીર્થમાં પધાર્યા. ॥૨૭॥ જનાર્દન તીર્થથી નીલકંઠ પ્રભુ આદિ કેશવ નામના તીર્થમાં ગયા. ત્યાં જઈને તે સ્થાનમાં રહેતા અસુરોને રાજા દ્વારા મરાવ્યા ત્યાર પછી પ્રભુ મલયગીરી તરફ ચાલવા લાગ્યા. ॥૨૮॥ મલયગીરી પર્વતમાં સાક્ષી ગોપાળ ભગવાનના સ્થાનમાં પાંચ દિવસ રોકાઈને દર્શન તેમની આરાધના કરીને શ્રી નીલકંઠ પ્રભુ ત્યાંથી ચાલ્યા તે કિસ્કિંધા પર્વત તીર્થમાં ગયા ત્યાં પંપાસરોવરમાં સ્નાન કરીને તેને પાવન કરતા હતા. ॥૨૯॥ કિસ્કિંધાથી ચાલીને ચંદ્રભાગા નદીને ઓળંગીને શ્રી નીલકંઠ પ્રભુ પંઢરપુર પધાર્યા. પંઢરપુર વિઠ્ઠલનાથજી ભગવાનને પ્રણામ કરીને વિઠ્ઠલનાથજીને ભેટ્યા અને ત્યાં બે માસ સુધી નિવાસ કરીને રહ્યા. ॥૩૦॥ પંઢરપુરથી નીલકંઠ પ્રભુ આગળ ચાલ્યા તે ગોદાવરી નદીમાં સ્નાન કરીને તીર્થોને પાવન કરીને શ્રીહરિ નીલકંઠ પ્રભુ દંડકારણ્યમાં આવ્યા અને ત્યાંથી નાસિક પધાર્યા. ॥૩૧॥ નાસિકમાં નીલકંઠ



પ્રભુ ત્ર્યંબકેશ્વર પ્રભુને સ્પર્શ કરીને પાવન કરીને ચાલ્યા તે તાપી નદીમાં સ્નાન કરીને ત્યાંથી નર્મદા નદીને પાવન કરીને નીલકંઠ ભગવાન મહી નદીએ પધાર્યા. ॥૩૨॥ મહી નદીને પાવન કરી તેને ઓળંગી શ્રી નીલકંઠ પ્રભુ સાબરમતી નદીને પાવન કરી તેને ઓળંગી ભીમનાથમાં પાવન કરવા પધાર્યા. ભીમનાથનાં દર્શન કરી ત્યાંથી ચાલીને ગોપનાથમાં નીલકંઠવર્ણી પધાર્યા. ॥૩૩॥ ગોપનાથથી ચાલ્યાને શ્રી નીલકંઠ પ્રભુ માંગરોળનગર પ્રત્યે સર્વજનોના હિતને કરનારા સર્વને સેવવા યોગ્ય એવા શ્રીહરિકૃપાનિધિ નીલકંઠ પ્રભુ પધાર્યા. ॥૩૪॥ તપ કરવાથી જેમનાં સર્વે અંગો પ્રકાશમાન દેખાય છે તેથી આકર્ષક મૂર્તિ લોકોને ખેંચે છે એવા નીલકંઠ પ્રભુ તીર્થોને પાવન કરતા થકા સાત વર્ષથી એક માસ વધારે સમય વન વિચરણ કરીને ॥૩૫॥ નીલકંઠ વર્ણી પ્રભુ સાત વર્ષ એક માસ પર્યંત વનમાં વિચરણ કરીને તપોમૂર્તિ સંવત ૧૮૫૬ વિક્રમ સં. અઢારસો છપ્પનના શ્રાવણ વદ (૬) છઠના રોજ લોજપુર નામના ગામ પ્રત્યે પધારતા હતા. ॥૩૬॥ તે લોજપુર ગામની ભાગોળમાં પવિત્ર પુણ્યવાળી સુંદર પગથિયાંવાળી, સુંદર શુદ્ધ જળવાળી તે વાવ છે, તે વાવમાં સર્વના સ્વામી શ્રીહરિ સ્નાન કરતા હતા. ॥૩૭॥ સ્નાન કરીને શ્રી નીલકંઠ પ્રભુ વિષ્ણુની પૂજા કરીને નિત્યપાઠ કરતા હતા. વાવના કાંઠા ઉપર વિરાજમાન હતા ત્યારે રામાનંદ સ્વામીના શિષ્ય એવા સુખાનંદ સ્વામી ત્યાં આવ્યા. ॥૩૮॥ તેઓ ત્યાં આવ્યાને વાવ ઉપર નીલકંઠ વર્ણીને મસ્તક ઉપર ભૂરા કેશવાળી મોટી જટાવાળા મૃગચર્મ પાથરીને બેઠેલા દંડ ઉપવીત ધારેલા શ્રીહરિને જોયા. ॥૩૯॥ ત્યારે **શુકાનંદ સ્વામી** વર્ણી પાસે જઈને પૂછવા લાગ્યા કે આપ કોણ છો ? આપના મુખકમળના દેખાવથી કપિલદેવ મુનિ અથવા સનકાદિક કે અત્રી મુનિ કે ઋષભદેવના પુત્ર ભરતજી છો કે શું ? આપ કોણ છો તે અમોને કહો. ॥૪૦॥ **તદ્રુપાનંદ સ્વામી કહેવા લાગ્યા કે,** તે રામસિંહરાજ શ્રીહરિ નીલકંઠ પ્રભુના હરિના ચરિત્રોને સાંભળીને બ્રહ્માનંદ સ્વામીને ફરીથી

આગળની કથાનો પ્રશ્ન પૂછવા લાગ્યા. ॥૪૧॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિએ રચેલ ભક્તિશાસ્ત્ર શ્રીહરિ લીલા સુધાકરમાં શ્રીહરિ વન-વિચરણ કરીને લોજપુર પધાર્યા એ નામે બાવીસમો અધ્યાય. ॥૨૨॥**

## ॥ અધ્યાય - ૨૩ ॥

**રાજા પૂછે છે :** હે સ્વામી ! મુનિઓમાં શ્રેષ્ઠ અનાદિ મુક્ત એવા જે આપે સત્પુરુષોમાં મહાન એવા શ્રી રામાનંદ સ્વામીના આ સુખાનંદ સ્વામી સેવક છે એ પ્રમાણે જે આપે આગળ કહ્યું ॥૧॥ તે રામાનંદ સ્વામી તે કોણ હતા તેઓ કયા રાજ્યમાં, દેશમાં જન્મ ધારેલો હતો તથા કયા ગામમાં કોના ઘેર એમનો જન્મ થયો વગેરે તેમનો ઈતિહાસ તે મને સંભળાવો. ॥૨॥ તેમના જન્મ તથા અન્ય ચરિત્રો સર્વે રામાનંદ સ્વામીના સાંભળવાં છે, કેમ કે તે ચરિત્રો જીવોના જન્માંતરનાં કર્મોનો નાશ કરનારાં છે તેમજ જીવનને પવિત્ર કરી ધન્યભાગ્ય બનાવનારાં છે. ॥૩॥ શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે : હે રાજન્ ! જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન પોતાને આ સંસારમાંથી માયા સંકેલવી હતી ત્યારે પોતાના યદુકુળનો પરસ્પર નાશ થયા પછી સ્વધામ જવા માટે તૈયાર થયા ત્યારે ઉદ્ધવજીને આ પ્રમાણે કહેતા હતા. ॥૪॥ હે મારા શ્રેષ્ઠ પ્રિયભક્ત ! તમો અત્યારે બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાનના સાંન્નિધ્યમાં જઈને રહો, મારે ફરીથી સ્વધર્મની સ્થાપના કરવા માટે પૃથ્વી ઉપર અવતાર ધરવાનો છે ત્યાં સુધી પ્રતિક્ષા કરતા રહેજો. ॥૫॥ મારા એકાંતપ્રિય ભક્તોના રક્ષણ કરવા તથા પૃથ્વીમાંથી ધર્મનો લોપ થવાના સમયે ધર્મને હણનારા પાપી, અધર્મીઓનો વિનાશ કરવા માટે હું ફરીથી મનુષ્ય અવતાર ધરીશ ત્યારે ઘણો કાળ વીતશે ત્યારે કાળનો



પણ એવો પ્રભાવ થવાનો છે ત્યારે તમારે ધર્મનું રક્ષણ કરવાનું છે. ॥૬॥ મારા ગયા પછી મથુરા નગરીના મનુષ્યો વિલાપ કરશે, જેમ પૂર્વે મોટા ભાઈ બળદેવજીએ જેવી રીતે નગરીને ખેંચી હતી ત્યારે કંસ અને જરાસંધ હણાયા ત્યારે રોઈ હતી તેવી રીતે વિલાપ કરશે તેથી તેઓને ઉપદેશ આપીને શાંત કરશો અને ધર્મને વિસ્તારજો. ॥૭॥ તમો બદરી વનમાં હશો ત્યારે દુર્વાશા ઋષિનો શાપ થશે તેમાં તમારે પ્રથમ અવતાર ધારણ કરીને વિચરશો ત્યાર પછી હું પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને વિચરણ કરીશ. ॥૮॥ હે ઉદ્ધવ ! હું પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને વર્ણીનું રૂપ લઈને પૃથ્વી ઉપર વિચરણ કરીને સદ્ધર્મ, જ્ઞાન, ભક્તિના સૈદ્ધાંતિક રૂપની સ્થાપના કરીને જીવોને સુખ આપીશ. ॥૯॥ એવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને ઉપદેશ આપીને સ્વધામ ગયા પછી ઉદ્ધવજી પણ ભગવાનની આજ્ઞા મુજબ કાર્ય કરીને વિશાલા બદરીકાશ્રમમાં નરનારાયણ ભગવાનના સાન્નિધ્યમાં ગયા. ॥૧૦॥ એવી રીતે ઉદ્ધવજી અયોધ્યાનગરીમાં વિદ્યા, તપ, સત્ય ધર્મ પાળનારા પવિત્ર બ્રાહ્મણકુળમાં જન્મ ધરતા હતા. ॥૧૧॥ તેમના પિતા અજય નામના હતા. તેઓ ઋગ્વેદી કાશ્યપી અશ્વલાયન શાખાના બ્રાહ્મણ હતા. તેમની માતાનું નામ સુમતિ હતું. ॥૧૨॥ તેમને ત્યાં પુત્રનો જન્મ થવાથી તેના જાત કર્મ સંસ્કાર કરીને બ્રાહ્મણોને ગાયો આદિનાં ખૂબ જ દાનો આપ્યાં. ॥૧૩॥ આમ તે બાળક પોતાના પિતાને આનંદ આપતો થકો. દિન પ્રતિદિન મોટો થવા લાગ્યો. જેમ ચંદ્રમાની કળા વધે તેમ મોટો થવા લાગ્યો. તેવામાં આઠ વર્ષનો થયો ત્યારે તેના માતા-પિતાએ તેને ઉપવીત સંસ્કાર કરવાનો નિર્ણય કર્યો. ॥૧૪॥ પિતૃ ધર્માનુસાર ધર્મજ્ઞ પિતાએ ઉપવીત સંસ્કાર કર્યા પછી પુત્ર શ્રીરામને સંસારમાંથી વિરક્તિ તથા પોતાના સંબંધીઓથી વૈરાગ્ય થવાથી ઘરનો ત્યાગ કરતા હતા. ॥૧૫॥ ત્યાર પછી તીર્થોમાં યાત્રા કરતા થકા ત્યાં રહેલા બીજા મનુષ્યોને ઉપદેશ આપીને પવિત્ર કરતા થકા સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવીને ભક્તિમાર્ગનો ઉપદેશ કરીને ભાગવત ભક્તિ વિસ્તારતા હતા.

॥૧૬॥ ત્યારે તે તપોમુનિ એવા નીલકંઠ બ્રહ્મચારી તે રામાનંદ સ્વામીના શિષ્ય આવેલા. સુખાનંદ સ્વામીને પૂછવા લાગ્યા : "હે તમો કોના શિષ્ય છો તથા ક્યાં રહો છો ? તથા શું કરો છો ? વિગેરે સર્વ પૂછતા હતા. ॥૧૭॥ **સુખાનંદ સ્વામી કહે છે :** હું રામાનંદ સ્વામીનો શિષ્ય છું. અને અહીંયાં સ્નાન કરવા આવેલો છું. અહીંયાં આશ્રમમાં અમારા મોટા ગુરુભાઈ મુક્તાનંદસ્વામી આદિ અનેક સંતો રહીએ છીએ. ॥૧૮॥ હે વર્ણી ! તમે કોણ છો ? તમારા ગુરુ કોણ છે ? તથા તમો કયા સ્થાનેથી અહીં આવ્યા છો ? તથા તમારો કયો સંપ્રદાય છે ? એ આદિ હે વર્ણી ! તમો અમોને જણાવો. ॥૧૯॥ **શ્રી નીલકંઠવર્ણી કહે છે :** જે સંસાર-સાગરમાંથી જન્મ મૃત્યુના ભયથી મુક્ત કરાવે એવા નિરંજન એ જ મારાં માતા-પિતા છે. બંધું પણ એ જ છે. દેહને જન્મ આપનાર જનની પણ એ જ છે. એવી રીતે માર્મિક શબ્દોમાં ઉત્તર આપ્યો. ॥૨૦॥ સર્વોપરી નારાયણ બ્રહ્મ પુરુષોત્તમ ભગવાન એ જ મારા પરમ ગુરુરાજ છે. તે જ મને જન્મ-મૃત્યુના ભય થકી મુકાવે છે. ॥૨૧॥ જે વાણી ચંદ્રમા, સૂર્ય, અગ્નિ, તારાઓ ગ્રહો જે જણાય છે તે જ હું પરબ્રહ્મ શાશ્વત છું, તે સત્ય વાત છે તે પ્રમાણે તમો જાણો. ॥૨૨॥ સનકાદિકો કપિલમુનિ, ઋષભદેવ દત્તાત્રેય, કાર્તિકસ્વામી, વ્યાસ, સુતપુરાણી, શુકદેવ આદિ સર્વે જે સંપ્રદાયના આશ્રિત હતા તેનો જ હું આશ્રિત તથા તે મારો સંપ્રદાય છે. ॥૨૩॥ હે રાજન્ ! નીલકંઠવર્ણીએ આવી રીતે જ્યારે પ્રયુક્તિપૂર્વક પોતાનુ વર્ણન સમજાવી દીધુ ત્યારે શુકાનંદજી હાથ જોડીને યોગીન્દ્ર નીલકંઠ બ્રહ્મચારીને કહેવા લાગ્યા. ॥૨૪॥ હે યોગીન્દ્ર ! આપ અમારા આશ્રમમાં પધારીને પાવન કરો. જે આશ્રમ હંમેશા સંતો ભક્તોથી ભરપૂર જ હોય છે તો આપ અમોને દર્શન આપીને સર્વેને પાવન કરો. ॥૨૫॥ ત્યારે તે મુનિનાં પ્રાર્થના વચનો સાંભળીને નીલકંઠવર્ણી તે સુખાનંદજીની સાથે અતિ પ્રેમપૂર્વક તે આશ્રમમાં આવવા માટે તૈયાર થયા અને નેત્ર મળ્યાનું ફળ આજે વર્ણીના દર્શન કરીને સર્વને પ્રાપ્ત થયું. ॥૨૬॥ તે વર્ણીનું સ્વરૂપ ઓગણીસ વર્ષની ઉંમરવાળા



કામદેવને મોહ પમાડે એવા રૂપાળા મનોહર, આકર્ષક મુખકમળવાળા, ચરણમાં ઊર્ધ્વરેખા આદિ ચિહ્નો તથા નખના લાલવર્ણ તે સર્વ આકર્ષક દેખાય છે. ॥૨૭॥ જ્યાં પણ સુંદર છે પગની બંને જંગાઓ તથા જાનુઓ બંને તે મુનિઓને ધ્યાન કરવા યોગ્ય છે. કેળના સ્થંભ જેવા સાથળ તથા સિંહ જેવી પાતળી કટીભાગ, ઊંડી નાભિ તે પણ આકર્ષણ કરે છે. ॥૨૮॥ ઊંચા ગળાના ભાગવાળા મનોહર કાન્તિવાળા, અશોકવનના મધ્યભાગની જેમ આકર્ષણ કરવાવાળા, લાંબા સુંદર અભય હસ્તકમળવાળા તથા મનોહર કંઠવાળા તેમજ લાલવર્ણના હોઠવાળા. ॥૨૯॥ મંદ હાસ્ય કરીને ભક્તોના મનને હરનારા, હૃદયમાં સ્વસ્વરૂપનું ધ્યાન કરનારને સુખનિધિવાળા તથા અંગ ઉપર અતિશય તિલવાળા મનોહર કોમળ નેત્રવાળા વાંકી ભ્રકુટીવાળા તથા મોટા લલાટવાળા એવા તે નીલકંઠવર્ણી. ॥૩૦॥ ચીકણા, ભૂરા, મનોહર બાંધેલી જટાવાળા પ્રકાશમાન સૂર્યની સમાન નીલકંઠ વર્ણીના સ્વરૂપને સર્વે આશ્રમના સંતો જોઈને ચકોર પક્ષીની માફક ચંદ્રમાને જોઈને સ્થિર થઈ જાય છે તેમ સર્વે સંતો નીલકંઠજીને જોઈને ચકિત થઈ ગયા. ॥૩૧॥ એવી રીતે તે નીલકંઠ પ્રભુને જોઈને આનંદ મનવાળા તે સંતો બોલવામાં પણ અસમર્થ થઈ ગયા. તૂટી ફૂટી વાણીમાં બટુકને કહેવા લાગ્યા કે હે મુનિઓમાં સિંહ સમાન આપનું સ્વાગત કરીએ. ॥૩૨॥ ત્યારે ત્યાં સંતોએ વર્ણિરાજને બેસવા માટે એક આસન પાથરી આપ્યું અને જ્ઞાનમૂર્તિ ગુણના ભંડારરૂપ એવા તે સર્વના સ્વામી બ્રહ્મચારી ત્યાં બેઠા. ॥૩૩॥ **શ્રી નીલકંઠ બ્રહ્મચારી પૂછે છે :** હે મુક્તાનંદ સ્વામી ! હે સત્પુરુષ ! આપને પ્રશ્ન પૂછું છું કે જીવ ઈશ્વરનું સ્વરૂપ તથા દેહને વહન કરનાર નાડીઓ કેમ છે ? કઈ કઈ છે ? તે મને યથાયોગ્ય સમજાવો. ॥૩૪॥ ઈશ્વરની કૃપાશક્તિ, જ્ઞાનશક્તિ છે કે આત્માની છે ? તે તથા બ્રહ્મ કેવો છે ? તે બ્રહ્મનું સ્વરૂપ મને વર્ણવીને કહો. ॥૩૫॥ એવી રીતે તે નીલકંઠજીના પ્રશ્નો સાંભળીને મુક્તાનંદ સ્વામી તેના સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ચિહ્નો જુદા જુદા વિસ્તારીને યથાક્રમ તર્કપૂર્વક કહ્યાં. ॥૩૬॥

મુક્તાનંદ સ્વામી પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા પછી કહેવા લાગ્યા કે અમારા ગુરુ રામાનંદ સ્વામી સાક્ષાત્ પરમેશ્વર જેવા છે. તેમના માર્ગદર્શન મુજબ જ મેં તમને ખ્યાલ અનુભવ પ્રમાણે કહ્યા, ગુરુની આજ્ઞા મુજબ અમો ઉપાસનાભક્તિ બધું જ કરીએ છીએ. ॥૩૭॥ આ રીતે મુક્તાનંદ સ્વામીના કહેલા પ્રશ્નોના ઉત્તરો સાંભળીને સર્વે ઉત્તરો ક્રમ મુજબ કહ્યા તે મને યોગ્ય લાગ્યા તે પ્રમાણે મેં તમને કહ્યા. માટે હે બ્રહ્મચારી ! આપ અમારા ગુરુ રામાનંદસ્વામી છે તેમણે અમને આ પ્રમાણે સમજાવેલ છે તેથી આપને કાંઈ અધુરું બાકી રહેતું હોય તો રામાનંદ સ્વામી પાસેથી જાણવા મળશે. ॥૩૮॥ **શ્રી નીલકંઠવર્ણી કહે છે :** હે મુક્તાનંદ સ્વામી ! આપણાં ગુરુ રામાનંદસ્વામી ક્યાં છે, તેમના મને દર્શન કરાવો કેમ કે મારે એમના દર્શન કરવાની ખૂબ જ ઈચ્છા થઈ છે તેથી જ્યાં હોય ત્યાં મને જણાવો. ॥૩૯॥ હે સ્વામી ! તમો રામાનંદ સ્વામી ઉપર મારા આવ્યાના સમાચાર લખીને એક પત્ર મોકલો અને એમની આવવાની અનુમતી હોય તો ઠીક જો ન આવવાના હોય તો હું તેમનાં દર્શને જઈશ. જયાં હોય ત્યાં જવાની મારી તૈયારી છે તેથી આપ પત્ર લખીને સમાચાર મેળવો. આ પ્રમાણે શ્રી નીલકંઠવર્ણી મુક્તાનંદ સ્વામીને કહીને મૌન રહ્યા. ॥૪૦॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામી ચરણસેવક કૃષ્ણાનંદ મુનિ વિરચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ નીલકંઠવર્ણી સ્વરૂપે મુક્તાનંદ સ્વામીની સાથે સમાગમ થયો અને એ નામે ત્રેવીસમો અધ્યાય પૂરો થયો. ॥૨૩॥**



## ॥ અધ્યાય - ૨૪ ॥

**શ્રી બ્રહ્માનંદસ્વામી કહે છે :** હે રાજન્ ! આવી રીતનું નિલકંઠ વર્ણીનું કહેવું સાંભળીને મુક્તાનંદ સ્વામી પોતે જ સુંદર રીતે વિચારીને ગુરુ રામાનંદ સ્વામી ઉપર નીલકંઠવર્ણી આવ્યાના સમાચારનો પત્ર લખતા હતા. ॥૧॥ **શ્રી મુક્તાનંદ સ્વામી પત્રમાં કહે છે -** સ્વાસ્થાનશ્રી ભૂજનગરમાં વિરાજમાન સર્વજીવોના અંતઃકરણના ભાવને જાણનારા શરણાગત પ્રતિપાળ ગુરુવર્યશ્રી રામાનંદ સ્વામી પવિત્ર જીવન શુદ્ધ કર્મવાળા એવા હે સ્વામી, મારે પત્ર લખવાનું કારણ હું આપને જણાવું છું, તે વાંચો. ॥૨॥ હે સ્વામી ! અહી લોજપુરમાં કોઈક મહાયોગીવર્ય આવેલા છે તેઓ કૃપામય નેત્રવાળા છે તથા કૌશલદેશથી આવેલા છે. તેમના જીવનમાં કેવળ વૈરાગ્ય પરિપૂર્ણ ભરેલો છે. પ્રત્યક્ષ તપોમૂર્તિ છે. તેમના શરીરની બધી જ નાડીઓ ચોખ્ખી દેખાય છે તથા તેમનું શરીર પાતળું સુકલકડું છે. ॥૩॥ તે નીલકંઠવર્ણી નામથી પ્રસિદ્ધ છે. તેમનો વૈરાગ્ય પ્રસિદ્ધ જ છે. તેમનું સ્વરૂપ કામદેવનો ગર્વ હરે તેવું છે. તેઓ આહારમાં કાંઈ લેતા નથી. કાયમ પ્રસન્ન મુદ્રામાં જ રહે છે. તેમનું ચિત્ત શાંત છે, ઉદાર વિચારોવાળા છે. સ્થિર ગતિવાળા છે. ॥૪॥ તે મહાત્મા હમેશાં બ્રહ્મસ્થિતિમાં વર્ત્યા કરે છે. તેમના વર્ણની આકૃતિમાં મનોહર નેત્રવાળા, સ્પષ્ટ બોલનારા, સ્ત્રીઓની ગંધથી દૂર રહેનારા, સશક્ત હોવા છતાં પણ નિરભિમાનવાળા છે. ॥૫॥ શરીર ઉપર વલ્કલ વસ્ત્રને ધારણ કરનારા મૃગચર્મ પાસે રાખે છે. તથા જનોઈ તુલસીની કંઠી તથા તુલસીની માળા હાથમાં રાખે છે મુનીઓને સ્વધર્મનું જ્ઞાન આપે છે તેને ઉપદેશ આચરણ સાથે આપે છે કોમળ સ્વભાવવાળા જલદીથી આપના દર્શન ઈચ્છે છે. ॥૬॥ હે સ્વામી ! તે તપસ્વી માગ્યા સિવાય જે કાંઈ અન્ન પાણી મળે છે તેમાંથી પોતે તો થોડુંક જ ગ્રહણ કરે છે અને વનમાં રહેવાનું વધારે ગમે છે તેમના મનમાં ત્યાગભાવના ખૂબ જ ઊંચી છે સંસારી ભાવ સાવ નાશ પામેલો છે એવા તે યોગી છે. ॥૭॥ તેઓ પ્રશ્ન પૂછવામાં, વાદવિવાદમાં મહાજ્ઞાની,

બુદ્ધિશાળીને પણ મોહ પમાડી દે છે અને અનેક શાસ્ત્રના સારને જાણે છે, તેમનું મન કાયમ માટે ધ્યાનમય જ વર્તે છે અને જીવમાત્રમાં તેઓ સાક્ષી રૂપે નિવાસ કરીને રહે છે. ॥૮॥ એ વાતે મુનિ આપનાં દર્શન કરવાની તથા મળવાની ખૂબ જ ઈચ્છાવાળા છે. અમે તેમને આગ્રહપૂર્વક રોકી રાખ્યા છે એટલે આ મુનીને આપની પાસે આવવા દેવા કે આપ અહીંયા આવવાના છો તેનો યોગ્ય નિર્ણય કરીને વળતો ઉત્તર મોકલશો. ॥૯॥ હે ગુરુવર્ય ! આપનો ઉત્તર આવ્યા પછી નક્કી થશે ત્યાં સુધી મુનિરાયને અહીં રાખીશું. આપનો પ્રત્યુત્તર આવે ત્યાં સુધી મનને શાંતિ થાય એવો જણાવજો. તેની અમો રાત દિવસ પ્રતીક્ષા કરીશું એ પ્રમાણે જાણો ॥૧૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! એવી રીતે મુક્તાનદ સ્વામીએ એક પત્ર લખ્યો તથા એક પત્ર નીલકંઠવર્ણીએ લખ્યો. તે બંને પત્રો તૈયાર કરીને મયારામ ભટ્ટને બોલાવીને આપ્યા અને મુક્તાનંદ સ્વામીએ તે મયારામ વિપ્રને ભલામણ કરવા લાગ્યા. ॥૧૧॥ હે વિપ્ર ! તમો મારા લખેલા આ બે કાગળો લઈને તમો જલ્દીથી ભુજનગર જાઓ અને રામાનંદસ્વામીને હાથોહાથ આપજો. અને આ નીલકંઠવર્ણીના તેમના ક્રિયા કાર્યો સ્વભાવના સર્વ સમાચાર મોઢેથી સંભળાવજો. ॥૧૨॥ આવી રીતે મુક્તાનંદ સ્વામી દ્વારા કહેલાં વચનો સાંભળીને તે મયારામ ભટ્ટ પત્રો લઈને જલદીથી ચાલીને ભૂજનગર પ્રત્યે ગયા. ત્યાં સદ્ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કરીને ખૂબ જ આનંદ પામતા હતા. ॥૧૩॥ તે રામાનંદસ્વામી ભૂજમાં ગંગારામ મલ્લના ઘેર નિવાસ કરી રહ્યા હતા. ભક્તોને સુખ આપતા હતા. રામાનંદ સ્વામી પ્રસન્ન મુખવાળા, શાંત પ્રકૃતિના, તેમનો વર્ણ ગૌર હતો શ્વેત વસ્ત્રોને ધારીને રહેતા હતા. ॥૧૪॥ મયારામ વિપ્ર ત્યાં જઈને તે બંને પત્રો રામાનંદ સ્વામીના હાથમાં આપ્યા ત્યારે તે પત્રો વાંચીને રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીના સર્વકાર્યો ગુણોના સમાચાર જાણી લીધા. ॥૧૫॥ પત્રો વાંચીને રામાનંદસ્વામી ખૂબ જ રાજી રાજી થઈ ગયા. નેત્રોમાં આનંદનાં આંસુ આવી ગયાં એ પાસે બેઠેલા સર્વે ભક્તોને ગદ્ગદ વાણીથી માંડ માંડ બોલી સમાચાર કહ્યા. હવે અમારા



કાર્યને કરનારા આવી ગયા. ॥૧૬॥ ત્યાર પછી મુક્તાનંદસ્વામી ઉપર પત્ર લખવા બેઠા. અમે તમારો પત્ર વાંચી ત્યાંના સર્વે કુશળના સમાચાર જાણી લીધા છે. તેમ જ નીલકંઠવર્ણીના જે સમાચાર લખ્યા તે પણ જાણી લીધા. તપથી સર્વે અંગો શોભે છે. એટલે એ સાક્ષાત્ હરિ ભગવાન જ છે તે પ્રમાણે જાણો. ॥૧૭॥ કાં તો સાક્ષાત્ શ્વેત દીપવાસી પુરુષોત્તમ ભગવાન હશે તે સર્વજ્ઞ હોવાથી તથા તે પોતાના યોગ ઐશ્વર્યથી કામદેવને પણ મોહ ઉપજાવે તેવા છે. ॥૧૮॥ આ પૃથ્વીના અનંત જીવોનાં કલ્યાણ કરવા માટે મનુષ્ય અવતાર ધરીને આવ્યા હોય માટે એમની પાસેથી સર્વે સંતોએ યોગકળાનો અભ્યાસ કરીને ધ્યાન ધારણા આદિ આસનોની ક્રિયાઓ પ્રયત્ન કરીને તેમની પાસેથી શીખી લેવાં. ॥૧૯॥ સાધુજીવનમાં યમ, નિયમ અષ્ટાંગ યોગ દ્વારા ઘણાં કાર્યો થઈ શકે છે, તેથી વર્ણી પાસેથી શીખી લેવાં. તેનાથી ઘણાં કાર્યની સીદ્ધિ થાય છે તેમાં કોઈ સંશય નથી એ પ્રમાણે જાણો. ॥૨૦॥ તેમને ગુરુરૂપ માનીને તેમની પ્રેમપૂર્વક અન્નપાન ફળાદિથી ખૂબ સેવા કરજો તથા તેઓ તપથી પ્રકાશમાન અંગો દ્વારા તેઓ લોકોને ધર્મજ્ઞાન, ભક્તિના માર્ગદર્શક છે, પોતે ભગવાન જ છે. ॥૨૧॥ બીજું જ્યાં સુધી અમારો તેમની સાથે મેળાપ ન થાય ત્યાં સુધી તેમને ખૂબ સંભાળીને રાખવા. વર્ણીની સાથે ખૂબ મેળ રાખવો. મારા હિત ખાતર ખાસ તમારે તેમને આગ્રહપૂર્વક રાખવાના. ॥૨૨॥ ત્યાર પછી નીલકંઠવર્ણીને ઉદ્દેશીને સમાચાર લખવા માંડ્યા. હે કરુણાસાગર દીનવત્સલ દયાળુ ! તમારે સંતોને બ્રહ્મચર્યાદિ અષ્ટાંગયોગની ક્રિયાઓનો અભ્યાસ કરાવવાનો. ॥૨૩॥ તમારા પત્રો વાંચીને મન મળવા માટે તત્પર થાય છે જેમ અધિક પાણીમાં જેમ માછલું જવા માટે તત્પર થાય તેમ તમને મળવા માટે ઘણી તત્પરતા છે, પણ જ્યાં સુધી ન આવીએ ત્યાં સુધી તમારે કોઈ પણ પ્રયત્ને મનને બાંધીને રહેવું પડશે એવો મારો મોટો આગ્રહ છે. કોઈનાથી કોઈ ભૂલચૂક થાય તો પણ તેને ક્ષમ્ય ગણીને રહેવું. ॥૨૪॥ હે વર્ણી ! હું થોડા દિવસોમાં પીપલાણા ગામ આવીશ ત્યારે તમારે ત્યાં આવવાનું. ત્યાં આપણો મેળાપ થશે ત્યારે જ

આપણને શાંતિ થશે એ પ્રમાણે જાણજો અને રહેજો. ॥૨૫॥ આવી રીતે રામાનંદ સ્વામીએ પત્રો લખીને મયારામ ભટ્ટને આપ્યા તે મયારામ ભટ્ટ લઈને જલદીથી લોજપુર આવ્યા અને બંને પત્રો મુક્તાનંદ સ્વામીને આપ્યા. ॥૨૬॥ તે પત્રો મયારામ વિપ્ર મુક્તાનંદ સ્વામીને જલદીથી આવીને આપ્યા જે રામાનંદ સ્વામીએ લખીને આપેલ તે હાથોહાથ આપ્યા. ॥૨૭॥ મુક્તાનંદ સ્વામી તે પત્રો લઈને એક પત્ર સ્વામી વાંચતા હતા અને એક પત્ર વર્ણીને આપતા હતા. તેઓ બંને પત્ર વાંચીને ખૂબ જ રાજી થતા હતા. ત્યારે **મુક્તાનંદ સ્વામી નીલકંઠ બ્રહ્મચારીને કહેતા હતા.** ॥૨૮॥ આ પત્રમાં અમારા ગુરુ રામાનંદ સ્વામી લખે છે કે આવવામાં થોડો વિલંબ થવાનો છે તેથી તમારે આ સ્થળે જ રહેવાનું છે. બીજે ક્યાંય જવાનું નથી એવી આજ્ઞા છે. ॥૨૯॥ ત્યારે તે **નીલકંઠવર્ણી કહેવા લાગ્યા** કે મારે તો ગુરુને મળવાની ખૂબ ઉતાવળ છે અને મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે હું તો અત્યારે જ જઈશ. ॥૩૦॥ આવી રીતે કહીને તે નીલકંઠ બ્રહ્મચારીએ પોતે પોતાના આત્માનું ધ્યાન કરવા વિચાર કર્યો. હું ધ્યાન કરીને ધ્યાનમાં તેમનાં દર્શન કરી લઈશ એ પ્રમાણે કહેવા લાગ્યા. ॥૩૧॥ હે રાજન્ ! આવી રીતનાં તે નીલકંઠ બ્રહ્મચારીનાં વચનો સાંભળતા હતા તેવામાં જ તે નીલકંઠ બ્રહ્મચારી ધ્યાન કરવા આસન બાંધીને બેસી ગયા. તે સર્વેને જોતા થકા બેઠા. ॥૩૨॥ ત્યારે તે **મુક્તાનંદ સ્વામી નીલકંઠ બ્રહ્મચારીને પૂછવા લાગ્યા કે** રામાનંદ સ્વામીનો વર્ણ કેવો છે, તેઓ ક્યાં બેઠાં છે, વસ્ત્ર કેવાં છે, તેમનાં નેત્રો કેવાં છે, તેમનું શરીર કેવું છે, કઈ દિશામાં મુખ રાખીને બેઠા છે. ॥૩૩॥ **શ્રી નીલકંઠ વર્ણી કહે છે :** હે મુક્તાનંદ સ્વામી ! રામાનંદ સ્વામી અત્યારે ભુજનગરમાં વૈશ્યભક્તના ઘેર આસન ઉપર બેઠેલા છે, તેમના પગ કોમળ લાલ વર્ણના છે. પલાંઠી વાળીને બેઠેલા છે. પગની ઉપર બને હાથ રાખેલા છે. ॥૩૪॥ ગંભીર પ્રકૃતિવાળા છે. તથા તેમનું ઉદર અશ્વત્થ પત્ર જેવું સમાન છે તથા હાથો બન્ને લાંબા છે. સુંદર કંઠપ્રદેશવાળા છે. હોઠનો વર્ણ તાંબા જેવો છે, એવા શોભાયમાન બેઠેલા છે. ॥૩૫॥ દુઃખને દૂર કરનારાં, કમળ



સમાન નેત્રવાળા, વિશાળ લલાટવાળા, તે લલાટમાં ઊર્ધ્વપૂંડ્ર તિલક ચાંદલો કરેલ છે. કોમળ ચીકણા મસ્તક ઉપર કેશ છે. તેની શિખા બાંધેલ છે. તે કાન પર્યંત લાંબી મુખને સ્પર્શ કરે છે. ॥૩૬॥ શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં છે, તેમનો દેહ પુષ્ટ છે. વર્ણ ગૌર છે. એવી ગુરુની આકૃતિ છે તથા હંસ સમાન મંદ ગતિવાળા તથા ભક્તજનો ઉપર કૃપાદૃષ્ટિ રાખનારા દયાળુ છે. ॥૩૭॥ **શ્રી નીલકંઠ વર્ણીએ** આવી રીતે રામાનંદ સ્વામીના દેહનું તથા નિવાસસ્થાનનું સર્વ વર્ણન મુક્તાનંદ સ્વામીને સમાધિમાં જોઈને કહી દેખાડ્યું ત્યારે **મુક્તાનંદ સ્વામી નીલકંઠ વર્ણીને કાંઈક કહેવા** લાગ્યા. ॥૩૮॥ હે નીલકંઠવર્ણી ! તમોએ થોડું નથી પણ તમારી તીવ્ર બુદ્ધિથી પૂર્ણ વર્ણન કરી દેખાડ્યું. અમને જાણ કરાવી એવા જ અમારા ગુરુ રામાનંદ સ્વામી સર્વગુણ પ્રકૃતિવાળા જ છે. ॥૩૯॥ હે વર્ણી, જેમ તાપથી બળતા જીવને જેમ ચંદ્રમાના યોગથી શાંતિ થાય છે તેમ આપને પણ ગુરુદર્શનની તીવ્રતા શાંત થઈ તેથી મનમાં શાંતિ થઈ. તમે મને ભગવાનના કોઈ સ્વરૂપ છો એવું જણાય છે, એટલા માટે અમારી ઉપર કૃપા કરીને હે પ્રભુ ! આપ અહીં નિવાસ કરીને રહો. ॥૪૦॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં રામાનંદ સ્વામીને પત્ર લખ્યો, તેનો ઉત્તર આવ્યો એ નામે ચોવીસમો અધ્યાય થયો. ॥૨૪॥**

## ॥ અધ્યાય - ૨૫ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! નીલકંઠવર્ણી મુક્તાનંદ સ્વામીનાં વચનો સાંભળીને પોતાના મનના વિચારોને દૃઢ કરીને સર્વ સંતોથી સમ્માન પામતા થકા રહેવા લાગ્યા. ॥૧॥ વર્ણી સર્વ સંતોને અષ્ટાંગ યોગનું યોગ્ય રીતે શિક્ષણ આપવા લાગ્યા. પ્રથમ પોતે પોતાના શરીરમાં ક્રિયાઓ

કરીને બતાવતા હતા. ત્યાર બાદ સંતો પાસે એ પ્રમાણે પ્રયોગ કરાવતા હતા. ॥૨॥ ધ્યાન કરવા માટે પ્રથમ પોતાના શ્વાસને ખેંચીને રોકી રાખીને પ્રાણાયામ કરતા હતા ત્યાર પછી જ્યારે ધ્યાન કરતા હતા ત્યારે જાણે જેમ શરદ ઋતુમાં સમુદ્ર ગંભીર થઈ જાય તેમ સર્વ શાંત થઈ જતું હતું. ॥૩॥ નીલકંઠવર્ણી સંતોને દૃઢ જ્ઞાન સમજાવવા માટે સંતોને પરસ્પર પ્રશ્નો પૂછાવીને ખૂબ સંઘર્ષ કરીને પોતે જ આત્મા પરમાત્મા સંબંધી જ્ઞાનનો ઉપદેશ આપીને દૃઢ કરતા હતા. ॥૪॥ ક્યારેક જીવ ઈશ્વરના સ્વરૂપનાં દર્શન કરાવવા માટે તેમને પ્રથમ તેજ સમૂહમાં રહેલા તે જીવ ઈશ્વરના દર્શન કરીને ખૂબ જ આશ્ચર્યચકિત થઈ જતા હતા. ॥૫॥ ધર્મનંદન શ્રીહરિ ક્યારેક વર્ણાશ્રમ ધર્મનું જ્ઞાન આપતા હતા, ક્યારેક સાંખ્ય યોગનું જ્ઞાન આપીને મુનિઓને તૈયાર કરતા હતા. ત્યાર પછી શ્રી નીલકંઠ પ્રભુ સર્વે સંતોને પરમહંસના ધર્મો સમજાવતા હતા. ॥૬॥ ક્યારેક કોઈ સંત બીમાર હોય તો તેમની ગંભીરતાથી પ્રેમપૂર્વક સેવા કરતા. આ તો પરબ્રહ્મ પરમાત્મા કેવળ લોકોને શિક્ષણ આપવા માટે જ કરતા હતા. ॥૭॥ ક્યારેક મુક્તાનંદ સ્વામીને નીલકંઠજી કહેતા કે આપણે બન્ને કોઈ જંગલમાં જઈને એકાંતમાં ઉગ્ર તપસ્યા કરીએ. આવી રીતે તીવ્ર ત્યાગ જણાવતા હતા. ॥૮॥ હે રાજન્ ! ત્યાં રહેલા આનંદ મુનિ કેટલાક મુનિઓથી વીંટાયા થકા ડભાણનગરીમાં રહેતા હતા. તેઓ નીલકંઠવર્ણી આવ્યા પછી તેમનાં દર્શન કરીને ત્યાં રોકાઈ જતા હતા અને યોગધ્યાનનું જ્ઞાન મેળવતા હતા. ॥૯॥ આવી રીતે રામાનંદ સ્વામીના આવવાની રાહ જોતા થકા ત્યાં રહીને સર્વે સંતોને જ્ઞાન ઉપદેશ આપીને ખૂબ જ આનંદ આપતા હતા. ॥૧૦॥ ત્યાં પીપલાણાથી રામાનંદ સ્વામી આવી ગયા છે અને તમો સર્વેને ત્યાં બોલાવે છે એવો પત્ર લઈને એક ભક્તને બોલાવવા માટે મોકલ્યા. ॥૧૧॥ આવી રીતના સમાચાર સાંભળીને સર્વે મુનિઓ તથા મુક્તાનંદ સ્વામી ખૂબ જ આનંદમાં આવી ગયા અને સ્વામીનાં દર્શને માટે જવા માટે ઉતાવળ કરવા લાગ્યા. ॥૧૨॥ ત્યારે શ્રી નીલકંઠવર્ણી આનંદમુનિની સાથે બધાથી આગળ



ચાલતા હતા અને મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતો પાર્ષદો સર્વે પાછળ આવતા નીલકંઠવર્ણીની ખબર રાખતા હતા. ॥૧૩॥ તેઓ સર્વે ઓજત નદીમાં પૂર આવેલ હોવા છતાં નીલકંઠવર્ણી યોગકળાથી ચાલીને સામે પાર ગયા અને મુક્તાનંદ સ્વામી તથા બીજા સર્વે નાવડાં દ્વારા ઊતરીને ૧૮૫૬ના જેઠ સુદ-૧૨ના રોજ સવારમાં શ્રી રામાનંદ સ્વામીના દર્શન કરતા હતા. ॥૧૪॥ ત્યારે નરસિંહ વિપ્રના ઘેર નિવાસ કરીને રહેલા રામાનંદ સ્વામી અને નીલકંઠવર્ણીનો મેળાપ થયો ત્યારે થોડા સમય માટે અનંત સૂર્યના જેવો પ્રકાશ ફેલાઈ ગયો તેને સર્વે મનુષ્યોએ પ્રત્યક્ષ જોયો, અનુભવ્યો. ॥૧૫॥ બન્ને વિભૂતિઓનો ઘણા લાંબા કાળથી વિયોગ હોઈને જેમ મેળાપ થાય ત્યારે આનંદમાં આંસુઓ આવે તેમ નેત્રમાં આનંદાશ્રુ વહેવા લાગ્યાં. આ સમયે જે ભક્તો ત્યાં હાજર હતા તેઓ આ અદ્ભુત દર્શન કરીને ખૂબ જ આનંદ પામ્યા તથા મુક્તગણો પણ આ દર્શનથી કૃતકૃત્ય થયા. ॥૧૬॥ ત્યાર પછી સર્વે સંતોએ ગુરુ રામાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કર્યાં તથા મુક્તાનંદ સ્વામી આદિ મોટેરા સંતો રામાનંદ સ્વામીને ભેટીને મળ્યા અને સભામાં આગળ બેઠા. ॥૧૭॥ રામાનંદ સ્વામી અને નીલકંઠ બ્રહ્મચારી બંને ઊંચા આસન ઉપર સાથે બેઠેલા તેથી ખૂબ જ શોભતા હતા. જેમ આકાશમાં સર્વે ગૃહમંડળમાં સર્વે રાશિઓના ગુરુ, ચંદ્ર શોભે તેમ ગુરુ-શિષ્ય બન્ને શોભા વધારતા હતા. ॥૧૮॥ ચરણકમળની સેવામાં તત્પર એવા સર્વે સંતો અને હરિભક્તો સર્વે ચકોરની જેમ બન્ને મહાનુભાવોને જોઈ રહ્યા હતા ત્યારે ધર્મપરાયણ ભક્તિભાવપૂર્વક બેઠેલા જિજ્ઞાસુઓને ગુરુ રામાનંદ સ્વામી મધુર વાણીથી કહેવા લાગ્યા. ॥૧૯॥ હે ભક્તજનો ! આ આવેલા મુનિ અનંત જીવોનું કલ્યાણ કરવા માટે પૃથ્વી ઉપર આવેલા છે, તેઓને કોઈ પ્રકારની બીજી કામનાઓ નથી. તેઓ ધર્મને ત્યાં પ્રગટ થઈને વર્ણીરૂપને ધારણ કરીને રહેલા. તે કેવળ ગુણના સાગર છે તથા સર્વશાસ્ત્રોના પ્રણેતા (સર્જક) છે, એ પ્રમાણે જાણો. ॥૨૦॥ જ્યાં અનંત કોટિ બ્રહ્માંડો અણુની માફક ઊડ્યા કરે છે. લય, પ્રલયમાં જે

સ્થિર રહે છે એવા અક્ષરધામના નિવાસી છે તથા ભક્તજનો જેમના ચરણકમળને હંમેશાં સેવ્યા કરે છે એવા આ સર્વના સ્વામી સર્વના રક્ષક સર્વાત્મા દિવ્યમૂર્તિ પોતે જ છે. ॥૨૧॥ જ્યારે જ્યારે પૃથ્વી ઉપરથી ધર્મની હાનિ થાય છે, નાશ થવાને સમયે અધર્મનો અતિશય વધારો થઈ જાય છે, ત્યારે ત્યારે શ્રી પુરુષોત્તમ સ્વયં અવતારને ધારણ કરે છે અને પોતાના આશ્રિતો ભક્તોને સુખ આપે છે અને અસુરોનો નાશ કરે છે. ॥૨૨॥ મત્સ્ય, કછપ, નૃસિંહ, વરાહ, પરશુરામ, વામન, રામાવતાર, બુદ્ધાવતાર, કલ્કી અને શ્રીકૃષ્ણ - આ બધા જ અવતારો આમનાં સ્વરૂપો જ છે, એ પ્રમાણે જાણો. ॥૨૩॥ આમનાં જન્મો અને કાર્યો, કર્મો તથા નામો અનંત છે, તેને દેવતાઓ, શારદા, શેષ પોતાની હજાર મુખેથી કાયમ ગુણ ગાય છે તો પણ પાર નથી પામી શકતાં. ॥૨૪॥ જેના પ્રતાપને જગતના સર્જક બ્રહ્માજી, નારદ, કપિલ, મનુ, ધર્મ, ભક્તિ, વ્યાસ, શુક, સનકાદિકોએ સર્વે આમના પ્રતાપને જાણે છે. ॥૨૫॥ પ્રહ્લાદ, હનુમાનજી, અંબરીષ, જનકરાજા આદિ તથા સ્વામી આત્માનંદજી તથા હું પણ એમનો આ બ્રહ્મચારી સ્વરૂપ એવા અક્ષરધામાધિપતિના એકાંતિક ભક્તો છીએ. ॥૨૬॥ અરે આજ તો આપણાં અહોભાગ્ય ઉઘડ્યાં છે, કેમ કે કાંઈ કહી શકાય એમ જ નથી. બ્રહ્માથી લઈને સ્તંભ પર્યંતના સ્વામી જે છે તે પોતે પ્રત્યક્ષ અવતારી પધાર્યા છે એટલે આપણા મહાન ભાગ્ય જાગ્યાં છે. ॥૨૭॥ યોગીના કહેવા મુજબ તેને સત્ય કરવા માટે જ આ મહાયોગી રાજ, બટુક અહીં પધાર્યા છે તે જ આ પૃથ્વી ઉપર કળીયુગમાં જીવોને નારાયણપરાયણ બનાવીને સત્યયુગનો ધર્મ સ્થાપશે. ॥૨૮॥ આ પોતે સ્વયં શ્રીકૃષ્ણ નારાયણ છે જેમણે હાથમાં બંસરી ધારણ કરીને વૃંદાવનમાં કામદેવને મોહ પમાડી દીધો હતો અને ઉદ્ધવ એવો જે હું તે મને સ્વરૂપનું જ્ઞાન આપીને બદરીકાશ્રમમાં મોકલ્યો હતો, એ જ સ્વયં પધાર્યા છે. ॥૨૯॥ એમની આજ્ઞાથી દુર્વાસાના શ્રાપથી અયોધ્યામાં બ્રાહ્મણના કુળમાં જન્મ લઈને અત્યારે આ પૃથ્વી ઉપર ધર્મનું આચરણ કરીને ભક્તિમાર્ગનો પ્રારંભ કર્યો



તે આમના પ્રતાપથી જ સર્વ થયું છે. તે જ આ અનંત કોટિ બ્રહ્માંડાધિપતિ નારાયણ સ્વયં તમોને દર્શન આપે છે. ॥૩૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! એવી રીતે ત્યાં આવેલા ઘણા બધા ભક્તોના આગ્રહને માન આપીને રામાનંદ ગુરુવર્ય સર્વની પ્રાર્થનાપૂર્વકનો આગ્રહ માનીને તે બટુક બ્રહ્મચારીની સાથે કેટલાક માસ સુધી સાથે રાખીને એમના ચરિત્રોનું જ્ઞાન મેળવીને વિચાર કરતા હતા. ॥૩૧॥ આમને મારે યોગ્ય દીક્ષા આપી મારા સ્થાન ઉપર સ્થાપીને મારે મુક્ત થવું છે. આ પ્રમાણે મુક્તાનંદ સ્વામી આદિ વરિષ્ઠોને જણાવેલ તે મુજબ તે નીલકંઠ બટુક બ્રહ્મચારીને પોતાના કરતાં તેમને સર્વાધિક માનતા હતા. ॥૩૨॥ હે રાજન્ ! બધા જ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે પોતાના આચાર-વ્યવહાર કરીને વર્તતા હતા તથા તેમની આજ્ઞા મુજબ શ્રી નીલકંઠવર્ણીના યશને ગાતા થકા તેની ચર્ચા કરતા ત્યાં રહેતા હતા. ॥૩૩॥ પોતે ઉનાળામાં અગ્નિ તપતા હતા, ઠંડીમાં ટાઢ હોવા છતાં આવી રીતે દ્વંદ્વને સહેતા થઈ સર્વે સંતોને પ્રાકૃતિક આનંદ આપતા હતા અને ગુરુ પાસે એમણે મહાદીક્ષા ગ્રહણ કરીને ગુરુ રામાનંદ સ્વામી એમનું નામ સહજાનંદ સ્વામી એ પ્રમાણે સર્વને જણાવતા હતા. ॥૩૪॥ આવી રીતે રામાનંદ સ્વામીએ નીલકંઠજીને દીક્ષા આપીને પોતાના સ્થાન ઉપર સ્થાપન કરી સર્વે જનોની સાથે રામાનંદ સ્વામી સહજાનંદજી મહારાજની સાથે વિચરણ કરતા થકા ફરેણી ગામ પ્રત્યે પધાર્યા. ॥૩૫॥ તે ફરેણી ગામના સત્સંગીઓએ ગુરુ રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામી તથા સર્વે સંતો, હરિભક્તોને યોગ્ય સરભરા કરીને ઉતારા આપ્યા અને ખૂબ જ આનંદ પામતા હતા. ॥૩૬॥ ત્યાં રહીને રામાનંદ સ્વામી, શ્રીહરિ સહજાનંદ સ્વામી તથા સર્વે સંતમંડળની મોટી સભા કરી અને તે સભામાં સર્વેને સંતોષ થાય એવી મધુર વાણીથી કહેવા લાગ્યા. ॥૩૭॥ હે સજ્જનો ! તમો એકાગ્ર બુદ્ધિ કરીને સાંભળો ! હું તમોને મારા મત મુજબ, મારી માન્યતા મુજબનું જ્ઞાન તમને આપવા માંગું છું, તેથી તમો ધ્યાનપૂર્વક સાંભળો. ॥૩૮॥ હે સંતો ! સ્વધર્મમાં હંમેશાં વર્તજો અને શ્રીહરિનો ક્યારેય

પણ અનાદર કરશો નહિ. તમો હંમેશાં આત્મસ્થિતિમાં રહીને જ્ઞાનવૈરાગ્યવાળા થઈને ભગવાનની દૃઢભક્તિ કરજો. ॥૩૯॥ મનુષ્યને સર્વપ્રકારના સુખ-અર્થની પ્રાપ્તિ ધર્મથી જ થાય છે, માટે આ ધર્મના પુત્ર શ્રીહરિ તમારા સુખ માટે અત્યારે અહીં બેઠા તે જ પોતે સાક્ષાત્ ભગવાન સહજાનંદજી જ છે તે પ્રમાણે જાણજો. ॥૪૦॥ આવી રીતે પોતાના આશ્રિતોને સર્વ પ્રકારના વાતાવરણથી જ્ઞાત કરીને બધાનાં મનને સ્વચ્છ કરી મધુરવાણીથી આગળ કહેવા લાગ્યા કે મારા ગયા પછી આ સહજાનંદજી પૂર્ણિમાના ચંદ્રની માફક સર્વ દિશાઓમાં પ્રકાશ કરીને સ્વ-સ્વરૂપનું જ્ઞાન જાગ્રત કરીને જીવોને સુખી કરશે એમ શ્રીકૃષ્ણના સ્વરૂપના નિશ્ચય સિવાય મોક્ષ છે જ નહિ તે જાણો. ॥૪૧॥ આ પરબ્રહ્મ આત્મસત્તા માત્ર એવા શ્રીહરિનો પરિચય કરાવીને જે હેતુ માટે આ પૃથ્વી ઉપર આવ્યો હતો તે મારાં સર્વે કાર્યો આજે આ સ્થળમાં મેં પૂર્ણ કરી દીધાં છે, તેથી મને સંતોષ છે. ॥૪૨॥ એટલા માટે તમારે સર્વેએ આ સહજાનંદજીને સર્વેશ્વર, સર્વના કારણ, પરાત્પર નારાયણ માનીને તેમને હંમેશાં સેવજો અને મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે તમારે આમની હંમેશાં રક્ષા કરવાની મારી આજ્ઞા છે. ॥૪૩॥ શ્રી રામાનંદ સ્વામી આ પ્રમાણે સર્વને કહીને આજ્ઞા કરીને અને પોતાના મનમાં પૂર્ણ નિર્ણય કરીને આ સહજાનંદ સ્વામી પોતે જ સ્વયં આ પરાત્પર નારાયણ અક્ષરધામાધિપતિ છે એ પ્રમાણે તમો માનજો. ॥૪૪॥ આવી રીતે કહીને તે મહામુનિ મૌન રહીને આત્મધ્યાન કરીને પોતાની ઈન્દ્રિયોને સંકોચીને જે દેહે આવ્યા હતા તે બદ્રિકાશ્રમમાં યોગકળાથી વિશાળા બદ્રિકાશ્રમમાં ગયા. ॥૪૫॥ આવી રીતે શ્રી રામાનંદ સ્વામી દુર્વાશા મુનિના શાપ થકી મુક્ત થઈ ગયા ત્યાર પછી મુક્તાનંદ સ્વામી તથા સર્વે ભક્ત સમુદાયની સાથે તે રામાનંદ સ્વામીના દેહની ઉત્તરક્રિયા કરી. ॥૪૬॥ હે રાજન્ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ તથા રામાનંદ સ્વામીના મેળાપની તથા રામાનંદ સ્વામીના દેહત્યાગની કથાને જીવાત્મા પ્રેમપૂર્વક શ્રદ્ધાથી શ્રવણ કરીને પોતાના જીવનમાં ઉતારે છે તે જીવાત્મા અંત સમે ભગવાનના ધામને



પામે છે.

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રણેતા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીરામાનંદ સ્વામી મેળાપ તથા રામાનંદ સ્વામી બ્રહ્મપુર ધામમાં ગયા તે નામે પચ્ચીસમો અધ્યાય પૂરો થયો. ॥૨૫॥**

## ॥ અધ્યાય - ૨૬ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! ગુરુ શ્રી રામાનંદ સ્વામીના અક્ષરવાસ થયા પછી તેમની ઉત્તરક્રિયા કરીને ત્રયોદશા પછી સર્વે સંતો-ભક્તોની સાથે મળીને શ્રીહરિ માંગરોળ નામના નગરમાં પધાર્યા. ॥૧॥ માંગરોળમાં મુક્તાનંદ સ્વામીને સહજાનંદ સ્વામી સાવધાનીપૂર્વક કહેવા લાગ્યા કે આપણે બધાએ શ્રી રામાનંદ સ્વામીએ જે આજ્ઞા કરેલી છે તે પ્રમાણે વર્તવાનું છે અને એ પ્રમાણે સર્વે કાર્યો કરવાનાં છે એ ધ્યાન રાખવાનું છે. ॥૨॥ ગુરુ શ્રી રામાનંદ સ્વામીનાં જે અન્નક્ષેત્રો ચાલે છે તે ઈર્ષાળુઓથી ખાસ સાવધાનીપૂર્વક ચલાવવાનાં તથા ધર્મપ્રચારનાં કામો, સ્વધર્મ સંબંધી કાર્યો પણ મર્યાદામાં રહીને ગુપ્તપણે કરવાનાં. ॥૩॥ નીલકંઠવર્ણીને કહેવા લાગ્યા કે તમો અહીંયાં રહીને અહીંયા પાણીની જરૂર મુજબ એક વાવ ખોદાવીને તૈયાર કરાવો અને નિવાસ કરીને રહો. ॥૪॥ ત્યાર પછી સર્વે સંતોને મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા કે તમો સર્વે અહીં રહો અને હું થોડા સાધુઓની સાથે ભુજનગર જઈશ. ॥૫॥ ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતાનો ઐશ્વર્ય પ્રતાપ બતાવીને સર્વેને ધર્મમર્યાદાનું પાલન કરીને તે પ્રમાણે સર્વને વર્તાવતા હતા. ॥૬॥ તેમાં રામદાસ, સુખાનંદ સ્વરૂપાનંદ, વ્યાપકાનંદજી, દેવાનંદ તથા ગોપાળાનંદ, આનંદાનંદ આદિ મુનિઓ તે સર્વે ત્યાં રહીને શ્રીહરિની આજ્ઞા મુજબ વર્તતા હતા. ॥૭॥ બ્રહ્માનંદ, ચૈતન્યાનંદ આદિ ત્યાગીઓ તથા મોહનદાસ, કાનદાસ, મયારામ આદિ ગૃહસ્થ ભક્તોએ શ્રીહરિ

સહજાનંદ સ્વામીનું પૂજન-અર્ચન કર્યું. ॥૮॥ ત્યાં માંગરોળમાં સર્વેને રહેવા માટે સુંદર ધર્મશાળા કરાવી તથા વાવનું ગાળન કરાવી તેનાં પગથિયાં નવાં કરાવડાવીને વાવને મનોહર બનાવડાવી. ॥૯॥ લોકોની સુખાકારી માટે શ્રી સહજાનંદ સ્વામીએ તે વાવનું સારા મુહૂર્તમાં વિદ્વાન બ્રાહ્મણો પાસે સુંદર વિધિ કરાવી અગ્નિમાં હોમ કરાવી લોકોને પોતાના કાર્યનો ખ્યાલ કરાવ્યો. ॥૧૦॥ તે યજ્ઞમાં હજારો બ્રાહ્મણોને વિધિમાં બોલાવેલા. તેઓ શ્રી હરિ સહજાનંદ સ્વામીને પીતાંબર વસ્ત્રોને ધારણ કરેલ, કમળપાંખડી સમાન કોમલ નેત્રકમળવાળા, ચારભુજાઓવાળા તેમનાં દર્શન કર્યાં. ॥૧૧॥ તેમણે કંઠમાં વૈજયંતીમાળાને ધારણ કરેલા, કાનોમાં કુંડળ ધારણ કરેલાં. શ્રી વત્સના ચિહ્નવાળા, કૌસ્તૂભમણિની માળાને ધારણ કરેલાં. ॥૧૨॥ એવા રૂપને ધારણ કરેલ ભગવાનને જોઈને સર્વે બ્રાહ્મણો આનંદિત થઈ ગયા. શ્રીહરિ મહાપ્રભુ તે સર્વે બ્રાહ્મણોને સુંદર રીતે ભોજન કરાવીને સુખી કરતા હતા. ॥૧૩॥ તે સર્વે બ્રાહ્મણોને સારી રીતે જમાડીને મિષ્ટાન્ન તથા ખૂબ દક્ષિણા આપીને રાજી કરી દીધા તેથી તેઓ શ્રીહરિ સહજાનંદ સ્વામીની પ્રશંસા કરતા કરતા પોતપોતાના ઘરે જતા હતા. ॥૧૪॥ ત્યાર પછી ત્યાં રહીને શ્રીહરિ ભગવાન રાજી થઈને સાધુઓ દ્વારા જે તીર્થવાસીઓ આવતા હતા તેમને મોટાં મોટાં અન્નક્ષેત્રો બનાવીને સારી રીતે જમાડીને રાજી કરતા હતા. ॥૧૫॥ તે માંગરોળમાં વૈશ્યજનોને શ્રીહરિ ધારણા કરાવતા હતા ત્યારે તેઓ ધારણામાં જતા હતા ત્યારે માર્ગમાં દશ મસ્તકવાળા શેષને જોતા હતા. ॥૧૬॥ પોતાની આગળ નીચે પૃથ્વી જોઈને ભય પામતા હતા  છતાં આગળ જતા હતા. શ્રી હરિના શરણમાં જઈને કહેવા લાગ્યા કે આગળ માર્ગમાં અવરોધથી શું કરીએ ? ॥૧૭॥ પાછા આવીને શ્રીહરિને પ્રાર્થના કરી ત્યારે શ્રી સહજાનંદ સ્વામી તેના શ્રાવક ગુરુના રૂપને ધારણ કરીને ત્યાં ગયા. તેમની પાછળ તે ધારણા કરીને સમાધિમાં ગયેલા ભક્તો પણ પાછા ગયા. ॥૧૮॥ ત્યારે તેઓ સાધકોને તે શેષનાગનાં દંશની જગ્યાયે પચાસ મસ્તકો દેખાયાં તેથી તેઓ સર્પથી



ભય પામવા લાગ્યા. એટલામાં ત્યાં આગળ શ્રી ઘનશ્યામ પ્રભુના દર્શન થયાં તેથી કહેવા લાગ્યા કે હે પ્રભુ આ બધું શું થાય છે. ॥૧૯॥ ફરી તેમને કહેવા લાગ્યા કે હવે તમે જેમ શંકા કરશો તેમ આના શરીરો, મસ્તકો વધતાં જશે એવું કહી રહ્યા હતા એટલામાં ફરીથી તેમને એક સો મસ્તકોવાળા શેષ નારાયણના દર્શન થયાં. ॥૨૦॥ આવી રીતે જોઈને ફરી શ્રીહરિ પાસે જઈને કહેવા લાગ્યા. ધારણા કરવાવાળા કહે છે, "હે પ્રભુ આપ જ રૂપ લઈને વિચરણ કરો છો કે શું ? અમને એવું જણાય છે. ॥૨૧॥ આવી રીતે કહીને ફરી આગળ જુવે છે એટલામાં પાંચસો ફેણવાળા નાગને જોતા હતા. આવી રીતે વધારે સ્વરૂપો ધારેલા નાગને જોઈને વળ્યા ત્યાં તો શ્રીહરિની આજ્ઞા મેળવેલા શેષનાગ પોતાનાં હજાર મસ્તકોવાળા રૂપનાં દર્શન આપવા લાગ્યા. ॥૨૨॥ તે શેષનારાયણે રૂપાના શીખરો જેવાં વસ્ત્ર-આભૂષણો ધારણ કરેલાં તથા બેહજાર નેત્રોથી ચારે બાજુ જોવું, સામે દૃષ્ટિ મેળવવી વગેરે ક્રિયાઓ કરતા હતા એવા અદ્ભુત રૂપના દર્શન થતાં હતાં. ॥૨૩॥ ત્યારે તે શેષજી બન્ને હાથ જોડીને, પ્રણામ કરીને શ્રીહરિની આગળ ઊભા રહ્યા. પ્રેમપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરી, શ્રીહરિ મહાપ્રભુના દર્શન કરતા હતા. ॥૨૪॥ ત્યારે જે ચરણકમળનું મુનિઓ કાયમ ધ્યાન કરે છે તથા જીવાત્માઓ જે ચરણકમળનો આશ્રય કરીને પાપો થકી મુક્ત થાય છે એવા ચરણકમળની નાગકન્યાઓએ અગર ચંદનના લેપ કરીને શ્રીહરિનું અર્ચન કરીને શ્રદ્ધાપૂર્વક વંદન કર્યાં. ॥૨૫॥ ત્યાર પછી શેષજી શ્રીહરિ ભગવાનને કહેવા લાગ્યા કે મારાં એવાં ક્યાં મહાન ભાગ્ય હશે જેથી આપનાં દર્શન થયાં ? જે આપ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને વિચરણ કરો છો તેના તો પૃથ્વીવાસીનાં તો અતિ મહાભાગ્ય હશે. ॥૨૬॥ જ્યાં આપ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ મને દર્શન આપો છો તેનાં નામોને હું હજાર મુખેથી વર્ણન પણ પૂર્ણ કરી શકતો નથી થતાં એવા મહાન છો ॥૨૭॥ એવા તે આપ અક્ષરધામાધિપતિ મારી ઉપર પ્રસન્ન થાઓ. આપની દયાથી મહાન આત્માઓ આપનો આશ્રય કરીને મુક્તાત્મા

બનીને આપના આશ્રયમાં રહી શકીએ. ॥૨૮॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! એવી રીતે શેષજી શ્રીહરિની ભક્તિપૂર્વક દૃઢતાથી અર્ચન કરીને મારા સંશયને દૂર કરજો. એવી રીતે શેષજી પ્રાર્થના કરીને મૌન રહ્યા. ॥૨૯॥ ત્યારે તે ધારણાવાળા ભક્તો પણ શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ કરીને આનંદ પામતા થકા. નેત્રોમાં આનંદાશ્રુ લાવીને શ્રી સહજાનંદ મહાપ્રભુને ઉદ્દેશીને કહેવા લાગ્યા. ॥૩૦॥ શ્રાવક કહે છે : હે નારાયણ પ્રભુ ! આપ જ લક્ષ્મીના સ્વામી છો. સર્વ કારણના કારણ આપ જ છો, હે નારાયણ સર્વના ધારક ! હે મહારાજા ! અમો આપને શરણે આવ્યા છીએ. ॥૩૧॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! એક દિવસ ત્યાં માંગરોળમાં સંતો શ્રીહરિની આરતી કરતા હતા ત્યારે જ એક મહાઆશ્ચર્ય થયું. ત્યારે વાસુકી નાગ ત્યાં ઉત્પન્ન થયો. ॥૩૨॥ તે પ્રથમ કુંડમાંથી તાંતણા જેવો બહાર (આવતો) નીકળતો દેખાણો તે જ દોરડાં જેવો દેખાવા લાગ્યો. ત્યાર પછી થાંભલા જેવો તે વાસુકી દેખાણો. ॥૩૩॥ હાથીની સૂંઢ જેવો તે સર્પ મહાન દેખાવા લાગ્યો. ત્યાર પછી તે સામાન્ય સ્વરૂપ ધારણ કરેલ વાસુકી નાગ દેખાવા લાગ્યો. ॥૩૪॥ તેને સો ફેણો હતી. તેને વાંકી કરીને શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ, કરીને સર્વે સંતોને પ્રણામ દર્શન કરીને શ્રીહરિની સન્મુખ બેસીને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યો. ॥૩૫॥ **વાસુકી નાગ કહે છે** : હે નારાયણ ભગવાન ! આપના સ્વરૂપનો આશ્રય કરીને ભજન નથી કરતો ને કેવળ સંસારના મોહમાં બંધાયેલો છે અને કેવળ પોતાના જીવન માટે સ્વાર્થપૂર્વક વર્ત્યા કરે છે તે જીવાત્મા સંસારના અંધારીયા કૂવામાં સ્ત્રીઓના મોહપાશમાં ફસાઈને અંધારીયા નર્કમાં જ જાય છે. ॥૩૬॥ દુષ્પ્રાપ્ય એવું મનુષ્ય શરીર મેળવીને આપના ચરણકમળનો આશ્રય કરવાનો પ્રયત્ન નથી કરતો. (આશ્રય નથી કરતો) તે મનુષ્ય બુદ્ધિ રૂપી મણી મેળવીને તે મૂઢ જીવાત્મા કેવળ જડ પથ્થર જેવી બુદ્ધિ કરીને આપનું પૂજન નથી કરતો તે મૂઢ છે. ॥૩૭॥ અને સર્પયોનિમાં રહેલો હું કર્માધીન થઈને બાળકો, સ્ત્રી, ધન, ઘર આદિમાં



બંધાઈને દુઃખી વૈભવોમાં રચ્યોપચ્યો રહું છું, તેથી હું પણ આપના ચરણકમળના મહિમાને કેવી રીતે પામી શકું ? ॥૩૮॥ હે મહારાજ ! મારી ઉપર એવી દયા કરો જેથી આપના સ્મરણ સિવાય એક લવ માત્ર પણ ન જાય એવી મને સ્થિતિ આપો કેમ કે કમળનયન એવા હે પ્રભુ, આપના દિવ્યસ્વરૂપનાં દર્શન સર્વ કર્મોને નાશ કરનાર છે તેથી મારી ઉપર દયા કરો. હું અખંડ આપનું સ્મરણ કરી શકું. ॥૩૯॥ હે નારાયણ ! મારા ચિત્તમાં કાયમ આપનું ચિત્તવન થાય, નામનો જપ કરનારને સુખ આપનારું, આપનું નામ તથા આપનો યશ તે મારા કાન રૂપી પડિયાથી અંતઃકરણમાં પ્રવેશે એવી મારી ઉપર હે દયાસાગર ! દયા કરો, મને અખંડ આપનાં દર્શન થાય એ જ માંગું છું. ॥૪૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! આવી રીતે તે વાસુકી નાગ શ્રીહરિ મહાપ્રભુની સ્તુતિ-પ્રાર્થના કરીને જેવો ગયો તે સર્વ સત્ત્વના પ્રેરક શ્રી સહજાનંદ સ્વામી એક ચરિત્ર માત્રમાં જણાવતા હતા. ॥૪૧॥

ઈતિશ્રી ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શેષ વાસુકી શ્રીહરિદર્શન નામે છવીસમો અધ્યાય. ॥૨૬॥

## ॥ અધ્યાય - ૨૭ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! જે મનુષ્ય શ્રીહરિના મનોહર ચરણકમળનું સેવનપૂજન કરે છે એવા શ્રીહરિના બીજાં અદ્‌ભુત ચરિત્રો હું તમને કહી સંભળાવું છું તેને તમે ચિત્ત દઈને પ્રેમપૂર્વક સાંભળો. ॥૧॥ તે માંગરોળમાં રામાનંદ સ્વામીનો શિષ્ય, શ્રીહરિનો ભક્ત મેઘજીભાઈ સુખડીયો માનપ્રકૃતિવશ ઉદ્ધતાઈપૂર્વક શ્રીહરિની મર્યાદાનો લોપ કરીને પોતાના ઘમંડથી સમાધિમાં બ્રહ્મરંધ્ર ષડચક્ર ભેદવાનો પ્રયત્ન કરતો હતો. ॥૨॥ તેણે બળપૂર્વક ઈન્દ્રિયો પ્રાણનો અવરોધ કરીને પ્રાણ

વચમાં જ રોકાઈ ગયો. ન ઉપર જાય કે ન નીચે પાછો આવે. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુના અપરાધ અને અનાદરને લીધે ત્રિશંકુની સ્થિતિ થઈ તેથી મૂંઝાવા લાગ્યો. ॥૩॥ તે પંચભૌતિક દેહના પિંજરામાં રહીને શ્રીહરિનો ખૂબ જ વિરોધ કરતો હતો તેથી તે પોતાના ગુરુરામાનંદ સ્વામીનું સ્મરણ કરવા લાગ્યો. તે છતાં કોઈ સ્થિતિમાં ફેર ન પડ્યો. ॥૪॥ હે રાજન્ ! મૂર્છા અવસ્થામાં રહેલો તે મેઘજીત ભક્ત દેહની સ્મૃતિ ભૂલી ગયો ત્યારે પ્રત્યક્ષમૂર્તિ શ્રી સહજાનંદ સ્વામીનું સ્મરણ કરવા લાગ્યો તેથી તેને થોડી શાંતિ થવા લાગી. ॥૫॥ તે શ્રી સહજાનંદ સ્વામીને તેજના સમૂહમાં અલૌકિક સ્વરૂપે જોતો હતો. તેમને સર્વકારણના કારણ માનવા લાગ્યો ત્યારે તેને શાંતી થવા લાગી એટલે એના મનમાંથી અભિમાનનો ભાર દૂર થયો ને શ્રીહરિનો અભાવ દૂર થયો. ॥૬॥ ત્યારે તેને દેહમાં પણ સ્મૃતિ આવી તેથી શ્રીહરિ મહાપ્રભુ, સર્વના સ્વામી ભગવાન નારાયણમુનિને ભક્તિપૂર્વક ગદ્‌ગદ્ વાણીથી પ્રાર્થના કરવા લાગ્યો. ॥૭॥ **મેઘજીત ભક્ત પ્રાર્થના કરે છે !** હે નારાયણ મહાપ્રભુ ! તમે જ સર્વે ભૂતતત્ત્વ માત્રના કારણ છો. સર્વના સ્વામી પુરુષોત્તમ આપ જ પ્રાણને પૂરનારા, સર્વના શક્તિરૂપ, પુરાણ પુરુષોત્તમ આપ છો. ॥૮॥ આ જગતના સર્જનહાર આપ જ છો, કાળના કાળ પણ આપ જ છો, હે ભક્ત પતિ મહાપ્રભુ ! હે નારાયણ ! આપ મારી રક્ષા કરો, રક્ષા કરો, આ ઘોર નર્કથી મુક્ત કરાવો. ॥૯॥ હે મહાપ્રભુ ! હું કાંઈ ભોગવિલાસને નથી માગતો, ચક્રવર્તી પદ પણ નથી માગતો, સ્વર્ગાદિલોકનાં સુખો પણ નથી ચાહતો પરંતુ આપના સ્વરૂપની ભક્તિના ફળરૂપે કેવળ સર્વ પ્રકારના અર્થની સિદ્ધિરૂપ આત્યાંતિક મોક્ષની જ આશા રાખું છું. ॥૧૦॥ હે પ્રભુ ! મનથી, શરીરથી, વાણીથી સર્વ પ્રકારે આપની ભક્તિ કરતે થકે, આપનાં ચરિત્રોનું શ્રવણ થાય અને આપ મારા અંતઃકરણમાં સ્થિર રહીને અખંડ મને દર્શન આપો એ જ માગું છું. ॥૧૧॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! આવી રીતે તે મેઘજીત ભક્ત શ્રી હરિના શરણમાં આવી ગયો અને શ્રી ઘનશ્યામ પ્રભુના ઐશ્વર્યતાથી



તે ભક્તિના ફળરૂપે તેને ભગવાને સુખસંપત્તિ આપીને સુખી કર્યો. ॥૧૨॥ ત્યાર પછી ત્યાં જ યોગીઓમાં શ્રેષ્ઠ એવા ધ્યાન ધરનારા વ્યાપકાનંદ સ્વામી પોતાના આત્મામાં તેજના સમૂહને જોતા થકા ફરતા હતા. ॥૧૩॥ તે યોગી જ્યાં જ્યાં જાય ત્યાં તેમના નેત્રમાં તેજના સમુહથી બીજું કાંઈ દેખાતું જ ન હતું તેથી તેઓ તેજની અદ્‌ભુતતાથી ષડૂર્મિ રહિત દેહવિસ્મૃતિરૂપ થઈ ગયા. ॥૧૪॥ એક વખત તે યોગીનો દૃષ્ટાજીવ શ્રીહરિના અત્યાનંદના યોગથી અડધી રાત્રિના સમયે ષડચક્રને ભેદીને બ્રહ્મરંધ્રમાં ગયો હતો ત્યારે. ॥૧૫॥ તે અષ્ટ આવરણને ભેદીને તમ (અંધકારથી) પર અનંત સૂર્ય-ચંદ્રના તેજથી પણ અધિક તેજના સમૂહને જોતા હતા. ॥૧૬॥ ત્યારે તે તેજના સમૂહમાં દિવ્ય સિંહાસનમાં વિરાજમાન પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જેમના નખમંડળમાંથી કરોડો સૂર્યના જેવો ઉજ્જવળ તેજનો સમુદ્ર ભાસમાન થાય છે એવા સહજાનંદ સ્વામીને જોતા હતા. ॥૧૭॥ તે સહજાનંદ સ્વામીની સેવામાં રામાનંદ સ્વામી તથા બીજા પણ અનંત મુક્તોને જોઈને અતિશય આનંદ, ભાવવિભોર થઈને પૃથ્વી ઉપર ચારેબાજુ વિચરતા હતા. ॥૧૮॥ તેઓ આવી રીતે વિચરતા હતા ત્યાં આવ્યા ને શ્રીહરિ ઘનશ્યામ પ્રભુને જોઈને આનંદમગ્ન મુનિ બોલવા લાગ્યા : સૂઈ રહેલા મારા અંદર આત્મામાં મેં કાંઈક અદ્‌ભુત જોયું, આવી રીતે બોલતા હતા. ॥૧૯॥ ત્યારે શ્રી સહજાનંદ સ્વામી શયન કરતા હતા, છતાં તેથી શબ્દ સાંભળીને જાગૃત થયા અને તે મુનિને પૂછવા લાગ્યા કે તમે કહો છો તે શું અદ્‌ભુત જોયું તે કહો. ॥૨૦॥ વ્યાપકાનંદ સ્વામીની સ્થિતિ જોઈને શ્રીહરિ કળી ગયા એટલે શ્રીહરિ કહેવા લાગ્યા કે વ્યાપકાનંદજી તમો મારી સામે બેસો. આ પ્રમાણે તેમને બેસાડ્યા. ॥૨૧॥ શ્રીહરિ બોલ્યા : હે મુનિ ! તમે કયુ કૌતુક જોયું તે મને કહો, મારે અત્યારે જ જાણવું છે. ત્યારે સર્વજ્ઞ શ્રીહરિને વ્યાપકાનંદજીએ જે જોયું હતું તે સર્વ કહેવા લાગ્યા. ॥૨૨॥ તમને જોઈને બધું જ જોવામાં આવ્યું, તે હું તમારી આજ્ઞાથી કહું છું. કમળાકાર ષડચક્રને ઊપર ચક્રની સાથે મહાતેજને જોયું. ॥૨૩॥ તથા

દેવતા વર્ણ સહિત પ્રણવનાદનું ઉત્પન્ન થવાનું સ્થાન તેનું કારણ જોયું ત્યારે તેનાથી આગળ ઉપર મહાઅંધકાર તેને જોયો. ॥૨૪॥ ત્યાર પછી અનંતસૂર્યના તેજથી અધિક તેજને જોયું. તે તેજના સમૂહમાં દિવ્ય સિંહાસનમાં વિરાજમાન આપના સ્વરૂપનાં દર્શન થયાં. ત્યાંથી અહીં આવ્યો છું એ પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુને કહીને વ્યાપકાનંદ સ્વામી મૌન રહ્યા. ॥૨૫॥ **શ્રીહરિ સહજાનંદ સ્વામીને કહે છે** : હે મુનિ ! આ આત્મામાં જે ષડચક્ર છે, તે તમ અર્થાત્ અંધકારમય જાણો. તેમાં પ્રથમ ધારા ગુદસ્થાનમાં ચાર પત્રવાળું ચક્ર છે. ॥૨૬॥ બાલાતપન જેવી આકૃતિવાળા ગણેશનું સ્થાન આવેલું છે, જ્યાંથી છસો પ્રણવનો નાદ અખંડ નીકળ્યા જ કરે છે. ॥૨૭॥ સ્વાધિષ્ઠાનને ઉલ્લંઘીને સોનાના વર્ણ જેવા છ પત્રનું કમળ છે, તે ચાર મુખવાળું દિવ્ય છે હજાર પ્રણવના નાદને ઉત્પન્ન કરનારું છે. ॥૨૮॥ ત્યાર પછી નાભિકમળમાં ચંદ્ર, નીલમણી વર્ણનું કમળ દિક્પત્ર આવેલું છે, ત્યાં વિષ્ણુદેવનું સ્થાન છે, ત્યાં તે તેટલો જ પ્રણવનાદ ઉત્પન્ન થાય છે. ॥૨૯॥ હૃદયપ્રદેશમાં સોનાનું હંસવર્ણનું બાર પત્રવાળું કમળ આવેલું છે, ત્યાં રુદ્રદેવ રહે છે. ત્યાં છ હજાર ગણો પ્રણવનાદ થાય છે. ॥૩૦॥ ત્યાર પછી કંઠસ્થાનમાં શુદ્ધ દીવા જેવા વર્ણવાળું સોળ પત્રનાં કમળમાં આત્મા સ્થિર રહે છે. ત્યાં બે હજાર ગણો પ્રણવનાદ થાય છે. ॥૩૧॥ ભ્રુકુટિ મધ્યમાં ચંદ્ર જેવા પ્રકાશવાળું આજ્ઞાચક્રમાં બે પાંદડાવાળું કમળ છે, તેમાં પરમાત્મા સ્થિર રહે છે. ત્યાં એક હજાર શ્વાસનાદ થાય છે. ॥૩૨॥ ત્યાર પછી સર્વોપરી બ્રહ્મરંધ્રમાં ત્યાં એક હજાર પત્રનું વીજળી જેવા પ્રકાશવાળું કમળ સ્થાન છે. ત્યાં પરબ્રહ્મ સ્વયં બિરાજમાન રહે છે. ત્યાં એક હજાર પ્રણવનાદ ઉત્પન્ન થાય છે. ॥૩૩॥ ત્યાંથી અડધી માત્રામાં તે અષ્ટઆવરણથી પર અવ્યય એવું અનંત સૂર્યના પ્રકાશવાળું સ્થાન પરમપદ અક્ષરનું સ્થાન આવેલું છે. ॥૩૪॥ હે યોગી ! તે અક્ષરબ્રહ્મધામમાં દિવ્ય સિંહાસનમાં અનંત પાર્ષદો સેવા કરે છે, તે પાર્ષદો મારા જેવા જ દિવ્ય દિવ્યદેહવાળા, સૌમ્યસ્થિતિવાળા જ રહે છે. મારાથી સ્વરૂપ સૌમ્ય છે, તેનાથી અધિક



નથી. ॥૩૫॥ મારા ધામને પમાડવા માટે મારે આ પૃથ્વી ઉપર ધર્મભક્તિના ઘેર અવતાર ધરીને એકાન્તિકી ભક્તિ કરાવીને મારા ધામને પ્રાપ્ત કર્યા પછી કોઈને ફરી જન્મ-મરણનું દુઃખ ભોગવવું નથી પડતું. ॥૩૬॥ હે યોગી ! મારા સિવાય બીજે ગમે ત્યાં ધારણા કરો તો તમને જન્મ-મરણની ઉપાધિ નહિ મટે. મારે વિશે ધારણા કરીને મારા સ્વરૂપને અંતઃકરણમાં ધારીને અંતદૃષ્ટિ કરશો એટલે આ સર્વે કૌતુક બંધ થઈ જશે. ॥૩૭॥ હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ વ્યાપકનંદ સ્વામીને આજ્ઞા કરી કે મારા સ્વરૂપને ધારશો તો તમને શાંતિ થશે. કોઈ જાતની ઉપાધિ નહિ થાય એમ કહીને શ્રીહરિ મહાપ્રભુ સર્વના સ્વામી મૌન રહ્યા. ॥૩૮॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિએ રચેલ ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં સમાધિ પ્રકરણનું જ્ઞાન આપ્યું એ નામે સત્યાવીસમો અધ્યાય. ॥૨૭॥**

## ॥ અધ્યાય - ૨૮ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! ત્યાર પછી ગોવર્ધન ભક્ત ષડ્ ઊર્મિને ભેદ્યા સિવાય શ્રીહરિના સ્વરૂપમાં અંતઃકરણની ધારણા કરીને સમાધિમાં ગયા. ॥૧॥ એક વખત તે ગોવર્ધન ભક્ત શ્રીહરિ પાસે બેઠા હતા તે સમયે શ્રીહરિની ઈચ્છાથી તેમના નાડીપ્રાણ સંકોચાઈને સમાધિમાં ગયા. ॥૨॥ તેમણે સમાધિમાં મહાભયંકર હજારો નરકો જોયાં. તે નરકો મહાદુઃખ પીડા આપનારાં છે. પાપી જીવોને ત્યાં પીડા અપાય છે. અસંખ્ય કીડાઓથી ભરેલાં તે નરકો જોયાં. ॥૩॥ ત્યારે તેમણે એક નરકના કુંડમાં તેમની ફઈને તથા બીજા સંબંધીને નરકમાં પીડાતાં જોયાં અને એમને દયા આવી ગઈ તેથી તરત જ શ્રીહરિ પાસે પાછા આવ્યા. ॥૪॥ આવ્યા

ત્યારે તેમને શરીરે પરસેવો આવી ગયો હતો અને શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા હે મહાપ્રભુ ! દયા કરીને નરકમાં પીડાતા જીવોને મુક્ત કરો. ।।૫।। નરકમાં પડેલાં મારાં પિતાની બહેનને, ફઈને મારી નજરોનજર જોયાં. તેનો ઉદ્ધાર કરવાની કૃપા કરો, કેમ કે આપ તો અધમઉદ્ધારણ છો. ।।૬।। આવી રીતના ગોવર્ધનના કહેલા શબ્દો સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ કરુણામય ભાવથી મંદમંદ હસતા થકા કહેવા લાગ્યા. ।।૭।। હે ગોવર્ધન ! તું યમપુરીમાં જા. સર્વ પાપોનો નાશ કરનાર અધમોદ્ધારક એવું મારું નામ લઈને ત્યાં જલ્દીથી જઈને યમોના પાશમાંથી છોડાવી લાવ. ।।૮।। ત્યારે તે ગોવર્ધન શ્રીહરિના કહેવા પ્રમાણે યમપુરીમાં ગયો. ત્યાં શ્રીહરિના નામનો જપ કરતાં થકાં તે કુંડોમાં પડેલા જીવોની નજીકમાં જઈને શ્રીહરિના માહાત્મ્યને વિસ્તારતો હતો. ।।૯।। શ્રીહરિના કહેવા પ્રમાણે તાળીઓ વગાડતો થકો શ્રી સ્વામિનારાયણ આ પ્રમાણેના છ અક્ષરવાળા નામનો ત્રણ વખત ઊંચા સ્વરે ઉચ્ચાર કર્યો ત્યાં તો. ।।૧૦।। શ્રી સ્વામિનારાયણ શબ્દનો ઉચ્ચાર માત્ર સાંભળીને લાંબા સમયથી નર્કના કુંડામાં પીડા પામતા જીવો કરોડોની સંખ્યામાં તેની ફઈની સાથે બહાર નીકળતા હતા. ।।૧૧।। સ્વામિનારાયણના નામ મંત્રના સાંભળવા માત્રથી સર્વે જીવો તથા હરિકીર્તનના શબ્દો સાંભળવાથી તત્કાળ પાપમુક્ત થઈને વૈકુંઠ ધામમાં ગયાં. ।।૧૨।। આવી રીતના અદ્‌ભુત આશ્ચર્ય ઉપજાવે એવાં ચરિત્રો જોઈને ગોવર્ધન ભક્ત યમપુરીમાંથી પૃથ્વી ઉપર આવીને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામીને પ્રેમપૂર્વક નમસ્કાર કરતો હતો. ।।૧૩।। હે રાજન્ ! ત્યાર પછી શ્રીહરિ સહજાનંદસ્વામી જ્યારે આ સ્થાનમાંથી નગરમાં જતા હતા ત્યારે રસ્તામાં ચાલતા એવા શ્રીહરિને જોઈને અદ્‌ભુત ચરિત્ર થતાં હતાં. ।।૧૪।। લોકો માર્ગમાં ચાલતા શ્રી ઘનશ્યામ મહાપ્રભુને જોતાં હતાં એટલામાં જ તેઓ દેહનું ભાન ભૂલી જતાં હતાં. ઝાડ જેમ જમીનમાંથી કાપી નાખવાથી પડી જાય તેમ મનુષ્યો મૂર્તિમાં આકર્ષાઈને શ્રીહરિને જોવા માત્રમાં સમાધિવાળા જઈ જતાં હતાં. ।।૧૫।। કેટલાક



મનુષ્યો પથ્થરમાં કોતરણી કરતાં હોય કોઈ શાક આદિ વસ્તુ વેચતાં હોય, તથા ચોરા ઉપર બેઠેલાં મનુષ્યો જ્યાં ભગવાન સામે જુવે એટલામાં વિસ્મૃત થઈને પડી જતાં. ।।૧૬।। ઘરમાં કામ કરતી સ્ત્રીઓ કરોડો કામદેવને મોહ પમાડે એવા મનોહર મૂર્તિ શ્રીહરિને જોઈને મંદહાસ્યયુક્ત મુખારવિંદ સામું જોઈને ભોજન તથા બીજાં કાર્યોને પડતાં મેલીને દર્શન કરવા જતી હતી. ।।૧૭।। શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુનાં અદ્‌ભુત ચરિત્રોને જોઈને ત્યાગી પુરુષો, સંતો તથા ગૃહસ્થો સર્વે પોતાના મનમાં ભરાયેલા સંશયનો ત્યાગ કરીને તેમના શરણમાં જઈને રહેતા હતા. ।।૧૮।। ત્યાર પછી સહજાનંદ સ્વામી બધાં અન્નક્ષેત્રો ઉપર સંતોને ધ્યાન રાખવા માટે ગોઠવણ કરીને પછી નગરના સર્વે ભક્તજનોએ પૂજન કરી લીધા ત્યાંથી બીજે જવા નીકળતા હતા. ।।૧૯।। ત્યારે તેમને વળાવવા માટે મેઘજીત ભક્ત તથા અણદાભાઈ, ગોવર્ધનભાઈ આદિ અનેક ભક્તો શ્રીહરિમાં મનોવૃત્તિ જોડીને શ્રીહરિની પાછળ પાછળ જતા હતા. ।।૨૦।। શ્રીહરિના દર્શનની ભૂખવાળા તેઓને દર્શન દઈને નેત્રમાં તૃપ્તિ આપીને તમો અહીં રોકાઓ. આગળ આવવાની જરૂર નથી. અમો હવે અહીંથી જઈશું. આવી રીતે તેઓને રોકીને શ્રીહરિ મેઘપુર પધાર્યા. ।।૨૧।। શ્રીહરિ મહાપ્રભુ પધાર્યા છે એવા સમાચાર સાંભળીને તે મેઘપુરનાં મનુષ્યો ભક્તો અતિશય આનંદ પામતા થકા તેમને તેડવા માટે સામા ગયા અને શ્રીહરિને પ્રણામ કરીને તેમનું સન્માન કરતા થકા નગરમાં લાવ્યા. ।।૨૨।। શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ પ્રથમ લાખાભાઈ ભક્તના ઘેર ઉતારો કરતા હતા તથા બીજા રામદાસભાઈ આદિ ભક્તોના ઘેર પણ ઉતારા કરતા હતા. ।।૨૩।। ચંદ્રમા ઉદય પામે ને ચકોર પક્ષી જેમ ઘેલું થાય તેમ તે નગરના મનુષ્યોના મન શ્રીહરિનાં દર્શન કરવાથી શ્રીહરિમાં ચોંટી ગયાં. ।।૨૪।। શ્રીહરિનું ઐશ્વર્ય જોઈને તેમને સમાધિ થઈ ગઈ અને તેઓનો સર્વે ગર્વ શાંત થઈ ગયો. તેઓ સર્વે શ્રીહરિના આશ્રિત થઈને તેમનું ભજન કરવા લાગ્યાં. ।।૨૫।। એવી રીતે શ્રીહરિ મહાપ્રભુ જીવોને સમાધિ કરાવીને ભક્તિમાર્ગમાં જીવોને

જોડતા હતા તથા શ્રીહરિ સહજાનંદ સ્વામી તેઓને ઉપદેશ આપીને ધર્મનું પોષણ કરતા હતા. ॥૨૬॥ ત્યારે કોઈ ભક્તજનો દ્વારા મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિ સમાધિ કરાવીને જીવોને ભગવદ્‌માર્ગે વાળે છે તથા પોતાના આશ્રિત બનાવે છે. આવી રીતના સમાચાર સાંભળીને ભુજમાં રહીને જીવોને ઉપદેશ ભક્તિ કરાવતા હતા તેને પડતું મૂકીને તત્કાળ ત્યાં આવ્યા. ॥૨૭॥ ત્યાં આવીને જોયું તો જેમ શરદ ઋતુમાં ચંદ્રમા નિર્મળ શાંત હોય તેમ શ્રીહરિ સહજાનંદ સ્વામીને નિર્મળ શાંત પ્રકૃતિયુક્ત જોયા. ॥૨૮॥ ત્યારે સહજાનંદ સ્વામી મહાપ્રભુને નમીને પ્રણામ કરી મળ્યા ત્યાર પછી એક ઘડી સુધી શાંત બેઠા પછી ત્યાંથી ઊભા થયા. ॥૨૯॥ ત્યાર પછી મુક્તાનંદ સ્વામી શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુનો હાથ પકડીને દૂર લઈ ગયા. મુક્તાનંદ સ્વામી વિવેકપૂર્વક શ્રી સહજાનંદસ્વામીને પૂછવા લાગ્યા. ॥૩૦॥ હે મહાપ્રભુ ! મેં સાંભળ્યું છે કે તમે અત્યારે લોકોને સમાધિ કરાવો છો તે શું તો સાચું છે ? ત્યારે શ્રી સહજાનંદ સ્વામી કહેવા લાગ્યા કે હા, અમો સમાધિ કરાવીએ છીએ તે સત્ય જ છે. તમારે જોવું હોય તો બતાવીએ. ॥૩૧॥ આવી રીતે શ્રીહરિએ કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીને તરત જ ધારણા થઈ ગઈ. ત્યાં તેમણે અનંત સૂર્યના પ્રકાશથી અધિક પ્રકાશ જોયો તે પ્રકાશના મધ્યમાં દિવ્ય અક્ષરધામ જોયું. ॥૩૨॥ તે પ્રકાશના મધ્યમાં અક્ષરધામમાં દિવ્ય સિંહાસનમાં વિરાજમાન પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ સર્વના પ્રાણ એવા અખંડ મૂર્તિ શ્રી સહજાનંદસ્વામીને જોતા હતા. ॥૩૩॥ વેદની મૂર્તિમાન શ્રુતિઓ પોતાની બધી જ શક્તિથી સ્તુતિ કરતી, સદ્‌ગુરુઓ તથા મુક્ત સમુદાયથી સેવા કરાતા તે શ્રી સહજાનંદસ્વામીને જોતા હતા. ॥૩૪॥ આવી રીતનાં દર્શન થવાથી તેમના મનમાં સનાતન ઈશ્વર એવા શ્રીહરિમાં અતિશય આશ્ચર્ય થવા લાગ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી સમાધિમાંથી પાછા આવીને વિચારવા લાગ્યા કે મેં જોયું તે સાચું છે કે ખોટું તે કાંઈ સમજાતું નથી. ॥૩૫॥ ત્યાર પછી તેમને રામાનંદ સ્વામીના કહેલા ઉપદેશનું સ્મરણ થયું ત્યારે તેમનો ભ્રમ ટળી ગયો અને શ્રી નીલકંઠ પ્રભુ સહજાનંદ



સ્વામીને જ સર્વજીવ પ્રાણીમાત્રના આધાર સર્વોપરી માનવા લાગ્યા. ॥૩૬॥ આવી રીતના આશ્ચર્યને જોઈને મુક્તાનંદ સ્વામીનો ભ્રમ સર્વે ટળી ગયો અને શ્રી સહજાનંદ સ્વામીનું ચંદન આદિથી પૂજન અર્ચન કરીને રાજી થયા. ॥૩૭॥ રાત્રે સૂતા પછી જાગ્યા અને મુક્તાનંદ સ્વામી ફરી સૂતા ત્યારે તેમને સ્વપ્નમાં સફેદ વસ્ત્રો ધારણ કરેલા ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન થયાં. ॥૩૮॥ હે રાજન્ ! શાંત નેત્રવાળા, હસતા શ્રી રામાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા : શું મુક્તાનંદ સ્વામી, તમે ભૂલી ગયા ? પહેલાં જ્યારે મારે મારો દેહ છોડવાનો હતો ત્યારે મેં કહેલું તે તમને ખ્યાલ નથી ? ॥૩૯॥ આ જ શ્રી સહજાનંદ સ્વામી સર્વાત્મા સર્વના સ્વામી સર્વ ઈશ્વરોના ઈશ્વર પોતે જ છે. એમના કાર્યોમાં તું કાંઈ સંશય કરીશ નહિ અને તેમનું ભજન કરો. ॥૪૦॥ આવી રીતે અંતર્ધ્યાન થયેલા ગુરુ રામાનંદ સ્વામી સ્વપ્નમાં આવીને પોતાને ઉપદેશાત્મક ઠપકાથી સર્વ સંશય ટળી ગયો અને તે દિવસથી પોતે નિઃસંશય થવાથી કૃતાર્થ થઈ ગયા. ॥૪૧॥ એવી રીતે તે દિવસથી સર્વના ઈશ્વર એવા પૂર્ણ પુરુષોત્તમ ભક્તિ ધર્માત્મજ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ આ સર્વ ચરિત્રો કરે છે, તે જગતના જીવોના કલ્યાણ કરવા માટે જ કરે છે. એ પ્રમાણે નિર્ણય કરીને નિષ્કપટ ભાવથી શ્રીહરિનું શરણું સ્વીકારી લેતા હતા, અનન્ય ભાવથી ભક્તિ કરતા હતા. ॥૪૨॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં મુક્તાનંદ સ્વામીને શ્રીહરિનો પૂર્ણ નિશ્ચય થયો એ નામે અઠ્યાવીસમો અધ્યાય થયો. ॥૨૮॥**

## ॥ અધ્યાય - ૨૯ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! એક વખત મેઘપુરમાં ફરી મુક્તાનંદ સ્વામી અને સ્વામિનારાયણ ભગવાન સવારના પહોરમાં પ્રાતઃકાલીન સ્નાન કરવા માટે નદીએ ગયા હતા. ॥૧॥ શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામી નહાવા પધાર્યા ત્યારે તેમના દર્શન કરવા તથા સ્નાન કરવા દસેક વર્ષની ઉંમરનો કોઈ વૈશ્ય ભક્તનો બાળક નદીએ આવેલો. ॥૨॥ ત્યાં ઘનશ્યામ પ્રભુ શૌચાદિ ક્રિયાઓ પૂર્ણ કરી નદીમાં સ્નાન કરીને બહાર નીકળી પવિત્ર વસ્ત્રને ધારણ કરીને તે નદીના કાંઠા ઉપર ચંદ્રમાના જેવા શ્વેત મુખકમળવાળા શ્રીહરિ ખૂબ જ શોભતા હતા. ॥૩॥ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પણ નદીમાં સ્નાન કરી લીધું, પણ તે બાળક નદીમાં નહાવા પડેલ પણ ધરામાં ગરકાવ થઈ જવાથી ક્યાંય જણાયો નહિ. ॥૪॥ ત્યારે મુક્તાનંદ સ્વામીએ નદીના અગાધ પાણીમા ધરામાં બધે તપાસ કરી પણ ક્યાંય બાળકનો પત્તો લાગ્યો નહિ. ॥૫॥ ત્યાર પછી બાળક ન મળવાથી ઉદાસ મુખવાળા શ્રી મુક્તાનંદ સ્વામી જળમાંથી બહાર નીકળીને સર્વના સ્વામી શ્રી સહજાનંદ સ્વામીને વંદન કરીને કહેવા લાગ્યા. ॥૬॥ હે ઘનશ્યામ મહાપ્રભુ ! હું શું કહું, મને ખૂબ જ ચિંતા થાય છે. મહાપ્રભુ, આ નદીના મોટા ધરામાં વૈશ્યનો બાળક નહાવા પડ્યો ત્યારથી બહાર નીકળ્યો નથી. શોધ્યો તોય ક્યાંય મળ્યો નથી, તેથી તેના પિતાને આનો શો જવાબ આપવો, હે પ્રભુ ! મને કાંઈ સમજાતું નથી. ॥૭॥ ત્યારે તે ઉદાસ મનવાળા મુક્તાનંદ સ્વામીને શ્રીહરિ સહજાનંદ સ્વામી મંદ હાસ્ય કરતા થકા તેમને કહેવા લાગ્યા. ॥૮॥ હે મુનિ ! તમે કોઈ જાતની ચિંતા ન કરશો, તમે સુખેથી અહીં બેસો. હમણાં બન્ને બાળકો જરૂર પાછા આવશે તેની ઉપાધિ શી કરવી ? ॥૯॥ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ એવી રીતે કહી રહ્યા એટલામાં તે નદીના ધરામાંથી બહાર નીકળ્યા ને બન્ને બાળકો તત્કાળ ત્યાં આવીને શ્રીહરિ મહાપ્રભુને તેમના ચરણકમળમાં પ્રણામ કરતા હતા ॥૧૦॥ ત્યાર



પછી તે બાળકો મહાજ્ઞાનીની માફક મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા અને મુક્તાનંદ સ્વામી આશ્ચર્યચકિત થઈને એકાગ્ર ચિત્તથી તે બાળકની વાત સાંભળવા લાગ્યા. ॥૧૧॥ હે સ્વામી ! હું અત્યારે ક્ષીરસાગરમાં શેષશય્યામાં વિરાજમાન શેષશાયી નારાયણનાં દર્શન કરવા ગયો હતો. ત્યાં હજાર ફેણવાળા શેષ નારાયણનાં મસ્તકો ઉપરથી સ્ફટિકમણિ જેવાં લાગતાં હતાં. ॥૧૨॥ તે શેષશય્યામાં આ શ્રી સહજાનંદસ્વામી પોતાના પ્રિયજનો માટે લાલનખ મંડળવાળા ચરણકમળને ઊંચા રાખેલાં છે એવા શોભાયમાન. ॥૧૩॥ લક્ષ્મીજી તેમના ચરણકમળની સેવા કરતાં હતાં તથા તેમના કટિપ્રદેશમાં રત્નમણિની કટિમેખલાને ધારણ કરેલા, ઊંડી ગોળાકારવાળી નાભિકમળવાળા, વિશાળ વક્ષસ્થળવાળા ॥૧૪॥ રત્નો જડેલાં આભૂષણ બાહુઓ ઉપર ધારેલાં, કંઠમાં કૌસ્તૂભમણિની માળાને ધારી રહેલા, લાલ વર્ણના અધરોષ્ઠવાળા, દીપશીખા જેવા અણિયાળા નેત્રકમળવાળા સુલોચન, ॥૧૫॥ પૂર્ણિમાના ચંદ્ર સમાન મુખપંક્તિ ઉપર મણીમૌક્તિકના હારોથી શોભાયમાન, કાનોમાં કુંડળને ધારેલાં મંદહાસ્યયુક્ત મુખકમળવાળા, મનોહરમૂર્તિ એવા. ॥૧૬॥ શ્વેત વસ્ત્રને ધારણ કરેલા, રામાનંદ સ્વામી આદિ અનેક યોગીઓથી સેવા કરાતા, સર્વ પ્રકારે ઉપાસના ભક્તિને કરાતા એવા શ્રીહરિને અમે જોયા. ॥૧૭॥ હે રાજન્ ! આ પ્રમાણેના તે બાળકોના શબ્દો સાંભળીને મુક્તાનંદ સ્વામીને ખૂબ જ આનંદ થયો અને શ્રી સહજાનંદ સ્વામીને સર્વોપરી સર્વાધાર સર્વનિયંતા માનવા લાગ્યા. ત્યાર પછી તેમને અતિશય શાંતિ થઈ ગઈ. ॥૧૮॥ આ રીતની વાત સાંભળીને તે નગરનાં મનુષ્યો શ્રીહરિ સહજાનંદ સ્વામીનો મહાઅલૌકિક પ્રતાપ છે એ પ્રમાણે માનીને તેમના ચરણકમળનું પૂજનઅર્ચન કરીને તેમનાં દર્શન કરીને અતિશય આનંદને પ્રાપ્ત કરીને અતિશય સુખવાળાં થતાં હતાં. ॥૧૯॥ હે રાજન્ ! ત્યાર પછી તે સર્વેએ શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન તથા સર્વે સંતોને રહેવા માટેના ઉતારાની સગવડ નંદુભાઈ વિપ્રના ઘેર કરી હતી. ॥૨૦॥ ત્યાં તે નંદુભાઈના ઘેર શ્રીહરિની સન્મુખ સર્વે સંતો

બેઠા ત્યારે તે સ્ત્રીઓએ શ્રીહરિ ભગવાનનાં દર્શન કરી સામી દૃષ્ટિ સાંધી એટલામાં તેમને સમાધિ થઈ ગઈ. ॥૨૧॥ તત્કાળ ષડચક્રના માર્ગને ભેદીને આગળ નીકળી ગયાં. મહાતેજના સમૂહને જોઈને ખૂબ જ ભય પામવા લાગ્યાં અને ચીસો પાડવા લાગ્યાં. ॥૨૨॥ ત્યારે તેમને શ્રીહરિ મહાપ્રભુ સમજાવતા કહેવા લાગ્યા : તારી દૃષ્ટિને પાછી વાળીને ગણેશના સ્થાનકની સામે જો, તારો આત્મા ત્યાં દેખાશે. ॥૨૩॥ એ પ્રમાણે શ્રીહરિના વચનને સાંભળીને તેણે પોતાના આત્મા સામું જોયું. ત્યાર પછી તે આ લોકમાં પાછા આવીને શ્રીહરિ પ્રભુને પ્રણામ કરીને અતિશય શાંતિ થઈ ગઈ. ॥૨૪॥ એવી રીતે શ્રીહરિ મહાપ્રભુ મેઘપુરમાં રહીને અદ્‌ભુત તેમજ મનોમંથન કરનારને કળ્યામાં ન આવે એવી લીલાને કરતા થકા પોતાના આશ્રિતોને ષડઉર્મિનો માર્ગ ભેદયા સિવાય દેહથી જીવને અલૌકિક ધામમાં મોકલીને મહાન લીલા કરતા હતા. ॥૨૫॥ હે રાજન્ ! તે સમયમાં અનેક દેશોમાં રાજાઓને પોતાની આસુરી સાધનાને લીધે મારણ-ચાટણ આદિ અભિચારથી પોતાના વશ કરતો થકો મગ્નિરામ નામનો ઘમંડી સિદ્ધ પોતાની વિદ્યાના બળથી શ્રીહરિને વશ કરવા આવ્યો પણ પોતે જ શ્રીહરિનો આશ્રિત થઈ ગયો. ॥૨૬॥ તે મગ્નિરામ પોતાની સાથે આવેલા અસુરોની સાથે ચર્ચા કરીને શ્રીહરિને પરાસ્ત કરવાની આશાવાળો તે પોતાના બળને બતાવવા માટે પોતાના હાથોને આમતેમ આમળતા થકા જીતવાના અભિમાન કરતો થકો શ્રીહરિ નારાયણ પ્રભુની પાસે આવ્યો. ॥૨૭॥ અસુર જનો વડે પ્રેરણા કરાયેલો તે મગ્નિરામ વિકૃત આંખોવાળો, પીળા કેશવાળી મોટી જટાવાળો ત્યાં આવ્યો. ॥૨૮॥ ત્રિશૂળ શસ્ત્રને ધારણ કરેલો, લુચ્ચો, છેતરપિંડી કરનારો, પોતાના અંગો ઉપર સિંદૂરનો લેપ કરેલો, મહાશક્તિ એવી ચંડિકા દેવીનો મહાન ઉપાસના કરનારો, મહાઘમંડી ॥૨૯॥ એવો તે મગ્નિરામ શ્રીહરિ પાસે આવ્યો ત્યારે તેની પ્રકૃતિ અતિશય વિકરાળ, ક્રોધાયમાન હતી. કહેવા લાગ્યો : હે સ્વામિનારાયણ ! તમારી પાસે કાંઈ ઐશ્વર્ય હોય તો મને અત્યારે જ બતાવો. ॥૩૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી**



**કહે છે :** હે રાજન્ ! ત્યારે શ્રી સહજાનંદ સ્વામી તેના આવાં વચન સાંભળીને સર્વ ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ તે મગ્નિરામને કહેવા લાગ્યા, તમારે જો સાંભળવું હોય તો સાંભળો. ॥૩૧॥ શ્રીહરિ કહેવા લાગ્યા : તમે બોલો છો તે શાસ્ત્ર સમ્મત વાત નથી. તે સત્પુરુષોને યોગ્ય નથી. જે મનુષ્ય શાસ્ત્રની રીતિને છોડીને કેવળ બકવાસ કરતો હોય તેને તો ગધેડો જ જાણવો જોઈએ. ॥૩૨॥ ભગવાનને પ્રિય એવા શુકદેવજીના માર્ગને છોડીને શ્રીહરિના એકાન્તિક ભક્તો ભગવાનની પાસે કોઈ પ્રકારનાં ઐશ્વર્ય જોવાની ઈચ્છા રાખતા જ નથી, ત્યારે જ ભગવાનને પ્રિય થાય છે. ॥૩૩॥ આવી રીતે શ્રીહરિનાં વાક્યો સાંભળીને તે મગ્નિરામ ક્રોધથી લાલ નેત્રોવાળો કહેવા લાગ્યો કે તમો ખોટા આક્ષેપોની સાથે બોલો છો, તે તમારા મદઅભિમાનને હું હમણાં દૂર કરી નાખીશ. ॥૩૪॥ આ પ્રમાણે કહીને ચંડીકા દેવીની આરાધના કરીને નારાયણ મુનિની ઉપર ક્રોધપૂર્વક ચક્રમાં અભિચાર મંત્ર કરીને વારંવાર મંત્રનો પ્રયોગ કરતો હતો. ॥૩૫॥ તો પણ દેવી તેના મંત્રથી કાંઈ કરતી ન હતી. તેના બધા પ્રયોગો નિષ્ફળ ગયા તેથી તે ગામની બહાર જઈને ફરીથી માતાનું પૂજન કરતો હતો. ॥૩૬॥ તેણે દેવીને ધૂપદીપ, નૈવેદ્ય કરીને પૂજન કરવા છતાં તે ન ગઈ, કેમ કે તે દેવી શ્રીહરિ સહજાનંદ સ્વામીને પરાત્પર પુરુષોત્તમ નારાયણ જાણતી હતી. તેથી તેણે અભિચાર મંત્રના પ્રયોગોને ન માન્યા. ॥૩૭॥ ત્યારે તે મગ્નિરામના અતિશય ઉગ્ર ક્રોધાગ્નિથી સર્વ અંગો કાંપી રહ્યા હતા અને અડધા કોષ અર્થાત્ એક ગાઉ સુધી દોડીને પછી ફરીથી માતાની આરાધના કરવા લાગ્યો. ॥૩૮॥ ત્યારે દેવી તેની ઉપર આકરી થઈને કહેવા લાગી કે અલ્યા મૂર્ખ, ખોટી ખોટી મહેનત શા માટે કરે છે. તું જેને વશ કરવા માગે છે તે તો સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. સાક્ષાત્ સર્વના નિયંતા છે. ॥૩૯॥ તે તો સર્વકારણના કારણ છે. અક્ષરબ્રહ્મધામના તેઓ સ્વામી છે. સાક્ષાત્ પોતે ભગવાન છે, જો તારે તારું કલ્યાણ કરવું હોય તો એમનો આશ્રય કરીને તેમની ભક્તિ કરવા મંડી જા, તો તારું સારું

થશે. ॥૪૦॥ તે ભવાનીદેવીએ અકળાઈને તેને સમજણ આપી. તેને આદેશ આપ્યો. તેમને શરણાગત થઈ જા એટલે તે મગ્નિરામ સર્વે અભિચાર કાર્યનો ત્યાગ કરીને (ત્યાં જ છોડીને) શ્રીહરિ પાસે જઈને કહેવા લાગ્યો. ॥૪૧॥ હે નારાયણ પ્રભુ, હું અજ્ઞાનથી આપનો અપરાધ કરી બેઠો પણ દેવીના ઉપદેશ વચનથી મને મારી ભૂલ સમજાઈ અને આપના પરબ્રહ્મપણાનું મને જ્ઞાન થયું, તેથી મારાથી થયેલ દુષ્ટપણાના અપરાધની ક્ષમા માગું છું, તેથી હે પ્રભુ ! મારી ઉપર કૃપા કરો. આપ તો આપની માયાથી જગતનું સર્જન કરો છો અને તેને વિશે અન્વય રૂપે નિવાસ કરો છો તે છતાં આપ સ્વતંત્ર છો. ॥૪૨॥ હે રાજન્ ! તે મગ્નિરામ એવી રીતે કહીને શ્રીહરિકૃષ્ણ પ્રભુના ચરણકમળમાં મસ્તક મૂકીને રોવા લાગ્યો અને શ્રીહરિને પ્રીતિથી નમન કરવા લાગ્યો અને પોતે જે ક્રોધ કરીને અપરાધ કરેલો તેનો ત્યાગ કરીને હાથ જોડીને તે શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરણમાં જઈને તેમનો સેવક બની ગયો. ॥૪૩॥ હે રાજન્ ! ત્યાર પછી શ્રીહરિનારાયણ મહાપ્રભુ મુક્તાનંદ સ્વામી આદિ સંતોની સાથે આનંદ કરતા થકા તથા સર્વસંત સમુદાયથી વીંટાયા થકા શ્રી સહજાનંદ સ્વામી અગત્રાઈ નામના નગર પ્રત્યે પધાર્યા. ॥૪૪॥ ત્યાર પછી ત્યાં અગત્રાઈમાં પર્વતભાઈ આદિ વૈશ્યભક્તો તથા ગોવિંદભાઈ આદિ વિપ્રભક્તો શ્રીહરિનું પૂજન અર્ચન કરતા હતા અને શ્રીહરિ સંત સમુદાયની સાથે ત્યાં નિવાસ કરીને રહેતા હતા. ત્યાં રહીને ગોવિંદરામ વિપ્રના પુત્રને ॥૪૫॥ ઉપવીત સંસ્કાર શ્રીહરિ કરાવતા હતા તે વિધિ પૂર્ણ કરી ભોજનવિધિ પતાવીને મહાપ્રભુ સંતોની સાથે ત્યાંથી માણાવદર પધારતા હતા. ॥૪૬॥ ત્યાં માણાવદરમાં મયારામ ભટ્ટ તથા તેમના ભાઈ ગોવિંદરામભાઈ આદિ ભક્તજનોની સેવા પૂજાને અંગિકાર કરીને ત્યાંથી સંત સમુદાયથી ઘેરાયા થકા શ્રીહરિ વીદકીયા (વૃશ્ચિકપુર) નામના ગામમાં પધાર્યા. ॥૪૭॥ ત્યાં ગામના અતીત જીવગીરી બાવાજીના નિવાસસ્થાનમાં શ્રીહરિ મહાપ્રભુ નિવાસ કરીને ત્યાગીઓ તથા ગૃહસ્થ હરિભક્તોની સાથે શ્રીનારાયણમુનિ



ભગવાન ખૂબ લીલા કરતા હતા અને તેમને અલૌકિક સુખ આપ્યું. ॥૪૮॥ ત્યાં શ્રીહરિએ સર્વજનોને સત્સંગમાં વર્તવાના નિયમોનો ઉપદેશ કર્યો અને પુરુષોએ સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા પુરુષોએ ત્યાગીઓનો સ્પર્શ ન કરવો એવી રીતે મર્યાદાનો ઉપદેશ આપી સર્વને ધર્મમાં રહેવાની આજ્ઞા કરીને શ્રીહરિ મહાપ્રભુ સંતજનોની સાથે શ્રીનગર અમદાવાદ પુર પ્રત્યે પધાર્યા. ॥૪૯॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ વિચરણ કરીને અમદાવાદ પધાર્યા એ નામે ઓગણત્રીસમો અધ્યાય પુરો થયો. ॥૨૯॥**

## ॥ અધ્યાય - ૩૦ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ માર્ગમાં સંતોની સાથે તેમનાથી વીંટાયા થકા આકાશમાં નક્ષત્ર મંડળમાં જેમ ચંદ્રમા શોભે તેમ શ્રીહરિ મહાપ્રભુ પોતાના પ્રતાપથી ઐશ્વર્યથી સંત સમુદાયની સાથે ખૂબ જ શોભતા હતા. ॥૧॥ શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી ચાલતા ચાલતા અમદાવાદ નગરની સમીપે આવીને શહેરની પાસે આંબલીઓનું મોટું વન હતું ત્યાં આવીને રોકાણ કરતા હતા. ॥૨॥ હે રાજન્ ! શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન અમદાવાદ પધાર્યા છે એવા સમાચાર જાણીને નગરના ભક્તો શ્રીહરિની સામા ગયા. મુક્તાનંદ આદિ સંતોથી ઘેરાયેલા શ્રીહરિ મહાપ્રભુને જોઈને તે ભક્તજનોના મનમાં મહાઆનંદ થવા લાગ્યો. ॥૩॥ આવેલ ભક્તોમાં જીવાભાઈ, નથ્થુભાઈ, મલજીભાઈ, મંગળભાઈ, બેચરભાઈ, ગણપતભાઈ, દુર્લભભાઈ, રામાભાઈ, લાલદાસભાઈ ગુપ્તા આદિ ભક્તો આવ્યા હતા. ॥૪॥ તથા દામોદર, હીરાચંદ, રણછોડ, રત્નજી, ગોવિંદ, ત્રિકમ, કાશીરામ,

ઈછારામ, હરેશ્વર આદિ અનેક બ્રાહ્મણભક્તો ભક્તો શ્રી હરિને સામે તેડવા માટે આવ્યા હતા. ||૫|| ગંગાબાઈ, વક્તાબાઈ, શિવા, શ્યામા, પ્રસન્ન, વ્રજ, કુમુલા આદિ સ્ત્રી ભક્ત સાથે મળીને શ્રીહરિ મહાપ્રભુને સન્માનવા માટે સામી આવી હતી. ||૬|| તેઓ સર્વે ભક્તો શ્રીફળ, ચોખા, ફૂલહાર, તોરા આદિ પૂજાસામગ્રી હાથમાં લઈને જાતજાતના અનેક વાજિંત્રોના નાદઘોષને કરતા થકા મહાઉત્સવ કરતા થકા ત્યાં આવ્યા. ||૭|| તે સર્વે સ્ત્રીઓ ભગવાનનાં કીર્તનોને ગાતી થકી નગરના દરવાજાની બહાર જઈને ઊભી રહી ત્યારે આંબલીની છાંયામાં બેઠેલા શ્રીહરિને જોઈને અતિ સુખ પામી. ||૮|| નવીન મેઘ સમાન શોભાવાળા પૂર્ણકળાએ ખીલેલા ચંદ્રમા સમાન મનોહરમુખ કમળવાળા શ્રીહરિ કૃષ્ણ મહાપ્રભુના મનોહર નેત્રકમળની શોભા જોઈને તથા મંદ હાસ્ય કરતા એવા સર્વને સુખ આપનારા સર્વમુનિઓના સ્વામી યુવાન અવસ્થાવાળા શ્રીહરિ મહાપ્રભુને સર્વે હરિભક્તો વંદન કરી નમસ્કાર કરવા લાગ્યા. ||૯|| ભક્તજનોની સાથે શ્રીહરિને તે ભક્તજનો ફુલહાર, કુમકુમ ચંદન, ચોખા આદિ વડે આનંદ પામતા થકા ખૂબ ભાવપૂર્વક ભગવાનનું પૂજન કરતા હતા. ||૧૦|| એ પ્રમાણે શ્રીહરિનું પૂજન કરીને બંને હાથ જોડીને સાથે મળીને સન્મુખ ઊભા રહીને આનંદિત મનવાળા થઈને સ્તુતિ કરવા લાગ્યા. ||૧૧|| હરિભક્તો સ્તુતિ કરે છે. હે નારાયણ ! આપના સ્વરૂપના પ્રકાશયુક્ત મુખકમળનાં જે દર્શન કરે છે તેના સર્વે જન્મના મનોરથો પૂર્ણ થાય છે કેમ કે આપને બ્રહ્મસ્વરૂપ એવા મુનિઓ હંમેશા આપના સ્વરૂપને અર્ચન કરીને આપના ચરણકમળનો સ્પર્શ કરે છે તે મહાન ધન્ય ભાગ્ય છે. ||૧૨|| હે હરિ ! તમે જ અક્ષરબ્રહ્મ ધામના અધિપતિ છો. હે મહાપ્રભુ ! સર્વના સ્વામી, અખિલ બ્રહ્માંડના આપ સાક્ષી છો, હે હરિ ! હે નારાયણ ! હે વાસુદેવ ! તમે જ ધર્મભક્તિના પુત્ર અમારા ઈષ્ટ દેવ છો. ||૧૩|| અનંત કામદેવના અભિમાનને હરનારા, સર્વત્ર જય જયકાર પ્રવર્તાવનારા



ભક્તિધર્મના પુત્ર, સાધુ, ગાયો, બ્રાહ્મણોની રક્ષા કરવા આપ મનુષ્ય સ્વરૂપ ધરીને આ પૃથ્વી ઉપર વિહાર કરો છો. એવા શ્રીહરિ આપને અમો પ્રેમભાવપૂર્વક દેહથી અને મનથી વંદન કરીએ છીએ અને નમન કરીએ છીએ. ||૧૪|| હે પ્રભુ ! આપના દર્શન તો યોગીપુરુષો જે હંમેશાં આપના સ્વરૂપનું ધ્યાન ધરે છે તેમને દુર્લભ છે તે છતાં અમને જે આપના દર્શન થયા તે અમારા મહાભાગ્ય છે, એમ માનીએ છીએ. ||૧૫|| હે મહાપ્રભુ ! સંત પુરુષોથી વિંટાયા થકા અહીંયાં પધાર્યા અને અમને જે દર્શનનો લાભ તથા પૂજન, નમન કરવાનો લાભ મળ્યો એ અમારી ઉપર મહાન કૃપા કરી છે. અમને દેહધારીઓને મોટો લાભ આપ્યો છે. ||૧૬|| સર્વના સ્વામી શ્રીહરિ નગરની અંદર પ્રવેશ કરવા માટે સુંદર સોનાના શિખરોવાળા કળશોથી શોભાયમાન રથ ઉપર વિરાજમાન થયા. ||૧૭||

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! એવી રીતે તે ભક્તજનોનાં વચનો સાભંળી પ્રેમભાવયુક્ત મનવાળા શ્રીહરિ મહાપ્રભુએ તે મનોહરનગર (શ્રીનગર), અમદાવાદનગરમાં પ્રવેશ કરવાની ઈચ્છા કરી. ||૧૮|| સોનાના રથમાં શ્રીહરિ વિરાજમાન થયા એટલે ઉદયાંચલમાં ઉદય પામતા સૂર્યનારાયણ શોભે તેમ શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની સાથે રથમાં બેઠા એટલે શોભવા લાગ્યા. ||૧૯|| ત્યારે આકાશમાં દેવોનાં દુંદુભીના નાદ થવા લાગ્યા તથા શ્રીહરિ ઉપર પુષ્પવૃષ્ટિ થવા લાગી. શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યાં, તથા પૃથ્વી ઉપર મંગળ વાંજિત્રોના તાલ સાથે સ્ત્રીઓ ગીતો ગાવા લાગી તથા ભક્તજનો શ્રીહરિનો જયનાદ કરવા લાગ્યા. ||૨૦|| છત્ર જેમની ઉપર ધારેલ છે તથા ચામર ઢોળાય છે. રાજસન્માનથી ભક્તજનો માર્ગમાં ભક્તિપૂર્વક શ્રીહરિને રોકીને કસુંબલ વસ્ત્રો તથા ફૂલના હારો ધારણ કરાવીને શ્રીહરિને રથમાં ખૂબ જ શોભા પમાડતા હતા. ||૨૧|| ઝાંઝ, મૃદંગ, પણવાનક, ગૌમુખ આદિ સર્વેનો મહાનાદ થતો હતો. એવા શ્રી હરિના યશને ગાતા ગાતા ભક્તજનો શ્રી હરિને

અમદાવાદ નગરમાં ભાવપૂર્વક પ્રવેશ કરાવતા હતા. ॥૨૨॥ બધા જ મુનિજનો શ્રી હરિ મહાપ્રભુની આગળ અને પાછળ ચાલતા હતા. તેમાં સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ, રામદાસ આદિ મુખ્ય સંતો ॥૨૩॥ તેમજ શતાનંદ, સુખાનંદ, દેવાનંદ, યતીશ્વરઆનંદાનંદ નામના તથા વ્રજાનંદ આદિ સંતો ॥૨૪॥ તથા મુળજી બ્રહ્મચારી હંમેશાં શ્રી હરિના સ્વરૂપમાં પોતાની મનોવૃત્તિને જોડીને સમાધિમાં રહે છે એવા ત્યાગીઓ સર્વે શ્રી હરિની સાથે આવેલા હતા. ॥૨૫॥ શ્રી હરિ ધર્મનંદન મહાપ્રભુ, સંતો તથા ગૃહસ્થ હરિભક્તોની વચ્ચે આનંદપ્રમોદ કરાવતા થકા અમદાવાદ નગરની ધનધાન્યથી શોભાયમાન જાહોજલાલીને જોતા થકા પ્રવેશ કર્યો. ॥૨૬॥ ત્યારે સારી રીતે શોભાવાળા અમદાવાદનગરની રમણીયતાને નિહાળતા ચાલ્યા ત્યારે પ્રથમ રાજમહેલના જેવો મહાદરવાજો જોવામાં આવ્યો તે દરવાજામાં પ્રવેશ કર્યો. ॥૨૭॥ તે દરવાજો સ્ફટિક મણીથી બનાવેલો હોય તેવો લાગતો હતો તથા તેના દરવાજાનાં મોટાં મોટાં બારણાં સોનાથી મઢેલાં હતાં. તેની અંદર તોરણોથી ખૂબ જ શોભતો હતો તથા તે નગરમાં ખીલેલા ફૂલોવાળાં વૃક્ષો શોભતાં હતાં અને નગરના સાંકડા માર્ગો ઉપર સુગંધવાળા પદાર્થો નાખેલ જળનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ॥૨૮॥ સોનાનાં મોટામોટા તે દરવાજાના શિખરો ઉપર મોટી ધજાઓ તથા પતાકાઓના ફરકવાથી તાપ રોકાતો હતો તથા પૂજાપદાર્થો પાથરેલાં તથા ચોખા અને ફૂલોથી શોભાયમાન સારા ધૂપો દીવાઓના પ્રગટાવવાથી મકાનો સુંદર લાગતાં હતાં. ॥૨૯॥ રસ્તા ઉપર તથા ચોતરાવાળી મોટીમોટી દુકાનો શોભતી હતી. પ્રત્યેક ઘરોમાં મંગળ ગીતોનાં વાજિંત્રો વાગતાં હતાં. મોટાં મકાનો ઉપર તથા નાનાં મકાનો ઉપર અનેક મનુષ્યો ઊંચે સ્વરે ભગવાન પધારવાના માનમાં ગીતો ગાતાં હતાં. ॥૩૦॥ એવા મનોહર નગરમાં શ્રી ધર્મનંદન મહાપ્રભુએ પ્રવેશ કર્યો એ પ્રમાણેના શબ્દો સાંભળીને નગરનાં મનુષ્યો તથા આગેવાનો આનંદ પામતાં હતાં અને શ્રી



હરિને જોવા માટે અતિ ઉત્સાહવાળા થઈને મકાનોની ઉપર ચડીને માર્ગમાં જતા શ્રી હરિને પોતાના નેત્રો ખોલીખોલીને લાંબે સુધી જોતાં હતાં. ॥૩૧॥ શ્રી હરિ આવવાના સમાચાર જ્યારે સ્ત્રીઓના કાને પહોંચ્યા ત્યારે શ્રી ધર્મનંદન મહાપ્રભુનાં દર્શન કરવા માટે ભ્રમિત ચિત્તવાળી થઈને વિસ્મૃતિથી વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરવાનું ભૂલી જતી હતી. કેટલીક પોતાનાં બાળકોને તથા સ્વજનને પડ્યા મેલીને જતી હતી, તો કેટલીક ભોજન કરી રહી હતી તે પડ્યું મેલીને જતી હતી. ॥૩૨॥ કેટલીક સ્ત્રીઓ બાળકને ખોળામાં સુવડાવીને સ્તનપાન કરાવતી હતી તે મૂકીને ગઈ ત્યારે કેટલીક પોતાના વાળને ઓળવાના પડતા મેલીને ગઈ, કેમ કે તે સર્વેની દર્શન માટે પોતાની ચિત્તવૃત્તિ શ્રીહરિ નારાયણ ભગવાનના દર્શનમાં ચોંટી ગઈ હતી. તેથી તે સર્વે સમાધિ થઈ હોય તેમ તથા ચિત્ર બનાવેલું હોય તેવી સ્થિતિવાળી હતી. ॥૩૩॥ બીજી સ્ત્રીઓ આનંદ પ્રાપ્ત કરતી થકી સોનામહોરોથી તથા રૂપિયાઓથી શ્રીહરિને પ્રેમપૂર્વક વધાવતી થકી આનંદ પામતી હતી તથા કેટલીક સ્ત્રીઓ ચોખા-ફૂલના હારો કુમકુમ આદિથી પૂજન કરતી હતી. અને બન્ને હાથ જોડીને શ્રી ધર્મનંદન પ્રભુને પ્રણામ કરતી હતી. ॥૩૪॥ હે રાજન્ ! શ્રીહરિ ધર્મનંદન પ્રભુ પોતાની કરુણામય દૃષ્ટિથી સર્વેજનોને દર્શન આપીને તેમને અમૃતમય દૃષ્ટિથી અભિવાદન આપતા હતા. સર્વેજનોને પોતાના નેત્રથી જોવાનું ફળ આપતા થકા માર્ગમાં સૂર્યનારાયણની કાન્તિની માફક શ્રી ઘનશ્યામ પ્રભુ શોભતા હતા. ॥૩૫॥ એવી રીતે રાજમાર્ગ ઉપર જતા શ્રીહરિ મહાપ્રભુ શેઠિયાઓથી પૂજાયેલા તથા સંતો ગૃહસ્થો ભક્તોથી વીંટાયા થકા ઉતારાના સ્થાને આવ્યા. ॥૩૬॥ તે મંદિરનું પ્રવેશદ્વાર બહુ મોટું તથા અનેક તોરણોથી શોભાયમાન, જેની ઉપર અનેક ચિત્રો દોરેલાં છે તેથી તે અતિ શોભા વધારનાર મુક્તધામોથી શોભાયમાન હતું. ॥૩૭॥ તે મંદિરમાં હજારોની સંખ્યામાં સોનાના થાંભલાઓમાં નિર્મલ સ્ફટિક મણિઓનો ભાસ થતો હતો કેમ કે તે મણિ

દીવાઓથી પ્રકાશમાન થતાં તેથી ખૂબ જ અદ્ભુત લાગતાં હતાં. ।।૩૮।। પૂર્ણ ચંદ્રની કાન્તિ જેવું, મોટાં ચિત્રોથી શોભાયમાન અગર ચંદનાના લેપ લગાડેલ સુગંધિત દ્રવ્યથી સુવાસિત કરેલ, કોમળ પાથરણું પાથરેલ તથા મન તથા નેત્રના ભાવને વધારનાર તેના મધ્યમાં સાત આસનો બિછાવેલાં હતાં તે દૂધનાં ફીણ જેવાં શોભતાં હતાં. ।।૩૯-૪૦।। તથા તે મંડપની અંદર મોટાં મોટાં સિંહાસનો બનાવેલાં હતાં તે ધર્મનંદન ભગવાન માટે જ મણિરત્નોથી ગૂંથીને ખાસ બનાવેલાં હતાં. ।।૪૧।। આ રીતની શોભાવાળાં રમ્ય જોઈને શ્રીહરિ તરત જ રથ ઉપરથી નીચે ઊતર્યા અને મુક્તાનંદ સ્વામીની સાથે ધર્મનંદન પ્રભુ પોતાના મંદિરમાં પધાર્યા. ।।૪૨।। શ્રી મહાપ્રભુ દેવોની મૂર્તિને નમસ્કાર કરીને પોતે મોટા બનાવેલા આસન ઉપર વિરાજમાન થયા ત્યારે શ્રી ઘનશ્યામ પ્રભુ ત્રિલોકીના જીવોને મોહ પમા ડે તેવા રૂપવાળા લાગતા હતા. ।।૪૩।। ત્યાર પછી શ્રીહરિની સન્મુખ મુક્તાનંદ સ્વામી બેઠા. તેમની પાછળ રામદાસ સ્વામી બેઠા તેમની પછી સ્વરૂપાનંદજી તથા વ્યાપકાનંદજી, વ્રજાનંદજી, સુખાનંદ સ્વામી બેઠા એવી રીતે સર્વે મુનિઓ શ્રીહરિ મહાપ્રભુની સન્મુખ બેઠા. ।।૪૪।। વર્ણીરાજ મુકુન્દાનંદજી કાયમ શ્રીહરિના ચરણકમળ પાસે જ બેસતા તેમજ આનંદાનંદ સ્વામી પણ તેમની પાસે જ બેસતા. તે બન્ને શ્રીહરિની સેવામાં તૈયાર રહેતા. ।।૪૫।। તે સભામાં બીજા હરિભક્તો પણ શ્રીહરિના મુખકમળથી નીકળેલા અમૃતપ્રવાહનું પાન કરીને તથા નેત્રથી શ્રીહરિના મુખારવિંદના દર્શન કરીને પ્રેમરસ તરબોળ થઈને તૃપ્ત થઈ ગયા. ।।૪૬।। હે રાજન્ ! જ્યાં ધર્મનંદન સ્વામી શ્રીહરિ વિરાજમાન હોય ત્યાં હંમેશાં દિવ્યસભા જ થાય. તે દિવ્યસભાનું અમદાવાદના ભક્તજનોને સુખ આપીને તેઓને સ્વસ્વરૂપનાં દર્શન આપીને સુખાનંદ કરાવેલ છે. ।।૪૭।। એવી રીતે અક્ષરધામાધિપતિ ઈશ્વરોના ઈશ્વર આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને જીવોનાં દુઃખોનું હરણ કરીને અનાદિ સુખ આપનાર એવા શ્રીહરિએ



આ લોકમાં મનુષ્યચરિત્રો કરીને સુખ આપેલ છે. તેનું જે જીવાત્મા નિત્ય પ્રત્યે અહર્નિશ પાન કરે છે, મનન કરે છે, તેને શ્રીહરિ અક્ષરધામનું સુખ આપે છે. ।।૪૮।।

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવતાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ શ્રીનગર (અમદાવાદ)માં પ્રવેશ કરી નિવાસ કર્યો એ નામે ત્રીસમો અધ્યાય થયો. ।।૩૦।।**

## ।। અધ્યાય - ૩૧ ।।

**રાજા પૂછે છે :** હે સ્વામી ! શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુએ અમદાવાદમાં રહીને બીજાં મનોહર ચરિત્રો જે કર્યાં હોય તે સાંભળવાની મારી ઈચ્છા છે. તેથી હે મુનિ ! મને સંભળાવો. ।।૧।। પૃથ્વીના સર્વે જીવોનાં કલ્યાણ કરવા માટે પ્રગટ થયેલા શ્રી ધર્મનંદન શ્રીહરિ તેમનાં ચરિત્રો પુણ્ય આપનારાં તથા અશુભ દોષો તથા વાસનાઓનો નાશ કરનારાં છે. ।।૨।। શ્રીહરિ હંમેશાં પોતાના ભક્તજનોને ખૂબ જ આનંદ આપતા થકા અનેક ચરિત્રોને કરેલાં છે તે ચરિત્રો શ્રીહરિનાં જે હોય તેમને સંભળાવવા કૃપા કરો. ।।૩।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! એવી રીતે ધર્મનંદન મહાપ્રભુ સંતોની સભામાં વિરાજમાન થઈને ભગવાનના ચરિત્રોની કથા કરવા માટે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી. ।।૪।। તે મુક્તાનંદ સ્વામીએ શ્રી ધર્મનંદન મહાપ્રભુની આજ્ઞા થવાથી બધા ભક્તજનો પ્રત્યે શ્રીહરિના માહાત્મ્યને વધારનાર ધ્યાન કરવાના માર્ગદર્શનની મનોહર વાર્તા કરવા લાગ્યા. ।।૫।। **શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે :** હે ભક્તજનો ! તમો ધ્યાન દઈને સાંભળો. શ્રી પરાત્પર શ્રી વાસુદેવ મહાપ્રભુ અનંત કોટિ સૂર્યના કરતાં પણ અધિક પ્રકાશયુક્ત

તેજના સમૂહના મધ્યમાં અક્ષરધામ નામના પોતાના નિવાસરૂપ સ્વધામમાં દિવ્યમૂર્તિ રૂપે નિવાસ કરીને રહે છે. ॥૬॥ અનંત મુક્તોના સમૂહોથી જેમના ચરણકમળનું સેવન થયેલું છે એવા કાળમાયાના નિયંતા, સ્વામી તે જ સર્વના જીવનપ્રાણ, સર્વને દર્શન કરવા માટે યોગ્ય એવા ॥૭॥ તેમનામાં અનેક દિવ્યગુણો રહેલા છે. કરોડો કામદેવથી સુંદર અમાપ ઐશ્વર્ય પ્રતાપ જેમનો છે એવા પોતાના ભક્તોને અનંત સુખોને આપનારા. ॥૮॥ જેમના ગુણોને હજાર ફેણવાળા શેષજી કાયમ ગાયા કરે છે તે છતાં પાર પહોંચી શકતા નથી એવા અપાર મહિમાવાળા એ જ સર્વ સંતોના સ્વામી છે. ॥૯॥ બ્રહ્માજી ચાર મુખો હોવા છતાં, પાંચમુખવાળા સદાશિવ ભગવાન પણ, તથા છ મુખવાળા કાર્તિક સ્વામી આદિ તે શ્રીહરિના બળ-ઐશ્વર્યનો પાર પામી શકતા નથી. ॥૧૦॥ એવા તે જ ભગવાન સાક્ષાત્ આ પુરુષોત્તમ નારાયણ જ છે. તે પોતે કૌશલ દેશમાં ધર્મદેવના ઘેર ભક્તિ માતા થકી પ્રગટ થઈને જીવોનું કલ્યાણ કરવા માટે પધાર્યા છે. ॥૧૧॥ તે મહાપ્રભુનું રૂપ તથા મનોહરતા ખૂબ જ અદ્ભુત ધારી રાખેલ છે. તેમનાં દર્શન માત્રથી જ તત્કાળ જીવોને સમાધિ થઈ જાય છે. ॥૧૨॥ જે જીવ આમનો દૃઢતાથી સર્વોપરી નિશ્ચય કરીને ભક્તિ કરે છે તે દેહમાંથી છૂટ્યા પછી અવ્યય સનાતન દિવ્ય અક્ષરધામમાં જાય છે. ॥૧૩॥ એટલા માટે જીવે હૃદયમાં આ શ્રીહરિ મહાપ્રભુના બન્ને ચરણકમળનું એકાગ્રતાથી ધ્યાન કરવું તથા પીતાંબરને ધારણ કરેલા પરમ પુરુષ એવા દિવ્ય મૂર્તિનું ધ્યાન કરવું ત્યારે તેને ચિત્તવૃત્તિમાં તે શ્રીહરિના પરમ ધામમાં જે પ્રણવનો નાદ થાય છે તે તેને સ્પષ્ટ સંભળાય છે. ॥૧૪॥ કરોડો સૂર્ય-ચંદ્રથી અધિક તેજ જેમના સ્વરૂપમાંથી નીકળે છે તે તેજ ભક્તજનના અંતઃકરણમાં તેનો ભાસ થાય છે એવા કરુણાથી ભરપૂર નેત્રકમળવાળા, મંદહાસ્યયુક્ત હોઠવાળા એવા મનોહર મૂર્તિ તેમની અમૃત સમાન કીર્તિ ચારેકોર વ્યાપ્ત છે. ॥૧૫॥ તે શ્રીહરિ પોતાના શીર ઉપર મુકુટને ધારનારા તથા કંઠમાં અનેક પુષ્પની



માળા, હારોને ધારણ કરનારા, જેમણે હાથના બાવડામાં તથા કાંડામાં ગુચ્છો તથા કંકણોને ધારણ કરેલા એવા સ્વરૂપને ભક્તજનોએ પોતાના અંતઃકરણમાં સ્મરણ કરીને અખંડ ધારણ કરી રાખવું. ॥૧૬॥ **મુક્તાનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! આવી રીતનાં સુખ આપનારા શ્રીહરિ મહાપ્રભુના ચરિત્રોની વાર્તાને સાંભળે છે તે જીવાત્માને સાંસારિક વાતાવરણની વિસ્મૃતિ થઈ જાય છે. ઈન્દ્રિયો નિષ્ક્રિય થઈ જાય છે એટલે તેને તત્કાળ સમાધિ થઈ જાય છે. આવી રીતના વાતાવરણને જોઈને આ નગરના તથા દેશના જનો ખૂબ જ આશ્ચર્યચકિત થઈ જાય છે. ॥૧૭॥ હે રાજન ! તે સમયે સમાધિમાં કેટલાક જીવોને અક્ષરધામનાં દર્શન થાય છે તેમાં કેટલાકને પરમધામ અક્ષરધામમાં પરમ અલૌકિક શ્રીહરિના સ્વરૂપનાં દર્શન થાય છે. ॥૧૮॥ તેમાં કેટલાક જીવોને ષડૂર્મિચક્ર ભેદીને માર્ગમાં પોતાના આત્માનાં દર્શન થાય છે. કેટલાકને ગોલોકધામની મધ્યમાં રાધાની સાથે બંસીના નાદ કરતા શ્રી મેઘ સમાન ઘનશ્યામ સ્વરૂપ શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે. તે શ્રીકૃષ્ણ ભગવાન પીળાં વસ્ત્રોને ધારણ કરેલ મોરમુગટને ધારેલા દર્શન થાય છે. ॥૧૯॥ કેટલાક જીવોને સુવર્ણની આકૃતિવાળા સૂર્યમંડળમાં ભગવાનનાં દર્શન થાય છે. કેટલાકને શેષશય્યામાં શયન કરતા નારાયણનાં દર્શન થાય છે. ॥૨૦॥ કેટલાક જીવોને બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાનનાં દર્શન થાય છે. કેટલાક જીવોને શ્વેતદીપ ધામમાં વાસુદેવ ભગવાન રૂપે શ્રીહરિનાં દર્શન થાય છે. ॥૨૧॥ કેટલાક જીવોને પોતાના આત્મામાં રહેલા પરમાત્માનાં દર્શન થાય છે. કેટલાકને રૂદ્રગણોથી વીંટાયા થકા ઉમાશિવનાં દર્શન થાય છે. ॥૨૨॥ એવી રીતે ધ્યાન અવસ્થામાં કેટલાક જીવો પૃથ્વી ઉપર પડી જાય છે. કેટલાક જીવો પદ્માસન વાળીને બેઠા થકા સમાધિમાં જતા હતા. ॥૨૩॥ તેમાંથી કેટલાક જીવાત્મા સમાધિમાંથી જાગ્રત થઈને આનંદિત મનવાળા થઈને મુક્તાનંદ સ્વામી પાસે આવીને કહેવા લાગ્યા કે મેં મારા આત્માનાં દર્શન કર્યાં. ॥૨૪॥ તેમાંથી કેટલાક જીવો ભગવાનને જોઈ

કહેવા લાગ્યા કે આ અક્ષરબ્રહ્મ ધામના અધિપતિ પોતે છે. તેમનો દૃઢ આશ્રય કરીને પ્રેમપૂર્વક ભક્તિ કરવા લાગ્યા. ।।૨૫।। હે રાજન્ ! શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુએ અદ્‌ભુત ચરિત્રો કર્યાં. તેનો પ્રતાપ જોઈને તે અમદાવાદના નગરજનો, મનુષ્યો કેટલાક આશ્ચર્યથી જોવા આવ્યા તથા કેટલાક પ્રેમભાવથી દર્શન કરવા આવવા લાગ્યા. ।।૨૬।। અનંત જન્મના દુષ્કર્મોને રમતમાત્રમાં જ નાશ કરનારા એવા મનોહર સ્વરૂપવાળા શ્રીહરિનાં દર્શન કરીને અતિશય રાજી રાજી થઈ જતાં હતાં અને એકબીજા અંદરોઅંદર વાતો કરવા લાગ્યાં. ।।૨૭।। તેમાં કેટલાક મનુષ્યો શ્રીહરિ નારાયણ ભગવાનને પુરાણ પુરુષ તરીકે માનતાં હતાં. કેટલાક મનુષ્યો ગોલોકાધિપતિ વસુદેવજીના પુત્ર શ્રીકૃષ્ણરૂપે માનતાં હતાં. કેટલાંક રામરૂપે તથા કેટલાક નારાયણ ભગવાનાને નૃસિંહ રૂપે માનતાં હતાં. કેટલાંક દત્તાત્રેય રૂપે, કેટલાંક કપિલદેવજી રૂપે તથા રૂષભ દેવ રૂપે પણ માનતાં હતાં. ।।૨૮।। આજ સાક્ષાત્ શ્રી નારાયણ મુકુંદ ભગવાનને વેદો, ઉપનિષદો દ્વારા સર્વોપરી સર્વના કારણ આદિ પુરુષ નારાયણ જ બતાવતાં હતાં. તેમના ચરિત્રોને મુનિજનો સાથે મળીને તેમના યશકીર્તિનું સ્મરણ કરીને આત્મસુખ મેળવતા હતા. ।।૨૯।। આ શ્રીહરિ મહાપ્રભુના ચરણકમળના પ્રતાપથી પૃથ્વી ઉપર રહેલાં પાપી, અધર્મીઓનો પરાભવ થઈ જાય એટલા માટે ભગવાન અક્ષરધામાધિપતિ મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને ધર્મભક્તિના ઘેર પધાર્યા હતા. તે જ આ પોતે છે. ।।૩૦।। તે શ્રીહરિ પોતાના એકાંતિક નિશ્ચયવાળા ભક્તોને બ્રહ્મધામનું સુખ આપનારા છે તથા તેમના પુણ્યના પ્રતાપથી અતિશય સુખ પ્રાપ્ત થાય છે. તે શ્રીહરિ પોતાના પ્રતાપને વિસ્તારતા થકા સંતોની સભામાં વિરાજમાન થઈને ચરિત્રો કરતા થકા અમૃત સમાન મધુરવાણીથી રહસ્યની વાતો સમજાવે છે. ।।૩૧।। આ જ પોતે સત્, ચિત્, આનંદ ઘનસ્વરૂપે અવ્યકત સ્વરૂપે રહે છે તેમજ કાળને પોતે જ વશમાં રાખે છે. પરબ્રહ્મ સ્વરૂપે અસંખ્ય મુકતોના સમૂહો



ભક્તિભાવપૂર્વક કાયમ જેમના ચરણકમળને સેવે છે. ।।૩૨।। તે જ પોતે બ્રાહ્મણવર્ય ધર્મસ્વરૂપે પૂર્વકાળમાં પ્રગટ થઈને તે જ સ્વયં અત્યારે સ્વધર્મ, વૈરાગ્યવાન પોતાની ભક્તિનું પોષણ કરતા થકા સર્વેને સુખ આપે છે. ।।૩૩।। આવી રીતનાં મનુષ્યો શ્રીહરિનાં ચરિત્રોને ગાતાં હતાં. એટલામાં શ્રી ધર્મનંદન મહાપ્રભુ પોતાના આસન ઉપરથી ચરણકમળને નીચે મૂકીને ચાખડીઓને ધારણ કરીને પાદુકા ધરવાથી ચરણ ખૂબ જ શોભતાં અને હાથમાં નાની સોટી ધારણ કરેલા ।।૩૪।। તે ચાખડી પહેરીને ચાલતા પ્રભુની ચાખડીના ચટચટ શબ્દ જેના કાનમાં પ્રવેશ કરતો હતો તે તત્કાળ શબ્દ સાંભળવા માત્રમાં જ પડી જતાં હતાં. સમાધિ થઈ જતી હતી અને સમાધિમાંથી જાગીને શ્રીહરિના ચરણોનો સ્પર્શ કરીને મનમાં અતિશય આનંદ પામવા લાગતાં હતાં. ।।૩૫।। તે શ્રીહરિ કંઠમાં બેવડી તુલસીની કંઠીને ધારણ કરીને તે ઝીણી કંઠીને ધારણ કર્યા પછી સુંદર મુખકમળવાળા મસ્તક ઉપર પીતાંબરને બાંધીને તથા કાળી પટ્ટીની ધોતીને ધારણ કરીને શ્રીહરિ શોભતા હતા. ।।૩૬।। એવી રીતે શ્રીહરિ મહાપ્રભુ પોતાના સ્વરૂપના ચરિત્રો કરીને પૃથ્વીલોકમાં પોતાના યશકીર્તિને વિસ્તારતા થકા પરમહંસો, પાર્ષદ ગણોને આનંદ સમુદ્રમાં નવરાવતા થકા તેમનાથી વીંટાયેલા તે શ્રીહરિ આકાશમાં સૂર્ય ગ્રહમંડળની વચ્ચે અને ચંદ્રમા નક્ષત્રમંડળની મધ્યમાં જેમ શોભે તેવી રીતે શ્રીહરિ સંત સભામાં ઊંચા આસન ઉપર વિરાજમાન થઈને અતિશય શોભા પામતા હતા. ।।૩૭।।

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિએ રચેલ શ્રીભક્તિ શાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ અમદાવાદમાં લીલા ચરિત્રો કર્યા એ નામે એકત્રીસમો અધ્યાય થયો. ।।૩૧।।**

## ॥ અધ્યાય - ૩૨ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! ત્યાર પછી શ્રી નીલકંઠ મહાપ્રભુએ મુનિના વેશને ધારણ કરેલા ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તોને સ્વસ્વરૂપ સંબંધી અતિશય સુખ આપ્યું. ॥૧॥ ત્યાં મંગળભાઈ નામના બ્રાહ્મણની અંબા નામની તેમની પત્ની ખૂબ જ પવિત્ર, સારાં ચારિત્ર્યવાળી શ્રીહરિની સેવાપરાયણ હતી. ॥૨॥ ભક્તિભાવપૂર્વક શ્રીહરિ મહાપ્રભુને પ્રેમપૂર્વક સોનાના પાત્રમાં જાતજાતના ઘણા પ્રકારના ભોજનો, શીરો, માલપૂવા, દૂધપાક બનાવીને લાવેલ. ॥૩॥ તે પદાર્થોનો થાળ શ્રીહરિકૃષ્ણ પ્રભુની આગળ મૂકીને બે હાથ જોડીને પ્રાર્થનાપૂર્વક ઊભાં રહ્યાં તેને જોઈને શ્રીહરિ મહાપ્રભુ મુખારવિંદ ફેરવીને અવળા બેસી ગયા. તેમની સામે જોતા ન હતા. ॥૪॥ ત્યારે આનંદાનંદ સ્વામી શ્રીહરિકૃષ્ણ પ્રભુને કહેવા લાગ્યા, હે વિભો ! હે સ્વામીપ્રભુ ! હે ભગવાન ! આ બહેન ખૂબ પ્રેમથી આપના માટે ભક્તિભાવથી ભોજનો બનાવીને લાવેલ છે તો તેની સેવાને સફળ કરો. ॥૫॥ આ પ્રમાણે આનંદ સ્વામીએ ભગવાનને કહ્યું એટલે શ્રીહરિએ એમનું કહ્યું માનીને લાવેલ થાળને જમતા હતા તેનાં સર્વે સંતો દર્શન કરતા હતા. ॥૬॥ શ્રીહરિ નારાયણ પણ કોઈક દિવસ રોટલાને મરચાં આદિ તીખું જમતા હતા તો કોઈક દિવસ આનંદ સ્વામી માલપૂવા અને શાક બનાવીને જમાડતા હતા. સર્વને રાજી કરતા હતા. ॥૭॥ હે રાજન્ ! પોતાના પ્રેમીભક્તોના પ્રેમને વશ થઈને તેમના આગ્રહથી સારાં રસથી ભરપૂર પકવાનો તથા વ્યંજનો આપતા હતા તે સર્વ જમતા હતા. ॥૮॥ બીજા પણ દેશદેશાંતરથી હરિભક્તો દર્શન કરવા માટે આવતા તેમને શ્રીહરિ દર્શન આપતા તથા ચરણસ્પર્શ કરાવતા તેમને ઉપદેશના મીઠા શબ્દોથી રાજી કરતા. આવી રીતે ભક્તિધર્માત્મજ શ્રીહરિ સર્વે ભક્તજનોને સુખ આપતા. ॥૯॥ નાનાભાઈ તથા ગોવિંદરામ ક્ષેમજીત આદિ તથા કર્જીસણ ગામના ગોવિંદભાઈ આદિ અનેક સેવકો સેવામાં હાજર રહેતા. ॥૧૦॥



હે રાજન્ ! જેઓ શ્રીહરિની સેવા કરીને તથા ભગવાનનાં ચરિત્રો સાંભળીને સાત દિવસ સુધી એકાગ્ર મનથી ભજન સ્મરણ કરતાં જ્ઞાન મેળવે છે તેઓ પોતાના જન્મનું સફળપણું પ્રાપ્ત કરી જ લે છે. ॥૧૧॥ એક વખત બ્રાહ્મણ વર્ણમાં મોટા તેમજ બ્રાહ્મણ કુળમાં જન્મ પામીને ઉત્તમ રામશાસ્ત્રીને પરણેલી તેમની પત્ની તે પતિવ્રતા હતી. ॥૧૨॥ તેણીની ખૂબ જ સુશીલ સ્વભાવની તપસ્વિની શ્રીહરિની એકાંતિક ભક્તા હતી. તેણીની સારાં સુંદર વસ્ત્રો ધારણ કરીને તેમજ આભૂષણોને ધારીને પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છાવાળી ॥૧૩॥ તેણીની શ્રીહરિ મહાપ્રભુનું માહાત્મ્ય જોઈને તેમને વિશે પ્રેમભાવનાપૂર્ણ ભાવવાળી થઈને પોતાના પુત્રને સાથે લઈને શ્રીહરિના દર્શન કરવા માટે આવી. ॥૧૪॥ આવીને શ્રીહરિના દર્શન કરવા માત્રમાં જ તેણીએ પોતાના પુત્રની સાથે સમાધિમાં બ્રહ્મલોકમાં ગઈ. ત્યાં તેણીએ હજારો સૂર્યના પ્રકાશથી અધિક મહાતેજના મધ્યમાં રહેલા શ્રીહરિના સ્વરૂપના દર્શન કર્યાં. ॥૧૫॥ શ્યામ સ્વરૂપવાળા ચતુર્ભૂજાઓવાળા પોતાના હાથોમાં શંખ ચક્ર ગદા પદ્મ ધારેલાં, પીળાં વસ્ત્રો ધારેલાં, અમૂલ્ય પ્રકારના આભૂષણોને ધારણ કરેલાં, તથા કાનોમાં કુંડળને ધારી રહેલા તથા મસ્તક ઉપર મુગટને ધારણ કરીને પ્રસન્ન મુખાકૃતિવાળા ॥૧૬॥ પૂર્ણિમાના ચંદ્રની માફક પૂર્ણ શોભાવાળા, મંદહાસ્ય કરતા થકા શ્રી કુંજગલીમાં વિચરણ કરતા તથા મનોહર અધરોષ્ઠયુક્ત મુખકમળવાળા, વક્ષસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા કૌસ્તુભમણિની માળાને ધારનારા તથા નંદસુનંદાદિ પાર્ષદોથી સેવા કરાતા એવા તે શ્રી નારાયણનાં દર્શન થયાં. ॥૧૭॥ એવી રીતનાં લાંબા સમય સુધી દર્શન કરીને સમાધિમાંથી જાગ્રત થઈને ખૂબ જ આનંદયુક્ત મનવાળાં થઈને જે અક્ષરધામમાં સ્વરૂપને જોયું તે આ ધર્માત્મજ શ્રીહરિ પોતે જ છે એ પ્રમાણે માનવા લાગ્યાં. ॥૧૮॥ આવી રીતે તે તેણીની શ્રીહરિને સર્વકારણના કારણ માનતી હતી. તેમનામાં પોતાના મનને દઢતાપૂર્વક જોડીને પ્રેમપૂર્વક પ્રણામ કરીને વારંવાર નમસ્કાર કરીને અતિશય આશ્ચર્ય પામતી થકી પોતાના

પુત્રની સાથે ત્યાંથી પોતાના ઘેર ગઈ. ॥૧૯॥ હે રાજન્ ! તેણીની પોતાના ઘેર જઈને પોતાના પતિની પાસે જે પોતાને અનુભવ થયો તેનું સ્મરણ કરીને કહેવા લાગી. ॥૨૦॥ સ્વામિનારાયણ ભગવાન સાચે જ ભગવાન પોતે જ પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ છે. તેમને મેં સમાધિમાં મહાતેજનાં સમૂહમાં દિવ્ય સ્વરૂપે અક્ષરધામમાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે. ॥૨૧॥ આવી રીતે તે બ્રાહ્મણની પત્ની શ્રીહરિનાં દર્શનનું સ્મરણ કરી રહી હતી એટલામાં તેણી બેહોશ થઈને પૃથ્વી ઉપર પૂતળું પડે તેમ પડી ગઈ. પ્રાણ વિનાની થઈ ગઈ. ॥૨૨॥ તે જોઈને આને તે એક કૌતુક આશ્ચર્યની વાત છે એમ કહેતો હતો અને મેં તો આવું કશું જોયું નથીને સાંભળ્યું પણ નથી. અત્યારે આ છોકરાની માતા, મારી પત્નીને આ થયેલ સમાધિ આ કળીકાળમાં શક્ય જ નથી. ॥૨૩॥ તે છતાં સવારમાં વહેલા આની ખાતરી કરવા માટે મંદિરમાં જઈને જોઈશ કે યોગીઓ તથા તેમના ગુરુ સ્વામિનારાયણ કેવા છે. ॥૨૪॥ ત્યાર પછી તે બ્રાહ્મણ રામશાસ્ત્રી સવારમાં વહેલા બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી નાહી-ધોઈ પવિત્ર થઈને પોતાનું નિત્યકર્મ પતાવી જલદીથી રથમાં બેસીને શ્રીહરિની સમીપમાં મંદિરમાં ગયા. ॥૨૫॥ તે શાસ્ત્રી મંદિરમાં ગયા ત્યારે પ્રભાતકાલીન સંકીર્તનનો નાદ થઈ રહ્યો હતો ત્યારે તે રામશાસ્ત્રી મંદિરમાં જઈને શ્રીહરિ વિરાજમાન હતા તેમને જોયા. ત્યાર પછી તે મુનિઓને જોઈને સર્વને નમસ્કાર કર્યા. ॥૨૬॥ તથા મુક્તાનંદ સ્વામી તથા ગોપાલાનંદ સ્વામી બંનેને નિત્ય સમાધિમાં રહેતા તેવા તથા આનંદાનંદ સ્વામી રામદાસ સ્વામી આદિ મુનિઓને તે વિપ્ર જોતા હતા. ॥૨૭॥ શ્રીહરિએ તેને ખાતરી કરાવવા માટે સળગતા કોલસા જેનાથી લોઢું પણ લાલ થઈ જાય તેવા કોલસા સ્વામીના અંગ ઉપર નાખ્યા તે છતાં સ્વામીના ભાવમાં કાંઈ ફેર ન પડ્યો તેમનું શરીર ઠંડું બરફ જેવું શીતળ શાંત જોઈને તે બ્રાહ્મણ શાસ્ત્રીને પ્રત્યક્ષ અનુભવ થયો કે આ વાત સાચી જ છે. ॥૨૮॥ આ રીતે તેને સત્ય અનુભવ છે તે શ્રીહરિને સત્ય જાણીને પ્રણામ કરતો હતો. તેને આસન ઉપર બેસાડીને શ્રીહરિએ તેનું



મધુર વાણીથી સન્માન કરીને કહેવા લાગ્યા. ॥૨૯॥ હે બ્રહ્મદેવ, વિદ્વાનોમાં અગ્રણી શ્રેષ્ઠ આવા વહેલા આવવાનું શું પ્રયોજન છે ? આપ કાંઈક દ્વિધામાં છો તેવું જણાય છે ! તેથી આપના મનમાં જે કોઈ સંશય, શંકા હોય તે અમને કહો, તમારે યોગ્ય થશે. ॥૩૦॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રી હરિએ અમદાવાદનગરમાં લીલા ચરિત્રો કર્યાં એ નામે બત્રીસમો અધ્યાય. ॥૩૨॥**

## ॥ અધ્યાય - ૩૩ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિના કહેલાં વાક્યો સાંભળીને શાસ્ત્રના જ્ઞાનવાળા તે શાસ્ત્રી શ્રીહરિને પૂછવા લાગ્યા અને વિનયપૂર્વક કહેવા લાગ્યા. ॥૧॥ **બ્રાહ્મણ કહે છે :** હે સ્વામિનારાયણ પ્રભુ ! તમે જે સમાધિ કરાવો છો તેમાં બે પ્રકારની સમાધિ શાસ્ત્રમાં બતાવેલ છે. તેમાં એક નિર્વિકલ્પ સમાધિ તથા બીજી સવિકલ્પ સમાધિ. બંનેમાંથી તમો કઈ સમાધિ કરાવો છો તે મને કહો. ॥૨॥ સવિકલ્પ સમાધિમાં ષડચક્રને ભેદીને બ્રહ્મરંધ્રથી ઉપર જઈને જીવ રહે છે. તે છતાં જેને દેહનું સ્મરણ રહે છે. તેને સવિકલ્પ સમાધિ કહેવાય છે. ॥૩॥ અને નિર્વિકલ્પ સમાધિમાં ત્રણે દેહોમાંથી ત્રીજી અવસ્થામાં દેહથી ઉપર બ્રહ્મજ્યોતિમાં જીવ જાય છે ત્યારે પ્રાણના નિરોધની સાથે આત્મવિસ્મૃતિ થઈ જાય છે તેને નિર્વિકલ્પ સમાધિ કહેલી છે. ॥૪॥ કેટલાક યોગીઓ એકાંતમાં જંગલમાં રહીને પોતાના આત્માનું સ્મરણ કરતા થકા યોગનો પ્રયોગ કરે છે તે યોગીઓ વધારે પ્રમાણમાં યોગ ભ્રષ્ટ જ થાય છે. ॥૫॥ કેટલાક તપસ્વીઓ, વર્ણીઓ પંચાગ્નિ તપતા થકા યોગ સાધવાનો પ્રયત્ન

કરે છે. તેઓ પણ માયાના બંધનથી મુક્ત ન થઈ શકવાથી યોગને પૂર્ણ કરી શકતા નથી. તેઓ અધોગતિને પામનારા થાય છે. ॥૬॥ હે યોગી મહારાજ ! આ મહાન હળાહળ કળીયુગમાં કયારેય સમાધિ થતી જ નથી હોતી એટલા માટે કેટલાક ઘરોમાં પણ સ્ત્રીઓ અને બાળકો આવી રીતનાં આડંબરમાં પીડાયા કરે છે. ॥૭॥ હે નારાયણ ! હે સત્પતિ ! મારો આ સંશય છે તેને દૂર કરવા માટે આપને શરણે આવેલો છું. તેથી આપ સાચું હોય તે મને સમજાવો. ॥૮॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! આવી રીતના તે શાસ્ત્રી વિપ્રનાં વાક્યો સાંભળીને હાસ્ય કરતા થકા શ્રીહરિ મહાપ્રભુ તે વિપ્રને કહેવા લાગ્યા, હે શાસ્ત્રી તમે જુવો તમને સમાધિનું બળ બતાવું તે તમો જુઓ. ॥૯॥ શ્રીહરિ મહાપ્રભુ કહે છે : **હે વિપ્રર્ય !** તમો આ સર્વેયોગ ધારણાને પ્રખર જાણનારા ગોપાળાનંદ સ્વામીને જુઓ તેઓ અમારા બધા જ યોગીઓમાં યોગ સમ્રાટ છે. તેઓ અખંડ સમાધિમાં જ રહે છે. ॥૧૦॥ તેમના દર્શન કરવાથી અલૌકિક સ્થિતિમાં અખંડ સુખાનુભવમાં પરબ્રહ્મના દિવ્ય સુખમાં મહાનંદને મેળવે છે. પોતાના ભક્તોને શ્રીહરિની સમાધિમાં રહીને પોતાના ચિત્તને તેમના સ્વરૂપમાં જોડીને સમાધિ અવસ્થામાં રહે છે. ॥૧૧॥ ચારે અવસ્થાઓથી ઉપર જઈને આ મુનિ નિર્ગુણમાયા છે, તે માયા ગુણવાળી યોગીને બળ આપનારી છે તેથી તે યોગી માયાને જીતીને પોતાના દેહના ભાનને ભૂલી જાય છે. નિર્ગુણ થવાથી લાકડા જેવા નિર્જીવ બની જાય છે તેથી તમો તેમની પાસે જઈને જુઓ. તેઓ બ્રહ્મલોકમાં ગયા છે તેનો અનુભવ કરો. ॥૧૨॥ હે રાજન ! તે યોગીને સમાધિમાં ગયા પછી ભાનની વિસ્મૃતિ થયા પછી શ્રીહરિ તેમની પાસે બેસીને તે યોગીના કોમળ શરીરની સાથળ ઉપર સળગતા કોલસા ચીપિયાથી પકડીને મૂકતા હતા તેને તે વિપ્ર ઊભા રહીને જોતા હતા. ફરી ચીપિયાથી પાછા લઈ લેતા હતા. ॥૧૩॥ સળગતા કોલસા મૂકવાથી તેમની એટલી ચામડી બળી ગઈ. મુનિને કાંઈ ન થયું. ફરીથી શ્રીહરિ મહાપ્રભુએ તે જ જગ્યાએ સળગતા કોલસા મૂક્યા. ॥૧૪॥ હે રાજન્ ! તે દાઝેલી



જગ્યાએ સ્પર્શ કરવામાં પણ સંકોચ થાય કેમ કે તે યોગીની સાથળની ચામડી બળી જવાથી તે જગ્યાએ હાડકું દેખાતું હતું. ॥૧૫॥ આવી રીતે સાચી સમાધિવાળા પાકાયોગી દઢ સમાધિ સ્થિતિમાં બ્રહ્માનંદ સ્થિતિમાં બ્રહ્મપૂર લોકમાં જાય છે તેથી તેને કાંઈ શરીરનું બંધન રહેતું નથી. ॥૧૬॥ આવી રીતનાં શ્રીહરિ મહાપ્રભુનાં ઐશ્વર્યયુક્ત અદ્‌ભુત ચરિત્રને જોઈને તે બ્રાહ્મણ શાસ્ત્રી શ્રીહરિ મહાપ્રભુને સર્વેશ્વર માનીને શ્રીધર્મનંદન મહાપ્રભુના ચરણમાં મસ્તક નમાવીને બંને હાથ જોડીને પ્રણામ કરવા લાગ્યો. ॥૧૭॥ વિપ્ર પ્રાર્થના કરે છે : હે મહાપ્રભુ ! આપના સ્વરૂપના મહિમાને જાણીને આપના સ્વરૂપના દિવ્ય સુખમાં તે ભક્તને દયા કરીને જોડો છો. આપના ભક્તજનો માટે આપે આપના સ્વરૂપમાં જોડીને તેમના આત્માનું કલ્યાણ કરીને તેમનું રક્ષણ કરો છો. ॥૧૮॥ આ ભૂમિના તાપ નિવારનારા જગતના સ્વામીમાં મનની વૃત્તિને ચોટાંડીને સત્ય આત્મદર્શી મુનિઓ પોતાની ચિત્તવૃત્તિને આપમાં જોડીને સુખ મેળવે છે એવા હે કમળનયન ! હું આપનું ચિંતવન કરું છું. આપને નમન કરું છું. ॥૧૯॥ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને નાશ (લય) કરવા માટે હે અક્ષરપતિ ! આપ અનેક સ્વરૂપે પ્રગટ થઈને સર્વત્ર વિરાજો છો. પોતાની માયામાં રહેવા છતાં આપ તેનાથી સ્વતંત્ર રહીને પ્રત્યેક યુગમાં તે જીવાત્માઓનું પાલન કરો છો. ॥૨૦॥ હે મહાપ્રભુ ! આપ કમળમાંથી ઉત્પન્ન થનાર બ્રહ્માદિ દેવો દ્વારા, વેદની શ્રુતિઓ દ્વારા આપના ગુણને ગાયા કરે છે તથા શેષનારાયણ પોતાની હજાર ફેણરૂપી મુખોથી આપના યશને ગાયા કરે છે તો પણ પૂર્ણતાને નથી પામી શકતા એવા મહાન આપ છો. ॥૨૧॥ હે ભગવાન ! આ જીવ અપાર ભવસાગરમાં આમતેમ ગોથાં ખાતો, કુટાતો અનંતકાળ સુધી ભમ્યો પરંતુ અત્યારે હે લોકપતિ ! તમારા ચરણકમળના આશ્રયમાં આવેલા જીવાત્માને આપ કૃપા કરીને ભવબંધનમાંથી મુક્ત કરીને અનંત સુખમાં આપના ધામમાં લઈ જાવ છો. ॥૨૨॥ હે નારાયણ પ્રભુ ! તમારા ભક્તજનો તમારા ચરણકમળમાં પોતાની ચિત્તવૃત્તિને જોડી રાખીને

અતિકઠિન એવાં વ્રતો, યજ્ઞો, દાનો, જપ યજ્ઞો, તીર્થયાત્રા, તપશ્ચર્યા, કથાશ્રવણ, મનોનિગ્રહ આદિ સર્વકાર્યો તે આપના સ્વરૂપના નિશ્ચય અને દૃઢ શ્રદ્ધાથી જ કરી શકે છે. ॥૨૩॥ હે પ્રભુ, આપનું નામ સર્વ પાપોને નાશ કરનારું છે. તે નામ મંત્રને જે જીવાત્મા જપ્યા કરે છે તે માયિક પદાર્થોની કોઈ ગણતરી રાખતા નથી. કેવળ આપના સ્વરૂપને સ્મરતા થકા સુખેથી જગત્ કાર્યોથી શયન કરે છે કેમ કે તેઓ આપના ભજન સ્મરણથી તથા આપના ચરિત્રોના શ્રવણ મનનથી આનંદમાં રહે છે. ॥૨૪॥ આપ અજ્ઞાની જીવાત્માઓને બોધ આપવા માટે આ પૃથ્વી ઉપર અવતાર ધરીને જલની ધારા તથા અગ્નિના તાપો તથા વર્ષાદે હિમપાત આદિ આપ સહન કરીને અનેક અવતારો ધરીને ચરિત્રો કર્યા તેથી અનેક નામો અને ગુણો દ્વારા તીર્થો બનાવ્યાં તેથી તે તીર્થભૂમિ, દેવભૂમિ કહેવાય છે. ॥૨૫॥ હે પ્રભુ ! આપ આ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને તે શરીરથી પૃથ્વી ઉપર રહેલા અધર્મરૂપી દુષ્ટોનો આપ લીલામાત્રમાં જ નાશ કરી નાખો છો કેમ કે તેઓ ભક્તિપ્રિય જીવોના દોષરૂપ હોવાથી તેમનો નાશ કરી નાખો છો. પૃથ્વી નિષ્પાપ કરો છો. ॥૨૬॥ હે ભગવાન ! હે આદિપુરુષ ! આપ હમેશાં આપનું અક્ષરધામ છે, તેમાં નિવાસ કરો છો. ત્યાં અનંત સુખો રહેલાં છે. એવા સુખનિધિ હે હરિકૃષ્ણ ! હું આપના શરણે આવ્યો છું તેથી મારી અવજ્ઞા નહીં કરીને શરણમાં રાખો. ॥૨૭॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** આવી રીતે તે રામશાસ્ત્રી શ્રીહરિ મહાપ્રભુને સર્વેશ્વર સર્વના સ્વામી સર્વોપરી માનીને તેમનો દૃઢતાપૂર્વક આશ્રય કરીને ત્યાર પછી ત્યાંથી પોતાના ઘેર ગયો. ॥૨૮॥ ત્યાર પછી શ્રીહરિ સહજાનંદ સ્વામી ભોજન કરવા પધાર્યા ત્યાં શુદ્ધ જળથી ઊંચા બાજોઠ ઉપર બેસીને સ્નાન કરવા લાગ્યા. ॥૨૯॥ ત્યાર પછી મુનિપતિ શ્રીઘનશ્યામ પીતાંબર વસ્ત્ર ધારણ કરીને ઉપરણી ઓઢીને ચરણમાં પાદુકાઓ ધારણ કરીને મંદગતિથી જવા લાગ્યા. ॥૩૦॥ માટીના બનાવેલા ઓટલા ઉપર બિરાજમાન થઈને મધ્યાહ્ન, સંધ્યાકાર્ય કર્યું. ત્યાર પછી પોતાના સેવકોએ



પ્રેમભાવપૂર્વક ફૂલના હારો તથા ચંદન કુમકુમ ચોખા વડે પૂજન કર્યું. ॥૩૧॥ ત્યાર પછી શ્રીહરિ ગંગામાએ બનાવેલ જુદાંજુદાં પકવાનો, વ્યંજનો, શીરો, સાકર નાખેલો દૂધપાક, નાની પૂરીઓ આદિ ॥૩૨॥ ઘીથી ભરપૂર પેંડા તથા જલેબી સાકર યુક્ત લાડુ આદિ સામગ્રીઓથી ભરપૂર થાળ તથા અનેક શાક, દાળ, ભાજીઓ, ગોટા, ભજીયાં આદિ પદાર્થોના થાળ લાવીને મુકુંદવર્ણીએ શ્રીહરિને અર્પણ કર્યા. ॥૩૩॥ ત્યારે તેમાંથી શ્રીહરિ પોતાની રુચિ અનુસાર સ્વાદપૂર્વક ભોજનો જમવા લાગ્યાં. તેમનાં મુક્તાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામી ભક્તિપૂર્વક દર્શન કરવા લાગ્યા. ॥૩૪॥ તે જમવા સમયે શ્રીહરિ સ્વ કરકમળથી આ ચાર પ્રકારનાં ભોજન કરતી વખતે અમુક સંખ્યામાં જ કોળિયા જમ્યા. આ રીતની મર્યાદાવાળા શ્રીહરિ જમતી વેળા ખૂબ જ શોભતા હતા. ॥૩૫॥ પોતાના હસ્ત કમળના સ્પર્શથી કોળિયો લેતી વખતે શોભા ઉપજાવતા તથા ભોજન જમવામાં ચતુરાઈ કરતા થકા મંદહાસ્ય કરતા થકા મનોહર મુખકમળનાં દર્શન કરીને પોતાના ભક્તજનોને આનંદ પમાડતા હતા. ॥૩૬॥ જમવા બેસતી વેળા શ્રીહરિ પોતાનો ડાબો પગ ઊંચો રાખીને ડાબો હાથ ઉપર મૂકતા હતા. જમણા પગને વાળીને સાંકડો કરીને તે જમણા પગના સાથળ ઉપર જમણો હાથ રાખતા હતા. ॥૩૭॥ આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુ ભોજન જમતા હતા. ત્યારે વચ્ચે પાણી પીતા હતા તથા જમતાં જમતાં પેટ ઉપર હાથને ફેરવતા થકા જમતા હતા. ॥૩૮॥ શ્રીહરિ પકવાનો જમ્યા પછી દાળભાત જમીને ખૂબ જ તૃપ્ત થયા ત્યારે મુકુંદવર્ણીએ જળની ઝારી આપી તેનાથી હાથ ધોઈને, મુખ ધોઈને જળ-પાન કરતા હતા. ॥૩૯॥ ત્યાર પછી સોપારી, વરીયાળી, ઈલાયચી, લવીંગ આદિ મસાલા ભરપૂર પાનબીડું તથા મુખવાસ લાવીને આપ્યો તેને ગ્રહણ કરીને ત્યાર પછી શ્વેત વસ્ત્રો ધારણ કરતા હતા. ॥૪૦॥ ત્યાર બાદ દિવ્યસભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. તેમની ચારે બાજુ સંત જન બેઠા. તેથી ખૂબ જ શોભતા હતા. ત્યારે ભક્તસમુદાય આનંદ પામતા થકા શ્રીહરિનું ચંદન ફૂલોના

હારોથી પૂજન કર્યું. ॥૪૧॥ ત્યારે તે શ્રીહરિના ઐશ્વર્યના સમાચારોને સાંભળીને તે નગરનો રાજા અંગ્રેજ પોતાના સેવકો તેમની આગળ છડી લઈને તેમની છડી પોકારતા ત્યાં આવ્યા. ॥૪૨॥ હે રાજન્ ! તે પાલખીમાંથી નીચે ઊતરી શ્રીહરિના દર્શન કરવા માટે ઉત્સાહપૂર્વક ત્યાં આવીને શ્રીહરિને પ્રણામ વંદન કરીને પછી મુનિઓ સંતોને નમસ્કાર કર્યા. ॥૪૩॥ તે રાજાએ શ્રીહરિને પાંચ રૂપિયાના સિક્કા ચરણમાં અર્પણ કર્યા. ત્યાર પછી હે રાજન ! તે રાજપુરુષ સભામાં નીચેજ બેઠા. શ્રીહરિ તેમને શાંતિપૂર્વક જ્ઞાન ઉપદેશ કરવા લાગ્યા. ॥૪૪॥ **શ્રીહરિ કહે છે** : હે રાજન ! પ્રજાનું પાલન સારી રીતે કરે તે પ્રજાને સુખી રાખવી તે રાજાનો ધર્મ છે. પોતાનો ધર્મ નિભાવીને જે રહે છે તે આ પૃથ્વી ઉપર સુખ પામે છે. ॥૪૫॥ આ પૃથ્વીલોકમાં તેમજ ભારતવર્ષમાં આવો સમાગમ સંતપુરુષોની સમાન વૃત્તિ રાખવી તથા ભગવાન શ્રીકૃષ્ણના ચરણમાં અનુરાગ પામવો દુર્લભ જ છે. ॥૪૬॥ જેના સમાગમથી જીવ બ્રહ્મપદ પામે છે અને સનાતન પરબ્રહ્મની આરાધનાથી જીવ બ્રહ્મલોકમાં જાય છે, જે મુમુક્ષુઓ છે તેઓ નિર્મળ બુદ્ધિથી શ્રીકૃષ્ણ ચરણકમળની સેવામાં પોતાના મનને જોડીને ભક્તિ કર્યા કરે છે. તે ભગવાનને અતિ પ્રિય થાય છે. ॥૪૭॥ હે રાજન્ ! આવી પવિત્ર ભૂમિમાં મનુષ્ય જન્મ મેળવીને જે જીવાત્મા શ્રીહરિનો આશ્રય નથી કરતા તેમને મનુષ્ય જન્મનો શો લાભ ? કોઈ અર્થ જ નથી હોતો, પરંતુ જે પુણ્યાત્મા છે, તે શ્રીહરિમાં ભક્તિ કરતો થકો સંત સમાગમ નિત્ય પ્રત્યે રાખે છે. તેનાં જ મહાભાગ્ય છે. ॥૪૮॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! એવી રીતે સ્વમુખે શ્રીહરિએ તે રાજાને અમૃત સમાન ઉપદેશ આપીને તેમને ભગવાને અર્પણ કરેલા ઘણા બધા પતાસા, સાકર આદિ પ્રસાદ આપ્યો. ॥૪૯॥ હે રાજન્ ! શ્રીહરિ મુખથી જ્ઞાન ઉપદેશ સાંભળીને તે રાજા શ્રીહરિમહાપ્રભુને નમસ્કાર કરીને શ્રીહરિને હાથ જોડીને કહેવા લાગ્યા, હે સ્વામી, હું આપનો સેવક છું, તે જાણજો, એ પ્રમાણે કહીને પોતાના સ્થાને ગયા. ॥૫૦॥ હે રાજન્ ! શ્રીહરિના આ ચરિત્રને જે



સાંભળશે, સંભળાવશે તેના જન્મજન્માંતરનાં સર્વે-પાપો બળી જશે અને આ ચરિત્રને પોતાના કાન દ્વારા સાંભળી સ્મરણ કરે છે તે જીવાત્મા અંતે ગોલોક બ્રહ્મપુર ધામને પામે છે. ॥૫૧॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામી ચરણકળમમાં સેવક કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ અમદાવાદ નગરમાં લીલા, ચરિત્રો કર્યા, સમાધિ પ્રકરણમાં ઉપદેશ કર્યો એ નામે તેત્રીસમો અધ્યાય ॥૩૩॥**

## ॥ અધ્યાય - ૩૪ ॥

શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે કે હે રાજન્ ! તે અમદાવાદમાં અક્ષરધામાધિપતિ વિરાજમાન હતા ત્યારે તે નગરના નિવાસી ભક્તોએ શ્રીહરિને જમાડવાની તૈયારી કરી. ॥૧॥ તે ભક્તો દયારામ તથા દુર્લભરામ નામના બંને ભક્તોએ શ્રીહરિને તથા તેમના સખાઓ તથા સંત પાર્ષદોને જમાડવા માટે સુંદર પાકની રસોઈ તૈયાર કરાવરાવી. ॥૨॥ પ્રથમ શ્રીહરિ મહાપ્રભુ પવિત્ર જળથી સ્નાન કરીને પવિત્ર થઈને પીતાંબર વસ્ત્ર ધારણ કરીને મુકુંદવર્ણીએ લાવીને થાળ અર્પણ કર્યો તેમાં શીરો, પૂરી, શાક, દાળ-ભાત આદિ પદાર્થો જમીને શ્રીહરિ તૃપ્ત થયા. ॥૩॥ ત્યાર પછી શ્રીહરિ પવિત્ર જળથી હાથ ધોઈને મુખ ધોઈ ચળુ કરીને મુખવાસ પાન બીડાં આરોગીને શ્વેત વસ્ત્રો ધારણ કરીને દૂધની ફીણ જેવા શ્વેત મંચ ઉપર વિરાજમાન થયા. ॥૪॥ હે રાજન ! તેમની આગળ પ્રથમ મુનિઓ બધા બેઠા ત્યાર પછી શ્રીહરિની સન્મુખ ગૃહસ્થ ભક્તો બેઠા તેઓ સર્વે પોતાની ચિત્તવૃત્તિને શ્રીહરિના મુખારવિંદ સોમ જોડી રાખેલાં હતાં. ॥૫॥ ત્યારે તે બ્રાહ્મણ ભક્તો શ્રીહરિ મહાપ્રભુજીનું પૂજન કરવા માટે પૂજાસામગ્રી લઈને દયારામ ભાઈ તથા દુર્લભરામભાઈ સભામાં આવ્યા. ॥૬॥ અનેક પ્રકારની

સુગંધવાળી વસ્તુઓ તથા કેશર મેળવેલું પીળું ચંદન તેમજ કુમકુમ ચોખા તથા રૂપિયાના ભરેલાં પાત્રો સાથે લઈને સભામાં આવ્યા. ॥૭॥ ગુલાબના ફુલોના હારો, તથા માલતી તથા જાત ચંપાના ફૂલના હારો કેતકીના ફૂલના સુગંધીદાર હારો સુંદર રીતે ગૂંથીને બનાવેલા લઈને આવ્યા. ॥૮॥ સારું ગુલાલ, અબિલ, તેમજ મનોહર અગરબત્તી તથા સાકર મોટા પડામાં તથા ખાવા માટે નૈવૈદ ઘીના દીવા વિગેરે વસ્તુઓ લાવ્યા. ॥૯॥ આ બધી પૂજાની સામગ્રીઓ લાવીને ઘણા સમુદાયની સાથે તે બન્ને બ્રાહ્મણો સાથે મળીને વિધિપૂર્વક ષોડશોપચારથી શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા. ॥૧૦॥ હે રાજન, પહેલાં શ્રીહરિના ચરણકમળને ત્રાંબાના મોટા વાસણમાં રાખીને દહીંથી ધોયાં પછી જળની ધારા કરીને ચરણને ખૂબ ધોયાં. ॥૧૧॥ ત્યાર પછી પૃથ્વી ઉપરનાં જેટલાં તીર્થો છે તેના જળને લાવીને તે જળ વડે શ્રીહરિના ચરણકમળની ખૂબ ભાવપૂર્વક પૂજન કરીને ધોતા હતા. ॥૧૨॥ અગર-ચંદન આદિ વડે શ્રીહરિના ચરણકમળનું પૂજન કરીને તે ચરણકમળ જોવામાં કોમળ નખની શોભા હારબંધ ખૂબ મનોહર લાગતી હતી. ॥૧૩॥ ત્યાર પછી ધર્મનંદન મહાપ્રભુના જમણા હાથમાં અર્ઘ્ય અર્પણ કરીને એ પછી બન્ને વિપ્રોએ અલગ અલગ અર્ઘ્ય અર્પણ કરીને તેઓ બન્ને શ્રીહરિના સુંદર વિશાળ ભાલમાં કુમકુમ ચાંદલો તથા ચંદનથી અર્ચા કરીને ચોખા વડે પૂજન કર્યું. ॥૧૪॥ ત્યાર પછી શ્રીહરિએ મસ્તકના મોળીઆ ઉપર ફૂલના તોરાઓને ધારણ કર્યા તેને જોઈને અતિશય આનંદ થયો. શ્રીહરિ અતિશય શોભવા લાગ્યા. ॥૧૫॥ શ્રીહરિના કંઠમાં અનેક પ્રકારના ફૂલોના મોટા મોટા હારોને પ્રેમપૂર્વક ધારણ કરાવીને ત્યાર પછી ધૂપ દીપ પ્રગટાવીને રાજી થતા હતા. ॥૧૬॥ ત્યાર પછી અબીલગુલાલથી પૂજન કરીને નૈવેદ્ય તૈયાર કરીને અર્પણ કરતા હતા. સાકરના મોટા બીડા શ્રીહરિને આપતા હતા. ॥૧૭॥ ઈલાયચી, સોપારી, દ્રાક્ષ, શ્રીફળ, ખજૂર, ખારેક, દાડમ આદિ ફળોને શ્રીહરિ આગળ મૂકીને અર્પણ કરતા હતા. ॥૧૮॥ હે રાજન ! ત્યાર પછી સોનાની મુદ્રાઓ અર્પણ કરીને આરતી કરતા હતા



અને શ્રીહરિ કૃષ્ણ મહાપ્રભુનો જય જયકાર કરતા હતા. ॥૧૯॥ ત્યાર પછી શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુનું પૂજન કરીને આરતી વિગેરે કરીને હાથ જોડીને તે બંને વિપ્રો ગદ્ગદ વાણીથી પ્રાર્થના કરવા લાગ્યા. ॥૨૦॥ બ્રાહ્મણો બંને પ્રાર્થના કરે છે. હે કૃષ્ણ ! હે સકળ જગતના સ્વામી ! હે પરાત્પર સર્વના આત્મા ! હે નરની સાથે બદરીવનમાં વિરાજમાન નારાયણ ! સર્વના અંતઃકરણમાં નિવાસ કરીને રહેલા સર્વની બુદ્ધિના મર્મને જાણનારા એવા અનંતાત્મા મુનિઓના સ્વામી અમો આપને વારંવાર નમન કરીએ છીએ. ॥૨૧॥ હે પ્રભુ ! આપના ગુણ અને ઐશ્વર્યને વેદો શ્રુતિઓ દ્વારા કાયમ ગાયા કરે છે એવા અનંત કોટી બ્રહ્માંડોના સ્વામી અક્ષરધામમાં નિવાસ કરનારા, સર્વે સત્ત્વ માત્રના સર્જક તથા રજોગુણ, તમોગુણ આદિને ઉત્પન્ન કરનારા તથા તેને પોતામાં લીન કરનારા ઈશ્વરનાં સ્વરૂપોને આપ જ ધારણ કરો છો એવા ॥૨૨॥ આપના મુખકમળમાંથી નીકળેલા અમૃતમય વચનોને સાંભળીને સંતુષ્ટ થયેલા એવા અમને આપના ચરણકમળમાં અમારું મન બુદ્ધિથી જોડાયેલુ રહે એવી અમારા ઉપર કૃપા કરો. અમારાં ચિત્ત આપના ચરિત્રરૂપી સમુદ્રમાં હમેશાં રમ્યા કરે તે પ્રેમપ્રવાહને વહેવડાવનારા મુનિજનોમાં અમારો વાસ થાય એવી કૃપા કરો ॥૨૩॥ જેમના મહિમાને, દેવો તથા બ્રહ્મા શિવજી આદિના તથા અનંત શેષજીના મુખે તથા સનકાદિકના મુખે તથા આપના ચરણનું ધ્યાન કરનારા યોગીઓને માટે ગુપ્ત ચરિત્રોને કરો છો તે તથા પોતાના ભક્તોને સુખ આપવા માટે મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને જે મનુષ્ય ચરિત્ર કરો છો તે જીવના કલ્યાણ માટે જ કરો છો એવા હે પ્રભુ ! ॥૨૪॥ આપને કેટલાક જીવો અહીંયાં ભગવાનરૂપે માને છે અને તેમાં કેટલાક ભક્તો ગોલોક ધામાધિપતિ એવી રીતે માને છે. કેટલાક વિષ્ણુ સ્વરૂપે ચતુર્ભુજ વૈકુંઠનાથ રૂપે માને છે અને અમારા જેવા ભેદને જાણનારા આપને અક્ષરધામાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ માનીએ છીએ. ॥૨૫॥ હે અક્ષરધામ સ્વરૂપવાળા ! તથા અદ્ભૂત ચરિત્રોને કરનારા વિદ્યા અવિદ્યાના સર્જનારા સર્વના હે

પરમેશ્વર ! અમો આપને વંદન કરીએ છીએ. ॥૨૬॥ હે આત્માના દીપકની સમાન પ્રકાશને આપનાર મૂર્તિરૂપ બ્રહ્માદિદેવો તથા મુક્ત સમુદાય આપના ચરણકમળનું હંમેશા સેવન કરે છે. ॥૨૭॥ કરોડો કામદેવને લજ્જા પમાડો એવા મનોહર મૂર્તિ, અનંતને સુખ આપનારા નિર્ગુણસ્વરૂપ, સર્વના સ્વામી, સર્વ જીવોના આત્મા એવા આપને અમો વારંવાર વંદન કરીએ છીએ ॥૨૮॥ હંમેશા આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ ઘનશ્યામ, તમોને અમો વંદન કરીએ છીએ. સર્વ જીવાત્માઓનાં કલ્યાણ કરવા માટે ધર્મભક્તિના ઘેર પ્રગટ થઈને વિચરણ કરતા આપને અમો વંદન કરીએ છીએ. ॥૨૯॥ વેદની શ્રુતિથી, યજ્ઞ કરવાથી, દાન કરવાથી, તપ કરવાથી ઈન્દ્રિયોનો સંયમ કરવાનું જે ફળ મળે છે તે સર્વે આપનો સત્સંગ કરવાથી તથા શ્રીહરિ આપનાં દર્શનથી તથા સંતસમાગમથી જ સર્વે મળે છે. ॥૩૦॥ હે પ્રભુ, આપના સત્સંગીઓના ભાગ્યની તો વાત જ ક્યાં થાય તેમ છે ? કેમ કે દેવ જેની પ્રાર્થના કરે છે એવા પવિત્ર સંતોના તેઓ હમેશાં દર્શન, જ્ઞાન, શ્રવણ કર્યા કરે છે તેથી મહાભાગ્યશાળી છે. ॥૩૧॥ હે કમળનયન ! હે પરબ્રહ્મ નારાયણ, ધર્મકુળના ભૂષણરૂપ પ્રભુ, અમારી ઉપર કૃપા કરીને હે બ્રહ્મઆત્મન ! તમારા સ્વરૂપની ભક્તિ આપો, હે અનંત- ધામાધિપતિ ! આપનાં સંતો ભક્તનો અમને હમેશાં સંગ આપો એ જ આપની પાસે અમો માગીએ છીએ. ॥૩૨॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! એવી રીતે તે બંને વિપ્રો સ્તુતિ કરી રહ્યા એટલે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ તે બંનેએ પ્રથમ ચરણકમળમાં ચંદન આર્ચન કરેલ હતું તેથી ॥૩૩॥ તેમને ઉદ્દેશીને ધર્મનંદ, મહાપ્રભુ મેઘસમાન ગંભીરવાણીથી કહેવા લાગ્યા. તમોએ મારી સ્તુતિ કરી તે મેં સાંભળી તેથી તમોને મારો મહિમા છે તે હું જાણું છું. તમને મારો ખૂબ જ મહિમા છે. ॥૩૪॥ હે બ્રાહ્મણો ! તમો સર્વ કારણનું કારણરૂપમાં મારા વચનો સાંભળો. સનાતન અક્ષર સત્‌ચિત આનંદ સ્વરૂપ પવિત્ર મારું ધામ છે તે તમો જાણો. ॥૩૫॥ ત્યાં મારા સ્વરૂપની ઉપાસના ભક્તિ કરીને નિર્ગુણ સ્થિતિને પામેલા ભક્ત મુક્તો આત્મજ્ઞાનવાળા મારા



સ્વરૂપની દૃઢ ઉપાસના કરે છે. તેઓ ઈન્દ્રિયોને વશ કરનારા તથા સર્વ જાણનારા જન્મ મૃત્યુને જીતનારા હોય છે. ॥૩૬॥ તે નિર્ગુણમુક્તો કિશોર અવસ્થાવાળા તથા કરોડો ચંદ્રમા સમાન તેજવાળા, નિર્મલ શાંત દિવ્યવસ્ત્રોને ધારણ કરેલા, કમલ સમાન નેત્રોવાળા બ્રહ્મતત્વરૂપને ધારણ કરેલા ॥૩૭॥ તે સર્વે મુક્તો મારા સ્વરૂપને વિષે મનને જોડીને દૃઢ ભાવપૂર્વક મારી ઉપાસના કર્યા કરે છે અને ત્યાં રહેલા વાસુદેવની પૂર્ણબ્રહ્મ સનાતન સ્વરૂપની મારી ભક્તિ કરે છે. ॥૩૮॥ સર્વનો આત્માનો આત્મા અનંત બ્રહ્માડનો નિયામક એવો તે બધા જ વેદો ઉપનિષદો ઉચ્ચારો વડે હંમેશા મારી ઉપાસના કર્યા કરે છે. ॥૩૯॥ હે બ્રહ્મદેવો ! હું બ્રાહ્મણો, ગાયો, દેવો, સંતપુરુષોનું રક્ષણ કરવા માટે આ પૃથ્વી ઉપર મારા મુક્ત પુરુષોની સાથે અવતાર ધારણ કરીને આત્યંતિક કલ્યાણ માટે જ વિચરણ કરું છું તે જાણો. ॥૪૦॥ પવિત્ર અંતકરણવાળા નિર્મળ આત્માવાળા મુનિઓ, સંતો મારા સ્વરૂપના ધ્યાનપરાયણ વર્ત્યા કરે છે અને મારા સ્વરૂપના દૃઢ આશ્રયને લીધે તેઓ મારી સર્વ ક્રિયાઓને જાણે છે. ॥૪૧॥ આવી રીતના મારા સ્વરૂપના મહિમાને દુષ્ટ બુદ્ધિવાળા પાપીઓ નથી જાણી શકતા. તે અધર્મીઓ હલકા વિચારો, કાર્યોથી, જડ વિચારોથી આ સંસારમાં વારંવાર જન્મમરણમાં ભમ્યા કરે છે. ॥૪૨॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! આવી રીતે શ્રીહરિના મુખકમળથી નીકળેલ અમૃતરસનું પાન કરીને તે બંને બ્રહ્મદેવો તથા સર્વે સંત ભક્તગણો પોતાના સ્થાન ઉપર રહીને પોતાના પ્રાણપ્રિય મહાપ્રભુને પોતાના અંતઃકરણમાં ધારણ કરી લેતા હતા. ॥૪૩॥ ત્યાર પછી ધ્યાન નિદ્રામાંથી બહાર નીકળીને તેઓ સર્વે તે પરમેશ્વરરૂપ શ્રીહરિને સર્વના કરણ મહેશ્વર જાણીને તે પ્રભુને વિશે સ્નેહ કરતા થકા તેમને વિષે જગતમાં સર્વાધિક પ્રીતિ કરીને સ્મરણ કરતા થકા રહેવા લાગ્યા. ॥૪૪॥ ત્યારે ત્યાં એક બ્રાહ્મણ માતા જગદંબાનો ભક્ત પોતાના લલાટમાં સિંદૂરનો લેપ કરીને શરીર ઉપર પણ લેપ કરેલો, તે બ્રાહ્મણ શ્રીહરિ સમાધિ કરાવે છે. તે જાણીને સેંકડો માણસોની સાથે

ટોળામાં ત્યાં સભામાં આવ્યો. ॥૪૫॥ હાથમાં ત્રિશૂળ લઈને લાલ નેત્રવાળો તે બ્રાહ્મણ શ્રીહરિને પૂછવા લાગ્યો તમે આ પૃથ્વીલોકમાં ભગવાન છો ? તો હું પણ માતા દેવીનો પરમ ભક્ત સેવક છું. ॥૪૬॥ શ્રીહરિ મહાપ્રભુ હસતા થકા તે બ્રાહ્મણને કહેવા લાગ્યા, તેના ગર્વને હરવા માટે શ્રીહરિ કહે છે કે તું માતા દેવીનો (ઈશ્વરી) પૂજક છે. હું ઈશ પણ આ તે માતાના પતિ છે તે પ્રમાણે જાણ. ॥૪૭॥ તારા જેવા માયાવી મનુષ્યોના દોષોને પ્રગટ કરવા માટે આ પૃથ્વી ઉપર હું પ્રગટ થયો છું, અને દોષોના નાશ માટે છેતરપિંડી કરનારા માટે અમે અત્યારે જ્ઞાનશસ્ત્ર ધરીને તેઓને પાછા પાડીએ છીએ અને જીવોને સદ્‌માર્ગે લાવીએ છીએ. ॥૪૮॥ હે રાજન્ ! આવી રીતનાં શ્રીધર્મનંદન મહાપ્રભુનાં માર્મિક વચનો સાંભળીને શક્તિનો ઉપાસક તે બ્રાહ્મણ પોતાના અંતકરણમાં બળવા લાગ્યો અને ભક્તજનોના સમુદાયને જોઈને તે પોતાના મંડળ સાથે જતો રહ્યો અને સર્વે ભક્તજનો મંદ હાસ્ય મુખવાળા શ્રીહરિના દર્શન કરીને આનંદ પામવા લાગ્યા. ॥૪૯॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં અમદાવાદમાં શ્રીહરિએ ચરિત્ર કર્યા એ નામે આ ચોત્રીસમો અધ્યાય થયો. ॥૩૪॥**

## ॥ અધ્યાય - ૩૫ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! આવી રીતે ધર્મનંદન શ્રી સહજાનંદ સ્વામીનો ઐશ્વર્ય પ્રતાપ જોઈને તે અમદાવાદ નગરમાં રહેલા અસુરોમાં લોલંગર નામના સમાજનો નેતા મહંતની સાથે મળીને તથા બીજા અસુરો સર્વે શ્રીહરિ ઉપર ઉપાધિ કરવા લાગ્યા. ॥૧॥ મહાપાપીઓ એવા તે મદ્યપાન કરવાથી લાલ આંખોવાળા હઠીલી કપટી કામાન્ધ થયેલા ક્રૂર સ્વભાવના ઉગ્રતાથી ખૂબ જ ભય બતાવતા લોકોમાં પીડા ઉપજાવતા માંસભક્ષણ કરનારા હતા. ॥૨॥ તેઓ શ્રીહરિ પાસે આવવા લાગ્યા ત્યારે



શ્રીહરિ નારાયણ મહાપ્રભુએ તેઓને આત્મદૃષ્ટિથી તે પાપીઓને પાછા પાડીને ભગાડી મૂક્યા, અને ફરીથી શ્રીહરિ એકાન્તિક ભક્તો વડે ચરણકમળને પૂજા કરાયેલા ઐશ્વર્ય પ્રતાપના ગુણવાળા તે ભક્તોને આનંદ આપવા લાગ્યા. ॥૩॥ **રાજા કહે છે :** હે સ્વામી ! જેવી રીતે દૈત્યનો રાજા લોલંગર રાજાને જેમ જીત્યો તે કથા હું સાંભળવાની ઈચ્છા રાખું છું તો તે મને સંભળાવવા કૃપા કરો. ॥૪॥ હે સ્વામી, આપના મુખેથી શ્રીહરિ મહાપ્રભુની કથા સાંભળવાથી મારી સંસારની સર્વે વાસના ચાલી ગઈ છે, અને કથાશ્રવણ કરવાથી મનમાં હજી અપૂર્ણતા જ રહ્યા કરે છે તૃપ્તિ પૂર્ણ કરવા આપ મને હરિચરિત્ર સંભળાવો. ॥૫॥ જેવી રીતે હીમ પડવાથી વનની શોભા નાશ થાય છે. તથા ભૂખથી પીડાતો જીવ સારુ ભોજન મળવાથી તૃપ્ત થાય છે, તેવી જ રીતે આપના મુખથકી નીકળી આવેલી હરિલીલા જેમ ભૂખ્યાને પકવાનનાં ભોજન મળવાથી સુખ થાય છે, તેમ મને કથાશ્રવણ કરવાથી આપના વાક્યો શ્રીહરિમાં પ્રેમ ઉપજાવનારાં સુખ કર થાય છે. ॥૬॥ જેવી રીતે લોભિયાને ધન મળે તો પ્રસન્નતા થાય તથા વિષયવાસનામાં બંધાયેલા જીવોમાં, વાંઝિયાને જેમ તેની સ્ત્રીથી પુત્ર આવે એટલે શાંતિ થાય તેમ આપના મુખેથી કથા સાંભળવાથી નિત્ય પ્રત્યે મને શ્રીહરિમાં ઉત્કંઠા વધતી જાય છે. ॥૭॥ એટલા માટે કૃપામૂર્તિ શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુના બીજા ચરિત્રો હે સ્વામી ! આપ મારી ઉપર કૃપા કરીને પાપનાશ કરનારાં એવાં શ્રીહરિના પરાક્રમયુક્ત જે ચરિત્રો હોય તે મને સંભળાવો. હું સાંભળવા માટે ખૂબ જ તરસાયેલો છું. તેથી અમૃતકથાથી મને તૃપ્ત કરો. ॥૮॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! આવી રીતે અસુરના પરાભવનાં તથા અન્ય અનેક ઐશ્વર્યપ્રતાપને જોઈને શ્રી સ્વામિનારાયણ ભગવાન ઉપર મોહ પામેલા તે અમદાવાદના મનુષ્યો દર્શન કરવા માટે આવવા લાગ્યા. ॥૯॥ સર્વના સ્વામી શ્રી સહજાનંદ સ્વામીનાં મુખ જોવા માટે દર્શન માટે આવ્યા તેમાં વૈષ્ણવો, શૈવો, જૈનો, રામાનુજીયો,

સર્વે તત્પરતાથી આવવા લાગ્યા. ।।૧૦।। મધ્વ સંપ્રદાયના નિંબાર્ક સંપ્રદાયના બ્રહ્મજ્ઞાનવાળા શક્તિના ઉપાસકો, કબીરના ઉપાસકો, કૌલ સંપ્રદાયના ઉપાસકો, શાંભવ મતવાળા તથા નાસ્તિક મતવાળા આવતા હતા. ।।૧૧।। બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યો, શૂદ્રો યવનો તથા અંત્યજો આદિ સર્વજ્ઞાતિનાં મનુષ્યો શ્રીહરિ સહજાનંદ સ્વામીનો ઐશ્વર્યપ્રતાપ સાંભળીને જોવા માટે આવવા લાગ્યા. ।।૧૨।। પરમ હંસોનો સમુદાય જેમનાં ચરણકમળનું સેવન કરી રહ્યો એવા ધ્યાન ધારણાવાળા એવા શ્રીઘનશ્યામ મહાપ્રભુને જોયા. ।।૧૩।। ત્યારે તેઓએ નર ભગવાનની સાથે નારાયણ ભગવાનનાં દર્શન કર્યાં તે નરનારાયણ પ્રભુને ભક્તજનોથી પૂજાતા જોયા. તે જેમ આકાશમાં સૂર્યચંદ્ર ગ્રહમંડળ તથા તારામંડળથી શોભે છે તેમ શોભાવાળાં દર્શન થતાં હતાં. ।।૧૪।। પૂર્ણિમાના પૂર્ણકળાએ ખીલેલા ચંદ્રબિંબની જેમ શ્રીહરિના મનોહર મુખારવિંદના દર્શન કરીને તેમની વાંકી ભ્રકૂટિ અતિશય મનોહર લાગતી હતી તથા લલાટમાં સુંદર કુમકુમનો ગોળ ચાંદલો ખૂબ જ શોભા આપતો હતો એવા મુખારવિંદના દર્શન કર્યાં. ।।૧૫।। તે ભગવાને મસ્તક ઉપર પીળા કલરની પાઘ ધારણ કરી હતી. ફૂલના હારોને ધારણ કરેલા મસ્તક ઉપર તોરા ધારણ કરવાથી ખૂબ જ શોભાયમાન થતા હતા તેમજ ભક્તજનોએ કંઠમાં સુગંધિત ફૂલોના હારો ધારેલા તે શ્રીહરિની શોભાને જોઈને તેને વારંવાર જોવા પ્રેરાતા હતા. ।।૧૬।। જેવી રીતે જમીન ઉપર કીડીઓની લાઈન થાય છે તેવી રીતે તે નગરના મનુષ્યો શ્રીહરિના દર્શન માટે સ્ત્રીઓ બાળકોની સાથે ત્યાં ઉભા રહેતા હતા. ।।૧૭।। હે રાજન્ ! તે શ્રીહરિના પ્રતાપથી શિવના ઉપાસકો શક્તિના ઉપાસકો, જૈનો આદિ સર્વે ધર્મના મનુષ્યો શ્રીહરિની કૃપાથી તે પોતપોતાના લોકમાં તેમના દેવોનાં દર્શન કરતા હતા. ।।૧૮।। જેમ સૂર્યનો ઉદય થવાથી બીજાં નક્ષત્ર ગણો સર્વેનો પ્રકાશ ઝાંખો થઈ જાય છે તેમ શ્રીહરિની આગળ સર્વે મતવાદીઓનાં તેજ ઝાંખા પડી જતાં હતાં. ।।૧૯।। એટલે તે કારણે સર્વે



અસુરો તે શ્રીહરિના ઐશ્વર્યથી તેમની ઉપર ઈર્ષ્યા મત્સરથી પીડાતા તે અસુરો બધાય મળીને અસુરોનો રાજા તે લોલંગર નામના અસુર પાસે ગયા ।।૨૦।। હજારોની સંખ્યાવાળા તે અસુરો ઉઘાડા શરીરવાળા બિહામણા વેશવાળા ઉગ્રતાપૂર્વક ભય દેખાડતા તથા ભયભીત થતા થકા અસુરરાજને કહેવા લાગ્યા ।।૨૧।। **અસુરો કહે છે :** હે મહાત્મા આ શહેરમાં જીવનમુક્તા નામના એક પુરુષ આવેલા છે. તેઓ કેટલાક પોતાના સાધુઓની સાથે અહીં આવીને શહેરના લોકોને સમાધિઓ કરાવીને તેઓને મોહ પમાડે છે. ।।૨૨।। તે જીવનમુક્તાએ જગતને પોતાની ઈન્દ્રજાળમાં મોહ પમાડીને પોતાના વશમાં કરી લે છે. તે જ રીતે અમારા મન પણ તેણે હરી લીધાં હતાં. અમારી વૃત્તિઓ તેમનામાં ખેંચાણી હતી. ।।૨૩।। તે જીવનમુક્તા પોતાના સાધુઓની સાથે વિંટળાઈને આપણા તમાકુ, ભાંગ, અફીણ, ગાંજો, દારૂ, મદિરા, આદિ આપણાં વ્યસનોની તેઓ નિંદા કરીને લોકોને છોડાવરાવે છે. ।।૨૪।। એટલા માટે તેઓ આવી રીતે લોકોને મોહ પમાડીને અહીંયાં રહીને, પોતાના મતનો પગ જમાવી દેશે તો આપણા બધા મતોને ઉખેડી નાખીને પોતાના મતની જમાવટ કરી દેશે. ।।૨૫।। આ નગરના મનુષ્યોને જ્ઞાનનો ઉપદેશ આપીને પોતાના શિષ્યો બનાવી દેશે, તે જીવનમુક્ત પોતાના ગૂઢ ઐશ્વર્યપ્રતાપવાળા તથા ખૂબ જ પરાક્રમ બતાવનારા છે. ।।૨૬।। હે મહારાજ ! આ કારણથી તેના ઐશ્વર્યનો નાશ કરવા માટે આપણે બધા જ મતવાળા એક થઈને તેમનો સામનો કરીશું તો તેમને પાછા પાડી શકીશું. તમો આ બીડું સ્વીકારી તૈયાર થાઓ ।।૨૭।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! તે અસુરોનો સરદાર બધા જૂથોવાળા અસુરોનું કહેવું સાંભળીને અતિશય ઘમંડવાળો થયો તે ક્રોધ કરવાથી લાલ નેત્રવાળો તે અસુરોને કહેવા લાગ્યો. ।।૨૮।। લોલંગર રાજ કહે છે હે બુદ્ધિશાળીઓ ! તમો મારાં વચનો સાંભળો અને સાવધાન થઈ જાવ. તે જીવનમુક્તાની સાથે યુદ્ધ કરવા તમે હજારોની સંખ્યામાં નગ્ન

સ્થિતિમાં થઈ જાઓ. ॥૨૯॥ પોતપોતાનાં હથિયારો જેવાં કે ત્રિશૂળ, તલવાર, ચર્માણી વિગેરે જે હોય તે લઈને વિકૃત વેશ ધારણ કરીને તેઓની સાથે યુદ્ધ કરવા તૈયાર રહો. ॥૩૦॥ હે શૂરવીરો તેઓની સાથે બધાય ભેગા મળીને મહાભયંકર શૂરવીરતાની સાથે આનંદ પામતા ભેંસ, સિંહ, શિયાળ વિગેરેના શબ્દો કરતા થકા તેઓને શંકાવાળા કરી નાખવાના. ॥૩૧॥ આ યુદ્ધના મહોત્સવમાં મારી આજ્ઞાથી તેના પ્રભાવને નાશ કરી નાખીને તેમની સાથે મહાપરાક્રથી યુદ્ધ કરીને જલદીથી તેંમને પરાભવ પમાડવાના છે. ॥૩૨॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! પોતાના નેતા અસુરરાજનાં વચનો સાંભળીને અતિશય આનંદ પામતા થકા પ્રફુલ્લિત ખુલ્લાં અંગવાળા તેઓ અતિશય અભિમાન કરતા થકા આવતા હતા. જેમ પતંગિયાં અગ્નિ પાસે આવે છે તેમ આવતા હતા. ॥૩૩॥ વિકરાળ સ્વરૂપવાળા ભયાનક દેખાતા લાલ આંખોવાળા, પીળી જટા, માથા ઉપર બાંધેલી તથા શરીરમાં ખૂબ જ ભસ્મ ચોળેલા તંગ અંગોવાળા, જુદા જુદા હથિયારો ધારી રહેલા તેથી મહાભયંકર લાગતા હતા. ॥૩૪॥ હે રાજન્ ! કેડ ઉપર મજબૂત સાંકળ બાંધેલા, વાઘના ચામડાને ધારણ કરેલા, પીઠમાં ભયાનક ચિત્રોવાળા, મોઢાંથી જે જાતે જ અપશબ્દો બોલીને, ભૈરવ જેવા અવાજવાળા તે પોતાની પાછળ આવનારને બળ આપવા માટે હૂંકાર કરતા હતા. ॥૩૫॥ કેટલાક હાથમાં ત્રિશૂળને ઊંચા કરી રાખેલ છે, એવા કેટલાકે તીક્ષ્ણ કટાર હથિયારને ધારણ કરેલા, કેટલાકે હાથમાં તલવાર લીધેલી હતી. બંદૂકને સાધનો સાથે ધારણ કરેલી હતી. ॥૩૬॥ કેટલાક ગોમુખના તથા કેટલાક શંખોના અવાજો કરતા થકા ત્યાં આવ્યા. કેટલાક ઘંટનો અવાજ કરતા થકા જ્યાં શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ હતા ત્યાં આવ્યા ॥૩૭॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! તે સમયે પીતાંબર વસ્ત્રને ધારણ કરેલા મંદહાસ્યયુક્ત મુખકમળવાળા, મનોહર મુખવાળા અસુરોના ઉપદ્રવને જોઈને મુનિજનોને અને પોતાના પાર્ષદ



ગણોને હાથ જોડીને ઊભેલા તે શ્રીહરિને કહેવા લાગ્યા. ॥૩૮॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં અમદાવાદમાં અસુર સેના ઉપદ્રવ કરીને આવી એ નામે પાંત્રીસમો અધ્યાય થયો. ॥૩૫॥**

## ॥ અધ્યાય - ૩૬ ॥

**પાર્ષદો કહે છે :** હે હરિ ! હે હરિકૃષ્ણ, હે ઘનશ્યામ પ્રભુ ! હે નારાયણ ! હે જગતપતિ અત્યારે યમદૂતો જેવા મહાભયંકર પાપીઓ અસુરો અહી આવ્યા છે. ॥૧॥ હે મુનિઓના સ્વામી ! તેઓ આપણને હરાવવા માટે હાથિયારો ધારણ કરીને કામાંધ એવા લોલંગરોના આદેશ પ્રમાણે ચાલનારા અત્યારે આવેલા છે. ॥૨॥ હે રાજન્ ! પોતાના ભક્તજનો શ્રીહરિ મહાપ્રભુને આ રીતે કહી રહ્યા હતા, એટલામાં તરત જ તે અસુરો આવી ગયા અને શ્રીહરિના રહેવાની જગ્યામાં તોડફોડ અને લૂંટફાટ કરવા માટે તે દુષ્ટ મનવાળા થઈને આવ્યા હતા. ॥૩॥ તેની પાછળ આવેલા અસુરો, સંતો અને શ્રીહરિ ઉપર દુષ્ટબુદ્ધિના ક્રૂર માનસ વાળા તે દૂતો પથ્થરો અને શસ્ત્રોનો મારો ચલાવવા લાગ્યા ! ॥૪॥ જેવી રીતે બોલ્યા અવસ્થામાં. શ્રીહરિને મારવા માટે કૃત્યાઓ આવેલીને શોધતી હતી, તેમજ આ અસુરો તે જ રીતે શ્રીહરિને શોધતા હતા, તેઓ આમને મારી નાખવા માટે જ આપણો જન્મ છે, એ પ્રમાણે તેઓ પોતે માનતા હતા. ॥૫॥ ત્યારે આનંદાનંદ સ્વામી શ્રી પતિ ભક્તિનંદન મહાપ્રભુને કહેવા લાગ્યા. હે મહારાજ ! હે પ્રભુ ! આ જગતના સર્વકારણોના કારણ આપ જ છો. ॥૬॥ પરમ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ સર્વના ઈશ્વર આપ જ છો. વિશ્વને ઉત્પન્ન કરવું. તેનો લય કરવો એ તો કેવળ આપના સંકલ્પાધીન જ હોય છે.

॥૭॥ જેની દૃષ્ટિ માત્રથી અનંત બ્રહ્માંડોનો નાશ થઈ જાય છે, તે છતાં હે સંતોના શ્યામ પ્રભુ, આ તો થોડા જ અસુરો છે. તે તો આપની આગળ તો આ મચ્છરીયા જેવા સામાન્ય છે. ॥૮॥ માટે હે મહાપ્રભુ ! આ દૈત્યો થકી આપના સેવક આ સર્વે મુનિઓનું આપ રક્ષણ કરો, રક્ષણ કરો. હે પ્રભુ ! આપ આપનું ઐશ્વર્ય બતાવીને આમનાથી તમારા દાસ એવા અમારા સર્વેનું રક્ષણ કરો. આપ અભયદાન આપો. ॥૯॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! તે આનંદ મુનિના કહેવાનું સાંભળીને ભક્તિનંદન શ્રીહરિ મૂળજી ભક્તને બોલાવીને તેને શૌર્ય સૂચક શબ્દોથી બળપ્રેરણા કરવા લાગ્યા. ॥૧૦॥ હે પાર્ષદશ્રેષ્ઠ ! ઊભો થા અને હથિયાર વિના જ આ દૈત્યોને મારી નાખ. આ અસુરોને બધાને તારી બળ શક્તિ વાપરીને તેમને મનુષ્યોમાંથી ભૂતયોનિવાળા બનાવી નાખ. ॥૧૧॥ હે રાજન્ ! શ્રી હરિના મુખથી કહેવાયેલા શબ્દો સાંભળીને તે મૂળજી ભક્ત સમાધિવાન થઈને વાસુદેવપરાયણ સર્વના આધાર બ્રહ્મધામાધિપતિ મહાપ્રભુના સ્વરૂપમાં આત્મા દૃઢ હતો. ॥૧૨॥ જ્યારે મહાપ્રભુની આજ્ઞા થાય ત્યારે તરત જ હું મારી નેત્રવૃત્તિથી તેને ખેંચી નાખીશ, તે સર્વે દેવના દ્વેષી અસુરોને મારી નાખીશ. ॥૧૩॥ તે મૂળજી ભક્ત શ્રીહરિની આજ્ઞાથી સમાધિમાં કર્ણાગ્ર હસ્તવૃત્તિથી, તે સર્વે દૈત્યોને ખેંચવાથી તેઓની સ્મૃતિ ભૂંસાઈ જવાથી તે આંધળા જેવા થઈ ગયા. મૃત્યુ સમાન થઈ ગયા. ॥૧૪॥ તે મૂળજીને સમાધિમાં કાર્ય કરતો જોઈને શ્રીઘનશ્યામ પ્રભુ બીજા આઠ પોતાના પાર્ષદોને પણ આદેશ આપતા હતા. મારી આજ્ઞા છે તમો તે દૈત્યોનો આત્મયોગ સમાધિ કરીને તેમનો નાશ કરી નાખો. તેમને ખેંચી નાખો. ॥૧૫॥ હે રાજન્ ! શ્રી હરિના આજ્ઞાત્મક સૂચનથી તે સર્વે સમાધિમાં અક્ષિવૃત્તિથી તે દૈત્યોને પોતામાં ખેંચી રાખતા હતા. તેમને નિર્બળ કરી નાખતા હતા. શ્રીહરિના પ્રતાપથી ॥૧૬॥ તેમની મનબુદ્ધિ બંધાઈ જવાથી ભૌતિક દૃષ્ટિથી તેઓ અરસપરસ એકબીજાની સાથે લડતા હતા અને એકબીજાને તેઓ શ્રીહરિના પક્ષવાળા સમજીને પરસ્પર મારતા હતા અને



તે જ પોતે નાશ પામતા હતા. ॥૧૭॥ પૃથ્વી ઉપર કેટલાકનાં વક્ષસ્થળ તથા હાથ કપાવાથી પડી જતા હતા, કેટલાકના ખભા કપાઈ જતા હતા, કેટલાકના હાથ પગ કપાઈ જતા હતા, તેથી કેટલાકના નાક, કાન કપાવાથી વિકૃત દેખાતા હતા. ॥૧૮॥ જેવી રીતે પૂર્વે યાદવોને અંદરોઅંદર મહાઘોર યુદ્ધ થયું હતું તેમ શ્રી હરિની માયાથી મોહપાસમાં બંધાયેલા દૈત્યો અંદરો અંદર એકબીજાને મારી નાખતા હતા. ॥૧૯॥ તેમાં કેટલાક દૈત્યો અતિશય મૃત્યુ પામવાના ભયથી ત્યાંથી પલાયન કરીને ભાગી જતા હતા. કેટલાક પોતાના અંગો કપાઈ જવાથી ત્યાં ને ત્યાં પડ્યા રહેવાથી મૃત્યુ પામી ગયા. ॥૨૦॥ ત્યાં તે દૈત્યો ભેળો હીરાચંદ નામનો કોઈક વાણિયો આગ્રહ કરવાથી દૃષ્ટિ ખેંચવાથી તત્કાળ સમાધિમાં જતો રહ્યો. ॥૨૧॥ તેણે તેમાંથી મુકવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પણ સમાધિમાંથી છૂટી શક્યો નહિ. તે અસુરોના બંધનમાંથી છૂટી શક્યો નહીં ॥૨૨॥ તેથીતે મહેનત કરવા છતાં નિષ્ફળ જવાથી તે દેવલોકમાં ગયો. તેનાં દેહમાંથી ગયા પછી પરાધીન થયો તેવી રીતે બજા પણ આવી રીતે સકંજામાં બંધાઈ ગયા. ॥૨૩॥ હરિ ઈચ્છાથી તે દૈત્યનો પરસ્પર અંદરોઅંદરના યુદ્ધથી પૃથ્વીનો ભાર થોડોક હળવો થયો. જેમ વનમાં વાંસનુ પરસ્પર ઘર્ષણ થવાથી અગ્નિ ઉત્પન્ન થાય અને આખું જંગલ બળીને ખાખ થાય તેમ આ પ્રસંગ બન્યો. ॥૨૪॥ ત્યાર પછી બચી ગયેલા થોડાક દૈત્યો રહી ગયા તે સર્વે પોતપોતાના સ્થાનકે જલદીથી જતા રહ્યા અને બીજા લોલંગરવૃત્તિવાળા અસુરોને આ વાત કહેતા હતા. ॥૨૫॥ હે મહાસૂર, અમારું આખું જૂથ નાશ પામી ગયું, કોઈક દેવ ઈચ્છાથી કોઈના જોવામાં ન આવી જવાય તે ધ્યાન રાખીને અમે ભાગી નીકળ્યા એટલે બચી ગયા. ॥૨૬॥ તે અસુરોનો સરદાર તેની પાસેથી કહેવાયેલુ વૃતાંત સાંભળીને તેને પોતાના વિચારો પ્રમાણે કહેવા લાગ્યો. તે સૌની સાથે અત્યારે આપણે લડાઈ કરવાનો અનુકૂળ સમય નથી એટલા માટે અત્યારે શાંત રહ્યો છું. ॥૨૭॥ તેના માટે યોજનાબદ્ધ સમય નક્કી કરવો પડે. તે સમય જ્યારે આપણને અનુકૂળ આવશે ત્યારે

આપણે જીતી લઈશું. તે સમય માટે આપણે રાહ જોવી પડશે એ પ્રમાણે તે દૈત્યરાજ કહેવા લાગ્યો. ॥૨૮॥ તે રણસંગ્રામમાંથી તે દૈત્યોનાં સાધનો મળ્યાં તે લાવીને હીરાચંદભાઈ તથા નથ્થુરામભાઈએ શ્રીહરિ મહાપ્રભુને આપીને પ્રણામ કરતા હતા. ॥૨૯॥ ત્યાર પછી શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુ મંદહાસ્યયુક્ત મુખકમળવાળા મુખકમળને ધોઈને સ્વસ્થ થઈને પોતાને બેસવા માટેના આસન ઉપર વિરાજમાન થયા. ॥૩૦॥ પોતાના પીતાંબરને મસ્તક ઉપર બાંધીને તૈયાર થઈને સંતો અને ગૃહસ્થજનોના સમુદાયથી મીંટાયા થકા તારાના મંડળમાં જેમ ચંદ્રમા શોભે તેમ મનોહર કંઠમાં હારોને ધારણ કરીને શ્રીહરિ શોભતા હતા. ॥૩૧॥ મસ્તક ઉપર પાઘમાં ફૂલોના તોરાને ધારેલા લલાટમાં કેશર ચંદનની અર્ચા કરેલા હસ્તકમળમાં કડાં આદિ આભરણને ધારણ કરેલાં શ્રીહરિ પોતાના આશ્રિતો ભક્તોને આનંદ ઉપજાવતા હતા, હાસ્ય કરતા કહેવા લાગ્યા. ॥૩૨॥ **શ્રીહરિ મહાપ્રભુ કહે છે :** મુક્તાનંદ સ્વામી, મુકુંદાનંદવર્ણી, રામદાસ સ્વામી, દેવાનંદ, વ્યાપકાનંદ, આદિ હે મુનિઓ ! ॥૩૩॥ તમો સર્વે સંતો એકાગ્ર ચિત્ત થઈને સાંભળો તથા નથુમલ, દયારામ, દુર્લ્લભરામ, જીવણભાઈ દામોદરભક્ત હીરાચંદ તથા ગણપતરામ આદિ સર્વે બ્રાહ્મણો તમે મારા વચનો સાંભળો. ॥૩૪॥ તથા સ્ત્રી ભક્તાઓ તમો સમા, શ્યામા, ગંગા અંબા શિવા, આદિ સર્વે સ્ત્રી ભક્તો તમો મારા સ્વરૂપમાં નિષ્ઠા રાખીને ભજન કરતા થકા મારાપરાયણ જીવનપર્યંત વર્તજો. ॥૩૫॥ અત્યારે જે ઉપદ્રવ તોફાન થયું તેનાથી તમારે મનમાં કાંઈ શંકા નહિ રાખવાની. જેમ બોરસડીનાં ઝાડમાં ફળો ખૂબ આવે છે તેનાથી તે નમી જાય છે, તેને ખરી જતાં વાર ન લાગે તેમ આ ઉપદ્રવમાં અસુરો નાશ પામી ગયા. ॥૩૬॥ તમારે મારા સ્વરૂપને વિષે મનને જોડીને મારી કહેલી જ્ઞાન વાર્તાઓનું કાયમ માટે સ્મરણ કર્યા કરવાનું. અત્યારે આ ઉપદ્રવમાં ઘણાનાં પરિવારમાંથી નાશ થયો તેથી ઘણા અસુરોનો નાશ થઈ ગયો છે. તે પ્રમાણે તમો માનજો. ॥૩૭॥ હું અક્ષરથી ઉપર છું, મારાથી કોઈ ઉપર નથી. હું જ સર્વનો નિયંતા છું.



વાસુદેવ એવો હું સર્વ જગતને ધરનારો, પાલન કરનારો, વિનાશ કરનારો હું જ છું. મારાથી ઉપર કોઈ નથી. ॥૩૮॥ હું મારા ઐશ્વર્યને મર્યાદામાં ઢાંકીને હું મનુષ્ય સ્વરૂપ ધારીને વિચરું છું. તે ભક્તજનોના સુખ કરવા માટે આવ્યો છું ને હું કાયમ મારી એકાન્તિકી ભક્તિ કરનારા ભક્તોને આધીનપણે વર્તું છું. ॥૩૯॥ મને બધા કરતાં મારાપરાયણ મારા ભક્તો મને ખૂબ જ વહાલા છે કેમ કે પોતાના દેહની દરકાર રાખ્યા વિના જ મારું ભજન કરે છે તેથી જેમ, સંકર્ષણ તથા લક્ષ્મી મારા પરાયણ રહે છે તેમ તમારે પણ મારાપરાયણ ચિત્ત રાખવું. ॥૪૦॥ મારા આશ્રિત ભક્તો સંતોના જે દ્વેષી છે તે તેઓ આસૂરી માયાના મોહમાં બંધાયેલા હોય છે તેથી તેનો નાશ કરવા માટે જ મારો આ પૃથ્વી ઉપર અવતાર થયો છે તેથી તેમનું અસુરોનો નાશ કરીને નિકંદન નીકળી જશે એ પ્રમાણે તમો જાણો. ॥૪૧॥ સાધુઓ અને મારા ભક્તો તે મારા પ્રાણ છે અને હું તેઓનો હંમેશા પ્રાણરૂપે રહીને કાયમ વર્તું છું. અત્યારે પણ હું તે સંતોની સાથે ફરું છું તથા તેમની સાથે જ હું સતત રહું છું. ॥૪૨॥ એટલા માટે તમારે સંતોમાં અને મારામાં કોઈ અંતર નથી એ પ્રમાણે તમારે માનવું. જેમ મારા દર્શન કરો છો, તેમાં કલ્યાણ માનો છો તેમ સંતોના દર્શન કરવાથી તમારું કલ્યાણ થશે જ. ॥૪૩॥ તે સંતો દયાની મૂર્તિ, ઈર્ષ્યા વગરના, શાંત પ્રકૃતિના, સમાન દૃષ્ટિવાળા, નિર્મળ મનવાળા, નિર્માની, મત્સરથી રહિત, ક્રોધ વગરના, સર્વપ્રાણી માત્રના અતિશયપ્રિય મિત્ર રૂપ તે સંતો હોય છે. ॥૪૪॥ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યપૂર્વક મારી ભક્તિપરાયણ છે, પુરુષોત્તમ નારાયણ એવો હું તે મારા વિષે અતિશય પ્રેમભક્તિવાળા તે સંતો છે. ॥૪૫॥ આ પૃથ્વીલોકમાં આવા નિર્માની સંતોના સમાગમથી અધિક અપ્રાપ્ય છે જ નહિ. મુમુક્ષુજનોને આનાથી વિશેષ કાંઈ મેળવવાનું છે જ નહિ તેમને જ ભગવતસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. ॥૪૬॥ તે સંતોને વિશે દઢ પ્રીતિ રાખીને તે સંતોની સેવા કરવાથી તે જીવોને માયાના બંધનમાંથી મુક્તિ મળી જાય છે અને જીવનના અંતમાં આત્મા શ્રીહરિના

બ્રહ્મધામમાં જાય છે. ॥૪૭॥ શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે : હે રાજન્ ! શ્રી હરિમહાપ્રભુ સહજાનંદ સ્વામી મંદ હાસ્ય કરતા હતા. મધુર અમૃત સમાન વચનોથી પોતાના પ્રિય ભક્તજનોને ઉપદેશ કરીને તેમને પોતાના અનુભવનાં પ્રિયવચનોથી આનંદ આપીને સ્વચરણાશ્રિતોને ઉપદેશ આપીને શ્રીહરિ મૌન રહ્યા. ॥૪૮॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં શ્રીહરિએ અસુરોના ઉપદ્રવનો પરાભવ કર્યો એ નામે છત્રીસમો અધ્યાય થયો. ॥૩૬॥**

## ॥ અધ્યાય - ૩૭ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! એવી રીતે શ્રીહરિ ભક્તજનોને ઉપદેશના વચનો કહીને મૌન રહ્યા ત્યારે ત્યાં રહેલા ગંગામા મનમાં ખૂબ જ આનંદ પામતાં હતાં. શ્રીહરિ મહાપ્રભુની સ્તુતિ કરવા લાગ્યાં. ॥૧॥ **ગંગામાં સ્તુતિ કરે છે.** હે નારાયણપ્રભુ ! તમે જ પરબ્રહ્મ નારાયણ સાક્ષાત્ ભગવાન છો અને ભક્તજનોના આધિ, વ્યાધિ, ઉપાધિને હરી લો છો, અને તેને સુખી રાખો છો. જ્ઞાનિજનો જેમનું નિવાસ અક્ષરધામ છે એવા આપને કહે છે એવા આપ સત્ય જ શાંત મૂર્તિ સર્વને સુખ આપનારા છો. ॥૨॥ આપ અક્ષરધામમાં દિવ્ય સિંહાસનમાં વિરાજમાન હો ત્યારે દિવ્ય આત્માઓ, મુક્ત પુરુષો આપના ચરણકમળની પ્રેમપૂર્વક સેવા કરે છે. આપના ચરણકમળના નખની શોભા અનંત સૂર્ય-ચંદ્ર કરતાં પણ અધિક છે, તથા અનેક દિવ્ય આભૂષણો તથા શ્વેત વસ્ત્રોને ધારી રહ્યા છો એવા વિરાજમાન છો. ॥૩॥ એવા આપના મનોહર સ્વરૂપને ધારીને આપ વિરાજમાન છો તે સ્વરૂપના તેજથી લજ્જા પામેલી અનાદિમાયા આપની



આગળ રહેવા સમર્થ નથી થતી. આપના રૂપને જોઈને અનેક કામદેવો પણ મોહ પામી જાય છે, એવા કામદેવના ગર્વને હરનારા મનોહર મૂર્તિ આપ શોભો છો. ॥૪॥ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આપની ઈચ્છાથી જ થાય છે. પિંડ, બ્રહ્માંડ આકાશ આદિ સર્વે આપનામાંથી જ થાય છે, તથા સર્વલોકો માયાના કાર્યો તથા બીજું બધું આપના પ્રતાપથી જ થાય છે એવા હે હરિકૃષ્ણ ! મહાપ્રભુ ! આપ આ પૃથ્વીલોકમાં વિચરણ કરો છો. ॥૫॥ હે નારાયણ ! વિદ્યા, તપ, યોગ તથા સમાધિથી તો આપને મેળવી શકાય છે તથા જપ વ્રતાદિથી મુમુક્ષુ જીવો દ્વારા આપની ઓળખાણ થાય છે. આપે ભારતવર્ષમાં વિચરણ કરીને જે જીવોએ આપના સ્વરૂપને ઓળખ્યું તેઓ આપના ચરણકમળ ને પોતાના અંતઃકરણમાં ધારીને મુક્તિ પામ્યા. ॥૬॥ આપે આપની દૃષ્ટિમાત્રથી ભક્તજનો ઉપર ઘૃણા કરનાર અસુરોને મારી નાખ્યા એવી રીતે આપ આ પૃથ્વી ઉપર આપના ચરિત્રોને વિસ્તારતા થકા આ પૃથ્વી ઉપર સંતોની સાથે મુમુક્ષુ જીવોની, તૃષાને મટાડતા થકા વિચરણ કરો છો. ॥૭॥ જેના મહિમાને ભગવાન શિવજીત્રણ મુખે ગાય છે તથા બ્રહ્મા ચાર મુખે ગાયા કરે છે તે છતાં તૃપ્તિ નથી પામતા, તથા સર્વે દેવતાઓ અખંડ આપના મહિમાનું ગાન કર્યા કરે છે, તોય પાર નથી પામતા તો ઋષિઓ તથા મનુષ્યો ક્યાંથી પાર પામી શકે ? ન જ પામી શકે. ॥૮॥ એવા હે શ્રીહરિ ! આપ દયા કરીને આ ભવસાગરમાં ડૂબેલા અમને આપની કૃપાદૃષ્ટિ વડે ઉદ્ધારી લેજો તથા આપે આપના માતાપિતાને આપનાં સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ આપીને સ્વસુખ આપ્યું એવા સત્યાત્મક હે પ્રભુ ! પતિત એવા અમને તમો હંમેશા ઉપદેશ આપીને માયાના બંધનથી ઉગાર જો. ॥૯॥ હે ધર્મનંદન ! મહાપ્રભુ, આપ ભક્ત પુરુષો તથા સંતોને સુખ આપવા માટે અસુરોનો નાશ કરીને વૈદિકમાર્ગને વિસ્તારવા માટે ધર્મદેવના ઘેર પ્રગટ થઈને જે સૂર્ય આ પૃથ્વી ઉપર પોતાનો પ્રકાશ ફેલાવે છે તેમ આપ પોતાના સ્વધર્મને જ્ઞાનના પ્રકાશને

વિસ્તારીને જીવોને સુખ આપો છો. ।।૧૦।। હે કૃષ્ણ, હે ધર્માત્મજ ! હે પુરુષોત્તમ ! નવીન મેઘની સમાન મનોહર સ્વરૂપવાળા કલ્યાણમૂર્તિ એવા મંદ હાસ્યયુક્ત મુખકમળવાળા, કૃપાદષ્ટિ કરતા થકા સંતમંડળથી વીંટાયેલા એવા હે નારાયણ પ્રભુ ! આપને હું વારંવાર નમન કરું છું. ।।૧૧।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! એવી રીતે તે ગંગામાના પ્રાર્થનાપૂર્વકનાં વચનો સાંભળીને ભક્તિનંદન મહાપ્રભુ તે ગંગામાને ઉદ્દેશીને પોતાના ભક્તજનોને આનંદિત રાખવા માટે પ્રેમપૂર્વક કહેવા લાગ્યા. ।।૧૨।। **શ્રી હરિનારાયણ પ્રભુ કહે છે :** હે સાધ્વી ! મારા સ્વરૂપના મહિમાને વધારનારાં મારાં વચનોને સાંભળો. હું સામાન્ય જીવાત્માઓને નથી મળતો, એકાંતિક ભક્તોને જ મારી સાચી ઓળખાણ થાય છે. ।।૧૩।। ક્ષરઅક્ષરથી પર પરબ્રહ્મ પુરુષોત્તમ એવો પુરુષ પ્રકૃતિ આદિનો સર્વનો નિયંતા સત્ચિત્ત આનંદ ઘનસ્વરૂપ એવો હું જ એકલો રહુ છું. ।।૧૪।। હે શુભે ! અનંત ક્રિયાઓ મારા દ્વારા જ થાય છે. સર્વનો જાણનારો, સર્વનો કરનારો તથા સર્વકારણનો કારણ એવો, સર્વનો આધાર એક હું જ છું એ પ્રમાણે જાણો. ।।૧૫।। મારા સ્વરૂપની મનોહર સુંદરતા જોઈને તે સૌંદર્યનો પ્રતિરોધ કરનાર કામદેવ પણ પાછો પડી જાય છે તથા કમળમાં બેસનારી લક્ષ્મી પોતાના સ્વામીના મુખને જોઈને શરમાઈ જાય છે એવું મારું સ્વરૂપ છે. ।।૧૬।। નીલગગન જેવા શ્યામ સ્વરૂપવાળા, મંદ હાસ્યયુક્ત મારા મુખકમળને જોઈને તેમજ મનોહર ચંચળ યુક્ત નેત્ર જોઈને લક્ષ્મી પણ મને જોતી થકી મને અર્ચન કરે છે, તે જ લક્ષ્મી જગતને પોતાના વશમાં રાખીને કાયમ ફર્યા કરે છે. ।।૧૭।। વૃત્તોને પોષનારા બ્રહ્મા, ભવ તથા પ્રધાન પુરુષો, તપસ્વિઓ, જ્ઞાનને પરાયણ મુનિજનો, લોકોના મેલરૂપ પાપોને નાશ કરનારા મારા ચરિત્રોને હંમેશા આનંદમાં રહીને ગાયા કરે છે. ।।૧૮।। હે સાધ્વી ગંગામા ! આ પ્રમાણેનાં વેદના સારરૂપ મારાં ઉપદેશ વચનો સાંભળીને મને ઓળખીને નિર્ણય કરીને સર્વગુણનો સાગર એવો



હું તે મને જાણીને પ્રેમભાવપૂર્વક મારા સ્વરૂપને વિશે મનવૃત્તિને જોડી રાખીને સેવાપરાયણ રહેજો. ।।૧૯।। હે શુભે ! તમે મારા અનુભવ પ્રમાણે મેં કહ્યું તે પ્રમાણે મને ધારીને હમેશાં મારા વિષે પ્રેમભાવપૂર્વક નિઃશંક થઈને દૃઢ ભક્તિ કર્યા કરજો. ।।૨૦।। હે ગંગામા ! તમારે ઈચ્છા મુજબ જે કાંઈ વરદાન માગવું હોય માગી લો કેમ કે મારી માતા કરતાં વિશેષ માતૃભાવ રાખનારાં તમને દુર્લભ એવો હું તમારા ભક્તિભાવથી પ્રસન્ન થયો છું તેથી જે માગવું હોય તે માગો. ।।૨૧।। શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે : હે રાજન ! એવી રીતે ગંગામા શ્રીહરિ મહાપ્રભુના મુખ થકી નીકળેલાં વચનો સાંભળીને પોતાના મનમાં રાજી થતાં તે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના મુખકમળના દર્શન કરતાં થકાં પ્રેમથી કહેવા લાગ્યાં. ।।૨૨।। ગંગામા શ્રીહરિને કહે છે, હે વાસુદેવ ! હે જગતના પતિ ! હે પુંડરીકાક્ષ ! આપની કૃપાથી મારી ઉપર પ્રસન્ન થયા છો તેથી આપને બે વચનો કહું છું, તેથી તેને આપ સાંભળો. ।।૨૩।। હે શ્રીહરિ ! હું મારા મહાભાગ્ય માનું છું, કેમ કે મનુષ્ય સ્વરૂપ ધરીને પરબ્રહ્મ પુરુષોતમ નારાયણ આ પૃથ્વી ઉપર દર્શન આપો છો. કેમ કે નિગમો આગમો સતત આપનું સ્મરણ કરે છે. તેમને પ્રત્યક્ષ દૃષ્ટિમાં નથી આવતા એવા આપ, મને પ્રત્યક્ષ દર્શન આપો છો, તે મારું મહાભાગ્ય છે. ।।૨૪।। હે હરિ ! જ્યારે આપણા ગુરુ રામાનંદ સ્વામી ! આ પૃથ્વી ઉપરથી અક્ષરવાસી થયા ત્યારે અન્ન જળનો ત્યાગ કરીને શોકને લીધે મને નિદ્રા પણ આવતી ન હતી. ।।૨૫।। આવી રીતે છ મહિને મેં આહાર લીધો અને જમીન ઉપર જ કાયમ માટે સૂતી હતી અને રામાનંદ સ્વામીનાં ચરણકમળનું કાયમ ધ્યાન કર્યા કરતી હતી. ।।૨૬।। ત્યારે ગુરુ મારી ઉપર રાજી થઈને દર્શન આપીને મધુર સ્વરથી મને જીવવાનું કહીને, મનોવૃત્તિને તમારા વિષે જોડાય અને તમારાં દર્શન થાય તેવી મારી ઉપર કૃપા કરી ઉપદેશ આપ્યો. ।।૨૭।। હે પ્રભુ ! ત્યારથી આપનું ભજન સ્મરણ કર્યા કરું છું. મારે કાંઈ સ્વર્ગના સુખો નથી જોઈતાં તેમજ આ જગત

સંબંધિત સુખોયે નથી જોઈતાં. મારે તો કેવળ યોગથી સિદ્ધ થાય અને ષડચક્રને ભેદીને તમારા દિવ્યધામને વિષે આપનાં દર્શન થાય એ માગણી છે ॥૨૮॥ અને જ્યાં સુધી જીવું ત્યાં સુધી પાક બનાવીને તૈયાર કરુંને આપ તે થાળને આરોગો એવો વર મને આપો અને કાયમ માટે આપના ચરણકમળની એકાન્તિકી ભક્તિ થાય એવી મારી ઉપર કૃપા કરો એ મારા વરદાનની માગણી છે. ॥૨૯॥ હે પ્રભુ ! તમારા ચરણકમળની કાયમ હું સેવા કરું તથા તમારા ભક્તજનોમાં મારો ખૂબ પ્રેમભાવ રહે તેમજ આપના ચરિત્રોનો રસ મારા કાન દ્વારા પાન કરીને અખંડ મારું મન જોડાયેલું રહે. ॥૩૦॥ હે હરિ ! તમારા ગુણગાન કરવામાં જ મારી જીભ હંમેશા જોડાયેલી રહે તથા મારા હાથ કેવળ આપની સેવા-પરિચર્યા કરવામાં જ ઉપયોગમાં આવે એવી હું માંગણી કરું છું, તેને આપ મારી ઉપર કૃપા કરીને પૂર્ણ કરો. ॥૩૧॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! તે ગંગામાએ શ્રીહરિ પાસે વરદાનો માગ્યાં પછી તે વરદાનોને પૂર્ણ થવાનાં વચનો આપીને ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ સત્સંગી ભક્તના ઘેર સભામાં પધાર્યા. ॥૩૨॥ હે રાજન્ ! અમદાવાદ નગરમાં ગોવિંદરામ વૈશ્યના ઘેર શ્રીહરિ સહજાનંદ સ્વામી ભક્તજનોને મધુર વાણીથી યોગમાર્ગનો ઉપદેશ આપવા લાગ્યા. ॥૩૩॥ શ્રીહરિ સહજાનંદ સ્વામી ગોવિંદરામ ભક્તને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે શરીરમાં બધે વ્યાપીને રહેલા આત્માને પોતાનાં નેત્રોથી જોવો જોઈએ, તે જોઈ શકાય છે તમારાથી ? ॥૩૪॥ તેને જોવાની ઈચ્છાવાળા વ્યક્તિને અનાદિપૂર્ણ પુરુષોત્તમ, પરબ્રહ્મ સચ્ચિદાનંદ, અવિનાશી સર્વેશ્વરને પોતાના અંતઃકરણમાં ધ્યાન કરવાથી સૂક્ષ્મ સ્વરૂપે તેમના દર્શન થાય છે. ॥૩૫॥ હે રાજન્ ! શ્રીહરિ ધર્મનંદ મહાપ્રભુના મધુર વચનો સાંભળીને ગોવિંદભક્ત પોતાના નેત્રોને શ્રીહરિમાં જોડીને સંત સમુદાયને જોતાં થકા જ પોતાના આત્માની સાથે ખેંચાવા લાગ્યા. ॥૩૬॥ ગોવિંદરામે પોતાના નેત્રોને શ્રીહરિની સાથે જોડવાથી, તેના નેત્રો (આંખો) ચક્રની માફક સતત



ફરવા લાગ્યા. તે ખેંચાવાને લીધે જમણી બાજુ અંગૂઠા જેટલી ખેંચાઈ. હૃદયમાં પ્રવેશી ત્યાં પોતાના આત્માને જોયો. ॥૩૭॥ હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ સ્વામી આવી રીતે પવિત્ર સ્થાનોમાં પોતાના પ્રતાપને જણાવતા થકા સંત ભક્તોની સાથે વીંટાયા થકા, આ ચરિત્રોને ગાયા કરે છે. ॥૩૮॥ મનુષ્ય માત્રમાં પરમાત્મા તેના આત્મા રૂપે નિવાસ કરીને રહેલા છે. તે સ્થિર છે. સત્ય સ્વરૂપે પોતે પ્રકાશ રૂપે રહીને સર્વેને સુખ આપતા રહે છે. ॥૩૯॥ તે પરમાત્મા બધા અક્ષરાદિમુક્તોમાં રહેલ છે. બધા ઈશ્વરોમાં તે જ પરમાત્મા રહેલા છે. બ્રહ્મા આદિથી લઈને સર્વે સ્થાવર તત્ત્વોમાં પણ એ જ પરમાત્મા સાક્ષાત્ અંતર્યામી રૂપે સર્વમાં નિવાસ કરીને રહેલા છે. ॥૪૦॥ બધા જ પદાર્થોમાં તે ઓતપ્રોત થઈને રહે છે. જેમ દૂધની અંદર અદશ્ય રૂપે ઘી રહેલું છે, તે જ રીતે સર્વ પદાર્થ પ્રાણીમાત્રમાં શ્રીહરિકૃષ્ણ પ્રભુ અન્વય અંતર્યામી રૂપે રહેલા જ છે. ॥૪૧॥ તે જ પોતે નારાયણ પ્રભુ, પુરુષોત્તમ ભગવાન, દિવ્ય સાકાર મૂર્તિ, દિવ્ય પાર્ષદોની સાથે જુદા (વ્યતિરેક) વિરાજમાન છે. ॥૪૨॥ અનંતકોટી સૂર્યચંદ્રના જેવા દિવ્યપ્રકાશજ્યોતિ અક્ષરધામમાં અનેક દિવ્ય કલ્યાણકારી ગુણ ઐશ્વર્યની સાથે ત્યાં જ વિરાજમાન રહે છે. ॥૪૩॥ તે ગોલોકધામાધિપતિ શ્રીકૃષ્ણ નારાયણ હાથમાં બંસીને ધારણ કરીને ગોપીઓના મંડળની વચ્ચોવચ્ચ ઊભા રહીને રાસોત્સવ કરવા તૈયાર જ હોય છે. ॥૪૪॥ તે રાધિકાની સાથે રમણ કરનારા તે નવીન મેઘ સમાન શ્યામ સ્વરૂપવાળા, પીળાં વસ્ત્રોને ધારણ કરેલા તથા કંઠસ્થાનમાં કૌસ્તૂભમણિની માળાને ધારી રહેલા. ॥૪૫॥ અતિશય મનોહર રત્નો જડેલા મુકુટને ધારી રહેલા શ્રીહરિએ કાનોમાં કુંડળ ધારેલાં છે. તે મણીયુક્ત હોવાથી ખૂબ જ શોભતાં હોય છે. ॥૪૬॥ તે જ શ્રીહરિ પોતાના મુખારવિંદના લાલવર્ણના હોઠોથી મંદ હાસ્ય કરતા થકા મોહ ઉપજાવી પોતાના ભક્તોને આનંદરૂપ દીવાની જ્યોત જેવા થઈને કમળપત્રની માફક સર્વની અંદર રહીને પ્રેરક થાય છે, સર્વેને

જુએ છે. ॥૪૭॥ તે જ પ્રભુ ચંદનના લેપ કરાયેલા અંગોવાળા, સુગંધિત પુષ્પોના હારોને ધારી રહેલા, કૃપાનિધિ શ્રીહરિ દિવ્ય મનોહર દર્શન આપીને આનંદ ઉપજાવતા થકા વિરાજમાન રહે છે. ॥૪૮॥ હે રાજન્ ! આ પ્રમાણે પદો દ્વારા શ્રીહરિ ઉપદેશ આપીને સંત ભક્ત સમુદાયને આત્મસુખનો અનુભવ કરાવતા થકા અમદાવાદ નગરમાં નિવાસ કરીને સર્વે પોતાના એકાન્તિક ભક્તજનોને મહાસુખ આપતા હતા. ॥૪૯॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય ચરણોપાસક કૃષ્ણાનંદ સ્વામીકૃત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં ગંગામાએ સ્તુતિ કરી તથા સમાધિનો ઉપદેશ કર્યો એ નામે સાડત્રીસમો અધ્યાય થયો. ॥૩૭॥**

## ॥ અધ્યાય - ૩૮ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુ તે અમદાવાદ શહેરમાં નિવાસ કરીને રહેતા થકા પોતાના ભક્તજનોને મહાસુખ આપતા થકા તથા અમદાવાદ નગરના બીજા જીવોને પણ પોતાના સ્વરૂપનાં દર્શન આપીને સુખ આપતા હતા ! ॥૧॥ શ્રીહરિ પ્રભુ પોતાના પ્રતાપને અમદાવાદ નગરના મનુષ્યોને બતાવતા થકા વિચરતા હતા. પોતાના પાર્ષદો તથા સંતોની સાથે જતા હતા. ॥૨॥ અમદાવાદ શહેરમાં રહેતા હીરાચંદ ચોકસીના નિવાસ્થાને શ્રીહરિ નારાયણમુનિ ભગવાન સેવકોની સાથે પધાર્યા. ॥૩॥ ત્યારે કમળનેત્ર મહાપ્રભુ પોતાના ભક્તજનોની સાથે નગરની બહાર નીકળી ગયા. શ્રીહરિ બારોબાર નગરની બહાર નીકળી ગયા એટલે સર્વે રાહ જોઈ રહેલા ભક્તો ચિંતાતુર થઈને દુઃખી થઈ ગયા ત્યારે શ્રીહરિ પાછા વળીને ત્યાં પધાર્યા ત્યારે સૌને શાંતિ થઈ અને સુખ થયું. ॥૪॥ ત્યાંથી શ્રીહરિ સહજાનંદ સ્વામી મુનિ પાર્ષદોની સાથે જેતલપુર જવા માટે માર્ગે ચાલ્યા ત્યારે તે માર્ગ ઉપર થોડાક આગળ



ચાલ્યા ત્યાં માર્ગ પાસે જ યવન લોકોનું સ્થાન જોવામાં આવ્યું. ॥૫॥ તે સ્થાન યવન લોકોનું સિંહાલોકન બેઠકવાળુ રોજાનું સ્થાન હતું તે ખૂબ જ ઊંચા મિનારાઓવાળું હતું. તે જોઈને ત્યાંથી આગળ ચાલ્યા. ॥૬॥ ત્યાંથી આગળ ચાલ્યા એટલે લાંભા ગામ પાસે ભમરીયો કૂવો નામનું સ્થળ આવેલું તે માર્ગ ઉપર નિર્મલ શાંત સ્થાન જોઈને ત્યાં રોકાણ કરતા હતા. ॥૭॥ હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ ત્યાં જળથી સ્નાન કરીને આસન ઉપર વિરાજમાન થયા. ત્યાં વૃક્ષોની ઘટાવાળી શીતળ છાંયમાં પાર્ષદો સંતોની સાથે બેઠા. ॥૮॥ ત્યાર પછી જગત્પતિ સહજાનંદ સ્વામી ત્યાં જ ભોજન કરીને જળપાન કરીને ઉમાભાઈ આદિ ભક્તજનોને દ્વંદ્વ યુદ્ધની કળાની શિક્ષા આપી ॥૯॥ હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુએ તલવારથી પટા ખેલવાની કળા પણ કરી બતાવી અને અરસપરસ ખેલ ખેલીને દ્વંદ્વયુદ્ધની કળાની શિક્ષા આપતા થકા સર્વને આનંદ આપતા હતા. ॥૧૦॥ ત્યારે ઘનશ્યામ મહાપ્રભુની કળાને જોતા એવા તે સંતો અને મુનિઓને ખૂબ જ પ્રસન્ન થઈને આનંદ ઉપજાવતા થકા દ્વંદ્વયુદ્ધ કળાની શિક્ષા આપીને રાજી કરતા હતા. ॥૧૧॥ ત્યાર પછી શ્રીહરિ તે સર્વજનોને પોતાના હાથે પ્રસાદ આપીને પછી ત્યાંથી આગળ ચાલતા પરમહંસ વૃંદની સાથે શ્રીમહાપ્રભુ અસલાલી નામના ગામે પધાર્યા. ॥૧૨॥ તે અસલાલી ગામની નજીકમાં આંબાવાડિયું હતું. તે આંબાઓની શીતળ છાયા હતી, તેથી શ્રીહરિનારાયણ મુનિ ભગવાન ત્યાં જ ઉતારો કરીને જીવાત્માઓને સુખ આપવા લાગ્યા. ॥૧૩॥ હે રાજન્ ! ત્યાં ગામમાં રહેતા કુશળભાઈ નામના બ્રાહ્મણે શ્રી શ્રીહરિને આવેલા જોઈને તેમનાં દર્શન કરીને સુખ મેળવ્યું અને આત્મસુખ માટે સંતો, ભક્તો સહિત શ્રીહરિને સુંદર રસોઈ બનાવીને ખૂબ ભાવપૂર્વક જમાડીને તૃપ્ત કર્યા. ॥૧૪॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ પ્રસન્ન થઈને તે વિપ્રવર્યને સર્વોપરી ભક્તિની વૃદ્ધિ થવાનું વરદાન આપીને ત્યાંથી મહાપ્રભુ ધર્મનંદન શ્રીહરિ ચાલતા થકા જેતલપુર જવા લાગ્યા. ॥૧૫॥ તે જેતલપુર ગામ આંબા, કંદબ, બાવળનાં વૃક્ષો તથા આશોપાલવનાં ઝાડો,

ત્યાં ખૂબ જ શોભા આપતાં હતાં. તેમ જ ભાગોળમાં મોટા મોટા વડનાં ઝાડો ઈંગુરડા, દેવદારનાં ઝાડો તથા શોભાયમાન પનસનાં પણ અનેક ઝાડો આવેલાં હતાં. ।।૧૬।। ઉંબરડાં, અખરોટ, શમળા, આમળાં, દ્રાક્ષ આદિ ઘણાં વૃક્ષો હતાં. આસોપાલવ, જાંબુ, બોરડી આદિના ઝાડોનાં મોટા મોટા ઘેરાઓ એકબીજાને અડીને આવેલા હતા. ।।૧૭।। તથા દેવ સરોવરમાં હંસો, જળકૂકડી આદિના બોલવાના શબ્દોથી મનોહરતાવાળું વાતાવરણ જણાતું હતું. તે હંસો તથા જળકૂકડીના ટોળાંઓ ઊડવા-કૂદવાથી પાણી ઊંચે ઉછળતું હતું. તેથી પાણીનાં બિંદુઓ ખૂબ શોભાયમાન થતાં હતાં. તે જળ માછલાંઓ ને છીપલાં તથા શંખલાઓથી શીતળ લાગતું હતું. ।।૧૮।। હે રાજન્ ! સ્વચ્છ જળથી તે સરોવર સુંદર લાગતું હતું, તે સરોવરમાં કમળનાં ખીલેલાં જુથોથી નીકળતી રજપરાગની સુગંધ કાયમ માટે ફેલાતી હતી. તેના તટ ઉપરની પાળમાંથી રજકણો ઉડતાં હતાં. ।।૧૯।। સરોવરની નજીકમાં કેળા, સોપારી, નાળિયેર, ખજૂરી, આદિનાં વૃક્ષો ગીચતામાં શોભતાં હતાં. તેની નજીકમાં વાડીમાં કેતકી, જાતી ચંપો, કરેણ આદિ ફૂલના વૃક્ષો શોભતાં હતાં. ।।૨૦।। તે સરોવરની નજીકમાં જ મોટો કિલ્લો આવેલો છે તે મોટાં મોટાં કાંગરાંઓથી સુંદર શોભતો હતો તથા બાજુમાં મોટી વાવ આવેલી છે. તે સર્વે મુખ્ય ઉપવનની શોભા તથા સુવાસથી કિલ્લાની શોભાનો વધારો થતો હતો. ।।૨૧।। તે દેવ સરોવરનાં કાંઠા ઉપર અનેક દરવાજાઓવાળો તથા સુંદર અગાશીવાળો ઈંદ્રના મહેલ જેવો શોભતો એવો સુંદર મહેલ આવેલો હતો. ।।૨૨।। હે રાજન્ ! આવી રીતની શોભાથી ભરપૂર તથા સાંકડા રસ્તાઓવાળા માર્ગમાં ચોકો આવેલા તેથી શોભાવાળું ચારે વર્ણના મનુષ્યોથી વસેલું, જુદા જુદા ડેલી દરવાજાઓવાળાં મકાનોથી રચાયેલું નગર શોભતું હતું. ।।૨૩।। જે નગરની મધ્યમાં ઉંચી સીડીઓ બનાવેલી તથા લાઈનબંધ સોનાના થાંભલાઓથી શોભતું તથા શીખરો ઉપર સોનાના કળશો તથા ધ્વજ દંડ અને ધજા પતાકાવાળાં જાતજાતનાં ચિત્રો



આલેખેલાં, મનને ખેંચનારા, તેની આકૃતિઓમાં હંસો, મોર, પોપટ બીજા પ્રાકૃતિક ચિત્રોની શોભાવાળું તથા જેની અંદરના ભાગમાં ભૂગર્ભમાં સુંદર કોતરણીકળામાં પ્રકાશમાન રત્નો જડેલ તેની શોભાવાળું સોનાનું સિંહાસન આવેલ એવું મનોહર મંદિર તે નગરની શોભાનો વધારો કરનાર છે. ।।૨૪।। તે મંદિર પૂર્વ દિશાના દ્વારવાળું બનાવેલું છે, તેમાં મુખ્ય મંદિરમાં રેવતીજીની સાથે બળદેવજી તથા હરિકૃષ્ણ ભગવાનની સ્થાપના કરેલી છે. તે પૃથ્વી ઉપર ખૂબ જ પ્રસિદ્ધ છે. ।।૨૫।। ત્યારે તે નગરના મનુષ્યો સર્વે ભક્તજનો શ્રીહરિ સંત, ભક્તજનોની સાથે અહીં પધાર્યા છે એ પ્રમાણે સાંભળીને તેઓ તુરત જલદી જલદી સામા તેડવા માટે જતા હતા. ।।૨૬।। આશજીભાઈ, જીવણભાઈ, આશારામ આદિ ભક્તો પૂજાસામગ્રી તથા જાતજાતનાં વાજિંત્રોને લઈ તેને વગાડતા સામા ગયા. ।।૨૭।। તેઓએ શ્રીહરિકૃષ્ણ પ્રભુની સાથે મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતો અને હરિભક્તોને જોયા તેથી આનંદ પામતા થકા સફેદ વસ્ત્રો ધારેલા શ્રીહરિને પ્રણામ કર્યા ।।૨૮।। અને સુગંધિત પદાર્થોથી પૂજન કરી હાર પહેરાવી ભાવવિભોર થઈને આંખમાંથી પ્રેમાશ્રુને વહેડાવતા થકા તેઓ શ્રીહરિને બાથમાં ઘાલીને ખૂબ પ્રેમથી મળ્યા, તથા પોતાનાં મનુષ્ય જન્મનું સફળપણું થયું. ।।૨૯।। તે ભક્તજનોની સાથે વાજિંત્રોના મંગળનાદ યુક્ત તાલની સાથે શ્રીહરિ નગરમાં જવા લાગ્યા. શ્રીહરિ નારાયણ પ્રભુ જેમના ચરણકમળને દેવતાઓએ પૂજેલા છે અને યોગીઓના ઈશ્વર એવા મહાપ્રભુએ નગરમાં પ્રવેશ કર્યો. ।।૩૦।। તે સમયે પૂર્ણિમાના ચંદ્ર સમાન મુખકમળવાળા મંદ હાસ્ય કરતા, કંઠમાં પુષ્પોના હારતોરા ધારણ કરવાથી ખૂબ જ શોભાવાળા, શ્વેત વસ્ત્ર ધારણ કરેલા, અનેક પ્રકારના તોરાઓવાળા મુગટ ધારણ કરેલા, સૂર્યની માફક પ્રકાશ ફેલાવતા ।।૩૧।। રથ ઉપર બિરાજમાન થઈને સંતો અને ગૃહસ્થ ભક્તજનોથી વીંટાયા થકા રાજમાર્ગ ઉપર ચાલતા થકા બળદેવજીના મંદિરમાં પધાર્યા. ।।૩૨।। ધર્મનંદન નારાયણ ભગવાને રથમાંથી નીચે ઉતરીને મંદિરમાં બળદેવજીના

દર્શન કર્યાં અને ત્યાર બાદ પોતાના ઉતારામાં પધાર્યા. ॥૩૩॥ તે મંદિરના મધ્યમાં મણીઓવાળા દીવાઓથી શોભાયમાન ચિત્ર-વિચિત્ર કસુંબલ વસ્ત્રોની શોભાથી શોભાયમાન ઘરમાં પધાર્યા. ॥૩૪॥ હે રાજન ! ચોખ્ખી જગ્યાએ દરવાજાઓ ઉપર સોના તથા મણીઓના તોરણોવાળા, ઘરની અંદર સુંદર પલંગો તથા ગાદી, તકિયા, ગાલીચા પાથરેલા તેનાથી શોભાયમાન ॥૩૫॥ તે મહેલમાં જઈને ધર્મનંદનશ્રી નીલકંઠ મહાપ્રભુ સંત વર્ણી પાર્ષદોથી શોભાયમાન મનોહર મૂર્તિ ભક્તજનોથી જેમના ચરણમકળ પૂજાયેલા છે એવા શ્રીહરિ ત્યાં વિરાજમાન થયા. ॥૩૬॥ એવી રીતે શ્રીહરિ મહાપ્રભુ પોતાના ભક્તજનોને સ્વદર્શન સુખ આપીને કૃપા કરીને સુખ આપતા હતા. ચાલવાના પરિશ્રમથી થાકેલ, થાક દૂર કરવા માટે શ્રી સર્વગુણના સાગર શ્રીહરિ સુંદર શય્યામાં આરામ કરવા લાગ્યા. ॥૩૭॥ ત્યાં રાત્રે શ્રીકૃષ્ણ ભક્તિનંદન પ્રભુએ સુંદર પલંગમાં શયન કર્યા પછી ભક્ત ગૃહસ્થો સર્વે પોતપોતાના આસનમાં સૂઈ ગયા. ॥૩૮॥ સંતો પણ ત્યાં હરિકીર્તન કરીને શ્રીહરિના સંપૂર્ણ સ્વરૂપનું પોતાના અંતકરણમાં ધ્યાન કરીને શાંતિથી સૂઈ ગયા. ॥૩૯॥ એવી રીતે હે રાજન ! તે જેતલપુરના સર્વે સત્સંગીજનો શ્રીહરિકૃષ્ણ પ્રભુનાં દર્શન કરીને ખૂબ જ આનંદ પામતા થકા રાત્રે પોતપોતાને ઘેર ગયા. ॥૪૦॥ હે રાજન ! સર્વજનોને દર્શનપ્રિય એવા યોગેશ્વર મહાપ્રભુ તે જેતલપુર નામે નગરમાં અનેક મનોહર ચરિત્રો કરતા હતા. તે ચરિત્રો સાંભળવાથી જીવોને ખૂબ જ આનંદ પ્રાપ્ત થાય છે. ॥૪૧॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી જેતલપુર પધાર્યા એ નામે આડત્રીસમો અધ્યાય પૂરો થયો. ॥૩૮॥**



## ॥ અધ્યાય - ૩૯ ॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ પ્રાતઃકાળમાં વહેલા ઉઠીને પોતાના ભક્તજનોની સાથે બાજુમાં આવેલા કમળોની શોભાયુક્ત દેવ સરોવરમાં સ્નાન કરવા માટે પધાર્યા. ॥૧॥ તે સરોવરના કાંઠા ઉપર શૌચવિધિ કરીને ત્યાર પછી દાતણ કરીને મુખ શુદ્ધ કરીને શ્રીહરિ મહાપ્રભુ તે દેવ સરોવરના જળમાં પોતાની ઇચ્છા મુજબ ખૂબ જળમાં તરતા હતા. ॥૨॥ ઘણા સમય સુધી સ્નાન કરી ત્યાર પછી બહાર નીકળી ધર્મનંદન શ્રીહરિ શ્વેત વસ્ત્ર ધારણ કરી શરીર ઢાંકીને, મુનિજનો અને ભક્તજનો કીર્તનો બોલતા થકા પોતાના નિવાસસ્થાને પધાર્યા. ॥૩॥ મુક્ત મણીઓની શોભાયુક્ત મનોહર, જોનારને સુખ આપનાર એવા રમણીય મંદિરમાં શ્રીહરિનારાયણ પ્રભુ પધાર્યા. ॥૪॥ તે મંદિરના ચોકમાં બનાવેલા મંચ ઉપર ગાદલાં, તકિયા પાથરેલા, તેની ઉપર શ્વેત ઓછાડ પાથરેલ, તેની ઉપર શ્રીહરિપ્રભુ વિરાજમાન થયા. તેમની આગળ સંતોની સભા થઈ. ॥૫॥ શ્રીહરિ મહાપ્રભુ તે સભામાં વર્ણીઓ, સંતો, ગૃહસ્થોની સાથે શ્વેત વસ્ત્રો ધારીને વિરાજમાન હતા ત્યારે શરદ પૂનમની રાત્રે જેમ ચંદ્ર નક્ષત્રમંડળની સાથે શોભે તેમ શ્રીહરિ સભામાં શોભતા હતા. ॥૬॥ ત્યારે તે સભામાં કોઈ અસુરો પોતાનાં અંગો ઉપર ભસ્મ લગાડેલા, ક્રોધથી લાલ નેત્રોવાળા, હાથમાં હથિયારો લીધેલા, ક્રોધાયમાન થયેલા ત્યાં આવ્યા. ॥૭॥ શ્રીધર્મનંદન મહાપ્રભુને જોઈને અતિશય બળતા થકા, દુષ્ટમતિવાળા તે કહેવા લાગ્યા. તમો ભગવાન થઈને લોકોને છેતરતા થકા તથા વશ કરતા થકા કેમ ફરો છો ? ॥૮॥ અમો અત્યારે તમારો નાશ કરી નાખીશું. આ પ્રમાણે તે દૈત્યોનું કહેવું સાંભળીને તેઓ હસતા થકા શાંત રહ્યા. ॥૯॥ હરિ દ્વારા જોવાયેલા તે દૈત્યો પણ મૂર્છા પામીને ઝાડ પડે તેમ પડી ગયા. જડની માફક થઈ ગયા બધાં અંગો સ્થિર થઈ ગયાં અને બુદ્ધિથી ભ્રમિત થઈ ગયા. ॥૧૦॥

શ્રીહરિ મહાપ્રભુ તે દૈત્યોને કાળરૂપે દેખાવા લાગ્યા તેથી રોતા-કકળતા ભયથી અકળાયેલા તે અસુરો થોડા હતા તે ઉભા થઈને ભાગવા લાગ્યા. ॥૧૧॥ કેટલાક મનુષ્યો આ પ્રકારના રોમાંચક કાર્યને જોઈને તેમને હાસ્ય થયું અને ભગવાનના ભક્તો તે આત્માને આનંદ આપનારું શ્રીહરિ મહાપ્રભુનું એક પ્રકારનું ચરિત્રયુક્ત પરાક્રમ માનતા હતા. ॥૧૨॥ હે રાજન્ ! ત્યારે ત્યાં અંગ્રેજ સરકારના બે અધિકારીઓ અમદાવાદથી આવ્યા. તેઓ ધર્મચર્ચા કરવામાં હોશિયાર હતા. તેઓ શ્રીહરિ મહાપ્રભુના દર્શન કરવાની ઉત્કંઠાવાળા હતા. ॥૧૩॥ તેથી તે બંને સભામાં આવ્યા. શ્રીહરિની નજીક જઈને શ્રીહરિ ધર્મનંદન ભગવાનને જોયા ત્યારે તેમના ચરણકમળ પાસે જઈને નમ્રતાપૂર્વક વંદન કર્યા. ॥૧૪॥ હે રાજન્ ! તે બંને રાજપુરુષે શ્રીહરિને બંને હાથ જોડીને ચરણમાં મસ્તક મૂકીને પગે લાગ્યા અને શ્રીહરિ મહાપ્રભુને નિરખીને જોયા એટલામાં એમને સમાધિ થઈ ગઈ. ॥૧૫॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! તેઓએ સમાધિમાં મહાતેજનો સમુહ જોયો. તેમાં તેમના ઈષ્ટદેવ પયગંબરને શ્રીહરિના રૂપમાં જોયા. તેથી તેઓ અતિ આનંદવિભોર બનીને આંસુવાળા નેત્રો થઈ ગયાં. ॥૧૬॥ તેઓ ત્યાં સ્થિર રહેલા ભગવાનનાં દર્શન ભક્તિભાવ પૂર્વક કરવા લાગ્યા અને અથર્વવેદના મંત્રોથી સ્તુતિ કરવા લાગ્યા. ॥૧૭॥ **તે રાજપુરુષો કહે છે** : હે પ્રભુ ! અમારા પૂર્વ જન્મના પુણ્યના પ્રતાપે આપના સ્વરૂપનું જ્ઞાન થયું અને નેત્રની આગળ જ તમારાં દર્શન થાય છે તેથી અમે શું વર્ણન કરી શકીએ ? હે ઈશ્વરોના ઈશ્વર ! આપના સ્વરૂપના દર્શન માટે યોગીપુરુષો ભાગ્યશાળી છે અને જેઓ આત્માભિમાની છે તેઓ આપના દર્શન માટે આપના ધામને શોધે છે છતાં નથી જોઈ શકતા. ॥૧૮॥ આપ દિવ્ય સ્વરૂપે મહાજ્યોતિને વિષે દિવ્ય સિંહાસનમાં જ વિરાજમાન રહ્યા છો તે જ સ્વરૂપે આ લોકમાં વિચરણ કરીને આપના અનેક ભક્તોને દર્શન આપીને મહાસુખ આપો છો. ॥૧૯॥ હે પ્રભુ ! આપના સ્વરૂપના દર્શન થવાથી અમને મનુષ્યજન્મ મળ્યાનું



ફળ મળી ગયું, કેમ કે આપના મનુષ્ય સ્વરૂપે અમે દર્શન કર્યાં જ છે માટે હે નારાયણ પ્રભુ ! આપના આ રમણીયરૂપમાં અમારા ચિત્તમાં નિવાસ કરીને નિત્ય પ્રત્યે રહો અને અખંડ દર્શન આપો એવી અમારી પ્રાર્થના છે. ॥૨૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! આવી રીતે શ્રીહરિ ભગવાનનાં દર્શન કરી સ્તુતિ કરીને તે બંને રાજપુરુષો (યવનો) પોતાના અમદાવાદ નગરમાં ગયા અને શ્રીહરિના સ્વરૂપને હૃદયમાં ધારણ કરીને શ્રીહરિના સ્વરૂપનું કાયમ ધ્યાન કર્યા કરતા હતા. ॥૨૧॥ ત્યાર પછી આશ્ચર્યકારક એક કાર્ય તે સભાની અંદર જ થયું. ત્યાં સભામાં બેઠેલી સ્ત્રીઓમાં એક સ્ત્રી સત્સંગી થઈને પોતાના મનને સત્સંગમાં દઢતાથી જોડીને ધર્મમર્યાદાનું પાલન કરીને કાયમ ભક્તિ કરતી હતી. ॥૨૨॥ સભામાં બેઠેલી તે સ્ત્રીને ધર્મનંદન મહાપ્રભુ તેનાં દુષ્કર્મોને પોતે પ્રત્યક્ષ જોતા હતા તેથી તેને સમાધિમાં યમપુરીમાં યમરાજાને તેને સોંપી દેતા હતા. ॥૨૩॥ તે યમરાજા પણ શ્રીહરિની આજ્ઞાથી તેણીને ખૂબ જ ભારી દંડ દેતા હતા. તેને તપાવેલા લોઢાના થાંભલાનું આલિંગન કરાવતા હતા. ॥૨૪॥ અને યમદૂતો ગરમ કરેલા ચાબખા મારતા હતા. તેના શરીરને કરલો વડે ભીંસતા હતા. પાશના માર મારીને ત્રાસ આપતા હતા. ॥૨૫॥ હે રાજન્ ! તેનાથી અતિશય બળતી થકી, અતિશય પીડા પામવાથી ચીસો પાડતી હતી, કહેતી હતી કે દેવ, હું કયારેય પણ નિષ્કામવ્રતનો ભંગ નહિ કરું. તમારા નિયમમાં દઢ રહીશ. ॥૨૬॥ આ પ્રમાણે કહ્યું એટલે તે યમદૂતો તેને તપાવેલા લોઢાના ત્રાસમાંથી છોડતા હતા. પીડામાંથી મુક્ત કર્યા પછી આસન ઉપર બેઠેલો હું તે મને પ્રાર્થના કરતી થકી નમ્રતાપૂર્વક કહેવા લાગી. ॥૨૭॥ હે રાજન્ ! આ લોકના કર્મ પ્રમાણે તે કર્મોને ધોવા માટે દોષથી મુક્ત કરવા માટે તેના સ્પર્શ માત્રથી તે ખૂબ જ તાપમાં બળવા લાગી તેથી ॥૨૮॥ ખૂબ જ ચીસો પાડતી તેને ખૂબ જ ઊંચે લઈ જઈને ત્રણ યોજન ઊંચેથી તેને પડતી મૂકવાથી તે પોતાના પાપકર્મના ફળરૂપે આ તપાવેલા લોઢાની પથારીમાં પાડતા હતા.

તે જીવાત્માને આ લોકમાં પણ તેનો દેહ આકાશ ॥૨૯॥ ઉપરથી ફરી પૃથ્વી ઉપર પાછો આવે ત્યારે પૃથ્વી ઉપર પછડાય પણ કાંઈ ન થયું હોય એ રીતે જણાતું હતું. ॥૩૦॥ આવી રીતે તે સ્ત્રી યમલોકમાં યમયાતનાને ભોગવીને અતિ પીડા પામીને ભય પામેલી તે શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞાથી પોતાના મનુષ્યશરીરમાં ફરી પાછી આવી. ॥૩૧॥ હે રાજન ! તેણી પરસેવાથી લથપથ થયેલી પોતાના બન્ને હાથ જોડીને ધર્મનંદન શ્રીહરિ આગળ આવીને ગદ્ગદ્ કંઠની વાણીથી ખૂબ જ પ્રાર્થના કરવા લાગી. ॥૩૨॥ **વનિતા પ્રાર્થના કરે છે** : હે પ્રભુ ! હે નારાયણ ! આપ આ પૃથ્વી ઉપર લોકોને ધર્મમર્યાદામાં રાખતા થકા આપના પ્રતાપને મેં અત્યારે જ જોયો. મારા ધર્મ વિરુદ્ધના કરેલા કર્મોનું ફળ તમે મને યમયાતના દ્વારા બતાવી દીધું. ॥૩૩॥ હે આદિદેવ ! આપ જ અક્ષરધામાધિપતિ સર્વોપરી નારાયણ છો. માયામાં બંધાયેલા જીવ આપને જાણી શકતા નથી. તે છતાં આપના આદેશ મુજબ બ્રહ્મા ભવ વિષ્ણુ સર્વે દેવતાઓ જગતની ઉત્પત્તિ લય આદિ કાર્યો કર્યા કરે છે. ॥૩૪॥ તમારી આજ્ઞાથી અરૂણ જેમનો સારથિ છે એવા ગરમ પ્રકાશના દાતા સૂર્ય પોતાના પ્રકાશને ફેંકતા થકા આખો દિવસ ફર્યા જ કરે છે અને ચંદ્ર રાત્રે પોતાના નક્ષત્ર મંડળની સાથે મળીને મધુર ચાંદની દ્વારા ઔષધીઓનું પોષણ કરે છે. ॥૩૫॥ હે પ્રભુ ! તમારા ભયથી આકાશમાં રહેલા મેઘો વાદળાં રૂપે થઈને પૃથ્વી ઉપર વર્ષિને ખૂબ પાણી પાણી કરી નાખે છે. વાયુ આપની આજ્ઞાથી જ વાયા કરે છે. અગ્નિ તપ્યા કરે છે, પાણીને શોષ્યા કરે છે, જમીનને સૂકવી નાખે છે અને ફરી વાદળાં થઈને વર્ષે છે, આ સર્વે ક્રિયાઓ આપની આજ્ઞાથી જ થાય છે. ॥૩૬॥ હે પ્રભુ ! આપના ભયથી જ સર્વે દિગ્પાળો આજ્ઞાને મસ્તક ઉપર ધારીને પોતપોતાનાં કાર્યો કર્યા કરે છે. એવા સર્વાત્મા હે પ્રભુ ! અત્યારે આપ મનુષ્ય સ્વરૂપે જીવો ઉપર કૃપા કરીને સત્સંગીઓના આભૂષણરૂપે આ પૃથ્વી ઉપર શોભા આપો છો. દરેકને મહાસુખ આપો છો. ॥૩૭॥ હે



ધર્માત્માજ ! આપ ધર્માત્મા ધર્મના વિસ્તાર કરવા પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપ ધારીને ધર્મનાં આભૂષણો એવા સર્વે ભક્તોનું તથા અમારું હંમેશાં રક્ષણ કરો. ॥૩૮॥ હે ધર્મપુત્ર ! આપને નમસ્કાર કરું છું. ભક્તોનું ભક્તિજ્ઞાનથી લાલનપાલન કરો છો. એવા હે ઘનશ્યામ ! હે નીલકંઠ મહાપ્રભુ ! હે સતાંપતયે ! આપને અમારા વંદન છે. ॥૩૯॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! તેણીની શ્રીહરિ મહાપ્રભુની એવી રીતે પ્રાર્થના સ્તુતિ કરીને મૌન થઈ ઊભી રહી હતી એટલામાં શ્રીહરિ મહાપ્રભુ કહેવા લાગ્યા. ॥૪૦॥ હે સર્વે સંતો ! સત્સંગીઓ ! સત્સંગનાં હિતવાળાં મારાં વચનો સાંભળો, જે દિવસથી મહાત્મા પુરુષોની જવાબદારી લીધી છે તે દિવસથી અમે ॥૪૧॥ તે જવાબદારીને નિભાવવા માટે (આ પૃથ્વી ઉપર તમારે માટે બધાને માટે નિષ્કામવ્રત ઉપયોગી છે તેનાથી જ દઢ ભક્તિ થાય છે.) નિષ્કામી વંશમાં હંમેશાં અવતાર ધારણ કરીને તેમની સાથે રહીએ છીએ અને નિષ્કામી વર્તમાનવાળાના હાથનું બનાવેલ ભોજન જમીએ છીએ. નિષ્કામીએ કરેલી પૂજા અંગીકાર કરીએ છીએ અને આ લોકમાં કે પરલોકમાં કાયમ નિષ્કામ વર્તમાન રાખનારા ભક્તોની સાથે ફરીએ છીએ. ॥૪૨-૪૩॥ જે મનુષ્ય નિષ્કામ વર્તમાનમાં ફેર પાડે છે એવા મારા આશ્રિતોથી અમો લાખ ગાઉ છેટા રહીએ છીએ એ પ્રમાણે તમો સર્વે જાણો. ॥૪૪॥ જેનો નિષ્કામ વ્રતનો ભંગ થયો એ પ્રમાણે કોઈના દ્વારા સાંભળીએ છીએ ત્યારે જેમ વૃદ્ધા અવસ્થામાં રાજાને પુત્ર થયો હોય અને તે મરી જાય ને તેનો શોક થાય ॥૪૫॥ તેવો શોક અમને વર્તમાનભંગની વાત સાંભળવાથી થાય છે તેથી એટલા માટે સત્સંગીઓ, સંતો, સર્વે મારા આશ્રિતોએ સાવધાનીપૂર્વક વર્તમાન પાળીને સાવધાન રહેવું. ॥૪૬॥ જે મનુષ્ય બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતો વૈરાગ્યપૂર્વક રહીને ભક્તિ કરે તે જ જીવ નિર્ભય થઈને મારા અક્ષર બ્રહ્મધામમાં આવે છે. ॥૪૭॥ જે જીવ મારી આજ્ઞા લોપીને વર્તશે તેના સર્વે કાર્યો નિષ્ફળ થઈ જશે. તેના તપ, યજ્ઞ, વ્રત આદિ જે ક્રિયાઓ કરશે તે સર્વે મારા દ્વારા

દંડને પાત્ર બનશે. ॥૪૮॥ હું સર્વે જીવ પ્રાણીમાત્રના અંતઃકરણના સર્વેભાવને અંતર્યામીપણે જાણી લઉં છું. આ લોક-પરલોકમાં મારી આજ્ઞા સિવાય કોઈ કાંઈ પણ કરી શકતું નથી. ॥૪૯॥ એટલા માટે મને સર્વનો ઈશ્વર પરબ્રહ્મ જાણીને મારે વિષે દઢ નિશ્ચય રાખીને "સ્વામિનારાયણ" એ મંત્ર મુજબ જપ તપ કરીને ભજન કરતા રહેવું. ॥૫૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! એવી રીતે તે શ્રીહરિ કૃષ્ણ મહાપ્રભુ ધર્મમય વાર્તા કરીને ભક્તોને ઉપદેશ આપીને સભામાંથી ઉઠીને સર્વભક્તજનો દર્શન કરતા રહ્યા ને શ્રીહરિ પોતાના ઉતારે પધાર્યા. ॥૫૧॥ હે રાજન્ ! એવી રીતે શ્રીહરિના મુખકમળમાંથી નીકળેલ અમૃતમય વાણીને ભક્તિભાવપૂર્વક સાંભળીને શ્રીહરિને સર્વના કારણ, સર્વાધાર જાણતા હતા અને પ્રેમપૂર્વક પોતાના હૃદયમાં મૂર્તિ ધારીને નિશ્ચયપૂર્વક સર્વે વિષયવાસનાઓનો ત્યાગ કરીને શ્રીહરિનું અનન્ય ભાવથી ભજન કરવા લાગ્યા. ॥૫૨॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદસ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિએ રચેલ ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં જેતલપુરમાં શ્રીહરિએ નિષ્કામવ્રતનો ઉપદેશ આપ્યો એ નામે ઓગણચાલીસમો અધ્યાય પૂરો થયો. ॥૩૯॥**

## ॥ અધ્યાય - ૪૦ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ સ્વામી તે જેતલપુરમાં સવારમાં વહેલા ઊઠી સ્નાનાદિ નિત્યક્રિયા કરીને પૂજાસંધ્યા આદિ કરીને ગંગામાએ બનાવેલ ભોજનનો થાળ મુકુંદવર્ણીએ લાવીને આપ્યો તેને શ્રીહરિ મહાપ્રભુએ આરોગ્યો. (જમ્યા.) ॥૧॥ ત્યાર પછી પાનબીડાં લાવ્યા. તેનો મુખવાસ જમીને સંતોના સ્વામી શ્રીહરિ



પવિત્ર વસ્ત્રોને ધારણ કરીને ॥૨॥ સોમલા ખાચર આદિ પાર્ષદોની સાથે ત્યાંથી ચાલીને મહોલમાં પધાર્યા. ત્યાં ઊંચા પગથિયાંવાળા મહોલની અગાશી ઉપર ગયા. ત્યાં ખૂબ જ પ્રકાશવાળું વાતાવરણ હતું. ॥૩॥ તે મહોલના શોભારૂપ દક્ષિણાદિ દિશાની બાજુમાં આવેલ સુંદર વિચિત્રતાવાળી ગોખમાં શ્રીહરિ મહાપ્રભુ વિરાજમાન થયા. ॥૪॥ ત્યારે પોતાના ભક્તજનોએ વસ્ત્રઆભૂષણો અર્પણ કરીને પૂજન કર્યું. ચંદન, ફૂલહાર ધારણ કરાવીને દીપથી આરતી કરીને પૂજા કરી. ॥૫॥ ત્યારે બકુલ, માલતી, ચંપો આદિ સુગંધી ફૂલોનાં તોરાઓ મસ્તક ઉપર ધારીને હાર પહેરાવેલા તેથી શ્રીહરિ મહાપ્રભુ ખૂબ જ શોભતા હતા. ॥૬॥ હે રાજન્ ! ત્યાર પછી આસોપાલવ આદિ વૃક્ષોની ઘાટી છાંયામાં આસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. તેમની આગળ સંતો હરિભક્તોની મોટી દિવ્ય સભા થઈ. ॥૭॥ સંતોમાં મુક્તાનંદ સ્વામી, રામદાસ સ્વામી, સુખાનંદ સ્વામી નિરંજનાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, ॥૮॥ દેવાનંદ સ્વામી, યતિ પૂર્ણાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, વામનાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી, પદ્‌મનાભાનંદ, શંકર સ્વામી ॥૯॥ મુકુંદાનંદ, જયાનંદ, વાસુદેવાનંદવર્ણી, અખંડાનંદવર્ણી, હરિકૃષ્ણ, વૈકુંઠાનંદ, કેશવાનંદ આદિ ॥૧૦॥ પ્રભાનંદ, શતાનંદ, સત્યાનંદ, નૃસિંહાનંદ, મહાનુભાવાનંદ, સર્વજ્ઞાનંદ, કલ્યાણાનંદ, ચંદ્રભુતાનંદ કેશવાનંદ આદિ ॥૧૧॥ પરમાનંદ, યોગાનંદ, શાંતાનંદ, સાત્વતાનંદ, નિત્યાનંદ, કૃપાનંદ, નરનારાયણાનંદ આદિ આત્માનંદ, ગોવિંદાનંદ વિધાત્રાનંદ, ઉત્તમાનંદ ॥૧૨॥ સ્વયંપ્રકાશાનંદ, ચૈતન્યાનંદ, પૂર્ણાનંદ, સચ્ચિદાનંદ, અનંતાનંદ અચ્યુતાનંદ આદિ ॥૧૩॥ ઘનશ્યામાનંદ, તદ્રુપાનંદ, દેવાનંદ, સ્વરૂપાનંદ, નરહર્યાનંદ, સચ્ચિદાનંદ ગુણાતીતાનંદ, સુદર્શનાનંદ ॥૧૪॥ પ્રેમાનંદ, શુકાનંદ, ગોપાલાનંદ, આત્મસ્થિતિવાળા ધર્માત્માનંદ, પરમચૈતન્યાનંદ, ભજનાનંદ, નિર્મલાનંદ. ॥૧૫॥ ધ્યાનાનંદ, ચિદ્રુપાનંદજી, નિષ્કુલાનંદજી, સાત્વતાનંદજી,

વિજ્ઞાનાનંદ, નિપમાનંદ, અવદાતાનંદ, કવયાનંદ આદિ ॥૧૬॥ શ્વેતદ્વીપમાં નિવાસ કરીને સુજ્ઞાન ॥૧૬॥ સ્વરૂપ એવા સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ ભગવાન કેશવ સ્વરૂપે નિવાસ કરો છો તથા ચારરૂપે થઈને હે ગોવિંદ ભગવાન ! આપ અનિરૂદ્ધ રૂપે થઈને ચાર સ્વરૂપે સર્વ જીવોને ત્યાગીરૂપે સુખ આપો છો. ॥૧૭॥ આ પૃથ્વીલોકના જીવો સંસારમાં ક્લેશમય વાતાવરણમાં રહીને આપની કૃપાથી તેમને સુખ આપતા થકા, દિવ્ય મહાતેજ સમૂહમાં નિર્ગુણ સ્વરૂપે દર્શન આપો છો. ॥૧૮॥ અતિ પ્રસન્નતાથી ગોલોકધામમાં નંદાદિ પાર્ષદો, વ્રજબાળાઓની સાથે બંસીધારી સ્વરૂપે, રઘુપતિ સ્વરૂપે, પદ્મનાભ સ્વરૂપે, વિશ્વાત્મા યજ્ઞનાયરાણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન આપો છો. ॥૧૯॥ વાસુદેવ આદિ સ્વરૂપે, તથા ભગવાન રામ સ્વરૂપે, ગંભીર સ્વરૂપવાળા પીળાં વસ્ત્ર ધારણ કરેલા એવા શ્રીકૃષ્ણ સ્વરૂપે તથા બદ્રીપતિ સ્વરૂપે સર્વના ગુણનિધિ એવા ॥૨૦॥ સર્વે સ્વરૂપે સભામાં વિરાજમાન એવા શ્રીહરિ સર્વના સ્વામી મંદ હાસ્ય મુખકમળવાળા મનોહરમૂર્તિ ધીરગંભીર મેઘ સમાન ગંભીરવાણીથી સર્વે ત્યાગી ગ્રહી ભક્તોને કહેવા લાગ્યા. ॥૨૧॥ હે સંતો ! તમો મારાથી કહેવાતાં વચનોને સાંભળો તે અતિ ગુપ્ત વાત છે તે છતાં જો તમારા અંતઃકરણમાં ધારીને તેનું સ્મરણ કર્યા કરશો તો તમે પરમધામ અક્ષરધામમાં પહોંચી જશો. ॥૨૨॥ તે અક્ષરધામ કેવું છે તે સાંભળો, કરોડો સૂર્યોના પ્રકાશને ભેળો કરોને જેવો પ્રકાશ થાય તેના કરતાં અનંતઘણા પ્રકાશના સમૂહમાં તે બ્રહ્મ પ્રકાશમાં સનાતન અક્ષરધામ આવેલું છે. ॥૨૩॥ તે તેજસમૂહના મધ્યમાં ખૂબ વિશાળ તેજાયમાન, અનેક પ્રકારનાર રત્નો, મણિઓથી શોભાવાળું ॥૨૪॥ દિવ્ય સિંહાસનમાં સાક્ષાત્ શ્રી પરાત્પર શ્રીવાસુદેવ બ્રહ્મસ્વરૂપે, મુકુંદ, શ્રીકૃષ્ણ, પરબ્રહ્મ, પુરુષોત્તમ સ્વરૂપે, વિરાજમાન છું. ॥૨૫॥ અનંત મુક્તોથી વિંટાયા થકા એકાગ્ર ચિત્તથી મારી સાથે દૃષ્ટિ જોડીને દિવ્ય વસ્ત્ર આભૂષણ ધારણ કરેલા તથા સુંદર દિવ્ય વસ્ત્રોને ધારણ કરેલા મારા સ્વરૂપને જુવે છે. ॥૨૬॥ જેની કેવળ દૃષ્ટિ માત્રથી પોતાના સ્વરૂપને વિષે



અનંતકોટી બ્રહ્માંડોને સર્જે છે અને લય પણ જે કરે છે એવા સર્વ કારણનું કારણ હું જ છું. ॥૨૭॥ તે હું પોતે પ્રથમ અવતારમાં દિવ્ય મહાકાળવાળા મત્સ્ય સ્વરૂપે અનેક લીલાઓને કરતા થકા સત્યવ્રત નામના મનુરાજાનું તથા ઋષિઓ અને ઔષધિઓનું રક્ષણ કર્યું હતું. ॥૨૮॥ બીજો અવતાર કાચબાનો (કચ્છપ) અવતાર ધરીને સમુદ્રમંથન સમયે મંદરાચલ પર્વતને ધારીને સુખી કર્યા, તથા ત્રીજો અવતાર નૃસિંહાવતાર ધરીને દૈત્યનો રાજા હિરણ્યાકશિપુનો વધ કર્યો, તેને માર્યો. ॥૨૯॥ ચોથો વરાહ અવતાર સુવર (ભૂંડ) તે સ્વરૂપે પોતાના દાંત વડે હિરણ્યાક્ષ દૈત્યની સાથે યુદ્ધ કરીને સર્વે દેવો ઋષિઓને દુઃખ આપનારાઓને પોતે મારી નાખ્યા. ॥૩૦॥ પાંચમો મારો વામન અવતાર થયો તે રૂપે બલિરાજા પાસે ત્રણ પગલાં જમીન માગી તેમાં આખી ત્રિલોકી બલિ પાસેથી લઈને ઈન્દ્રને આપી. બળીને પાતાળમાં મોકલ્યો તેથી હું ત્રિવિક્રમના નામથી પ્રસિદ્ધ થયો. ॥૩૧॥ છટ્ઠો મારો અવતાર મદથી ઉદ્ધત થયેલા ક્ષત્રીઓ યજ્ઞ યાગાદિનો વિનાશ કરનારા થયા ત્યારે જમદગ્નિ ઋષિના પુત્ર પરશુરામ સ્વરૂપે પૃથ્વીના ક્ષત્રિયોનો નાશ કર્યો. ॥૩૨॥ સાતમા અવતારમાં રાવણ બ્રહ્માને પ્રસન્ન કરીને વરદાન મેળવીને ઉદ્ધત થઈને ત્રિલોકીને પીડા આપતો હતો. અધર્મમય વાતાવરણ કરતો હતો તેના માટે દશરથના પુત્રરૂપે થઈને તે દુષ્ટકર્મી રાવણનો નાશ કરવા માટે, પિતાનાં વચનનું પાલન કરવા માટે વનમાં ગયા. સીતા, લક્ષ્મણની સાથે વનમાં ફરતાં સોનાના મૃગને માર્યો અને સીતાનું હરણ થયેલું તે સાંભળ્યું. તેની શોધમાં જટાયુંનું મરણ તથા સુગ્રીવની સાથે મિત્રતા તથા વાલીને મારીને ત્યાર પછી સેતુબંધ પુલ બાંધીને વાનરોની સાથે ફરતાં ફરતાં મહાભયંકર યુદ્ધ કરીને તે યુદ્ધમાં દુષ્ટ બુદ્ધિ રાક્ષસ રાવણનો વધ કર્યો. ॥૩૩-૩૪-૩૫-૩૬॥ સાતમો આ પૃથ્વી ઉપર જ્યારે અસુર રાજાથી પીડા પામતા બ્રાહ્મણો, સાધુઓએ મારી પ્રાર્થના કરી એટલે હું દેવકીના ઉદરથી કારાગારમાં અવતાર લઈને ગોકુળમાં ગયો. ત્યાં મોટો થવા લાગ્યો. ॥૩૭॥ ત્યાં ગોકુળમાં મે પ્રથમ

પૂતનાને મારી તથા તૃણાવર્તને આકાશમાંથી પાડીને માર્યો તથા કાલીયનાગનું દમન કર્યું તથા દાવાનલનું પાન કર્યું. ॥૩૮॥ ઋષિપત્નીઓને રાજી કરીને ભોજન જમ્યા તથા ત્યાર પછી ગોવર્ધન પર્વતને ધારણ કર્યો તથા બંસરીનો નાદ કરીને ગોપીઓના મનને ખેંચીને બોલાવી. ॥૩૯॥ વૃંદાવનમાં તે ગોપીઓની સાથે રાસ રમવામાં ચંદ્રને મોહ પમાડીને મહા ખેલ રચ્યો તથા એક સાથે મળીને વ્રજની સ્ત્રીઓ ગીતો ગાતી હતી, રમતી હતી, ત્યારે શંખચૂડ દૈત્ય ત્રાસ આપતો હતો તેથી તે દૈત્યનો વધ કર્યો. ॥૪૦॥ મથુરાથી અક્રૂર આવ્યો. ગોપીઓએ વિરહગીત કરીને રોકવા માટે પ્રયત્ન કર્યો તેને મનાવીને મથુરા જઈને ત્યાં ચાણુર, મુષ્ટિક, કુવલયાપીડ હાથી, કંસ આદિનો વધ કર્યો. ॥૪૧॥ માતા-પિતાને સાંત્વના આપી ઉપવીત સંસ્કાર મેળવીને ઉગ્રસેનને રાજ્યગાદી ઉપર બેસાડીને ગુરુ સાંદિપની આશ્રમમાં વિદ્યા અભ્યાસ કરીને મથુરા આવીને ઉદ્ધવજીને ગોપીઓને સમજાવવા માટે વ્રજમાં મોકલ્યા. ॥૪૨॥ નંદ આદિને સાંત્વના આપીને અક્રૂરને હસ્તિનાપુર મોકલ્યા તથા જરાસંધની સાથે યુદ્ધ કર્યું ત્યાર પછી કાલયવન આવ્યો. ॥૪૩॥ દ્વારિકાપુરી વસાવી, ત્યાંથી રૂક્ષમણીનું હરણ કર્યું ત્યાર પછી ભૌમાસુરને મારીને તેના કારાગારમાં પૂરેલી સોળ હજાર કન્યાઓને છોડાવીને તેને પરણ્યા. ॥૪૪॥ સોળ હજાર એકસો આઠ રાણીઓની સાથે સંસારચક્રમાં પ્રદ્યુમ્ન આદિ પુત્રો થયા. તે સોળહજાર એકસોની સંખ્યામાં થઈને અનેક થયા. ત્યાર પછી મિથ્યા વાસુદેવને મારીને પાંડવોના રાજસૂય યજ્ઞમાં ગયા. ॥૪૫॥ જરાસંધનો વધ કરીને મેં બંધક રાજાઓને મુક્ત કર્યા તથા ચૈદ્ય, શાલ્વનો નાશ કર્યો ત્યાર પછી સુદામાની સાથે મિત્ર મેળાપ થયો. ॥૪૬॥ ત્યાર પછી કુરુક્ષેત્રમાં વસુદેવજીએ યજ્ઞ કર્યો ત્યાં પાલક માતાપિતા, નંદજી, ગોપીઓનો મેળાપ થયો અને શ્રીકૃષ્ણને સર્વકારણના કારણ નારાયણનો નિશ્ચય થયો. તે મને ઈશ્વર માનવા લાગ્યા. ॥૪૭॥ દેવકીના પુત્રને બોલાવવા માટે ભુમાપુરુષ બ્રાહ્મણના બાળકોને જન્મતાંની સાથે જ લઈ જતા હતા તેથી તે અર્જુનની પ્રતિજ્ઞા પૂરી કરવા અર્જુનને સાથે લઈને



ભુમાપુરુષના લોકમાં ગયા. ત્યાં દર્શન આપીને બ્રાહ્મણના પુત્રને પાછો લાવીને આપ્યો. ॥૪૮॥ ત્યાર પછી દુર્વાસા ઋષિના શ્રાપના નિવારણ માટે નિમિત ભૂત યાદવકુળનું ઘર્ષણ થયું. વંશનો નાશ થયો. આ પ્રમાણે મેં વિચાર્યું હતું તે પ્રમાણે થયું. ॥૪૯॥ મારું ભાગવતજ્ઞાન ઉદ્ધવને બોલાવી તેને સમજણ આપીને તેને મેં સંપૂર્ણ જ્ઞાન સમજાવી દીધું. બધું જ મારી ભક્તિપરાયણ તેને આપી ને ભક્તિમય બનાવી દીધો. મારી આજ્ઞા મુજબ તે ઉદ્ધવ (વિશાલા) બદ્રિકાશ્રમમાં જઈને રહેવાનું, ત્યાં તપ કરવાનું તે પ્રમાણે થયું. આવી રીતે તે શ્રીકૃષ્ણ આદિ અવતારો તે દૈત્યોને મારવા માટે જ ધર્યા હતા. ॥૫૦-૫૧॥ અત્યારે આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મની સ્થાપના માટે તથા તે ધર્મના રક્ષણ માટે નરનારાયણ આદિ દેવોની સ્થાપના કરીને દઢ ભક્તિના સ્થાપન માટે મારે ધર્મભક્તિ થકી અવતાર ધરવાનું પ્રયોજન છે. ॥૫૨॥ બીજા અવતારોમાં પણ ધર્મની રક્ષા કરવા તથા સત્પુરુષોની રક્ષા કરવા માટે સત્યુગ આદિ યુગોમાં અવતારો ધારેલા. દુષ્ટોનો સંહાર કરીને ભગવદ્ભક્તો અને ધર્મની રક્ષા કરેલી. ॥૫૩॥ હે સંતો ! આ પ્રમાણેના શાસ્ત્રમાં ઉલ્લેખ કરેલો હોય છે તે મુજબ અમારે અત્યારે પણ તમારી સાથે ફરીને અનંત જીવોને ભગવાનના આશ્રિત બનાવીને તેમનો ઉદ્ધાર કરવાનો છે તે માટે અમારે ફરવાનો હેતુ છે. ॥૫૪॥ અત્યારે અમારે વિચરણ કરીને તળાવો, જંગલોનાં ઝાડોમાં, પૃથ્વીના વિસ્તારો ઉપર બગીચા, વાડીઓ, નગરો ગામો આદિમાં અમારા વિચરણ કરીને તીર્થોરૂપ પવિત્ર બનાવીને પ્રજાને દર્શનલાયક કરવા માટે જ વિચરણ છે. ॥૫૫॥ અત્યારે આ દેવ સરોવરમાં સંતોની સાથે અમે આમાં વારંવાર સ્નાન કર્યા છે તેથી તે મહાન તીર્થ થઈ ગયું. એટલે આ સરોવરમાં અનન્ય ભક્તિભાવપૂર્વક મારું સ્મરણ કરતા થકા જે કોઈ ભક્ત સ્નાન કરશે તે મુક્તિ થઈ અક્ષરધામને પામશે. ॥૫૬॥ આ દેવ સરોવરના કાંઠે આવીને પોતાના પિતૃના તર્પણની ક્રિયા, વિધિ પ્રમાણે કરાવશે તો તેના પિતૃઓ તીર્થના પ્રતાપથી મુક્તિ પામશે અને ભગવાનના દિવ્યધામમાં પહોંચશે. ॥૫૭॥ પુષ્કરતીર્થમાં યમુના, ગંગા, કાવેરી તથા

સરસ્વતી, સરયુ, નર્મદા, તાપી, ગંડકી ગોમતી, મહી, સાબરમતી આદિ બધાંય તીર્થો આ સરોવરમાં વસે છે તેથી તે સરોવરમાં સ્નાન કરવાથી બધાં તીર્થોના સ્નાનના ફળને પ્રાપ્ત કરે છે. ॥૫૮-૫૯॥ અતિશય પાપનું આચરણ કરનાર મહાપાપી જીવાત્મા પોતાનાં પાપોનો પસ્તાવો કરતો થકો તે જાતે પાપોને ધોવા માટે તૈયાર થઈ જાય તો તે અહિંયા આવીને રેવતી યાગ કરીને હવન દ્વારા પાપનું પ્રાયશ્ચિત કરીને સરોવરમાં તીર્થોનાં ભગવાનના નામો બોલીને સ્નાન કરવાથી તે પાપમાંથી છૂટી જાય છે. ॥૬૦॥ પૂર્વે પણ પાંચ તીર્થો સર્વોત્તમ મહાન તીર્થો હતાં જીવાત્મા ભાવપૂર્વક તેનાં દર્શન કરતો હતો તેથી તેનાં મનોરથ પૂર્ણ થતાં હતાં તે નિશ્ચય વાત છે તે પ્રમાણે જાણો. ॥૬૧॥ અત્યારે પણ અહીંયાં એક રેવતી બળદેવજીનું મંદિર તથા મહારૂદ્રયાગનું સ્થળ, બીજી વાડી, સરોવર, અક્ષર મહોલની અગાસી આવાં મોટાં સ્થાનો તે તીર્થ જ છે. ॥૬૨॥ હે સંતો ! અત્યારે જે જે સ્થાને ફર્યા, ભોજન કર્યાં, બેઠા, શયન કર્યાં, આવી રીતે વારંવાર ઉપયોગ કરેલાં સ્થળો, વસ્તુઓ તે સર્વે અક્ષરધામ સમાન પવિત્ર સુખ આપનારાં, પવિત્ર કરનારાં છે, તે પ્રમાણે તમો સૌ નિશ્ચય માનજો. ॥૬૩॥ આ જેતલપુરની ભૂમિનું તો શું કહેવું ? હે સંતો ! આ ગામની ભૂમિ ઉપર તો અમે નિવાસ કર્યો તથા મહારુદ્રયાગ કર્યો. આવા અનેક ઉત્સવો કર્યા તેથી મહાન તીર્થ કરી દીધું છે. ॥૬૪॥ મંદ હાસ્યયુક્ત મુખકમળવાળા, કમળની પાંખડી સમાન સુંદર નેત્રકમળથી પ્રેમપૂર્વક કરૂણા દૃષ્ટિથી ભક્તોની સામું જોતા હતા તથા સર્વે ભક્તજનો ઉપર અમૃત વરસાવતા હતા. શ્રીધર્મનંદન મહાપ્રભુ પોતાના અનુભવ કરેલી વાર્તારૂપી અમૃત પાન કરાવતા કહેવા લાગ્યા. ॥૬૫॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રીસહજાનંદ સ્વામીના ચરણમકળના સેવક કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ જેતલપુરમાં મુનિઓને ઉપદેશ કર્યો એ નામે ચાલીસમો અધ્યાય થયો. ॥૪૦॥**



## ॥ અધ્યાય - ૪૧ ॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુ પોતાના અનુભવની કથા કહેતા હતા એટલામાં ઓચિંતાનું એક આશ્ચર્યકારક કાંઈક થયું. આકાશમાંથી સર્વસંતોના સમૂહને જોતાં થકામાં હજારો સૂર્યના પ્રકાશ જેવો પ્રકાશનો ગોળો નીચે આવતો જોવામાં આવ્યો. બધાનાં નેત્રોમાં ગરમ લાગવા માંડ્યું એટલામાં નીચે આવીને શ્રીહરિની આગળ આવીને ઉભા રહ્યા. ॥૧-૨॥ તે ત્યાં આવીને બધા જ સંતોની સાથે શ્રીકૃષ્ણમાં પોતાના મનને જોડીને શ્રીહરિને નમસ્કાર કરીને તથા સર્વે ભક્ત સમુદાયને વંદન કરી પ્રદક્ષિણા કરીને ચાલ્યા ગયા. ॥૩॥ આવી રીતના આશ્ચર્યને જોઈને બધાં સંતો ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુને પૂછવા લાગ્યા, હે મહાપ્રભુ ! આ શું આશ્ચર્ય આવેલું હતું તે આપ અમને સમજાવો તેવી અમારી અરજ છે. ॥૪॥ શ્રી બ્રહ્માનંદ સ્વામી પૂછવા લાગ્યા હે મહાપ્રભુ ! આ એક આશ્ચર્યકારક કૌતુક થયું. અમને શંકા થાય છે. આ શું આવ્યું હતું તેને જાણવા માટે આપને વિનવીએ છીએ. માટે હે પૂરર્ણ પુરુષોત્તમ મહાપ્રભુ ! આપ અમોને યોગ્ય રીતે સમજાવો. ॥૫॥ શ્રીહરિ મહાપ્રભુ કહે છે, હે મુનિજનો ! આ જે આવેલા હતા તેઓ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ દેવતાઓ આવ્યા હતા, તેઓ કાયમ માટે આ આપણી સભાના દર્શન કરવા માટે આવતા હતા તે રીતે તમો જાણો. ॥૬॥ હે મુનિઓ ! તે ત્રણે દેવો કાયમ અમારાં દર્શન કરવા માટે અદૃશ્યરૂપે આવતા હતા. તે આવતા દેવોનાં દર્શન કરવા તે સામાન્ય મનુષ્યોને માટે તો ખૂબ જ અલભ્ય છે. ॥૭॥ આજે તમને બધાને જે દેખાણા, તે તો અમારી ઈચ્છાથી આકાશમાંથી આવતા દેખાયા. તે દેવોના નિયામક એવા ત્રણે દેવો અમારાં દર્શન કરીને પોતાના કાર્યમાં રત રહે છે. ॥૮॥ શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે. હે રાજન્ ! આવી રીતે શ્રીહરિએ કહેલાં અમૃત સમાન વાક્યો સાંભળીને સર્વે સાધુઓ શ્રીહરિની પ્રેમપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. ॥૯॥

સર્વે સંતો કહેવા લાગ્યા. હે હરિ ! હે હરિકૃષ્ણ પ્રભુ ! આપ દિવ્ય ભક્તોને દૃઢ સ્થિતિમાં રાખનારા છો, જ્ઞાની ભક્તો હંમેશાં આપના સ્વરૂપને હૃદયમાં ધારીને ચિંતવન કર્યા કરે છે, બ્રહ્મજ્યોતિમાં રહેલા એવા દિવ્યસ્વરૂપના દર્શન કરવા માટે અખંડ તમારા સ્વરૂપમાં મનને જોડીને ભક્તિ કરતા ભક્તોમાં જોડાયેલા આપને અમો હંમેશાં પ્રણામ કરીએ છીએ. ॥૧૦॥ અંતઃશત્રુઓને વશ કરીને યોગીઓ જે સ્વરૂપનાં દર્શન માટે ઝંખના કરે છે એવા પૂર્ણ સ્વરૂપવાળા, શ્વેત વસ્ત્ર ધારી રહેલા, પુષ્પની માળાને ધારેલા, મસ્તક ઉપર મુકુટને ધારેલા એવા સ્વરૂપનું ધ્યાન કરે છે. એવા આપ મોહને નાશ કરનાર, કરોડો સૂર્યના તેજથી અધિક દિવ્ય પ્રકાશવાળા, દિવ્ય ગુણવાળા, મનોહર મૂર્તિ ॥૧૧॥ માયાથી પર એવા અનંત અક્ષર મુક્તો કાયમ માટે આપના ચરણકમળ બંનેનું પૂજન કર્યા કરે છે એવા, વિદ્યા અવિદ્યારૂપ શક્તિથી આ પૃથ્વી ઉપરના જીવોને દિવ્યસુખ આપવા માટે પોતાના ભક્તજનો માટે મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરો છો. ॥૧૨॥ હે પ્રભુ ! વેદો દ્વારા ગવાયેલા આપના ચરિત્રો સાંભળનારને સુખ આપે છે. વર્ષાકાલીન મેઘ સમાન ગંભીર સ્વરૂપવાળા, મનોહર મૂર્તિ એવા આપના સ્વરૂપનું ધ્યાન કરીને અખંડ દૃષ્ટિમાં રાખીને તમારું સ્મરણ કરે છે. તે જ આ સ્વરૂપે સંતોના અંતઃકરણમાં તેજ સ્વરૂપે નિવાસ કરો છો. ॥૧૩॥ એવા હે નાથ ! આપ કાળમાયાના ભયને હરનારા, કાયમ આનંદ આપનારા, અખંડ ભક્તિ કરનારને અક્ષરધામમાં લઈ જનારા, ભક્તિ કરવાથી જે મૂર્તિ પ્રાપ્ત થાય છે તે સુખ આપનારી મૂર્તિને પ્રાપ્ત કરીને સંતો ભક્તજનો નિષ્કામ આદિ ગુણો વડે આપ તેમની સાથે અખંડ જોડાયેલા રહો છો. ॥૧૪॥ મુક્તા ફળના હારને ધારનારા, સર્વના સ્વામી, સર્વથી અગ્ર, માધવ, સર્વજગતના સ્વામી, માલતીના પુષ્પોની હારમાળાને ધારણ કરીને તેની સુગંધને વિસ્તારતા થકા આનંદ આપનાર, માલતીની માળાને ધારણ કરેલા, વિશ્વના સર્જન કરનારા તથા દેવો જેના ગુણને કાયમ ગાયા કરે છે, એવા ભક્તની ભક્તિને આધીન



તથા શેષ મહેશ્વરના મનને હરનારા એવા ॥૧૫॥ પૂર્ણિમાના ચંદ્ર સમાન મનોહર મુખકમળવાળા, મનોહર મૂર્તિ, મંદહાસ્યથી યુક્ત, દર્શન કરનારના મનને હરનારા, આપના બન્ને હસ્તકમળને જોવાથી મનને ખેંચનારા, તમારી અમૃતવાણીને સાંભળીને તમારા શરણમાં આવેલાને અભય પદ આપનારા, પલાશ પત્રસમાન ઉદરવાળા એવા હે પ્રભુ ! ॥૧૬॥ હે હરિ ! મત્સ્ય, કૂર્મ, નૃસિંહ, વરાહ, આદિ રૂપોને આપે જ ધાર્યા હતાં અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ અનન્ય ભક્તિનાં પાલન કરાવવા માટે, તથા પાખંડ મતનો નાશ કરીને સુજ્ઞાનનો ઉપદેશ આપનારા ॥૧૭॥ આપ કૃપાયુક્ત દૃષ્ટિવાળા પોતાના એકાન્તિક ભક્તોને માટે મેઘસમાન મનોહર સ્વરૂપવાળા, કમળનયન એવા હે હરિકૃષ્ણ ! મહાપ્રભુ, આપ પીળાં વસ્ત્રોને ધારણ કરીને નવીન મનોહર વેષવાળા, લલાટમાં મનોહર કુમકુમનો ચાંદલો કરેલો એવા આપ, ॥૧૮॥ આ પૃથ્વી ઉપર વિચરણ કરતા થકા સંતોની સભામાં વિરાજમાન થઈને શુદ્ધ નિર્ગુણ ભક્તોને સમાધિ કરાવનાર તથા શુભ યજ્ઞકાર્યનો પ્રારંભ કરતા એવા આપ શ્રીહરિ આપના જમણા ચરણના અંગૂઠામાંથી પવિત્ર દેવગંગાના પ્રવાહને લોકકલ્યાણ માટે વહેવડાવી તેના ફેણ જેવા શ્વેત જળથી તથા આપના કલ્યાણના કાર્યોથી પૃથ્વી ઉપર યશને વિસ્તારતા રહો છો. ॥૧૯॥ એવા હે વાસુદેવ ! મહાપ્રભુ ! ધર્મભક્તિના પુત્ર એવા નિરન્નમુક્તોના સમૂહે પૂજેલાં છે ચરણકમળ જેમનાં એવા, મનોહર મૂર્તિ હે નારાયણ પ્રભુ ! ॥૨૦॥ હે કૃષ્ણ પ્રભુ ! હે હરિકૃષ્ણ પ્રભુ ! હે નરનારાયણ ભગવાન ! આપ ભારતની પ્રજાના કલ્યાણ માટે હમેશાં તેમનું પ્રિય કરવા માટે તપ કરો છો એવા ॥૨૧॥ અત્યારે કળીકાળના પ્રતાપથી અધર્મીઓ તથા પાપી અસુરોનો સંહાર કરવા તથા સદ્‌ધર્મની સ્થાપના કરવા કૌશલદેશમાં છપૈયા ગામમાં ધર્મદેવના કુળમાં પ્રગટ થયા છો. જેમ પૃથ્વી ઉપર સૂર્ય ઉદય થાયને અંધકાર નાશ પામે તેમ આપનાં પ્રગટ થવાથી અધર્મનો નાશ થવા લાગ્યો. ॥૨૨॥ એવા સર્વ જગતના નિવાસસ્થાનરૂપ

તથા જીવો ઉપર કૃપાદૃષ્ટિ રાખનારા એવા હે ધર્મનંદન ! પૃથ્વીના જીવોના પાપને હરનારી એકાન્તિકી ભક્તિ જેમની છે એવા, તે ભક્તો ને જન્મ-મરણના ફેરાના દુઃખમાંથી મુક્ત કરનારા હે ધર્મનંદન મહાપ્રભુ ! તમને અમો વંદન કરીએ છીએ. ॥૨૩॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી સંતોએ કરેલી પ્રાર્થનાના શબ્દો સાંભળીને રાજી થયેલ. મહાપ્રભુ તે સર્વે સંતોને પોતાનો અમૂલ્ય પ્રસાદ આપીને. પોતે શ્રીહરિ ભોજન કરવા માટે નગરમાં જવા લાગ્યા. ॥૨૪॥ તે સભાસ્થાનેથી ઉઠીને મહાપ્રભુ રળિયાતબહેનના ઘેર દયારામ વિપ્રને ત્યાં પધાર્યા. તેમણે બનાવેલા પાકનું ભોજન કરવા પ્રભુ પધાર્યા. ॥૨૫॥ તે ભક્તના ઘેર શ્રીહરિ મહાપ્રભુ સંતોની સાથે પધાર્યા ત્યાં શ્રીહરિ નારાયણપ્રભુએ ઉષ્ણજળથી સ્નાન કરીને પીતાંબર વસ્ત્રને ધારણ કર્યું. ત્યાર પછી બીજાં સફેદ વસ્ત્રથી શરીર ઢાંકીને તે ઘરની અંદર શ્રીહરિ માટીના બનાવેલા ઓટલા ઉપર વિરાજમાન થયા. તેમની સન્મુખ વર્ણિ બેઠા. ॥૨૬, ૨૭॥ ભક્ષ્ય ભોજન આદિ પદાર્થોથી પૂરેલો ભોજનનો થાળ લાવીને જાતજાતનાં વ્યંજનોનો થાળ બ્રહ્મચારીએ લાવીને શ્રીહરિ પાસે મૂક્યા. ॥૨૮॥ તે થાળોમાંથી શ્રી સહજાનંદ સ્વામી પોતની રુચિ અનુસાર જાતજાતનાં ભોજનો આરોગવા લાગ્યા. તે શ્રીહરિના જમવાના દર્શન મુક્તાનંદ સ્વામી આદિ સંતો ભાવપૂર્વક કરતા હતા. ॥૨૯॥ ત્યાર પછી અંતમાં દાળભાત આરોગીને કૃપામૂર્તિ શ્રીહરિ શુદ્ધ જળથી ચળુ કરીને મુકુંદાનંદ વર્ણીએ આપેલ જળનું પાન કરીને શ્રીહરિ ધર્મનંદન પ્રભુ તૃપ્ત થયા. ॥૩૦॥ ત્યાર પછી શ્રીહરિ ધર્મનંદન પ્રભુ ઓઢવાના વસ્ત્રને કેડે બાંધીને સંતોને ભોજનનાં પાત્રો લાવીને શ્રીહરિ જાતે પીરસવા લાગ્યા. ॥૩૧॥ ખૂબ જ આગ્રહ કરીને સારી રીતે પીરસીને શ્રદ્ધાથી સારાં ભોજનો આગ્રહથી જમાડીને સંતોને તૃપ્ત કર્યા ત્યાર પછી જળથી હાથ પગ ધોઈને તેમના આંગણામાં મંચ ઉપર વિરાજમાન થયા. ॥૩૨॥ ત્યારે દયારામ તથા તેની માતા રળિયાત તથા તેની બહેન તથા તેના ભાઈ સર્વે



પરિવારજનો શ્રીહરિનું ભક્તિભાવથી પૂજન કરવા લાગ્યા. ॥૩૩॥ પહેલાં શ્રીહરિના વિશાળ લલાટમાં ચંદનની અર્ચા કરી ત્યાર પછી ફૂલોના હાર કંઠમાં પહેરાવ્યા તથા મસ્તક ઉપર પાઘમાં તોરા લટકાવ્યાં. ॥૩૪॥ ત્યાર પછી તેમની આગળ ભેટ પદાર્થો મૂકીને ભાવથી આરતી ઉતારી. ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ચંદનના લેપવાળા ચરણકમળની તે ભક્તના હૃદયમાં છાપો આપતા હતા. ॥૩૫॥ હે રાજન ! ત્યાર પછી શ્રી ધર્મનંદન મહાપ્રભુ પોતાના અંતઃકરણમાં સ્મરણ કરીને તે જીવરામના નામના તે દયારામના નાના ભાઈને આ પ્રમાણે કહેવા લાગ્યા કે આજથી ચોથે દિવસે તારા ભાઈઓ તારું રક્ષણ કરવા છતાં તું ઊંડા કૂવામાં પડી જઈશ ત્યારે અમે ત્યાં આવીને તને તેડી જઈશું. ॥૩૬, ૩૭॥ આ પ્રમાણે તે જીવરામને કહીને ત્યારપછી શ્રીહરિ મહાપ્રભુ સત્પતિ સંતો વર્ણીઓની સાથે અક્ષરધામાધિપતિ શ્રીધર્મનંદન મહાપ્રભુ પોતાના મંદિરમાં પધાર્યા. ॥૩૮॥ ત્યારે તેના સંબંધીઓ જીવરામને પૂછવા લાગ્યા તને તારુ સારું કરવા માટે શ્રીહરિ સહજાનંદ સ્વામીએ તને શું શું કહ્યું. એ પ્રમાણે પૂછતા હતા. ॥૩૯॥ ત્યારે જીવરામ તેના સંબંધીઓને કહેવા લાગ્યો કે ચોથે દિવસે મુતલ નામના કૂવામાં તું પડી જઈશ અને તને અમારી સાથે અમારા અક્ષરધામમાં તેડી જઈશું. ॥૪૦॥ આ પ્રમાણે કહીને શ્રીહરિ સંતો પાર્ષદો સર્વની સાથે મંદિરમાં પધાર્યા છે. આ પ્રમાણે તેનું કહેવાનું સાંભળીને તેના સંબંધીઓ પોતાના મનમાં મહા આશ્ચર્ય માનતા હતા. તે દિવસથી શ્રીહરિના કહેવા મુજબ રાહ જોયા કરતા હતા. ॥૪૧॥ ત્યારે તે દયારામના નાના ભાઈ જીવરામને મનમાં પોતાના જીવનનો અંત જાણવાથી ભય લાગતો હતો અને શ્રીહરિના કહેલા શબ્દનું મનમાં સતત સ્મરણ થયા કરતું હતું. ॥૪૨॥ હે રાજન્ ! ત્યાર પછી જ્યારે ત્રીજો દિવસ આવ્યો ત્યારે તે જીવરામને શરીરમાં તાવ આવી ગયો ત્યારે તે શ્રીહરિ સહજાનંદ સ્વામીનું મનમાં સ્મરણ કરવા લાગ્યો. ॥૪૩॥ જ્યારે ચોથો દિવસ આવ્યો ત્યારે તે જીવરામ પોતાની માતાને કહેવા લાગ્યો મા, તું

જલદીથી મને ખાવાનું બનાવીને આપ, મને ખૂબ ભૂખ લાગી છે, તેથી મારે ખાવું છે. ॥૪૪॥ આવી રીતે તે જીવરામનું કહેવાનું સાંભળીને, તેની માતાએ જલદીથી તેના માટે શીરો બનાવ્યો ત્યારે તે જમવા લાગ્યો અને તેની માતા પીરસતી ગઈ. ॥૪૫॥ આવી રીતે દિવસના બે પહોર વીતી ગયા. મધ્યાહ્‌ન સમય પછી શ્વેત વસ્ત્રો ધારીને શ્રીહરિ મહાપ્રભુએ તેને દર્શન આપ્યા ત્યારે શ્રીહરિ માણકી ઘોડી ઉપર અશ્વાર થઈને આવ્યા હતા. ॥૪૬॥ તેને શ્રીહરિનાં દર્શન થવાથી મનમાં ખૂબ જ આનંદ થયો ત્યારે તે બ્રાહ્મણ જીવરામ તેની માતાને કહેવા લાગ્યો, માતાજી, શ્રીસ્વામિનારાયણ ભગવાન આવ્યા. ॥૪૭॥ હે રાજન્ ! તે કહેવા લાગ્યો મા, તું મારી પાસે જ બેસી રહે, મને છોડીને ક્યાંય ન જઈશ. તે છતાં ભાગ્યવશ તે તેની માતા પોતાના બાળકને મૂકીને જલદીથી જઈને પુત્રને છૂટો મૂકીને બીજા ઘરમાં જતી રહી. ॥૪૮॥ ત્યારે તે જીવરામ તેની માતાના બંધનમાં લાંબા સમય સુધી રહ્યો તે છતાં ભગવદ વચન પ્રમાણે તેના કાળે મુક્ત કરાવ્યો અને તે પોતાના ભાઈઓ સંબંધીઓને કાંઈ પૂછયા વગર જ જઈને ઉત્તલ કૂવામાં જઈને પડ્યો. ॥૪૯॥ હે રાજન્ ! તે કૂવામાં પડવાનું જાણતાં જ તેના ભાઈઓ તથા સંબંધિઓ હાય-વોય કરવા લાગ્યા તથા ગામના બીજા મનુષ્યો પણ જીવરામના મરણની વાત જાણીને તેમને તો મહાન કૌતુક ચમત્કાર જાણીને આ ભગવાન સ્વામિનારાયણનો પરચો જ છે એમ માનીને શ્રીહરિ મહાપ્રભુને સર્વોપરી અક્ષરધામના વાસી ભગવાન જ માનતા હતા. ॥૫૦, ૫૧॥ આવી રીતના અતિ અદ્‌ભુત પ્રતાપ જોઈને પ્રણામ કરીને સ્મરણ કરતા હતા. દુષ્ટ બુદ્ધિવાળા આસુરી પ્રકૃતિના જીવો આ વાતને જાણી શકતા પણ ન હતા કેમ કે તેઓ ભગવાનથી વિમુખ હોવાથી ॥૫૨॥ મુમુક્ષ જીવોના સુખ માટે આ ભગવાન મનુષ્ય અવતાર ધારણ કરીને આ પૃથ્વી ઉપર વિચરણ કરે છે. સંતોની સાથે જીવોને દર્શન આપીને આત્યંતિક કલ્યાણ કરે છે. ॥૫૩॥ તે નગરના મનુષ્યો શ્રીસ્વામિનારાયણને ઓળખીને તેમનો દૃઢ આશ્રય



કરીને તેમની એકાન્તિકી ભક્તિ કરવા લાગ્યા. ॥૫૪॥ આવી રીતે શ્રીધર્મનંદન મહાપ્રભુ મંદિરમાં વિરાજમાન હતા એટલે મંદિરમાં જઈને તેની સ્તુતિ કરવા લાગ્યા. તે નગરજનોને શ્રીહરિ તેમની ઉપર રાજી થઈને તેમને પોતાના દર્શન આપીને સુખ આપતા હતા. ॥૫૫॥ હે રાજન્ ! ત્યાર પછી યજ્ઞ કરવા માટેની સામગ્રીમાં ઘઉં દળવા માટે ગામની અંદર દરેકના ઘેર ઘેર એક મણ ઘઉં શ્રી હરિ મહાપ્રભુની આજ્ઞાથી ભક્તજનો જઈને આપતા હતા. ॥૫૬॥ મહા રૂદ્રયાગ કર્યો તેમાં ખૂબ પ્રમાણમાં હવિષ્યાન્નો વડે આહૂતિઓ આપીને અગ્નિદેવને તર્પણ કરીને ખૂબ તૃપ્ત કર્યા અને શ્રીહરિએ તે યજ્ઞમાં અસંખ્ય બ્રાહ્મણોને ખૂબ જમાડતા હતા. ॥૫૭॥ શ્રીહરિ મહાપ્રભુ એવી રીતે જેતલપુરના પોતાના ભક્તજનોની સાથે વીંટાયા થકા યજ્ઞના કાર્યમાં તે નગરના જનોને સુખ આપવા માટે આ દિવ્ય યજ્ઞમાં તે મનુષ્યોને યજ્ઞનો દિવ્ય પ્રસાદ પોતાના આશ્રિતોને તથા બીજા મનુષ્યોને પણ ખૂબ આપીને સુખી કર્યા તથા યજ્ઞ કરનારા વરૂણીઓને પણ વરૂણમાં નિયુક્ત કર્યા. ॥૫૮॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ જેતલપુરમાં રહીને રુદ્રયાગ કરવાનો નિર્ણય કર્યો એ નામે એકતાલીસમો અધ્યાય. ॥૪૧॥**

## ॥ અધ્યાય - ૪૨ ॥

**રાજા પૂછે છે** : હે સ્વામી બ્રહ્માનંદજી ! આપના મુખથી કહેવાયેલી હરિકથા સાંભળવા છતાં મને તૃપ્તિ નથી થતી, આગળ સાંભળવાની ઝંખના થયા જ કરે છે. જેમ દેવતાઓ અમૃતપાન કરવાથી તૃપ્ત નથી થતા તેમ હું પણ હજી જિજ્ઞાસાવાળો જ છું, તેથી મને કથા સંભાળાવો. ॥૧॥ ભગવાનની કથા સાંભળવા માટે સર્વ સાંસારિક કાર્યનો

ત્યાગ કરી દે છે ત્યારે જ શાંતિ થાય છે. જેમ પારસમણીને મેળવીને પણ છ પ્રકારના રસોની લોલુપતા મટતી નથી તેમ મારે કથાશ્રવણની જિજ્ઞાસા રહ્યા જ કરે છે. ॥૨॥ હે સ્વામી, ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુ જેતલપુરમાં રહેતા હતા ત્યાં મહારુદ્રયાગ કર્યો તે કથાનું વર્ણન કરીને મને સમજાવો. ॥૩॥ જે કથા સર્વપાપોને ધોઈને પવિત્ર કરનારી છે તે વિસ્તારપૂર્વક મને સમજાવો. તે પ્રેમપૂર્વક મારે સાંભળવી છે તેથી મને સંભળાવવાની કૃપા કરો. ॥૪॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! ત્યાં એક દિવસ ઉત્સવમાં પોતાને ઘેર વિવાહ સમારોહ હોઈને ઉત્સાહ હોય તેમ બધાના ઘેર આ ઉત્સવનો અનેરો આનંદ હતો. ॥૫॥ હે રાજન્ ! યજ્ઞમાં તે ગામના ભક્તજનોમાં ગંગાદાસ, ભિખારીદાસ, જોઈતારામદાસ, તારાચંદ આદિભક્તજનો. ॥૬॥ તે સર્વે ભક્તજનોએ શ્રીહરિ મહાપ્રભુને તથા તેમના પાર્ષદ ભક્તોને ભક્તિભાવ પૂર્ણ આમંત્રણ આપીને તેમને અનેક પ્રકારનાં મિષ્ટાનો બનાવરાવી ખૂબ જમાડ્યા તથા તેઓની પ્રેમપૂર્વક પૂજા કરી. ॥૭॥ કુમકુમ, ચંદન, ચોખા ફૂલહારો અર્પણ કરીને ધૂપ, દીપ આદિથી અર્ચન કરીને શ્રીહરિ મહાપ્રભુની આગળ પ્રેમભાવથી રૂપિયાના સિક્કાઓનો ઢગલો કર્યો ॥૮॥ ત્યારે શ્રીહરિ મહાપ્રભુ તે રૂપિયા સર્વે પોતાના પાર્ષદો દ્વારા તે બ્રાહ્મણોના ઘેર વિવાહ કાર્ય કરવા માટે, તેમના પુત્રોને સારી રીતે વિવાહ કરવા માટે તેમને આપતા હતા. ॥૯॥ તે ભક્તોના ઘેરથી શ્રીહરિ મહાપ્રભુ મુક્તાનંદ સ્વામી આદિ સંતોની સાથે વીંટાયા થકા તથા મયારામ વિપ્ર આદિ ભક્તજનોની સાથે પોતાના મંદિરમાં પધાર્યા. ॥૧૦॥ હે રાજન્ ! ત્યાર પછી ધર્મનંદન મહાપ્રભુ પોતાના ઉતારા પર તે જેતલપુર ગામના ભક્તો તથા પોતાના આશ્રિત સંતો ભક્તજનોને પોતાની પાસે બોલાવતા હતા. ॥૧૧॥ ત્યારે તે ભક્તો શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞા સાંભળીને શ્રીહરિ પાસે આવ્યા અને શ્રીહરિ મહાપ્રભુના દર્શનની લાલસાવાળા તે ઉત્કંઠ મનવાળા થઈને આવ્યા. ॥૧૨॥ આસજીભાઈ, શંકરભાઈ, કાશીરામભાઈ, મનોહરભાઈ,



જીવણભાઈ, રાઘવભાઈ, વજાભાઈ, ગણેશભાઈ, ભિખારીદાસ, તારાચંદ તથા ગંગારામદાસ, દયારામ, આદિ બ્રાહ્મણ ભક્તો આ સર્વે શ્રીહરિ પાસે આવ્યા. ॥૧૩, ૧૪॥ લહેરીબાઈ, રળિયાત, ગંગામા, આદિ સર્વે સ્ત્રીભક્તો પણ આવ્યાં. તેઓ પણ શ્રીહરિ સન્મુખ આવીને બેઠાં. ॥૧૫॥ તે સર્વે ભક્તજનોને બોલાવીને શ્રીહરિ મહાપ્રભુ પોતાના મુખકમળથી કમળનયન પ્રભુ મનોહર મધુરવાણીથી કૃપાપૂર્વક મેઘસમાન ગંભીર વાણીથી કહેવા લાગ્યા. ॥૧૬॥ **હે મારા પ્રિય ભક્તો,** તમો સાંભળો, પરમ દિવસ અમારે સંતો પાર્ષદોની સાથે અહીંથી બીજે જવાનું થશે એ પ્રમાણે તમો જાણો. ॥૧૭॥ આવી રીતનાં શ્રીહરિ મહાપ્રભુનાં વાક્યો સાંભળીને શ્રીહરિ મહાપ્રભુને હાથ જોડીને પ્રણામ કરીને વિરહથી આતુર મનવાળા તે કરુણવાણીથી ભક્તજનો કહેવા લાગ્યા. ॥૧૮॥ **હરિભક્તો કહે છે** : હે હરિકૃષ્ણ પ્રભુ ! હે ઘનશ્યામ પ્રભુ ! હે નારાયણમુનિ પ્રભુ ! કમળનયન પ્રભુ ! આપ અહીંથી જવા માટેનો વિચાર અત્યારે ન કરશો. ॥૧૯॥ કેમ કે પરમ દિવસ તો મકરસંક્રાંતિ પર્વ છે. માટે હે મહાપ્રભુ, આ પર્વમાં તો કોઈ ક્યાંય દૂર દેશમાં ગયા હોય તોય પોતાના ઘેર આવે છે. એવો આ પર્વ છે તેથી આપ જવાનો વિચાર ન કરશો. ॥૨૦॥ એટલા માટે હે શ્રીહરિ, મહાપ્રભુ, આવા સંક્રાંતિના મહાપર્વના સમયે પવિત્ર દિવસે જશો નહિ કેમ કે અમારા કેટલાય જન્મના પુણ્યે આપના સ્વરૂપના દર્શનનો અમને યોગ મળ્યો છે તે અમારા ભાગ્યનું સુખ અમને દર્શન આપીને આપો. ॥૨૧॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! આ પ્રમાણે તે ભક્તજનોના ભાવપૂર્વકનાં વચનો સાંભળીને ધર્મનંદન મહાપ્રભુ તે ભક્તોને મંદ હાસ્ય કરતા થકા પ્રેમપૂર્વક કલ્યાણકારક મધુર વચનો વડે કહેવા લાગ્યા. ॥૨૨॥ **શ્રીહરિ ભગવાન કહે છે** : હે ભક્તજનો ! તે મકરસંક્રાંતિ પર્વમાં શું શું કામ કરવાનાં, કયું દાન કોણ કોને આપે ? એ સર્વ પર્વના મહત્ત્વની વિગત હોય તે રિવાજ પ્રમાણે વ્યવસ્થિત કહો. ॥૨૩॥ હે રાજન્ ! ત્યારે તે સર્વે ભક્તજનો

શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને, ઘનશ્યામ પ્રભુને પ્રણામ કરીને ભાવનાપૂર્વકની નમ્ર વાણીથી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા, ॥૨૪॥ હે મહારાજ ! તે દિવસે પવિત્ર સજ્જનો પોતાના દેશમાં નવા પાકેલા અનાજનાં દાનો આપે છે, તે દિવસે નવા પાકેલા તલના લાડુ બનાવીને દાનમાં આપવામાં આવે છે. તે તલના લાડુ પ્રતિષ્ઠિત બ્રાહ્મણોને આપે છે. તથા બીજા જે કોઈ તે દિવસે માંગવા આવે તેને અનેકને દાનો આપવામાં આવે છે તથા અન્ન વસ્ત્ર, ધન આદિ પદાર્થોનાં દાનો યોગ્યતા પ્રમાણે, હે ધર્મનંદન પ્રભુ ! તે સર્વજનો આપે છે. ॥૨૫,૨૬॥ તથા હે મહાપ્રભુ ! તે દિવસે ધાર્મિક લોકો સારા ઘીના લાડુ બનાવીને સારા પવિત્ર ભગવદીય સંતોને આમંત્રણ આપીને ખૂબ પ્રેમથી જમાડીને તૃપ્ત કરે છે. ॥૨૭॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! આવી રીતનાં તે ભક્તજનોના ભાવનામય વચનો સાંભળીને શ્રીહરિ તે ભક્તજનોને ફરીથી અસંખ્ય લોકોના કલ્યાણનો વિચાર કરીને તેમના ઉદ્ધાર માટે આગળ કહેવા લાગ્યા. ॥૨૮॥ હે સર્વે ભક્તજનો ! તમો સાંભળો. આ જેતલપુર ગામમાં કેટલા બ્રાહ્મણો છે તથા અસલાલી ને જેતલપુર બંને ગામના કેટલા બ્રાહ્મણો થાય, તેનાથી આપણે યજ્ઞ કરીએ તથા આનાથી દૂરના ચારે દિશાઓમાંથી બ્રાહ્મણોને બોલાવીને ઘણી સંખ્યામાં બ્રાહ્મણોને બોલાવવા માટે તમો કુમકુમ પત્રિકા મોકલીને બોલાવો. ॥૨૯,૩૦॥ અમારે આ ગામમાં મહારુદ્રયાગ કરવો છે. તેનો પ્રારંભ કરાવવો છે. તેના માટે તમે લોકો બ્રાહ્મણોને બોલાવવાના તથા તે યજ્ઞ માટેના સીધાંસામગ્રીની તૈયારી તમારે લોકોને કરવાની છે. ॥૩૧॥ આવી રીતના શ્રીહરિ મહાપ્રભુનાં વચનો સાંભળીને તે સર્વે ભક્તજનો તે શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુને સાવધાનીપૂર્વક રમૂજથી કહેવા લાગ્યા. ॥૩૨॥ હે મહારાજ ! આવી રીતે યજ્ઞ તો થઈ જાય જો આપની ઈચ્છા હોય તથા આપણા બધાયના પ્રયત્નથી ધનસંપતિ એકત્ર કરીને શ્રદ્ધાથી સર્વના દ્રવ્યથી યજ્ઞના કાર્યની તૈયારી કરીએ. ॥૩૩॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્



! આવી રીતનાં તે ભક્તજનોનાં ભાવપૂર્વકનાં વચનો સાંભળીને શ્રીહરિકૃષ્ણ પ્રભુ તેમને યજ્ઞકાર્યની પ્રેરણા આપી તેથી તે ભક્તજનો પણ શ્રીહરિની આજ્ઞાથી યજ્ઞની સામગ્રી આદરપૂર્વક શ્રદ્ધાથી ભેગી કરવા લાગ્યા. ॥૩૪॥ ત્યારે તે સીધાં લેવા માટે અમદાવાદથી પાંચ હજાર દ્રોણ ઘઉં લાવવા માટે તથા યજ્ઞના હવનનો પૂજાપો તથા ચણા આદિ સામગ્રીઓ લેવા માટે અમદાવાદ નગરમાં ગયા. ॥૩૫॥ હે રાજન્ ! તથા ગોળ પાંચસો દ્રોણ તથા દાળ પણ પાંચસો દ્રોણ તથા મીઠું, ખટાઈ, મસાલા આદિ સર્વે પદાર્થો લાવીને મોટા ઢગલા કરી દીધા. ॥૩૬॥ ત્યાર પછી શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ઘેર ઘેર જઈને ઘઉં સાફ કરવા તથા દળવા માટે પોતાના ભક્તજનોની સાથે સત્સંગીજનોને આપ્યા. ॥૩૭॥ ત્યારે કોઈ એક ઘરમાં એક સ્ત્રી શ્રીહરિને નમન કરીને કહેવા લાગી, હે પ્રભુ, મારે ઘઉં દળવા માટેનો સમય નથી બહુ જ કામ છે. ॥૩૮॥ અને રોતી થકી કહેવા લાગી, હે નાથ ! આ ઘોડિયામાં મારો નાનો બાળક સૂતો છે, તે રોયા કરે છે તેથી તેને સતત હીંચોળવો પડે છે તેથી મને સમય મળે તેમ નથી તેથી હું શું કરું ? ॥૩૯॥ ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા કે તારા બાળકને હું હીંચોળું છું. તું આ ઘઉંને દળીને તૈયાર કર અને શ્રીહરિ તે બાળકને ઘોડિયામાં હીંચોળવા લાગ્યા. ॥૪૦॥ કોઈક ઘરમાં શ્રીહરિને, કમલનયન પ્રભુને સ્ત્રી કહેવા લાગી કે હે પ્રભુ, અત્યારે તો મારે દહીં વલોવવાનું કામ ચાલે છે. તેથી હું ઘઉં નહી દળી શકું તેથી શ્રીહરિમહાપ્રભુ ધર્મનંદન તે સ્ત્રીને કહેવા લાગ્યા કે હું તારું દહીં વલોવી આપું. તું આ ઘઉં દળી આપ. આ ઘઉંમાંથી બ્રાહ્મણોને જમાડવાના છે તેથી તને પુણ્ય મળશે. આ રીતે શ્રીહરિ તેને પ્રેરણા આપવા લાગ્યા. ॥૪૧, ૪૨॥ આ પ્રમાણે કહીને શ્રીહરિ દહીં વલોવવાનાં નેતરાં લઈને વલોવવા લાગ્યા. આવી રીતે દહીં વલોવીને પણ શ્રીહરિ જીવોને ભક્તિના કાર્યમાં જોડતા હતા. ॥૪૩॥ ત્યારે શ્રીહરિ દયાસિંધુ તેણીનાં કલ્યાણ કરવાનો નિશ્ચય કરીને ભક્તિનંદન મહાપ્રભુ, કહેવા લાગ્યા, હે સાધ્વી, મને ખૂબ જ ભૂખ

લાગી છે તેથી મને કાંઈક ખાવાનું આપો તો બહુ સુખ થાય. ॥૪૪॥ હે રાજન્ ! ત્યારે તે સ્ત્રી પોતાને મહા ભાગ્યશાળી માનવા લાગી અને તે શ્રીહરિ મહાપ્રભુ માટે સુંદર રોટલા બનાવીને રોટલો ને માખણ ઘનશ્યામ પ્રભુને પ્રેમપૂર્વક આપીને ખૂબ જ આનંદ પામવા લાગી. ॥૪૫॥ શ્રીહરિ સહજાનંદ સ્વામી રોટલો ને માખણ જમીને ત્યાંથી બીજાના ઘેર પધાર્યા ત્યાં તે ગૃહાંગના શ્રીહરિને જોઈને તેમની સામે જોતી થકી રોમાંચ થઈ ભક્તિવિભોર થઈ જતી હતી. ત્યાર પછી શ્રીહરિને બેસવા માટે આસન આપીને પ્રણામ કરીને તેમનું ઉપચારોથી પૂજન કરીને કહેવા લાગી, હે પ્રભુ ! મારા ઘરને આપે પધારીને પવિત્ર કરી નાખ્યું. ॥૪૬, ૪૭॥ હે સતપતિ ! મહાપ્રભુ ! આપની પધરામણીથી ગૃહદેવતા પ્રસન્ન થઈ જાય છે. આપના સન્માનથી અમારા પિતૃઓ પણ તૃપ્ત થઈને પ્રસન્ન થઈ જાય છે, કેમ કે આપના પધારવાથી પવિત્ર બની જાય છે. ॥૪૮॥ જેના ચરણની રજને શેષજી, તથા બ્રહ્મા, શિવ, લક્ષ્મી આદિ મેળવવા માટે પ્રયત્નો કરતા થકા ઝંખ્યા કરે છે એવા હે વાસુદેવ ! આપ મારે ઘેર પધાર્યા તેથી મારા પુણ્યનો તો કોઈ પાર નથી. ॥૪૯॥ હે રાજન ! પૂજન કરાયેલા નારાયણ મુનિ ભગવાન તે પ્રેમભાવ વાળી બાઈને ઘઉં દળવા માટે આપીને બીજા ઘેર ગયા. ॥૫૦॥ ત્યાર પછી તે બાઈનો પતિ ઘેર આવ્યો ત્યારે તે ભક્તિભાવવાળી સ્ત્રી તથા પુત્રને આનંદિત દેખીને હસમુખ મોઢાં રાખીને કહેવા લાગ્યો કે સ્વામિનારાયણ ભગવાન શા માટે અહી આવ્યા હતા ? ॥૫૧॥ ત્યારે તેમણે ઘઉં દળવાની વાત કરી ત્યારે તેમને મેં કહ્યું હે પ્રભુ ! અત્યારે બહુ કામ છે. મારી ઉપર ઘણી જવાબદારીઓ છે, તેથી હું આપને શું કહી શકું. ॥૫૨॥ મારે ગાયો દોહવાની, પાણી ભરી લાવવાનું, બાળકને હિચોળવાનું, વાળવા-ચોળવાનું, દહીં વલોવવાનું આવા ઘણાં કામો છે. તેથી કેવી રીતે દળવાનો ટાઈમ મળે ? ॥૫૩॥ **ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા હે સદવૃતે !** જ્યારે તું મરી જઈશ ત્યારે આ બધાં કામો તારી સાથે આવવાનાં છે ? આવી તને ખાતરી જ છે ?



॥૫૪॥ એ સર્વે કાર્યો તો અહીં જ પડ્યા રહેવાનાં છે. આવી રીતે સાંસારિક કાર્યોમાં પડી રહીશ તો જન્મમરણના લખચોર્યાશીના ફેરા મટશે જ નહીં તેથી આત્મકલ્યાણ માટે ભગવાનની ભક્તિ કરો તો મુક્તિ મળે. ॥૫૫॥ પોતાના સંબંધીઓ પતિ, પુત્ર, આદિ ઘર ખેતર પશુઓ આ સર્વે તો અહીં જ રહેવાનાં છે, તમારું શરીર જ એક ક્ષણભંગુર છે તે જ નાશ પામશે માટે સેવાભક્તિ કરીને સુખ મેળવો. ॥૫૬॥ આવી રીતે તેને ભગવાને ઉપદેશ કર્યો. પોતાના આશ્રિતો માટે યજ્ઞના ઘઉં દળવા માટે આપીને તેઓ અહીંથી ગયા. ॥૫૭॥ શ્રીહરિ બીજાના ઘેર જ્યારે પધાર્યા ત્યારે ધર્મનંદન પ્રભુને તે ઘરની સ્ત્રી પોતાનાં ભવાં ચઢાવીને કાંઈક કઠોર થઈને કહેવા લાગી. ॥૫૮॥ હે પ્રભુ, તમો અહીંથી ચાલ્યા જાવ અમારા ઘેરથી બીજાને ઘેર જાઓ. તેણીની તમારા ઘઉં દળીને તૈયાર કરી આપશે. અમારે તમારે શું વાત જ છે, માટે અહીંથી જતા રહો. ॥૫૯॥ કેમ કે તમને મેળવવા માટે તો લોકલાજનો ત્યાગ કરી બધાનો સંબંધ તોડીને તમારે શરણે આવ્યા તે છતાંય તમે કૃતઘ્ન જેવા જ જણાવ છો. ॥૬૦॥ ત્યારે શ્રીહરિ મહાપ્રભુ તેમને કહેવા લાગ્યા હે સદ્‌વત્તે ! હું કૃતઘ્ન નથી, હું તો સર્વના અંતર્યામીરૂપે બધાના અંતઃકરણ (હૃદય)માં પ્રેમપૂર્વક નિવાસ કરીને રહું છું અને તારા ચિત્તમાં હું રહેલો જ છું. ॥૬૧॥ એવી રીતે તે સ્ત્રીને સમજણ આપીને તેણીનીને ઘઉં દળવા માટે આપીને ત્યારપછી નગરની વારાંગનાને ઘેર જઈને તેને શ્રીહરિ મહાપ્રભુ કહેવા લાગ્યા, હે ગણિકા ! તું આ ઘઉં દળવા લે, તારે હાથે દળીને પ્રેમભાવથી તૈયાર કરી આપીશ તો તને મહાપાપમાંથી કાઢીને તારુ કલ્યાણ કરીશું. ॥૬૨, ૬૩॥ આ પ્રમાણે ભગવાન શ્રીહરિને તે વેશ્યાએ, પણ પ્રેમભાવથી ઘઉં લઈને તે જાતે દળીને આપ્યા. તેના પુણ્ય પ્રતાપથી દુષ્ટકર્મ કરનારે પણ ભગવાનના ધામને પ્રાપ્ત કર્યું. ॥૬૪॥ આવી રીતે શ્રીધર્મનંદન મહાપ્રભુ પોતાના સ્વરૂપના દર્શનનું સુખ આપતા હતા તે જેતલપુરના જનો જેમના ચરણકમળનું પૂજન કરે છે એવા ભક્તજનોના પૂજાભાવને

અંગીકાર કરતા થકા પોતાના નિવાસસ્થાને પાછા પધાર્યા. ॥૬૫॥

**ઈતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં જેતલપુરના મહારુદ્રયાગની તૈયારી કરી તેનું વર્ણન નામે બેંતાલીસમો અધ્યાય થયો. ॥૪૨॥**

## ॥ અધ્યાય - ૪૩ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** શ્રીહરિ મહાપ્રભુ જેતલપુરમાં અતિરુદ્ર નામનો મહાયજ્ઞ કરે છે એ પ્રમાણેના સમાચાર જાણીને જે તે યજ્ઞનાં દર્શન કરવા તથા સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા માટે બધા દેશ દેશાંતરથી અનેક ભક્તજનો આવતા હતા. ॥૧॥ હે રાજન ! તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો તથા અંત્યજો પણ દર્શન કરવા આવતાં હતાં. તે જેતલપુર નગરમાં સો સોના જૂથમાં તથા હજારોના જૂથમાં પણ આવતાં હતાં. તે ગુજરાતીઓ, માળવીઓ, વ્રજવાસીઓ, પૂર્વપ્રાંતના, દક્ષિણપ્રાંતના તથા સૌવીર દેશના વિદર્ભદેશના લોકો આવતા હતા. ॥૨, ૩॥ આવી રીતે સર્વે દેશોના સંઘો મહોત્સવમાં શ્રીહરિનાં દર્શન કરવા આવતા હતા. ॥૪॥ હે રાજન્ ! તે અતિરૂદ્રયાગ શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન કરાવે છે. એ પ્રમાણે સાંભળીને દૂર દૂર દેશના બ્રાહ્મણો ઉત્સવમાં ભાગ લેવા માટે આનંદ પામતા થકા આવતા હતા. ॥૫॥ તેમાં કેટલાક નૈયાયિકો, પૌરાણિકો, સાંખ્યશાસ્ત્રીઓ, યોગાધ્યાયીઓ, તથા સામવેદનું ગાન કરનારા, ઋગ્વેદનું ગાન કરનારા, યજુર્વેદનું ગાન કરનારા વિદ્વાન બ્રાહ્મણો આવતા હતા. ॥૬॥ કેટલાક અથર્વવેદના જાણનારા તથા કેટલાક શબ્દશાસ્ત્રના જાણકારો પણ આવ્યા. તેમાં કેટલાક શ્રીકૃષ્ણના ઉપાસકો, તથા કેટલાક શંકર પ્રભુના ઉપાસકો તથા કેટલાક અદ્વૈત મતના ઉપાસકો તથા કેટલાક દ્વૈત મતના ઉપાસકો ત્યાં આવતા હતા. ॥૭॥ કેટલાક ગણપતિના ઉપાસકો તથા કેટલાક માતા ચંડિકાના ઉપાસકો આવતા હતા.



તેમાં કેટલાક ભૈરવના ઉપાસકો તથા કેટલાક સૂર્યના તથા કેટલાક ચંદ્રના ઉપાસકો આવતા હતા. ॥૮॥ કેટલાક મંત્રતંત્રના જાણનારા તથા કેટલાક સાવિત્રીના ઉપાસકો આવતા હતા. આવી રીતે અનેક પ્રકારના વિદ્વાન બ્રાહ્મણો તથા કેટલાક ભિક્ષુકો પણ આવતા હતા. ॥૯॥ હે રાજન ! કેટલાક સાધુઓ આવતા હતા તેઓ શાંત, ધાર્મિક વૃત્તિવાળા, દર્શનથી જીવ પવિત્ર બની જાય એવા પવિત્ર, તેમાં કેટલાક દિગંબર (નાગા) તથા કેટલાક વલ્કલ વસ્ત્રો (ઝાડની છાલ) ધારેલા સંતો આવતા હતા. ॥૧૦॥ કેટલાક ચીપિયાધારી તથા કેટલાક મૃગચર્મને ધારણ કરનારા, કેટલાક હાથના પાત્ર (ખોબાથી) જમનારા પણ મહંતો આવતા હતા. ॥૧૧॥ તેમાં કેટલાક ધ્યાનપરાયણ અવસ્થાવાળા તથા કેટલાક આત્મનિષ્ઠાવાળા તથા કેટલાક યોગકળાવાળા, કેટલાક યોગનો અભ્યાસ કરનારા આવ્યા. ॥૧૨॥ કેટલાક બ્રહ્મવિદ્યામાં તત્પર, તથા કેટલાક ભક્તિનિષ્ઠામાં તત્પર તપસ્વીઓ, કેટલાક અવધૂત શરીરવાળા તથા કેટલાક શ્રીહરિની સ્મૃતિપરાયણ સંતો આવતા હતા. ॥૧૩॥ મુક્તાનંદ આદિ સંતો તથા મુકુંદાનંદ આદિ વર્ણીઓ તેઓ પંચકેશ ધારેલા તથા હાથમાં જપમાળાને ધારી રહેલા ત્યાં આવ્યા. ॥૧૪॥ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, જેવા તથા સરસ્વતી, સનકાદિક જેવા તથા મરીચ્યાદિક ઋષિઓના જેવી નિષ્ઠાવાળા ઋષિઓ ગુપ્તરૂપમાં આવ્યા. ॥૧૫॥ તે શ્રીહરિના મહારુદ્રયાગનાં દર્શન કરવા માટે આગળ રહેલા તથા બીજા દેવો, ગંધર્વો, સિદ્ધો, ચારણો, પન્નગો સર્વે ઉત્સવમાં દર્શન કરવા આવતા હતા. ॥૧૬॥ ત્યાર પછી નચિકેત ઋષિએ હોશિયાર શિલ્પી કારીગરો પાસે સુંદર રીતે તૈયાર કરાવેલા ઉત્તમ યજ્ઞમંડપમાં શ્રીહરિ સહજાનંદ સ્વામી પધાર્યા. ॥૧૭॥ તે યજ્ઞમંડપ ચારે બાજુ સુંદર સીડીયોવાળો તથા યજ્ઞકુંડો બનાવેલ તેનાથી તથા વેદિકાઓ સુંદર વિધિ પ્રમાણે બનાવેલી હતી. ॥૧૮॥ તથા કેળોના હજારો થાંભલાઓ તથા આંબા, આસોપાલવ, નાગરવેલ આદિનાં પાંદડાંનાં તોરણો સુંદર રીતે બાંધેલાં હતાં તથા કેટલીક જગ્યાએ કાપડનાં બનાવેલાં

તોરણોથી ખૂબ જ શોભાયમાન હતો. ॥૧૯॥ હે રાજન ! તે મંડપમાં માલતી, કદમ, ચંપા આદિનાં ફૂલોનાં તોરણો લગાડેલાં તથા વડના વૃક્ષની છાયાથી તથા ધજાપતાકાઓથી મંડપ ખૂબ સુંદર લાગતો હતો. ॥૨૦॥ સારા વૈદિક વિદ્વાન બ્રાહ્મણો વેદની શ્રુતિઓનો મધુર સ્વરે વારંવાર ઉચ્ચાર કરતા હતા તથા પ્રકાશમાન એવા તે મનોહર રીતે બનાવેલો તે દેવતાઓને પણ મોહ પમાડતો હતો. ॥૨૧॥ તે મંડપના આગળના ભાગમાં સુંદર મંચ ઉપરશ્રી ધર્મનંદન મહાપ્રભુ વિરાજમાન થયા હતા તે શ્રીહરિવર્ણી સમુદાય સંત સમુદાયની વચમાં શ્વેત વસ્ત્રો ધારણ કરીને ખૂબ જ શોભા વધારતા હતા. ॥૨૨॥ ત્યાં સાધુઓ અને બ્રાહ્મણોની મોટી સભા થઈ તેમાં બ્રાહ્મણશ્રેષ્ઠ નાચિકેત વિપ્ર ઋષિને યજ્ઞના યજમાન નિયુક્ત કર્યા. ॥૨૩॥ તથા મયારામ ભટ્ટને બધા બ્રાહ્મણોના પુરોહિત બનાવ્યા. યજ્ઞમાં હોતા તરીકે પ્રાણગોવિંદ વેદ વિદ્વાનને નિયુક્ત કર્યા. ॥૨૪॥ નર્મદા તટપ્રદેશના નિવાસીમાંથી સૂર્યરામ નામના બ્રાહ્મણને નિયુક્ત કર્યા. તે સૂર્યરામને ચારે વેદના જાણનારા બ્રાહ્મણોમાં અગ્રગણ્ય વિદ્વાન નિયુક્ત કર્યા. ॥૨૫॥ વિદ્વાન આશારામને તથા નિર્ભયરામ નામના શાસ્ત્રીને બધા બ્રાહ્મણોનાં પૂજન કરવામા, તેની વ્યવસ્થા કરવામાં નિયુક્ત કર્યા. ॥૨૬॥ તે બ્રાહ્મણોમાં તે પાંચ આ મુખ્ય બ્રાહ્મણોની પ્રથમ પૂજા કરાવીને શ્રીહરિ પ્રભુ તેમને પીળાં વસ્ત્રો તથા આસનો તથા સોનાનાં પાત્રો તથા સોનાની મુદ્રાઓ પૂજા માટે એમને આપી. ॥૨૭॥ ત્યાર પછી બ્રાહ્મણોને યજ્ઞકાર્ય માટે વરણ કરેલાને ગૌમુખી, રૂપિયા આદિ બધા બ્રાહ્મણોને જુદા જુદા આપ્યા. ॥૨૮॥ એવી રીતે શ્રીહરિ સહજાનંદ સ્વામી તે યજ્ઞ મહોત્સવમાં અસંખ્યની સંખ્યામાં વિદ્વાન બ્રાહ્મણોની પૂજા નચિકેત ઋષિ પાસે કરાવતા હતા. ॥૨૯॥ હે રાજન ! તે સર્વે બ્રાહ્મણો ધર્મપુત્ર શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞાથી યથા શાસ્ત્રની રીત પ્રમાણે અતિરુદ્ર યજ્ઞનો પ્રારંભ મંત્રોચ્ચાર સાથે કરતા હતા. ॥૩૦॥ ત્યારે અમદાવાદ નગરના નિવાસી ભક્તોમાં દામોદર આદિ ભક્તો અનેક પ્રકારના પૂજા



ઉપચારો વડે શ્રીહરિનું ભક્તિભાવપૂર્વક પૂજન કરતા હતા. ॥૩૧॥ અને સોનાના બુટ્ટાદાર છાપનાં વસ્ત્રો, સુરવાળ, જામોધારણ કરાવ્યાં સોનાના પાતળા તારથી બનાવેલ વસ્ત્રની મસ્તકે પાઘ ધારણ કરાવી તથા તેવા જ રંગનું અંગરખું અર્પણ કર્યું. ॥૩૨॥ ત્યાર પછી તપાવેલા જાંબલી કલર જેવું લાગતું એવું નિશાર તે શ્રીહરિની કેડ ઉપર પ્રેમથી અર્પણ કરતા હતા. ॥૩૩॥ સોનાના તારથી ગૂંથેલી લાકડી, કસુંબલી કલરનું નક્તક પણ શ્રીહરિના હાથમાં પ્રેમ ભાવપૂર્વક અર્પણ કરીને રાજી થતા હતા. ॥૩૪॥ હે રાજન ! ત્યાર પછી વિશાળ ભાલમાં શ્રીહરિને સુગંધી ચંદન વડે અર્ચા કરીને તેના મધ્યમાં કુમકુમનો ગોળ ચાંદલો કરીને ચોખા ચોટાડ્યા. ॥૩૫॥ ત્યાર પછી બાહુ ઉપર કપૂરના બેરખા બાંધ્યા તથા હાથમાં કપૂરનાં કંકણ (કડાં) ધરાવ્યાં તથા કંઠમાં કપૂરની માળા ધારણ કરાવીને ખૂબ જ આનંદ પામતા હતા. ॥૩૬॥ ત્યાર પછી ઘીના દીવા, અગરબત્તીનો ધૂપ કરીને આરતી કરતા હતા. ત્યાર પછી ચરણમાં ચંદનનો લેપ કરીને શ્રીહરિ તેમની છાતીમાં કૃપાથી છાપો આપતા હતા. ॥૩૭॥ ત્યાર પછી શ્રીહરિને નમસ્કાર કરી સ્તુતિ કરીને મુક્તાનંદ સ્વામી આદિ બધા સંતોને અર્ચન કરીને ગુલાબનાં ફૂલોથી પૂજન કરતા હતા. ત્યાર પછી ફૂલોના સુંદર રીતે ગૂંથેલા હારો શિરત્રાણ તથા કંકણોથી તે મુક્તરામ દાસે શ્રીહરિનું અર્ચન કરીને પૂજન કર્યું. ॥૩૮, ૩૯॥ ત્યારે શ્રીહરિ મહાપ્રભુ હાથની તાળીઓ વગાડીને બધા જ બ્રાહ્મણોને બોલતા બંધ કરાવીને બધા જ બ્રાહ્મણોને ઉદ્દેશીને મધુર વચનો કહેવા લાગ્યા. ॥૪૦॥ હે બ્રાહ્મણો ! તમે સાંભળો, હે સજ્જનો ! હું તમોને પ્રશ્ન પૂછું છું. બ્રાહ્મણો વૈશ્યો દેવોને પિતૃઓને સૂરા માંસ આદિથી પૂજન કરે છે તથા કેટલાક ધાન્ય, ઘી આદિ વડે પોતપોતાની રુચિ પ્રમાણે પૂજન હવન કરે છે. તેમાં કયું યોગ્ય છે ? અને કયું યોગ્ય નથી ? તે શાસ્ત્રની મર્યાદામાં રહીને તમો બધા મને નિર્ણય આપો. ॥૪૧, ૪૨॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે,** હે રાજન ! આવી રીતના શ્રીહરિના પ્રશ્નોનાં વચનો સાંભળીને

તે સર્વે વિદ્વાન બ્રાહ્મણો તે સૂર્ય સમાન તેજાયમાન શ્રીહરિને ઉદ્દેશીને નિરાભિમાન ભાવથી કહેલા લાગ્યા. ॥૪૩॥ **બ્રાહ્મણો કહે છે :** હે નારાયણમુનિ ભગવાન ! હે સ્વામિનારાયણ પ્રભુ ! હે સત્પતિ ! હે ધર્મપોષક પ્રભુ ! જે કોઈ બ્રાહ્મણ વૈદિક શાસ્ત્રોને ભણેલો જે છે તે સૂરા માંસ આદિ વડે હવન વિધિ કરીને દેવદેવીની વિધિ કરે તે તો બ્રાહ્મણ નહી પણ ચંડાળ જ છે એ પ્રમાણે જાણવું. ॥૪૪, ૪૫॥ બ્રાહ્મણોની ઉત્પત્તિતો વેદોમાં ભગવાન નારાયણના મુખમાંથી થઈ છે એમ કહેલ છે, એટલા માટે બ્રાહ્મણોએ હમેશાં ભગવાન નારાયણની આરાધના કરવી જોઈએ. ॥૪૬॥ મદ્યમાંસ આદિથી શક્તિ દેવીનું હવન કરવાનું નિર્માણ કરેલ હોય તો પણ તે યજ્ઞના વિધિથી કહેલા પૂજનના કાર્યને વિદ્વાન બુદ્ધિશાળી બ્રાહ્મણો કરતા નથી તે પ્રમાણ છે, એ ન જ કરવું જોઈએ. ॥૪૭॥ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ તે બ્રાહ્મણોનાં કહેવા લાયક પ્રમાણભૂત વચનો સાંભળીને ખૂબ જ રાજી થયા અને તે સર્વે બ્રાહ્મણોને કહેવા લાગ્યા, હે બ્રાહ્મણ દેવો ! તમો આ યજ્ઞ આખી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થાય તેમ ખૂબ જ ભાવપૂર્વક વિધિથી કરો. ॥૪૮॥ હે રાજન્ ! એવી રીતે મયારામ વિપ્રની અધ્યક્ષતામાં તે યજ્ઞકાર્ય ને બ્રાહ્મણોની પ્રશંસા કરતા થકા ધામધૂમથી આગળ ચલાવવા લાગ્યા અને શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ શાક્ત મતના વિવાદિત મતનું ખંડન કરીને બ્રાહ્મણો દ્વારા પ્રમાણિત કરાવીને પોતે જે કાર્ય કરવાનું હતું તે કરીને મંદિરમાં પધાર્યા. ॥૪૯॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ જેતલપુરમાં અતિરુદ્રયાગ ચાલુ કરાવ્યો એ નામે તેંતાલીસમો અધ્યાય થયો. ॥૪૩॥**



## ॥ અધ્યાય - ૪૪ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! યજ્ઞ પ્રારંભ કરાવ્યા પછી શ્રી ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુ બીજા દિવસે સવારમાં વહેલા સ્નાન કરીને નિત્ય નિયમ કરીને પરવારીને ત્યાર પછી ચાર પ્રકારનાં ભોજનો આરોગીને ॥૧॥ જમી તૃપ્ત થઈને શુદ્ધ જળથી ચળુ કરી, જળપાન કરીને સુંદર પવિત્ર શ્વેત વસ્ત્રો ધારણ કરીને તથા આભૂષણોને ધારણ કરીને ગુલાબના સુંદર કળાથી બનાવેલા હારોને ધારણ કરીને હાથમાં ફૂલનાં કંકણ ધારણ કરીને ॥૨॥ શીરપેચ ઉપર ગુલાબના તોરા ધારણ કરીને તથા ફૂલના બાજુબંધને બાવડામાં બાંધીને એવી શોભાને ધારણ કરીને શ્રીહરિ મહાપ્રભુ સંતમંડળથી વિંટાયા થકા ખૂબ જ શોભતા હતા. ॥૩॥ જૂના કિલ્લામાં રસોડાની વ્યવસ્થા કરેલી હતી તે પાકશાળા જોવા માટે ત્યાં પધાર્યા. ત્યાં ઘણા બ્રાહ્મણો ખૂબ ઘી, મસાલા નાંખીને ચૂરમાના લાડુ બનાવતા હતા તે જોયું. ॥૪॥ તથા જગ્યાને સાફસૂફ કરીને ચોખ્ખી કરીને જ્યાં કીડી કે માંખ પણ ન રહી શકે એવી ચોખ્ખી કરીને એવી જગ્યામાં હજારો બ્રાહ્મણોની જમવા માટે મોટી પંક્તિ થઈ. ॥૫॥ તે પંક્તિસ્થાનમાં સર્વે બ્રાહ્મણો જમવા માટે બેસી ગયા હતા ત્યારે બ્રાહ્મણો પીરસવાનો પ્રારંભ કરવાની તૈયારી કરતા હતા ત્યારે તે પંક્તિમાં વિચરણ કરતા શ્રીહરિકૃષ્ણ પ્રભુને સર્વે બ્રાહ્મણો કરોડો સૂર્યનાં તેજ જેવા પ્રકાશવાન જોતા હતા એવા અદ્‌ભુતરૂપને જોઈને સર્વે બ્રાહ્મણો ॥૬॥ તે ધર્મનંદન પ્રભુને સાક્ષાત્ ભગવાન માંનતા હતા અને તેઓ હારતોરાઓને ધારણ કરેલા શ્રીહરિની અનેક શ્લોકોથી સ્તુતિ કરતા હતા. તેમના ચરણકમળમાં નમન કરતા હતા. ॥૭॥ જમતા એવા તે સર્વે બ્રાહ્મણો સંત સમુદાયની સાથે પંક્તિમાં વિચરણ કરતા ધર્મનંદન પ્રભુને જોઈ આનંદ પામતા થકા સર્વે બ્રાહ્મણો જય સ્વામિનારાયણ એ પ્રમાણે બોલતા હતા. ॥૮॥ તે શ્રીહરિ કાયમ માટે બ્રાહ્મણોનું પોષણ કરનાર પોતાના પાર્ષદોની સાથે જમતા

સર્વે બ્રાહ્મણોને નમસ્કાર કરીને ત્યાંથી મહોલમાં અગાશી ઉપર પધાર્યા. ||૯|| તે મહોલમાં સુંદર કોમળ લીલાં પાંદડાંવાળા આસોપાલવનાં મોટાં ઝાડની છાયામાં સુંદર પલંગ બિછાવેલો હતો તેની ઉપર શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સંતોના સ્વામી વિરાજમાન થયા. ||૧૦|| શ્રીહરિનાં દર્શન કરવા માટે આતુરતાવાળા સર્વે હરિભક્તો ત્યાં સભામાં બેસીને ઊંચા સ્થાને વિરાજમાન શ્રીહરિનાં દર્શન કરીને આનંદ પામતા હતા. ||૧૧|| હે રાજન ! તે શ્રી હરિનાં દર્શન કરવાની ઈચ્છાવાળાં મનુષ્યો ઘણાબધાં ત્યાં આવતાં હતાં. તેમાંથી કેટલાંક મનુષ્યો શ્રીહરિને જોઈને સમાધિમાં બ્રહ્મલોકનાં દર્શન કરતાં હતાં. ||૧૨|| તે મહાપ્રભુનું દર્શન કરવાથી પુલકિત થયેલા કેટલાક ભક્તો શ્રીહરિનું પોતાના આત્મામાં ધ્યાન કરતા હતા. ત્યારે શ્રીહરિ તેમને નામ બોલાવીને સર્વને જગાડતા હતા ત્યારે તેઓ શ્રીહરિના ગુણનું ગાન કરતા હતા. ||૧૩|| તે જ સમયે વડનગરના રહેવાવાળા પ્રભુના એકાંતિક ભક્તો ત્યાં સભામાં આવ્યા. તેમાં વૈદ્યરાજ શોભારામ, રામચંદ્ર તથા નાથજીત, ચીમનરાવ આદિ ભક્તો શ્રીધર્મનંદન પ્રભુનું પૂજન કરવા લાગ્યા. ||૧૪|| તેઓ સોનાના બુટ્ટાવાળું સુરવાળ તથા સોનાના તારથી બનાવેલ પાઘડી તથા અમૂલ્ય કિંમતનું અંગરખું શ્રીહરિને ધારણ કરાવતા હતા. ||૧૫|| તથા કેડ ઉપર શ્રીહરિને બીજા વસ્ત્રથી બંધાવતા હતા તથા શ્યામ રંગનું બીજું વસ્ત્ર શ્રીહરિને ખભા ઉપર ધારણ કરાવતા હતા. ||૧૬|| હાથની આંગળીઓમાં જડતર કરેલી સોનાના વેઢો, વીંટીઓ શોભાયુક્ત ધારણ કરાવતા હતા તેને તે રત્નોવાળા આભૂષણોને ધારતા હતા. ||૧૭|| જમણા હાથમાં નેકલેસ ધરાવતા હતા તથા કંઠમાં હાર મુક્તમણીયુક્ત ધરાવતા હતા તથા મસ્તક ઉપર સોનાના તાર સાથે મુક્તામણીઓથી જડેલું શિરપેચ શ્રીહરિને ધારણ કરાવતા હતા. ||૧૮|| અમૂલ્ય કિંમતવાળા મુક્તાફળો બે હાથો ઉપર ધારણ કરાવતા હતા તથા વિશાલ ભાલમાં કેશરયુક્ત ચંદનનો ચાંદલો કરીને ત્યાર પછી પ્રેમપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરતા હતા. ||૧૯|| ત્યાર



પછી સર્વે સંતોને અર્ચન કરીને ત્યાર પછીશ્રી ધર્મનંદન મહાપ્રભુની આરતી કરતા હતા. ત્યાર પછી તે સભામાં રહેલા સર્વે ભક્તો હાથ જોડીને ભક્તિભાવપૂર્વક ગદ્ગદ્ વાણીથી પ્રાર્થના સ્તુતિ કરવા લાગ્યા. ||૨૦|| હે નારાયણ પ્રભુ ! આપ સભામાં વિરાજમાન થઈને અનેક પ્રકારનાં વસ્ત્ર આભૂષણોને ધારણ કરેલા એવા આપને અમે નમન કરીએ છીએ તથા મનોહર ચંપા, માલતી, બકુલ, મોગરા, ગુલાબ આદિના હાર તોરાને ધારેલા મનોહરમૂર્તિ આપના અંગ ઉપર ધારણ કરીને પોતાના ભક્તજનોને આનંદ આપનાર, હે પ્રભુ ! અમારી ઉપર રાજી રહો. ||૨૧|| આવી રીતે ભક્તજનો પ્રાર્થના કરતા હતા એટલામાં કોઈ ભક્ત આવીને કહેવા લાગ્યો હે હરિ ! હે પ્રભુ ! યજ્ઞકુંડમાં મહા તેજસ્વી અગ્નિ ઉત્પન્ન થયો છે તે શું બધાને બાળી દેશે કે શું ? એવું વાતાવરણ થયેલું છે. ||૨૨|| માટે હે ઘનશ્યામ પ્રભુ ! હે સંતોના સ્વામી ! અમારું રક્ષણ કરો. કેમ કે તમે જ પરબ્રહ્મ પુરુષોત્તમ કાળ, માયાના નિયામક છો, તેથી અમારી આ પ્રજ્વલિત રૌદ્ર અગ્નિથી રક્ષા કરો. ||૨૩|| તે ભક્તનું દીનતાપૂર્ણ વચન સાંભળીને તુરત જ શણગારોથી શોભતા શ્રીઘનશ્યામ પ્રભુ સર્વે ગૃહસ્થ ભક્તોથી વિંટાયા થકા જ્યાં યજ્ઞમંડપમાં યજ્ઞ થતો હતો ત્યાં પધાર્યા. ||૨૪|| તે મંડપમાં વિદ્વાન બ્રાહ્મણો વડે વૈદિક શ્રુતિઓનો વારંવાર મોટો ઉદ્ઘોષ થતો હતો ત્યાં પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ જઈને ઊભા રહ્યા એટલે સર્વે બ્રાહ્મણો શ્રીહરિનો જયજયકાર બોલવા લાગ્યા. ||૨૫|| જુદાં જુદાં અનેક પ્રકારના હવન કરવાના પદાર્થો વડે તથા ઘીની અખંડ ધારા કરવાથી અગ્નિદેવ ખૂબ જ તૃપ્ત થઈ ગયા છે. એટલા માટે જ અગ્નિદેવ યજ્ઞકુંડમાં મૂર્તિમાન પ્રગટ થયા છે તે પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુ પ્રત્યક્ષ દેખતા હતા. ||૨૬|| તે યજ્ઞકુંડનો અગ્નિ પોતાની જ્વાલાઓથી શું બ્રાહ્મણોને બાળી દેવા માગતો હતો ? ને શું એવી રીતે બધા મનુષ્યોને જોવાથી આશ્ચર્યમય આનંદમય મહામોજ થતો હતો, વારંવાર જોતા જ હતા. ||૨૭|| આવી રીતના કાર્યમાં ભગવાનની મરજી હશે એ પ્રમાણે

સર્વે ઋત્વિજો માનવા લાગ્યા અને આ સર્વે ઐશ્વર્યના ભંડાર એવા સ્વામિનારાયણ ભગવાનનો જ પ્રતાપ છે એ પ્રમાણે માનીને નમસ્કાર કરતા હતા. ।।૨૮।। **અગ્નિદેવ કહે છે :** હે નારાયણ પ્રભુ ! તથા દેવના દેવ એવા હે પુરુષોત્તમ પ્રભુ ! આપના પૂર્ણિમાના બીંબ જેવા મુખકમળનાં દર્શન કરવાથી પોતાના ભક્તજનોને કાયમ આનંદ આપનારા એવા આપ ધર્મની રક્ષા કરવા ધર્મ ભક્તિના ઘેર પ્રગટ થયા છો. ।।૨૯।। નીલકમલ જેવાં વર્ણવાળાં શ્વેત વસ્ત્રો ધારેલાં, ધર્મકૂળના દીપ સમાન, તેજાયમાન કરોડો સૂર્યના તેજ જેવા તેજાયમાન, અનેક ચરિત્રોને કરનારા, લક્ષ્મીના મહેલમાં પરમ ભાગવતભક્તો દ્વારા પૂજાયેલા ચરણકમળને વંદન કરીને પરમ શાંતિ પમાડનારા આપ જ સર્વોપરી સર્વના કારણ છો, ।।૩૦।। જેના પ્રતાપથી આકાશમાં રહેલા સૂર્ય, ચંદ્ર, સૂર્યમંડળમાં પોતાના ગણોથી વીંટાયા થકા પ્રકાશે છે તથા જગતને તેજ આપે છે તે આપના આ યજ્ઞ આદિના પ્રતાપથી સર્વે ચાલે છે, તથા હું પણ આ સર્વે હવિષ્યાન્ન દ્રવ્યોને, આહૂતિઓને આપના પ્રતાપથી જ ગ્રહણ કરવા માટે સામર્થ્યવાળા થવાય છે, હું ગ્રહણ કરી શકું છું. ।।૩૧।। હે નારાયણ પ્રભુ ! પ્રથમ આપે સત્યયુગની સમાધિ પ્રણાલી ચાલુ કરી જનોને સમાધિ કરાવો છો. અત્યારે આ પૃથ્વી ઉપર તેનો પ્રારંભ કરીને ભક્તજનો ઉપર મહાકૃપા કરો છો તથા ત્રેતાયુગના યજ્ઞયાગો પરમાત્માને પ્રસન્ન કરવા માટે થતા હતા તેને આપ ધર્મનંદન મહાપ્રભુ અત્યારે યજ્ઞો કરીને યજ્ઞમૂર્તિ આપ અહીં પોષણ આપી રહ્યા છો. ।।૩૨।। તથા દ્વાપર યુગના ધર્મો જે હતા તે જ ધર્મો અત્યારે આ પૃથ્વી ઉપર આપ પ્રગટ કરશો તેના પ્રતીક રૂપે મોટાં પર્વત જેવાં શીખરોવાળાં મંદિરો બનાવશો તેમાં ભગવાનનાં જુદાં જુદાં સ્વરૂપોનું આપ જીવોના કલ્યાણ માટે પ્રતિષ્ઠાપન કરીને પ્રમાણ કરશો. ।।૩૩।। તેમજ હે નારાયણ પ્રભુ ! આપ આઘોર કળીકાળમાં અનેક પ્રકારના દુઃખોથી પીડાતા તમારા ભક્તજનો માટે અમૃત સમાન દિવ્ય ચરિત્રો કરીને ગંગા સમાન પવિત્ર તીર્થો બનાવો છો. તીર્થોને પાવન કર્યાં તે તો આપની



કૃપા જ છે તથા તે આપના આશ્રિતોના કલ્યાણ માટે આપ આ પૃથ્વી ઉપર વિચરીને વિસ્તારો છો. ।।૩૪।। આવી રીતે ચારે યુગના ધર્મોને હે હરિકૃષ્ણ પ્રભુ ! આપ ધર્મનું પાલન કરીને જીવોને પાળવા માટે કૃપા કરનારા એવા કૃપામૂર્તિ આપ કાયમ અક્ષર બ્રહ્મધામમાં વિરાજમાન રહો છો તથા મુક્તગણોથી વિંટાયેલા તથા પરમહંસોના નિવાસરૂપ એવા હે પ્રભુ ! આપનું હું કાયમ સ્મરણ કરું છું. ।।૩૫।। હે પ્રભુ ! આપના આ સ્વરૂપનું હું શું વર્ણન કરી શકું ? કેટલા મહાન ભાગ્ય હોય, તો જ આ સ્વરૂપનાં દર્શન થાય, કેમ કે મેં ઘણા કાળ પહેલાં આ સ્વરૂપનાં દર્શન કર્યા હતાં તે જ મૂર્તિ આપ અધર્મનો નાશ કરીને બ્રાહ્મણો, ગાયો, યજ્ઞો, સાધુઓ, દેવોને આ પૃથ્વી ઉપર ધર્મનો જ્ઞાન, વૈરાગ્ય આદિના માધ્યમથી આપ આ પૃથ્વી ઉપર જયજયકારને કરતા થકા ભક્તિને પોષણ આપશો. ।।૩૬।। એવા યોગીઓના સર્વોપરી આપને વંદન કરું છું. યોગીઓના સ્વામી એવા હે નારાયણ ! આપને હું પ્રણામ કરું છું. હે નારાયણ ઋષિ ! હે નારાયણ પરમાત્મા ! આપને હું નમન કરું છું. ।।૩૭।। મરકત મણી સમાન શ્યામ વર્ણ શરીરવાળા યજ્ઞમૂર્તિ આપને નમસ્કાર છે, યજ્ઞ માટે યજ્ઞના કાર્યરૂપ તથા યજ્ઞના ફળરૂપે આપને હું નમસ્કાર કરું છું. ।।૩૮।। દિવ્યરૂપ એવા તથા દિવ્ય મુખ વડે પૂજાયેલા ચરણકમળવાળા, દિવ્ય નામગુણોના સાગરરૂપ તથા સુંદર દિવ્ય અદ્‌ભુત કાર્યોને કરનારા એવા આપને હું નમન કરું છું. ।।૩૯।। સર્વને જાણનારા, સર્વના રૂપવાળા, સર્વને અભય વરદાન આપનારા તથા સર્વે જીવોના સુખને આપનારા એવા સર્વેશ્વર મહાપ્રભુ, હું આપને વંદન કરું છું. ।।૪૦।। શંખ, ચક્ર, ગદા, પદ્મને ધરનારા ચતુર્ભુજ સ્વરૂપવાળા હે વૈકુંઠનાથ ! હે લક્ષ્મીના સ્વામી ! હે સત્પતિ ! આપને હું વંદન કરું છું. ।।૪૧।। માતા યશોદાને પોતાના મુખમાં વિશ્વના દર્શન કરાવનારા વિશ્વાત્મા, આપને હું વંદન કરું છું. શેષશય્યામાં શયન કરનાર હે કૃષ્ણ ! હે સંકર્ષણ ! ભગવાન આપને હું વંદન નમન કરું છું. ।।૪૨।। મસ્તક ઉપર મુકુટને ધારણ કરેલા હે

ગોલોકનાથ ! આપને હું નમન કરું છું તથા વૃષભાનુપુત્રી રાધાના સ્વામી, બંસીરૂપ આભૂષણને હાથમાં જાલી રાખનારા હે વાસુદેવ ! આપને હું નમસ્કાર કરું છું. ॥૪૩॥ નિરન્ન મુક્તોના સમૂહોથી હંમેશ જેમનાં ચરણકમળ પૂજાય છે એવા શ્વેતદ્વીપવાસી વાસુદેવ પ્રભુ ! આપને હું નમસ્કાર કરું છું. ॥૪૪॥ અનંત સિદ્ધોને આનંદ આપનાર તથા મહાઅક્ષરતેજમાં નિવાસ કરનારા, પ્રાણીમાત્રના આત્મા એવા પૂર્ણપુરુષોત્તમ મહાપ્રભુ, આપને હું વારંવાર નમસ્કાર કરું છું. ॥૪૫॥ હે હરિકૃષ્ણ ! હે કૃષ્ણ ! હે ભક્તિધર્મના પુત્ર ! આપને નમસ્કાર છે. સહજાનંદ સ્વામી, હે શ્રીહરિ ! મહાપ્રભુ, હે દયાળુ ! આપને હું નમસ્કાર કરું છું. ॥૪૬॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! એ પ્રમાણે અગ્નિદેવની પ્રાર્થના સ્તુતિ સાંભળીને તેની ઉપર રાજી થઈને હસતા થકા શ્રી સહજાનંદ સ્વામી કહેવા લાગ્યા : હે અગ્નિદેવ ! આપને આ યજ્ઞમાં બ્રાહ્મણો દ્વારા આહૂતિઓ અપાવીને તમને તૃપ્ત કર્યા છે. ॥૪૭॥ તમો અનેક પ્રકારની વિધિવિધાનથી ઋષિઓ, મનુષ્યો, દેવતાઓ આહૂતિઓ આપીને યજ્ઞયાગ કરે છે તેને તમો ગ્રહણ કરો છો તે જ રીતે મારી આજ્ઞાથી મારા કહેવા મુજબ આ યજ્ઞ કર્યો તેને ગ્રહણ કરીને તમારા સ્થાને જાઓ. ॥૪૮॥ હવે આજથી જગતના વ્યવહાર મુજબના યજ્ઞોનો ત્યાગ કરીને મારા આશ્રિતો મારું સ્મરણ કરતા થકા તારી અંદર રહેલા યજ્ઞપુરુષ રૂપ ભગવાનની સ્થાપના (આવાહન) કરીને પાંચ વખત યજ્ઞ કરશે તે તું ભોગવજે. ॥૪૯॥ હે રાજન્ ! શ્રીહરિ નારાયણ મુનિ, મહાપ્રભુએ એ પ્રમાણે કહ્યું એટલે એ અગ્નિદેવ તરત જ શાંત થઈ ગયા અને યોગ્ય સ્થાને ગયા ત્યારે ત્યાં રહેલા સર્વે બ્રાહ્મણો તથા બીજા મનુષ્ય સમુદાય સર્વે આ ચરિત્રને અતિશય અદ્‌ભુત માનવા લાગ્યા. ॥૫૦॥ ત્યાર પછી શ્રીહરિ ભગવાન મુનિઓ, સાધુઓ, વર્ણીઓ, પાર્ષદોની સાથે યજ્ઞમંડપમાંથી મંદિરમાં ઉતારે પધાર્યા. ॥૫૧॥ હે રાજન ! શ્રીહરિનારાયણ ભગવાન જેતલપુર ગામમાં નિવાસ કરીને પોતાના ભક્તજનોને આવી



રીતે મહા આનંદ આપતા થકા સુખ આપતા હતા તે નગરમાં વિચરણ કરીને ઘેર ઘેર ગયા, અનેક લીલાઓ કરી તે કેવળ ભક્તજનોને સ્મરણ કરવા માટે જ કરતા હતા તે પોતાના સ્વરૂપનું બંધન કરવા માટે કરતા હતા. ॥૫૨॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામીએ રચેલ ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં જેતલપુરમાં શ્રી હરિએ અતિરુદ્રયાગ યજ્ઞ કર્યો એ નામે ચુંમાલીસમો અધ્યાય થયો. ॥૪૪॥**

## ॥ અધ્યાય - ૪૫ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! ત્યાર પછી શ્રી ધર્મનંદન મહાપ્રભુ મુનિઓ પાર્ષદોની સાથે દેવ સરોવરના કાંઠે ફૂલવાડીમાં પધાર્યા. તે સરોવરમાં ઊગેલા કમળોના પરાગવાળા સુગંધિત પવનોથી સુવાસિત હતી. ॥૧॥ તે વાડીમાં ઘણાં બધાં વૃક્ષો વાવેલ હતાં. તે ઝાડોની ગીચતાને લીધે રસ્તાઓ પણ સાંકડા લાગતા હતા તે છતાં તે સુંદર લાગતા હતા. ભમરાઓની પાંખના ગણગણાટને લીધે જાણે કે શ્રીહરિ ધર્મનંદન ભગવાનને ત્યાં બોલાવતા હોય ને શું એવો ભાસ થતો હતો. ॥૨॥ ત્યાં માલતી, ચંપા, કેતકી, કદંબ આદિ અનેક વૃક્ષો પોતાની ડાળીઓમાં ફુલના સુવાસવાળી તથા આંબા, પીંપળ, ગરમાળો, આંબલી, આંબળાં તેનાંથી શોભાયમાન તથા ખજૂરી, કેળ આદિનાં મોટાં ઝાડોથી શોભાયમાન ॥૩॥ જાંબુના ઝાડો, ફણસના, અખરોટ, દ્રાક્ષ, તથા સીતાફળી, નાળિયેરી, અંજીર, ઈગોરા ફૂલોથી શોભતાં હતાં તથા કદંબનાં મીઠાં ફળોથી ખૂબ જ શોભતાં હતાં. ॥૪॥ જે વાડીના અંદરના ભાગમાં બકુલનાં મોટાં મોટા ઝાડો હતાં તથા મોટી ઘટાવાળા વડથી ખૂબ શોભા

થતી હતી, તેમાં સુગંધવાળાં ફૂલોમાંથી સુગંધવાળો પવન વાતો હતો ત્યારે ત્યાંનું વાતાવરણ અક્ષરધામ જેવું લાગતું હતું. ॥૫॥ હે રાજન્ ! એવી શોભાવાળા વાતાવરણવાળી તે વાડીમાં તે વડના વૃક્ષ નીચે સુંદર વેદિકા ઉપર બનાવેલા આસન ઉપર શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુ પોતાના ભક્તો સંતોની સાથે આકાશમાં ચંદ્રમા નક્ષત્રોની સાથે શોભે તેમ શોભતા થકા ત્યાં આવીને વિરાજમાન થયા. ॥૬॥ તે શ્રીહરિએ સફેદ વસ્ત્રો ધાર્યાં હતાં કરૂણામય કમળ સમાન નેત્રોવાળા ખીલેલા કમળ સમાન મનોહર મુખકમળવાળા મંદ હાસ્ય કરતા થકા પોતાના ભક્તજનોને પોતે અનુભવ કરેલી વાર્તાઓ કરતા હતા. ॥૭॥ ત્યારે કંદબ અને બકુલનાં ફૂલોને ખૂબ જ કળાથી બનાવેલા પ્રેમસભર હારો કંઠમાં પહેરાવીને તથા હાથમાં બાજુબંધ, કંકણો ધારણ કરાવ્યાં તેથી સર્વે અંગોથી શ્રીહરિ ખૂબ જ શોભાવા લાગ્યા. ॥૮॥ પોતાના ભક્તજનો મુનિજનોએ ચણોઠીના હારો તથા કમળનાં બીજના હારો બનાવીને તેના વડે શ્રીહરિની અર્ચના કરીને પહેરાવ્યા તેથી વનમાળી મહાપ્રભુને સર્વેજનો ખૂબ જ શોભામૂર્તિરૂપે દેખાતા હતા. ખૂબ જ આનંદ પામવા લાગ્યા. ॥૯॥ તે સભામાં સંતો બેઠા હતા તેઓ શ્રીહરિના સ્વરૂપનું ધ્યાન કરતા બેઠા હતા તેઓ ધ્યાનમાં શ્રીહરિને શ્વેત વસ્ત્રો ધારણ કરેલા અતિશય શોભાવાળા જોતા હતા. ॥૧૦॥ તે સભામાં જે ગાયક ગવૈયા સંતો હતા તેઓ શ્રીહરિ સન્મુખ બેસીને અનેક પ્રકારનાં જુદાં જુદાં વાજિંત્રો લઈને સપ્ત સ્વર જાણનારા સંતો હતા. ॥૧૧॥ હે રાજન્ ! તેમાં મુક્તાનંદ સ્વામી, દેવાનંદ, યોગાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી છ તારના મેળ સાથે ને મૃદંગના તાલ જોડે વગાડતા હતા. ખૂબ મનોહર નાદ થતો હતો. ॥૧૨॥ સર્વેએ સાધનોના તાલ મિલાવીને સુંદર સ્વરમાં આલાપ જ્યારે ચાલુ કર્યો ત્યાર પછી ગાન ગાવાનું ચાલુ કર્યું. ત્યારે તે સંતોએ ત્રિલોકીને પોતાના સંગીતથી મોહ પમાડી દીધું. ॥૧૩॥ હે રાજન્ ! ભગવાન શંકર, નારદ, તુંબરુંને દેવતાઓના મુખ્ય ગાયકો આવ્યા તથા ગંધર્વો તે મુનિઓના છેડેલા



તાલમય ગીતોને સાંભળીને પોતાના ભાનને ભૂલીને ત્યાં આવ્યા. ॥૧૪॥ બ્રહ્માદિ દેવતાઓ પણ સંતોના ગાનને સાંભળીને ત્યાં આવ્યા ત્યારે તેમણે પોતાના વિમાનોથી વાડી આખી ઢાંકી દીધી અને ગાન સાંભળીને તેઓ હર્ષઘેલા થઈ ગયા. ॥૧૫॥ દેવતાઓ આવ્યા ત્યારે તે વાડીના માર્ગની સંકડાશથી તે વાડીની ગીચતા જોઈને આનંદ પામતા હતા. શ્રીહરિ મહાપ્રભુને તથા સભાને ફુલથી ઢાંકી દઈને આ પ્રમાણે ગાવા લાગ્યા. ॥૧૬॥ અક્ષરધામાધિપતિ ધર્મપુત્રને ધન્ય છે તથા આ દેવ સરોવરને ધન્ય છે તથા આ વૃક્ષોથી ભરચક વન જેવી વાડીને પણ ધન્ય છે. આ પૃથ્વી ઉપર તે મહાભાગ્યશાળી છે તથા આ ગામના મનુષ્યોને પણ ધન્ય છે, આ અક્ષર મહોલ અગાસીને ધન્ય છે કેમ કે ચંદ્રમાની સમાન સુંદર મુખકમળ જેમનું છે. એ મનોહર મૂરતી મહાપ્રભુને કાયમ દર્શન સ્પર્શ કર્યા કરે છે તેથી તેઓ મહાધન્ય છે. ॥૧૭॥ આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ ઘણા સમય સુધી સંત સભામાં સંતોથી ઘેરાયેલા થકા. વેદિકા ઉપર વિરાજમાન રહ્યા, ત્યાર પછી ત્યાંથી ઊભા થઈને ધર્મનંદન મહાપ્રભુદેવ સરોવરના કાંઠે પધાર્યા. ॥૧૮॥ ત્યાં દેવ સરોવરમાં શ્રીનારાયણ ભગવાન જળમાં સ્નાન કરીને જળક્રીડા કરવા માટે તળાવના કાંઠા ઉપર વસ્ત્રો ઉતારી ત્યાં મૂકીને એક વસ્ત્ર ધારણ કરીને સરોવરમાં પધાર્યા. ॥૧૯॥ જળમાં લીલા કરવાના વિચારથી શ્રીહરિ મહાપ્રભુએ મુનિસમુદાયની સાથે સરોવરના પાણીમાં પ્રવેશ કર્યો ત્યારે પાર્ષદો ખોબા ભરીભરીને શ્રીહરિ ઉપર પાણી નાખવા લાગ્યા ત્યારે શ્રીહરિપ્રભુ પણ આનંદ કરવા માટે સંતો ઉપર પાણી ઉડાડવા લાગ્યા અને આનંદ પમાડવા લાગ્યા. ॥૨૦॥ ત્યારે મુક્તાનંદ સ્વામી આદિ બીજા સંતો આવી રીતના શ્રીહરિ દ્વારા મળતા આનંદથી તૃપ્ત થઈને તેઓ પણ ઘનશ્યામ પ્રભુ ઉપર સરોવરનું શુદ્ધ મણી જેવું પાણી ઉડાડીને પલાળતા હતા. ॥૨૧॥ ત્યારે શ્રીહરિ નારાયણ ભગવાન સર્વે સંતોનાં વચમાં સફેદ ભીનાં કપડામાં ખૂબ જ શોભવા લાગ્યા. જેમ આકાશમાં તારાઓના મંડળમાં ચંદ્રમા શોભે છે તેમ

શ્રીહરિ શોભતા હતા. ॥૨૨॥ ત્યારે તે સર્વે સંતોને ઉદ્દેશીને શ્રીહરિ મહાપ્રભુ કહેવા લાગ્યા. હે સંતો તમો તમારી વૃત્તિને એકાગ્રહ કરીને સાવધાન થઈને હું કહું તે વચનોને ધ્યાનપૂર્વક સાંભળો. ॥૨૩॥ હું અત્યારે આ સરોવરના ઊંડા પાણીમાં ડૂબકી મારું છું. આગળ જઈશ. તમો મારી પાછળ નજર રાખીને હું ક્યાં ગયો છું. તેને તમો શોધજો. એમાં જો તમો કોઈ જોઈ જાવ તો તપાસજો. ॥૨૪॥ જો કોઈ પણ મને શોધીને મને અડી જશે ત્યારે તેની ઉપર હું રાજી થઈશ એટલું કહીને શ્રીભક્તિનંદન મહાપ્રભુ તે જગ્યાએ ડૂબકી મારીને અદૃશ્ય થઈ ગયા. ॥૨૫॥ હે રાજન્ ! ત્યાર પછી સર્વે સંતો શ્રીહરિની પાછળ પાણીમાં જઈને શોધવા લાગ્યા પણ તે શ્રીહરિના ચરણનો કોઈ આધાર જ ન મળ્યો. ખૂબ ઊંડા પાણી આગળ ચારે બાજુ તપાસ કરી પણ ક્યાંય ન મળ્યા. ॥૨૬॥ પોતાની શક્તિ પ્રમાણે તેમ જ બુદ્ધિબળ પ્રમાણે તે જળમાં ડૂબકીઓ મારીને તે શ્રીહરિને ઘણા સમય સુધી ધર્મનંદન પ્રભુને શોધ્યા. ॥૨૭॥ આવી રીતે ખૂબ લાંબા સમય સુધી પાણીમાં ચારે તરફ શોધ્યા અને ન મળ્યા એટલે જ્યારે પ્રભુશ્રી નારાયણ મુનિ ન મળ્યા ત્યારે તે સર્વ સંતો શ્રીહરિ ન મળવાથી તેમના વિયોગથી ખૂબ જ દુઃખ પામવા લાગ્યા. ઉદાસ થઈ ગયા. ॥૨૮॥ ત્યારે તે સર્વે મુનિઓ શ્રીહરિનાં મંદહાસ્ય યુક્ત દૃષ્ટિથી જોવું, ચાલવું, પ્રેમભાવ આદિ શ્રીહરિનાં ચરિત્રોનું ગાન કરતા થકા. ઉન્મત્ત જેવા થઈને સર્વે જગતના સ્વામી મહાપ્રભુનું બધા સંતો પાણીને, પૃથ્વીને, વૃક્ષોને સર્વને વારાફરથી પૂછવા લાગ્યા. ॥૨૯॥ હે જળ, તેં પૂર્વે એવાં શું પુણ્ય કર્યા છે જેથી તે તારી અંદર ધર્મનંદન મુકુંદપ્રભુને સંતાડી રાખ્યા છે તું તે ભગવાનને અમને બતાવ. તે અત્યારે તારી અંદર તને તેમનો સ્પર્શ થાય છે એવા તે હરીને અમને બતાવ. તો અમે એમનો સ્પર્શ કરીને લોકોના મનના તાપને દૂર કરી શકીએ. ॥૩૦॥ હે પૃથ્વી, શું ધર્મપુત્ર તારી ઉપરથી ચાલીને ગયા હોય એવા તેં જોયા હશે કેમ કે તારી ઉપરથી પ્રભુ ગયા છે તેથી તું કામ સિદ્ધતાવાળી થઈ છે તેથી બ્રહ્મમૂર્તિ એવા તે પ્રભુનાં



પગલાં બતાવ. તારે - તેમનો સ્પર્શ થવાથી તેમના ચરણનો મોજ મળવાથી તું આનંદિત દેખાય છે. ॥૩૧॥ હે આસોપાલવ ! હે બીલાં ! બકુલ, આંબા, કદંબ, દેવદાર, લીંબડા, ફણસ હે તુલસી ! અમારા પ્રિય પ્રભુને તમે જોયા ? હે પન્ના, ચંપા, ચમેલી આદિ ફૂલ ઝાડો, તમે શું શ્રીહરિકૃષ્ણ પ્રભુના ચરણકમળને જોયાં છે ? ॥૩૨॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! એવી રીતે ઉદાસીન મનવાળા થઈને તે સર્વે સંતો પૂછતા હતા, તપાસ કરતા હતા કે શ્રીહરિનાં ક્યાંય દર્શને થઈ જાય એટલા માટે દેવ સરોવરના કાંઠા ઉપર તપાસ કરતા હતા. ॥૩૩॥ ત્યાર પછી આત્મારૂપ શ્રીહરિને નમસ્કાર કરીને અંતઃકરણમાં આલાપ કરતા, સ્મરણ કરતા તેમના ચરણકમળનું સ્મરણ કરતા થકા પ્રેમપૂર્વક તેમનું ગાન કરવા લાગ્યા. ॥૩૪॥ **સાધુઓ શ્રીહરિને કહે છે :** હે પ્રભુ ! આપ જ છો પરમકારણરૂપ, સર્વના તારણહાર, મનની વૃત્તિઓને હરનારા, ક્રોધને મારનારા, સારીવૃત્તિને ધારનારા તથા અભિમાનને હરનારા એવા હે મુનિપતિ ! હે પ્રભુ ! આપને અમે શોધીએ છીએ તેથી દર્શન આપો. ॥૩૫॥ વિષયવાસનાને બાળનારા, દુઃખીને પાળનારા, બ્રાહ્મણનું રક્ષણ કરનારા, ભક્તને પાળનારા સંતોને ભાવનારા, મુક્તિ આપનારા, સુખ આપનારા, હે પ્રભુ ! તમારું અમને દર્શન આપો. અમો આપના છીએ તેથી મુખ બતાવો. ॥૩૬॥ મનોહરમૂર્તિ એવા સુખ આપનારા, અક્ષરધામમાં વાસ કરનારા, હાસ્ય મુખવાળા કરુણા કરીને હે હરિ ! આપ મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર સંતોનાં ભક્તોના રક્ષણ માટે અવતાર ધરેલો છે, એવા હે પ્રભુ ! આપ અમને દર્શન આપો. ॥૩૭॥ અસત્યનો નાશ કરનારા, વિશ્વનું કલ્યાણ કરનારા, નેત્રોને સુખ આપનારા, દૈત્યોનું દમન કરનારા, શોકનો નાશ કરનારા, મંદ હાસ્ય કરનારા, વૃષકુળ ભુષણ હે નારાયણ ! તમે ક્યાં છો ? તમારું મુખ બતાવો. ॥૩૮॥ અમૃતવાણી વર્ષાવનારા, શોકને હરી લેનારા, સજ્જનને શાંતિ આપનારા, પાપકર્મ કરનારને મારનારા, મુનિજનો દ્વારા આપના ચરિત્રોને

ગવરાવનારા, તે ચરિત્રોને સાંભળીને તે જીવો પવિત્ર બની જાય છે. તેમનું કલ્યાણ થાય છે, એવા હે પ્રભુ ! આપ દર્શન આપો. ॥૩૯॥ નાસ્તિકનું ખંડન કરનારા, ધર્મનંદન પ્રભુ પોતાના ભક્તોને આનંદ આપનારા, દુષ્ટોને દંડ દેનારા, અભિમાનીનાં અભિમાનને દમન કરનારા, પીડિતને સુખી કરનારા હે નરના મિત્ર નારાયણ પ્રભુ ! આપ અમને દર્શન આપો. ॥૪૦॥ માતાથકી જન્મ ધરીને ભાઈ સંબંધીઓ, ગામ ધરા ધન, આદિ સર્વનો અમે ત્યાગ કરી આપના ચરણકમળના શરણમાં આવ્યા તે છતાં આપ કઠોર થઈને અમારો ત્યાગ કેમ કરો છો ? અમને દર્શન આપો. ॥૪૧॥ હે મહાપ્રભુ ! આપના કોમળ ચરણકમળને ઊંચા કરીને જે ધ્યાન કરે છે તેને સુખ આપનારા છે, એવાં કોમળ ચરણકમળમાં સુગંધયુકત ચંદનનો લેપ કરીને તમારી અનન્ય ભક્તિ કરનારા પ્રિય ભક્તોને આપો છો એવા ચરણ અમને આપીને સુખી કરો. હે દયાળુ ! દર્શન આપીને દુઃખ ટાળો. ॥૪૨॥ હે પ્રભુ ! તમારા વિયોગથી બળતો અમારા દેહને આપના સ્વરૂપના દર્શનથી વિયોગના તાપને સમાવો. હે ઈશ્વર ! હે પ્રિયતમ મહાપ્રભુ ! પ્રતીક્ષા કરતા એવા તમારા સેવકો અમને દર્શનસુખ આપો એ જ આપની પાસે પ્રાર્થના છે. ॥૪૩॥ શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે : હે રાજન ! આવી રીતે તે સંતોએ વિરહમાં દુઃખ થવાથી ગવાતાં ચરિત્રો ગાયાં તે સર્વે દેવસરોવરમાં રહેલા શ્રીહરિએ સાંભળ્યાં. કૃપા કરીને ત્યાર પછી શ્રીઘનશ્યામ પ્રભુ સરોવરમાં પોતાનું દર્શન આપવા લાગ્યા. ॥૪૪॥ તે ઘનશ્યામ સ્વરૂપ કરોડો કામદેવને મોહ પમાડે એવા સુંદર મંદહાસ્યયુક્ત મુખકમળને જગતના પ્રાણીમાત્રને સુખ આપનારા એવા શ્રીહરિનું મુખ જોયું. ॥૪૫॥ ત્યારે જેમ કોઈના પ્રાણ દેહમાંથી જતા રહ્યા હોય અને પાછા આવે ત્યારે જેવી સ્થિતિ હોય તે રીતે એકદમ ઊભા થઈને ખૂબ જ આનંદ પામતા થકા શ્રીહરિનો જયજયકારનો નાદ કરવા લાગ્યા. ॥૪૬॥ એવી રીતે સર્વે સંતો દિવ્ય સ્વરૂપવાળા શ્રીહરિ મહાપ્રભુને જોઈને ફરીથી તે હરિકૃષ્ણ પ્રભુના સ્વરૂપનાં દર્શન કરીને જેમ તરસ્યો



જીવાત્મા જળ મળવાથી તૃપ્ત થાય તેમ સર્વે સંતો દર્શન કરીને તૃપ્ત થયા. ॥૪૭॥ કેટલાક મુનિઓ હાથ જોડીને શ્રીહરિમાં દૃષ્ટિને સ્થિર જોડીને અંતકરણની સાથે દૃઢ કરતા થકા ઊભા રહ્યા તેમાંથી કેટલાકને સમાધિ થઈ તેથી પોતાને થયેલી ભ્રાંતિ સર્વે ભૂલી ગયા. સ્થિર થયા. ॥૪૮॥ કેટલાક સંતો હસ્તકમળમાં ચંદનનો લેપ કરતા હતા. કેટલાક ચરણકમળમાં લેપ કરતા હતા. કેટલાક સંતો શ્રીહરિના વક્ષસ્થળમાં ચંદનનો લેપ અર્ચા કરતા થકા. આનંદ પામતા હતા. ॥૪૯॥ એવી રીતે શ્રી ઘનશ્યામ મહાપ્રભુ જળક્રીડા કરીને સંતોને મહાસુખ આપીને સરોવરમાંથી બહાર નીકળીને શુદ્ધ સફેદ વસ્ત્રોને ધારણ કરીને. ॥૫૦॥ સંતોના સ્વામી નારાયણપ્રભુ સંતોની સાથે મહેલની અગાશીમાં પધાર્યા. તે અગાશીમાં મોટી વેદિકા બનાવેલી તેની ઉપર વિરાજમાન થયા. ॥૫૧॥ તે વેદિકા ઉપર બિરાજમાન થઈને હરિકૃષ્ણ મહાપ્રભુ સુંદર નયનોથી પોતાના એકાન્તિક ભક્ત સમુદાયને જોઈને પ્રસન્નતાપૂર્વક મંદ હાસ્ય કરતા હતા એવા ચંદ્ર સમાન શ્રીહરિના મુખકમળનાં દર્શન કરીને ખૂબ જ આનંદ પામવા લાગ્યા. જેમ ચંદ્ર ઊગવાથી પોયણાં ખીલી ઊઠે તેમ સર્વે ભક્તોનાં મન ખીલી ઊઠ્યાં. ॥૫૨॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ જેતલપુરમાં જલક્રીડા કરી એ નામે પિસ્તાલીસમો અધ્યાય. ॥૪૫॥**

## ॥ અધ્યાય - ૪૬ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ સર્વ ભક્તસમુદાયથી પૂજાયેલા તે સમયે ખૂબ જ શોભતા હતા, જેમ સવારના પહોરમાં સૂર્યનો ઉદય થાય તે સમયે તેમનાં દર્શન શોભાયમાન હોય છે, તે સૂર્યની જેમ શોભતા હતા. ॥૧॥ ત્યાં મુક્તાનંદ સ્વામી આદિ સંત સમુદાયને દિવ્ય વાતો કરીને તેમને તૃપ્ત કર્યા એટલામાં કોઈ જીવણભક્ત નામના આશ્રિત શ્રદ્ધાવાન હતા. ॥૨॥ તે પ્રેમભક્તિથી મઠનો રોટલો ડોડીની ભાજી તથા દૂધ સ્વાદિષ્ટ બનાવીને લાવ્યા હતા તે ત્યાં આવીને સર્વ સંતમંડળને જોતાં છતાં શ્રીહરિને હાથમાં આપતા હતા. ॥૩॥ શ્રીહરિ એક હાથમાં રોટલો લઈને બીજા હાથથી ભાંગતા હતા તેને સર્વે ભક્તજનો જોતા હતા અને શ્રીઘનશ્યામ પ્રભુ પ્રેમપૂર્વક તે રોટલો જમતા હતા. તેની સેવાભક્તિથી શ્રીહરિ ખૂબ જ રાજી થતા હતા. ॥૪॥ શ્રી ઘનશ્યામ પ્રભુ તે રોટલો જમીને પોતાના હાથ ધોઈને તથા મુખ ધોઈને ચળુ કરીને સંતોની સાથે વીંટાયા થકા મહેલની અગાશી ઉપરથી નીચે ઊતર્યા. ॥૫॥ ત્યાર પછી શુદ્ધ છાંયાવાળા આસોપાલવના ઝાડ નીચે સુંદર જગ્યામાં બનાવેલા આસન ઉપર ગૃહસ્થ ભક્તજનોથી સેવા પામતા થકા વિરાજમાન થયા. ॥૬॥ દેશ દેશાંતરના મનુષ્યોના હજારોની સંખ્યામાં સંઘો આવતા હતા તે ઉત્સવનાં દર્શન કરીને આનંદ પામતા હતા. તે મહોલમાં શ્રીહરિના દર્શન કરવા માટે આવ્યા. દર્શન કરીને ખૂબ જ આનંદ પામ્યા. ॥૭॥ ત્યારે તે યજ્ઞના ભોજન માટે બ્રાહ્મણો જ્યાં લાડુ બનાવતા હતા તે રસોડામાં લાડુ ખૂબ જ બનાવવાના હતા અને ઘી ખૂટી ગયું એટલે ઘીનું કહેવા માટે એક મુખ્ય રસોઈયાને કહ્યું. ॥૮॥ ત્યારે તે રસોઈયાએ વાત કરી એટલામાં ગંગાદાસ ભક્તના પુત્રે આ વાત સાંભળી, તે તરત જ દોડીને સભામાં વિરાજમાન શ્રીહરિની પાસે જઈને શ્રીહરિને કહેવા લાગ્યો હે પ્રભુ ! બ્રાહ્મણોના



રસોડામાં ઘી ખૂટી ગયું છે તેથી બીજુ ઘી મંગાવો. ॥૯॥ તેઓ કહે છે કે મહારાજ ઘી થઈ રહ્યું છે તેથી ઘી વિના બ્રાહ્મણો લાડુ કેવી રીતે બનાવે ? બ્રાહ્મણોને કેવી રીતે જમાડાશે, ઘી લેવા માટે ગાડાં ગયાં છે તે હજી આવ્યાં નથી. હવે ક્યારે આવે અને લાડુ ક્યારે તૈયાર થાય ? ॥૧૦॥ અત્યારે પાકશાળામાં ક્યાંય ઘી રહ્યું નથી. થોડું પણ નથી તેથી બ્રાહ્મણો બૂમાબૂમ કરે છે કે અમે ઘી વિના અત્યારે શું કરીએ ? ॥૧૧॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! આવી રીતનાં વચનો સાંભળીને તે ભક્તના કહેવા પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુને આશ્ચર્ય થવા લાગ્યું હસતા થકા ત્યાંથી ઉભા થઈને શ્રીહરિ પોતે ત્યાં રસોડામાં પધાર્યા. ॥૧૨॥ શ્રીહરિ નારાયણમુનિ ભગવાન પાકશાળામાં પધાર્યા. ભક્તિનંદન પ્રભુ બ્રાહ્મણોને કહેવા લાગ્યા કે આ ઘીનાં પાત્રોમાં ઘી નથી ? ત્યારે બ્રાહ્મણોએ ના પાડી એટલે શ્રીહરિ પોતે ખાલી કરેલાં ઘીના ઘાડવાને સોટી અડાડતા જાય. ને પૂછતા જાય આમાં ઘી છે કે નથી તે પ્રમાણે જોતા હતા. ॥૧૩॥ એવી રીતે જોતાં જોતાં શ્રીહરિ ચોથા ઘાડવામાં થોડું ઘી હતું તે બતાવીને તેનું પૂર્ણ કાર્ય કરવા માટે શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તને મંદહાસ્યયુક્ત મુખથી કહેવા લાગ્યા. ॥૧૪॥ જુઓ ભાઈ, જુઓ, આ કુંડલામાં ઘણું ઘી છે તેથી કામ પૂર્ણ થઈ જશે. તમે લોકો ભક્તો આ કુંડલામાંથી ઘી કાઢીને બીજા પાત્રમાં ભરી ભરીને આપજો. બધા જ લાડુ તૈયાર થઈ જશે તોય ખૂટશે નહિ. ॥૧૫॥ એવી રીતે શ્રીહરિ સહજાનંદ સ્વામી ભક્તજનોને આજ્ઞા આપીને મહાપ્રભુ ફરીથી સભામાં પધાર્યા ત્યારે તે સભામાં બેઠેલા ભક્તો શ્રીહરિને જોઈને નમસ્કાર કરીને આનંદ પામતા હતા. ॥૧૬॥ તે વૈશ્ય ભક્ત શ્રીહરિ મહાપ્રભુના કહેવાથી તે ઘાડવામાંથી ઘી કાઢી આપતો હતો અને બ્રાહ્મણો પોતાને જરૂર મુજબ ઘી નાખીને કાર્ય કરતા હતા તેથી સર્વને આનંદ થતો હતો. ॥૧૭॥ આવી રીતે તે ઘાડવામાંથી જેમ પાણીનો પ્રવાહ વહે તેમ ઘીનો પ્રવાહ વહેતો જોઈને મનુષ્યોને ખૂબ જ આશ્ચર્ય થતું હતું અને આ તો શ્રીહરિ નારાયણ

ભગવાનનો જ મહાપ્રતાપ માનતા હતા. ॥૧૮॥ આપેલા ઘીમાંથી તે બ્રાહ્મણોએ લાખો મનુષ્યો માટે લોટ બાંધીને તેમાંથી રસભરપૂર સ્વાદિષ્ટ લાડુ આનંદપૂર્વક બનાવીને તે બ્રાહ્મણો આનંદપૂર્વક આપતા હતા. ॥૧૯॥ ત્યાર પછી મેઘ ગાજવાથી જેમ મોર નાચી ઊઠે છે તેમજ ખૂબ જ મનુષ્યો તે લાડુ જમતા હતા તે લાડુ ખૂબ જ મીઠા અને સ્વાદિષ્ટ લાગતા હતા એવી રીતે અસંખ્ય મનુષ્યો જમીને ખૂબ જ સંતોષ પામતાં હતાં. ॥૨૦॥ એવી રીતે શ્રીહરિ સહજાનંદ સ્વામી પોતે અઢાર દિવસ સુધી હજારો બ્રાહ્મણોને ભોજન જમાડીને યજ્ઞ મૂર્તિ એવા મહાપ્રભુ તે બ્રાહ્મણોને દાન-દક્ષિણા-માન-સન્માન કરીને ખૂબ જ તૃપ્ત કરતા હતા. ॥૨૧॥ ત્યાર પછી યજ્ઞની પૂર્ણાહૂતિના દિવસે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ, અતિ રૂદ્રયાગની સમાપ્તિ કરવા પાર્ષદ સમૂહની સાથે વેદઘોષથી ગુંજાયમાન યજ્ઞ મંડપમાં પધાર્યા. ॥૨૨॥ યજ્ઞમંડપમાં પધારી સત્પતિ ભગવાન ઊંચા, સુંદર રચેલા મંચ ઉપર વિરાજમાન થયા ત્યારે જયા દ્વારા લવાયેલાં વસ્ત્રો આભૂષણોથી પૂજન કરાયેલા શ્રીહરિ શોભતા હતા. ॥૨૩॥ મુકુંદ બ્રહ્મચારી શ્રીહરિ ઉપર ચામર ઢોળાવા લાગ્યા. જયાનંદ આદિ વર્ણીઓ રત્નના દાંડાવાળા પંખાઓથી પવન ઢોળવા લાગ્યા. આવી રીતે સેવાયમાન શ્રીહરિ શોભતા હતા. ॥૨૪॥ ત્યાં પાર્ષદોમાં મુખ્ય એવા ઉમાભાઈ પ્રેમપૂર્વક સોનાની લાકડીથી સજાવેલ છત્ર શ્રીહરિના મસ્તક ઉપર ધારી રાખતા હતા. ॥૨૫॥ હે રાજન્ ! ત્યારે શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞાથી બ્રાહ્મણોમાં અગ્રણી વિપ્ર નાનાભાઈ તે યજ્ઞની વેદશ્રુતિઓની આહુતિઓ આપીને ખૂબ જ ભાવપૂર્ણ પૂર્ણાહુતિ કરતા હતા. ॥૨૬॥ હે રાજન ! અતિ રુદ્રયાગની જ્યારે સમાપ્તિ થઈ છેલ્લી આહુતિ પછી આરતી થયા બાદ મહા જયજયકારનો મહાઘોષ થયો. ॥૨૭॥ તે જયજયકારનો શબ્દ ત્રણે લોકમાં ગાજી ઊઠ્યો એટલે દેવતાઓ જય શબ્દ સાંભળીને ખૂબ જ સંતોષ પામ્યા અને આનંદમાં શ્રીહરિ ઉપર ફૂલનો વરસાદ કરવા લાગ્યા. ॥૨૮॥ ગંધર્વો ગાન કરવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી ત્યારે તે અતિરુદ્ર મહોત્સવ



યજ્ઞમાં આકાશમાં પણ વાજિંત્રો વાગવા લાગ્યાં. તેના મંગળ સ્વરોના નાદ સાંભળવામાં કાનને મહાન સુખ મળવા લાગ્યું. ॥૨૯॥ ત્યારે ત્યાં ઉદાર મૂર્તિ શ્રીઘનશ્યામ પ્રભુએ પોતે જ યજ્ઞના વરૂણી બ્રાહ્મણોને ખૂબ જ પ્રમાણમાં દક્ષિણાઓ આપી રાજી કર્યા. ॥૩૦॥ શ્રીહરિ મહાપ્રભુ બીજા માગનારા ઘણાબધા મનુષ્યો હતા તેમને સર્વેને અન્ન જોઈતું હતું તેમને અન્ન વસ્ત્ર વિગેરે તથા ગાયો, પૃથ્વી, કન્યાદાન માટે દ્રવ્ય ઘર માટે દ્રવ્ય ખૂબ ઉદારતાથી આપીને રાજી કરતા હતા. ॥૩૧॥ આવી રીતે અતિ રુદ્રયાગ તથા શ્રી સહજાનંદ સ્વામીનાં દર્શન કરીને સર્વે મનુષ્યો આનંદ પામતાં હતાં. ખૂબ જ આશ્ચર્ય પામતાં હતાં. ॥૩૨॥ શ્રીહરિ મહાપ્રભુએ હરિજન, ભંગી આદિ સર્વે મનુષ્યોને પકવાનોનાં ભોજન જમાડીને તે નગરનાં તથા બહારના નગરોના, પ્રાંતોના, રાજ્યોના સર્વે મનુષ્યો ખૂબ જ આનંદ પામતા હતા. ॥૩૩॥ તળાવમાં પ્રસાદીના લાડવા નાખીને તેમાં રહેલાં માછલાંઓને પણ ખૂબ તૃપ્ત કર્યા તથા બીજાં પ્રાણીઓને પણ અન્ન આદિ વડે ખૂબ જ તૃપ્ત કર્યા. ॥૩૪॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ જેતલપુર નગરને, યજ્ઞશાળાને, સરોવરને, વાડીને, મહેલને, ચંદ્રશાળાને તથા સંતોને સર્વને પ્રદક્ષિણા કરીને પોતાના નિવાસ મંદિરમાં પધાર્યા. ॥૩૫॥ અને આવેલાં સર્વે મનુષ્યો શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ કરેલ ઉત્સવોનાં દર્શન કરીને તેની મનથી ખૂબ જ પ્રશંસા કરતાં કરતાં સૌ પોતપોતાના ગામો પ્રત્યે આનંદ પામતા થકાં જવા લાગ્યાં. ॥૩૬॥ એવી રીતે ધર્માત્મજ શ્રીહરિ મહાપ્રભુ જેતલપુર ધામમાં આવા અનેક યજ્ઞો કર્તા હતા અને આવા યજ્ઞો કરતા અનંત જીવોના કલ્યાણ કરવા માટે શ્રીહરિ પોતાના ચરિત્ર કરીને દેશ-દેશાન્તરમાં ફેલાવતા થકા પૃથ્વી ઉપર વિચરણ કરતા હતા. ॥૩૭॥ જે કોઈ મનુષ્યો શ્રી હરિકૃષ્ણ ભગવાને આ નગરમાં કરેલાં ચરિત્રોનું સ્મરણ કરતા થકા. અહીંયા સ્થાપન કરેલા દેવનાં દર્શન કરશે, ભક્તિભાવથી ભજન કરશે તો પોતાના કુળનો તથા બીજા જીવોનો ઉદ્ધાર કરશે તથા તે પોતે પણ શ્રીહરિનું ભજન કરીને

હરિધામને પામશે. ॥૩૮॥ જે કોઈ જીવાત્મા શ્રીહરિ મહાપ્રભુનાં આવાં ચરિત્રોને શ્રદ્ધાપૂર્વક સાંભળશે તથા ભક્તિ ભાવથી પોતાના સંબંધી તથા પોતાના મિત્રને સંભળાવીને ભગવાનના સ્વરૂપમાં જોડશે તે ઇન્દ્ર જેવાં સુખોને પામશે તથા જો કોઈ શ્રીમુરારિ, શ્રીહરિનાં ચરિત્રોને પ્રેમપૂર્વક વાંચશે અથવા સાંભળશે તથા નિત્ય પ્રત્યે તેનું સ્મરણ રાખશે તે સંસારના બંધનરૂપ ભયથી પાપના બંધનથી મુક્ત થઈને હરિપદને પામશે એ વાત સત્ય છે. ॥૩૯॥ આવી જ રીતનો બીજો યજ્ઞ મહોત્સવ (દર્ભાવતી) ડભાણનગરીમાં શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુએ કર્યો હતો. ત્યાં પણ બ્રાહ્મણો પાસે યજ્ઞ કરાવીને તેમને ખૂબ ધન આદિ દક્ષિણા આપીને ખૂબ જ રાજી કર્યા હતા. ॥૪૦॥ તે ડભાણમાં પણ દિવ્ય ચરિત્રોને કરનારા શ્રીહરિનાં ચરિત્રો દેવતાઓ પણ ખૂબ પ્રેમથી ગાતા હતા અને દિવ્ય વસ્ત્ર આભૂષણોથી શ્રીહરિનું પૂજન અર્ચન કરીને ખૂબ જ શોભા વધારતા હતા. ॥૪૧॥ એવી રીતે જેતલપુર ધામમાં તથા આજુબાજુમાં શ્રીહરિ મહાપ્રભુ દિવ્ય ચરિત્રો કરીને તથા ભક્તિ વૈરાગ્યધર્મ જ્ઞાનનો ઉપદેશ આપીને અનેક જીવોને શ્રીહરિ કાયમ માટે પોષણ કરતા હતા, વિચરતા હતા, એટલા માટે પોતાના ભક્તજનોને સુખ આપવા માટે શ્રીહરિ પોતાના પ્રિયજનોની સાથે વિંટાયા થકા ભુજનગર પ્રત્યે પધાર્યા તથા ત્યાંના ભક્તોને સુખ આપીને પ્રભુ ધમડકા નામના નગરમાં ત્યાંના ભક્તોને સુખ આપવા માટે પધાર્યા. ॥૪૨॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર હરિલીલા સુધાકરમાં જેતલપુરમાં અતિરુદ્રયાગ કર્યો એ નામે છેતાલીસમો અધ્યાય થયો. ॥૪૬॥**



## ॥ અધ્યાય - ૪૭ ॥

**રાજા પૂછે છે :** હે સ્વામી ! ભગવાન નારાયણમુનિ મહાપ્રભુનાં ચરિત્રોની કથા હું કાયમ માટે સાંભળું છું છતાં તે ચરિત્રો સાંભળવામાં મને મનમાં તૃપ્તિ નથી થઈ તેથી અમૃત સમાન ભગવાનનાં બીજાં આગળનાં જે ચરિત્રો કર્યાં હોય તે મને સંભળાવવા કૃપા કરો. ॥૧॥ તે નવાં ચરિત્રોમાં શ્રીનારાયણ ભગવાનના જેતલપુરથી ભુજનગર પધારી ત્યાંથી ધમડકાનામના નગરમાં પધાર્યા તે નગરમાં શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ ક્યાં ક્યાં ચરિત્રો કર્યાં તેની આગળની કથા મને સંભળાવો. ॥૨॥ **શ્રી બ્રહ્માનંદસ્વામી કહે છે :** હે રાજન ! શ્રીહરિ નારાયણ ભગવાન આપણા ગામે પધાર્યા છે, તે સમાચાર સાંભળીને તે ધમડકાના લોકો પૂજા સામગ્રી હાથમાં લઈને જલદીથી પ્રેમપૂર્વક સામા જવા લાગ્યા. ॥૩॥ તેમાં તે ધમડકા નગરના રાજા રાયધણજી તથા બીજા સત્સંગીઓ શ્રીહરિના આવવાના સમાચાર સાંભળીને ખૂબ જ રાજી થયા. ॥૪॥ તથા કર્ણિબા રાજમાતા તથા બીજી નગરની સ્ત્રીઓ પણ શ્રીહરિનારાયણ પ્રભુના આવવાના સમાચાર સાંભળીને પોતાના હૃદયમાં ખૂબ જ આનંદ પામતાં હતાં. ॥૫॥ તે નગરની સ્ત્રીઓ પણ પાણી ભરેલા પાંચ પાંદડાં મૂકેલ ઘડા પોતાના મસ્તક ઉપર રાખીને પ્રેમપૂર્વક શ્રીહરિનાં કીર્તનો ગાતી થકી ત્યાં શ્રીહરિ સન્મુખ જવા લાગી. ॥૬॥ હે રાજા ! તે નગરના બધા આવતા પુરુષો પોતાના હાથમાં પણવાનક, ગોમુખ આદિ વાજિંત્રો વગાડતા થકા. બ્રહ્મઘોષ કરતા શ્રીહરિ સામે જતા હતા. ॥૭॥ સામા જઈને શ્રીહરિને જોઈને મનમાં ખૂબ જ આનંદ પામતા થકા કુમકુમ ચંદન, ચોખા, પુષ્પમાળાઓ આદીથી પૂજન અર્ચન કરીને સર્વજગતના સ્વામી શ્રીહરિને બાથમાં લઈને મળીને ભક્તિભાવ પૂર્વક તેમનાં દર્શન કરીને નેત્રમાંથી પ્રેમનાં આંસુ વહેવડાવતા થકા ઘણા સમયનાં વિરહ તાપને શાંત કરતા હતા. ॥૮॥ શ્રીહરિ મહાપ્રભુના દર્શન કરીને બધા ભક્તો આનંદિત

મનવાળા થઈ રહેલા તે ભક્તોને હરિકૃષ્ણ મહાપ્રભુ કૃપાભાવથી તેમના શુભ સમાચાર પૂછતા હતા. ॥૯॥ ત્યાર પછી તે સર્વે પ્રેમી ભક્તોની વચ્ચે વીંટાયા થકવ વાજિંત્રોના ઉદ્‌ઘોષ સાથે મનોહર ધમડકા નગરમાં પધાર્યા. ॥૧૦॥ નગર મોટા મોટા મહેલોથી તથા તેની આજુબાજુમાં આવેલાં ઉપવનોથી શોભતું હતું ચારે વર્ણના મનુષ્યોના રહેવાથી તથા પાણી છંટકાવ કરેલા રસ્તાઓ તથા ચાર રસ્તાઓ, ચોકોથી ખૂબ જ શોભતું હતું. ॥૧૧॥ એ નાના મકાનોની શોભા તથા તોરણ પતાકા ધજાઓથી શોભાયમાન, રાયધણજી નામના રાજાથી શાસન કરાતું તે નગર હતું. ॥૧૨॥ શ્રીહરિ નારાયણ પ્રભુ તે નગરમાં પ્રવેશ કરતા હતા ત્યારે તે ઘરોમાં રહેલા મનુષ્યો પિતાને બાળક ઘણા સમયે મળે, જેમ આનંદ થાય તે રીતે શ્રીહરિને જોઈને મનુષ્યોને આનંદ થતો હતો. ॥૧૩॥ હે રાજન્ ! તે નગરના મનુષ્યોથી પૂજાયેલા શ્રીહરિ મહાપ્રભુ સર્વેદેહધારી જીવોના કલ્યાણ કરવાના હેતુથી ભક્તજનો સંતોથી વિંટાયા થકા રાજમાર્ગ ઉપર જ્યારે આવ્યા. ॥૧૪॥ ત્યારે શ્રીહરિના દર્શન માટે પોતાના મકાન ઉપર ચડીને જોનારા મનુષ્યો ચોખા પુષ્પો વડે વધાવતા હતા તે શ્રીપ્રભુના દર્શન કરીને મોટો ઉત્સવ માનતા હતા. ॥૧૫॥ ત્યાર પછી શ્રીસહજાનંદ સ્વામી મહાપ્રભુ ભક્તજનો સાથે ભક્તિભાવથી કીર્તનો ગાતા થકા રાજમહેલમાં પધાર્યા. ॥૧૬॥ તેમના મહેલના ચોકમાં સફેદ વસ્ત્રોને ધારણ કરેલ તથા મુકુંદાનંદ આદિ વર્ણી સંતોથી સેવા કરાતા એવા શ્રીસહજાનંદ સ્વામી સુંદર રીતે બનાવેલા ઊંચા મંચ ઉપર વિરાજમાન થયા ॥૧૭॥ તે નગરમાં પોતાની સામે બેઠેલા હરિભક્તોને જોઈને કૃપાદૃષ્ટિ કરતા થકા મહા હલચલની સાથે મોટો મેળાવડો જોઈને અમૃત સમાન મધુરવાણીથી શ્રીહરિ કહેવા લાગ્યા. ॥૧૮॥ **શ્રીહરિનારાયણ પ્રભુ કહે છે** : હે ભક્તો ! આ શું કૌતુક છે જેમાં સ્ત્રીઓ ઉચ્ચ શ્વરે જેમ તેમ બોલે છે, ગાય છે તથા ખૂબ મોટા અવાજે વાજિંત્રો વાગે છે. આ બધું શું થાય છે તે અમને કહો. ॥૧૯॥ માણસો શ્રીહરિને કહે છે : હે નારાયણ મુનિ ! મહાપ્રભુ !



અત્યારે અહીંયાં લગ્નની સીઝન છે. પુત્ર-પુત્રીઓનાં લગ્ન થાય છે તેમાં આપ પધાર્યા તેથી અમારે તો મોટો ઉત્સવ થયો એમ અમે માનીએ છીએ. ॥૨૦॥ હે મહારાજ ! આપના દર્શનથી અમારા ભાગ્યનું તો શું વર્ણન જ કરીએ કેમ કે આપના ચરણકમળનું સેવન કરવાથી આખા કુળનો ઉદ્ધાર થાય છે તેથી આ દર્શનથી અમારાં ભાગ્ય ઊઘડી ગયાં. ॥૨૧॥ એવી રીતે પ્રેમભાવથી બોલતાં એવાં તે કર્ણીબા તે કાયમ શ્રીહરિના સ્વરૂપમાં વૃત્તિ રાખીને ભગવાનની ભક્તિ કરતાં એવાં ત્યાગી સ્વભાવનાં હતાં. ॥૨૨॥ ત્યાર પછી તેણીની કર્ણીબા શ્રીહરિ પાસે જઈને કહેવા લાગ્યાં હે ભક્તિનંદન મહાપ્રભુ ! અહીંથી ઉભા થાવ અને અમારા બીજા ઘેર ભોજન કરવા માટે પધારો. પાક તૈયાર થયો છે. ॥૨૩॥ ત્યાર પછી તેમનું કહેવું સાંભળીને ધર્મનંદન પ્રભુ બીજા ઘેર જઈને ખાટલા ઉપર બેસીને સ્નાન કરવા માટે વિચાર કર્યો. ॥૨૪॥ ત્યારે કર્ણિબા કહેવા લાગ્યાં, હે મહારાજ ! આપના આ માખણ જેવા કોમળ શરીર ઉપર પાર્ષદો સુગંધવાળાં પદાર્થોવાળું તેલ માલિશ કરીને તૈયાર કરે પછી સ્નાન કરો. ॥૨૫॥ તેલ માલિશ થયા પછી પવિત્ર ગરમ પાણી કરેલ છે, તે બહોળા ગરમ પાણીથી આપના પાર્ષદો સ્નાન કરાવીને, શરીરને શુદ્ધ કરે. ॥૨૬॥ ત્યાર પછી શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ તેલ મર્દન કરી શુદ્ધ ઉષ્ણજળથી સ્નાન કરીને શરીર કોરું કરીને પછી કટીભાગમાં પીતાંબર વસ્ત્રને ધારણ કરીને તેના ઉપર બીજાં વસ્ત્રો ઓઢીને સુંદર રીતે બનાવેલ ઉત્તમ પીઠ ઉપર વિરાજમાન થયા. ॥૨૭॥ ત્યાર પછી મુકુંદવર્ણી થાળમાં સુંદર ભોજનો તૈયાર કરીને પીરસીને લાવ્યા. શ્રીહરિને અર્પણ કર્યો. તેને શ્રીહરિ મહાપ્રભુ ભક્તજનોનાં નેત્રો ને દર્શનનું સુખ આપતા થકા, જમતા હતા. ॥૨૮॥ ચાર પ્રકારના અન્નોને જમતા થકા શ્રીહરિ મહાપ્રભુ વચ્ચે જળપાન કરતા હતા એવી રીતે જમતાં જમતાં પેટ ઉપર હાથ ફેરવતા ને જમતા થકા. ॥૨૯॥ અંતમાં સુંદર પ્રકારનાં સારી રીતે પકાવેલા ભાત મુકુંદવાર્ણી પાત્રમાં પીરસતા હતા ત્યારે કર્ણિબા સારું મધુર દહીં લાવીને

મૂકતાં થકાં કહેતાં હતાં. ॥૩૦॥ હે ભક્તિનંદન મહાપ્રભુ ! તમે આ દહીં અને ભાત ભેગાં કરીને જમો એવી અમારી ઉપર કૃપા કરો કેમ કે ઘણા લાંબા સમયે આપ અમારે ત્યાં પધાર્યા છો તેથી અમારી ભાવના પૂર્ણ કરો. ॥૩૧॥ આવી રીતનાં તે કર્ણિબાનાં વચનો સાંભળીને શ્રીહરિકૃષ્ણ પ્રભુ દહીં અને ભાત ખૂબ જમ્યા, તૃપ્ત થયા. ત્યાર પછી શુદ્ધજળથી ચળુ કરી જળ-પાન કરી પરવાર્યા ત્યાર પછી મુખવાસ લાવ્યા તે આરોગ્યો. ॥૩૨॥ ત્યાર પછી શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ આસન ઉપર વિરાજમાન થયા ત્યારે શ્રીહરિને કર્ણિબાએ વસ્ત્રો લાવીને આપ્યાં. હર્ષ પામતાં થકાં કહેવા લાગ્યાં. હે પ્રભુ ! આ વસ્ત્રોને આપ બધાં અંગો ઉપર ધારણ કરો. ॥૩૩॥ લાવેલાં વસ્ત્રોમાંથી પ્રથમ નીચોલ વસ્ત્રને કટીંભાગ ઉપર ધારણ કર્યું તથા મસ્તક ઉપર ખૂબ જ શોભાયમાન પાઘને ધારણ કરતાં હતાં. ॥૩૪॥ ત્યાર પછી કર્ણિબા સોનેરી બુટ્ટાદાર અંગરખું અર્પણ કર્યું તેને શ્રીહરિએ અંગ ઉપર ધારણ કર્યું. સોનાનો કંદોરો લાવ્યા તેને કેડ ઉપર ધારણ કર્યો. ॥૩૫॥ ત્યાર પછી કર્ણિબા શ્રીહરિના લલાટમાં કેશરચંદનથી. અર્ચા કરીને ચોખા ચડાવ્યા મુક્તામણીના લાલ આભૂષણને શ્રીહરિ મહાપ્રભુ ધારણ કરતા હતા. ॥૩૬॥ હીરની માળાને ધારણ કરીને સોનાના દોરાને પણ શ્રીહરિ ધારણ કરતા હતા ત્યાર પછી સોનાનાં કટકાઓ તેને ધારણ કરતા હતા. આ સર્વે કર્ણિબાએ પ્રેમથી અર્પણ કર્યાં. ॥૩૭॥ હે રાજન ! આવી રીતે કર્ણિબા ભક્તિભાવથી અર્પણ કરી ત્યાર પછી શ્રીહરિને અર્ચન કરીને પૂજન કર્યા પછી શ્રીહરિની આરતી કરી ત્યાર પછી પ્રેમભાવ પૂર્વક શ્રીહરિ મહાપ્રભુની સ્તુતિ કરવા લાગ્યાં. ॥૩૮॥ કર્ણિબા સ્તુતિ કરે છે. હે મહાપ્રભુ ! આપ મનુષ્ય સ્વરૂપ ધારીને આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને અમને દર્શન આપો છો તે મહાન કૃપા કરી છે. આપના આશ્રય સિવાય કોઈ પણ જીવ આ ભવસાગરને તરવા માટે સમર્થ થઈ શકે જ નહિ. ॥૩૯॥ આ દેહધારીઓના ન જીતી શકાય એવા અંતશત્રુરૂપ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ મત્સર આદિ મહાશત્રુઓ તથા માયાવી ગુરુઓના



છળકપટયુક્ત વાક્યોથી અમારી રક્ષા કરજો અને આપના સ્વરૂપની ભક્તિ આપના સમાગમ વિના ક્યાંથી થઈ શકે ? તેથી આપે મહાન કૃપા કરી છે. ॥૪૦॥ આ સમયે તે મોહતૃષ્ણાનું જ અધિક બળ છે. પરસ્ત્રીગમન મદ્યપાન, ચોરી અરાજકતાનું જ બળ હતું તે છતાં હે પ્રભુ, આપના ધર્મકુળમાં પ્રગટ થઈને આપના વિચાર સમાગમથી જે ધર્મનો લોપ થયો હતો તે સજીવન થયો દેખાય છે, વૃદ્ધિ પામે છે. ॥૪૧॥ હે પ્રભુ ! સત્ય, અસત્યના ભેદને સમજ્યા વિના આ ભવસાગરમાં ભટકતા જીવાત્માઓ જન્મ-મરણનાં ગોથાં ખાધા જ કરે છે. પરંતુ તેમને ઉદ્ધાર કરવા માટે આપ આપના સ્વરૂપનું જ્ઞાન આપીને શુદ્ધ ભક્તિમય બનાવીને તેને તમારા ધામમાં પહોંચાડો છો એવા હે પ્રભુ ! અમારી ઉપર કૃપા કરજો. ॥૪૨॥ યમદૂતોના ભયથી પીડા પામતા એવા અમને હે નારાયણ ! ભગવાનના સ્વરૂપવાળા હે પ્રભુ ! જગત તથા કામ વાસનામય કાદવમાં ખૂંપેલા પોતાના આશ્રિત ભક્તોને ઉદ્ધારનારા હે પ્રભુ ! આપને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૪૩॥ હે મહાપ્રભુ ! આપ આપના સ્વરૂપના મહાતેજરૂપ મહાચિદઘન તેજોમય અક્ષરધામમાં મધ્યમાં દિવ્યનિર્ગુણ સ્થિતિને પામેલ દિવ્ય મુક્ત ગણોથી સેવાતા એવા હે સહજાનંદ સ્વામી અમે આપનું ભજન કરીએ એવી અમારી ઉપર કૃપા કરજો. ॥૪૪॥ ખીલેલા કમળ સમાન ચંદ્રબીંબ જેવા સુંદર હાસ્યયુક્ત મુખકમળની શોભાવાળા આપના સ્વરૂપના દર્શન કરવાથી મારા અનંત જન્મનાં સર્વે પાપોનો નાશ થઈ ગયો. એવા મારા સંબંધીઓ તથા હું. ॥૪૫॥ હે મહારાજ ! સૂર્ય સમાન તેજસ્વી આપના સ્વરૂપને જોઈને જે ઘુવડ જેવા મૂર્ખ જીવો છે તે પોતાના નેત્રો બંધ કરી દે છે, દર્શન નથી કરતા, તે દુર્ભાગ્યવાળા જીવો છે. ॥૪૬॥ અતિ મનોહર સ્વરૂપવાળા જેમના ગુણોને વેદની શ્રુતિઓ ઉચ્ચાર્યા કરે છે તેને પાર પામી શકતી નથી. એવા ગુણનિધિ પ્રભુ, આપના સ્વરૂપને હૃદયમાં ધારીને તેનું ચિંતવન કરવાથી અમારા મનમાં વાસ કરજો. અમને આપના દર્શન આપજો. ॥૪૭॥ આવી

રીતની તેની સ્તુતિને સાંભળીને રાજી થયેલા શ્રીહરિપ્રભુ તે કર્ણિબાને કહેવા લાગ્યા. સાધ્વી ! સાંભળો, હું તમને મધુર સુખ આપનારાં વચનો કહું છું. ॥૪૮॥ **શ્રીહરિ કહે છે :** હે કર્ણિબા ! તમો મને બ્રહ્મધામનો સ્વામી અનાદિ સ્વરૂપ વાસુદેવ એવું મારા સ્વરૂપને જાણો તથા મને સર્વે જીવપ્રાણીમાત્રનાં અનંત કોટી બ્રહ્માંડને ધારનાર પુરુષોત્તમ જાણો. ॥૪૯॥ એવી રીતે મને સર્વોપરી સર્વના કારણ જાણીને કાયમ માટે ભક્તિભાવ પૂર્વક મારું ભજન કરો. આ જગત ખોટું છે, નાશવંત છે. તેનું કાંઈ અસ્તિત્વ જ નથી એમ નિર્ણય કરીને મારા સ્વરૂપમય થઈને મારું ધ્યાન-ભજન કરો. ॥૫૦॥ દુર્લભ એવો મનુષ્યજન્મ મેળવીને જીવાત્મા ભગવાન મુકુન્દ શ્રીહરિકૃષ્ણનો આશ્રય કરતો નથી તે મહા અધમતાને પામેલો છે, તેનો ઉદ્ધાર થતો જ નથી તે તો આ ભવાટવીમાં ભમ્યા જ કરે છે. ॥૫૧॥ બીજું જે જીવાત્મા મારા સ્વરૂપમાં પોતાનાં ઈન્દ્રિયોને જોડીને મારું સ્મરણ કરે છે તે દુઃખોથી મુક્ત થઈને મહાસુખને પામે છે અને મારો ત્યાગ કરીને સંસારનાં કાર્યોમાં, વાસનાઓમાં બંધાયેલો જીવાત્મા ત્રિવિધતાપને દુઃખે પીડાયા કરે છે, અંતે નાશ પામે છે. ॥૫૨॥ એટલા માટે સાવધાન થઈને જ્યાં સુધી આ શરીર રહે ત્યાં સુધી પોતાનો મોક્ષ કરવાની ઈચ્છાવાળા જીવાત્મા દેહના અંતે બ્રહ્મસ્વરૂપ નિર્ગુણ થઈને મારા ધામને પ્રાપ્ત કરે છે. ॥૫૩॥ સાંસારિક દોષોના ભયથી મારા સ્વરૂપમાં પ્રેમ રાખીને પોતાની ચિત્તવૃત્તિને મારે વિષે જોડીને તૃષ્ણાઓ તથા સંસારસાગરને તરવા માટે મારું હમેશાં સ્મરણ કરતા થકા ભજન કરવું, તો જ મુક્તિ મળે છે. ॥૫૪॥ સંસારના પોતાના પુત્ર પરિવાર તથા ઘર દ્રવ્ય પદાર્થ આદિ સર્વનો ત્યાગ કરીને કેવળ આત્મસ્થિતિવાળા થઈ જ્ઞાન વૈરાગ્યના બળપૂર્વક મારા સ્વરૂપની અનન્યભાવથી ભક્તિ કરવી. ॥૫૫॥ એ પ્રમાણે ધર્મનંદન મહાપ્રભુ પોતાના એકાંતિક ભક્ત ઉપર કૃપા કરીને અમૃતમય મધુર વચનોથી અમૂલ્ય ઉપદેશ આપીને દૃઢ કર્યાં ત્યાર પછી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના ભકત સંતજનોથી વિંટાયા થકા



પોતાના આશ્રિત ભક્તોથી પૂજાયા થકા ધમડકાથી ભુજનગર પ્રત્યે પધાર્યા. ॥૫૬॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદસ્વામીએ રચેલ ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં શ્રી હરિએ ધમકડાનગરમાં લીલાચરિત્રો કર્યાં એ નામે સુડતાલીસમો અધ્યાય. ॥૪૭॥**

## ॥ અધ્યાય - ૪૮ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે,** હે રાજન! ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી સર્વજગતનાં સુખદાતા પોતાના સેવક એવા સંતો પાર્ષદોની સાથે ધમકડાથી ભુજનગર પધાર્યા. ॥૧॥ તે ભુજનગરની નજીકમાં આવેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનને જાણીને નગરનાં ભક્તજનો જલદીથી પૂજાસામગ્રીને લઈને આનંદ પામતા જલદી જલદી સામા ગયા. ॥૨॥ શ્રી હરિની પાસે આવ્યા. તેઓ ઘણા સમયથી દર્શન કરવાની આશાવાળા તે એકાંતિક ભક્તો પોતાનાં હાથમાં વાજિંત્રો લઈ વગાડતા આવ્યા. ॥૩॥ તેમાં સુંદરજી આદિ સુતારભક્તો. નારાયણ તથા તેમના પુત્રો દેવરામ, હરીભાઈ, રણછોડભાઈ તે બ્રાહ્મણભક્તો તથા પ્રયાગ, મૂળજી તથા ગંગારામ આદિમલ્લો તથા વલ્લભ, માધવ આદિભક્તો તથા યાદવજી, ડોસાભાઈ, અવલભાઈ, લાલજી, શિવરામ, ભગવત, હરિ, જીવરામભક્ત વગેરે તથા પુરુષભક્તો... તથા લાધાબાઈ, અમથીબાઈ, સૂર્યાબાઈ, લેરખીબાઈ, પૂંજી આદિ સ્ત્રીભક્તો ભગવાનનાં દર્શનની ઉત્કંઠાવાળાં. ॥૪,૫,૬,૭॥ તે ભુજનગરના બધા જ પુરુષો-સ્ત્રીભક્તો સાથે મળીને શ્રી હરિ પાસે આવીને ઉત્સુકતાવાળા તે ભકતો શ્રી

ઘનશ્યામપ્રભુનાં કીર્તનો ગાતાં ગાતાં શ્રી હરિનાં દર્શન વંદન કરવા લાગ્યાં. ॥૮॥ તે શ્રી હરિ મહાપ્રભુનાં ચરણની આંગળીઓના નખ, લાલ કમળની ખીલેલી પાખડીઓ જેવા મનોહર સુંદર લાગતાં હતાં તથા પોતાના ભક્તજનોને દર્શનથી નિર્ભય સુખ આપનારાં, મુનિજનોથી પૂજન-અર્ચન કરાયેલાં, તે ચરણકમળને ભક્તજનો સ્પર્શ કરી નમન કરતા હતા. ॥૯॥ વંદન કરી પ્રેમપૂર્વક મળીને ભક્તોથી વિટાયેલા એવા તે શ્રી હરિનાં મંદહાસ્યયુક્ત મુખકમળને જોઈને સંતો, પ્રેમપૂર્વક ચંદન વડે અર્ચન કરીને શ્રી હરિને આભૂષણો તથા પુષ્પમાળાઓ પહેરાવીને ખૂબ જ સન્માનતા હતા. ॥૧૦॥ તે ભુજનગરના આવેલા બધા જ ભક્તોને શ્રી હરિ મહાપ્રભુ અમૃતમય દૃષ્ટિ કરીને જોઈને તેમની ઉપર કૃપા કરીને બાથોબાથ ખૂબ મળીને પછી તેમની સાથે ભુજનગરમાં પધારવા લાગ્યા. ॥૧૧॥ અનંત સ્વરૂપો ધારનારા શ્રી ધર્મનંદન મહાપ્રભુ સંતો પાર્ષદોની સાથે આવતા થકા ભુજનગરને જોતા હતા. તે દેવનગરી જેવી લાગતી હતી. તે નગર સર્પાકારે અનેક વળાંકોવાળું તથા વૃક્ષોથી મનોહર લાગતું હતું. ॥૧૨॥ તે વૃક્ષો જાતજાતના ફળોનાં વજનથી નમી ગયેલી ડાળીઓવાળાં તથા જાતજાતની વેલો ચડેલા વેલાઓવાળાં ખૂબ જ મનોહર લાગતાં હતાં. તથા દેવમંદિરો તથા નગરજનોને રહેવાના મકાનો શોભતાં હતાં તથા મંદિરોનાં શિખરો ઉપર સોનાનાં કળશો ખૂબ જ શોભતા હતા. ॥૧૩॥ બધાં નગરોમાં શોભાયમાન દીવા તથા ધૂપો શોભતાં હતાં. તથા રસ્તાઓ સાફકરીને સુગંધિત દ્રવ્યો છાંટેલાં હતાં તથા તે પુરમાં વસ્ત્ર-આભૂષણોથી શોભાવાળાં યુવાન સ્ત્રી-પુરુષોથી, ભરચક ચોકો શોભતા હતા. ॥૧૪॥ તે નગરમાં રાજાનાં મહેલના શિખરો તથા તેની અગાશીઓ ઊંચાઊંચા આકાશને અડતા હોય તેવાં શિખરો શોભતાં હતાં. તે મહેલોની સ્ફટિકમણી સોનાની દીવાલોને મનુષ્યો દ્વારા કાયમ સાફસૂફ રાખવાથી તેજાયમાન લાગતી હતી. ॥૧૫॥ તે નગરમાં મોર, પોપટ, હંસ આદિનાં બોલવાના શબ્દો સાંભળવામાં વારંવાર સુખ આપનારાં તથા પોતાની પાંખોને વારંવાર ફફડાવતા હોવાથી સારું લાગતું હતું. તે નગરમાં



મંદિરોના સોનાનાં શિખરોની શોભા કરતાં શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુના સ્વરૂપની ઉજ્જવલતા વધારે લાગતી હતી. ॥૧૬॥ શ્રીહરિ મહાપ્રભુ મુનિજનોના સમૂહની સાથે અનેક ચિત્ર-વિચિત્ર ચિત્રોવાળા મનોહર તે ભુજનગરમાં પ્રવેશ કર્યો ત્યારે તે નગરની સ્ત્રીઓ પોતાનાં મકાનો પર ચડીને શ્રી હરિને જોઈને આનંદ પામતાં ફૂલો અને ચોખા વડે શ્રીહરિ અને સંત સમુદાયને વધાવતી હતી. ॥૧૭॥ શ્રી સહજાનંદસ્વામી મહાપ્રભુ જ્યારે ભુજનગરમાં પ્રવેશ કરતા હતા ત્યારે તે પ્રવેશના મહોત્સવમાં વાજિંત્રોનો એકસાથે નાદ થતો હતો. ॥૧૮॥ તથા આકાશમાં દેવના દુંદુભિનો નાદ થતો હતો અને શ્રી હરિદર્શનથી ખૂબ જ આનંદ ઉત્પન્ન થયો ત્યારે તે દેવતાઓ ચંદન અને દિવ્ય પુષ્પોની વર્ષા કરતાં હતાં. ॥૧૯॥ તે નગરનાં મનુષ્યો ઘણા સમયથી દર્શનથી તરસ્યા એવા મનવાળા તે જનો પ્રેમપૂર્વક શ્રી હરિને જોઈને લાંબા સમયે પધારેલા હરિકૃષ્ણ પ્રભુને શ્રદ્ધાથી પૂજન કરીને સંતોષ પામતાં હતાં. ॥૨૦॥ સર્વલોકના નિયંતા સર્વના સ્વામી દિવ્ય મૂર્તિ મહાપ્રભુનાં દર્શન કરીને પોતાને મહાભાગ્યશાળી માની વંદન કરતાં હતાં. ॥૨૧॥ નેત્રોથી ખૂબ જ જોવાયેલા તથા અનેક દ્રવ્યોથી પૂજાયેલા, અર્ચન પામેલા સત્પતિ ઘનશ્યામ પ્રભુ આ પૃથ્વી ઉપર અતિશય શોભા આપનારા એવા તે શ્રીહરિ સુંદરજી ભક્તના ઘેર પધાર્યા. ॥૨૨॥ તે ઘર મુક્તા ફળો મણીઓથી શોભાયમાન તથા જાતજાતનાં ચિત્રો દોરેલાં તથા સુંદર પાથરણાં પાથરેલાં તથા દરવાજા ઉપર જાતજાતનાં તોરણો બાંધીને સજાવેલાં. ॥૨૩॥ તે ઘરના આંગણામાં ગોઠવેલા પલંગ ઉપર સફેદ પાથરણાં પાથરેલાં શોભાયમાન આસન ઉપર સંત પાર્ષદોથી વિંટાયા થકા ત્યાં વિરાજમાન થયા અને ખૂબ જ શોભતા હતા. ॥૨૪॥ હે રાજન ! તે શ્રીહરિની આગળ સંતો પાર્ષદો સત્સંગી ગૃહસ્થ ભક્તો સ્ત્રીઓ પુરુષો તથા સાંખ્યયોગી-બાઈઓ આદિ સર્વેની મોટી સભા ભરાઈને બેઠી. ॥૨૫॥ તે સભાના વચમાં સર્વની બુદ્ધિને સુખ આપનારા શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ શોભવા લાગ્યા. જેમ કંજપત્રના હારમાં કરેણ તથા મુકુલ ફૂલો શોભે તેમ સભામાં શ્રીહરિ શોભતા હતા. ॥૨૬॥ ત્યારે

કેટલાક ભક્તો સુગંધી ચંદન અગરનો લેપ કરતા હતા કેટલાક ફૂલોના હાર પહેરાવતા હતા તથા કેટલાક ભક્તો કુમકુમ ચોખા વડે શ્રીધર્મનંદન મહાપ્રભુનું પૂજન કરતા હતા. ।।૨૭।। શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ તે બધા જ ભક્તજનોને પોતાની પ્રેમમય દૃષ્ટિથી સર્વેને જોઈ સુખ આપતા થકા પોતાના સ્વરૂપને વિષે તેમનાં ઈન્દ્રિયો-પ્રાણોને ખેંચતા હતા. ।।૨૮।। તેમને માયિક વાતાવરણમાંથી વિસ્મૃત કરાવીને લૌકિક પદાર્થોમાંથી ખેંચીને પોતાની કરુણા દૃષ્ટિથી જોવાથી તત્કાળ સમાધિ થઈ ગઈ. ।।૨૯।। ત્યારે તે સમાધિ થયેલા જીવો તરત જ પૃથ્વીમાંથી ઊખડેલું વૃક્ષ પડે તેમ સમાધિવાળા જનો પડી જતા હતા તેથી તેના ઘરના મનુષ્યોને મહાન આશ્ચર્ય થતું હતું. ।।૩૦।। તે સમાધિમાં ગયેલા જીવો શ્રીધર્મનંદન મહાપ્રભુને જોતા હતા તે મહાપ્રભુ અનંત સૂર્યના પ્રકાશથી અધિક પ્રકાશવાળા અક્ષરધામમાં દિવ્ય સિંહાસનમાં દર્શન કરતા હતા. ।।૩૧।। હે રાજન ! તે સમાધિવાળા મનુષ્યો કેટલાક બંસીધારણ કરેલા સર્વના સ્વામી એવા વૃષભાનુ પુત્રી રાધાના સ્વામીને મેઘ સમાન શ્યામ સ્વરૂપે જોતા હતા. ।।૩૨।। કેટલાક ભક્તો પોતાના ઈષ્ટ દેવ શંકર પાર્વતીની સાથે ગણપતિને જોતા હતા, સૂર્યમંડળની વચમાં રહેલા શ્રીહરિપ્રભુને યજ્ઞનારાયણ રૂપે જોતા હતા. ।।૩૩।। તે કેટલાક ભૂમાપુરુષનાં દર્શન કરતા હતા. કેટલાકને બદરીકાશ્રમમમાં વિરાજમાન નરનારાયણ પ્રભુનાં દર્શન થતાં હતાં. કેટલાકને શેષશય્યામાં શયન કરતા નારાયણ પ્રભુના દર્શન થતાં હતાં. કેટલાકને લક્ષ્મીનારાયણનાં દર્શન થતાં હતાં. ।।૩૪।। આવી રીતે શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુનો ઐશ્વર્યપ્રભાવ જોઈને તે સજ્જનો પોતાના મતનો ત્યાગ કરીને શ્રી ભક્તિનંદન શ્રીહરિના શરણમાં આવી તેમનો આશ્રય કરીને ભક્તિ કરતા હતા. ।।૩૫।। શ્રી સહજાનંદ સ્વામીને સર્વકારણના કારણ જાણીને તે શ્રીહરિમાં પ્રીતિ જોડી ભક્તિ કરવાથી તેમને ખૂબ જ આનંદ પ્રાપ્ત થવા લાગ્યો ।।૩૬।। ત્યાર પછી શ્રીનારાયણ મુનિ મહાપ્રભુને વર્ણીએ તૈયાર કરેલા પાકોના ભોજન કરાવવા માટે (સુંદરજી ભક્ત) પ્રેમભાવપૂર્વક આમંત્રણ આપવા આવ્યા.



।।૩૭।। ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ત્યાંથી ઉભા થઈને ગરમ પાણીથી સ્નાન કરીને, કસુંબલ વસ્ત્રને કેડ ઉપર ધારણ કરતા હતા. ।।૩૮।। ત્યાર પછી બીજા ઉપર ઓઢવાના વસ્ત્રોને ઓઢીને તૈયાર કરેલા બાજોઠ ઉપર વિરાજમાન થયા. ત્યાર પછી મુકુંદ બ્રહ્મચારીએ પીરસીને તૈયાર કરેલા થાળ જમવા લાગ્યા. ।।૩૯।। ભોજન કરતાં વચમાં પીવા માટે પાણી આનંદ મુનિએ આપ્યું, તેનું પાન કર્યું, ત્યાર પછી ભોજન જમીને તૃપ્ત થયેલા શ્રીહરિ મહાપ્રભુ પવિત્ર જળથી મુખ ધોઈ (ચળુ કરીને) હાથ ધોઈને તૈયાર થયા. ।।૪૦।। હે રાજન ! ત્યાર પછી શ્રીનીલકંઠ પ્રભુ મુખવાસ લઈને આરોગતા હતા પછી સફેદ વસ્ત્રો ધારણ કરીને સંતોને પીરસવા માટે તૈયાર થયા. ।।૪૧।। ઉપર ઓઢેલા ખેસને ખભા ઉપર ત્રાંસો નાખીને ડાબા ખભેથી કેડના જમણા ભાગ ઉપર આંટો લઈને કમરે બાંધીને શ્રીહરિ નારાયણપ્રભુ લાડુ, જલેબી, આદિ પદાર્થો તથા શીરો, સૂતરફેણી તથા બીજાં પકવાનોનાં નામ લઈને શ્રીહરિ પ્રભુ આગ્રહથી પીરસીને તૃપ્ત કરતા હતા. ।।૪૨, ૪૩।। એવી રીતે શ્રીહરિ મહાપ્રભુ સંતો પાર્ષદોને ખૂબ જ આગ્રહપૂર્વક પીરસીને તૃપ્ત કરીને વિરાજમાન થયા. સર્વ પરવાર્યા પછી શ્રી પ્રભુ સુંદર તૈયાર કરેલ શયનપથારીમાં શયન કરવા પધાર્યા. ।।૪૪।। અક્ષરધામાધિપતિ શ્રીનારાયણમુનિ મહાપ્રભુ કરુણામય અમૃતદૃષ્ટિથી પોતાના પ્રિય ભક્તજનોને આત્મસુખ આપતા થકા ત્યાં ભુજનગરમાં બીજાં મનોહર ચરિત્રો ત્યાંના બીજા જીવાત્માઓના કલ્યાણ કરવા માટે કરતા હતા. ।।૪૫।।

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ ભુજ નગરમાં જે ચરિત્રો કર્યાં એ નામે અડતાલીસમો અધ્યાય થયો. ।।૪૮।।**

## ॥ અધ્યાય - ૪૯ ॥

**રાજા પૂછે છે** : હે બ્રહ્માનંદ સ્વામી ! શ્રીસહજાનંદ સ્વામી મહાપ્રભુ ભુજનગરીમાં નિવાસ કરીને ત્યાં સાંભળનારા જીવાત્માનાં પાપોને નાશ કરી પવિત્ર બનાવનારાં એવાં ક્યાં ચરિત્રોને શ્રીહરિ કરતા હતા તે કહો. ॥૧॥ જેના યશને નિગમાગમો ગાયા જ કરે છે છતાં તેનો પાર નથી પામી શકતા; એવા નારાયણ મહાપ્રભુએ મનુષ્ય સ્વરૂપને ગ્રહણ કરીને જે અલૌકિક લીલાઓ કરી તે આત્મકલ્યાણ માટે મને સંભળાવવા કૃપા કરો. ॥૨॥ જે સાંભળવાથી મનમાં આનંદ થાય છે તથા સાંભળવાની તરસ લાગવાથી શ્રવણ કરીને તૃષાની તૃપ્તિ થાય એવાં અમૃત સમાન ચરિત્રો મને હે બ્રહ્માનંદ સ્વામી ! આપ વિસ્તારપૂર્વક સંભળાવવા કૃપા કરો. ॥૩॥ અને નારાયણ સરોવરે તથા નગરોમાં, વનમાં જે જે ચરિત્રો શ્રીહરિએ કર્યાં હોય તે મને આપ કૃપા કરીને સંભળાવો. ॥૪॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! તે ભુજનગરમાં શ્રીહરિ સહજાનંદ સ્વામી સુંદરજી ભક્તના ઘેર નિવાસ કરીને રહેલા. રાત્રે શયન કર્યા પછી સવારમાં વહેલા પ્રભાતે જાગીને, પ્રાતઃકાલીન નિત્ય દૈનિક ક્રિયાઓ કરી, સ્નાન કરવા માટે નગરની પશ્ચિમ દિશામાં આવેલ મહાસરોવર હમીરસરમાં પધાર્યા. ॥૫॥ તે સરોવરના કાંઠા ઉપર ઘણાં બધાં વૃક્ષો ઊગેલાં તે ખૂબ જ શોભતાં હતાં તથા તે સરોવરના જળમાં ખીલેલાં કમળોમાંથી તેની પરાગરજને પવનો વેગપૂર્વક આવીને ઊડતી રજની સાથે લઈ જઈને તેની સુવાસ ફેલાવતા હતા. ॥૬॥ એવા તે સરોવરમાં માછલાંઓ, કાચબાઓ અને ચારે બાજુ ફરવાથી ઊંચા ઊછળવાથી પાણી પણ હિલોળા લેતું હતું. તે પાણીમાં જળકૂકડાં તથા હંસો પાંખો ફફડાવીને ઊંચે સ્વરે બોલતાં હતાં. ॥૭॥ એવા તે સરોવરના કાંઠે શ્રીહરિ મહાપ્રભુ પોતાના સેવકો, પાર્ષદો તથા સંતોની સાથે પધાર્યા અને ત્યાં શૌચક્રિયા, દંતધાવનક્રિયા કરીને ત્યાર પછી પવિત્ર શુદ્ધ જળમાં શ્રીહરિ મહાપ્રભુ



સ્નાન કરતા હતા. ॥૮॥ તે સરોવરના જળમાં ઘણા સમય સુધી જળક્રીડા કરીને સ્નાન કર્યું, ત્યાર પછી બહાર નીકળીને શરીર કોરું કરી સફેદ વસ્ત્રો ધારણ કરીને તૈયાર થયા. ॥૯॥ ત્યાંથી શ્રીહરિનારાયણપ્રભુ સંતો ભક્તોની સાથે સુંદરજી ભક્તના ઘેર ઉતારે પધાર્યા તથા મુકુંદવર્ણીએ ભોજનો રાંધીને તૈયાર કર્યાં હતાં, તે જમવા પધાર્યા. ॥૧૦॥ સારાં રસથી ભરપૂર ભોજનોનો થાળ ધર્માત્મજ શ્રીહરિ પ્રેમપૂર્વક આરોગવા લાગ્યા. આરોગીને તૃપ્ત થઈને, મુખ ધોઈ, જળપાન કરીને સુંદર બનાવેલ મંચ ઉપર વિરાજમાન થયા. ॥૧૧॥ સફેદ વસ્ત્રો ધારણ કરેલાં, વિશાળ લલાટમાં તિલક ચાંદલો કરેલાં, કંઠમાં ફૂલોના હાર ધારણ કરેલા શ્રીહરિ ખૂબ જ શોભતા હતા. જેમ આકાશમાં નક્ષત્ર મંડળમાં ચંદ્ર શોભે તેમ સંતો તથા પાર્ષદ- ભક્ત સમુદાયમાં શ્રીહરિમહાપ્રભુ ખૂબ જ શોભતા હતા. ॥૧૨॥ ત્યારે અનેક તીર્થસ્થળનાં દર્શન કરતા થકા, એક સંત આવ્યા. તે અનંતાનંદ નામના સંત ધર્મનંદન મહાપ્રભુના સમાચાર જાણીને ત્યાં સભામાં આવીને ધર્મનંદન મહાપ્રભુને જોયા. ॥૧૩॥ તે સભામાં વિરાજમાન શ્રીહરિ મહાપ્રભુના દર્શન કરવાથી પોતાના અંતઃકરણમાં શાંતિપૂર્ણ સુખાનુભવ થાય છે તે પૂર્ણતાનો આનંદ થવાથી ગદ્‌ગદ્‌ કંઠથી તે શ્રીહરિ મહાપ્રભુની હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. ॥૧૪॥ હે સર્વ ગુણના સાગર ! એવા દિવ્ય મૂર્તિ ! કૃપામયનેત્ર કમળવાળા ! હે અક્ષરધામાધિપતિ ! હે પુરુષોત્તમપ્રભુ ! મંદ હાસ્યને કરનારા એવા કમળનયન પ્રભુ ! હે ધર્મનંદન મહાપ્રભુ ! આપને અમે નમન કરીએ છીએ. ॥૧૫॥ બહુ તીર્થ કરવા કરતાં આપ મહાન છો, અનેક શાસ્ત્ર વાંચવાથી કૃપા કરનારા તથા અનેક દેવનાં દર્શન કરવા છતાં આપના એક દર્શનથી સર્વકાર્યનાં ક્રિયાઓનાં ફળ મળી જાય છે એવા હે પ્રભુ ! આપને અમે વંદન કરીએ છીએ. ॥૧૬॥ મુનિઓ, દેવતાઓ ઘણી ઝંખના કરે છે તે છતાં દર્શન નથી પામતા. તપસ્વીઓ લાખો વર્ષ સુધી તપ કરે છે છતાં આપને નથી પામી શકતા. સરસ્વતી જેવી વાણી પણ આપનો

પાર પામી શકતી નથી પરંતુ હે પ્રભુ ! આપનું અંતઃકરણ પૂર્વક દર્શન કરીને મન સુખ મેળવે છે તે મનુષ્ય જન્મનું મહાન ભાગ્ય છે. ।।૧૭।। એવા હે નારાયણ ભગવાન ! આપ કરુણાના સાગર સાકાર મનુષ્ય મૂર્તિ મને જે મળ્યા છો તે મારા અનંત જન્મોના પુણ્યોના ફળ રૂપે જ મને અત્યારે દર્શન આપો છો, એવા હે હરિ ! હું આપના શરણમાં આવ્યો છું તેથી મને આપના ચરણનું અખંડ સુખ આપો. ।।૧૮।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! તે અનંતાનંદ સ્વામીનાં પ્રાર્થના વચનો સાંભળીને તેજોમય સ્વરૂપ શ્રીહરિ મંદ હાસ્ય કરતા થકા પૂછવા લાગ્યા. હે મુનિ ! તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? અને અહીં શા માટે આવ્યા છો ? ।।૧૯।। અનંતાનંદ મુનિ કહે છે : હે નારાયણમુનિ મહાપ્રભુ ! હું મારા ઘેરથી નીકળીને વનમાં ફરતો ફરતો તીર્થયાત્રા કરતો થકો ગોકુળ, મથુરા તીર્થમાં ગયો. ।।૨૦।। ત્યાં બાલ મુરલીધરનાં દર્શન કરીને ચાલ્યો ત્યારે ચાલતાં વચમાં રાત પડી ગઈ ત્યારે હે મહાપ્રભુ ! હું કુંજગલીમાં જગ્યાનો આશ્રય કરીને સૂતો હતો, ત્યાં એક મોટું આશ્ચર્ય, ચમત્કાર થયો. તેની આપને શું વાત કરું ? ત્યારે ત્યાં ભૂત, પ્રેત, પિશાચ, વૈતાળ, ભૈરવ આદિ તથા યક્ષ, રાક્ષસો સો-સોની હજારોની સંખ્યામાં જોવામાં આવ્યા. ।।૨૧, ૨૨।। હે હરિ ! તેઓ અતિ ભયંકર એવા તે સર્વે મોંઢામાંથી લોહી ખરડાયેલા, ભયંકર વાસવાળા, તે ભૂતોનાં સમુદાયના વિકરાળ રૂપોને જોઈને મને ખૂબ જ ભય લાગવા માંડ્યો. ।।૨૩।। એટલામાં મને બીજી કાંઈ ખબર નથી, અહીંયાં આવ્યો છું, આપના ચરણના દર્શનસ્પર્શથી મને ખૂબ જ શાંતિ થઈ, તે મારા અનંત જન્મનાં પુણ્યનો ઉદય થયો તેમ હું માનું છું. અને આપનાં આશ્રયથી મારા મનમાં હું પરિપૂર્ણ કૃતાર્થ થયો છું. મને ખૂબ જ શાંતિ થઈ છે. ।।૨૪।। **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! એ પ્રમાણે આવેલા તે અનંતાનંદ સંતે પ્રાર્થના કરીને શ્રીહરિને વિનંતી કરી એટલે મહાપ્રભુએ એમને દીક્ષા આપીને સાધુ બનાવ્યા અને તેમના સ્વભાવ પ્રકૃતિ મુજબ તે સંત ત્રીસ લક્ષણવાળા પવિત્ર સંતનું નામ



અનંતાનંદ એ પ્રમાણે રાખ્યું. ।।૨૫।। ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ત્યાં સુંદરજી ભક્તના ઘેર રહેલા. સુંદરજી ભક્તએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક અનન્ય ભક્તિથી સેવા પરિચર્યા કરી એટલે શ્રીહરિકૃષ્ણ પ્રભુ પ્રસન્ન થઈને તે સુંદરજી ભક્તને કહેવા લાગ્યા. ।।૨૬।। **શ્રીહરિ પ્રભુ કહે છે,** હે સુંદરજી ભક્ત ! હું તમારી સેવાભક્તિથી ખૂબ રાજી થયો છું. તેથી સદ્‌બુદ્ધિવાળા તમે મારી પાસેથી તમારે જે ઈચ્છા હોય તે મનોરથ પ્રમાણે માગો. હું તમને આપવા વચન આપું છું. ।।૨૭।। **સુંદરજી ભક્ત કહે છે,** હે મહાપ્રભુ ! હે વાસુદેવ ભગવાન ! આપ જો મારી ઉપર પ્રસન્ન થયા હો તો મારે ઘેર કાયમ રહો અને મારી દૃષ્ટિમાં નિવાસ કરીને અખંડ સુખ આપો એ જ મારે વર માગવો છે. ।।૨૮।। **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! આવી રીતે તે ભક્તે માગણી કરી તેને સાંભળીને તેને સહમતિ આપીને શ્રીહરિએ હા પાડી જા, તારે ત્યાં અમે રહીશું કેમ કે તારી સેવાથી અમને ખૂબ સંતોષ છે. ।।૨૯।। એવી રીતે તે સુંદરજીને વરદાન આપીને તેના ઘેર મહાપ્રભુ નિવાસ કરીને રહેતા હતા. તેમને પોતાના સ્વરૂપનાં દર્શન, ઉપદેશ, ચરણસેવા આદિ બહુ સુખો આપતા હતા. ।।૩૦।। તેવા સમયમાં એક વખત તે સુંદરજી ભક્તના ઘેર શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠાવાળી, ત્યાં ભૂજના રાજાના મંત્રીની પત્ની પોતાના આત્મકલ્યાણની ભાવનાવાળી, ત્યાં દર્શન કરવા આવી. ।।૩૧।। ત્યારે તેણીએ શ્રીહરિ મહાપ્રભુનાં દર્શન કર્યાં એટલામાં તેને સમાધિ થઈ ગઈ. તેણે મહા તેજના સમુદ્રમાં દિવ્ય સિંહાસનમાં વિરાજમાન ધર્મનંદન પ્રભુને જોયા. ।।૩૨।। તેણી એ સમાધિમાં શ્રીહરિનાં દર્શન કરીને મનમાં આનંદ પામતી હતી. શ્રીહરિને સર્વેશ્વર સર્વકારણના કારણ સર્વોપરી જાણીને પોતાના આત્મકલ્યાણ માટે તે ધર્મનંદન મહાપ્રભુનો નિશ્ચયપૂર્વક આશ્રય કરીને શ્રીહરિનું સ્મરણ કરતી થકી પોતાના ઘેર ગઈ. ।।૩૩।। તેનો પતિ આસુરી પ્રકૃતિનો હતો તેથી તે સહજાનંદ સ્વામીનું નામ સાંભળવાથી મનમાં બળતો હતો તે છતાં તેની પત્ની સત્સંગી બનીને આવી તેથી ખૂબ જ

તેની ઉપર બળવા લાગ્યો. ।।૩૪।। શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામીનો આવી રીતનો પ્રતાપ જોઈને તેમની સાથે વિરોધ કરવા લાગ્યો તેમ શ્રીહરિ નારાયણ પ્રભુ તે ભૂજનગરમાં નિવાસ કરીને દિન-દિન પ્રત્યે વધારે પ્રતાપથી સૂર્યની માફક પ્રકાશવા લાગ્યા. ।।૩૫।। ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ બીજા મુમુક્ષુ ભક્તોને સુખ આપતા થકા સુંદરજી ભક્તના ઘેર સંતો પાસે કીર્તનો બોલાવરાવીને મહાઉદ્‌ઘોષ કરતા હતા. ।।૩૬।। સંતોના મુખેથી નીકળેલાં કીર્તનોનો પડઘો ત્રિલોકીમાં ફેલાઈ ગયો તેથી તેનો સ્વર સાંભળીને તે અસુર મંત્રી શ્રીહરિના ચરણ પાસે આવ્યો. ।।૩૭।। ત્યારે તે સુંદરજી ભક્તના આંગણામાં ભક્તજનોના સમૂહમાં વિરાજમાન હોવા છતાં સ્વામિનારાયણ ભગવાન ક્યાં છે... ક્યાં છે ? આ પ્રમાણે બોલવા લાગ્યો. ।।૩૮।। આ પ્રમાણે પૂછીને પછી તે સુંદરજી ભક્તને પૂછવા લાગ્યો ત્યારે તે સુંદરજી ભક્તને ગભરામણ થઈ ગઈને શરીરમાં પરસેવો આવી ગયો. ગભરાતા કહેવા લાગ્યા. હે મંત્રી મહોદય ! મારે ઘેર સ્વામિનારાયણ ભગવાન નથી. ।।૩૯।। સુંદરજી આવી રીતે બોલતા થકા ભય પામતા હતા; એટલામાં શ્રીહરિ નિર્ભય થકા પાપીનો નાશ કરનારા સહજાનંદ મહાપ્રભુ તેમના ઘરમાંથી તુરત જ બહાર આવીને દેખાયા. ।।૪૦।। મંચ ઉપર વિરાજમાન થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનને જોઈને તે અસુર મનમાં બળતો થકા કઠોર શબ્દોમાં બોલવા લાગ્યો. ।।૪૧।। સ્વામિનારાયણ, શું તમે આ લોકમાં ભગવાન છો ? શું તમે રાધા લક્ષ્મીના પતિ છો ? શું તમે અનાદિ વાસુદેવ છો ? શું આ સર્વેરૂપે તમે જ રહેલા છો ? ।।૪૨।। આવી રીતે તેનાં વાક્યો સાંભળીને શ્રી સ્વામિનારાયણ પ્રભુ તે પાપીને અતિશય કોપાયમાન કરવા માટે આ પ્રમાણે બોલવા લાગ્યા. ।।૪૩।। જે ગોલોકાધિપતિ છે, રાધિકાના પતિ સ્વામી જે છે, લક્ષ્મીના સ્વામી વાસુદેવ જે છે, વૈકુંઠાધિપતિ જે હરિ છે, તે જ આ અહીંયાં તારી સામે ઊભો જ છે અને હું તારા જેવા પાપીઓના નાશ માટે તથા ભગવાનના ભક્તો સંતોની રક્ષા કરવા માટે અક્ષરધામાધિપતિ સર્વ પ્રકૃતિ



આદિથી પરાત્પર એવો હું પોતે જ છું. ।।૪૪, ૪૫।। મારા મહિમાને શિવ, બ્રહ્મા, શેષ, શારદા, સનકાદિકો કાયમ ગાયા કરે છે. આ પૃથ્વીના જીવાત્માઓ મને પોતાના અંતઃકરણમાં ધારણ કરીને નિશ્ચયપૂર્વક મારું ભજન કરે છે એ જ હું પોતે છું. ।।૪૬।। આવી રીતનું શ્રીહરિ મહાપ્રભુનું કહેવાનું સાંભળી તે અસુર જગજીવન મનમાં બળતો થકો, શ્રીહરિને કઠોર વચનો બોલતો હતો. ઘમંડનો ભર્યો તે રાજમંદિર તરફ ચાલ્યો ગયો. ।।૪૭।। શ્રી **બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! ત્યાર પછી તે સુંદરજી ભક્ત શ્રીહરિની સાથે જગજીવનરામની ચર્ચા સાંભળીને તે તો મહાધર્મસંકટમાં પડી ગયો. દુષ્ટના સ્વભાવથી પીડાતો સંતોના સ્વામી શ્રીહરિકૃષ્ણપ્રભુને કહેવા લાગ્યો. ।।૪૮।। **સુંદરજી કહે છે :** હે નારાયણ પ્રભુ ! તમે તો ખૂબ જ દયાળુ છો અને તે જગજીવનરામ તો મહાન અસુર છે. ભ્રમિત ચિત્તવાળો થયો છે. તે દૈત્યરાજ દુષ્ટ બુદ્ધિવાળો અભક્ત એવો તે બળ કરીને પકડવા અત્યારે જ આવી જશે. ।।૪૯।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! આ પ્રમાણે તે સુંદરજીનાં વચનો સાંભળીને તેના મનનો અભિપ્રાય જાણીને તેને કહેવા લાગ્યા. અમારાથી તમને તેનો ભય લાગતો હોય તો અમે તમે કહેતા હો તો બીજે જઈએ. ।।૫૦।। એના માટે તે જગજીવનરામની પત્ની મારી આશ્રિત છે અને મારી ભક્તિપરાયણા છે, ધર્મવાળી છે, તેથી મારી આશ્રિત એવી તેની પાસેથી મારા માટે રથ લઈને આવો, જલદીથી લાવજો. ।।૫૧।। આ પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુના શબ્દો સાંભળીને તે સુંદરજી ભક્તે તેમની પાસેથી રથ મંગાવ્યો, તે રથમાં વિરાજમાન થઈને શ્રી સહજાનંદ મહાપ્રભુ ગંગારામ મલ્લ ભક્તના ઘેર પધાર્યા. ।।૫૨।। ચાલતાં રસ્તામાં તે જગજીવન રામનું ઘર આવ્યું. તેના દરવાજામાં તે જગજીવનરામની પત્ની ઉભી હતી. તે શ્રીહરિને ગુરુ માનીને મનમાં પ્રેમભાવપૂર્વક પોતાના ઈષ્ટદેવનું પૂજન કરવા લાગી. ।।૫૩।। સુગંધિત ચંદન, વસ્ત્ર, આભૂષણ, નૈવેદ્ય આદિથી પૂજન કર્યું, તેને ગ્રહણ કરીને ત્યાંથી મલ્લભક્ત ગંગારામના ઘેર પધાર્યા. ।।૫૪।। તે ગંગારામ

મલ્લ મહાપ્રભુ શ્રીહરિને જોઈને પોતાના ઘરમાંથી ઊભા થઈને આનંદ પામતા થકા રોમાંચ થયેલા તે ભક્ત સામા જઈને શ્રીહરિને પ્રેમથી મળ્યા. ॥૫૫॥ સાક્ષાત પરમ કૃપાળુ શ્રીહરિ પધાર્યા એટલે તે પોતાને મહાભાગ્યશાળી માનવા લાગ્યા અને સંતો પાર્ષદોની સાથે શ્રીહરિ મારે ઘેર પધાર્યા તેથી મહાપ્રભુએ મારા ઘરને તીર્થ બનાવી દીધું. ॥૫૬॥ તે ગંગારામ મલ્લભક્તના ઘેર શ્રીહરિ સંતોની ભક્તોની સાથે શાંતિથી ત્યાં રહેવા લાગ્યા અને ગંગારામાદિ ભક્તજનો શ્રદ્ધાથી ભક્તિભાવપૂર્વક જાત-જાતનાં રસોસભર ભોજનો જમાડીને રાજી કરવા લાગ્યા. ॥૫૭॥ શ્રી નારાયણમુનિ ભગવાન મુકુંદવર્ણીએ બનાવેલાં ભોજનના થાળને જમીને ત્યાર પછી સુંદર બનાવેલા મંચ ઉપર વિરાજમાન થયા. ॥૫૮॥ ત્યારે શ્રીઘનશ્યામ મહાપ્રભુ તે મહાપરાક્રમી ગંગારામ મલ્લ તથા તેના સર્વેભાઈઓ સર્વેને બોલાવી હાથ જોડેલા તેઓને શ્રીહરિ કહેવા લાગ્યા. ॥૫૯॥ **શ્રીહરિ મહાપ્રભુ કહે છે,** હે ગંગારામ ! અત્યારે જ રાજાનો મંત્રી જગજીવનરામ મહાદુષ્ટ, આસુરી બુદ્ધિવાળો, તે અમારી સાથે દ્વેષ થયો છે; તેથી સૈન્ય લઈને યુદ્ધ કરવા માટે જરૂર આવશે. ॥૬૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! શ્રીહરિનાં કહેવાયેલાં વચનો સાંભળીને ગંગારામ તથા તેના ભાઈઓ મહાશુરવીર, પરાક્રમી સર્વે આનંદ પામતા કહેવા લાગ્યા. ॥૬૧॥ **મલ્લો કહેવા લાગ્યા :** હે નારાયણમુનિ ! મહાપ્રભુ, આપની કૃપાથી અત્યારે આ પૃથ્વી ઉપર ગમે તેવો અજીત હોય તેને પણ અમે પછાડી શકીએ તેમ છીએ. અમને હરાવીને આપની પાસે આવવાને કોઈ સમર્થ જ નથી. ॥૬૨॥ હે મહાપ્રભુ ! અમે તો તમારા સેવકો છીએ. અમારું જીવન તમારા માટે જ છે. અમારા મન અને અમારાં પ્રાણ તમારી આજ્ઞાનું પાલન કરનારાં જ છે. તેથી કોઈ ચિંતા જ નથી. ॥૬૩॥ હે દયાળુ ! આપના આશ્રયથી અંતઃશત્રુઓ કાંઈ કરી શકતા નથી, તેવી જ રીતે તમારી હાજરીમાં આ અસુરો શું કરી શકવાના હતા ? કેમ કે ભવસાગરનાં દુઃખોના પ્રેરક,



આપની આગળ આ પામર જીવાત્માઓ શું લેખામાં ? ॥૬૪॥ એવી રીતે પોતાના એકાન્તિક ભક્તોનાં વચનો સાંભળીને કૃપામય નેત્રથી તેમના સામું જોતા હતા. શ્રીહરિનારાયણ મહાપ્રભુ તે ભક્તજનોના માનુષી જીવનનો ઉધાર કરવા તે અસુરની સામે તેને જીતવા માટે બળ આપીને ઉત્તેજન આપતા હતા. ॥૬૫॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદમુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં પૂર્વાર્ધમાં શ્રીહરિએ ભુજનગરમાં લીલાચરિત્ર કર્યાં એ નામે ઓગણપચાસમો અધ્યાય થયો. ॥૪૯॥**

## ॥ અધ્યાય - ૫૦ ॥

**શ્રી બ્રહ્માનંદસ્વામી કહે છે :** હે રાજન્ ! ત્યાર પછી શ્રીધર્મપુત્ર ઘનશ્યામપ્રભુ ગંગારામભક્તના ઘેર રહેતા હતા, ત્યારે લેરખી બાઈ નામની સ્ત્રીભક્ત શ્રીહરિને સંતોની સાથે જમવા માટે આમંત્રણ આપવા આવી. ॥૧॥ ત્યારે શ્રીહરિ મહાપ્રભુ સંતો પાર્ષદોની સાથે તે બાઈના ઘેર પધાર્યા. ત્યાં આંગણામાં બનાવેલા ઊંચા ઓટલા ઉપર તૈયાર કરેલી બેઠક ઉપર વિરાજમાન થયા. ॥૨॥ તે બાઈની પ્રેરણાથી સૂર્યા નામની બાઈએ ભગવાનને સ્નાન કરવા માટે ગરમ પાણી આપ્યું. બાજોઠ ઉપર બેસીને શ્રીહરિ તે ગરમ પાણીથી સ્નાન કરવા લાગ્યા. ॥૩॥ ત્યારે મુકુંદવર્ણી તે શ્રીહરિનાં અંગો ચોળીને સ્વચ્છ પવિત્ર જળથી નવરાવતા હતા. પ્રેમભક્તિપૂર્વક ખૂબ સ્નાન કરાવ્યું. ॥૪॥ ત્યાર પછી શ્રીહરિએ કસુંબલ વસ્ત્રને શરીર ઉપર ધારણ કરીને તેના બાજુના ઘરમાં જઈને ભક્તિનંદન પ્રભુ રત્ન જડેલા બાજોઠ ઉપર વિરાજમાન થયા. ॥૫॥ ત્યાર પછી સુંદર ભોજનો, શીરો, માલપુવા, પૂરી, દાળ-શાક આદિનો થાળ તૈયાર કરીને

શ્રીહરિ મહાપ્રભુને જમાડવા માટે તૈયાર કર્યા. ॥૬॥ તે થાળ શ્રીહરિ મહાપ્રભુ આગળ મૂકીને તે બાઈએ પોતાના મનમાં સંકલ્પ કર્યો. જો આ સ્વામિનારાયણ પ્રભુ ભગવાન હશે તો આ મૂકેલા થાળ પૂરા જમી જશે. ॥૭॥ હે રાજન! તે શ્રીહરિ નારાયણપ્રભુ તેના સંકલ્પને પૂર્ણ કરવા માટે, સર્વના ભાવને જાણનારા, સર્વના આત્મા, તે શ્રીહરિ ભોજનના થાળ પૂરેપૂરા ખાલી કરી નાખી જમી ગયા. ॥૮॥ શ્રીહરિકૃષ્ણ પ્રભુ મુકુંદવર્ણીએ આપેલા જળ વડે ચળુ કરીને સર્વે સંતો-પાર્ષદોને પીરસીને જમાડવા પધાર્યા. ॥૯॥ ત્યાર પછી શ્રી ભગવાન તે જ ઘરમાં વિરાજમાન થયા ત્યારે તે બાઈએ શ્રીનારાયણમુનિ ભગવાનનું આનંદપૂર્વક ચંદન, પુષ્પ આદિથી પૂજન કરીને ધન, વસ્ત્રો આદિ અર્પણ કર્યાં. ॥૧૦॥ ત્યાર પછી હાથ જોડીને પ્રેમવિહ્વળ થઈને શ્રીહરિને કહેવા લાગી હે કૃપાનાથ ! હે કૃષ્ણ પ્રભુ ! આપ મારા અંતઃ કરણમાં કાયમ નિવાસ કરીને રહો. ॥૧૧॥ આ પ્રમાણે પ્રાર્થના કરી રહી હતી એટલામાં કોઈક પાખંડી લોકોને છેતરનારો, પ્રપંચી, અતીત બાવાનો મુખીયો, શ્રી હરિ પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યો. ॥૧૨॥ આ પૃથ્વી ઉપર ભગવાન થઈને હે નારાયણમુનિ ! તમે લોકોને માયામાં બાંધીને મોહ પમાડો છો અને સમાધિ કરાવો છો તે શું ખોટી રીતે બનાવટ કરો છો કે સાચે જ સમાધિ કરાવો છો ? ॥૧૩॥ આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમે બેસો અને જુઓ, એ પ્રમાણે કહીને પોતાની સમીપમાં ઊભેલી તે સ્ત્રીને શ્રી હરિએ પોતાના ઐશ્વર્યના પ્રતાપથી સમાધિ કરાવી તેથી તે ઉભી ઉભી જ તૃતીય અવસ્થામાં જ પરબ્રહ્મધામમાં પહોંચી ગઈ એટલે તે શ્રીહરિ પાસે જ પડી ગઈ. ॥૧૪, ૧૫॥ ત્યાર પછી તે સ્ત્રીના હાથ ઉપર સળગતા દેવતા ચીપિયાથી ઝાલીને મૂક્યા, ત્યાર પછી શ્રીહરિ તે બાવાને પ્રત્યક્ષ બતાવતા હતા. ॥૧૬॥ બળી ગયેલા તેના અંગમાં તેણીને કાંઈ પીડા જેવું થતું ન હતું. એવી રીતે શ્રીહરિના પ્રતાપને જોઈને તે અતીત કહેવા લાગ્યો. ॥૧૭॥ હે ભગવાન ! તમે આ મનુષ્ય સ્વરૂપમાં રહેલા ગુપ્ત રીતે સાક્ષાત્



ભગવાન જ છો. સર્વલોકના કર્તા સાક્ષી નિયામક એક તમે જ છો એ મને જણાયું. ॥૧૮॥ હે મહાપ્રભુ ! તમને અનુભવથી નથી જાણી શકાતા કેમ કે બ્રહ્માદિ દેવો, તપ કરતા ઋષિઓ કોઈ જાણી શકતા નથી તો હે મહાપ્રભુ ! આપની આગળ મંદબુદ્ધિવાળો સામાન્ય જીવાત્મા હું ક્યાંથી જાણી શકું ? ॥૧૯॥ એ પ્રમાણે કહીને શ્રીહરિ મહાપ્રભુનો દૃઢ આશ્રય કરીને ગયો ત્યાર પછી તે સ્ત્રીને પણ શ્રીહરિએ સમાધિમાંથી જગાડી. ॥૨૦॥ તે ફરીથી શ્રીહરિનું પૂજન કરીને બીજી સ્ત્રીઓની સાથે વંદન કરવા લાગી ત્યાર પછી શ્રીહરિમહાપ્રભુ ગંગારામ ભક્તના ઘેર પધાર્યા. ॥૨૧॥ એક વખત શ્રીહરિ મહાપ્રભુ ગંગારામ મલ્લના ઘરની પાછળ મલ્લ કુસ્તીનો અખાડો હતો તેમાં ગંગારામ મલ્લ તથા તેના ભાઈઓની સાથે શ્રીહરિ મલ્લ ક્રિડા રમતા હતા. ॥૨૨॥ એવી રીતે શ્રીસ્વામિનારાયણ ભગવાન તે ગંગારામ મલ્લના ઘેર રહીને અનેક પ્રકારની મલ્લ ક્રીડાને કરતા હતા ને લોકોને, નગરના બીજા મનુષ્યોને ખૂબ જ આનંદ થતો હતો તે રીતે જોતા હતા. ॥૨૩॥ ત્યારે તે શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપથી બળતા એવા તે દૈત્ય જગજીવનરામે શ્રીહરિ પ્રભુને પકડવા માટે તેની સેનાના માણસોને મોકલ્યા. ॥૨૪॥ તે યવન (મુસલમાન) સૈનિકો બંદૂકો લઈને, પઠાણી ધજાને ફરકાવતા, હથિયારોવાળા તે સૈનિકો ઊંચા સ્વરે ભૈરવરાગમાં બોલતા થકા સુંદરજી ભક્તના ઘરે ગયા. ॥૨૫॥ ત્યાં ભગવાન મહાપ્રભુને નહિ જોઈને ગંગારામ મલ્લના ઘેર આવ્યા. તે સૈનિકો તો થોડા જ આવ્યા હતા અને ગંગારામ મલ્લ ને મહાપરાક્રમીઓ ઘણા હતા, તેઓ મહાબળવાળા હતા. ॥૨૬॥ શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞાથી યોદ્ધાઓ તો તલવારો હાથમાં લઈને બધાની આગળ જઈને ઊભા રહ્યા. યુદ્ધ કરવા તૈયાર થયા અમારે યુદ્ધ કરવું જ છે, આ પ્રમાણે નિશ્ચય કરેલા તેઓ હતા. ॥૨૭॥ તેઓને આવી રીતે તૈયાર થયેલા જોઈને તે યવન સૈનિકો ગંગારામ મલ્લને આ પ્રમાણે કહેવા લાગ્યા. અમે તો અહીંયાં સ્વામિનારાયણ ભગવાન છે તેમને લેવા માટે આવ્યા છીએ. ॥૨૮॥ તમે

વચમાં ઉભા રહીને શા માટે મરવા માટે તૈયાર થયા છો ? કેમ કે તમે તો મલ્લકુસ્તીમાં જાણો. લડાઈની કળા તમને ન આવડે. યુદ્ધમાં હોશિયાર તમે નથી. ॥૨૯॥ અમે યુદ્ધ કરવા લાગીશું ત્યારે તમે ક્યાંય ભાગી જશો. વચમાં શા માટે મદ અભિમાનવાળા થઈને ઊભા છો ? તમો પરાક્રમ કરવામાં સિંહો જેવા છો અને સંખ્યા પણ થોડીક જ છે તેથી અમારી સાથે નહીં ટકી શકો. ॥૩૦॥ શિક્ષા સંસ્કારવાળા તમો હાથા બનીને તમારી ઘરવાળીને વિધવા શા માટે કરવા તૈયાર થયા છો ? આવી રીતે તેઓનાં વચનો સાંભળ્યા ત્યારે ગંગારામ તેઓને કહેવા લાગ્યા. ॥૩૧॥ ગંગારામ મલ્લ કહે છે : હે યોદ્ધાઓ ! તમો તમારું પરાક્રમ બતાવીને કામ ચાલુ કરો. શુરવીર ખાલી ખાલી બકવાસ ન કરે. પહેલાં અમારી સાથે યુદ્ધ કરીને અમને જીતો પછી તમો ભગવાન પાસે જાઓ. ॥૩૨॥ ખોટા તમે અહીંયાં યુદ્ધ કરીને મરવા માટે જ આવ્યા છો ? દુષ્ટ બુદ્ધિવાળાના કહેવાથી યુદ્ધ કરવા આવ્યા તે બરોબર નથી. તમો સચિવની આજ્ઞાથી અહીંયાં રહેલા યોગીરાજ મહાપ્રભુની સાથે ખોટો દ્વેષ શા માટે કરો છો ? ॥૩૩॥ જે સાક્ષાત્ વિશ્વાત્મા, નારાયણ, અનંત કોટી બ્રહ્માંડાધિપતિની સામે જગતમાં કોણ ટકી શકે ? તેમની સાથે વૈર કરીને સામનો કરે તેનો પોતાનો તત્કાળ નાશ થનારો જ છે. એ જરૂર મરશે જ. ॥૩૪॥ તે પાપીનાં સહવાસથી, તે અસુર માટે તમે શા માટે મરવા તૈયાર થયા છો ? પતંગિયા જેમ અગ્નિની પાસે જઈને તેમાં પડીને મરી જાય છે તેમ તમો શા માટે મરવા તૈયાર થયા છો ? થોડો વિચાર તો કરો. ॥૩૫॥ આ મનુષ્ય દેહ મળ્યો છે તે પોતાના આત્માના કલ્યાણ માટે મળ્યો છે. તેની જગ્યાએ તમો ભગવાનની સાથે વેર કરીને શા માટે નરકમાં જવા તૈયાર થયા છો ? ॥૩૬॥ હે રાજન્ ! તે ગંગારામ મલ્લે આ પ્રમાણે કહ્યું એટલામાં તેના મનમાં કાંઈક ફેર પડવા લાગ્યો. લોહી પાડવા કરતાં એમની સાથે સમાધાન કરી લેવું યોગ્ય છે. પતંગિયાની માફક લડાઈ કરીને બીજાના સ્વાર્થ ખાતર લોહી વહેવડાવવાથી શું ફાયદો ? ॥૩૭॥



આ પ્રમાણે વિચાર કરીને તે ગંગારામ મલ્લનાં વચનો હિતકારક માનીને તે સેનાપતિ બુદ્ધિબળથી પોતાના સૈન્યનું હિત વિચારવા લાગ્યો. ॥૩૮॥ એક જ યોગીરાજના માટે વધારે નાશ ભોગવવો નથી તેનો વિચાર કરીને પોતાના સૈન્યની સાથે રાજા પાસે ગયા. ॥૩૯॥ તેઓએ રાજા પાસે જઈને તે મંત્રીએ સ્વામિનારાયણ ભગવાનને પકડવા માટે મોકલેલા તેની વિગત જણાવી તે જાણીને તે રાજાએ ધર્મનીતિવાળા વૃદ્ધ સમજુ મંત્રીઓને પૂછ્યું. ॥૪૦॥ તે સેનાનાયકને રાજ્યકાર્યમાં હોંશિયાર જાણીને રાજા ખૂબ રાજી થયો તેથી તરત જ તે સૈનિકોને પાછા વાળી દીધા. ॥૪૧॥ એ પ્રમાણે સૈન્યને મોકલી દીધું અને રાજા તે મંત્રી જગજીવન ઉપર ખૂબ જ કોપાયમાન થયા. તત્કાળ તેને બોલાવીને તેને કડક શબ્દોમાં ઠપકો આપવા લાગ્યા અને કહેવા લાગ્યા. ॥૪૨॥ અલ્યા મંદબુદ્ધિવાળા તે પરાક્રમી મહાપુરુષ શ્રી સ્વામિનારાયણ ભગવાન ઉપર દ્વેષ રાખનાર તને ધિક્કાર છે. મારા રાજ્યશાસનના નાશને નોતરનારા તને ધિક્કાર છે. દુષ્ટ બુદ્ધિવાળા તને ધિક્કાર છે. ॥૪૩॥ હે રાજન ! એવી રીતે તેને ઠપકો આપીને ત્યાર પછી પોતાના એક મંત્રી ભગવાન નારાયણ મહાપ્રભુના મુનિઓ જે ચરણની સેવા કરે છે એવા શ્રી હરિને પ્રણામ કરી, પ્રાર્થના કરીને, બન્ને હાથ જોડીને તે પ્રભુને કહેવા લાગ્યા, હે જગતના નિયંતા ! મારા અપરાધની ક્ષમા આપો. મારાથી આપનો અપરાધ થયો છે. ॥૪૪॥ એવી રીતે શ્રી હરિ મહાપ્રભુની દુઃખપૂર્વક પ્રાર્થના કરીને પોતાને ઘેર ગયા. ત્યાર પછી એક દિવસ અમાત્યે (મંત્રીએ) જે સૈનિકોને ભગવાનને પકડવા મોકલ્યા હતા તે જ સૈનિકોએ દુષ્ટ મંત્રીને રાજમાર્ગ ઉપર મારી નાખ્યો. ॥૪૫॥ ત્યાર પછી શ્રી હરિના સર્વે ભક્તો નારાયણ ભગવાનનાં ચરણનું સ્મરણ કરતાં કરતાં ગંગારામભક્તના ઘરમાં રહેલા ભગવાનનું ધ્યાન કરીને ખૂબ જ આનંદ પામતા હતા. ॥૪૬॥ સર્વકારણના કારણ ! મહાપ્રભુ એવી રીતે ગંગારામભક્તનાં ઘેર રહેલા હતા. તેવામાં સર્વજીવ પ્રાણી માત્રનાં મનને હરનારા મહાપ્રભુ માટે ભક્તો હારતોરા લઈને

આવ્યાં. માલતી, ચંપો, કેતકી, કુંદપુષ્પો, સુગંધવાળા ફૂલોનાં હાર લઈને ભક્તજનો આનંદ પામતા આવ્યા. ॥૪૭,૪૮॥ તેઓ ભક્તિભાવપૂર્વક અર્ચન કરીને, મંદિરમાં જાતજાતના ચિત્ર વિચિત્ર ધજાપતાકાની શોભાવાળાં કપડાંના તોરણોથી શણગારેલાં તે ઘરની વચ્ચે અતિશોભાયમાન ફૂલની શોભાવાળું સુંદર સિંહાસન બનાવ્યું. તે સિંહાસનમાં અનંતધામાધિપતિ શ્રી પુરુષોત્તમ પ્રભુ પોતેજ તેમાં વિરાજમાન થયા. ॥૪૯, ૫૦॥ ત્યાર પછી સર્વે ભક્તજનોએ ભક્તિમય પ્રેમભાવથી જાતજાતનાં અનેક વસ્ત્રો, આભૂષણો અર્પણ કરીને મનમાં આનંદ પામતાં ખૂબ જ કળાથી બનાવેલ ફૂલોના હારો પહેરાવીને પૂજન કર્યું. ॥૫૧॥ અમૂલ્ય કિંમતના રુદ્રમણીઓ અને રત્નોથી ગૂંથેલ સુંદર કસુંબલ કપડાંની ટોપી મસ્તક ઉપર ધારણ કરાવી પોતાનાં મનોભાવ પૂરા કરવા શ્રી હરિ તે વસ્ત્રો આભૂષણો ધારણ કરીને ખૂબ જ શોભતા હતા. ॥૫૨॥ સૂર્યનારાયણ આકાશમાર્ગમાં જાતજાતની કલાકૃતિવાળા સુંદર દિવ્યરથમાં બેસીને અસ્તાચળમાં અદ્દશ્ય થઈ ગયા છતાં શ્રી હરિનારાયણ પ્રભુ અતિ ભારે વસ્ત્રો - આભૂષણોને ધારણ કરેલા મનોહર આકૃતિથી તે પોતાના પ્રિય ભક્તોને દર્શન આપતા થકા સુખ આપતા હતા. ॥૫૩॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદસ્વામીના શિષ્ય કૃષ્ણાનંદસ્વામીએ રચેલ ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલાસુધાકરમાં પૂર્વાધમાં ભુજનગરમાં અસુરનો નાશ કર્યો એ નામે પચાસમો અધ્યાય થયો. ॥૫૦॥**



## ॥ અધ્યાય - ૫૧ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ ભૂજનગરમાં ગંગારામ મલ્લના ઘરે વિરાજમાન હતા ત્યારે શ્રીહરિ વિચાર કરતા હતા કે બધા સંતો પોતાનું આત્મચિંતન કરતા થકા અહીં આવે તો બહુ સારું થાય. ॥૧॥ એટલામાં જ જ્ઞાનાનંદસ્વામી સુરતનગરથી આવ્યા. તેમણે શ્રીહરિમહાપ્રભુને જોઈને પ્રેમભાવપૂર્વક શ્રીહરિના ચરણકમળમાં પ્રણામ કર્યા. ॥૨॥ ત્યાર પછી તેઓ હાથ જોડીને નારાયણમુનિ ભગવાનને કહેવા લાગ્યા. હે મહારાજ ! બધાય સંતો સુરતનગરથી અહીંયા આવે છે, અત્યારે જ આવે છે. ॥૩॥ જ્ઞાનાનંદ સ્વામી આ પ્રમાણે કહી રહ્યા હતા. એટલામાં તો આનંદાનંદ આદિ સંતો આવ્યા. તેમાં પરમાનંદ, નૃસિંહાનંદ વૈષ્ણવાનંદ આદિ આવ્યા. ॥૪॥ મુક્તાનંદ, સુખાનંદ, નિત્યાનંદ, કૃપાનંદ, રામદાસસ્વામી, અચ્યુતાનંદ સ્વામી, શતાનંદ, પ્રભાનંદ આદિ. ॥૫॥ આ બધા સંતો ગંગારામમલ્લનાં આંગણાંમાં ફૂલથી શણગારેલા સિંહાસનમાં શ્રીહરિને બેઠેલા જોયા એટલે પ્રેમભાવથી ભરપૂર મનવાળા થઈને વંદન કરવા લાગ્યા. ॥૬॥ ત્યાર પછી ધર્મનંદન મહાપ્રભુ તે આવેલા સર્વે સંતોને ખૂબ જ આશ્વાસન આપીને, ઉતારા કરાવીને શ્રીહરિ મહાપ્રભુ આસન ઉપર બેસીને શાન્તિથી તેમને ખુશી સમાચાર પૂછવા લાગ્યા. ॥૭॥ ત્યારે શ્રીહરિની આજ્ઞાથી સર્વે સંતો શ્રીહરિની આગળ જ બેસી ગયા. સંતોને બેઠા પછી ગૃહસ્થો હરિભક્તો બેઠા અને સ્ત્રીભકત પણ પોતાના સ્થાને બેઠાં. ॥૮॥ એવી રીતે શ્રીસહજાનંદ સ્વામીમહાપ્રભુને સંતોની સભામાં બેઠેલા જોઈને જાતજાતના રંગોથી રમવાનો મનોભાવ શ્રીહરિનો જણાવા લાગ્યો ત્યારે ॥૯॥ ગંગારામ આદિમલ્લોએ શ્રીહરિ મહાપ્રભુનો ભાવ જાણીને મોટાં મોટાં રંગ ભરેલાં વાસણો શ્રીહરિની આગળ લાવીને ગોઠવી દીધાં. ॥૧૦॥ બીજાં રંગનાં

ભરેલાં વાસણો લાવીને મુનિઓની પાસે મૂકીને ખૂબ જ આનંદ પામતા હતા ત્યારે હજારો સૂર્યની કાન્તિવાળા શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન મુદ્રાવાળા દેખાતા હતા. ॥૧૧॥ ત્યારે કરોડો ચંદ્રમા જેવી કાન્તિવાળા શ્રીહરિ, મંદહાસ્યયુક્ત મુખકમળવાળા, પોતાના હાથમાં શોભાયમાન સોનાની પિચકારી લેતા હતા. ॥૧૨॥ અને વસંતના ઉત્સવનાં કીર્તનો વાજીંત્રોના તાલ સાથે સંતો ગાતા હતા તેમની ઉપર કેશરવાળા કલરની પીચકારી ઉડાડતા હતા. ॥૧૩॥ હે રાજન ! ત્યાર પછી શ્રીહરિ, પ્રભુ ગૃહસ્થ ભક્તો ઉપર પણ રંગની પીચકારી મારીને ખૂબ જ રંગતા હતા. અતિશય રંગ પડવાથી પલળી ગયેલા શરીરવાળા તે ભક્તોને અકળાવી નાખ્યા હતા. ॥૧૪॥ શ્રીહરિ પ્રભુ દ્વારા ગુલાલના ખોબા ભરીભરીને ઉડાડવાથી વાતાવરણ લાલ લાલ થઈ ગયું અને સંતો પણ શ્રીહરિ ઉપર રંગ નાંખીને રંગમય કરીને ખૂબ જ આનંદ પામવા લાગ્યા. ॥૧૫॥ શ્રીહરિ મહાપ્રભુનાં વસ્ત્રોને સંતોએ રંગ નાખીને પલાળીને ભીનાં રંગવાળાં કરી દીધાં તથા સંતોનાં વસ્ત્રો પણ ગુલાલ અને અબીલના રંગવાળા થવાથી શોભતાં હતાં. ॥૧૬॥ ત્યારે તે સભામાં અતિશય રંગ નાંખવાથી રંગમયમૂર્તિ એવા શ્રીહરિ ખૂબ જ શોભતા હતા અને મુનિજનો વીણા આદિ વાજિંત્રો વગાડતા થકા શ્રીહરિના ગુણોનાં કીર્તનો ગાતા હતા. આવા અદ્‌ભુત દર્શન થતાં હતાં એવાં ફરી થવાં બહુ જ અશક્ય છે. ॥૧૭॥ હે રાજન ! એવી રીતે ભુજનગરમાં ગંગારામ મલ્લનાં ઘેર સંતો અને ભક્તોને રંગલીલા, મલ્લલીલા આદિ રમતો રમાડીને ખૂબ જ રાજી કર્યા ત્યાર પછી શ્રીધર્મનંદન મહાપ્રભુ અનંતના નિયંતા સ્વામિનારાયણ પ્રભુ પોતાના સંતો, પાર્ષદોની સાથે વિંટાયા થકા ત્યાંથી નીકળી માંડવી નગર તરફ ચાલવા લાગ્યા. ॥૧૮॥ સાથે વળાવવા માટે આવેલા ભક્તોને પાછા વાળ્યા એટલે તે ભક્તો ખૂબ જ વિરહના દુઃખના લીધે ઉદાસ થઈ ગયા. ત્યાર પછી તે સર્વે સંતો પાર્ષદોની સાથે શ્રીધર્મનંદન પ્રભુ માંડવીનગર પાસે પહોંચ્યા.



॥૧૯॥ હે રાજન ! ત્યારે શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાનના આવવાના સમાચાર સાંભળીને માંડવીના ઉત્સુકતાવાળા ભક્તો ભગવાનનાં દર્શન કરવા, ભગવાનને સત્કારવા માટે પોતાના હાથમાં સત્કાર સામગ્રી લઈને જલ્દીથી સામા ગયા. ॥૨૦॥ મોટી અવસ્થાવાળા વિપ્રોમાં અગ્રણી લાલજી તથા સુંદરજી આદિ ભક્તો જાતજાતનાં વાજીંત્રો વગાડતા થકા આનંદપૂર્વક મોટો ઉદ્‌ઘોષ કરતા હતા. ॥૨૧॥ પોતાના નગરની બહાર જઈને જોયુ તો શ્રીહરિનાં દર્શન થયાં તેથી ખૂબ જ આનંદ પામ્યા, તેમનું પૂજન કરીને તે સર્વે ભક્તો આનંદ પામતા થકા શ્રીહરિને ખૂબ વાર સુધી મળીને સુખ પામ્યા. ॥૨૨॥ તે ભક્તોની સાથે સરોવરની પાસે પશ્ચિમ ભાગમાં દરવાજાના માર્ગ પાસે પધાર્યા. તે સરોવરમાં કમળો ખીલેલાં બહુ જ સુંદર લાગતાં હતાં. તથા સરોવરમાં હંસ પક્ષીઓ તથા બ્રાહ્મણો વેદપાઠ કરતા હતા એવી સરોવરની મનોહર શોભા હતી. ॥૨૩॥ હે રાજન્ ! તે સરોવરની પાળ પાસે મોટું વડનું વૃક્ષ હતું. તેની શીતળ છાંયા હતી. તેનાં જાડાં ઘાટાં પાંદડાં અને વડવાઈઓના તોરાથી ખૂબ જ શોભતું હતું. ॥૨૪॥ તે સરોવરની તથા વડની છાંયા જોઈને **શ્રીહરિ સંતોની સાથે** ત્યાં જ ઉતર્યા. ભક્તજનોએ સુંદર ગાદી બનાવી પાથરણાં પાથર્યાં. તેની ઉપર વિરાજમાન થયા. ॥૨૫॥ ત્યાર પછી મુક્તાનંદમુનિ, બ્રહ્માનદસ્વામી તથા બધા સંતોને હું પૂછું છું તમો શેનાથી રાજી થશો ? હે મારા આશ્રિત સંતો ! તમો જે હોય તે કહો. ॥૨૬॥ હે સંતો ! અજ્ઞાનીજનો, પથરા, ધૂળથી આપણું પૂજન કરે છે અને ભક્તિભાવવાળા આશ્રિતો ચંદન ફૂલહારથી પૂજન કરે છે તેમાં તમને શું પ્રિય છે ? શેનાથી રાજી થાવ તે કહો. ॥૨૭॥ **ત્યારે સંતો કહેવા લાગ્યા કે** અમે તો આપનું સ્મરણ કરતા થકા ભક્તિભાવથી આપના સ્વરૂપની ભક્તિને જ ઈચ્છીએ છીએ. માટે હે નારાયણ પ્રભુ અમે તો તમારા ચરણકમળના જ ચાહનારા છીએ. ॥૨૮॥ હે મહારાજ ! અમને બધે અજ્ઞાનીઓ પથરા, ધૂળથી પૂજા કરે છે, તેથી

હે મહારાજ ! આજે તો આપની પૂજા અર્ચન મિષ્ટાનના ફૂલોથી જ થશે. એવું જણાય છે. ॥૨૯॥ આવી રીતે સર્વેસંતનો અભિપ્રાય જાણીને અને સર્વે સંતના હૃદયના ભાવને જાણીને શ્રીહરિ નારાયણપ્રભુ ત્યાં રેતી ભેગી કરીને માટીનો ઢગલો કર્યો. ભક્તો પાસે વેદિકા કરાવી. ॥૩૦॥ તે ગાદી બનાવી તેની ઉપર સાધુમંડળમાંથી એક સંતને મુખ્ય બનાવીને બેસાર્યા તેમાં મને (બ્રહ્માનંદ) બેસાર્યો અને શ્રીસહજાનંદ સ્વામી મારી બાજુમાં નીચે બેઠા. ॥૩૧॥ હે રાજન્ ! ત્યાર પછી મુક્તાનંદ સ્વામી અને બીજા સર્વે સંતો બેઠા ત્યારે પૃથ્વી ઉપર એક મહાન દિવ્ય સભા થઈ એવું લાગતું હતું. ॥૩૨॥ ત્યારે આવી સંતોની મહાસભાને જોઈને માંડવીનગરના મનુષ્યો આશ્ચર્ય પામી ગયાં. વિસ્મય પામેલાં જનો જાતજાતના પૂજા પદાર્થો લઈને આવ્યાં અને સંતોના અગ્રણી તરીકે પૂજન કરવા લાગ્યાં. ॥૩૩॥ સાકર, દ્રાક્ષ, ખજૂર, આદિના પડીકાંનો મોટો ઢગલો થયો તે નગરના જનોએ લાવીને કર્યો. તેઓ શ્રીહરિના આશ્રિત ભક્તો હતા. ॥૩૪॥ તે સર્વે ભક્તજનોને શ્રીહરિએ શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રોનો ઉપદેશ કર્યો. તેમાં જે મુમુક્ષુ જીવો હતા તેઓ તેમના દૃઢ આશ્રિત થયા. ॥૩૫॥ એવી રીતે તેમને જ્ઞાન- વિજ્ઞાન સહિતના જ્ઞાનનો ઉપદેશ જે શ્રીહરિએ કર્યો તેનો પડઘો પડ્યો તે શ્રીહરિના ઉપદેશ વાક્યો પરંપરા જાણીને તે નગરમાં જ્ઞાનાભિમાની ખયોખત્રી (ક્ષત્રિય વિદ્વાન) હતો તે ખૂબ જ વેદાંત જ્ઞાનનો અભિમાની હતો. ॥૩૬॥ તે વેદાન્ત શાસ્ત્રને જાણનારા પોતાના શિષ્યોથી વિંટાયો થકો, મહામાનનો ભંડાર એવો તે ખયો સભામાં આવ્યો અને મને આવીને નમસ્કાર કર્યા. ॥૩૭॥ ત્યાર પછી શ્રીહરિને તથા સર્વે સંતોને નમસ્કાર કરીને મારી સામે આવીને બેઠો અને મને વેદાન્ત, દ્વૈત શાસ્ત્ર મત અનુસાર ઘણા બધા પ્રશ્નો પૂછ્યા. ॥૩૮॥ ખયોખત્રી બોલે છે. જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, પુરુષોતમ એ સર્વનો નિર્ણય સાંખ્ય, યોગ, વેદાન્ત શાસ્ત્રને અનુસાર બ્રહ્મનું સ્થાન નક્કી કરી આપો. ॥૩૯॥ એકમેવા-



દ્વિતીયમ્ ઈતિ શ્રુતિના આધારે તેનું પ્રમાણ કરીને સચ્ચિદાનંદ અદ્વૈત મતના જ્ઞાન મુજબ બ્રહ્મનું પ્રતિપાદન કરી આપો. ॥૪૦॥ હે મુનિ ! દેહમાં નાડીઓ કઈ કઈ છે અને બ્રહ્માંડમાં કઈ કઈ નાડીઓ છે ? ગુરુ શિષ્યના માધ્યમથી અમારા પ્રશ્નોના બધા જ ઉત્તરો મને આપો. ॥૪૧॥ આ પ્રમાણે તેઓએ મને પ્રશ્નો પૂછ્યા અને મારી પાસે બેઠેલા મહાપ્રભુને બતાવીને મેં કહ્યું કે આ તમારા પ્રશ્નોના ઉત્તરો તો આ અમારા નાના સંત જ કરી આપશે. આ તો તમારા સામાન્ય પ્રશ્નો છે. ॥૪૨॥ તેથી તે સહમત થયો અને શ્રીહરિ મહાપ્રભુએ તેના ઉત્તરો શાસ્ત્રોના પ્રમાણ સાથે સહેજ પણ જુદા નથી બોલતા તેની ચકાસણી કરતા થકા સાંભળતા હતા. સચોટ ઉત્તરો થયા. ॥૪૩॥ આવી રીતે તે પ્રશ્નોના ઉત્તરો સાંભળીને તેણે જાણી લીધું અને નિશ્ચય કરીને તે ખયો શ્રીહરિને કહેવા લાગ્યો હે પ્રભુ ! સહજાનંદ સ્વામી, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તમે પોતે જ છો. ॥૪૪॥ આ પૃથ્વી ઉપર મારા પ્રશ્નોના ઉત્તરો આપવા તમારા સિવાય બીજું કોઈ સમર્થ હતું જ નહિ. મારા પ્રશ્નના ઉત્તરો યોગ્ય જ આપ્યા તેથી તમે જ શ્રીકૃષ્ણ છો એમાં કઈ સંશય જ નથી. ॥૪૫॥ હે પ્રભુ ! તમે જ વાસુદેવ છો. સર્વના સ્વામી તમે જ છો. સર્વયોગ, કલાના કરનારા, સર્વના સ્વામી, વાદવિવાદથી પર, મુનિઓને પ્રિય, હે નારાયણ ! આપ છો. ॥૪૬॥ આપ આ પૃથ્વી ઉપર જીવોના કલ્યાણ માટે મનુષ્ય સ્વરૂપ ધારીને વિચરણ કરો છો એવા તમારે શરણે હું આવ્યો છું. તમારા સિવાય મારી બીજી કોઈ ગતિ જ નથી. મારૂ સર્વે અભિમાન ગળી ગયું હવે હું તમારે શરણે છું. ॥૪૭॥ આ પ્રમાણે નિઃસંશય થઈને શ્રીહરિ મહાપ્રભુનો આશ્રય કરીને પોતાના શિષ્યોની સાથે શ્રીહરિમાં પૂજ્ય ભાવવાળા તે ખયાખત્રી સર્વે સંતોને માનવા લાગ્યા. ॥૪૮॥ ત્યારે તે જલદીથી શ્રીહરિ મહાપ્રભુ તથા સંત સમુદાયને પકવાનો મિષ્ટાનોથી ખૂબ જ જમાડીને તૃપ્ત કરીને તે પોતે પોતાના ઘેર જતાં રસ્તામાં લોકોને શ્રીહરિનો મહિમા કહેતો જતો

હતો. ॥૪૯॥ ત્યાર પછી તે ખત્રીને ગયા પછી તે નગરના બધા માણસો શ્રીહરિનું ચંદનઆદિથી પૂજન કરીને ખૂબ સીધા સામાન આપતા હતા. ॥૫૦॥ એવી રીતે તે માંડવીનગરમાં પંદર દિવસ સુધી રહ્યા અને ભોજનો જમાડીને સર્વને તૃપ્ત કર્યા. ત્યાર પછી શ્રીહરિ પ્રભુ મિષ્ટાનો જ પ્રીતિપૂર્વક જમાડીને રાજી કરીને તે માંડવીથી બીજે જવા વિચારતા હતા. ॥૫૧॥ એટલા માટે સર્વે સંતોને ત્યાંથી પાછા ગુજરાત તરફ મોકલતા હતા અને પોતે શ્રીહરિપ્રભુ આનંદસ્વામીને મુખ્ય કરીને કાળા તળાવના માર્ગે જવા લાગ્યા. ॥૫૨॥

**ઈતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય સ્થાપનારા શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ માંડવીમાં ખયા ખત્રીને આશ્રિત બનાવી સંતોને આનંદ આપી કાળાતળાવ ગામે ગયા એ નામે એકાવનમો અધ્યાય થયો. ॥૫૧॥**

## ॥ અધ્યાય - ૫૨ ॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! માંડવીથી નીકળી શ્રીહરિ મહાપ્રભુ કાંળાતળાવ ગામે રવજી ભક્તના ઘેર પધાર્યા. ત્યાં જઈને ભક્તોનું પ્રિય કરનારા મહાપ્રભુ ત્યાં નિવાસ કરતા હતા. ॥૧॥ હે રાજન ! તે રવજીભક્ત શ્રીહરિ પોતાને ઘેર પધાર્યા છે તેથી તેમના માટે સુંદર પાકો વર્ણી પાસે બનાવરાવતા હતા. શ્રીહરિને પ્રેમપૂર્વક જમાડતા હતા. ॥૨॥ ભોજનથી તૃપ્ત થયા પછી આનંદ પામતા થકા પ્રેમપૂર્વક ભક્તિભાવથી ચંદન, પુષ્પ, વસ્ત્રો, આભૂષણો વડે પૂજન કરીને અર્પણ કરતા હતા. ॥૩॥ એવી રીતે ભક્તિભાવથી અર્ચન કરીને પ્રસન્ન મનવાળા શ્રીહરિ, સર્વના અંતઃકરણને જાણનારા મહાપ્રભુ તેઓને ઐશ્વર્ય બતાવતા થકા કહેતા હતા. ॥૪॥ ત્યાં રહીને કોઈ સમયે શ્રીહરિ મહાપ્રભુ નિર્મલ



અને શાંત જળવાળા કાળા તળાવે ગયા. તે સરોવર જાતજાતના અનેક વૃક્ષોથી શોભતું હતું. વૃક્ષોના પવનના વેગથી શબ્દોના નાદવાળું તે સરોવર હતું. ॥૫॥ તે સરોવરના કાંઠા ઉપર જઈને ચોખ્ખી રેતીમાં પવિત્ર જગ્યામાં વસ્ત્રોને ઉતારીને શ્રીહરિએ સખાઓની સાથે તે સરોવરમાં ઘણો સમય સ્નાન કર્યું. ॥૬॥ બહાર નીકળીને શ્વેત વસ્ત્રોને ધારણ કરીને તે તળાવની સ્વચ્છ પાળની આકર્ષકતા જોઈને ત્યાં શ્રીહરિ બિરાજમાન થયા. ॥૭॥ ત્યાં પોતાના ભક્તજનોને અનેક પ્રકારની ધર્મજ્ઞાન સંબંધી વાર્તા કરીને શ્રીહરિ પોતાના ભક્તોને આનંદ આપતા થકા બીજી લીલાઓ કરતા હતા. ॥૮॥ આવી રીતે કાળાતળાવ ગામમાં પોતાના ભક્તોને સુખ આપતા થકા રહેતા હતા. ત્યાર પછી પોતાના ભક્તોને સુખ આપવા માટે તેરાપુર નામના ગામ પ્રત્યે પધાર્યા. ॥૯॥ તે તેરાપુરમાં લધાભાઈ તથા બીજા ભક્તોથી પૂજન કરાયેલા શ્રીહરિ પ્રભુ તે ભક્તોને પોતાના સ્વરૂપનું સુખદર્શન, સ્પર્શાદિનું સુખ આપતા હતા. ॥૧૦॥ શ્રીહરિ મહાપ્રભુ ક્યારેક નારાયણ સરોવરમાં સ્નાન કરવા જતા હતા. તે સરોવર પાણી ભરેલું હોય ત્યારે સમુદ્ર જેવું લાગે અને તેની અંદર કમળો ઘણા વિસ્તારમાં ખીલેલાં શોભા આપતાં હતાં. ॥૧૧॥ તે કમળો ઉપર ભમરાઓ ગુંજારવ કરતા હતા, તેના શબ્દ સુંદર ગીત સમાન લાગતા હતા. તેમજ હંસો વારંવાર પાંખો ફફડાવીને શોભા વધારતાં હતાં. તે કમળોમાંથી પવન વહેતો હતો. તેથી તેની સુગંધ ચારે બાજુ ફેલાતી હતી. તે સરોવરનું પાણી ખૂબ જ નિર્મળ લાગતું હતું. ॥૧૨॥ હે રાજન્ ! જે સરોવરને કાંઠે પ્રચેતાઓ ઉગ્ર તપ કરીને ભગવાનની પ્રાર્થના કરીને મુક્ત સ્થિતિને પામેલા તથા ઈન્દ્ર પણ આ જગ્યાએ તપ કરીને બ્રહ્મહત્યાના ભયથી મુક્ત થયો હતો તે આ જ સ્થળ છે. ॥૧૩॥ પરબ્રહ્મ પરમાત્મા શ્રીસહજાનંદ સ્વામી મહાપ્રભુ તે સરોવરે પોતાના ભક્તજનોની સાથે પધાર્યા તે સરોવરમાં સ્નાન કરીને તે તીર્થ પાવન કર્યું. ॥૧૪॥ તે નારાયણ સરોવરમાં સ્નાન કર્યું ત્યાર પછી જળમાંથી બહાર નીકળીને શ્વેત વસ્ત્રો

ધારણ કરીને ત્યાં રહેલા બ્રાહ્મણોને દાન પુણ્ય કરીને શ્રીહરિ મહાપ્રભુ પાછા તેરાપુરમાં પધાર્યા. ॥૧૫॥ ત્યાં લધા ભક્તના ઘેર ભોજન કરીને પરવારીને તેના આંગણામાં તૈયાર કરેલી કોમળ પથારીમાં બિરાજમાન થયા અને ભક્તજનોએ ચરણકમળની પૂજા કરી. ॥૧૬॥ શ્રીહરિ મહાપ્રભુએ પોતાના આશ્રિતોને સાંભળનારનાં જન્મજન્માંતરનાં પાપોનો નાશ થઈ જાય એવો સુંદર ઉપદેશ આપ્યો. ॥૧૭॥ હે રાજન ! શ્રીહરિના મુખથી નીકળેલી જ્ઞાનવાર્તા સાંભળવા છતાં પણ તૃપ્ત થતા ન હતા. ॥૧૮॥ એવી રીતે કથા સાંભળતાં ભક્તો થાકતા ન હતા તેવામાં રાત પૂરી થવા આવી ત્યારે તે કથા સાંભળતા તે ભક્તોને શ્રીહરિ કહેતા હતા, આજે સવારે અમો અહીંથી જઈશું ॥૧૯॥ ત્યારે શ્રીહરિનું કહેવું સાંભળીને તેઓ શ્રીહરિને પૂછવા લાગ્યા અત્યારે તો દરવાજાનાં બારણાં બંધ હશે. બહાર નીકળી નહીં શકાય. દ્વારપાળે બંધ કરેલા છે. ॥૨૦॥ આ પ્રમાણે સાંભળવા છતાં શ્રીહરિ મહાપ્રભુ જવા માટે ઉઠીને તૈયાર થયા. જલદીથી દરવાજા પાસે આવ્યા ત્યાં તો દરવાજા બંધ કરેલા હતા તેને તાળાં વાસેલાં હતાં. ॥૨૧॥ જ્યારે શ્રીહરિ બહાર જવા માટે દરવાણી પાસે જઈને તાળાં ખોલવા માટે વાત કરી ત્યારે દ્વારપાળે કહ્યું કે સવારમાં સૂર્યોદયવેળાએ તાળાં ખૂલશે અત્યારે નહિ ખૂલે. ॥૨૨॥ દ્વારપાળના કહેવા છતાં શ્રીહરિ બધાને આશ્ચર્ય થાય તે રીતે દરવાજા ખોલી, દરવાજાની બહાર નીકળી ગયા અને ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ બહાર નીકળીને બહારથી જ અંદર ઉભેલા સર્વે ભક્તોને પાછા વળવાની આજ્ઞા કરી. ॥૨૩॥ ત્યારે ડુંગરજી ભક્ત પોતાની ઇચ્છાથી શ્રહરિ મહાપ્રભુની સાથે જવા નીકળ્યો. બીજા સર્વેભક્તો શ્રીહરિને વળાવી પોતાને ઘેર સૂઈ ગયા. ॥૨૪॥ શ્રીહરિને ગયા પછી નગરના દરવાજા આપોઆપ બંધ થઈ ગયા. શ્રીહરિ મહાપ્રભુ જંગલની એક દિશા તરફ જવા લાગ્યા. ॥૨૫॥ આગળ ચાલતાં તે વગડામાં સારી જગ્યાએ સારી કોમળ રેતીવાળા સ્થળે પાર્ષદ ડુંગરજીને શ્રીહરિએ કહ્યું : તું અત્યારે સૂઈ જા હું જાગું છું. ॥૨૬॥ ત્યારે તે ડુંગરજી



કહેવા લાગ્યા હે મહાપ્રભુ ! તમે શયન કરો હું આપના ચરણચંપી કરું. આપની સેવા કરું પછીથી સુઈશ ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા કે તારે જાગરણ થશે કેમ કે અડધી રાત થઈ છે પછી ક્યારે સૂઈશ. ॥૨૭॥ ત્યારે ફરીથી શ્રીહરિ કહેવા લાગ્યા, હે પાર્ષદરાજ ! તમે અત્યારે સૂઈ જાવ, હું જાગીશ ત્યારે તે ડુંગરજી પાર્ષદ શ્રીહરિના કહેવાથી સૂઈ ગયા. ખૂબ જ ગાઢ નિંદ્રા આવી ગઈ ત્યારે શ્રીહરિ તેને ત્યાં સૂતો મૂકીને ચાલતા થયા. ॥૨૮॥ ત્યાર **પછી તે ડુંગરજી પાર્ષદ** નિદ્રામાંથી જાગ્યા અને શ્રીહરિ ભગવાનને નહીં જોઈને અદૃશ્ય થયેલા પ્રભુ માટે ખૂબ જ વિલાપ કરવા લાગ્યા. શ્રીહરિનાં પગલાં શોધતા થકા આગળ જવા લાગ્યા. ક્યાંક ભગવાનનાં પડેલાં પગલાં દેખાયાં. ॥૨૯॥ તે પગલાંના માર્ગે ચાલતાં ચાલતાં ચાર ગાઉ ઉપર ભગવાન શ્રીહરિનું વસ્ત્ર દેખવા મળ્યું. તે વસ્ત્ર મળવાથી તે માર્ગ ઉપર આગળ ગયા ત્યાં માર્ગમાં જતાં આવતાં માણસોને પૂછવા લાગ્યા સ્વામિનારાયણ ભગવાનને આ માર્ગે જતાં તમે જોયા છે ? ॥૩૦॥ **વટેમાર્ગુ કહે છે.** (મુસાફર) ભક્તજનોના ઇચ્છિત મનોરથ પૂરા કરનાર શ્રીહરિ વટેમાર્ગુના રૂપમાં સાગર તરફ જતા મેં જોયા હતા તે બાજુ તપાસ કરો. ॥૩૧॥ કાળા તળાવના બાજુનો રહેવાવાળો કોઈક મુસાફર પાણીનું વાસણ ભરીને જતો હતો, તેણે ભક્તિનંદન પ્રભુને જોયા હતા, ઈ બાજુ જતા હતા. ॥૩૨॥ સ્વામિનારાયણ પ્રભુ અહીંયા આવ્યા હોત તો ઠંડું પાણી પાત અને પાણી પાઈને મારા ભાગ્ય ઉઘાડ્યાં હોત. મારો જન્મારો સફળ થાત ॥૩૩॥ ત્યાર પછી તે ભક્ત તે મુસાફર પાસેથી પાણી પીને પુણ્યકર્મને આપનારા શ્રીહરિ કઈ દિશામાં ગયા એનું કાંઈ અનુસંધાન નથી તેથી મારાથી બીજું કાંઈ કામ થઈ શકે તેમ નથી તેથી કાળા તળાવ તપાસ કરું. ॥૩૪॥ એ પ્રમાણે વિચાર કરીને તે ડુંગરજી કાળા તળાવના માર્ગે ચાલતા થકા વિચાર કરતા હતા કે ભગવાન ક્યાં ગયા હશે ? એ મારાથી કાંઈ જણાતુ નથી. મારે મહાપ્રભુને ક્યાં શોધવા ? ॥૩૫॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! તે રાહદારીનું વચન

માનીને તે પાર્ષદરાજ શ્રીહરિની પાછળ અતિશય બેબાકળા થઈને શોધતા થકા ફરતા ફરતા કાળા તળાવ ગામે ગયા. ।।૩૬।। તે કાળા તળાવ ગામે જઈને ત્યાંના રહેનારા હરભમજી આદિ ભક્તોને પૂછવા લાગ્યા કે શ્રીહરિ ધર્મનંદન પ્રભુ આ બાજુ આવ્યા છે ? ।।૩૭।। રાત્રે હું ભગવાનના કહેવાથી સૂઈ ગયો ત્યારે મને સૂતો મૂકીને પ્રભુ જંગલમાં ક્યાં જતા રહ્યા એ હું જાણતો નથી અને જો તમે જાણતા હો તો મને કહો તો હું એમને ત્યાં શોધું. ।।૩૮।। તે ભક્તો પણ સાંભળીને વિરહાતુર થઈને ભગવાન અહીં તો આવ્યા જ નથી અને નેત્રમાંથી આંસુ વહેડાવતા થકા અહીં તો નથી પણ ક્યાં ગયા હશે એની અમને ક્યાંથી ખબર હોય ? ।।૩૯।। હે રાજન્ ! એટલામાં કોઈક માણસ સર્વને દુઃખ પામતા જોઈને કહેવા લાગ્યો કે મેં શ્રીહરિને જોયા છે. મેં રામપુરના માર્ગે જતા જોયેલા છે તેથી રામપુર ગયા છે ? એ મારા જાણવામાં છે. ।।૪૦।। આ પ્રમાણે સર્વેભક્તોએ સાંભળ્યું તે ગામના રહેવાસી ભક્તજનો અને ડુંગરજી ભક્ત સર્વે જલદીથી દુઃખી મનથકા, ખૂબ જ વ્યાકુળ થયેલા તે સર્વે રામપુર ગામ તરફ ગયા. ।।૪૧।। તે રામપુર ગામમાં શાભાઈના ઘરના આંગણામાં સુંદર મંચ બનાવેલ તેનાં ઉપર ગાદલા પાથરેલ તેની ઉપર શ્રીહરિ વિરાજમાન હતા તે જોઈ આનંદ પામ્યા. ।।૪૨।। તેમની પાસે જઈને તેમના ચરણકમળમાં વંદન કરીને હાથ જોડીને ગદ્‌ગદ્ કંઠથી શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. ।।૪૩।। **ડુંગરજી ભક્ત કહે છે** હે મહાપ્રભુ ! આપ અમને અંધારામાં છોડી દઈને વિરહાતુર બનાવીને ક્યાં જતા રહ્યા હતા ? અમને ખૂબ જ દુઃખથી વ્યાકુળતા હતી પણ અહિંયા આવીને હે નારાયણ ! હે હરિકૃષ્ણ પ્રભુ ! અમને આપનાં દર્શન થવાથી ખૂબ જ આનંદ થયો છે. ।।૪૪।। હે અક્ષરધામાધિપતિ ! આપ તો અમારા પિતા તેમજ પરમ ભાગ્ય છો. સંબંધી, મિત્ર, ધનસંપત્તિ, ઘરબાર, ગુરુ, આદિ સર્વ આપ જ છો. હે હરિકૃષ્ણ પ્રભુ ! મારું સર્વસ્વ આપ જ છો. આપના ચરણની રજ અમારા મસ્તક ઉપર સદાય ધારણ કરી રાખીએ એવી અમારા ઉપર



કૃપા કરો. ।।૪૫।। **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** : હે રાજન ! આવી રીતે પ્રાર્થના કર્યા પછી શ્રીહરિ મહાપ્રભુ પ્રસન્ન થઈને એમને આશ્વાસન આપવા લાગ્યા. તેઓને સુખી કર્યા. ।।૪૬।। ત્યાર પછી ત્યાં રામપુરમાં રહેલા વીરાશા ભક્તે શ્રીહરિની પૂજા કરીને રાજી કર્યા ત્યાર પછી શ્રીહરિ પોતાના પાર્ષદોની સાથે માનકુવા નામના ગામે પધાર્યા. ।।૪૭।। તે માનકુવાના હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું તેમાં કૃષ્ણજી મુખ્યભક્ત હતા. તેમની સાથે કેશવ, મૂળજી, મલ્લ તે સર્વેભક્તો આનંદપૂર્વક શ્રીહરિની પૂજા કરતા હતા, આનંદ પામતા હતા. ।।૪૮।। ત્યાર પછી ત્યાંથી શ્રીનારાયણ ભગવાન ભુજનગર પ્રત્યે ગયા. ત્યાં ગંગારામ મલ્લના ઘેર ઉતારો કરીને ઊંચા આસન ઉપર બિરાજમાન થયા. ।।૪૯।। હે રાજન્ ! તે ભુજના ભક્તોએ પૂજા કરેલા, ભક્તિભાવને ગ્રહણ કરતાં કેટલાક દિવસ ત્યાં રહેતા હતા ત્યાર પછી મુક્તાનંદ સ્વામી આદિ સંતો પણ ત્યાં રહેતા હતા. ।।૫૦।। **ત્યાં એક વખત ઘનશ્યામ પ્રભુ મુક્તાનંદ સ્વામીને** તથા સર્વસંતોને કહેવા લાગ્યા તમો બીજા દેશોમાં જાઓ. અહીંથી ફરતા ફરતા જાઓ. ।।૫૧।। આપણો સિદ્ધપુર નામના મહાતીર્થમાં મેળાપ થશે. તે પવિત્ર સરસ્વતી નદીના કાંઠા ઉપર આપણે બધા ભેગા થઈશું તે નક્કી જાણો. ।।૫૨।। અહીંથી જઈને તમારે પત્ર લખીને બધાયને જાણ કરી દેવાની અને સર્વેને સિદ્ધપુર આવવાનું જણાવવાનું. તમારે પણ ત્યાં આવવાનું. ।।૫૩।। આ પ્રમાણે શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ આદિ સર્વે સંતો ભુજનગરથી પૂર્વ દિશામાં ચાલતા થયા અને શ્રીહરિ નારાયણપ્રભુ પણ ભુજનગરથી નીકળી ગયા. ।।૫૪।। ભુજથી નીકળીને શ્રીહરિ મહાપ્રભુ અંજારગામે પધાર્યા. ત્યાં ત્રિકમ ભક્તના ઘેર ઉતારો કરી તેના આંગણામાં બિરાજમાન થયા. ત્યાં સુંદર ભોજનો બનાવીને શ્રીહરિને જમાડ્યા. ।।૫૫।। ત્યાર પછી પ્રેમપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું તે એકલા ભક્તે ખૂબ જ શ્રીહરિને રાજી કર્યા ત્યાર પછી શ્રીહરિ ત્યાંથી ભચાઉ નામના નગર પ્રત્યે પધાર્યા. ત્યાંના રહેનારા ભક્તોએ શ્રીહરિનું ભાવપૂર્વક પૂજન કર્યું. ।।૫૬।।

ત્યારપછી શ્રીહરિ ત્યાંથી નીકળી સવારમાં આધોઈ નામના ગામે પધાર્યા ત્યાંના ભક્તજનો કેટલાક હતા. તેમણે શ્રીહરિ ભગવાનનું કુમકુમ ચંદનથી પૂજન કરીને પકવાનો બનાવીને જમાડ્યા. ॥૫૭॥ ત્યાર પછી ત્યાંથી નીકળી શ્રીહરિ મહાપ્રભુ કંથકોટ નગરે પધાર્યા. ત્યાં પદ્મશી (કચરા ભક્ત) ભક્તના ઘેર પધાર્યા. તે ભક્તે પ્રેમથી શ્રીહરિની પૂજા કરી ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ત્યાંથી ચાલતા થયા. ॥૫૮॥ એવી રીતે શ્રીહરિ મહાપ્રભુ એકલા જ વિચરણ કરતા થકા પૃથ્વીને પવિત્ર કરતા થકા ગામો, નગરોને પાવન કરતા થકા, વનો, તળાવોને પવિત્ર કરતા થકા, ખીલેલા કમળ સમાન મંદહાસ્ય યુક્ત શોભાયમાન મુખકમળ જેમનું છે, એવા મનોહર મૂર્તિ મહાપ્રભુ હળવદપુર નામના નગરે પધાર્યા. ॥૫૯॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામિનારાયણ શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિ શાસ્ત્ર શ્રીહરિ લીલા સુધાકરમાં શ્રીહરિ કચ્છમાં લીલા કરી હળવદપુર પ્રત્યે પધાર્યા એ નામે બાવનમો અધ્યાય થયો. ॥૫૨॥**

## ॥ અધ્યાય - ૫૩ ॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ હળવદ આવી ત્યાં નજીકમાં તળાવ હતું તેમાં સ્નાનવિધિ કરીને તે તળાવના કાંઠા ઉપર ચોખ્ખી જગ્યામાં શાંતિથી બિરાજમાન થયા. ॥૧॥ ત્યારે તે સરોવરના કિનારે સ્નાનવિધિ કરીને બ્રાહ્મણોના નિત્યકર્મ, સંધ્યા વંદન આદિ ક્રિયાને કરતા નારાયણભાઈ નામના બ્રાહ્મણ તેમણે નજીકમાં બેઠેલા શ્રીહરિને જોયા તેમની પાસે જઈને ॥૨॥ પથ્થર ઉપર બિરાજમાન શ્રીહરિના ગૌરવર્ણયુક્ત, મંદહાસ્યયુક્ત મુખકમળને જોઈને તથા તપસ્વી જેવા પવિત્ર વેશવાળા તથા ચરણકમળમાં રેખાંકિત ચિન્હો



જોઈને ॥૩॥ તેમની પાસે જઈને તે નારાયણ વિપ્ર ચરણનાં વજ્ર, અંકુશ, ધ્વજ, આદિ ચિન્હો જોઈને તે ચિન્હોથી શોભાવાળાં તે શ્રીહરિનાં ચરણકમળને જોઈને અતિશય આશ્ચર્ય ચક્તિ થઈ ગયા. ॥૪॥ શું આ જ પોતે નારદજી હશે ? કે ભગવાન દત્તાત્રેય હશે ? કે કપિલદેવજી હશે ? ઋષભદેવ હશે ? એ પ્રમાણે પોતાના મનમાં વિચાર કર્યા કરતા હતા. ॥૫॥ હે રાજન ! ખૂબ વિચાર કર્યા પછી તે વિપ્ર શ્રીહરિ ઘનશ્યામ પ્રભુને હાથ જોડીને નમસ્કાર કરતા થકા મસ્તક ઉપર કોમળ કેશયુક્ત જટા જોઈને કહેવા લાગ્યા. ॥૬॥ હે મહાયોગીઓમાં મુખ્ય એવા હે ભગવાન ! હે સ્વામી ! પ્રભુ, આપ મારે ઘેર પધારીને મારા ઘરને પવિત્ર કરો એ જ અમારી દૃઢ આશા છે, અમે હંમેશાં તપસ્વીઓ, યોગીઓનાં દર્શન કરવાનો ભાવ રાખીએ છીએ એવી અમારી દૃઢ સ્થિતિ થાય એવું માગીએ છીએ. ॥૭॥ વેદના આગમોને જાણનારા એવા તે નારાયણ દત્ત વિપ્રના પ્રેમપૂર્વક આમંત્રણના વાક્યોને સાંભળીને કૃપાળુ શ્રીહરિ તે વિપ્રના ઘરને પાવન કરવા માટે તેના ઘેર પધાર્યા. ॥૮॥ તે વિપ્રે ઘરમાં સુંદર પલંગ ઉપર ગાદલાં, ચાદરો પાથરીને સુંદર આસન તૈયાર કર્યું તેની ઉપર ધર્મનંદન મહાપ્રભુ બિરાજમાન થયા. તે વિપ્રના ઘરના સભ્યો, સર્વે મનુષ્યો શ્રીહરિના અર્ચન, દર્શન, ચરણસ્પર્શ કરીને પોતાના જીવતરને પવિત્ર કરી નાખ્યું. ॥૯॥ ત્યાર પછી તે વિપ્ર કહેવા લાગ્યો હે મુનિરાજ ! હે સ્વામી ! આપ રસોઈ બનાવીને સુખેથી ભોજન કરો. ઉદર તૃપ્તિ કરો. ॥૧૦॥ હે પ્રભુ ! અમારે તો આજે બધાને એકાદશીનો દિવસ છે તેથી અમોવ્રત કરીએ છીએ, ત્યારે શ્રીહરિ મહાપ્રભુ કહેવા લાગ્યા કે હે વિપ્ર ! અમારે પણ આજે વ્રત જ છે, તેથી ભોજન બનાવવું જ નથી. ॥૧૧॥ એ પ્રમાણે કહીને બેઠેલા એવા શ્રીહરિને આવેલા સાંભળીને બીજા બ્રાહ્મણો ત્યાં આવીને દર્શન કરવા લાગ્યા. ॥૧૨॥ તેમાં માણેકલાલ કુબેરજી, શિવયાજ્ઞિક વર્મા તથા મહાદેવ, ઈશ્વર, ઉન્નતરામ, હરિરામ, કૃષ્ણરામ,

ગોવર્ધન ઈશ્વર આદિ ।।૧૩।। ગોવિંદ, વિઠ્ઠલ, કાશીરામ, તુલસીદાસ તથા પ્રાગજી, શિવવિપ્ર યાદવ, રૂપા, રામજી આદિ મુખ્ય બ્રાહ્મણો આવ્યા. તથા રણછોડ આદિ સર્વે બ્રાહ્મણો ભક્તિ પ્રેમભાવપૂર્વક શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. સાથે પૂજા સારુ સામગ્રી લાવ્યા, તેનાથી શ્રીહરિની પૂજા કરી. ।।૧૪, ૧૫।। રામા, રૂડી, અણદી, જેઠી, પ્રતિમા, બીજી, અમૂલખા ઈત્યાદિ બધી સ્ત્રીઓએ શ્રીનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં. ।।૧૬।। તે નારાયણ વિપ્રના ઘરમાં શ્રીહરિને ફૂલના હીંડોળાખાટમાં બેઠેલા અને ફૂલના હારતોરા બાજુબંધ, કંકણ વિગેરે આભૂષણો ધારેલા શ્રીધર્મનંદનનાં દર્શન કરીને ખૂબ જ આનંદ પામી. ।।૧૭।। તે સર્વે સ્ત્રીઓ શ્રીહરિનાં મુખમાં સાકરનો એક એક ગાંગડો આપતી ગઈ ને વારાફરતી દર્શન કરીને તે શ્રીહરિની આગળ બેસવા માંડી. ।।૧૮।। બધી જ સ્ત્રીઓ તથા પુરુષો વિપ્રને સામે બેઠેલા જોઈને તે નારાયણ વિપ્રની સાથે સર્વેને **શ્રીહરિ મહાપ્રભુ અમૃત સમાન મધુર કૃપા વાક્યો કહેવા લાગ્યા.** ।।૧૯।। હે જનો ! તમારે યજ્ઞ, દાન, જપ, હોમ, સ્વાધ્યાય, દેવપૂજન, તીર્થયાત્રા, તપ, યોગ, સાંખ્ય આદિમાં નિષ્ઠા રાખીને સર્વે સાધનોથી સિદ્ધિ મેળવીને કેવળ સત્સંગ પ્રાપ્ત કરવાનો છે, આવી રીતે પ્રયત્ન કરીને અનંત જીવાત્માઓ પવિત્ર થઈને મારા સ્વરૂપના આશ્રયવાળા મુક્તાત્માઓ બન્યા છે ।।૨૦, ૨૧।। હે જનો ! સત્સંગથી જ બ્રાહ્મણો, કીરાતો, યવનો, અંત્યજો આદિ નીચ યોનિના જીવાત્માઓ ભક્તિ કરીને (વિષ્ણુ)નારાયણના પરમધામને પામેલા છે. ।।૨૨।। નારાયણના આશ્રય વિનાના જીવો વેદોને ભણેલા હોય પણ ભગવાનની ભક્તિ તેનામાં ન હોય તો તે અભિમાની જીવાત્મા આ સંસારમાં કેવળ કર્મજાળમાં બંધાઈને ભમ્યા કરે છે. ।।૨૩।। એટલા માટે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ તમારી ઉપર કૃપા કરીને તમને મળ્યો છું એટલે આ સ્વરૂપને તમારા નેત્ર દ્વારા અંતઃકરણમાં ઉતારીને કૃષ્ણ સ્વરૂપ એવો હું જ છું, તેથી તમોને અનાદિ સ્વરૂપ સર્વેશ્વર મારે વિષે તમારા



મનને જોડીને મારી નવ પ્રકારની ભક્તિ કરજો તો તમારું કલ્યાણ થશે. ।।૨૪।। **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ વેદવેદાંતના રહસ્યો તે બ્રાહ્મણોને સમજાવી પોતાનો નિશ્ચય કરાવીને તેઓને સ્વસ્વરૂપનું સુખ આપીને ત્યાંથી ધાંગધ્રાનગર પ્રત્યે પધાર્યા. ।।૨૫।। ત્યાં ધ્રાંગધ્રા જઈને કડીયા (સોમપુરા) સલાટોની જ્ઞાતિની વાડીમાં ઉતર્યા. તે નગરના રહેવાવાળા ભક્તો શ્રીહરિ આવ્યાના સમાચાર જાણીને તેઓ ત્યાં આવતા હતા. ।।૨૬।। ત્યાં આવીને તેઓએ સંતોના સ્વામી કમળલોચન, મંદહાસ્ય મુખવાળા શ્રીહરિને જોયા. તે આનંદ પામતા થકા ભક્તિભાવપૂર્વક તે નારાયણમુનિ ભગવાનને મળતા હતા. ।।૨૭।। પૂજાના સુગંધીત પદાર્થોથી તથા ફૂલહાર, વસ્ત્રોથી પૂજન કરીને મહાભાગ્યવાળા તેઓ આત્માના આત્મા મહાપ્રભુને વંદન કરતા થકા સુખ પામતા હતા. ।।૨૮।। ત્યાર પછી અવળબાઈ નામના પ્રેમી ભક્તના ઘેર સુંદર પાકો થાળ તૈયાર કરીને સારી રીતે જમી તૃપ્ત થઈને પોતાના ભક્તોને ખૂબ જ સુખ-શાંતિ આપીને શ્રી મહાપ્રભુ ત્યાંથી મેથાણપુર પ્રત્યે પધાર્યા. ।।૨૯।। તે મેથાણપુરના માર્ગ ઉપર જતા થકા કોમળ કમળપાંખડી જેવા ખુલ્લા ચરણવાળા ચાલતા થકા તે ગામની નજીક આવવા લાગ્યા. ।।૩૦।। તે મેથાણનગરનાં કાકુભાઈ નામના ભક્ત પોતાના ઘરમાં અંતર્યામી શક્તિથી શ્રીસહજાનંદ સ્વામીને પોતાના ગામ તરફ આવતા જોતા હતા. ।।૩૧।। તે ભક્તને પણ સ્વપ્ન અવસ્થામાં કમળની માળાઓને ધારેલા શ્રીહરિની કેવળ ઝાંખી દેખાવા મળી. તે શ્રીહરિ પોતાના ગામ તરફ આવતા એકલા જ ચાલ્યા આવે છે એવુ દેખાયું. ।।૩૨।। એ પ્રમાણે આવતા જાણીને શ્રીહરિને જલદીથી લાવવા માટે સારા વેગવાન ઘોડાને લઈને શ્રીહરિ મહાપ્રભુના દર્શન કરવાની આશાવાળા તે જલદીથી શ્રીહરિની સામે જતા હતા. ।।૩૩।। હે રાજન, માર્ગમાં જતા હતા ત્યારે સામા આવતા શ્રીહરિ ધર્મપુત્ર મહાપ્રભુને જોઈને અતિશય આનંદવિભોર થઈ ગયા અને દંડવત્

પ્રણામ કરવા લાગ્યા. ॥૩૪॥ શ્રીહરિએ પોતાના ભક્તને આવેલા જોઈને હાસ્ય કરતા થકા આડી રીતે પૂછવા લાગ્યા તમે અત્યારે ક્યાંથી આવ્યા અને તમને કોણે સમાચાર આપ્યા કે અમે અહીં અત્યારે આવીએ છીએ ? ॥૩૫॥ ત્યારે તે ભક્ત શ્રીહરિને કહેવા લાગ્યો હે મહારાજ ! તમે જ મને જણાવેલું છે કેમ કે સર્વના અંતઃકરણમાંના સાક્ષી આપ જ છો. એવા હે મારા નાથ ! આપ આવો છો તમે મને મળ્યા એ જ સમાચાર આપવાનો પુરાવો છે. ॥૩૬॥ હે રાજન ! એ પ્રમાણે કહીને શ્રીહરિને ઘોડા ઉપર બેસાડી તે કાકુભાઈ શ્રીહરિકૃષ્ણ નારાયણ પ્રભુને મેથાણપુરમાં લઈને પહોંચ્યા. શ્રીહરિને ઘરમાં પધરાવ્યા. ॥૩૭॥ ત્યાં પોતાના ભક્તના ઘેર નિવાસ કરીને શ્રીહરિ રહ્યા ત્યારે તે ગામના બીજા જનો શ્રીહરિ આવ્યાના સમાચાર જાણીને પૂજા સામગ્રી લઈને જલદીથી ત્યાં આવ્યા. ॥૩૮॥ તેમાં ગોવિંદ, દેવરામ, આદિ બ્રાહ્મણ ભક્તો, અજાભાઈ આદિ વૈશ્ય ભક્તો તથા અખાભાઈ, દાલજીભાઈ આદિ ક્ષત્રી ભક્તો પ્રેમભાવપૂર્વક ત્યાં આવ્યા. ॥૩૯॥ તે કાકુભાઈના ઘરના આંગણામાં સુંદર પથારીમાં વિરાજમાન શ્રી ધર્મનંદન મહાપ્રભુને જોયા. તેમને પ્રણામ કરીને ચંદન, ચોખા, ફૂલહારોથી ભક્તિભાવપૂર્વક અર્ચન કરીને વંદન કર્યા. ॥૪૦॥ આવેલા સર્વે ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું ત્યાર પછી તે સર્વે શ્રીહરિ સન્મુખ બેઠા. તેમનાં દર્શન કર્યાં. તેમના મુખમાંથી નીકળેલાં અમૃત વચનોનું પાન કરીને તૃપ્ત થયાં, સુખ પામ્યાં. ॥૪૧॥ ત્યાર પછી કાકુભાઈ ભક્તે પ્રેમપૂર્વક શ્રીહરિને માટે પાકી કેરીનો ભરેલો મોટો ટોપલો લાવીને શ્રીધર્મનંદન મહાપ્રભુની આગળ મૂક્યો. ॥૪૨॥ તે ટોપલામાં રહેલી કેરીઓ જોઈને તેમાંથી ઘણી કેરીઓના ફળો શ્રીહરિ મહાપ્રભુએ ચૂસ્યા. ત્યાર પછી તે શ્રીહરિ પોતાના ભક્તોનું નિરીક્ષણ કરતા થકા દર્શન કરતા હતા તે આગળ બેઠેલા ભક્તો સામે કૃપાદૃષ્ટિ કરતા હતા. ॥૪૩॥ આ હાસ્યયુક્ત મુખકમળનાં દર્શન ઘણા લાંબા સમયે થયાં



તેને ખૂબ જ નીરખીને જોઈ લેવાં, અંતરમાં ધારી રાખવા કેમ કે આવું સ્વરૂપસુખ ફરી કયારે મળે તેની કોને ખબર રહેવાની છે ? ॥૪૪॥ તે છતાં આપણા માટે ભગવાનનો સંબંધ તો અતિ દુર્લભ જ હોય છે. છતાં મોક્ષની ભાવનાવાળા જીવાત્માને ભગવાનનો આશ્રય એ જ મનુષ્યજન્મનું મુખ્ય ફળ છે. ॥૪૫॥ એટલા માટે વિષયોનો ત્યાગ કરીને પ્રાકૃતિક ઘર, પુત્ર પરિવારમાંથી વૃત્તિ તોડીને ભગવાનની ભક્તિ કરીને પ્રીતિપૂર્વક ભગવાનના સ્વરૂપનું સ્મરણ કરતા થકા પરમપદ અક્ષરધામને મેળવી લેવું. ॥૪૬॥ આવી રીતે તે ભક્તજનોને સ્વસ્વરૂપનાં જ્ઞાનનો ઉપદેશ આપીને ત્યાર પછી શ્રીહરિ ત્યાંથી ઊભા થઈને પૂંજાજી ભક્તના બહેને રસોઈ બનાવીને તૈયાર કરેલા થાળને શ્રીહરિ મહાપ્રભુ આનંદપૂર્વક જમ્યા. ॥૪૭॥ થાળ જમીને ત્યાર પછી મહાપ્રભુ ઘોડા ઉપર બિરાજમાન (અસવાર) થઈને તે ભક્તજનોથી વિંટાયા થકા ત્યાંથી વિરમગામ નામના નગર તરફ જવા નીકળ્યા. ॥૪૮॥ તે વિરમગામ પાસેના સરોવરમાં (મુનસર) સ્નાન કરીને કમળનયન શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુ ડુમાણા ગામમાં ભક્તના ઘેર થોડું જમીને ત્યાંથી શ્રીહરિ ભંકોડા નામના ગામ તરફ પધાર્યા. ॥૪૯॥ તે ભંકોડાના સરોવરમાં સ્નાન કરીને શ્રીહરિ ત્યાં દૂધ ને પૂરી જમ્યા. ત્યાર પછી ત્યાંથી નીકળીને શ્રીહરિ મહાપ્રભુ ઉત્તમપુર કડીનગર પ્રત્યે પધાર્યા. ॥૫૦॥ મહાપ્રભુ પધાર્યા તેના સમાચાર જાણીને ત્યાંના ભક્તજનો આનંદિત મનવાળા થઈને જાતજાતનાં વાજિંત્રોના નાદને કરતા હતા. હાથમાં પૂજા ભેટસામગ્રી લઈને સામા ગયા. ॥૫૧॥ ત્રિવેદી ઉમેદ, વિપ્ર, રણછોડ, ત્રિભોવન, દેવચંદ આદિ ભક્તો શ્રીહરિ મહાપ્રભુના દર્શન કરવાની ઉત્કંઠાવાળા સામા ગયા. ॥૫૨॥ સંતોષ, માનકુ આદિ સ્ત્રીભક્તો પણ પ્રેમથી શ્રીહરિના દર્શનની આશાવાળી ત્યાં જવા લાગી. તે સર્વે શ્રીહરિની સન્મુખ જઈને આદર પ્રેમભાવથી શ્રીહરિ મહાપ્રભુનું પૂજન કરતાં હતાં. ॥૫૩॥ ત્યાર પછી તે સર્વે મનુષ્યો તથા બીજા

મનુષ્યોની સાથે શ્રીહરિ મહાપ્રભુ વાજિંત્રોના ઉદ્‌ઘોષ સાથે તે નગરમાં પધાર્યા. ।।૫૪।। નગરના માર્ગો ઉપર વેપારીઓ દર્શન કરતા કુમકુમ, ચોખા, પુષ્પથી પૂજન કરતા થકા તથા ઘરની ઉપર તથા નીચે ઊભેલી સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરતી હતી. ।।૫૫।। ત્યાર પછી શ્રીહરિ નારાયણ ભગવાન નગરની બહાર તળાવના કાંઠા ઉપર વિશાળ જગ્યામાં પધાર્યા, તે તળાવના કાંઠા ઉપર સુંદર ચોખ્ખી જગ્યામાં પાર્ષદોની સાથે મહાપ્રભુ ઉતર્યા. ।।૫૬।। તે સરોવરમાં સ્નાન કરીને ભક્તોએ લાવેલ થાળને સુંદર રીતે આરોગીને તૃપ્ત થયેલા સત્‌પતિ ભગવાન નિર્મળ સ્વચ્છ જળ વડે હાથ ધોઈને સ્વચ્છ કર્યા. ।।૫૭।। અડધી રાત્રી સુધી ત્યાં બેસીને ઉપદેશ આપીને ત્યાર પછી પોતાના ભક્તોથી વિંટાયા થકા ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ કરનારા શ્રીહરિ મહાપ્રભુ ત્યાંથી કુંડાલ નામના ગામે પધાર્યા. ।।૫૮।। ઉદાર મૂર્તિ શ્રીહરિ કૃષ્ણ પ્રભુ પોતાના શુભયશને ફેલાવતા થકા ભક્તજનોથી પૂજાતા થકા પોતાના ભક્તો તથા નગરજનોની સાથે શ્રીહરિ તે કુંડાલનગરમાં પ્રવેશ કરતા હતા. ।।૫૯।। શ્રીહરિ કુંડાળમાં કલા ભક્તના ઘરના આંગણામાં મંચ ઉપર કોમળ પાટીથી ગૂંથેલો ખાટલો તે મંચ ઉપર મૂકીને ઊંચા આસન ઉપર શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુ બિરાજમાન થઈ ખૂબ જ શોભતા હતા. ।।૬૦।।

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવસંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદમુનિ રચિત ભક્તિ શાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ ફરતા ફરતા કુંડાલ ગામે પધાર્યા એ નામે ત્રેપનમો અધ્યાય થયો. ।।૫૩।।**



## ।। અધ્યાય - ૫૪ ।।

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ કુંડાળ ગામમાં કલા ભક્તને ઘેર મંચઉપર બિરાજમાન હતા ત્યારે તે કુંડાળમાં ગામના હરિભક્તો ત્યાં બેઠેલા શ્રીહરિને જોઈને આનંદયુક્ત પ્રસન્ન મનવાળા થઈને જલદીથી ત્યાં આવતા હતા ।।૧।। તેમાં બહેચર, અમીચંદ તથા મુળજી, હરી, વિઠ્ઠલ, ગુલાલ, માણેકચંદ આદિ હરિભક્તો પુરુષો અને સ્ત્રીઓ સર્વે ચાલ્યાં. ।।૨।। સર્વે ભક્ત શ્રીહરિની સમીપમાં આવીને શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુના ચરણકમળના નખની શોભા જોઈને તેનાથી પ્રેમવિહ્‌વળ થઈ ગયાં. ।।૩।। પ્રેમવિભોર થઈને ત્યાર પછી તે સર્વે ભક્તો શ્રીહરિપ્રભુને ચંદન અર્ચન કરી અગરબત્તીના ધૂપ-દીપ કરીને ફૂલના હારો પહેરાવીને નૈવેદ્ય અર્પણ કરીને સર્વ પ્રકારે શ્રીસહજાનંદ સ્વામીનું પૂજન કરીને રાજી થયા. ।।૪।। ત્યાર પછી રૂપા નામની ભક્તાબાઈએ પ્રેમપૂર્વક ખૂબ ખંતથી તૈયાર કરેલાં ભોજનનો થાળ જમવા માટે શ્રીહરિને આમંત્રણ આપ્યું. ।।૫।। ભક્તના વચન સાંભળીને શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ રૂપાબાઈના ઘેર પધાર્યા. ત્યાં સ્નાન કરીને કસુંબલ પીતાંબર પહેરીને તૈયાર થયા. ।।૬।। ત્યાર પછી સુંદર પાટલા ઉપર બિરાજમાન થઈને તૈયાર કરેલાં ભોજનના થાળને આરોગવા લાગ્યા. ત્યારે તે રૂપાબાઈ પ્રેમપૂર્વક ભાવથી શ્રીહરિને પૂછવા લાગી. ।।૭।। હે મહારાજ ! શાક કેવું થયું છે ? શાકને મેં ઘીથી છમકારીને તૈયાર કરેલ છે, ત્યારે મંદહાસ્ય યુક્ત મુખકમળવાળા શ્રી ભક્તિનંદન પ્રભુ રૂપાબાઈને કહેવા લાગ્યા. ।।૮।। અરે બાઈ તેં શાક તો પહેલાં ચાખી લીધું છે અને હવે મને પૂછવા આવે છે ત્યારે મનમાં સંકોચાતી થકી કહેવા લાગી હે મહારાજ, એ તમે કેવી રીતે જાણ્યું કે મેં ચાખ્યું છે ? ।।૯।। માટે હે મહાપ્રભુ ! હે નારાયણ પ્રભુ ! તમે તો સાક્ષાત્ અંતર્યામી સર્વદેવોના દેવ છો. હે

ભગવાન ! તમે તો વાસુદેવ પુરુષોત્તમ નારાયણ છો તેથી આપને અત્યારે જ મેં જાણ્યા. ॥૧૦॥ એવી રીતે ચર્ચા કરતાં ભોજન કરી લીધું. તૃપ્ત થઈને મુકુંદવર્ણીએ પવિત્ર શુદ્ધજળ આપ્યું તેનાથી ચળુ કરીને હાથ ધોઈને શ્રીહરિ મહાપ્રભુ તૈયાર થયા. ॥૧૧॥ શ્વેત વસ્ત્રો ધારણ કરીને પોતાના ભક્તજનોને આનંદ આપતા થકા સંતો પાર્ષદોથી વિંટાયા થકા શ્રીહરિ મહાપ્રભુ કુંડાળથી રાજપુર પધાર્યા. ॥૧૨॥ રાજપુરમાં જેઠાભાઈના ઘેર પધાર્યા. સંતો પાર્ષદોની સાથે તેના ઘરના આંગણામાં ઓટલા ઉપર આસન પાથરેલું હતું તેની ઉપર કરુણાનિધિ વિરાજમાન થયા. ॥૧૩॥ ત્યાં બીજા ભક્તો નીભય, બહેચર તથા જયરાજ, વજ્જલ આદિ ભક્તો ત્યાં આવ્યા અને શ્રીહરિ મહાપ્રભુનાં દર્શન કર્યાં. ॥૧૪॥ ત્યાર પછી તે સર્વે ભક્તો શ્રીહરિ મહાપ્રભુની સામે જ બેસી ગયા અને શ્રીહરિના શરદપૂનમના ચંદ્ર સમાન મનોહર મુખકમળને જોવા લાગ્યા. ॥૧૫॥ ત્યારે ત્યાં દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યો સાંભળીને શ્રીહરિ પાસે આવ્યા. તેઓ આસુરી પ્રકૃતિથી શ્રીહરિને જોઈને મનમાં બળવા લાગ્યા અને શ્રીહરિ ઉપર ધૂળ ઉડાડવા લાગ્યા. ॥૧૬॥ અને તેઓ પોતાના જીવનનો નાશ કરવા માટે શ્રીહરિનો દ્રોહ કરતા થકા દુષ્ટ રીતે પૂછતા કહેવા લાગ્યા કે તમે ભગવાન છો ? આ લોકના સ્વામી લક્ષ્મીના પતિ તમે જ છો ? ॥૧૭॥ જો તમે સાચે જ ભગવાન અને સર્વના સ્વામી હો તો અમારા જીવોના વંશને હણનાર વર્ષાદ નહીં કરીને ભીષણ દુષ્કાળ પાડો, એવું તમે ભગવાન હો તો ઐશ્વર્ય બતાવો તો જ માનીએ કે તમે ભગવાન છો. ॥૧૮॥ આવી રીતના તે દુષ્ટ કઠોર વચનોથી બોલનારા તે દુર્જનોને શ્રી ધર્મનંદન મહાપ્રભુ કહેવા લાગ્યા કે હે મંદ ભાગ્યવાળા, તમો બધા જીવો ને મારનારા તથા પોતાના કુટુંબનો નાશ કરવાવાળાં કડવાં વેણ શા માટે, અમારી પાસે માગો છો ? ॥૧૯॥ અનંત કોટી બ્રહ્માંડના સ્વામીની પાસે આવા દુષ્ટ વચનો માગવાં યોગ્ય છે ? હું તો અનંત જીવોનો ઉદ્ધાર કરનારો અક્ષરથી પરાત્પર પુરુષોત્તમ નારાયણ



છું. મારું ઐશ્વર્ય ગુપ્ત જ હોય છે. અનન્યભક્તો જ મને ઓળખે. તમારા જેવા આસુરીજનો મારે વિષે શત્રુ બુદ્ધિ રાખીને પોતાનો વિનાશ માગો છો. ॥૨૦॥ આ પ્રમાણે કહી રહ્યા હતા એટલામાં આકાશમાં ઊડી રહેલાં બે ચકલાં સામે શ્રીહરિએ દૃષ્ટિ કરી. એમને સમાધિ થઈ ગઈ એટલે પ્રાણ વિનાનાં થઈને આકાશમાંથી પૃથ્વી ઉપર પડી ગયાં. ॥૨૧॥ તરત જ શ્રીહરિ મહાપ્રભુએ બંને પક્ષીઓને ઉપાડીને નિર્ભય થકા પોતાના હાથમાં રાખીને તે દુષ્ટ બ્રાહ્મણોને બતાવતા થકા કહેવા લાગ્યા. ॥૨૨॥ જુઓ અત્યારે આ કાંઈ કરી શકે છે ? એવી રીતે તેમને બતાવતા થકા પોતાનો હાથ ફેરવીને ફરી સચેતન કરીને સમાધિમાંથી જાગ્રત કરી શ્રીહરિ મહાપ્રભુએ તેમને આકાશમાં ઉડાડી મૂકી. ॥૨૩॥ આવી રીતે ચરિત્રને જોઈને તે દુષ્ટજનો મૃત્યુના ભયથી બીતા થકા દોડીને ભાગવા લાગ્યા. પોતપોતાના ઘરમાં જતા રહ્યા અને ભક્તજનો ભગવાન શ્રીહરિનાં ચરિત્રને નટનાં કાર્યની માફક માનવા લાગ્યા. ॥૨૪॥ ત્યારે પોતાના એકાંતિક ભક્તો આ ભગવાનના આશ્ચર્યવાળા ચરિત્રને જોઈને ખૂબ જ ભક્તિભાવપૂર્વક આનંદ પામતા થકા તે મહાપ્રભુને ચંદન, ચોખા, ફૂલ, વસ્ત્ર, આભૂષણ આદિથી ખૂબ જ પૂજતા હતા. ॥૨૫॥ ત્યારે જેઠા ભક્તની પત્નીએ ભક્તિભાવપૂર્વક પ્રેમથી પાક તૈયાર કર્યો. શીરો, પૂરી ખૂબ ઘી નાખીને લાડુ તૈયાર કર્યા તથા બીજા શાકો બનાવ્યાં. ॥૨૬॥ તે થાળને આરોગી પોતાના ભક્તો સંતો પાર્ષદોને ખૂબ જમાડીને તૃપ્ત કર્યા અને શ્રીહરિ ત્યાંથી બીજે જતા હતા. તે સમયે પોતાના ભક્તજનોને આનંદ સુખ આપવા માટે ગામ મહેસાણા (મિષાણા) નામના ગામે સંતપાર્ષદોની સાથે પધારતા હતા. ॥૨૭॥ મહેસાણાથી નીકળ્યા પછી માર્ગમાં નહાવા માટે વિચાર કર્યો પણ પાણી ખૂબ જ ખારું હતું તે છતાં થોડો સમય ત્યાં વિશ્રામ કરીને ત્યાં તે ખારા પાણીથી શ્રીહરિએ સ્નાન કર્યું. ॥૨૮॥ હે રાજન ! તે જળમાં શ્રીહરિએ સ્નાન કર્યું એટલે તે પાણી ખારું હતું તે મીઠું અને ઠંડુ થઈ ગયું. એટલે

સર્વે ભક્તો પણ તરત જ સ્નાન કરીને શાંત થયા. ||૨૯|| ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુએ ત્યાં સાથે લાવેલા ભાતામાંથી જમીને જળપાન કરીને પોતાના ભક્તગણોની સાથે વિંટાયા થકા (દૌઝા) ઉંઝા નામના નગરે પધાર્યા. ||૩૦|| તે ઉંઝા ગામના નિવાસી નિર્ભયરામ, નથુ આદિ બ્રાહ્મણોએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી જયકુંવરબહેનના ઘેર ઉતારો કર્યો. ||૩૧|| તે જયકુંવર બહેન ભગવાનને મેળવવા માટે રોજ બે શીંગોડા ખાઈને ભગવાનનું સ્મરણ કર્યા કરતી હતી. આવી રીતની તે અતિ તપસ્વીની રહેતી હતી. ||૩૨|| ત્યાં તે બહેને મિષ્ટાનો તૈયાર કરીને જમાડ્યા તથા ચંદન, પુષ્પહારોથી, વસ્ત્ર આભૂષણોથી પૂજન કર્યું. ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ સંતો પાર્ષદોની સાથે સરોવરને કાંઠે પધાર્યા. ||૩૩|| ત્યાં વડની છાંયામાં પહેલેથી તૈયાર કરેલી સુંદર વેદિકા હતી તેની ઉપર પાથરીને તૈયાર કરેલા મંચ ઉપર શ્રીહરિ પ્રભુ બિરાજમાન થયા. ||૩૪|| પોતાના ભક્તજનોએ પૂજેલાં છે ચરણકમળ જેમનાં એવા શ્રીસહજાનંદ સ્વામી બિરાજમાન હતા એટલામાં કોઈક મનુષ્યે આવીને કહ્યું કે હે મહાપ્રભુ ! ઘણા સંતો અહીં આવે છે. ||૩૫|| હે મહારાજ ! આ નજીકના ગામમાં તેઓ આપનાં દર્શન કરવાની આશા રાખીને રાહ જોઈ રહ્યા છે. આખી રાત તમારી રાહ જોઈને બેસી રહ્યા, તમારી આજ્ઞાની રાહ જુએ છે. ||૩૬|| હે રાજન્ ! આ પ્રમાણે માણસે સમાચાર આપ્યા એટલે શ્રીહરિ મહાપ્રભુએ પોતાના આશ્રિતોને ઉંઝા ગામે તેઓને બોલાવવા મોકલ્યા. તેમને સમાચાર માણસ દ્વારા કહેવરાવીને ખૂબ જ કૃપા કરી. ||૩૭|| તે મોકલેલા ભક્ત ઐઠોરગામની નજીકમાં રહેલા બધા જ સંતો, મુનિઓને શ્રીહરિમહાપ્રભુએ કહેલો સંદેશો કહી સંભળાવ્યો. ||૩૮|| આવી રીતે શ્રીહરિનો સંદેશો સાંભળીને આનંદિત મનવાળા થયા, જેમ મદોન્મત્ત વનનો હાથી સરોવર જોઈને અથવા મેઘવર્ષાથી આનંદિત થાય તેમ સંતો હરિસંદેશથી રાજી થયા. શ્રીહરિનાં દર્શન કરવા માટે તે મુનિઓના મનની દૃષ્ટિ સ્થિર થઈ



ગઈ અને મનની સ્મૃતિ આત્મચિંતનમય થઈ ગઈ. ||૩૯|| સમાચાર સાંભળીને તરત જ સર્વે સંતો એકદમ ઊભા થઈ ચાલતા થયાં. માર્ગમાં મહાપ્રભુની મૂર્તિનું સ્મરણ કરતા થકા માર્ગમાં આવતા કૂવો, ખાડો, ટેકરાની દરકાર રાખ્યા સિવાય ચાલતા હતા ત્યારે આનંદ સ્વામીએ તેમને રોકીને માર્ગે ચલાવ્યા. ||૪૦|| તે મુનિઓ જલદીથી સમીપ જઈને સુંદર દૃષ્ટિથી કૃપામૂર્તિ અનાદિદેવ શ્રીહરિને ભક્તોથી વિટાયા થકા, મંદહાસ્ય મુખકમળવાળા, યુવાન અવસ્થાવાળા શ્રીહરિને વડની છાયામાં જોયા. ||૪૧|| શરીરની કાંતિ સવારના ઉદય પામેલાં સૂર્યનારાયણ વાંકી કિરણોથી સ્પર્શ કરે છે એવા મનોહર ચરણકમળને નમસ્કાર કરીને મનોરથ પૂર્ણ થયો છે જેમનો એવા સર્વે સંતો શાંત આશાવાળા તે શ્રીહરિ મહાપ્રભુના ચરણની સન્મુખ બેઠા. ||૪૨|| ત્યારે તે સર્વે મુનિઓ મનમાં ખૂબ જ આનંદ પામવા લાગ્યા. જેમ માન સરોવરના હંસો સરોવરને પામીને આનંદ પામે તેમ આનંદ પામ્યા તથા ધનવાનના ખજાનામાંથી લૂટાયેલુ ધન પાછું આવે ને આનંદ પામે તેમ સંતો આનંદ પામ્યા. કેમ કે પૂર્ણિમાના ચંદ્ર સમાન મુખકમળમાં સંતોની મનોવૃત્તિઓ એક થઈ ગઈ એટલે ઐક્યભાવને પામીને સર્વે ઈન્દ્રિયો શ્રીહરિમાં જોડાઈ ગઈ, એમાં દૃઢ કરીને જોવા લાગ્યા. ||૪૩||

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ રાજપુરથી ઉંઝા પધાર્યા એ નામે ચોપનમો અધ્યાય થયો. ||૫૪||**

## ॥ અધ્યાય - ૫૫ ॥

**શ્રી બ્રહ્માનંદસ્વામી કહે છે :** હે રાજન્ ! પોતાના ભક્તજનોને સુખ આપવા માટે પરબ્રહ્મપુરુષોત્તમનારાયણ મહાપ્રભુ ચિદાકાશ સ્થિત-અક્ષરધામાધિપતિ મનુષ્ય સ્વરૂપ ધારીને વિચરણ કરે છે. ॥૧॥ એવા શ્રી ધર્મનંદન મહાપ્રભુ ઉંઝા ગામમાં સર્વે સંતોને જુદા જુદા મળીને સર્વે પોતાના મનના અનુભવરૂપ શ્રીહરિના સ્વરૂપને જુદા જુદા ભાવથી જુદાં જુદાં અનુભવતા હતા. ॥૨॥ કેટલાકને શ્રીહરિ ચતુર્ભુજરૂપે દેખાતા હતા. કેટલાકને વામન સ્વરૂપે દેખાતા હતા, કેટલાકને બ્રહ્મધામાધિપતિ શ્રીકૃષ્ણરૂપે દેખાતા હતા. કેટલાક કપિલજીરૂપે તથા કેટલા શેષનારાયણરૂપે દેખતા હતા. ॥૩॥ કેટલાક ભૂમા પુરુષરૂપે, કેટલાક નંદાદિપાર્ષદોથી સેવાતા લક્ષ્મીનારાયણરૂપે શ્રીહરિ મહાપ્રભુને પોતાની દૃષ્ટિમાં જોતા હતા. ॥૪॥ એવી રીતે સર્વે સંતો શ્રીહરિ મહાપ્રભુને જુદા જુદા રૂપે દર્શન કરીને સંતોષ પામ્યા ત્યારે કૃપામૂર્તિ સર્વના સ્વામી સર્વની ઉપર કૃપા કરીને અમૃતમય મધુર વાક્યો કહેવા લાગ્યા. ॥૫॥ **શ્રીહરિ મહાપ્રભુ કહે છે :** હે સંતો ! તમે સર્વેએ પોતાના જીવનને મારા માટે અર્પણ કરી દીધું છે, કેમ કે પોતાના ઘરબાર કુટુંબ પરિવારનો ત્યાગ કરીને તથા પોતાના શરીર આત્માનું પણ કોઈ જાતનું અભિમાન પણ રાખતા નથી, એવા વૈરાગ્યવાન થઈને મારો જ આશ્રય રાખો છો. ॥૬॥ લોકલાજનો ત્યાગ કરીને કેવળ પરમહંસ અવસ્થાની સ્થિતિમાં આખા જગતને પોતાનું જાણીને તેના કલ્યાણ માટે મારા વિષે મન જોડી દઈને વિચરણ કરતા થકા જીવોને ભગવાનમાં પ્રેરે છો. ॥૭॥ ભક્તજનો માટે તમે સર્વેએ જે પરિશ્રમ દુઃખ, ઉપાધિ આદિ સર્વ સહન કરીને જે કાંઈ કર્યું તે સર્વે મારા માટે જ કરેલું છે. તેનો કોઈ જાતનો પ્રતિકાર નહીં કરીને બધું જ સહન કર્યું તેના ગુણની બ્રહ્માદિ દેવતાઓ પ્રશંસા કરે છે. આ સર્વે સંતોએ મારે માટે જ કાર્યો કર્યાં તેનો હું બદલો આપી શકું તેમ નથી. એવા મહાન આ સંતો છે. ॥૮॥ એ પ્રમાણે



શ્રીહરિ મહાપ્રભુ કહી રહ્યા હતા. સંતોની પ્રશંસા કરી રહ્યા હતા એટલામાં દેશ-દેશાંતરના સત્સંગીઓના સંઘો આવવા માંડ્યા. ॥૯॥ ઘણા બધા ભક્તજનો પોતાના ઈષ્ટદેવ ધર્મનંદન મહાપ્રભુનાં દર્શન કરીને ખૂબ જ મહાઆનંદ પામવા લાગ્યા તેમાં નવા આવેલા તેઓ શ્રીહરિનો આશ્રય કરતા હતા. ॥૧૦॥ આવેલા સંઘોમા કર્જીસણગામથી ગોવિંદભાઈ આનંદ પામતા થકા વસંતઋતુ ચાલે છે એટલે રંગ રમવા માટે ખૂબ જ ગુલાલ લાવ્યા હતા. ॥૧૧॥ હે રાજન ! તે ગોવિંદભાઈ સુશીલ સ્વભાવના સદ્ગુણી તથા કાયમ ભગવાનમાં ભક્તિમય જ જીવન ચલાવનારા ભક્તિ પરાયણ એવા ગોવિંદભાઈએ લાવેલ ગુલાલ પ્રેમપૂર્વક શ્રીધર્મનંદન મહાપ્રભુને સોંપી દીધો. ॥૧૨॥ હે રાજન ! ત્યાર પછી ધર્મનંદન મહાપ્રભુ સંતો, પાર્ષદો તથા ગૃહસ્થ હરિભક્તોથી વિંટાયા થકા સિદ્ધપુર તીર્થ પ્રત્યે જવાની તૈયારી કરવા લાગ્યા. ॥૧૩॥ ત્યારે શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુ મોટા ઘોડા ઉપર (રોજા ઘોડા ઉપર) અસવાર થઈને ગામના મોટા સરોવરમાં ઘોડાને સોંસરો ચલાવ્યો. શ્રાપથી ખરાબ લીલયુક્ત પાણીવાળા તળાવનો ઉપયોગ નહોતો થતો તે પાણીને શ્રીહરિએ અંદર પ્રવેશ કરીને પવિત્ર લોકભોગ્ય બનાવી દીધું, નિર્મલ જળ કરી દીધું. ॥૧૪॥ કમળનયન મેઘ સમાન ગંભીર આકૃતિવાળા ભક્તિપુત્ર શ્રીહરિ જળથી પલળેલા માર્ગમાં ખૂબ જ શોભતા હતા અને આગળ ચાલતા અનેક સંતો શ્રીહરિ મહાપ્રભુના ગુણના બનાવીને કીર્તનો ગાતા હતા. ॥૧૫॥ તે સંતો તાલ મૃદંગ આદિ વાજિંત્રો વગાડીને કીર્તનો ગાવામાં તલ્લીન હતા એવા સમયમાં દયાળુ સ્વામિનારાયણ ભગવાન મૂઠીઓ ભરીને ગુલાલ એમની ઉપર નાંખતા હતા. ॥૧૬॥ તે માર્ગ ઉપર ચાલતા થકા મહાપ્રભુ મોટો ઉત્સવ કરતા હતા. ભક્તજનો તેનો મોટો જયઘોષ કરતા હતા. એવી રીતે તે શ્રીહરિ મહાપ્રભુને આનંદિત મનવાળા જોઈને તે ભક્તો માર્ગમાં જ ફૂલો આદિથી પૂજન કરતા હતા. ॥૧૭॥ તે માર્ગમાં શ્રીહરિ જતા હતા ત્યારે તેમના મહાન ગુણોને લીધે ગાયો ભગવાન તરફ જવા લાગી ત્યારે ગોવાળોએ ખૂબ જ રોકી તેમ

છતાં ન રોકાણી અને ભગવાન શ્રીહરિ પાસે આવીને પ્રદક્ષિણા કરીને શ્રીહરિના સામું જોઈને ઊભી રહી સ્થિર થઈ ગઈ. ॥૧૮॥ ત્યાર પછી તે ગાયોના ગોવાળો ત્યાં આવીને કહેવા લાગ્યા આ સાધુઓને અને બીજા સર્વેમનુષ્યોને પોતાના વશમાં રાખે છે માટે જરૂર આ ગોકુલાધિપતિ શ્રીકૃષ્ણ પ્રભુ જ છે. અનંત સ્વરૂપોને ધરનારા એવા, વિશ્વંભર પ્રભુ જ આમને અભયસુખ આપનારા છે. ॥૧૯॥ આ પ્રમાણે તે આ ગોવાળો બોલતા થકા ગાયોની પાછળ જવા લાગ્યા અને શ્રીનારાયણપ્રભુ પણ ત્યાંથી આગળ ચાલવા લાગ્યા અને સંતો ભક્તોના સમુદાયથી વિંટાયા થકા સિદ્ધપદવાળું તીર્થ સિદ્ધપુર પહોંચ્યાં. ॥૨૦॥ સરસ્વતી નદીના કાંઠા ઉપર આંબલીઓના ઝાડનાં ઘેરામાં સર્વે સંત ભક્ત સમુદાયની સાથે તે ભૂમિને, પવિત્ર તીર્થ ભૂમિ કરવા માટે ત્યાં જ ઉતારો કર્યો. ॥૨૧॥ શ્રીહરિ ભગવાનના આવવાના સમાચાર જાણીને તે સિદ્ધપુર ગામના ભક્તો શ્રીહરિના દર્શન કરવાની ઉત્સુકતાથી જલદી ત્યાં આવ્યા. તેમાં ભગવાન, નથ્થુભાઈ તથા રણછોડભાઈ આદિ બ્રાહ્મણો આવ્યા. ॥૨૨॥ બીજા મનુષ્યો ભક્તો શ્રીહરિ આવ્યાના સમાચાર જાણીને બ્રાહ્મણોમાં વિદ્વાન આગેવાનો તથા ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો, અંત્યજો, સર્વે ત્યાં આવ્યા. ॥૨૩॥ હે રાજન ! સર્વે ભક્તો ત્યાં આવીને હરિકૃષ્ણ શ્રીનારાયણમુનિ ભગવાનનાં દર્શન કરીને, પોતાના નેત્ર હોવાનું ફળ દર્શનથી મેળવી લીધું. ॥૨૪॥ હે રાજન ! તે નગરના મનુષ્યો ધન્ય ભાગ્યવાળાં છે તથા તે નગરની પૃથ્વી ધન્ય છે કેમ કે જે ભૂમિ ઉપર સ્વયં સર્વ અવતારના અવતારી મહાપ્રભુ પધાર્યા તેથી મહાધન્ય ભાગ્યવાળાં છે. ॥૨૫॥ ત્યાં મુકુંદવર્ણીએ પાક તૈયાર કરીને શ્રીહરિ મહાપ્રભુને ભોજન કરાવીને તૃપ્ત કર્યા. તથા સર્વ સંતભક્તોને જમાડીને સર્વેની સાથે શ્રીહરિ મહાપ્રભુ શયન કરતા હતા. ॥૨૬॥ સવારમાં વહેલા પ્રાતઃ કાળમાં શયનમાંથી જાગીને શ્રીહરિ પ્રભુ ઘોડા ઉપર સવાર થઈને મુક્તાનંદ સ્વામી આદિ સર્વસંતોની સાથે સરસ્વતી નદીમાં સ્નાન કરવા



પધાર્યા. ॥૨૭॥ શ્રીહરિ મહાપ્રભુ તે સરસ્વતી નદીમાં પૂર્વ દિશા તરફના કાંઠે પવિત્ર કાંપવાળા ભાગમાં વસ્ત્રો ઉતારીને સ્નાન કરવાની તૈયારી કરવા લાગ્યા. ॥૨૮॥ શૌચવિધિ, દંતધાવન વિધિ પતાવીને શ્રીહરિ મહાપ્રભુ સરસ્વતી નદીના જળમાં સંતોની સાથે પ્રવેશ કરવા કાંઠે ઊભા છે ત્યારે સરસ્વતી નદી શ્રીહરિ ક્યારે મારામાં સ્નાન કરે ? એની ધારણા કરીને રાહ જોતી હતી. ॥૨૯॥ શ્રીહરિ સ્નાન કરવા જળમાં પ્રવેશ્યા એટલે હાથ જોડીને શ્રીહરિનાં દર્શન કરીને પોતાને મહાભાગ્યશાળી માનતી થકી શ્રીહરિ પાસે જઈને પ્રેમથી પૂજન કર્યું અને સ્તુતિ કરવા લાગી. ॥૩૦॥ **શ્રી સરસ્વતી નદી પ્રાર્થના કરે છે** હે વિશ્વપતિ ! હે હરિ ! આપનો હમેશાં જય જયકાર થાઓ. આપ આ પૃથ્વી ઉપર પ્રગટ થાવ છો ત્યારે આપના યોગમાં જીવાત્મા આવે તે આપનો એકાન્તિક ભક્ત બની જાય છે. એવા નરના મિત્ર એવા હે નારાયણ પ્રભુ ! આપ તો અનંતકોટિ બ્રહ્માંડોના સ્વામી છો. આપે મારી ઉપર કૃપા કરીને મને ધનભાગ્ય બનાવી દીધી. ॥૩૧॥ નિર્મલ શાંત કમળ સમાન નેત્રવાળા તથા મંદહાસ્ય યુક્ત મુખકમળને જોઈને ચંદ્રમા પણ શરમાઈ જાય છે. એ મનોહર સ્વરૂપવાળા, નવીન મેઘ સમાન મનોહર આકૃતિવાળા એવા મનોહર મૂર્તિ પ્રભુ આપ મારા હૃદયમાં નિવાસ કરીને સુખ આપો. ॥૩૨॥ હે મુનિપતિ ! બહુ દિવસોથી આપના દર્શન કરવાની ઉત્કંઠાથી રાહ જોતી હતી એવા સૂર્ય સમાન તેજાયમાન સ્વરૂપવાળા આપ પામર જીવોના હૃદયમાં નિવાસ કરનારા હે પ્રભુ ! આપે મને દર્શન આપ્યાં એ મારાં કેટલા બધા સુકૃતનો પ્રતાપ છે એ જ હું માનું છું. ॥૩૩॥ શિવ બ્રહ્મા આદિ દેવતાઓ કોઈ ચાર મુખે તો કોઈ એક મુખે, કોઈ હજાર મુખે આપના ગુણ ગાય છે તે છતાં તેને પાર પામતા નથી, અને આપના ચરણકમળને ભાવપૂર્વક કાયમ પૂજ્યા કરે છે, એવા નવીન વીજળીનો પ્રકાશ હોય તેવા પ્રકાશમાન નખ પંક્તિયુક્ત ચરણ કમળ મારા મનમાં સ્થિર રહે એવી મારી ઉપર કૃપા કરો. ॥૩૪॥

સર્વની બુદ્ધિના સાક્ષી એવા હે ભગવન્ ! આપ કપિલ, દત્તાત્રેય, રામ આદિ સ્વરૂપો ધારણ કરનારા છો. આપે અનંત સ્વરૂપોને ધારણ કરેલાં છે એવા અનંતના સ્વામી મહાપ્રભુ હે ધર્મનંદન મહાપ્રભુ ! આપના શરણમાં આવી છું તો મને આપનો આશ્રય સદા આપવા કૃપા કરો એ જ પ્રાર્થના. ॥૩૫॥ આ પ્રમાણે સરસ્વતીએ શ્રીમહાપ્રભુની ભક્તિભાવથી પ્રાર્થના કરી તેને સાંભળીને તેને સુખ આપીને મહાપ્રભુ જળમાંથી બહાર નીકળી અંગને કોરું કરી સફેદ વસ્ત્રોને ધારણ કર્યા. ॥૩૬॥ ત્યાર પછી તપસ્વી બ્રાહ્મણને ઘોડાનું દાન આપ્યું તથા તે સરસ્વતીના કાંઠા ઉપર કેટલાય ગરીબો બેઠા હતાં તેમને યોગ્ય દાન-દક્ષિણા આપીને સંતોના સ્વામી સંતોથી વિંટાયા થકા આશ્રયસ્થાને ઉતારે પધાર્યા. ॥૩૭॥ પોતાને ઉતારે જઈને બ્રહ્મચારીવર્ણીએ તૈયાર કરેલા ભોજનોના થાળ આરોગી તૃપ્ત થઈને ત્યાર પછી મંચ ઉપર બિરાજમાન થયા. ॥૩૮॥ ત્યાર પછી સર્વે સંતો અને પાર્ષદો હરિભક્તો ગૃહસ્થો સર્વે જમીને પરવારી શ્રીહરિ સન્મુખ જઈને બેઠા અને શ્રીહરિનાં દર્શન કર્યાં. ॥૩૯॥ ત્યારે શ્રીહરિની સન્મુખ સંતો, ભક્તો, હરિભક્તો, ભાઈઓ-બાઈઓની મોટી સભા ભરાઈને બેઠી અને તે સર્વે ભક્ત સમુદાયને જોઈને શ્રીહરિએ તેઓને અમૃતમય વાણીથી ભગવદ્વાર્તા કરી. ॥૪૦॥ તે સમયે તે સિદ્ધપુર નગરના વિદ્વાન, પ્રતિષ્ઠિત બ્રાહ્મણ અગ્રણીઓ શ્રીહરિમહાપ્રભુ તથા સંતોના દર્શન કરાવા ત્યાં આવ્યા. ॥૪૧॥ તેઓએ શ્રીહરિ મહાપ્રભુને સાંખ્ય, વેદાંત વિષયના કેટલાક પ્રશ્નો પૂછ્યા, કેટલાકે ધર્મશાસ્ત્રના, કેટલાકે ન્યાયશાસ્ત્રને અનુરૂપ પ્રશ્નો પૂછ્યા. ॥૪૨॥ મીમાંસા તર્કશાસ્ત્રના રહસ્યવાળા પ્રશ્નો વૈદિક તથા ઉપનિષદના મતને અનુસાર કેટલાક મંત્રતંત્રને અનુરૂપ પ્રશ્નો પૂછતા હતા. ॥૪૩॥ એવી રીતે પોતાની બુદ્ધિ અનુરૂપ શ્રીહરિ મહાપ્રભુ આગળ રજૂ કર્યા તે સર્વે બ્રાહ્મણોએ શ્રીહરિ મહાપ્રભુની પરીક્ષા કરવા માટે પ્રશ્નો કર્યા. ॥૪૪॥ તે સર્વે બ્રાહ્મણોના પ્રશ્નો સાંભળીને તેના ઉત્તરો શ્રીહરિ નારાયણ ભગવાને



પોતે જ વારાફરતી સર્વેને ક્રમ પ્રમાણે એક જ સમયે આપી દીધા, તેથી સર્વે બ્રાહ્મણો આશ્ચર્ય પામી ગયા. ॥૪૫॥ તે સર્વે બ્રાહ્મણો બધાયના પ્રશ્નોના એક સાથે વ્યવસ્થિત ઉત્તરો સાંભળીને તેઓ માનવા લાગ્યા કે કપિલદેવ ભગવાન જ આ પ્રશ્નોના ઉત્તરો આપવા આવ્યા હોય તેમ માનીને આશ્ચર્ય પામી ગયા. ॥૪૬॥ ત્યારે **શ્રીસહજાનંદ સ્વામી મહાપ્રભુ** તે વિદ્વાન બ્રાહ્મણોને કહેવા લાગ્યા, હે બ્રહ્મદેવો ! તમો મારા વચનોને સાવધાનીપૂર્વક ખાસ ધ્યાનથી સાંભળો. તમારા હિતનાં વચનો છે. ॥૪૭॥ હે બ્રહ્મદેવો ! તમારા મનમાં અમારી પાસેથી મિષ્ઠાનોનાં ભોજન કરવાની ઈચ્છા છે ? એ પ્રમાણે ન હોય તો તમારા મનમાં જે ઈચ્છા હોય તે અમને જણાવો. ॥૪૮॥ એવી રીતનાં શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુનાં વાક્યો સાંભળીને બ્રાહ્મણોના અગ્રણી હાથ જોડીને નમ્રતાથી શ્રીધર્મનંદન મહાપ્રભુને કહેવા લાગ્યા. ॥૪૯॥ હે નારાયણપ્રભુ ! આપે કહેલા વચનો કાનને પ્રિય લાગ્યાં તથા આદિ-અનાદિથી ચાલી આવતી રીત મુજબ જમણવારની વાતો અમને પ્રિય છે એવું નથી, અમારે તો આપનાં સુખ આપનારાં, કલ્યાણ કરનારાં, આપના જેવા મહાપ્રભુ પાસે તો લોકકલ્યાણનાં કાર્યની જ ઈચ્છા રખાય ॥૫૦॥ વિદ્વાનને લક્ષ્મી ચાંલ્લો કરવા આવે અને મોઢું ઢાંકી રાખે તે બરોબર ન કહેવાય એટલા માટે અમો આપની પાસે મોક્ષ માગીએ છીએ, પરંતુ અમારી ઈચ્છા મુજબ આપની પાસે માગણી કરીએ છીએ. ॥૫૧॥ હે પ્રભુ ! આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ સર્વના કર્તા પરાત્પર સર્વાત્મા છો. તેથી હે પ્રભુ ! આપ પૃથ્વી ઉપર બ્રાહ્મણ સાધુ દેવતાઓનું પાલનપોષણ કરનારા છો. તેમના માટે જ વિચરણ કરો છો. ॥૫૨॥ તે બ્રાહ્મણોનાં વચનો સાંભળીને સ્વામિનારાયણ મહાપ્રભુ તે સિદ્ધપુરના હજારો બ્રાહ્મણોને સારાં પકવાનોનાં ભોજનો તૈયાર કરાવીને ખૂબ જમાડી તૃપ્ત કર્યા. ॥૫૩॥ ખૂબ ખૂબ જમાડી તૃપ્ત કરીને તેઓને ખૂબ જ દક્ષિણાઓ આપી. ગાયો, પૃથ્વી, સોનામહોરો, વસ્ત્રો તથા ત્રાંબાના વાસણો વિગેરે ખૂબ જ આપ્યાં.

બ્રાહ્મણોને રાજી કરી દીધા. ॥૫૪॥ એ પ્રમાણે શ્રીભક્તિપુત્ર નારાયણ પ્રભુ બધા બ્રાહ્મણોને તથા બીજા મનુષ્યોને ભોજન, દાન, આદિથી તૃપ્ત કરીને એ રાતે ત્યાંજ નિવાસ કર્યો. એમ શ્રીહરિ કૃષ્ણપ્રભુ સંતજનોથી સેવા કરાતા થકા ત્યાં જ શયન કરતા હતા. ॥૫૫॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદસ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુએ સિદ્ધપુરમાં લીલાચરિત્ર કર્યા એ નામે પંચાવનમો અધ્યાય થયો. ॥૫૫॥**

## ॥ અધ્યાય - ૫૬ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! ત્યાર પછી શ્રીહરિ નારાયણ મહાપ્રભુ બીજે દિવસે સવારમાં વહેલી સવારમાં શયનમાંથી જાગીને સંતો પાર્ષદોથી વિંટાયા થકા બિંદુ સરોવરમાં સ્નાનવિધિ કરવા પધાર્યા. ॥૧॥ હે રાજન, જે સ્થળે પૂર્વે કર્દમઋષિનો આશ્રમ હતો ત્યાં ઋષિની ઉગ્ર તપસ્યાથી ભગવાન શ્રીકૃષ્ણપ્રભુએ દર્શન આપ્યાં તે સ્વરૂપને જોઈને તેમના નેત્રમાંથી આંસુઓ પડ્યાં તે ભગવાનની કૃપાથી તે સરોવરરૂપે થયું. ॥૨॥ તે સરોવર પૃથ્વી ઉપર બિન્દુ સરોવરના નામથી પ્રસિદ્ધ થયું. તેનું પાણી ખૂબ જ નિર્મળ શાંત હતું. તેના કાંઠા ઉપર તથા આજુબાજુના વિસ્તારમાં સુંદર ફૂલોનાં વૃક્ષોથી ખૂબ જ રળિયામણું લાગતું હતું. ॥૩॥ તેનાં જળમાં કમળ ખીલ્યાં હતાં. તેમાં ત્રણેય પ્રકારના પવનો વાતા હતા, તેથી તથા હંસ, પક્ષી, બતકોના સમુદાયથી કાયમ બોલવાના પડઘાઓ પડતા હતા, તેથી વાતાવરણ ગાજતું હતું. ॥૪॥ એવા સમયે પોતાના આશ્રિત, સંતો ભક્તોના સમુદાયની સાથે તે બિંદુ સરોવરમાં સ્નાન કરવા માટે શ્રીસહજાનંદ સ્વામી પધાર્યા, સ્નાન કર્યું તેથી તે પવિત્ર



તીર્થને પાવન કર્યું. ॥૫॥ એટલા માટે સર્વજગતના સ્વામી શ્રીહરિ તે સરોવરમાં ખૂબ લાંબા સમય સુધી સ્નાન કરીને તેમાંથી શ્રીહરિ બહાર નીકળીને સ્વચ્છ સફેદ વસ્ત્રોને ધારણ કરીને ત્યાંથી જ્ઞાનવાપી નામના સ્થળે પધાર્યા. ॥૬॥ તે જ્ઞાનવાપી સ્થળે જ્યાં શ્રીહરિએ કપિલદેવ ભગવાને મનોહર પાંચ સીડી ઉપર માતાને જ્ઞાન ઉપદેશ આપેલો તે જ્ઞાન વાપી સ્થળમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતો પાર્ષદોની સાથે સ્નાન કર્યું ॥૭॥ અને સંતોએ ગૃહસ્થ ભક્તોની સાથે એની પરિક્રમા કરીને તે સ્થળના કીર્તનો બનાવીને ગાયા. તેનો મહિમા ગાયો. ત્યાર પછી તે સિદ્ધપુરનગરના માર્ગો ઉપર પધારતા શ્રીહરિનું વેપારી વર્ણીકારો સન્માન તથા પૂજા કરતાં તેમની પૂજાઓ સ્વીકારીને આગળ જતા હતા. ॥૮॥ નગરની બહાર નીકળીને મહાપ્રભુ સહજાનંદ સ્વામી પોતાના ઉતારાના સ્થળે પધાર્યા. ત્યાં જઈને તૈયાર કરેલાં ભોજનો આરોગીને શ્રીહરિ પોતાના તૈયાર આસન ઉપર વિરાજમાન થયા. ॥૯॥ ત્યારે સર્વે સંતો અને હરિભક્તો, પાર્ષદો, ભોજન કરતા હતા. ત્યાર પછી સર્વે, શ્રીહરિ બિરાજમાન હતા તેમની સામે આવીને ક્રમ પ્રમાણે બેઠા અને તેઓને શ્રીહરિ મહાપ્રભુ ફરી ઉપદેશ કહેવા લાગ્યા. ॥૧૦॥ ત્યાર પછી સર્વેને અહીંથી પ્રયાણ કરવાની આજ્ઞા આપી સંતપાર્ષદો પદાતીઓને સર્વને વડનગર તરફ જવાની આજ્ઞા આપીને તૈયાર કરતા હતા. સર્વે તૈયાર થયા. ॥૧૧॥ ત્યારે તે સિદ્ધપુરના હરિભક્તો પ્રાર્થના કરતા હતા તેમાં ચતુર, પ્રભુજી મુખી, ભગવાન, રણછોડ આદિ સર્વેને આ પ્રમાણે કહેવા લાગ્યા. ॥૧૨॥ હે ભક્તજનો ! તમો મારી આજ્ઞાથી આ નગરમાં સુંદર મારું મંદિર બનાવો. તમો પ્રયત્ન કરીને મંદિર બનાવશો એટલે તે મહાતીર્થ બની જશે. ॥૧૩॥ એવી રીતે પોતાના આશ્રિત ભક્તોને આદેશ આપીને તેમાં મુખ્ય રણછોડ ભક્તને આગેવાન કરીને તેમને ભલામણ કરીને શ્રીહરિ મહાપ્રભુ તે ભક્તોની પૂજા-અર્ચના ગ્રહણ કરીને પ્રેમપૂર્વક તે નગર સિદ્ધપુરથી સંત પાર્ષદોની સાથે પ્રયાણ કરી ચાલતા થયા. ॥૧૪॥ તે શ્રીહરિ નારાયણ મહાપ્રભુ પૃથ્વી ઉપર સંતો પાર્ષદોની

સાથે વિચરણ કરતા થકા સંતો શ્રીહરિના યશ કીર્તિનાં કીર્તનો બનાવીને ગાતા થકા આનંદપૂર્વક ચાલતા હતા ત્યારે શ્રીહરિ મોટા ઘોડા ઉપર સવાર થઈને ચાલતા હતા ત્યારે ખૂબ જ શોભાયમાન વડનગરના દરવાજાની નજીકમાં પધાર્યા. ॥૧૫॥ તે વડનગરના હરિભક્તો શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ પધાર્યાના સમાચાર જાણીને ખૂબ જ આનંદ પામતા થકા પૂજાસામગ્રી હાથમાં લઈને વાજિંત્રોના ઉદ્‌ઘોષ કરતા થકા સામા ગયા. ॥૧૬॥ સુખચંદ્ર, બે ગોપાળભાઈઓ વનમાળી. સદાશિવ, અદકર્ણ, કિરીટ ભાઈ, સૂર્યરામ, ભીખારીદાસ તથા રાયજીભાઈ વૈદ્યનાથ, તથા જયેષ્ઠા રામ, દલશાહ અચલદાસ તથા પ્રભુદાસ, નૃસિંહ, જીવમુખ, ફૂલ્લજી, નાનક, બળદેવ આદિ સર્વે વડનગરના ભક્તો શ્રીહરિ મહાપ્રભુ નારાયણ ભગવાનને સામે શ્રીફળ ચોખા, ફૂલના હારો, સર્વે લઈને ગયા ॥૧૭, ૧૮, ૧૯॥ ત્યારે મુનિમંડળની સાથે શ્રીકૃપાળુ મહાપ્રભુએ સફેદ વસ્ત્રો ધારણ કરેલાં હતાં અને ઊંચા ઘોડા ઉપર અશ્વાર થયેલા હતા. હાસ્યયુક્ત મુખકમળવાળા શ્રીહરિ ઘોડેશ્વારની સાથે શોભતા હતા. જમણા હાથમાં ઘોડાની લગામને પકડી રાખેલા, શોભાયમાન, સર્વજીવોના પ્રાણદાતા, બળવાન ઘોડાના બળને વશમાં કરીને બધાની આગળ રહેનારા એવા શ્રીહરિના મનોહર મુખકમળનાં દર્શન કરીને આનંદ પામતા થકા પોતાના ભક્તો પ્રણામ કરતા હતા. ॥૨૦॥ શ્રીહરિના દર્શન કરીને ખૂબ જ ઉત્સાહવાળા સર્વે ભક્તો તે શ્રીહરિ મહાપ્રભુને કુમકુમ પુષ્પમાળાઓ વડે અર્ચન પૂજન કરતા હતા ત્યાર પછી મુનિઓ અને પાર્ષદોને સન્માનતા હતા. ॥૨૧॥ શ્રીહરિ નારાયણમુનિ મહાપ્રભુ તે સર્વે પોતાના ભક્તજનો ઉપર કૃપાદૃષ્ટિ કરીને તેમની સામે જોઈને અમૃતમય દૃષ્ટિથી તે સર્વેને હૃદયથી આત્મમિલાપ કરતા હતા. ॥૨૨॥ ત્યાર પછી શ્રીહરિમહાપ્રભુ પોતાના સંતો પાર્ષદોની સાથે વડનગર શહેરમાં પ્રવેશ કરતા હતા. ત્યારે તે નગરનાં મોટા કિલ્લાના દરવાજાના મોટાં મોટાં કમાડો તથા બીજા જાતજાતના મકાનો શોભતાં હતાં. ॥૨૩॥ સોનાના કળશોથી શિખરો શોભતાં



હતાં એવાં અનેક મંદિરોવાળાં તે શહેરની શોભા વધારતાં હતાં તથા બધા જ ઘરોમાં ચિત્રો દોરેલાં હતાં તથા તોરણ પતાકાથી ખૂબ જ શોભતાં હતાં. ॥૨૪॥ જુદાં જુદાં ગોખો જરૂખાઓમાંથી તડકાનાં સુંદર કિરણો બહાર આવતાં હતાં. રસ્તાઓ ઉપર પાણી છાંટી સાફ કરીને પુષ્પો છાંટેલાં હતાં તથા ચોકો શણગારેલા હતા. ॥૨૫॥ તે નગરમાં રહેતા જીવાત્માઓના આત્મા શ્રીધર્મનંદન મહાપ્રભુજીનું સન્માન કરતા થકા પણવાનક, ભેરી આદિ વાજિંત્રોના જુદા જુદા સ્વરો, તાલની સાથે સંતો કીર્તનો ગાતા હતા. તેના ઉદ્‌ઘોષ સાંભળીને નગરની સ્ત્રીઓ બહાર આવીને શ્રીહરિને જોઈને આનંદ પામતી થકી પોતાનાં ઘર ઉપર ચડીને સોનાનાં પુષ્પોથી વધાવતી હતી. ॥૨૬, ૨૭॥ માર્ગમાં વહેપારીઓ ભક્તિભાવથી શ્રીહરિનું ચંદન, ચોખા સુગંધિત દ્રવ્યથી અર્ચન, પૂજન કરીને આદર કરતા હતા. ભેટ આપીને પોતાના અંતઃકરણથી શ્રીહરિને નીરખીને જોઈને પોતે નેત્રથી ખૂબ જ તૃપ્તિ અનુભવતા હતા. ॥૨૮॥ એવી રીતે તે નગરના મનુષ્યોને નેત્રનું દર્શન સુખ આપીને દુર્લભ દર્શનવાળા શ્રીહરિ મહાપ્રભુ તે નગરના દરવાજાથી બહાર નીકળી ગયા. ॥૨૯॥ પોતાના આશ્રિત ભક્તજનો દ્વારા ગીતો કીર્તનો દ્વારા ગુણોને વિસ્તારતા, સુગંધિત દ્રવ્યોથી સુવાસિત કરતા થકા નગરની બહાર સુંદર મનોહર સ્થાન, સ્વચ્છ જળવાળાં સરોવરના કાંઠા પાસે આવ્યા. ॥૩૦॥ શ્યામ, લાલ ખીલેલાં કમળોથી શોભાયમાન મનોહર હંસો, બતકો આદિથી છવાયેલું તથા ભમરાઓનાં ગુંજરવથી ગાજતું એવું તે સરોવર હતું. ॥૩૧॥ આંબા આદિ જાતજાતનાં વૃક્ષોથી તે સરોવરનો કાંઠાનો ભાગ ખૂબ જ શોભતો હતો. પથ્થરોથી ચણીને તૈયાર કરેલા ઘાટ તથા પાણી ભરવા માટે મોટાં ગરનાળાં બનાવેલાં હતાં તેથી નક્કી થતું હતું, કે આ જગ્યાએ ધર્માત્મા શ્રીહરિ તથા તેમના સાધુઓ પાર્ષદોની સાથે આ જગ્યાએ ઊતરશે અને સુંદર મંચ બનાવીને તેની ઉપર શ્રીહરિ બિરાજમાન થશે એ વધુ નક્કી જ હતું. ॥૩૨, ૩૩॥ પોતાના ભક્તજનોને, શ્રીહરિ ભક્તિ સંબંધી ધર્મ જ્ઞાન વૈરાગ્યની વાતો કરતા હતા. સ્વસ્વરૂપનું માહાત્મ્ય

સમજાવતા હતા. એટલામાં મુકુંદવર્ણી શ્રીહરિમહાપ્રભુને જમવા માટે બોલાવવા આવ્યા. ॥૩૪॥ ત્યાર પછી ત્યાંથી ઊઠીને શ્રીમહાપ્રભુ સરોવરમાં સ્નાન કરીને શરીર લૂછીને કસુંબલ લાલ પીતાંબરને ધારણ કરીને સુંદર પીઠ બાજોઠ ઉપર વિરાજમાન થયા. ॥૩૫॥ જાતજાતના અનેક રસોથી ભરપુર પકવાનોથી પૂરેલો થાળ જેને ગંગામાએ સારી રીતે સજીને તૈયાર કરીને બ્રહ્મચારી દ્વારા શ્રીહરિ માટે મુકાવ્યો હતો તેને શ્રીહરિ મહાપ્રભુ જમતા થકા તૃપ્ત થઈને પછી શ્રીહરિ ચળુ કરીને ત્યાર પછી મુખવાસ પાનના બીડાને ગ્રહણ કરતા હતા. ॥૩૬, ૩૭॥ ત્યાર પછી સંતો પાર્ષદોને ખૂબ પીરસી ખૂબ જ ઘીથી ભરપૂર પકવાનો જમાડીને તૃપ્ત કર્યા ત્યાર પછી નારાયણમુનિ ભગવાન શ્રદ્ધાથી પીરસી પરવારીને પોતાના ઊંચા આસન ઉપર વિરાજમાન થયા. ॥૩૮॥ વનમાળી ભક્તની પુત્રી જેઠી શ્રીહરિની અનન્ય ભક્તા હતી તે સર્વને સંતો પાર્ષદોની સાથે પોતાના ઘેર લઈ ગઈ. સર્વે સંતો ત્યાં જઈને તૈયારી કરી ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ પધાર્યા. ભોજન કરીને ત્યાંથી સર્વની સાથે શ્રીહરિ મહાપ્રભુ ઉભા થઈને પોતાના ઉતારાના સ્થળે આવ્યા. શ્રીહરિ ધર્માત્મા પ્રભુ વિરાજમાન થયા તેમની આગળ સંતો બેઠા. સર્વે ભક્તો બેઠા. ॥૩૯, ૪૦॥ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સાંજની સંધ્યા આરતી કરાવી ત્યાર પછી નારાયણ ધૂન કરી સૌ પોતપોતાના આસન ઉપર બેઠા. ॥૪૧॥ ત્યારે તે વડનગરના નાગર બ્રાહ્મણો વિદ્વાનો તથા બીજા ભક્તજનોએ શ્રીહરિ પાસે આવીને તેમને વંદન પ્રણામ કરીને નમ્રતાથી પ્રશ્ન ઉત્તરો કર્યા. ॥૪૨॥ તે સર્વે આવેલા મનુષ્યો શ્રીહરિ મહાપ્રભુના મુખકમળમાંથી નીકળેલા અમૃતમય વચનોને કાનરૂપી પડીયા દ્વારા પાન કરીને આશ્ચર્ય ચકિત થઈ ગયા અને ત્યાંથી ગયા. ॥૪૩॥ ત્યાર પછી સર્વેસંતો શ્રીહરિનાં કીર્તનોને ગાવા લાગ્યા. પ્રેમપૂર્વક કીર્તનો ગાવાથી આખી રાત્રિ ક્યારે વીતી ગઈ તેનું પણ ભાન ન રહ્યું એવા રાગમય કીર્તનો ગાયાં. ॥૪૪॥ તે સર્વે સંતો શ્રીહરિની આજ્ઞાથી પોતાની વૃત્તિઓને શ્રીહરિમાં જોડીને કીર્તનો ગાતા



હતા તથા રાસના રાગનાં કીર્તનો ઊંચા સ્વરે ખુલ્લા કંઠથી ગાતા હતા. ॥૪૫॥ હે રાજન્ ! રાત પૂરી થઈને પ્રાતઃકાળ થયો ત્યારે બોલાવવા માટે આવેલા બ્રાહ્મણોને શ્રી સત્પતિ ભગવાન કહેવા લાગ્યા તમારે જે કરવાનું હોય તે તૈયાર કરો, ત્યાગવાનું હોય તે ત્યાગો. ॥૪૬॥ એવી રીતે તે બ્રાહ્મણોને કહીને સર્વે દેહધારીઓના સુખ કરનારા શ્રીહરિ મહાપ્રભુ સંતોની સાથે વિંટાયા થકા સમૃદ્ધિથી ભરપૂર જયેઠીના (જેઠીબા) ઘરે પધાર્યા. ॥૪૭॥ ત્યાર પછી કમળનયન પ્રભુ તે તૈયાર કરેલા ભોજનના થાળને આરોગી પોતાના ભક્તજનોને ભોજન જમાડીને તૃપ્ત કરીને સર્વભક્ત સમુદાયને ખૂબ જ સ્વ-સ્વરૂપનું સુખ આપીને ખૂબ રાજી કર્યા. વડનગરમાં આવેલા વિદ્વાનોને ઉપદેશ આપીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને મહાવિજય કર્યો. ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી સંત પાર્ષદોની સાથે ઘોડા ઉપર વિરાજમાન થઈને વીસનગર નામના નગર તરફ જવા લાગ્યા. ॥૪૮॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિરચિત ભક્તિ શાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં પૂર્વાર્ધ ભાગમાં વડનગર લીલા કરી શ્રીહરિ વીસનગર જવા નીકળ્યા એ નામે છપ્પનમો અધ્યાય થયો. ॥૫૬॥**

**એ પ્રમાણે શ્રીહરિલીલા સુધાકરનો પૂર્વાર્ધ ભાગ પૂર્ણ થયો.**

**॥ શ્રી ભક્તિધર્માત્મા શ્રી સહજાનંદ સ્વામીને નમઃ ॥**

**॥ પૂર્વાર્ધ સમાપ્ત ॥**

## ॥ અધ્યાય - ૫૭ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન વિચરણ કરતા કરતા વિસનગર પધાર્યા ત્યારે મુનિઓ, પાર્ષદો, અશ્વારોની સાથે પીંડોરીયા તળાવ પાસે આંબાના વૃક્ષોની ઘાટી છાંયામાં વિશ્રાંતિ લેવા બેઠા છે. ॥૧॥ તે સમયે શ્રી સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે એવા સમાચાર સાંભળીને વિશનગરના સત્સંગીઓ જલ્દીથી ત્યાં આવતા હતા. ॥૨॥ શ્રીહરિ મહાપ્રભુના દર્શન કરવા માટે તેઓ ખૂબ જ ઉત્કંઠાવાળા હતા. તે જનો પોતાના હાથમાં પ્રભુનું પૂજન કરવા માટે પૂજા સામગ્રી શ્રીફળ, ફૂલહાર, અબીલ, ગુલાલ વિગેરે સામગ્રી લઈને જલ્દીથી આવતા હતા. ॥૩॥ સાથે અનેક પ્રકારના વાજીંત્રોના બ્રહ્મનાદને કરતા થકા આવતા હતા તથા સ્ત્રીઓ પોતાના મસ્તક ઉપર સોનાના કળશો ધારણ કરીને નવાં વસ્ત્રો ધારણ કરીને શોભા વધારતા થકા ત્યાં શ્રી હરિને વધાવવા આવતી હતી. ॥૪॥ માર્ગમાં શ્રીહરિનાં ચરિત્રોનાં ગીત કીર્તનોને ગાતી થકી ચાલતી હતી. ત્યારે મણીમય કુંડળો તથા આભૂષણોને ધારણ કરેલા પ્રભુ ખૂબ જ શોભતા હતા. ॥૫॥ શ્રીહરિના દર્શન પૂજન કરવા આવેલા વિસનગરના ભક્તોમાં મુક્તારામ, રામાભાઈ, અમુલખ, કૃષ્ણારામ, ધરમ, હેમંત, વલ્લભરામ, બળદેવ, પ્રભુ, સૂર્યરામ, શ્રુતિ, વર્ધરામ, જીવણ ઈત્યાદિક બ્રાહ્મણ ભક્તો તેમજ વૈશ્ય ભક્તોમાં દયારામ, જયચંદ્ર, જયેષ્ઠારામ, પીતાંબર તેમજ જીમુખ, વનમાળી, હેમચંદ્ર, હરીરામ, પન્નાલાલ, પુંજીરામ, દેવચંદ્ર ઈત્યાદિ વૈશ્ય ભક્તો ત્યાં આવ્યા હતા. ॥૬,૭,૮॥ ઉજવલ, કંકુ, માના, શિવા, લક્ષ્મી, મયા, કુરી, પુંજી આદિ સ્ત્રીભક્તાઓ ઉત્સાહથી શ્રીહરિ નારાયણપ્રભુના દર્શનાતુર થઈને આવ્યાં હતાં. ॥૯॥ તે સર્વે નરનારી ભક્તો સાથે મળીને શ્રીહરિ મહાપ્રભુનો પ્રેમપૂર્વક સત્કાર પૂજન કરીને હર્ષાશ્રુ નેત્રવાળાં થઈને ઉત્સાહપૂર્વક શ્રીહરિના ગુણોને ગાતાં થકાં સંતો પાર્ષાદોની સાથે શ્રીહરિને નગરમાં લઈ જતાં હતાં. ॥૧૦॥ ભગવાન શ્રીહરિ આવ્યાના સમાચાર જાણીને



ભક્તજનોની સાથે અસુરો પણ ત્યાં આવ્યા હતા તેઓ શ્રીહરિની સાથે વૈર હોવાથી તેમનો નાશ કરવા આવ્યા હતા તેથી શ્રીહરિ સ્વામિનારાણ ભગવાન ભક્ત સમુદાયની સભાની મધ્યમાં વિરાજમાન હતા તે છતાં શ્રીહરિને જોઈ શક્તા ન હતા તેઓ કેવળ પોતાના સંબંધીઓને જ દેખતા હતા. ॥૧૧॥ ભક્તજનોએ શ્વેત વસ્ત્રોને ધારણ કરેલા ચંદ્રમાની કાન્તિ સમાન શોભતા મંદહાસ્ય મુખકમળ જેમનું છે, એવા તેમજ મેઘ સમાન શ્યામ સ્વરૂપ વાળા મનોહરમૂર્તિ પ્રભુ, પરમહંસ સમુદાયથી પૂજાયેલાં તે આંબાના વનમાં વૃક્ષની છાયામાં સુંદર આસન ઉપર વિરાજમાન એવાં સ્વરૂપનાં દર્શન કર્યાં. ॥૧૨॥ શ્રીહરિને પ્રણામ કરીને ભક્તજનો ચંદન, ચોખા, અબીલ-ગુલાલ, કુંકુમ પુષ્પ, વિગેરે પદાર્થોથી પૂજા કરીને સન્માનતા હતા. ॥૧૩॥ પ્રેમભાવથી પૂજાયેલા શ્રીહરિકૃષ્ણ પ્રભુ ભક્તજનોની સાથે ધજા પતાકાઓ તોરણોથી શોભાયમાન તે વિસનગરને નિહાળતા હતા. ॥૧૪॥ તે નગર કિલ્લા જરૂખાઓ તેમજ બહારના ભાગનાં ઉપવનોથી ખૂબ જ શોભતું હતું, નગરના ઉંચાજરૂખાઓવાળા મહેલો જોનારને આનંદ આવતો હતો. ॥૧૫॥ ચારે વર્ણના મનુષ્યોના સમુદાયથી માર્ગો તથા ચોતરાઓ શોભતા હતા. તેમજ મોર, પોપટ, કોયલ, આદિ પક્ષીઓના શબ્દોના કલરવથી શોભતું હતું. ॥૧૬॥ શ્રીહરિ પ્રભુ જ્યારે તે નગરમાં કટારીયા દરવાજાથી પ્રવેશ કરતા હતા ત્યારે દેવોનાં વાજિંત્રો વાગતાં હતાં. દુંદુભિના નાદ તેમજ મૃદંગતાલ ભેરી, ગોમુખ, શિશિર, આદિ વાજિંત્રોનો ધ્વનિ નગર પ્રવેશ મહોત્સવમાં એક જ સાથે થતો હતો. ॥૧૭,૧૮॥ અશ્વારોથી વીટાયેલા શ્રીહરિ પૂર્ણિમાના ચંદ્રમાની માફક શોભા વધારતા થકા મોટા અશ્વ ઉપર સવાર જ્યારે રાજમાર્ગ ઉપર ગયા ત્યારે પોતાના હાથમાં ઘોડાની લગામને ધારણ કરેલા ખૂબ જ શોભતા હતા. ॥૧૯॥ શ્રીહરિ સ્વામિનારાયણ પ્રભુ નગરમાં પ્રવેશવાના ઉદ્‌ઘોષ સાંભળીને નગારાં જાલરોના શબ્દો સાંભળીને સમુદાયમાં નહીં દેખાતા પ્રભુને નિહાળવા માટે ઉત્સુકતા વાળી તે સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન પ્રણામ કરવા ઉતાવળી થતી હતી. ॥૨૦॥ પોતાના ઘરના મેડા ઉપર તથા છત ઉપર ચઢીને આનંદયુક્ત

મનવાળી થઈને ભક્તજનો દ્વારા ગવાતા યશોગાનવાળા શ્રીહરિ ભગવાનને કુમકુમ, ચોખા, રૂપિયા, સુવર્ણમુદ્રા, રૂપિ, પુષ્પોથી વધાવતી હતી. ॥૨૧॥ તે નગરના બીજા મનુષ્યો અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વિગેરે વર્ણનાજનો પણ પોતાના મહોલ્લાઓ આગળ શ્રીહરિને અક્ષત, પુષ્પ, ચંદન, કુમકુમથી પ્રેમપૂર્વક પૂજતા હતા. ॥૨૨॥ ઉલુક, ભીંડીપાલ આદિવાજિંત્રોના નાદોથી જય જયકારના શબ્દોથી સ્તુતિ કરાતા ભગવાનશ્રી સ્વામિનારાયણ પ્રભુ વિસનગરની શોભા વધારતા થકા નગરની બહાર નીકળ્યા. ॥૨૩॥ ત્યાંથી પ્રભુ ભીમનાથ મહાદેવના પવિત્ર સ્થાનકે પધાર્યા. ત્યાં પોતાની સાથે આવેલા સંતપાર્ષદ સમુદાયની સાથે મહાદેવનાં દર્શન કર્યાં. ॥૨૪॥ ત્યાં ઊંચા બનાવેલા મંચ ઉપર વિરાજમાન થયેલા શ્રીહરિને જોઈને મુમુક્ષુજનો ખૂબ ખૂબ આનંદ પામતાં હતાં. ॥૨૫॥ ત્યાં નિર્ભયરામ નામના બ્રાહ્મણ ભક્તના ઘેર થાળ તૈયાર થયો ત્યારે શ્રીહરિ મુક્તાનંદ આદિ સંત સમુદાયની સાથે થાળ જમવા તેના ઘેર પધાર્યા. ॥૨૬॥ ત્યાં પવિત્ર જળથી સ્નાન કરી, પવિત્ર પીતાંબર વસ્ત્રને ધારણ કરી, ઉપરણી ઓઢીને તેમજ ઉંચા આસન ઉપર વિરાજમાન થઈને પ્રભુ ભોજન કરવા લાગ્યા. ॥૨૭॥ ભોજન કરી તૃપ્ત થયેલા પ્રભુ જળથી હાથ મુખ ધોઈને શીતળ સ્વચ્છજળનું પાન કરીને ત્યારબાદ શ્રીહરિએ સર્વ મુનિજનો, પાર્ષદો, અસવારોને લાડુ આદિ ખાદ્ય પદાર્થો ખૂબ જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૮॥ ત્યાર પછી તે નિર્ભયરામ બ્રાહ્મણના ઘેર ઊંચા મંચ ઉપર શ્રીહરિ પ્રભુ વિરાજમાન થયા. તેમની સન્મુખ મોટી સભા થઈ અને ગૃહસ્થો વર્ણીઓ, સર્વે સભામાં બેઠા. ॥૨૯॥ ત્યારે આનંદિત મનવાળા નિર્ભયરામ બ્રાહ્મણ તેમણે શ્રીહરિ મહાપ્રભુનું અનેક ઔપચારીક પદાર્થો વડે પૂજન અર્ચન કર્યું. ॥૩૦॥ તાંબા પાત્રમાં શ્રીહરિ નારાયણ ભગવાનનાં ચરણ ધોયાં. ત્યાર પછી વિધિપૂર્વક લલાટમાં ચંદનની અર્ચા કરીને ભગવાનને પ્રસન્ન કર્યા. ॥૩૧॥ પૂજન કર્યા, પછી આભૂષણો અર્પણ કર્યાં, કસુંબી પિતાંબર વસ્ત્ર અર્પણ કર્યું. ॥૩૨॥ ત્યાર પછી આરતી કરી, સ્તુતિ નમસ્કાર કર્યા, ચરણ સ્પર્શ કરીને શ્રીહરિની સન્મુખ બેસીને ભગવાનનાં ગુણકીર્તન ગાન કરવા લાગ્યા. ॥૩૩॥ તેના



મુખે ગાયેલાં શ્રીહરિનાં ગુણકીર્તનને સાંભળીને ત્યાં રહેલા સર્વેજનો, ગાયકો લજ્જા પામી ગયા. ભગવાનના ગુણકીર્તનને સાંભળીને દેવો, ગાંધર્વો લજ્જા પામી જાય તો મનુષ્યો લજ્જા પામે તેમાં શું આશ્ચર્ય છે ? ॥૩૪॥ આ રીતે શ્રીહરિનાં ગુણગાન કર્યા પછી ઉંચે શ્વરે તાળી વગાડીને શ્રીસ્વામિનારાયણ મંત્રનો નાદ કરીને વાતાવરણમાં રહેલા આસુરી લોકોનો ગર્વનો નાશ કરતા હતા. ॥૩૫॥ ત્યાર પછી નિર્ભયરામના ત્યાંથી ઉઠીને પ્રભુ બળદેવ પ્રસાદના ઘર પ્રત્યે પધાર્યા. ભગવાન આવ્યા એટલે ભક્તિભાવપૂર્વક તે ભક્તે કુંકુમ ચોખા આદિ સૌભાગ્ય દ્રવ્યોથી શ્રી હરિનું પૂજન અર્ચન કર્યું. ॥૩૬॥ હે રાજન્ ! ત્યાર પછી ભગવાન શ્રીહરિ કૃપાનિધાન ધનપતિ એવા કેશવરામનો ઉદ્ધાર કરવાના આશયથી તેના ઘેર પધાર્યા. ॥૩૭॥ ત્યારે કેશવરામ ભગવાનને પધારેલા જોઈને તેમનું સન્માન ભાવપૂર્વક કરતા હતા. અર્ચન પૂજન વંદન કરીને બેસવા માટે ઉંચો મંચ બનાવી તેના ઉપર શ્રીહરિ પ્રભુને બેસાડતા હતા. ॥૩૮॥ આવી રીતે પોતાના આંગણામાં સંત પાર્ષદોની સાથે ભગવાન સ્વામિનારાયણને વિરાજમાન થયેલા જોઈને પોતે મનમાં વિચાર કરવા લાગ્યા કે આજે મારા મહાન ભાગ્યનો ઉદય થયો જેથી કરીને સ્વયં ભગવાન મારે ઘેર પધાર્યા છે. ॥૩૯॥ શ્રીહરિનું પૂજાદ્રવ્યોથી પૂજન અર્ચન કરીને દર્શન કર્યાં ત્યારે તેમને શ્રીહરિનાં ઈન્દ્રદેવ જેવાં દર્શન થતાં હતાં. તેથી આશ્ચર્ય પામી ગયા અને શ્રી હરિ ભગવાનની બન્ને હાથ જોડીને ગદ્‌ગદ વાણીથી પ્રાર્થના કરવા લાગ્યા કે હે નારાયણમુનિ ભગવાન ! મારે ઘેર પધારીને મારી ઉપર આપે ખૂબ જ કૃપા કરેલ છે. ॥૪૦, ૪૧॥ હે પ્રભુ ! જેમના દર્શન માટે અનંતકાળ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં પણ દુર્લભ છે, દેવતાઓ તથા મુનિઓ, સિદ્ધો, સનકાદીકો આદિ સર્વે નિત્ય જેમની સ્તુતિ પ્રાર્થના કર્યા કરે છે. એવા દેવાધિદેવ સ્વયં અત્યારે સંત પાર્ષદોની સાથે આપ મારે ઘેર પધાર્યા તેથી મારા પિતૃઓ, સર્વે બંધુઓ સાથે તૃપ્ત થઈ ગયાં છે અમારાં માયિક ઘરો આપના ચરણના સ્પર્શથી પાવન થઈ ગયાં એ પ્રમાણે હું માનું છું. આજે અમારું જીવન પવિત્ર થઈ ગયું છે. ॥૪૨, ૪૩॥ આવી રીતે કેશવરામે

સ્તુતિ કરીને પ્રભુ શ્રીહરિનાં ચરણકમળમાં ફરીથી નમસ્કાર કરીને ધન્ય ભાગ્યવાળો થતો હતો. ॥૪૪॥ ત્યાં કેશવરાને ત્યાં ઘણા બધા નાગર બ્રાહ્મણો ભોજન કરી રહ્યા હતા તેમને શ્રીહરિએ જોયા. તેથી તેઆને સારા સદ્‌ગૃહસ્થો જાણીને તેઓને શ્રીહરિ ભગવાન કહેવા લાગ્યા. ॥૪૫॥ હે બ્રહ્મદેવો ! તમોને અમારુ આમંત્રણ છે તેને તમો સ્વીકારજો. પરમ દિવસ અમે બ્રહ્મભોજન કરાવવાના છીએ તેમાં પવિત્ર બ્રાહ્મણો એવા તમોને આમંત્રણ આપીએ છીએ તેથી જરૂર જમવા પધારજો. ॥૪૬॥ આવી રીતે શ્રીહરિ ભગવાન મધુર અમૃતમય વચનોથી તેઓને નિમંત્રણ આપીને અમૃત વાણીથી મોહ ઉપજાવતા હતા. ॥૪૭॥ ત્યાર પછી શ્રીહરિ સ્વામિનારાયણ પ્રભુ પાંચ પકવાનનાં ભોજન બનાવરાવીને વિદ્વાનો, પ્રતિષ્ઠિત નાગરો તથા બીજા ઘણા બધા બ્રાહ્મણોને જમાડીને ખૂબ જ તૃપ્ત કરતા હતા. ॥૪૮॥ જમતા એવા તેઓને સાકર યુક્ત દૂધ પાઈને ખૂબ જ આગ્રહથી તૃપ્ત કરીને તેઓને મયારામ વિપ્રદ્વારા ખૂબ દક્ષિણાઓ આપીને રાજી કરતા હતા. ॥૪૯॥ આવી રીતે શ્રીધર્મપુત્ર શ્રીહરિ બ્રાહ્મણોને ત્યાં વિસનગરમાં રહ્યા ત્યાં સુધી નિત્ય જમાડતા તૃપ્ત કરતા હતા. તે લીલાને નગરના જનો ઘણા દિવસો સુધી યાદ કરતા રહ્યા. ॥૫૦॥ હે રાજન્ ! આવી રીતે વિસનગર પુરમાં બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કરી જગત્પતિપ્રભુ સંતપાર્ષદોથી વિંટાયા થકા કરુણાનિધાન તે વિસનગરમાં મહાવિજય કરીને ત્યાંથી બામણા ગામ નામના ગામ તરફ પ્રયાણ કર્યું. ॥૫૧॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનારા શ્રી સહજાનંદસ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ વિસનગરમાં બ્રાહ્મણોને જમાડ્યા તે ઉત્સવ કરીને બામણગામ પ્રત્યે ગયા એ નામે સત્તાવનમો અધ્યાય થયો. ॥૫૭॥**



## ॥ અધ્યાય - ૫૮ ॥

**શ્રી બ્રહ્માનંદસ્વામી કહે છે :** હે રાજન્ ! અક્ષરધામાધિપતિ શ્રી સ્વામિનારાયણ પ્રભુ ઘોડા ઉપર બેસીને પાર્ષદોથી ઘેરાયા થકા બામણગામની નજીકમાં આવ્યા. ॥૧॥ ત્યારે તે ગામના ભક્તજનો એ પ્રભુ આવ્યાના સમાચાર જાણીને ગંગારામ, નારુ, રતના, આદિ ભક્તજનો આનંદિત થઈને તત્કાળ ત્યાં સામા જતા હતા. ॥૨॥ તેઓ હાથમાં પૂજા સામગ્રી લઈને ગયા, ને પ્રભુના દર્શન કરીને કુંકુમ, ચંદન, ચોખા, પુષ્પ આદિથી તેમની પૂજા અર્ચન કરીને તેમને ગામમાં ગાજતે વાજતે તેડી ગયા અને ગામમાં નારુજીના ઘેર શ્રીહરિ ભગવાનનો ઉતારો કરાવ્યો. ॥૩॥ તેમના ઘરના આંગણાંમાં ઉંચા મંચ ઉપર શ્રીહરિ ભગવાનને બેસાડતા હતા. ત્યાર પછી તે સર્વે સમુદાયના ભોજન માટે સારા અનાજનાં સીધાં સામગ્રી લાવીને આપતા હતા. ॥૪॥ તે લાવેલા અન્નવડે શ્રીહરિ સંતો પાસે પવિત્ર ભોજન તૈયાર કરાવતા હતા, તેમાં શીરો, પુરી, શાક, દાળ-ભાત વિગેરે બનાવરાવતા હતા. ॥૫॥ તેમાંથી મુકુંદવર્ણી ભગવાન શ્રીહરિ માટે થાળ તૈયાર કરીને શ્રીહરિને ભોજન કરવા બેસાડતા હતા ત્યારે શ્રીહરિ ભક્ષ્યભોજ્યાદિ પદાર્થોમાંથી પોતાની રુચિઅનુસાર ભોજન ગ્રહણ કરતા હતા. ॥૬॥ શ્રીહરિ પ્રભુ ભોજન જમતા હતા ત્યારે કોઈક વૃદ્ધબહેન શ્રીહરિને જમતા જોઈને સંકલ્પ કરતી હતી જો આ ભગવાન હોય તો મારી પાસેથી દૂધ લઈને પીએ અથવા બીજા સાધુને પાય તો સાચા ભગવાન તેનો આ સંકલ્પ હતો તેને જાણીને જમી રહેલા મહાપ્રભુને દૂધ માગ્યું. ॥૭, ૮॥ તે દૂધને શ્રીહરિ આરોગી ગયા. આવી રીતે ભગવાને તેનો સંકલ્પ પૂરો કર્યો. તેથી ભક્ત સમુદાય પ્રભાવિત થયો. પોતે દૂધ પાન કરી બાકીનું દૂધ સંતોને ભોજનના અંતમાં ખૂબ પાન કરાવીને તૃપ્ત કર્યાં. ॥૯॥ આ રીતે પોતાના ભક્તજનોને સંતોષ આપીને સર્વના સ્વામી મહાપ્રભુ સુંદર પથારીમાં રાત્રે શયન કરી ગયા અને પ્રાતઃકાળે વહેલા ઉઠી ત્યાંથી ચાલતા થયા. ॥૧૦॥ ત્યાં બામણ ગામથી પ્રભુ ગેરીતા નામના ગામ પ્રત્યે પધાર્યા.

તે ગેરીતા ગામમાં મુનીઓ, પાર્ષદોની સાથે શ્રીહરિ હરિભાઈ નામના પોતાના આશ્રિત ભક્તના ઘેર ઉતારો કરીને રહેતા હતા. ॥૧૧॥ હરિભાઈના આંગણામાં બનાવેલા મંચ ઉપર શ્રીહરિ વિરાજમાન થયા ત્યારે ગામના મનુષ્યોને ખબર પડી એટલે શ્રીહરિનાં દર્શન કરવા સર્વભક્તો આવ્યા. ॥૧૨॥ તેમાં ગણેશ, મુક્તચંદ્ર, જલુજી, ક્ષત્રિય ભક્તોમાં સારા ભક્ત હતા. તે ગેરીતાના ભક્તો દ્રઢ વૃત નિયમ વાળા હતા. ॥૧૩॥ હે રાજન ! તે સર્વેભક્તોએ શ્રીહરિનું પ્રેમ ભક્તિથી ચંદન, કુંકુમ, ચોખા આદિવડે પૂજન કરીને વસ્ત્ર આભૂષણો અર્પણ કર્યાં. ॥૧૪॥ ત્યાર બાદ ગણેશ આદિ હરિભક્તો સારાં પાકેલાં આમ્રફળના (કેરીઓ) ભરેલા ટોપલાઓ લાવતા હતા તે કેરી ભરેલ ટોપલા શ્રીહરિને અર્પણ કરતા હતા. ॥૧૫॥ તે ટોપલાની કેરીઓ સારી પાકેલી, મધુર અને અમૃત જેવી હતી જેથી શ્રીહરિ પ્રભુ ચૂસતા હતા, અને પોતાની સાથે આવેલ સંતો પાર્ષદોને આગ્રહથી આપીને જમાડતા હતા. ॥૧૬॥ ત્યાર પછી વર્ણીએ પ્રેમથી બનાવેલા સુંદર પાકો શીરો, પૂરી, દાળ, ભાત, શાક વિગેરેનો થાળ તૈયાર કરીને શ્રીહરિને અર્પણ કર્યો. તેને શ્રીહરિએ પ્રેમથી આરોગીને શ્રીહરિએ સર્વે સંત, બ્રહ્મચારી, પાર્ષદોને જમાડ્યા તૃપ્ત કર્યા. ॥૧૭॥ ત્યાર પછી સ્વામિનારાયણ ભગવાન મહાપ્રભુ ત્યાંથી જવાની તૈયારી કરી, તે સમયે સર્વે સંતો પાર્ષદોને માર્ગમાં ભાતા માટે સર્વેને બબે લાડુ આપતા હતા. ॥૧૮॥ ત્યાંથી મહાપ્રભુ વિહાર નામના ગામ પ્રત્યે ગયા. શ્રીપ્રભુ વિહાર ગામમાં આવે છે એવા સમાચાર સાંભળીને ગામના જનો આનંદિત થયા અને સાંમા તેડવા ગયા. ॥૧૯॥ શ્રીહરિ ભગવાનનું સ્વાગત કરવા માટે જાતજાતનાં વાજિંત્રો તથા પૂજા સામગ્રી લઈને તત્કાળ દોડીને સાંમા જતા હતા. ॥૨૦॥ તે ભક્તોમાં પીતાંબર તથા તેના પિતા તથા બીજા બ્રાહ્મણો તથા જેઠીદાસ, કલ્યાણદાસ, તુલસીદાસ આદિ જેમાં મુખ્ય છે એવા વૈશ્ય ભક્તો સર્વે આવ્યા હતા. ॥૨૧॥ બાઈઓમાં ભગવાન પરાયણ માનકુબા આદી મુખ્ય ભક્તો તેઓ સર્વે શ્રી સ્વામિનારાયણ ભગવાનને જોઈને મહા



આશ્ચર્યને પામી જતાં હતાં. ॥૨૨॥ તેઓ સર્વે ગામથી પૂર્વ દિશામાં કોમળ પાંદડાંવાળો મોટો વડ હતો તેની ઉપર મોટો હીંડોળો બાંધીને શ્રીહરિ સ્વામી પ્રભુને તેમાં બેસાડતા હતા. ॥૨૩॥ તે સમયે શ્રીહરિએ શ્વેત વસ્ત્રો ધારેલાં હતાં, તેથી ખૂબ જ શોભાયમાન દેખાતા હતા એવા તે સુંદર મૂર્તિ શ્રીહરિ મહાપ્રભુ હિડોળામાં વિરાજમાન થઈને કરુણા દ્દષ્ટિથી સર્વભક્તજનોને દર્શન આપવાથી ખૂબ જ આનંદ પામતા હતા. ॥૨૪॥ શ્રીહરિ તે હિડોળામાં ઘણા સમય વિરાજમાન રહીને સર્વ ભક્તજનોને સ્વકૃપાદ્દષ્ટિથી સંતોષ પમાડીને ત્યાંથી મહાપ્રભુ ભુલાભાઈ બ્રાહ્મણભક્તના ઘેર પધાર્યા. ॥૨૫॥ ત્યાં પધારી વર્ણીએ પકાવેલા ભોજનનો, જાતજાતના પકવાનોનો થાળ તેને જમીને તૃપ્ત થયા ત્યાર બાદ સર્વે સંત સમુદાયને સારા મધુર લાડુથી ખૂબ જ આગ્રહ કરીને જમાડીને તૃપ્ત કરતા હતા. ॥૨૬॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ભક્ત પીતાંબર, તથા તેમના પુત્રને કહેવા લાગ્યા કે આ લાડુ વડે તમો જમીને તૃપ્ત થઈને પછી સર્વેગામના માણસોને જમાડો તથા ચંડાળપર્યંત સર્વેને જમાડીને તૃપ્ત કરજો. ॥૨૭॥ પીતાંબર ભક્ત પણ પ્રભુની આજ્ઞાથી પોતાના સંબંધિ પરિવારની સાથે તથા ગામના અન્ય મનષ્યોને તથા અન્ય સર્વેજ્ઞાતિનાં મનુષ્યોને ખૂબ જ જમાડ્યા છતાં તે લાડુ ખુટ્યાં નહીં. ॥૨૮॥ આ રીતના ચમત્કારથી પીતાંબરના પિતા ભુલાભાઈ બ્રાહ્મણ આશ્ચર્ય પામતા હતા. જે સ્વામિનારાયણ ભગવાનના વચનથી આખું ગામ જમી ગયું. તૃપ્ત થઈ ગયું તોય લાડુ ન ખૂટ્યાં તેથી આશ્ચર્ય પામ્યા. ॥૨૯॥ શ્રીહરિ ભગવાન ભુલાભાઈ ભક્તના આંગણામાં મંચ ઉપર વિરાજમાન થઈને સર્વ શ્રુતિ સ્મૃતિની કથા કરીને સર્વધર્મનો ઉપદેશ કરતા હતા. ॥૩૦॥ નિત્ય પ્રત્યે પ્રથમ સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવતા પૂજન આ છ-નિત્ય કર્મ છે. તે નિત્ય પ્રત્યે દરેક જને અવશ્ય કરવાં. ॥૩૧॥ તેમ જ સત્ય, શૌચ, પવિત્રતા, દયા, શાંતિ, ત્યાગવૃત્તિ, પોતાના પ્રત્યે ધીરજતા, સંતોષ, ભગવદ્ ભક્તિ, જ્ઞાન વૈરાગ્ય આ સર્વેયુક્ત થવું. ॥૩૨॥ શમ, દમ, તપ, તથા સ્વધર્મ, દાનનિષ્ઠા,

ધૈર્ય, આચાર્ય સેવા તથા ભગવાનની સેવાભક્તિ માટે હમેશાં પ્રયત્નશીલ રહેવું. ॥૩૩॥ યજ્ઞની આહૂતિના જળથી બુદ્ધિને શુદ્ધ બનાવવી. ત્રિવેણીનાં કાંઠા ઉપર બેસીને શ્રીહરિનું સ્મરણપૂર્વક ધ્યાન કરીને મનને ભક્તિમાં પ્રફુલ્લિત કરવું. ॥૩૪॥ સર્વ પદાર્થ માત્રમાં આત્મભાવ રાખવો, કેવળનશ્વર દેહ માટે આત્મભાવ ન રાખવો તથા ગરમાં રહેતા હોવા છતાં જળકમળની માફક રહે અસ્થિર મનથી રહેવું. ॥૩૫॥ બ્રહ્મમય થઈને પ્રસન્ન આત્મા થવું. કોઈ જાતનો હર્ષ શોક કરવાનો નહીં, મનને ભગવાનમાં જોડી રાખીને શુદ્ધ ચિત્તવાળા થવું અને તેમને સ્ત્રીધનની અપેક્ષા રહેતી નથી તે સત્ત્વમય બની જાય છે. ॥૩૬॥ આવી રીતે શ્રીહરિ મહાપ્રભુએ સર્વેહરિ ભક્તોને ઉપદેશ આપીને તૃપ્ત કર્યા. ત્યાર પછી શ્રીહરિ સર્વ સંતપોર્ષદોની સાથે ત્યાંથી બીજે જવા નીકળ્યા. ॥૩૭॥ વિહારથી પ્રભુ ગવાડા નામના ગામ પ્રત્યે ગયા. ત્યાં મહાપ્રભુ વાણિયાના ઘરના આંગણામાં રાત્રે શયન કરીને સવારમાં વહેલા ઊઠીને ચાલતા થયા. ॥૩૮॥ ત્યારે રસ્તામાં ચાલતાં ઉમાભાઈ ભક્ત ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રભુને કહેવા લાગ્યા હે પ્રભુ ! મારાં વસ્ત્રો દેખાતાં નથી. તેથી તે ક્યાં ગયાં છે તેમને કહો. ॥૩૯॥ ત્યારે શ્રીહરિ પ્રભુ હસતા થકા પોતાના પાર્ષદોને કહેવા લાગ્યા કે તમે આવી ઘોર નિંદ્રામાં ઊંઘો તે યોગ્ય કહેવાય. આ રીતે નિશ્ચિંત થઈને ઊંઘો. આવી સ્થિતિ આવે. ॥૪૦॥ હું કાંઈ જાણતો નથી. તમારા વસ્ત્રો ક્યાં ગયા પરંતુ પોતાના વસ્ત્રનું ધ્યાન પોતે જ રાખવું જોઈએ. હવેથી કાયમ માટે સાવધાન થઈને વર્તવું જોઈએ. ॥૪૧॥ આવી રીતે સ્વજનોને કહેતા થકા ચાલ્યા જાય છે. એટલામાં વિજાપુર નામના નગરની સમીપમાં પહોંચ્યા ત્યારે પોતાના અભય ભક્તને શ્રીહરિ કહેવા લાગ્યા. ॥૪૨॥ હે ભક્ત ! હું આ આંબલીના ઝાડની નીચે બેસું છું અને તમો અત્યારે આ ગામમાં વજીબાની પાસે જાઓ એમની પાસેથી અમારા માટે કાંઈક ખાવાનું લઈ આવો. ॥૪૩॥ આ પ્રમાણે જગદ્‌ગુરુ શ્રીહરિ ભગવાનનું વચન સાંભળીને તે ઉમાભાઈ ભક્ત જલદીથી ગામમાં જઈને વજીબાઈના ઘર



પ્રત્યે ગયા ત્યાં જઈને વજીબાઈને સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે તેના સમાચાર આપ્યા છે. ॥૪૪॥ અને કહેવા લાગ્યા હે વજી બા ! અત્યારે શ્રીહરિ ભગવાનને ખૂબ જ ભૂખ લાગી છે તેથી એમના માટે તમારા ઘરમાં જે કાંઈ પદાર્થ તૈયાર હોય તે લઈને ભગવાન પાસે ચાલો. ॥૪૫॥ જલદીથી જે તૈયાર હોય તે લઈને ચાલો. મોડું કરશો નહીં આવી રીતનાં ભક્તનાં વચનો સાંભળીને વજી બા પ્રેમવિભોર બની ગયાં ઉતાવળાં થઈ ગયાં. ॥૪૬॥ ત્યારે ઘરમાંથી તૈયાર બે રોટલા અને દૂધ તથા દહીંનાં બે પાત્રોમાં લઈને પાર્ષદની સાથે ઉતાવળાં પગલે ચાલવા લાગ્યાં અને જ્યાં આંબલીના ઝાડ નીચે ભગવાનસ્વામિનારાયણ બેઠા હતા ત્યાં આવ્યાં અને વજીબા ભગવાનને નહીં જોઈને અતિશય આકુળ વ્યાકુળ થઈ ગયાં. ॥૪૭, ૪૮॥ તેણીની વજીબા મનમાં ખૂબ જ મુંજાવા લાગી. ભગવાનનાં દર્શનના વિયોગથી ખૂબ જ દુઃખી થવા લાગી અને લાવેલ ભોજન સામગ્રી નીચે મૂકીને બન્ને હાથ જોડીને દીનવાણીથી કહેવા લાગી. ॥૪૯॥ હે મહાપ્રભુ ! આપતો ભક્તિ ધર્મના પુત્ર છો અને ભારતની પ્રજાના કલ્યાણ માટે પૃથ્વી ઉપર પધાર્યા છો એવા હે મહાપ્રભુ ! આપ અત્યારે ગમે ત્યાં હો તો પણ મને દર્શન આપો એવી મારી વિનંતી છે. કૃપા કરીને દર્શન આપો. ॥૫૦॥ ત્યારે વજીબાએ શ્રીહરિમહાપ્રભુ આંબલીના ઝાડની ડાળી ઉપર બેઠેલા જોયા શ્રીહરિ પ્રભુને જોયા ત્યારે હર્ષ ઘેલી થયેલી વજીબા કહેવા લાગી. ॥૫૧॥ હર્ષયુક્ત મનવાળા વજીબા કહે છે હે મહાપ્રભુ ! અનેક જીવોના કંઠના હારરૂપ હે પ્રભુ તમો આવી રીતની લીલા કેમ કરો છો ? અમારાથી અદૃશ્ય થઈને કેમ રહ્યા છો. ॥૫૨॥ હે કૃપાળુ ! હે ભક્ત વત્સલ ! આપના માટે લાવેલ ભોજન તેને આપ જમો કેમ કે તમો ખૂબ જ ભૂખ્યા થયા છો. તેથી અમને અમારા ભાવને પૂર્ણ કરીને સુખી કરો. ॥૫૩॥ આવી રીતનાં તેણીનાં વાક્યો સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ આંબલીના વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યા અને લાવેલાં ભોજન દહીંને રોટલો જમ્યા. ॥૫૪॥ ભગવાન જમીને પોતાના સેવકભક્તોને દહીંને રોટલો આપીને જમાડ્યા તૃપ્ત કર્યા તેણીની

વજી બાએ લાવેલ પ્રેમ ભરપૂર પદાર્થોથી તૃપ્ત થયેલા શ્રી ઘનશ્યામ પ્રભુ પ્રસન્ન થઈને કહેવા લાગ્યા. ।।૫૫।। હે વજીબા ! તમો અમારી પાસે કાંઈક વરદાન માગો અમો તમારી ઉપર પ્રસન્ન થયા છીએ તમો જે માંગશો તે જરૂર આપવા તૈયાર છીએ, તમારી પ્રેમયુક્ત ભક્તિથી પ્રસન્ન થયા છીએ તેથી માંગો. ।।૫૬।। ત્યારે વજીબા કહેવા લાગ્યાં કે હે પ્રભુ ! જો મારી ઉપર આપ પ્રસન્ન થયા હો તો હમેશાં મારી દૃષ્ટિમાં નિવાસ કરીને ને રહો એ પ્રમાણે ભગવાન પાસે માગ્યું. ।।૫૭।। હે પ્રભુ ! મને છોડીને ક્યારેય ન જશો. તમારા સિવાય બીજા કોઈનું મને સ્મરણ ન થાય. રાત-દિવસ તમારું સ્મરણ થાય. આવું અખંડ મને વર્ત્યા કરે એ પ્રમાણે મારા હૃદયમાં નિવાસ કરીને રહો. ।।૫૮।। હે પ્રભુ ! અત્યારે આપ મારા ઘેર પધારી મારા ઘરને પાવન કરો. સંત પાર્ષદોની સાથે મારે ઘેર પધારી મારા મનોરથ પૂર્ણ કરવાની કૃપા કરો. ।।૫૯।। **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** હે રાજન્ ! તે વજીબાના વચનો સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થઈને તે વજીબાને કહેવા લાગ્યા. હે સાધ્વી ! તું મને સર્વકાળમાં પ્રત્યક્ષ જોઈશ. ।।૬૦।। અત્યારે અમો તારા ઘેર આવીએ છીએ. તેના માટે સર્વે સાધન સામગ્રી તૈયાર કરો આ પ્રમાણેનાં ભગવાનનાં વચનો સાંભળીને મનમાં ખૂબ જ મોહ પામીને તત્કાળ પોતાના ઘર પ્રત્યે ગઈ. ।।૬૧।। ત્યારે સર્વે સાધુજનો માર્ગમાં ભગવાનનું સ્મરણ કરતા ગુણ ગાતા જતા હતા, ત્યારે નગરજનો શ્રીહરિનું દર્શન કરીને આનંદ પામતાં હતાં તે ચરણમાં પડીને નમસ્કાર કરીને ખૂબ જ રાજી થતાં હતાં. ।।૬૨।। હવે વિજાપુરનાજનોને ભગવાન શ્રીહરિનું સ્વરૂપ અદ્‌ભુત ચિત્રવિચિત્ર શોભાવાળું લાગતું હતું. તે જ સ્વરૂપનાં દર્શન કરીને હમેશાં મનને વિશે અતિશય સુખને પામતાં હતાં. હમેશાં ભગવાનના સ્વરૂપની સ્મૃતિ કરતાં હતાં. ।।૬૩।।

**ઈતિ શ્રીમદ્ ઉધ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદમુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિ લીલા સુધાકરમાં શ્રીહરિ વિજાપુરમાં પધાર્યા. એ નામે અઠાવનમો અધ્યાય થયો. ।।૫૮।।**



## ।। અધ્યાય - ૫૯ ।।

**બ્રહ્મમુનિ કહે છે** : હે રાજન્ ! વજીબા વિજાપુરમાં જઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આવવાના સમાચાર આપે છે. તે સાંભળી નગરના ભક્તજનો ભગવાનને સન્માનવા માટે પૂજાસામગ્રી તૈયાર કરવા લાગ્યા. ।।૧।। ભગવાનને સત્કારવા માટે ફુલ, ચોખા, કુમકુમ આદિ માંગલિક વસ્તુઓ એકત્રિત કરીને મહોત્સવ મનાવતા હતા ।।૨।। વિજાપુરના હરિભક્તો અને અન્ય નગરજનો આનંદપૂર્વક સ્વાગત માટે પૂજાસામગ્રી લઈ ભગવાનને સામે તેડવા જતાં હતાં ।।૩।। તેમાં પ્રાગજી ભક્ત મુખ્ય છે. તેમના પુત્ર બદ્રીશ્વર તથા દયાળ, નિર્ભયરામ, ગોપાળ આદિ મુખ્ય હતા. બીજા પણ અન્ય જનો હતા. ।।૪।। નંદા, વખ્તી, જેઠી આદિ ભક્તિપરાયણ બહેનો ભગવાનના કીર્તનો ગાતી થકી ભગવાનના દર્શનાર્થે ઉત્સુકતાથી જતી હતી. ।।૫।। આ સર્વે સ્ત્રી-પુરુષ ભક્તજનો જુદા જુદા પ્રકારનાં વાજિંત્રો વગાડતાં થકાં રથ લઈને ભગવાનનાં દર્શનાર્થે સન્મુખ જતાં હતાં. ।।૬।। આ સર્વે ભક્તજનો ભગવાનનાં લલાટે કુમકુમનો ચાંદલો અને કંઠમાં પુષ્પના હાર પહેરાવી ખૂબ જ આનંદ પામતાં હતાં. ।।૭।। પછી ભગવાનને દંડવત્ પ્રણામ કરી મુખ્યજનો આવનાર સંત હરિભક્તો માટે ભોજનની વ્યવસ્થા કરવા લાગ્યા. ।।૮।। રથમાં બેઠેલા ભક્તો, મુનિઓ, વર્ણીઓ, પદાતિઓ અને અસવારોથી વીંટાયેલા પ્રભુ પુરમાં પ્રવેશ કરતા હતા. ।।૯।। શ્રી હરિની આગળ ચાલનાર ભક્તો શ્રીહરિનો જયનાદ કરી, સુવર્ણ ધ્વજદંડ ઊંચા કરી ભક્તો ભાગતા થકા અને ભગવાનનો ખૂબ જ યશ ફેલાવતા હતા ।।૧૦।। ભગવાન જ્યારે પુરમાં પ્રવેશ કરતા હતા ત્યારે ભેરી, તૂરી, મૃદંગાદિના નાદ થતા હતા, ભૂંગળ વગેરેના સૂરથી વાતાવરણ પવિત્ર થતું હતું. ।।૧૧।। રાજમાર્ગ ઉપરથી નગરમાં પ્રવેશ કરતા ધર્મપુત્ર શ્રી નારાયણ ભગવાન ભક્તજનોથી વીંટળાયેલા હતા. સર્વજનો ફૂલોથી પ્રેમપૂર્વક તેમનું સ્વાગત કરતાં હતાં,

વધાવતાં હતા. નગરની સ્ત્રીઓ પ્રફુલ્લ નેત્રોથી એકીટશે શ્રીહરિનાં દર્શન-અર્ચન કરતી હતી. ॥૧૨॥ નગરજનોએ શ્રીહરિનાં સારી રીતે દર્શન કર્યાં. શ્રીફળ, ફૂલહાર પહેરાવી સન્માન કર્યું. પછી પ્રાગજી ભક્તે નગરયાત્રા બાદ પાર્ષદો સાથે પ્રભુની પોતાના ઘેર પધરામણી કરાવી. ॥૧૩॥ કામદેવના ગર્વને હરનારા, શ્રીહરિ, મહાપ્રભુ, કરુણામૂર્તિ સહજાનંદ સ્વામી રથ ઉપરથી નીચે ઊતરી પ્રાગજી ભક્તના ઘરના આંગણામાં મંચ ઉપર વિરાજમાન થયા. ॥૧૪॥ નગરના ભક્તજનો શ્રીહરિની સન્મુખ બેઠાં. શ્રીહરિ ભક્તોને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિનું સ્વરૂપ સમજાવવા લાગ્યા. ॥૧૫॥ વિજાપુરના ભક્તજનોને ઉપદેશ આપી પ્રેમીભક્તો બનાવ્યા. મુકુન્દવર્ણી તેમણે બનાવેલ પાકથી શ્રીહરિ મહાપ્રભુને જમાડતા હતા. ॥૧૬॥ ત્યાર પછી પ્રાગજી ભક્તે સર્વમુનિઓને શિરો, માલપુવા, લાડુ, વેંતાકના શાક આદિથી ખૂબ જમાડતા હતા. ॥૧૭॥ આવી રીતે શ્રીહરિ સંતો-પાર્ષદોને જમાડી ધર્મનિષ્ઠાવાળા દંપતિ પોતાને કૃતાર્થ સમજી ભાગ્યશાળી માનવા લાગ્યાં. ॥૧૮॥ સુખેથી વિરાજમાન એવા શ્રીહરિને સુગંધિત ચંદનથી અર્ચન કરી પ્રેમીભક્તો પરમ સુખને પામતાં હતાં. ॥૧૯॥ ત્યારે આ નગરમાં કંસારા જ્ઞાતિનો ગોપાળ ભક્ત ઉદાર બુદ્ધિનો હતો. તે ભગવાનનો નિશ્ચય કરતો હતો. ॥૨૦॥ તેના સંબંધીઓ જે કબીરપંથના આશ્રિત હતાં તે ગોપાળ ભક્તના સત્સંગી થવાની વાત જાણીને તેને વઢતાં હતાં, તેની સાથે દ્વેષ કરતાં હતાં અને મનમાં ખૂબ જ બળતાં હતાં. ॥૨૧॥ જ્ઞાતિજનો કહેવા લાગ્યાં કે આને જ્ઞાતિની બહાર મૂકો, કબીર ગુરુ કહે છે. આ ગોપાળ મારો શિષ્ય હતો અને ધર્મત્યાગ કરી વિધર્મી બન્યો છે, બીજા ગુરુ કર્યા છે. ॥૨૨॥ એટલા માટે નાત બહાર મૂકો. તેની સાથે વ્યવહાર કરનારનો પણ ત્યાગ કરો. આવી તેમની વાણી સાંભળી કંસારાઓ તેનો દ્વેષ કરવા લાગ્યા. ॥૨૩॥ ગુરુના કહેવાથી બધા કબીરાઓએ તથા સર્વે સંબંધીઓ મળી ગોપાળને કહેવા લાગ્યાં કે નાતનો રિવાજ છોડી શ્રીહરિનો આશ્રિત કેમ બન્યો છે ? ॥૨૪॥ કુળપરંપરાના ગુરુનો ત્યાગ



કરી અન્યને ગુરુ શા માટે બનાવ્યા તેનું કારણ કહે. ॥૨૫॥ ત્યારે ગોપાળે કહ્યું, “તમે બધા બુદ્ધિ વિનાના છો. મેં શું ખોટું કર્યું છે ? કેમ કે રાજાબલિએ પોતાના ગુરુ શુક્રાચાર્યનો ત્યાગ શા માટે કરેલો ?” ॥૨૬॥ ગુરુ કોઈનો મિત્ર, પિતા, માતા, દેવતા કે પતિ નથી અને જે મૃત્યુના પાશ થકી મુકાવી શકતો નથી તે ગુરુનું કોઈ મહત્ત્વ નથી. ॥૨૭॥ એટલા માટે મેં રક્ષણ કરનાર ભગવાન શ્રીહરિને સર્વશ્રેષ્ઠ માન્યા છે. સ્વામિનારાયણને ઓળખી, વિચારી એમનો સેવક થયો છું ॥૨૮॥ આવી ગોપાળ ભક્તની વાત સાંભળી તે લોકો મનમાં બળવા લાગ્યાં. એટલું જ નહિ, પણ કહ્યું કે તારા ભક્તિનંદન સાચા ભગવાન હોય તો લોઢાના ગોળાને તારા હાથથી અગ્નિમાં તપાવી લાલચોળ ગોળાને ઉપાડીને ચાલ અને જો તારી રક્ષા કરે તો તારા ગુરુ સાચા. ॥૨૯-૩૦-૩૧॥ સંબંધીઓ તથા કબીરીયા ગુરુના આવા વાક્યો સાંભળી સ્વામિનારાયણ ભગવાનમાં દૃઢ શ્રદ્ધાવાળા ગોપાળ ભક્ત તેમને કહે છે, “મિત્રો ! તો તમે લોઢાનો ગોળો તપાવો.” ॥૩૨॥ દુષ્ટ બુદ્ધિવાળા કબીરીયા લોઢાની રીંગને (ગોળાને) ખૂબ તપાવી તેને ગોપાળના હાથમાં આપતા હતા. ॥૩૩॥ હે રાજન ! ગોપાળ ભક્ત શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં અનન્ય નિષ્ઠા રાખી તેમનું સ્મરણ કરી તપાવેલા ગોળાને પોતાના બંને હાથમાં ઘડીવાર સુધી પકડી રાખતા હતા. ॥૩૪॥ જ્ઞાતિજનો તથા કબીરગુરુ બધાં જોતાં જ રહ્યાં અને ગોપાળ ભક્તે દશ ડગલાં સુધી ચાલી તે ગોળાને નીચે મૂક્યો. ॥૩૫॥ હે રાજન્ ! તે ગોળો પૃથ્વી પર પડ્યો ત્યારે જમીન બળવા લાગી, ખદબદવા લાગી. તે જોઈ ઊભેલા સર્વેજનો આશ્ચર્ય પામ્યા. ॥૩૬॥ આવું આશ્ચર્ય જોઈ ગોપાળ ભક્તના સંબંધીઓ પોતાના મતનો ત્યાગ કરી શ્રીહરિને સાચા માનવા લાગ્યાં અને દૃઢભક્તિવાળાં થઈ શ્રીહરિના એકાંતિક આશ્રિત બન્યાં. ॥૩૭॥ ગોપાળ ભક્ત પણ પોતે પરીક્ષામાં પાર પામ્યા તેથી ભગવાન સહજાનંદ સ્વામી પ્રત્યે નિષ્ઠા રાખી પ્રેમપૂર્વક ભજન કરવા લાગ્યા અને પોતાના ઘેર પધાર્યા. ॥૩૮॥ નારાયણ મુનિ ભગવાન પણ પ્રાગજી ભક્તને

ત્યાં રહી સુખ આપતા હતા. પછી વર્ણી બ્રહ્મચારી સાથે બીજે જવાની તૈયારી કરવા લાગ્યા. ॥૩૯॥ વિજાપુરના ભક્તજનોએ શ્રીહરિનું ભક્તિભાવપૂર્વક ખૂબ જ પૂજન કર્યું. ભગવાને ભક્તજનોને સ્વ-સ્વરૂપનું સુખ આપતા થકા નગરથી બહાર પધાર્યા. ॥૪૦॥ વળાવવા આવેલા પ્રેમી ભક્તોને પાછા ઘર તરફ વાળી પોતે ઘોડા ઉપર સવાર થઈ પ્રાંતિજ નગર તરફ પ્રયાણ કર્યું ॥૪૧॥ પ્રાંતિજના નગરજનોને ભગવાન પધારે છે એવા સમાચાર સાંભળતાં જ દયારામ, મંછારામ આદિ ભક્તો રથ લઈ સામે પધાર્યા ॥૪૨॥ શ્રી ઘનશ્યામ મહાપ્રભુને અશ્વ ઉપર આવતા નિહાળીને ભક્તજનો હાથ જોડી, મસ્તક નમાવી પ્રણામ કરી કહેવા લાગ્યા. ॥૪૩॥ હે મહારાજ ! આપ વિજાપુર પધાર્યા છો તે સમાચાર જાણી, અમારા ગામના ભક્તજનોને દર્શનનો લાભ મળે તેવી આશા રાખતા હતા. ॥૪૪॥ હે મહાપ્રભુ ! અમો કેવા ભાગ્યશાળી છીએ કે, આપ અવતાર ધારણ કરી આ પૃથ્વી ઉપર અનંત જીવોને કલ્યાણનું અભયદાન આપવા પધાર્યાછો ત્યારે અમને દર્શનનો લાભ મળે છે. ॥૪૫॥ અમારા મહાભાગ્ય છે. આપના દર્શન થયાં એ જ પ્રમાણ છે. આપ સંત સમુદાય સાથે આ રથમાં વિરાજમાન થઈ અમને કૃતાર્થ કરો એવી પ્રાર્થના છે. ॥૪૬॥ ભક્તજનોની પ્રાર્થના સાંભળી શ્રીહરિ ઘોડા ઉપરથી ઊતરી, મુક્તાનંદ આદિ સંતો સાથે રથમાં બિરાજ્યા અને અતિ શોભાયમાન લાગવા માંડ્યા. ॥૪૭॥ રથમાં બેઠા થકા સંકલ્પને - હૃદયની વાતને જાણનારા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ મયારામ વિપ્રને કહેવા લાગ્યા. ॥૪૮॥ 'વિપ્ર, તમે ખૂબ થાકેલા છો. માટે આ રથમાં બેસી જાઓ.' ત્યારે તે ભૂદેવ ભગવાનનું વચન માની રથમાં બેસી ગયા. ॥૪૯॥ ભગવાને માખણ જેવા ચરણકમળ તેમના ખોળામાં મૂક્યા જેથી તે ભક્ત પોતાના અહોભાગ્ય માની ભગવાને મારી ઉપર મહાકરુણા-કૃપા કરી છે તેમ માનવા લાગ્યા. ॥૫૦॥ તે બ્રાહ્મણ શ્રીહરિના ચરણારવિંદમાં જોવા લાગ્યા તો સામૂદ્રિક શાસ્ત્ર મુજબ ચરણતળમાં સોળે ચિહ્ન દૃષ્ટિગોચર થયાં. ॥૫૧॥ ત્યારે



વિપ્ર શ્રીહરિ સાક્ષાત્ નારાયણ છે તેમ માની ભગવાનને બે હાથ જોડી નમ્રતાપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. ॥૫૨॥ મયારામ વિપ્ર કહે છે – હે મહાપ્રભુ ! આપ અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ, અનંત કોટિ બ્રહ્માડાધિપતિ નારાયણ છો. આપ અનંત મુક્તો થકી હંમેશાં સેવાયેલા છો. વેદો પણ આપના મહિમાનો પાર નથી પામી શકતા. ॥૫૩॥ આપના સિવાય અન્ય કોઈને હું ભગવાન નથી માનતો, કેમ કે કાળ, કર્મ, માયાના સ્વામી આપ જ છો. શેષ, શારદા પણ આપના ગુણોનો પાર પામી શકતાં નથી. એટલા માટે, હે અક્ષરધામાધિપતિ મહાપ્રભુ ! હું આપનું અખંડ ભજન કરું છું. ભજું છું. ॥૫૪॥ જાણે આકાશમાંથી પોતાના પાર્ષદે સહિત અમૃતકુંભ આવેલ છે તેમ રથમાં વિરાજમાન ધર્મપુત્ર શ્રીહરિની સ્તુતિ કરતા હતા. ॥૫૫॥ સર્વ દેવો જેને વશ છે. સર્વના આત્માના આત્મા જીવ માત્રના જીવનરૂપ, સર્વ લોકના સ્વામી મનુષ્યરૂપ ધારણ કરેલ શ્રી હરિ પ્રાંતિજપુર પહોંચતા હતા. ॥૫૬॥

**ઈતિ શ્રીમદ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ વિરચિત શ્રી હરિલીલા સુધાકર ભક્તિશાસ્ત્રમાં શ્રીહરિ પ્રાંતિજ પુર પધાર્યા એ નામે ઓગણસાઈઠમો અધ્યાય થયો. ॥૫૯॥**

## ॥ અધ્યાય - ૬૦ ॥

**બ્રહ્માનંદ મુનિ કહે છે :** હે રાજન્ ! ગામના ભક્તોની સાથે મહાપ્રભુ પ્રાંતિજ ગામ ભણી આવ્યા. વર્ણીપતિ ભગવાનને આવેલા જોઈ સર્વ જનો ખુબ જ આનંદ પામવા લાગ્યાં. ॥૧॥ સર્વે જનોએ નવાં વસ્ત્રો પહેર્યાં હતાં અને હાથમાં ભગવાનના સ્વાગત માટે પૂજાસામગ્રી ફૂલ, હાર, ચોખા, ચંદન, શ્રીફળ વગેરે લીધેલાં હતાં. ॥૨॥ હાથમાં મુક્તા ફળ-મણિના થાળ લઈ શ્રીહરિને ભાવપૂર્વક નિહાળતાં હતાં. બીજા સ્ત્રી-પુરુષ ભક્તો ભગવાનનાં કીર્તનો ગાતાં આગળ લઈ જતાં હતાં. ॥૩॥ મુખ્ય ભક્તો

હતા શીવરામ, કાશીદાસ, જોઈતારામ, ગોવિંદ, ક્ષેમજીત, પ્રભુરામ, જીવાભાઈ, અંબારામ, વિશ્વનાથ, હરગોવિંદ, રેવાભાઈ, કેવળ, નથુભાઈ, પિતાંબરભાઈ, અખંડ સમાધિવાળા તુલજારામ, ભગવાન, શંકર, લોકનાથ, માધવ અને નાનચંદ ॥૪-૫॥ પ્રભુભાઈ, હરગોવિંદભાઈ, મલુકભાઈ, ઉકાભાઈ, ત્રિકમભાઈ, હેમરાજભાઈ, ગોપાળ, દલ્લુભાઈ, ગણેશભાઈ, નૃસિંહભાઈ, અમુલખભાઈ, આદિ ભાઈઓ ॥૬॥ ખુશાલભાઈ, હરિભાઈ, વીરભાઈ, ભોળીદાસ વગેરે એકાંતિક હરિભક્તો સર્વે ભાઈઓ ત્યાં આવ્યા. ॥૭॥ રૂપા, ઈચ્છા, યમુના, ફુલા, મોંઘી, સુવર્ણ, રેખા, રત્ના, મણી, અમૂલા, નુતના, પત્રી, બદીન, કુન્દન, ઝમકુ, યત્ના વગેરે સ્ત્રી હરિભક્તો હતાં. ॥૮॥ આ બધા હરિભક્તો ગાજતે વાજતે, જુદા જુદા વાજિંત્રોના તાલ સાથે શ્રી હરિ ભગવાનને પ્રાંતિજ નગરમાં લઈ આવ્યા. ॥૯॥ કમળની પાંખડી સમાન નેત્રવાળા, ગુણનિધિ મહાપ્રભુ નારાયણ મુનિ મુક્ત સમુદાયથી વીંટળાઈને લીમડાના વૃક્ષ નીચે વિરાજમાન હતા. પુરના લોકો બંને હાથ જોડી પ્રેમપૂર્વક પ્રણામ કરતાં હતાં. ॥૧૦॥ ભગવાન પધાર્યા તેથી હર્ષનાઅતિરેકથી ભક્તોનાં નેત્રોમાં અશ્રુ ઉભરાઈ આવ્યાં છે. જીવમાત્રનું કલ્યાણ કરનારા ધર્મના પુત્ર શ્રીહરિને ભક્તજનો ચંદન, પુષ્પહાર, તેમજ જાતજાતનાં આભૂષણો - વસ્ત્રો પૂજા કરીને અર્પણ કરતાં હતાં. ॥૧૧॥ મહાપ્રભુ રથમાં બેસીને નગરની વિવિધ શોભા તેમજ ફૂલોથી શણગારેલ માર્ગો, સોનાના કળશોવાળી મહેલોની અટારીઓ તથા ધજા પતાકાથી જેનો તાપ રોકાઈ રહ્યો છે એવી તે નગરની શોભાને કમળનયન શ્રીહરિ મહાપ્રભુ નિહાળતા થકા. ॥૧૨॥ ઘોડેશ્વારોથી વિંટાયેલા, નવીન મેઘ સમાન આકૃતિવાળા ધર્મપુત્ર શ્રીહરિ મનોહર મુખકમળથી સ્મિત મંદહાસ્ય - વર્ષાવી સર્વજનોને મોહ પમાડી પોતામાં ખેંચતા થકા નગરમાં પ્રવેશી રહ્યા હતા. ॥૧૩॥ હે રાજન ! ભગવાન શ્રી હરિ પ્રાંતિજ નગરમાં પ્રવેશી રહ્યા હતા ત્યારે દેવો આનંદિત થઈ પુષ્પવર્ષા કરતા હતા. દુંદુભિના નાદ વાજિંત્રોમાંથી સંભળાઈ રહ્યા હતા. મંદ મંદ



પવન વાતો હતો અને અતિશય આનંદદાયક વાતાવરણ સૌને પ્રફુલ્લિત કરતું હતું. ॥૧૪॥ સુવર્ણ લાકડી હાથમાં લઈ ચાલતા જનો મહાપ્રભુનો જયઘોષ કરતા કરતા નગરમાં પ્રવેશી રહ્યાં છે. લોકો શ્રીહરિના ઐશ્વર્યથી આશ્ચર્ય પામી રહ્યાં છે. ॥૧૫॥ માર્ગમાં આવી રહેલા આત્મપતિ શ્રીહરિને આવતા નિહાળી સ્ત્રીઓ નેત્રની પાંખડીઓથી ભગવાનના સ્વરૂપનું પાન કરતી હતી. અતિશય ઉત્કંઠાવાળી થવાથી તેમનાં મસ્તકના વાળનાં બંધનો ઢીલાં થઈ ગયાં છે અને અંબોડામાંના હાર-વેણીઓ પણ વીખરાઈ ગઈ છે. તેવી ભાવવિભોર થઈ જતી હતી. ॥૧૬॥ સ્વભક્તો દ્વારા સોનાના ઈંડા સમાન છત્ર છવાયેલું છે. ચામર ઢોળાય છે. મુક્તાફળ મણીની માળા કંઠમાં ધારેલી છે. મસ્તક ઉપર મુકુટ શોભી રહ્યો છે. ॥૧૭॥ આ રીતની શોભાને માણતા થકા સ્ત્રી-પુરુષો પ્રેમપૂર્વક ગીતો ગાઈ રહ્યાં છે, એ વાતે શ્રીહરિ સર્વે મુનિ સહિત મંછારામ ભક્તના આંગણે પધાર્યા. ॥૧૮॥ આંગણામાં અતિશય શોભાયમાન કેળના થાંભલા ઊભા કરી, તોરણો બાંધી, હાર તેમજ જાતજાતના પતાકાઓથી મંડપ શણગારેલ છે. ॥૧૯॥ મંડપ નીચે સુંદર મંચ બનાવેલ છે. તેના ઉપર મહાપ્રભુ બિરાજમાન થયા. સર્વે ભક્તોને સ્વસ્વરૂપનાં દર્શન આપી સુખિયા કર્યા. ॥૨૦॥ મંછારામ ભક્તના ઘેર બહેનોએ શ્રીહરિ માટે સુંદર ભોજનના થાળ તૈયાર કર્યા છે. જેમાં વિવિધ પ્રકારનાં ભોજનો અને વ્યંજનો છે. ॥૨૧॥ સત્પતિ ભગવાન શ્રીહરિને ભોજન લેવા માટે પ્રાર્થના કરી ત્યારે પ્રથમ મહાપ્રભુએ સુંદર બાજોઠ ઉપર બેસી ગરમ પાણીથી સ્નાન વિધિ કરી. ॥૨૨॥ હે રાજન્ ! પ્રાંતિજ પુરમાં શ્રી હરિ પવિત્ર આસન ઉપર બિરાજી સુંદર ભોજનો જમી પછી છાશ આરોગીને તૃપ્તિ અનુભવતા હતા. ॥૨૩॥ જમ્યા પછી શીતળ જળનું પાન કર્યું. વચ્ચે વચ્ચે પણ જળપાન કરતા હતા. ॥૨૪॥ શાંતિથી ભોજનથી તૃપ્ત થઈ જળ વડે હાથ ધોઈ, મુખ ધોઈ, સાધુ-પાર્ષદો, સ્વારોને સુંદર મજાના મધુર લાડુ આદિ પકવાનોથી જમાડી તૃપ્ત કરતા હતા. ॥૨૫॥ શ્રીહરિ સર્વે સંતો પદાતિઓને જમાડી, ઉતારે જઈ મધ્યાહ્‌ન શયન કરતા

હતા, ત્યારે લાલજીભાઈ વિપ્ર પોતાના મનમાં કોઈક સંકલ્પ કરી ત્યાં આવ્યા. ॥૨૬॥ એમણે સંકલ્પ કર્યો, 'અત્યારે મને પ્રભુ તેમના પગ દબાવવાની સેવાની આજ્ઞા આપે તો હું માનું કે સ્વામિનારાયણ સાચા ભગવાન છે.' આ રીતે સંકલ્પ કરી સંકોચ પામતા હતા. ॥૨૭॥ કારણ કે પ્રભુ અત્યારે પોઢેલા હતા. પણ... પ્રભુ તો અંતર્યામી છે. લાલજી વિપ્રના સંકલ્પને પૂર્ણ કરવા સ્મિતયુક્ત વાણીથી કહ્યું હે વિપ્ર, તમે તમારી બળ શક્તિ પ્રમાણે પગચંપી કરો. ॥૨૮॥ ભૂદેવ પોતાની બળશક્તિ પ્રમાણે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણ દબાવી ખૂબ પ્રેમપૂર્વક અંગચંપી કરી મનમાં ખૂબ જ સંતોષ પામ્યા. ॥૨૯॥ બ્રાહ્મણ શ્રીહરિને ભગવાન માનવા લાગ્યો. ॥૩૦॥ પોતાના મનમાં નિઃસંશય થઈને પોતાને ઘેર ગયો. નિત્ય પ્રત્યે નિર્ભય થઈ ભગવાનની ખૂબ જ ભક્તિ કરવા લાગ્યો. ॥૩૧॥ હે રાજન્ ! શ્રી હરિએ બીજા દિવસે સવારમાં તેને જગાડી સાથે લઈ પ્રાતઃ સ્નાન કરવા માટે બંધકાક (પ્રાંતિજની બોખો) સરોવરમાં ગયા. ॥૩૨॥ જેમનું કીર્તન સ્મરણ પવિત્ર છે, એવા ઘોડેશ્વાર થયેલા શ્રીહરિ મહાપ્રભુ મુકુંદાનંદ અને જયાનંદ વર્ણીથી સેવાયેલા તેમજ ગૃહસ્થ ભક્તોને અનુસરતા જઈ રહ્યા હતા. ॥૩૩॥ તે બંધનું પાણી નિર્મળ તરંગોવાળું હતું. તેમાં પ્રવેશ કરતાં આનંદ આનંદ થતો હતો. શ્રીહરિ ઉપર ચડી વારંવાર અંદર પડે છે. જેથી પાણીની ભમરીઓ થતી હતી. ॥૩૪॥ આ દૃશ્ય જોઈ મનુષ્યો આશ્ચર્યચકિત થતાં હતાં. કયારેક સમુદ્ર સમાન પાણીમાં તરતા તરતા દૂર સૂધી જાય છે. શ્રી હરિના વૈદુર્ય, મુક્તાફળ, માણેક યુક્ત કરકમળને વારંવાર દબાવવાથી વાયુયુક્ત વાતાવરણ ખૂબ જ મનોહર જણાતું હતું. ॥૩૫॥ આ સરોવરના કાંઠે આંબાના વૃક્ષો શોભાની અભિવૃદ્ધિ કરતાં હતાં. વાયુકોણ દિશામાં સારા સ્થળે શ્રીહરિ ગયા. ॥૩૬॥ ત્યાં દંતધાવન, શૌચ આદિ સર્વે ક્રિયા કરી એક વસ્ત્ર પહેરી સરોવરના જળમાં જઈને શ્રીહરિએ સ્નાન કર્યું. સાથે સર્વે સંત હરિભક્તો પણ સ્નાન કરવા લાગ્યા. ॥૩૭॥ ઘણીવાર સુધી સ્નાનક્રિયા કરી. પછી બહાર નીસરી



વસ્ત્રો ધારણ કરી સફેદ ઘોડા પર અસવાર થઈ ચાલતા થયા. ॥૩૮॥ સ્નાન કરી શ્રીહરિ ગામમાં જઈ રહ્યા હતા ત્યારે માણેકચંદ ભગતે નજીકમાં આવેલા પોતાની બહેનના ઘરે પધારવા શ્રીહરિને વિનંતી કરી. ॥૩૯॥ ઘણા સમયનો સંકલ્પ શ્રીહરિનો પોતાને ત્યાં પધરામણી કરી પુર્ણ કર્યો. પ્રેમપૂર્વક ભોજન બનાવી થાળ જમાડી તૃપ્ત કર્યા, ત્યારબાદ શ્રીહરિનું પૂજન અર્ચન કરીને પોતાની પાસેનું ધન અર્પણ કર્યું. ॥૪૦॥ પોતાને અર્પણ થયેલ ધનમાંથી શ્રીહરિ મહાપ્રભુએ કંઠના હારને ગ્રહણ કર્યો. પછી ભક્તો સાથે પોતાના ઉતારે દયાલ ભક્તના ઘેર ગયા. ॥૪૧॥ શ્રીહરિ મંચ ઉપર વિરાજમાન થઈ મુનિજનો અને ભક્તોને જ્ઞાન ઉપદેશ આપી સર્વેને આનંદ ઉપજાવતા હતા. ॥૪૨॥

**ઈતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર 'શ્રી હરિલીલા સુધાકર'માં શ્રીહરિએ પ્રાંતિજ પુરમાં કરેલ ચરિત્ર નામે સાંઈઠમો અધ્યાય થયો. ॥૬૦॥**

## ॥ અધ્યાય - ૬૧ ॥

બ્રહ્માનંદ સ્વામી કહે છે – હે રાજન્ ! શ્રી હરિ મહાપ્રભુને ઊંચા મંચ પર શાંતિથી વિરાજમાન થયેલા નિહાળી બ્રાહ્મણોના અગ્રણી કાશીરામ ખૂબ જ આનંદવિભોર બન્યા હતા. ॥૧॥ શ્રી હરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી ચર્ચામાં કયારેક ઊંચા અવાજે બોલે છે, કયારેક વાતો કરતાં હાસ્ય વિનોદ કરાવે છે, તો ક્યારેક વળી ઊંચા સ્વરે પ્રેમભર્યા અવાજે નિર્લજ્જ થઈ ગાવા પણ લાગે છે. ॥૨॥ ભગવાન શ્રી હરિ ભાગ્યથી પ્રાપ્ત થાય તેનાથી સંતોષ નથી પામતા અને હમેશાં સત્સંગની સેવામાં તત્પર રહેવા આતુર છે. પોતે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શમ, દમાદિ ગુણોનું વર્ણન કરે

છે. ॥૩॥ ભક્તજનો ભગવાન શ્રીહરિનાં આવાં અદ્‌ભુત ચરિત્રો જોઈ ગદ્‌ગદ્ કંઠથી શ્વાસોશ્વાસમાં શ્રીહરિનું સ્મરણ કરતા, હાથ જોડીને, મસ્તક નમાવી પ્રેમપૂર્વક મહાપ્રભુની પ્રાર્થના-સ્તુતિ કરવા લાગ્યા. ॥૪॥ **કાશીરામ વિપ્ર પ્રાર્થના-સ્તુતિ કરે છે.** હે મહાપ્રભુ ! આપનું અકલ્પનીય સ્વરૂપ જે દિવ્ય બ્રહ્મ તેજની અંદર અદશ્ય રહે છે. પોતાના પાર્ષદોથી હમેશાં આપ સેવાયેલા છો. સર્વ પ્રાણીમાત્રને હમેશાં સુખ આપો છો. જેના ચરણકમળની દેવતાઓ ઝંખના કરે છે. એવા હે નારાયણ ! મહાપ્રભુ, આપ અત્યારે અમને દિવ્ય દર્શન આપો છો તે સ્વરૂપનું શું વર્ણન થઈ શકે ? ॥૫॥ હે નારાયણ મહાપ્રભુ ! વેદો, શ્રુતિઓ અને દેવોએ ઘણા કાળ સુધી આપની પ્રાર્થના કરી ત્યારે આપે અવતાર ધારણ કરી જગતના જીવોને સનાથ કર્યા છે. લાલ હોઠવાળા, મંદ મંદ હાસ્ય વરસાવતા, પુષ્પોની માળા ધારણ કરી દર્શન આપતા ભક્તિ ધર્મના પુત્ર મારા અંતઃકરણમાં અખંડ રહેજો. ॥૬॥ હે મહારાજ ! હું આપને પ્રાર્થના કરું છું કે, હે પ્રભુ ! હું જે આ પૂજાસામગ્રી લાવ્યો છું તેને આપ ગ્રહણ કરો એટલી મારા પર કૃપા કરો. ॥૭॥ **મયારામ આદિ ભક્તો કહે છે** : હે મહાપ્રભુ ! આપના બંને ચરણકમળો શોભાયમાન છે, ફૂલો અને તુલસીપત્રની માળાઓ ધારણ કરેલી છે, સુંદર કમળપત્ર સમાન નેત્રો છે, બંને હાથમાં સુગંધયુક્ત ગુલાબ અને મોગરાના ગુચ્છને ધારી રહ્યા છો, હંમેશા સફેદ વસ્ત્રોમાં શોભાયમાન છો, એવા સદાય મંદ હાસ્યવાળા ધર્મભક્તિના પુત્ર શ્રીહરિ મહાપ્રભુ હું આપની પ્રાર્થના કરું છું. ॥૮॥ હે મંદહાસ્યયુક્ત મુખકમળવાળા, જીવો ઉપર કરુણા કરનારા, ચરિત્રોથી જગતમાં ભક્તિનો મહિમા વધારનારા, સાધુના રૂપને ધરી રહેલા ભગવાન મુકુંદને હું નમસ્કાર કરું છું. આપ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપ ધારણ કરી, ભક્તજનો સંતોના સુખનિધિ બન્યા છો. સકળ જગદાધાર ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિ હું આપને વંદન કરું છું. ॥૯॥ હે મહાપ્રભુ ! અમારી બુદ્ધિને પવિત્ર રાખજો. જેથી આપની પૂજા કરવામાં, દર્શન કરવામાં, સ્પર્શ કરવામાં, સેવન આદિમાં પવિત્રતા રહે.



નિરંતર આપનું સ્મરણ રહે તેવી કૃપા કરજો. ॥૧૦॥ **તુલજારામ આદિ કહેવા લાગ્યા** : હે પ્રભુ ! કૃષ્ણ ! તમારા વિના આ ભવસાગર પાર કરાવનાર કોઈ નથી. જેના ગુણને ભવ બ્રહ્માદિ પણ પાર પામી શકતા નથી. પ્રેમી ભક્તના અંતઃકરણમાં નિવાસ કરી રહ્યા છો, સર્વ દેહધારી આપનું સ્મરણ કરે છે. સર્વના દોષસમુદાયને હરવાના ગુણયુક્ત આપને જે નમે છે તેના દુઃખોને આપ હરનાર છો. અનંત ગુણનિધિ, અનંત સ્વરૂપિ હે નારાયણ ! આપને વંદન કરું છું. ॥૧૧॥ હે મારા નાથ ! આપની પાસે હું એક સામાન્ય જીવ છું. આપ દયા કરી મારા ઘરે પધાર્યા તેથી મારાં અહોભાગ્ય છે. આપ અમારા ઘેર આવ્યા તેથી અમારા પિતૃઓ તથા દેવતાઓ ખૂબ રાજી થઈ સંતોષ પામી ગયા. ॥૧૨॥ **ફતાભાઈ પ્રાર્થના કરે છે** હે મહાપ્રભુ ! આપ જ મચ્છ, કચ્છ, નૃસિંહ, વરાહ રૂપે, તથા વામન સ્વરૂપ, ક્ષત્રિયોના નાશ કરનારા પરશુરામ રૂપે, રાવણને મારનાર રામ સ્વરૂપે, કૃષ્ણાવતાર, હરિ અવતાર, બુદ્ધ અવતાર આદિ સર્વે સ્વરૂપે થયા છો. ॥૧૩॥ હે વાસુદેવ ભગવાન ! પ્રલંબાસુરનો નાશ કરનાર, કામદેવનો પરાજય કરનાર, હે અનિરૂદ્ધ ! રૂપોને તથા સર્વ અવતારોને ધારણ કરનાર ! હે શ્રીહરિ ! સાધુઓના સમુદાયથી વિંટાયેલા, હે સહજાનંદ સ્વામી ! હું હંમેશાં આપની પ્રાર્થના કરું છું. ॥૧૪॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! સર્વે ભક્તજનોની પ્રાર્થના સાંભળી, શ્રીહરિ મહાપ્રભુ રાજી થઈ સર્વ ભક્તજનોને પ્રેમપૂર્વક કહેવા લાગ્યા. ॥૧૫॥ **શ્રીહરિ કહે છે** કે, તમે સર્વે સત્સંગીઓ અમારા માટે ભોજનના થાળ બનાવો છો તો અમે દરેકના ઘેર આવી વારાફરતી જમીશું. ॥૧૬॥ શ્રીહરિએ પ્રસન્ન થઈ આવી રીતે આજ્ઞા આપી. ભક્તજનો મનમાં સંતોષ પામી આજ્ઞા પ્રમાણે થાળ કરાવતા હતા. ॥૧૭॥ પ્રથમ કાશીરામ ભક્તે સુંદર થાળ પ્રેમપૂર્વક બનાવડાવ્યો. શ્રીહરિ પ્રસન્ન થઈ જમ્યા. પિતૃઓ અને સંબંધીઓ પણ જમીને રાજી થયા. ॥૧૮॥ હે રાજન્ ! ત્યાર પછી શ્રીહરિ મયારામ વિપ્રના ઘરે તેનું રૂડું થાય તે સારુ પધાર્યા. ભગવાનને આવેલા જોઈ ખૂબ રાજી થયા.

આદરપૂર્વક આસન આપ્યું. ॥૧૯॥ પ્રભુના ચરણ ધોઈ, લલાટમાં કુંકુંમ અને ચંદનથી પૂજન અર્ચન કર્યું. ॥૨૦॥ પ્રભુના કંઠમાં હાર પહેરાવી, બાજોઠ ઉપર બિરાજમાન કર્યા. ઘી યુક્ત કંસાર થાળમાં પીરસ્યો. ॥૨૧॥ તેમાં ઉતાવળમાં સાકર નાંખવાને બદલે મીઠું પીરસ્યું. ઉતાવળમાં મીઠું અર્પણ કર્યું. ॥૨૨॥ થાળ તૈયાર કરી શ્રીહરિ પાસે લાવીને મૂક્યો. શ્રીહરિએ જોયું કે આમાં સાકરને બદલે મીઠુ છે. તેથી પૂછવા લાગ્યા કે આ શું મૂક્યું છે ? ત્યારે ભક્ત કહે છે મહારાજ સાકર જ છે. ॥૨૩॥ ત્યારે ભગવાન ભક્તને કહે છે. આ તો મીઠું જ છે. ત્યારે શરમાઈ ગયા અને મીઠું લઈ સાકર લાવીને આપી. ॥૨૪॥ શ્રીહરિ થાળ જમી તૃપ્ત થતાં પવિત્ર જળથી હાથ-મુખ ધોઈને ચળુ કરી, સફેદ વસ્ત્રો ધારણ કરી આંગણામાં મંચ ઉપર વિરાજમાન થયા. ॥૨૫॥ શ્રીહરિ માટે મયારામ ભટ્ટના પુત્ર નવાં વસ્ત્રો લાવ્યા. દૃઢ નિશ્ચયવાળા તે ભક્ત ભગવાન પાસે નમ્ર થઈ બેઠા. ॥૨૬॥ શ્રીહરિ ભક્તોને ઉદ્દેશી જ્ઞાનમય વચનો કહેવા લાગ્યા. હે ભક્તજનો ! મનુષ્યને મારી ભક્તિ દુષ્પ્રાય છે. ॥૨૭॥ જે ભક્તિ કુંતી, દ્રૌપદી, સીતા અને વ્રજની ગોપીઓએ લોકલાજ તજીને મારા સ્વરૂપમાં વૃત્તિ જોડી ભક્તિ કરી તેવી ભક્તિ અતિદુર્લભ છે. ॥૨૮॥ કર્તા-અકર્તા, પીડા-ઉપાધિ, હર્ષ-શોક, રાગ-દ્વેષ, ભય-નિર્ભયતા, માન-અપમાન, સુખ-દુઃખ, લાભ-ગેરલાભ, જય-પરાજય આદિ ॥૨૯॥ સર્વ વાદ-વિવાદનો, કૃત્રિમ વ્યવહારનો ત્યાગ કરી કાળ, માયા, જન્મ-મૃત્યુના સ્વામી મારે વિષે શ્રદ્ધા રાખી ભાવપૂર્વક ભક્તિ કરો. ॥૩૦॥ હે ભક્તજનો ! તમે મારા વિષે તમારા મનને જોડી પ્રેમપૂર્વક, નિત્ય-પ્રત્યે ભક્તિ કરશો તો અંતે અક્ષરધામની પ્રાપ્તિ હું જરૂર કરાવીશ. ॥૩૧॥ આ પ્રમાણે શ્રી સહજાનંદ સ્વામી સર્વ હરિભક્તોનાં ઘેર જઈ ઉપદેશ આપી સુખ આપતા હતા. ॥૩૨॥ સર્વ ભક્તજનોને ત્યાં ભોજન કરી, પોતાના સ્વરૂપનું દર્શન, ચરણસ્પર્શનું સુખ આપીને શ્રીહરિ પોતાના નિવાસસ્થાને આવી વિશ્રામ લેતા હતા. ॥૩૩॥ પોતાના ભક્તો, પાર્ષદો, સંતો અને અશ્વારોને પણ ભોજન જમાડી તૃપ્ત



કરતા હતા. પછી પ્રાંતિજપુરથી નીકળી બીજે ગામ જવાની ઈચ્છા કરતા હતા. ॥૩૪॥ પ્રાંતિજના સર્વે ભક્તોએ શ્રીહરિને પ્રાર્થનાપૂર્વક, પુષ્પમાળા વસ્ત્રો આદિ અર્પણ કર્યાં. પછી ભગવાન શ્રીહરિ, પાર્ષદો તથા વર્ણીઓની સાથે ઘોડા પર બેસીને નીકળ્યા. ॥૩૫॥ શ્રીહરિને વળાવી પ્રાંતિજના નગરજનો પાછા વળ્યા અને શ્રીહરિ મહાપ્રભુ સાબરમતી નદીના કાંઠે આવ્યા. ॥૩૬॥ શ્રીહરિએ સાબરમતી નદીમાં સ્નાન કર્યું, વસ્ત્રો ધોઈ, નિચોવીને સૂકવ્યા પછી મહાપ્રભુ નદીકાંઠે ગળતેશ્વર મહાદેવનાં દર્શન કરીને શ્રીહરિ નદીને કાંઠે વસેલા લાકરોડા ગામ પ્રત્યે ગયા. ॥૩૭॥ લાકરોડા ગામના રાયચંદ, કીકાભાઈ, ખીમાભાઈ આદિ ભક્તોએ શ્રીહરિનું ભાવપૂર્વક પૂજન કર્યું અને ત્યાંથી પ્રભુ ભક્તજનોનું શ્રેય કરવા વર્ષોડા નામના ગામમાં ગયા. ॥૩૮॥ તે ગામના ભક્તો ભુદરભાઈ, કુબેરભાઈ, વીરજીભાઈ, જીવણભાઈ, દેવકરણભાઈ, પીતાંબરભાઈ, વણસીભાઈ આદિ હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કરી, અન્ન ધન આદિથી રાજી કર્યા. ॥૩૯॥ શ્રીહરિ મહાપ્રભુ તે ગામથી નજીકમાં આવેલ માણસા ગામ પ્રત્યે ગયા. ત્યાં વૃક્ષોની છાયાથી અતિ શોભાયમાન તળાવના કાંઠા ઉપર ઉતારો કર્યો. ॥૪૦॥ શ્રીહરિના આવવાના સમાચાર સાંભળી નગરજનો ભક્તો વાજિંત્રો સહિત ગાતા વજાડતા શ્રીહરિ તથા અશ્વારો-પદાતિઓનું સન્માન કરવા આવ્યા. ॥૪૧॥ દલજીભાઈ, અંબારામભાઈ તથા બ્રાહ્મણોમાં ગંગારામ, પીતાંબર વગેરે માળી ભક્તોમાં ભગવાનભાઈ વગેરે નગરજનોમાં મૂળરાજ, વજાભાઈ આદિ હતા. ॥૪૨॥ આ સર્વે ભક્તો ભગવાનનાં દર્શન માટે ખૂબ જ ઉત્સુક હતા. હાથમાં પૂજા પાત્રો લઈ ઉતાવળે સામે આવી રહ્યા હતા. ॥૪૩॥ લીમડાના ઝાડ નીચે સુંદર વેદિકા બનાવી તે પર શ્રીહરિને બેસાડ્યા હતા. સંતો, પાર્ષદો, વર્ણીઓથી વીંટાયેલા સફેદ વસ્ત્રોમાં શ્રીહરિ શોભાયમાન હતા. તેમને નગરજનો પ્રણામ કરી, ચરણકમળમાં વંદન કરી, સુગંધિત ચંદન ચર્ચી, ફૂલના હાર પહેરાવી પૂજન કરતા હતા. ॥૪૪॥ પૂજન - અર્ચન કરી સર્વે ભક્તો શ્રીહરિની

સન્મુખ સભામાં બેસી ભગવાનના મુખની અમૃતવાણીનું શ્રવણ કરવા લાગ્યા. ॥૪૫॥ ત્યાર પછી દલપત ભટ્ટ આદિ બ્રાહ્મણો સુંદર ભોજનનો થાળ બનાવીને લાવ્યા તે સુંદર આસન પર બેસીને જમ્યા. ॥૪૬॥ લાવેલા લાડુમાંથી બબ્બે લાડુ સર્વે સંત પાર્ષદોને આપ્યા અને જવાની તૈયારી કરી. શ્રીહરિ ઘોડા પર બેસી માણસાથી નીકળ્યા. ॥૪૭॥ શ્રીહરિ મહાપ્રભુ અશ્વને પૃથ્વી પર ગોળ ગોળ ફેરવી, ઘોડાને ખેલાવતા માર્ગ ઉપર પ્રવેશ કરી ખૂબ જ વેગથી ઘોડાને દોડાવતા હતા. આ શોભા જોઈ દર્શન કરનાર સહુ તાજુબ થયા. ॥૪૮॥ પોતે નિર્ભય થઈ ખુલ્લા હાથ રાખી ઘોડો દોડાવીને ધરતી પર માર્ગે ચઢી અસવારોથી વીંટાઈ ભક્તજનોને અલૌકિક દર્શન આપતા હતા. ॥૪૯॥ હે રાજન ! આ રીતે કરુણાયુક્ત દૃષ્ટિવાળા ધર્મપુત્ર શ્રીહરિ ઘોડો દોડાવતા થકા, શિવ બ્રહ્માદિ દેવતાઓથી સેવાયેલા થકા અતિશય નજીકમાં ઉનાવા ગામની ભાગોળે આવતા હતા. ॥૫૦॥

**ઈતિ શ્રીમદ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ ઉનાવા ગામે પધાર્યા એ નામે એકસઠમો અધ્યાય થયો. ॥૬૧॥**

## ॥ અધ્યાય - ૬૨ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** શ્રીહરિ મહાપ્રભુના આવ્યાના સમાચાર સાંભળી ઉનાવાના ભક્તજનો માંગલિક પૂજાસામગ્રી લઈ સામે આવ્યા. ॥૧॥ હે રાજન્ ! તેમાં રામદાસ, બે-બાજીદાસ, કાનદાસ, રાઘવદાસ વગેરે પુરૂષ ભક્તો અને સ્ત્રી ભક્તોમાં નાનબાઈ, મયાબાઈ, કુડબાઈ, આદિ મુખ્ય હતાં. ॥૨॥ આ સર્વે ભક્તજનો જુદા જુદા વાજીંત્રો સહિત ઉચ્ચ શ્વરે કીર્તન બોલતા, બ્રહ્મઘોષ કરતા સામે આવતા હતા. ॥૩॥ તેમના પ્રાણ ભગવાનના દર્શન માટે આકુળ હતાં. દર્શનથી આનંદિત



થયેલા ભક્તોએ શ્રીહરિ મહાપ્રભુનું શ્રીફળ, કુકુંમ, ચોખા, ફૂલ વગેરેથી પૂજન કર્યું. ॥૪॥ શ્રીહરિએ ભક્તોની પૂજા સ્વીકારી પોતાના સ્વરૂપનાં દર્શનનું સુખ આપ્યું. પછી ઘોડા પર બેસી તેમની સાથે સંતો સહિત ગામની અંદર આવ્યા. ॥૫॥ ગામના અન્ય મનુષ્યોને શ્રીહરિના દર્શન કરી, જેમ ઘણો લાંબો પંથ કાપી થાક્યા બાદ વૃક્ષની ઘાટી છાયા મળે ને શાંતિ થાય તેવી શાંતિ થઈ. ॥૬॥ ભક્તજનોએ પ્રેમથી ખૂબ જ સુંદર હિંડોળો બાંધેલ, તેમાં કામદેવના ગર્વને ખંડન કરનાર મનોહર મૂર્તિ મહાપ્રભુ બિરાજ્યા. ॥૭॥ શ્રીહરિ મહાપ્રભુએ રામદાસ ભક્તને ઘેર ઘણા સમય સુધી દર્શનનું સુખ આપ્યું અને પછી વર્ણી દ્વારા પવિત્રતાથી તૈયાર થયેલ ભોજન માટે શ્રીહરિ ઊઠ્યા. ॥૮॥ પ્રથમ આંગણામાં સ્નાન વિધિ કરી, પવિત્ર ઉત્તરીય વસ્ત્ર પહેરી, શ્રીહરિ ભોજન કરવા સુંદર બાજોઠ ઉપર બિરાજ્યા. ॥૯॥ શ્રીહરિ શાક અને પકવાનનું ભોજન કરતાં સૌને ખૂબ જ આનંદ આપતા હતા. ॥૧૦॥ ભોજનથી તૃપ્ત થઈ પોતે સર્વ સંતોને લાડુ વગેરે પીરસીને તૃપ્ત કરતા હતા. પછી ઊંચા મંચ પર બિરાજી સંત વર્ણીથી શોભતા હતા. ॥૧૧॥ સાંજે આરતી કરી નારાયણ ધૂન પછી સંતો સાથે ઉચ્ચ સ્વરે કીર્તનોનું ગાન કરતા હતા. ॥૧૨॥ રામદાસ ભક્તે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને પૂજન કરી દાનમાં ઘોડો આપ્યો અને શ્રીહરિએ રામદાસને ભગવાનના સ્વરૂપની એકાંતિક ભક્તિ દૃઢ થાય તેવા આશીર્વાદનું વરદાન આપ્યું. ॥૧૩॥ ત્યાર પછી રાત્રે શયન કરી, સવારે વહેલા ઊઠી સ્નાનવિધિથી પરવારી, સંત પાર્ષદો સહિત પોતાના પ્રિય ભક્તજનોને સુખ આપવા આદરજ ગામે જતા હતા. ॥૧૪॥ શ્રીહરિ ગામ તરફ આવે છે તેવા સમાચાર સાંભળી પ્રિય ભક્ત રતુજી ખાંટ હર્ષઘેલા થઈ સામે આવ્યા. ॥૧૫॥ હજારો ભક્તો પડવાનક, ગોમુખ વગેરે વાજિંત્રો વગાડતા શ્રીહરિની સામે તેડવા આવ્યા. મસ્તક નમાવી સૌએ નમસ્કાર કર્યા. ॥૧૬॥ પુજાસામગ્રીથી પુજન બાદ શ્રીહરિએ નજીકમાં મોટાં આંબલીનાં વૃક્ષો હતાં

ત્યાં ઉતારો કરવા ઈચ્છા દર્શાવી. ॥૧૭॥ ભગવાન શ્રીહરિ આદરજ પધાર્યા છે તે સમાચાર સાંભળી દૂર દૂરથી સંઘો દર્શન કરવા આવતા હતા અને દર્શન કરી તૃપ્ત થતા હતા. ॥૧૮॥ ત્યાર બાદ વર્ણીએ રતુ ભક્તને ઘેર ખૂબ જ પવિત્રતાથી થાળ બનાવ્યા હતા તે જમવા શ્રીહરિ પધારતા હતા. સાધુ પાર્ષદોને જમાડી પોતે તૃપ્ત થયા. ॥૧૯॥ ભોજન પછી ઉતારે જઈ મહાપ્રભુ મંચ પર બિરાજ્યા અને સત્સંગી ગૃહસ્થોની સુંદર મોટી સભા થઈ. ॥૨૦॥ ભગવદ્ સ્વરૂપના જ્ઞાનની વાતો ચાલતી હતી, તેવામાં વડોદરાથી વેદાન્તીઓ સાથે શાસ્ત્રાર્થ કરી, વિજય મેળવી શ્રીહરિનો જયજયકાર કરી મુક્તાનંદ સ્વામી પધાર્યા. ॥૨૧॥ મુક્તાનંદ સ્વામીને દિગ્વિજય કરી આવેલા જોઈ, મહાપ્રભુ રાજી થઈ આસન પરથી ઊભા થઈ સ્વામીને બાથમાં લઈ ભેટ્યા. પોતાની સાથે લઈ સુંદર આસન ઉપર બેસાડ્યા અને પોતે પોતાના આસન ઉપર બિરાજ્યા. ॥૨૨॥ શ્રીહરિ મહાપ્રભુએ મુક્તાનંદ સ્વામીને વડોદરાના પંડિતોની સભાની ચર્ચાની વાત ખૂબ વિસ્તારપૂર્વક પૂછી. મુક્તાનંદ સ્વામીએ સર્વ બીના ખૂબ પ્રેમપૂર્વક કહી સંભળાવી. ॥૨૩॥ વડોદરામાં રોકાયા ત્યારે રાજસરભરા થઈ, રાજ દરબારમાં આવકાર મળ્યો, સભામાં દ્વૈત મતવાદીઓએ પ્રશ્ન પૂછયા, તેના ઉત્તર આપ્યા, ફરી પ્રશ્ન પૂછયા, ફરી તેના ઉત્તર આપ્યા. ॥૨૪॥ હે રાજન ! સર્વ વાત નારાયણમુનિ ભગવાન પાસે સ્વામીએ વિસ્તારથી કહી તે સાંભળી અતિ આનંદિત થઈ ખૂબ રાજી થયા. ॥૨૫॥ પ્રસન્ન થયેલ શ્રીહરિ મહાપ્રભુ વડોદરાથી રાજદરબારમાં દિગ્વિજય થતાં લોકોએ આપેલ સુગંધી તેલ (અત્તર) મુક્તાનંદ સ્વામી તથા સંત સમુદાયને ચર્ચતા હતા. ॥૨૬॥ પછી શ્રીહરિ મહાપ્રભુએ સર્વ સંતોને કહ્યું કે હે સંતો ! આજથી આ મુક્તાનંદ સ્વામીને સદ્ગુરુની ઉપાધિ આપીએ છીએ. ॥૨૭॥ તેમજ બીજા નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી એમ ચારે સંતોના પગ ધોઈ તે જળનું પાન કરી પ્રેમપૂર્વક અર્ચન કરતા હતા. ॥૨૮॥



આ નિર્ણયની જાહેરાત કરી શ્રીહરિએ કહ્યું, આ ચારેય સંતોને આજથી સર્વ સંત સમુદાયના મૂર્ધન્ય કર્યા છે. તેમની આમન્યા જાળવી વિધિપૂર્વક પૂજન કરવું. ॥૨૯॥ ચારે સદ્ગુરુઓની આરતી ઉતારી સર્વજનો બેઠાં અને શ્રીહરિ મહાપ્રભુ સુંદર હિંડોળામાં બિરાજ્યા. ॥૩૦॥ સંતો ધર્મપુત્ર શ્રીહરિ ભગવાનનાં દર્શન કરતા હિંડોળે ઝુલાવવા લાગ્યા. આનંદપૂર્વક શ્રીહરિના સ્વરૂપનું સ્મરણ કરતા થકા પ્રેમપૂર્વક કીર્તન ગાવા લાગ્યા. ॥૩૧॥ આ રીતે દિવાળીનો દિવસ આવ્યો. આદરજના ભક્તજનોએ પ્રેમપૂર્વક મોટી દીપમાળા પ્રગટાવી ત્યારે જાણે હજારો ચંદ્રમા હોય તેવું વાતાવરણ લાગતું હતું. ॥૩૨॥ દીપમાળાની મધ્યમાં મંચ ઉપર શ્રીહરિ નવાં વસ્ત્રો, આભૂષણો ધારીને બિરાજ્યા હતા. પછી રાત્રે ભોજન કરી સર્વ સંત હરિભક્તો મોડી રાત સુધી કીર્તન ગાન કરતા હતા. ॥૩૩॥ બીજા દિવસે મોટો અન્નકૂટનો ઉત્સવ કરી શ્રીહરિ મહાપ્રભુ પોતે ભોજન કરી સર્વ સંત હરિભક્તોને ખૂબ જ આગ્રહપૂર્વક જમાડતા હતા. ॥૩૪॥ ખૂબ આગ્રહ કરી સંતોને કંસાર જમાડી તૃપ્ત કર્યા. પછી શ્રીહરિ મહાપ્રભુ સુંદર મંચ ઉપર વિરાજમાન થયા. સામે ક્ષત્રિય આગેવાન ભક્તો બેઠા. ॥૩૫॥ રતુજીના સેવકો જુદા જુદા નિશાન તાકી લક્ષ્ય પાડતા હતા અને તેમની સ્ત્રીઓ ભગવાનના દર્શને આવી હતી. ॥૩૬॥ સ્ત્રીઓ પોતાના મસ્તક ઉપર દીવા મૂકેલ ઘડા મૂકી, છૂટા હાથે તાળીઓ વગાડી ભગવાનના ચરિત્રના ગીતો ઉચ્ચ સ્વરે ગાતી હતી. ॥૩૭॥ ત્યારબાદ મહાપ્રભુ સંતો સાથે નારદીપુર પધાર્યા. ત્યાં રત્નાભાઈ હરિભક્તના ઘેર ઉતારો કરી રહેવા લાગ્યા. ॥૩૮॥ સર્વ કારણના કારણ મહાપ્રભુ ભોજન કરી, સર્વ સંત સમુદાયને જમાડી, સુખશય્યામાં શયન કરતા હતા. ॥૩૯॥ ત્યારે રાત્રે શીર પર ભસ્મ લગાડેલ, ત્રણ નેત્રવાળા, કાપાલીના વેશવાળા, મસ્તક ઉપર ચંદ્રધરી રહેલા, પાર્વતી સાથે પોઠિયા ઉપર બેઠેલ ભગવાન શંકર ત્યાં આવ્યા. ॥૪૦॥ પ્રેમપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરી તેમના ચરણકમળને

હૃદયમાં ધારી આ પ્રમાણે કહેવા લાગ્યા. ॥૪૧॥ **શિવજી કહે છે** - હે મહારાજ ! તમે જ અક્ષરધામાધિપતિ છો. સત્ય સ્વરૂપ પ્રકાશપુંજરૂપ સર્વના આધાર તમે જ છો. વિશ્વનું સર્જન અને નાશ આપના દ્વારા જ થાય છે. નિર્ગુણ નિર્વિકારી એવું ધામ આપ આપના ભક્તજનોને આપો છો. ॥૪૨॥ યજ્ઞમૂર્તિ, યજ્ઞનું હવિષ્યાન્ન, સર્વ દેવતા, બ્રાહ્મણો, સાધુ-સંતો, ગાયો, ભકતજનો સર્વનું આપ પોષણ કરો છો. હે પ્રભુ ! દયા કરી મને પ્રેમપૂર્વક તમારા સ્વરૂપનું સેવન કરવાની આજ્ઞા આપો. ॥૪૩॥ હે મહાપ્રભુ ! તમારા ભયથી પવન વાય છે, સૂર્ય તપે છે, મેઘ આકાશમાં વાદળાં રૂપે થઈ પૃથ્વી પર વરસાદ વર્ષાવે છે, આ સઘળું આપના દ્વારા જ થાય છે. ॥૪૪॥ હે મહારાજ ! અમે સર્વ લોકપાલો આપની આજ્ઞા મુજબ વિશ્વનું સર્જન, પાલન, સંહાર આદિ કરીએ છીએ. ॥૪૫॥ હે ધર્મનંદન ! મારી મનોવૃત્તિ આપના ચરણોમાં રહે, અખંડ આપના સ્વરૂપની ભક્તિ થાય, આ દુર્લભ સત્સંગ મને પ્રાપ્ત થાય એવી મારા પર કૃપા કરો. ॥૪૬॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે** - આવી રીતનાં ભગવાન શંકરનાં વચન સાંભળી શ્રીહરિ પ્રસન્ન થઈ કહેવા લાગ્યા. ॥૪૭॥ **શ્રીહરિ મહાપ્રભુ બોલ્યા** : હે શંકર! તમે સાંભળો, પૃથ્વી પર અમારા ભક્તજનોની હંમેશા દરિદ્રતાથી રક્ષા કરજો. ॥૪૮॥ ત્રિપુરનો નાશ કરનાર ભગવાન શંકર શ્રીહરિનાં વચન માન્ય કરી અદશ્ય થયા. પછી શ્રીહરિ આ પ્રમાણે કહે છે. ॥૪૯॥ પ્રાતઃકાળમાં વહેલા ઊઠી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને વસઈ ગામ પાસે નાનું તળાવ હતું ત્યાં પધાર્યા. ॥૫૦॥ તળાવમાં થોડું પાણી જોઈ તેમાં સંત - પાર્ષદો સહિત સ્નાનવિધિ કરી. મહાપ્રભુ નારાયણ મુનિએ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં. ॥૫૧॥ ઘોડા ઉપર બેસી વસઈ ગામની ભાગોળે આવ્યા. સમાચાર સાંભળી ગામના ભક્તજનોના મનમાં આનંદસાગર ઉમટ્યો. ॥૫૨॥ હરિભક્તો પૂજા સામગ્રી હાથમાં લઈ ભગવાન પાસે વાજિંત્રો વગાડતા થકા આવતા



હતા અને ચરણોમાં પ્રણામ કરી ચંદન, પુષ્પ, શ્રીફળ વગેરેથી પૂજન કરતા હતા. ॥૫૩॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તક સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ વસઈ ગામમાં આવ્યા તે નામે બાસઠમો અધ્યાય. ॥૬૨॥**

## ॥ અધ્યાય - ૬૩ ॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : ભક્તજનો શ્રીહરિ ધર્મપુત્ર નારાયણ પ્રભુનું પૂજન કરી સંત પાર્ષદો સહિત ગામમાં લઈ ગયા. ॥૧॥ ભિન્ન ભિન્ન વાજિંત્રોના નાદથી બ્રહ્મઘોષ કરી કીર્તન ગાતા થકા ભક્તજનો શ્રીહરિને સંત પાર્ષદ સહિત ગામના ચોકમાં લઈ આવ્યા. ॥૨॥ ગ્રામ્યજનો સહુ દર્શન કરી રહ્યાં હતાં. ગામમાં પૂંજાભાઈના અતિ રમણીય સુંદર ઘેર જઈને મહાપ્રભુએ નિવાસ કર્યો. ॥૩॥ પૂંજાભાઈના ઘેર મુકુંદવર્ણીએ પવિત્રતાથી થાળ તૈયાર કર્યા. ભક્તના કલ્યાણઅર્થે પોતે થાળ જમી, સંતોને જમાડ્યા. ॥૪॥ ભોજન કરીને મહાપ્રભુ ઊંચા મંચ ઉપર બિરાજ્યા ત્યારે રામચંદ્રભાઈ, વિદૂરભાઈ, શામળભાઈ, ધનાભાઈ વગેરે ભક્તજનો વારાફરતી પૂજા કરવા લાગ્યા. ॥૫॥ હેમરાજ આદિ બીજા ભક્તોએ પણ પુષ્પ, ચંદનથી આદરપૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. તેમની પૂજા ગ્રહણ કર્યા બાદ શ્રીહરિ ત્યાંથી નીકળ્યા. ॥૬॥ ત્યાંથી નીકળ્યા ત્યારે ભક્તજનોએ આપેલા લાડુ સંત પાર્ષદોને જમાડી મહાપ્રભુ મેઉ ગામ તરફ જવા લાગ્યા. ॥૭॥ મેઉ નજીક આવ્યા ત્યારે સમાચાર સાંભળી ભૂખણ ભક્ત, તેમના પુત્રો, તુલસી, મંછારામ તેમના પુત્રો, ભવાન આદિ ભક્તો ॥૮॥ સર્વ હરિભક્તો તથા સ્ત્રી ભક્તો હાથમાં પૂજાસામગ્રી લઈ, વાજિંત્રો વગાડતા

કીર્તનો બોલતાં શ્રીહરિની સામે જતાં હતાં. ॥૯॥ હે રાજન્ ! તે ભક્તજનો ભગવાનનાં દર્શન કરતાં જ મનમાં ખૂબ જ આનંદ પામતાં હતાં. પછી શ્રીહરિનું જુદી જુદી પૂજાસામગ્રીથી પૂજન કરતાં હતાં. ॥૧૦॥ શ્રીહરિ મહાપ્રભુ અશ્વ ઉપર વિરાજમાન છે. સર્વે ભક્તોથી વીંટળાયેલા છે. કીર્તન અને જયનાદ સહિત ગામમાં પધારી રહ્યા છે. ॥૧૧॥ હે રાજન્ ! શ્રીહરિ જ્યારે ગામના માર્ગો પર જતા હતા ત્યારે કુબુદ્ધિવાળા દુર્જનો પણ હોય, તે મનમાં બળતા હતા. તે કહેવા લાગ્યા. ॥૧૨॥ આ સ્વામિનારાયણ તો ખોટા ખોટા આડંબરો કરે છે. એમની દૃષ્ટિ ભયંકર જાદૂઈ છે. એમનો વિશ્વાસ ક્યારેય કરાય નહિ. આ શબ્દો સાંભળી તેમને શ્રીહરિ કહેવા લાગ્યા કે કેમ ખોટો બકવાસ કરે છે કે પછી ખાલી ખાલી બબડે છે ? ॥૧૩॥ તેઓને કહ્યું કે તમે ભગવાનનું પૂજન કરો તો ખરા ! ત્યારે તેઓ કાંઈ બોલ્યા નહિ. ભગવાન કહે છે, જગતમાં આવા અભાગિયા જીવો પણ હોય છે. ॥૧૪॥ આ પ્રમાણે કહી, શ્રીહરિ પોતાના ભક્તજનો સાથે સૌને દર્શનનું સુખ આપતા થકા ગામ નજીક મોટું વડનું વૃક્ષ હતું ત્યાં આવ્યા. ॥૧૫॥ ઘોડા ઉપરથી ઊતરી ઊંચા મંચ ઉપર બિરાજમાન થયા. આગળ સંત, વર્ણી, પાર્ષદ, સદ્‌ગૃહસ્થો અને અન્ય જનો બેઠા. ॥૧૬॥ દયાળુ મહાપ્રભુ સન્મુખ બેઠેલા ભક્તજનોને સ્વ સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ આપી રહ્યા હતા ત્યારે ભૂખણ ભક્ત શ્રીહરિકૃષ્ણને ભોજન માટે પ્રાર્થના કરતા હતા. ॥૧૭॥ ત્યારે શ્રી મહાપ્રભુ ઉઠી ભૂખણ ભક્તને ઘેર પધાર્યા. વર્ણીએ તૈયાર કરેલો થાળ ભગવાનને અર્પણ કર્યો તેને પોતે જમતા હતા. ॥૧૮॥ શ્રીહરિ થાળ જમી રહ્યા ત્યારે મુકુંદ વર્ણીએ જળથી ચળુ કરાવી જળપાન કરાવ્યું. પછી સંતોના સ્વામી મહાપ્રભુએ સંતોને જાતે પીરસી જમાડી તૃપ્ત કર્યા. ॥૧૯॥ હાથમાં ઘીમાં પકાવેલ માલપુવા લઈ ખૂબ આગ્રહ કરી સૌને પીરસતા હતા. ત્યારબાદ થોડો આરામ કરી વિશ્રાંતિ લેતા હતા. ॥૨૦॥ ત્યારે સ્વામિનારાયણ મહાપ્રભુ ભૂખણ ભક્તને ઉદાસ થયેલા જોઈ, કૃપાવાણીથી પૂછવા લાગ્યા કે તમારે ત્યાં સત્પુરુષોનું આગમન થયું છે



ત્યારે તમે ઉદાસ કેમ છો ? ॥૨૧॥ **ભૂખણ ભક્ત કહે છે :** હે મહાપ્રભુ ! હે નારાયણ સ્વામી ! સાંભળો. અમારે ત્યાં પૂરા સમયે પુત્રીનો જન્મ થયો છે છતાં તેને શરીરનાં કોઈ અંગો વિકસિત થયાં નથી. કેવળ રૂઢમૂઢ આકાર છે. એ જ કારણે ઉદાસ છીએ. ॥૨૨॥ ભક્તનાં આવાં વચન સાંભળી, શ્રીહરિ ભક્તને આશ્વાસનનાં મધુર વચનો કહે છે. તમો પુત્રીને અમારી પાસે લાવો. ભૂખણ ભક્ત વસ્ત્રમાં ઢાંકીને રૂઢમૂઢ લોચા જેવી પુત્રીને મહાપ્રભુ પાસે લાવે છે. ॥૨૩॥ લાવેલ બાળકને જોયું તો તેને હાથ-પગ, કોઈ અવયવ વિકસિત ન હતા. તેને સ્પર્શ કરી કહેવા લાગ્યા આ તો સર્વ અંગે ખૂબ જ સુંદર થશે. બધા અવયવો નીખરી આવ્યા. આ જરૂર અમારાં મહાન ભક્ત થશે. સત્સંગમાં અમારી ભક્તિ કરી આગળ આવશે. ॥૨૪॥ શ્રીહરિ મહાપ્રભુ સંતો, પાર્ષદો ભક્તજનોથી વીંટાયેલા અસવારો સાથે મેઉના ભક્તજનોને પોતાના સ્વરૂપનું સુખ આપી ઘોડા પર સવાર થઈ લાંઘણજપુર પ્રત્યે જવા નીકળ્યા. ॥૨૫॥ ઘનશ્યામ મહાપ્રભુ આવવાના સમાચાર સાંભળી નગરજનો આનંદવિભોર થઈ, સત્કારવા માટે ચંદન, કુમકુમ, ચોખા, શ્રીફળ વગેરે સામગ્રી હાથમાં લઈ ઉતાવળાં જતાં હતાં. ॥૨૬॥ આ ભક્તોમાં રામચંદ્ર, પ્રમુખ-આદિ નાગરો, નારાયણ, ગણેશ, કૃષ્ણ વગેરે હતા. સ્ત્રીઓમાં સુવર્ણા વગેરે હતી. ॥૨૭॥ ધર્મપુત્ર નારાયણપ્રભુને સામે જઈ શીતલ મનોહર સ્વરૂપનાં દર્શન પામી, પૂજન કરી, આનંદિત થતાં હતાં. ॥૨૮॥ વાજિંત્રો સહિત ઉચ્ચ સ્વરે કીર્તન કરતાં ભક્તજનોની પાછળ પાછળ મહાપ્રભુ નગર પ્રત્યે જઈ, રામજીભાઈના ઘેર નિવાસ કર્યો. ॥૨૯॥ ભુવનમાં વર્ણીએ સુંદર પાક બનાવ્યો. ભક્તજનોના કલ્યાણ માટે જમીને સાધુઓને સારી રીતે બેસાડી ખૂબ જમાડ્યા. ॥૩૦॥ ગામમાં કેટલાક દ્વેષી લોકો હતા. આ વૈશ્ય લોકો સ્વામિનારાયણ ભગવાન પાસે આવી વાદવિવાદ કરી કહેવા લાગ્યા : ॥૩૧॥ કે હે સ્વામિનારાયણ ! તમે જો ભગવાન હો તો, અમને અત્યારે જ કાંઈક ઐશ્વર્ય બતાવો. આવી વાણી સાંભળી મહાપ્રભુ તેમને કહેવા

લાગ્યા, અમે તો તમને કાંઈ ચમત્કાર નહીં બતાવીએ પણ તમારા ધર્મગુરુ છે તે તમને ચમત્કાર બતાવશે. ॥૩૨॥ આવી ભવિષ્યવાણી સંભળાવી નારાયણ મુનિ ભગવાન ભક્તજનોની પૂજા અર્ચના ગ્રહણ કરી ત્યાંથી ડાંગરવા જવા નીકળ્યા. ॥૩૩॥ હે રાજન્ ! ગામના મનુષ્યો મહાપ્રભુ શ્રીહરિના આવવાના સમાચાર સાંભળીને સ્વાગત માટે ચોખા, ચંદન, કંકુ, શ્રીફળ વગેરે પૂજાસામગ્રી લઈ સામે આવ્યાં. ॥૩૪॥ તેમાં હતા કુશળ, તાપીદાસ, જયરામ, નરોત્તમ, વીણારસી, પ્રતાપ, ધેમર, રુપાભાઈ, શાલજીતભાઈ વગેરે. ॥૩૫॥ પ્રેમભક્તિથી ભરપૂર જતનબાઈ, રળીયાતબાઈ, હરબાઈ વગેરે સ્ત્રીભક્તો પણ હતાં. સર્વે વાજિંત્રો સહિત ઉચ્ચ સ્વરે કીર્તન બોલતાં હતાં. ॥૩૬॥ ભક્તો તો ભગવાનને ઘેરી વળ્યા. પૂજન અર્ચન કરી ફૂલના હાર પહેરાવ્યા. પછી સંત પાર્ષદ સહિત શ્રીહરિને ગામમાં લઈ આવ્યા. ॥૩૭॥ શ્રીજી મહારાજે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતાં. ઊંચી ઘોડી ઉપર બેસી અન્ય અસવારો વચ્ચે વીંટાયેલા હતા અને હાથની ચંચળતાથી ઘોડાને રમાડતા થકા સૌને કૌતુક જણાવી આનંદ ઉપજાવતા હતા. પ્રભુ માટે જતનબાએ પોતાનું ઘર શણગાર્યું હતું ત્યાં પ્રભુ પધાર્યા. ॥૩૮॥ રાત્રીના સમયે વિશાળ ચોકમાં ઊંચા આસને શ્રીહરિ બિરાજ્યા હતા. ચારે બાજુ ભક્તજનો વચ્ચે, રાત્રે તારાઓમાં ચંદ્ર શોભે તેમ શોભાયમાન હતા. ॥૩૯॥ પછી વર્ણીદ્વારા તૈયાર કરેલ ભક્ષ્ય - ભોજન થાળ ગ્રહણ કરવા પ્રભુ પધાર્યા. મહાપ્રભુ સહજાનંદ સ્વામી દૂધ, દહીં ખૂબ જમ્યા. ॥૪૦॥ શ્રીહરિ તૃપ્ત થઈ સર્વે સંત પાર્ષદોને ઘી, દૂધ, વગેરે ખૂબ આગ્રહ કરીને જમાડ્યા. પોતે પીરસી જતનબાના મનોરથો પૂર્ણ કર્યા. ॥૪૧॥ અરે વળી! ખૂબ જ આનંદમાં આવી મહાપ્રભુ જમી રહેલ સંત - પાર્ષદોને આગ્રહ કરતાં કરતાં દૂધ-દહીં મસ્તક ઉપર રેડીને સૌને અતિ આનંદ ઉપજાવતા હતા. ॥૪૨॥ આવી અનંત લીલા કરી મહાપ્રભુ સૌને આનંદ ઉપજાવતા હતા. જતનબાને પણ ખૂબ જ રાજી કરી કરજીસણ તરફ પધાર્યા. ॥૪૩॥ સર્વના સ્વામી મહાપ્રભુ આવવાના સમાચાર



સાંભળતાં જ સર્વે હરિભક્તો ગોવિંદભાઈ, પરમ ભગવદ્ભક્ત પિતામ્બરભાઈ વગેરે સમૂહમાં હર્ષથી સત્કાર સામગ્રી લઈ વાજિંત્રો સહિત સામે આવ્યા. ॥૪૪॥ ઊંચા સ્થાને બેઠેલા કમળની પાંદડીસમ નેત્રવાળા ધર્મનંદન મહાપ્રભુ સર્વ ભક્ત સમુદાય વચ્ચે ગ્રહમંડળમાં સૂર્યની જેમ શોભી રહ્યા હતા. ભગવાનના દર્શન કરી, આનંદિત થઈ ભક્તોએ ચંદન, ચોખા, શ્રીફળ, પુષ્પમાળા વડે પૂજન કર્યું અને વસ્ત્ર, આભૂષણ, દ્રવ્ય અર્પણ કરી પૂજનનો સંતોષ માન્યો. ॥૪૫॥ સામૈયામાં આવેલા સર્વે ભક્તોએ મૃદંગ-તબલાં, ઢોલ-નગારાં, પ્રણવ-ગોમુખ જેવાં વાજિંત્રોથી ઉદ્ઘોષ કરી જયજયકાર કર્યો હતો. ॥૪૬॥ રસ્તે ચાલતા ધૂળની ડમરી ઊડતી હતી તેથી શ્રીહરિ હાથ વડે શ્વેત વસ્ત્ર મુખ પર રાખી ગોવિંદભાઈ ભક્તના ઘેર પધાર્યા. ॥૪૭॥ સુંદર મજાના શોભાયમાન આસન ઉપર શ્રીહરિ બિરાજ્યા. સર્વ સંત પાર્ષદો તેમની સન્મુખ બેઠા. ॥૪૮॥ ગોવિંદ ભક્તના ઘેર મુકુન્દવર્ણીએ સુંદર વડાં, દાળ-ભાત, શાકનો થાળ તૈયાર કર્યો. શ્રીહરિ સ્નાન કરી સુંદર આસન ઉપર જમવા બેઠા. ॥૪૯॥ જમ્યા પછી ચળુ કરી, જળપાન કર્યા બાદ શ્રીહરિ આગ્રહ કરી સંત-પાર્ષદોને પીરસવા લાગ્યા. ત્યારબાદ કરજીસણની ભાગોળે આવેલા તળાવના કાંઠા ઉપર વૃક્ષની છાયામાં સુંદર મોટો મંચ બનાવેલ ત્યાં શ્રીહરિ બેઠા. સામે સર્વે સંત હરિભક્તો આનંદપૂર્વક બેઠા. ॥૫૦॥ શ્રીહરિ મહાપ્રભુ નારાયણમુનિએ હાથમાં રંગની પિચકારી લીધી. સામે બેઠેલા સર્વે ભક્તોને રંગ છાંટી ભીંજવી દીધા. ॥૫૧॥ સામે ભક્તોએ પણ ભગવાનને રંગથી, ગુલાલથી ભીંજવી દીધા. ઘણા સમય સુધી આ રંગોત્સવમાં સૌ ભીના થયા. અતિ રમણીય દૃશ્ય હતું. અંતે સર્વ સમુદાયે તળાવમાં સ્નાન કરવા પ્રયાણ કર્યું. ॥૫૨॥ સ્નાનક્રિયા પછી સારાં વસ્ત્રો ધારણ કરી, તળાવકાંઠે ઘટાદાર વડની છાંયામાં બનાવેલ સુંદર હીંડોળામાં મહાપ્રભુ બિરાજમાન થયા. ॥૫૩॥ આ વખતે દેશ દેશાંતરથી હરિભક્તોના સંઘો આવ્યા. જેમણે શ્રીહરિ મહાપ્રભુનું પૂજન, અર્ચન, ચરણસ્પર્શ, વંદન કરી ધન્યતા અનુભવી. ॥૫૪॥

આવેલા સહુ સત્સંગ સમુદાયને સ્વસ્વરૂપનું સુખ આપવા ફરીથી ભક્તજનોએ એકત્રિત કરેલ સામગ્રીથી મોટો ઉત્સવ મનાવ્યો. એક માસ સુધી કરજીસણમાં રોકાઈને અર્ચન, પૂજન ચરણસેવાનું સુખ આપ્યું. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના ઉપદેશની વાતોમાં સૌને તરબોળ કરી દીધા. ॥૫૫॥

**ઈતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ મુનિ વિરચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ કરજીસણમાં ઉત્સવ કર્યો એ નામે ત્રેસઠમો અધ્યાય થયો. ॥૬૩॥**

## ॥ અધ્યાય - ૬૪ ॥

**બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! પછી ગોવિંદભાઈ ભક્તના શણગારેલ ગાડામાં બિરાજમાન થઈ શ્રીહરિ ધર્મપુત્ર નારાયણ મહાપ્રભુ ખોરજ ગામ ભણી જવા નીકળ્યા. ॥૧॥ ખોરજ ગામના બહેચર ભક્તે અત્યંત આનંદવિભોર થઈ શ્રીહરિનું સ્વાગત કર્યું. પ્રેમપૂર્વક પૂજન-અર્ચન, હારતોરા કરી, ભોજન તૈયાર કરાવી મહાપ્રભુને જમાડ્યા. ॥૨॥ બપોરનો સમય ત્યાં વીતાવી, સૌને ઉપદેશનાં વચન કહ્યાં. ભક્તની સેવા અંગીકાર કરી. સાંજના સમયે ગાડામાં વિરાજમાન થઈ કરજીસણ તરફ પધાર્યા. ॥૩॥ રાતના સમયે ગામની પૂર્વ દિશામાંથી કીર્તનનો અવાજ સાંભળી શ્રીહરિ ગોવિંદ ભક્તને પૂછવા લાગ્યા કે આ કીર્તન કોણ બોલે છે. ॥૪॥ આ સાંભળી ગોવિંદભાઈ કહે છે, હે મહારાજ ! હરિભક્તો તેમના ઘેર મંદિરમાં ભજન કીર્તન ઉચ્ચ સ્વરે બોલી રહ્યા છે. ॥૫॥ ત્યારે શ્રીહરિએ ગોવિંદભાઈને આજ્ઞા કરી કે તે ભક્તોને દર્શન કરવા બોલાવો. ગોવિંદભાઈએ હરિભક્તોને સમાચાર પહોંચાડ્યા. ॥૬॥ ઉમાજી તથા માનુજીના મુખથી સમાચાર સાંભળ્યાકે ભગવાન સ્વામિનારાયણ આવ્યા



છે અને સૌને દર્શન કરવા બોલાવે છે. આ સાંભળી સૌ રાજી થયા અને જલદીથી આવી દર્શન કરી ધન્યભાગી બન્યા. પોતાને કૃતાર્થ સમજવા લાગ્યા. ॥૭॥ શ્રીહરિ મહાપ્રભુ સૌને દર્શનસુખ આપી ત્યાંથી ઓળા ગામ જવા નીકળ્યા. ત્યારે માર્ગમાં એક પ્રસંગ બન્યો. ॥૮॥ એક ખેડૂત મહાપ્રભુને મૂકવા જવા ગાડું તૈયાર કરીને લાવ્યો. ગાડામાં પ્રભુ બેઠા. ખેડૂત બળદને ચલાવવા મથ્યો. પણ બળદ ચાલતા નથી. ભગવાને બળદને જલ્દી ચલાવવા કહ્યું કે સામે ગામ જવાનું મોડું થાય છે. ॥૯॥ ખેડૂત બળદોને પ્રેમથી સાન કરી ચલાવવા મથે છે પણ બળદ એકના બે ન થયા. ભગવાને પોતે પણ બળદને ચલાવવા સાન કરી પણ ચાલ્યા નહીં. પછી ભગવાન સારથિ બની બળદની રાસ હાથમાં લઈ ચલાવવા લાગ્યા. ॥૧૦॥ ભગવાને પોતે ગાડું ચલાવ્યું ને પાનસર ગામની ભાગોળે આવ્યા. ગામના સ્ત્રી-પુરુષોએ શ્રીહરિનું પ્રેમથી પૂજન-અર્ચન કરી સ્વાગત કર્યું. શ્રીહરિ ત્યાં રોકાયા અને સંતો આગળ ગયા. ॥૧૧॥ માર્ગમાં ગાયો ચરાવતો દૈત્ય પ્રકૃતિનો અસુર, હાથમાં હથિયાર લાકડી લઈને, ક્રોધથી લાલચોળ આંખો કરી સંતોને કહેવા લાગ્યો. ॥૧૨॥ અલ્યા સાધુઓ, તમારા ગુરુ-ભગવાન કહેવાય છે, તે ક્યાં છે? સાચું કહો, ત્યારે સંતોએ કહ્યું, અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન અમારી પાછળ આવે છે, આમ કહી સંતો ચાલતા થયા. ॥૧૩॥ થોડીવારમાં મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણ પાર્ષદ અસવારો સહિત ત્યાં આવી પહોંચ્યા. પેલો અસુર કહેવા લાગ્યો કે પૃથ્વી ઉપર તમે ભગવાન થઈને ફરો છો ? ॥૧૪॥ તમે પાખંડ ધર્મ બતાવી લોકોને છેતરો છો ? સજ્જન લોકોને છેતરી ખોટી સમાધિ કરાવો છો ? ધ્યાનના ખોટા ધતિંગ ચલાવો છો ? ॥૧૫॥ આવી ગલીચ વાણી સાંભળી શ્રીહરિ શાંત રહ્યા. પણ સાથેના ભક્તજનો ખૂબ અકળાયા અને દુષ્ટબુદ્ધિવાળા અસુરને પકડી શિક્ષા કરવા લાગ્યા. ॥૧૬॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે,** હે રાજન! આવી રીતે અસુરનું વર્તન જોઈ ભગવાનનો દ્રોહ કરનારને બરાબર શિક્ષા થવી જોઈએ તેથી પકડી માથાના અને દાઢીના વાળ બળપૂર્વક ખેંચવા લાગ્યા.

એટલે અસુર નિર્બળ થઈ ગયો. ॥૧૭॥ અસુરના ઘમંડ - અભિમાનનો ભંગ થવાથી તે હતાશ થઈ પોતાના ગુરુ લોલંગર બાવા-નેતા પાસે જઈ દાઢી તથા માથાના વાળ ખેંચવાની વાત કરી ॥ ૧૮॥ પછી મહાપ્રભુ અસવારો સાથે ત્યાંથી નીકળી ઓળા ગામે આવ્યા. ત્યાં શ્રીધરદાસ ભક્તને ત્યાં થાળ બનાવેલા તે જમ્યા. ॥૧૯॥ પોતે થાળ જમી સંત પાર્ષદોને જમાડી તૃપ્ત કરી ત્યાંથી મહાપ્રભુ કૌલાસણ (કોલવડા) ગામે ગયા. ત્યાં હીરાભાઈ ભક્તને ઘેર નિવાસ કર્યો. ॥૨૦॥ ભોજન બાદ હીરાભાઈએ શ્રીહરિ તથા સંતોનું પૂજન અર્ચન કર્યું. પછી સંતો તથા શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને ઘમાસણા ગામે આવ્યા. ॥૨૧॥ હે રાજન્ ! ઘમાસણામાં સુતાર ભક્તને ઘેર શ્રીહરિ થાળ જમી, ચોકમાં લીંબડાની ડાળે બાંધેલ હિંડોળામાં બિરાજ્યા. ॥૨૨॥ મહાપ્રભુ વિરાજમાન હતા ત્યારે મયારામ વિપ્ર તથા વૈશ્યભક્ત પુરુષોત્તમદાસ ત્યાં આવી દર્શન કરી વંદન કર્યા. અને સન્મુખ બેઠા. શ્રીહરિએ પોતાના દર્શનનું સુખ ભક્તોને આપ્યું. ॥૨૩॥ ભક્તજનોને સુખ આપી મહાપ્રભુ ત્યાંથી ચાલ્યા તે અડાલજ પધાર્યા. ગામ પાસે સુંદર કલાકારીગરી વાળી ખૂબ જ સુંદર વાવ હતી. ॥૨૪॥ વાવ પાસે છાયાવાળાં મોટાં બે વૃક્ષ હતા. ત્યાં શ્રીહરિ બેઠા. નિર્મળ સ્વચ્છ જળવાળી મોટી વાવ જોઈ આનંદિત થયા. ॥૨૫॥ વાવ ઉપરના શિલાલેખની અક્ષર-લિપિ જોઈ શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને વાંચવાની આજ્ઞા કરી. આ વાવ કીર્તિ માટે નથી બંધાવી, પણ આ વાવમાં સંત પુરુષ ભગવત સ્વરૂપ ન્હાય, પાણી પીએ અને જીવનો મોક્ષ થાય તે હેતુથી બનાવેલ છે. ॥૨૬॥ આ પ્રમાણે મોક્ષનો હાર્દ જાણી, વાવ બનાવનારના મોક્ષ કરવાના નિમિત્તે પ્રસન્ન થઈ, હાસ્ય કરતા કરતા સંતોને વાવમાં સ્નાન કરવાની આજ્ઞા કરી. ॥૨૭॥ પ્રભુનો આદેશ થતાં સંતોએ, પાર્ષદોએ શ્રીહરિ સાથે વાવમાં સ્નાન કર્યું. પછી મહાપ્રભુ શ્વેત વસ્ત્રો ધારણ કરી ત્યાં આસન ઉપર બેઠા. ॥૨૮॥ આ વાવ બનાવવામાં વપરાયેલ ધનરાશિ આપનાર અને નિર્માણ કરનાર કારીગરો સર્વનું કલ્યાણ થશે એવા આશીર્વાદ શ્રીજી મહારાજે આપ્યા જે



વાત સૌએ જાણી. ॥૨૯॥ હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ ત્યાં સંતો-પાર્ષદો સહિત બેઠા હતા ત્યારે ગામના મૂળુ, દયાળ, ધનો આદિ ભક્તોએ આવી પૂજન અર્ચન કર્યું. ॥૩૦॥ મહાપ્રભુએ સર્વને ઉપદેશ આપ્યો અને સુખ પૂર્વક ત્યાં શયન કર્યું. બપોર પછી ઊઠી તૈયાર થઈ મોટેરા ગામ ગયા. ॥૩૧॥ અડાલજથી મોટેરા ગામ જતાં વચ્ચે સાબરમતી નદી આવી તેમાં સ્નાન કરી કાંઠા ઉપર આવેલ શિવજીના મંદિરમાં મહાદેવજીના દર્શન કર્યાં. બે ઘડી ત્યાં રોકાઈ મોટેરા ગામમાં ગયા. ॥૩૨॥ મોટેરા ગામના ભક્તજનો સ્વામિનારાયણ મહાપ્રભુને આવતા જોઈ ખૂબ જ રાજી થયા. પોતાના આત્માથી પણ વધુ પ્રિય મહાપ્રભુ અને સંતોને પોતાના ઘરોમાં ઉતારા કરાવ્યા. ॥૩૩॥ આ ભક્તોમાં પુરુષોત્તમ, વેણીદાસ, પ્રભુભાઈ, શંભુભાઈ, નાગરભાઈ, લાલદાસ, લક્ષ્મણદાસ વગેરે હતા જેમણે પોતાના ઘેર ઉતારા કરાવ્યા. ॥૩૪॥ બ્રાહ્મણો પાસે શ્રીહરિ તેમજ સંત - પાર્ષદોને જમાડવા શીરો, પુરી, દાળ, ભાત-શાકની રસોઈ બનાવડાવી. ॥૩૫॥ હે રાજન ! પ્રથમ શ્રીહરિ મહાપ્રભુ થાળ જમી તૃપ્ત થઈ, સંત પાર્ષદોને આગ્રહ કરી ખૂબ જમાડ્યા. સર્વે તૃપ્ત થયા. ॥૩૬॥ ત્યાંથી કલ્યાણમૂર્તિ મહાપ્રભુ સર્વત્ર જયજયકાર પ્રવર્તાવી સંત પાર્ષદો સહિત અમદાવાદના જીવોના કલ્યાણ અર્થે અને ભક્તજનોને અભયસુખ આપવા અમદાવાદ પધાર્યા. ॥૩૭॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિ લીલાસુધાકરમાં શ્રીહરિ અમદાવાદ (શ્રી નગર) પધાર્યા એ નામે ચોસઠમો અધ્યાય થયો. ॥૬૪॥**

## ॥ અધ્યાય - ૬૫ ॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! ભગવાન આવવાના સમાચાર જાણી અમદાવાદના ભક્તજનોએ વાજિંત્રો સહિત ગાતાં-વજાવતાં સહજાનંદ સ્વામીનું સંતો સહિત સ્વાગત - સામૈયું કર્યું. અને આનંદ પૂર્વક નગરમાં લઈ આવ્યા. ॥૧॥ કૃપામૂર્તિ, સાક્ષાત્ મહાપ્રભુ સહજાનંદ સ્વામીને સંત પાર્ષદો સહિત નવા વાસમાં ઉતારા કરાવ્યા. ॥૨॥ લીંબડાના વૃક્ષ નીચે સોના મણિરત્નોથી જડિત શોભાયમાન મંચ ઉપર શ્રીહરિ કૃપાસિંધુ બેઠા. કમળલોચન મહાપ્રભુનું ભક્તજનોએ ચંદન, પુષ્પ, હારથી સ્વાગત કરી સુંદર વસ્ત્ર આભૂષણો વડે પૂજન કર્યું. નક્ષત્ર મંડળમાં જેમ ચંદ્ર શોભે તેમ ભગવાન જનસમુદાયમાં શોભતા હતા. અક્ષરધામાધિપતિ ધર્મપુત્રનાં દર્શન કરી સૌના મન વિસ્મય પામતાં હતાં. ખૂબ જ આનંદવિભોર થઈ પ્રભાવિત થતાં હતાં. ॥૩॥ પૂજાવિધિ બાદ શ્રીહરિ મહાપ્રભુ શંભુદાસ ભક્તના ઘેર થાળ આરોગી સંત પાર્ષદોને ભોજન પીરસી સૌને તૃપ્ત કરતા હતા. ત્યારબાદ શ્વેત વસ્ત્રો ધારી મહાપ્રભુ મંચ ઉપર બિરાજી ઉપદેશ આપતા હતા. ॥૪॥ અમદાવાદમાં પ્રભુદાસના ઘેર એક વૃદ્ધ બહેને સાકરના પેંડા લાવી મનમાં સંકલ્પ કર્યો. ॥૫॥ જો સ્વામિનારાયણ ભગવાન હોય તો, અહીં આવી મારી પાસે પેંડા માગી પોતે ખાય તો મને ભગવાનનો સાચો નિશ્ચય થાય. ॥૬॥ આ સંકલ્પ પૂર્ણ કરવા સ્વામિનારાયણ ભગવાન તે બહેનના ઘેર ગયા અને સૂઈ રહેલ માજીને કહેવા લાગ્યા કે હે સાધ્વી ! મનમાં સંકલ્પ કરીને કેમ ઊંઘે છે ? ॥૭॥ હે સજ્જના ! તમારા ઘરમાં કાંઈ ખાવાનું હોય તો આપો. અમને ખૂબ ભૂખ લાગી છે. ત્યારે તે માજીએ ઊઠી આનંદપૂર્વક દીવો કર્યો. ॥૮॥ અને લાવેલ પેંડા એક થાળમાં ભરી મહાપ્રભુ શ્રીહરિ સામે ધર્યા. શ્રીહરિ તેનો સંકલ્પ પૂર્ણ કરવા તે જમી ગયા. ॥૯॥ પેંડા જમી હાથમાં રહેલી સોટી એક ઘડાને અડકાડી શ્રીહરિ બહેનને પૂછવા લાગ્યા કે આ ઘડામાં શું છે ? ॥૧૦॥ માજીએ શ્રીહરિને



કહ્યું કે આ ત્રણ ઘડા અનાજ ભરવા માટેના છે. ત્યારે શ્રીહરિએ કહ્યું આ ઘડાની અંદર જોયા સિવાય અનાજ કાઢશો તો કદી ખૂટશે નહિ. ॥૧૧॥ બહેનને આવું વરદાન આપી શ્રીહરિ લાલદાસ ગોરા ભક્તને ઘેર ગયા. ત્યાં સુંદર આસન ઉપર બેઠા. ઘરના સર્વ સભ્યોએ પ્રેમપૂર્વક શ્રીહરિના દર્શન કર્યાં. ॥૧૨॥ રાત્રે શ્રીહરિ મહાપ્રભુએ ત્યાં જ શયન કર્યું. બીજા દિવસે પ્રાતઃકાળમાં ઊઠી સ્નાન વિધિ પતાવી. મહાપ્રભુ નવાવાસમાં પરત પધાર્યા. ॥૧૩॥ ત્યાં પ્રભુદાસ ભક્તના ઘેર તૈયાર કરેલા થાળ જમ્યા. પછી મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન મંચ ઉપર બિરાજ્યા. આગળ સંત હરિભક્તોની મોટી સભા થઈ. ॥૧૪॥ સભામાં વેદ વેદાન્તના અભ્યાસી વિદ્વાન નાગર બ્રાહ્મણો આવ્યા અને સ્વામિનારાયણ ભગવાનને જુદા જુદા પ્રશ્નો પૂછવા લાગ્યા. શ્રીહરિ મહાપ્રભુએ તેના પ્રમાણસહ સુંદર ઉત્તર આપ્યા. ॥૧૫॥ શ્રીહરિના મુખકમળથી અમૃતમય વાણીથી ઉત્તરો સાંભળી, મહારાજની અગમ્ય વાણીથી નાગર વિદ્વાનો આશ્ચર્યચકિતમનવાળા થયા.પોતાના જ્ઞાનના મદને ભૂલી નિર્માની થઈ શ્રીહરિ મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં મસ્તક મૂકી વંદન કરવા લાગ્યા. ॥૧૬॥ શ્રીહરિની અમૃતવાણીથી પ્રભાવિત થઈ બ્રાહ્મણોમાં મુખ્ય રામશાસ્ત્રીએ પ્રસન્ન મનથી શ્રીહરિ પુરુષોત્તમ નારાયણનું વસ્ત્રો આભૂષણથી પૂજન કર્યું. ॥૧૭॥ આમ અમૃતમય વાણીથી બ્રાહ્મણોને સંતોષ પમાડ્યા. કોઈ હરિભક્તએ હાથ જોડી પોતાને ત્યાં પધારવા પ્રાર્થના કરી તે સાંભળી તેમની સાથે વૈશ્યભક્ત મોહનલાલને ત્યાં તૈયાર કરેલ મંડપમાં પધાર્યા. ॥૧૮॥ શ્રી મહાપ્રભુ, સંત સમુદાય તથા ભક્ત સમુદાય સાથે જાતજાતની શોભાયુક્ત મંડપોમાં ભક્તોની પ્રાર્થના સાંભળી પધાર્યા. ॥૧૯॥ આ મંડપોની શોભા અનેરી હતી. જાતજાતના મોતીના તોરણો અને અન્ય બનાવટી વસ્તુઓથી તેમજ દીવાઓના પ્રકાશથી મંડપ જાણે મણીથી શણગારેલા હોય તેવા લાગતા હતા. ॥૨૦॥ મંડપનાં આકર્ષક તોરણો અને પાથરેલા ગાલીચાથી અલગ ભાત પડતી હતી. મંડપમાં પાડેલા જુદા

જાુદા ખંડો ખૂબ જ શોભાયમાન હતા. ॥૨૧॥ મંડપની બરાબર વચ્ચે રમણીય મંચ ઉપર સર્વના સ્વામી અનંત સ્વરૂપ, ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુ વિરાજમાન થયા. આ દિવ્ય સભાનું સ્થળ અતિ શોભાયમાન બની રહ્યું હતું. ॥૨૨॥ વિવાહમાં શોભે તેવા સુંદર વસ્ત્રો પહેરીને આવેલા વૈષ્ણવ શેઠે શ્રીહરિ મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણને પ્રણામ કરી, પૂજન કરીને સુંદર વસ્ત્રોની ભેટ ધરી. ॥૨૩॥ સંધ્યા આરતી અને નિત્યનિયમ ત્યાં મંડપમાં જ સૌ સંત પાર્ષદ સહિત સર્વે ભક્તને શ્રીહરિએ કરાવ્યો. નિત્યનિયમ કરી શયન અર્થે શ્રીહરિ પોતાના નિવાસસ્થાન નવાવાસમાં પધાર્યા. ॥૨૪॥ બીજા દિવસે પ્રાતઃકાળમાં વહેલા ઊઠી સ્નાનવિધિ પૂજાપાઠ કરી શ્રીહરિ સંત પાર્ષદ ભક્ત સમુદાય સાથે તૈયાર થઈ બહાર નીકળ્યા. ॥૨૫॥ અને મહાપ્રભુએ હીરાચંદ ચોકસીના ઘેર પધરામણી કરી. સુંદર મજાની શય્યા બિછાવેલ હતી તેના પર વિરાજમાન થયા. ત્યાં વર્ણીએ બનાવેલ રસોઈના થાળ મહારાજ જમ્યા. સર્વ સંતવૃંદને જમાડ્યા. ત્યાર બાદ મહાપ્રભુ રાઘવ ભક્તને ઘેર પધાર્યા. ॥૨૬॥ તે ભક્તની સેવા-પૂજા-સત્કાર સ્વીકારી ત્યાંથી મૂળદાસ ભક્તના ઘેર પધાર્યા. તેમની સેવા પૂજન અંગીકાર કરી દામોદર ભક્તના ઘેર પધાર્યા. ॥૨૭॥ દામોદર ભક્તના ઘેર સુંદર મંચ બનાવેલો હતો. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. સર્વભક્ત સમુદાય દ્વારા ચંદન, અક્ષત, પુષ્પો વડે પૂજન-અર્ચન થયું. વસ્ત્ર આભૂષણ અર્પણ કર્યા. ॥૨૮॥ શ્રીહરિ મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનની આગળ ધૂપ-દીપ કરી આરતી કરી સૌએ ફરીથી ભગવાનના સ્વરૂપને વંદન-પ્રણામ કર્યા. ॥૨૯॥ દામોદર ભક્તને શ્રીહરિના સ્વરૂપને અંતઃકરણમાં ધારીને કુટુંબ સહિત પ્રાર્થના કરી કે અમારા ઘેર અખંડ નિવાસ કરીને આપ રહો. ॥૩૦॥ હે પુરુષોત્તમ નારાયણ ! તમે જ સાક્ષાત્ સ્વરૂપ, અનાદિ ભગવાન છો અને આપના ગુણોની અલૌકિકતાથી અનંત શક્તિઓ આપને સેવે છે. ॥૩૧॥ અક્ષરધામમાં નિત્ય બિરાજતા, સર્વાવતારી, મુક્તો દ્વારા સેવાયેલા, અન્વય વ્યતિરેક સ્વરૂપ આપને અમે



પ્રણામ કરીએ છીએ. ॥૩૨॥ હે નારાયણ ! અનંતકોટિ બ્રહ્માંડોના સર્જકના જન્મદાતા, પ્રધાનપુરુષોની સ્થિતિના સ્વામી, હે વિશ્વાત્મા નારાયણ ! સર્વ દેહધારી માત્રના કલ્યાણ કરનારા ॥૩૩॥ અત્યારે આપ અખિલ બ્રહ્માંડમાં અલૌકિક રૂપે વિચરણ કરી રહ્યા છો. દેવો પણ વિધિના બળથી પાર પામી શકતા નથી. પરંતુ આપ માયાને ભેદી અત્યારે પધાર્યા છો, આપના સ્વરૂપને એકાંતિક ભાવથી સંતો સેવી રહ્યા છે. એવા હે હરિકૃષ્ણ મહારાજ ! આપને અમો વંદન કરીએ છીએ. ॥૩૪॥ હે મહારાજ ! તમારા સ્વરૂપનો નિશ્ચય કરી આપના આવા સ્વરૂપની ભક્તિ કરનારો, ચરણ સેવા કરનારો થાઉં અને આ ભવસાગરથી પાર ઉતારી મને તમારા શરણમાં રાખો. ॥૩૫॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! દામોદર ભક્તે આ પ્રમાણે મહારાજની સ્તુતિ કરી. પછી નારાયણમુનિ મહાપ્રભુ મહાદેવભાઈ વ્યાસના ઘર પ્રત્યે ગયા. ॥૩૬॥ સ્વામિનારાયણ ભગવાન પધાર્યા તેથી આનંદથી ઊભા થઈ મહાદેવભાઈએ શ્રીહરિને બે હાથ જોડી પ્રણામ કર્યા. ॥૩૭॥ ચરણ પ્રક્ષાલન કરી મહારાજની ખૂબ સરભરા કરી. મહાદેવભાઈને આનંદ આનંદ થઈ ગયો. પછી સુંદર ભોજન બનાવડાવી શ્રીહરિ તથા સંત-પાર્ષદોને હેતથી જમાડ્યા. ॥૩૮॥ ભોજન બાદ ચળુ કરી, જળપાન કરી મહાપ્રભુ આસન ઉપર વિરાજમાન થયા. પ્રેમપૂર્વક પૂજન કરી મહાદેવભાઈએ હાથ જોડી નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી. ॥૩૯॥ **મહાદેવભાઈ સ્તુતિ-પ્રાર્થના કરે છે** : હે પરબ્રહ્મ ! જેની કીર્તિને હંમેશા દેવો ગાયા કરે છે, જેને બ્રહ્મજ્યોતિ કહેવાય છે એવા પરબ્રહ્મ પરાત્પર પ્રભુ, ધર્મભક્તિ થકી મનુષ્ય દેહ ધારણ કરીને જીવોના કલ્યાણ માટે વિચરો છો એવા નારાયણ મહાપ્રભુએ આજે મને દર્શન આપ્યા છે. ॥૪૦॥ હે સ્વામિનારાયણ મહાપ્રભુ ! આપના આગમનથી અમારા પિતૃઓ, દેવતા સર્વ અત્યારે ખૂબ જ રાજી થયા છે. ॥૪૧॥ આ રીતે પ્રાર્થના કરીને વિપ્ર મહાદેવભાઈએ મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણનું નવાં વસ્ત્રો વડે પૂજન કર્યું. ત્યાર બાદ શ્રીહરિએ ત્યાંથી જવાની ઈચ્છા કરી. ॥૪૨॥ સ્વામિનારાયણ મહાપ્રભુ

પૂજા અંગીકાર કરી કંઠમાં પુષ્પના હાર ધારણ કરેલા, સફેદ વસ્ત્રોમાં ઘોડા ઉપર વિરાજમાન થઈ સંત પાર્ષદ સાથે જઈ રહ્યા હતા. ॥૪૩॥ વિદ્વાન બ્રાહ્મણો મહારુદ્રયાગ કરે છે તેવા સમાચાર જાણી નારાયણ મહાપ્રભુ યજ્ઞમંડપ પ્રત્યે ગયા. ॥૪૪॥ મહારાજને ઘોડા ઉપર આવતા જોઈને વેદના અભ્યાસી બ્રાહ્મણો ઊભા થઈ પ્રણામ કરી કહેવા લાગ્યા. ॥૪૫॥ હે મહારાજ ! આ સુંદર શણગારેલ ગાદી ઉપર બેસો, આપને માટે જ બનાવી છે. આવી આગ્રહવાણી સાંભળી મહાપ્રભુ તેમના છેતરપિંડીના ભાવને જાણી ગયા. ॥૪૬॥ શ્રીહરિએ માર્મિક વાણીમાં કહ્યું, મુનિદેવો ! આ ગાદીની બેઠક તો તમોને જ યોગ્ય છે. અમે તો યજ્ઞનારાયણનાં દર્શન કરવા માટે જ આવ્યા છીએ. ॥૪૭॥ આ રીતે સમયોચિત ઉત્તર વાળ્યો અને મયારામ વિપ્ર દ્વારા શ્રીફળ અને રૂપિયા દાનમાં આપ્યા. પછી સ્વામિનારાયણ ભગવાન ત્યાંથી ચાલતા થયા. ॥૪૮॥ યજ્ઞમંડપથી બહાર નીકળી, ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુ વાજિંત્રોના જયનાદ કરતા ખોખરા મહેમદાવાદ નથ્થુ ભટ્ટને ત્યાં પધાર્યા. ત્યાં ઉતારો કરી રોકાયા. ॥૪૯॥ મહારાજ નીકળ્યા પછી મહારાજનું સદ્‌ભાવપૂર્ણ વર્તન નિહાળી બ્રાહ્મણો એવો પસ્તાવો કરવા લાગ્યા કે મનુષ્ય શરીરધારી વિચરનાર આ સ્વયં યજ્ઞનારાયણ હતા, જેને આપણે ઓળખી શક્યા નહિ. આપણે મોટી ભૂલ કરી છે. આ રીતે બ્રાહ્મણો પછીથી ભાન થતાં પોતાને ધિક્કારવા લાગ્યા. આપણે તો જમધક્કાને યોગ્ય છીએ એવું માનવા લાગ્યા. ॥૫૦॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ ખોખરા મહેમદાવાદ પધાર્યા એ નામે પાંસઠમો અધ્યાય પૂરો થયો. ॥૬૫॥**



## ॥ અધ્યાય - ૬૬ ॥

**રાજા પ્રશ્ન પૂછે છે :** હે સ્વામી ! સર્વસુખનિધિ ભગવાન ત્યાં મહેમદાવાદનગરમાં નિવાસ કરીને નવાં શું ચરિત્ર કરતા હતા તે કથા અમને કહો. ॥૧॥ શ્રીહરિ મહાપ્રભુજી જ્યારે ખોખરા મહેમદાવાદમાં હતા ત્યારે પૂર્વે જેવા દેવો અને અસુરોને યુદ્ધ થયું તેવો મહાન સંગ્રામ ખેલીને અસુરોના બળનો નાશ કરતા હતા. ॥૨॥ હે મહાત્મા ! આ પ્રકારની કથા આપના મુખ થકી સાંભળીને ખૂબ સુખ થયું. હવે આગળની કથા કહેવા માટે આપ યોગ્ય છો અને કૃપા કરીને મને કથા સંભળાવો. ॥૩॥ જે કાન વડે ભગવાનના ચરિત્રોની કથા સાંભળે છે તેના મહા પુણ્ય છે અને જે તે કાનથી ગ્રામ્ય વાર્તા અને વાદવિવાદ કરે છે તે તો કેવળ જંતુઓને રહેવાનું દર છે. ॥૪॥ જે નેત્ર હોવા છતાં ભગવાનના દર્શન નથી કરતો તે આંધળો છે અને જે જીભથી ભગવાનના ગુણ નથી ગાતો તે દેડકા જેવો છે. ॥૫॥ જે મનુષ્ય હાથથી ભગવાન તથા મંદિરની સેવા નથી કરતો તે ઠૂંઠો છે અને પગથી ભગવાનના મંદિરે ન જાય અને સારી રીતે શણગારીને ફરે તેથી તેને પગ નથી પણ ઝાડની ડાળખી જ સમજવી. ॥૬॥ હે મહાપુરુષો ! આપ બન્નેના મુખ થકી નીકળેલી ભગવદ્ વાર્તા સાંભળી મારા મનમાં આનંદ વર્તે છે તેથી અન્ય આ સંસારમાંથી તારનારી કથા અમને સંભળાવો. ॥૭॥ **મુક્તાનંદ મુનિ કહે છે :** રાજાના આવી રીતના પ્રાર્થનાયુક્ત વાક્ય સાંભળીને ભગવાનની કથા સાંભળવાના આગ્રહભર્યા ભાવ જોઈને ભગવાનની કથા સંભળાવવા માટે બ્રહ્માનંદ સ્વામીને કથા કહેવાની પ્રેરણા અનુમતિ આપતા હતા. ॥૮॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! એક વખત સ્વામિનારાયણ ભગવાન સંતોને ગામડાઓમાં સુરત મોકલીને શ્રીહરિ ભક્તજનોને દર્શન આપીને સુખી કરવા ત્યાં મહેમદાવાદમાં રહ્યા. ॥૯॥ ત્યારે એક વખત ભક્તજનોએ પ્રાર્થના કરી તેથી તેઓની સાથે નિર્મળ સ્વચ્છ જળવાળા કાંકરીયા સરોવરે ભગવાનનો જયજયકાર કરતા સ્નાન કરવા પધાર્યા. ॥૧૦॥ તે કાંકરીયા સરોવર મગરમચ્છની ઉછળ કૂદવાના

કાર્યથી તરંગો થતી હતી તેમજ શાંત શીતળ પવન વાવાથી ફૂલની કમળની રજકણોથી સુગંધી વાયુ વાતો હતો. ॥૧૧॥ જ્યાં જળની અંદર હંસ, બતક સારસ પક્ષીઓ વારંવાર બોલાતા હતા અને કાંઠા ઉપરના વૃક્ષોથી શોભાયુક્ત સરોવરનો તટ સુંદર લાગતો હતો. ॥૧૨॥ શ્રીહરિ પુરુષોત્તમ નારાયણ મહાપ્રભુ તે કાંકરીયા સરોવરમાં અશ્વારો-પાર્ષદોની સાથે નિર્મળ શાંત જળમાં સ્નાન કરીને તીર્થરૂપ કરતા હતા. ॥૧૩॥ પ્રયાગ નર્મદા, નારાયણસરોવર, આદિ સર્વ તીર્થોને અહીંયા કાંકરીયા સરોવરમાં વસવાની આજ્ઞા કરતા હતા. હંમેશા વસાવતા હતા. ॥૧૪॥ સરોવરમાં ઘણા સમય સુધી સ્નાન કરીને પછી મહાપ્રભુ બહાર નીકળીને શ્વેત વસ્ત્ર ધારણ કરીને શોભતા હતા. ॥૧૫॥ ત્યાં ગરનાળા ઉપર સંત-પાર્ષદ- ભક્તજનોથી વિટાયેલા બેસીને પાર્ષદો સિંધુરાગમાં કીર્તનો બોલતા હતા તેમની સાથે ગાવા લાગ્યા. ॥૧૬॥ ત્યાર બાદ યોગ વિદ્યાને બળ આપનારી યોગ તપસ્વી સંતોની વાત કરીને સંતોને કહેવા લાગ્યા, હે સંતો, તમો આ જગતથી ઉદાસ મનવાળા થયેલા છો. ॥૧૭॥ વૈરાગ્યવૃત્તિવાળા થઈને ફરો છો. ભૂખ-તરસની દરકાર રાખ્યા સિવાય, માન-અપમાન શત્રુ મિત્રનો જેને કોઈ ભેદ નથી, સમદૃષ્ટિવાળા. ॥૧૮॥ રાગદ્વેષનો ત્યાગ કરીને માયાનો પરાભવ કરીને આશા તૃષ્ણાનો ત્યાગ કરીને દ્રોહ કરનાર જીવ ઉપર પણ નિર્મત્સર ભાવવાળા. ॥૧૯॥ માયિક ષડચક્રને ભેદીને બાર પાંખડીના હૃદયકમળના મધ્યમાં આત્મસ્થિતિમાં પરમાત્માના ધ્યાનમય વર્તો છો. ॥૨૦॥ સ્વ સ્વરૂપમાં નિવાસ કરીને ભગવાનના નેત્રની સાથે નેત્ર, કાનની સાથે શ્રવણ નાસિકા સુવાસગ્રહણ, નેત્રભ્રકુટિથી ભૃકુટિને જોડીને પૃથ્વી ઉપર યોગના શિક્ષણ આપનારા. ॥૨૧॥ હાથોનું હાથોથી વક્ષસ્થળથી વક્ષસ્થળનું, પગનું પગથી સ્મરણ કરીને અખંડ ભક્તિમાં મનને જોડી રાખનારા. ॥૨૨॥ હર હંમેશ શ્વાસોશ્વાસમાં ભગવાનના નામના ઉચ્ચાર દિવસ દરમ્યાન એકવીસહજાર છસોવાર ભગવાનના નામનો ઉચ્ચાર કરીને રાતદિવસ ભગવાનમય રહ્યા છો. ॥૨૩॥ આવી રીતના યોગમાર્ગમાં વર્તનારા ભગવદ્‌ભક્તિ યુક્ત સંતના દર્શનથી પાપી જીવ પણ પાપથી



મુક્ત બની યમદૂતના ભયથી છૂટી જાય છે. ॥૨૪॥ વર્ણીઓના ગુરુ એવા સ્વામિનારાયણ મહાપ્રભુએ યોગધ્યાનથી અખંડ ભગવદ્‌ ભક્તિવાળા સંતના લક્ષણ, મહિમા સંભળાવી ભક્તજનોને આનંદ આપતા થકા નગરમાં ગયા. ॥૨૫॥ શ્રીહરિ સહજાનંદસ્વામી કાંકરીયાથી નીકળીને નથ્થુ ભટ્ટના ઘેર ઉતારે ગયા. ત્યાં થાળ આરોગીને પછી સંતો પાર્ષદોને જમાડીને વિશ્રાંતિ લેવા લાગ્યા. ॥૨૬॥ ત્યાં ભગવાનની સાથે સંતો રહેતા હતા તેથી અમદાવાદ શહેરમાં જઈને માધુકરી ભિક્ષા માગતા હતા. ॥૨૭॥ ધર્મશાસ્ત્રમાં માધુકરી નામની ભિક્ષા સર્વ પાપોનો નાશ કરનારી છે. ભિક્ષા માગીને ખાનારો જીવ હમેશાં ઉપવાસી કહેવાય છે. ॥૨૮॥ એટલા માટે શ્રીહરિ ભગવાન પણ સંતોને ભિક્ષાવૃત્તિ કરીને નિર્વાહનું કહે છે અને તેમના કહેવાથી નિર્દોષભાવથી ભિક્ષા વૃત્તિ કરી રહેલાં સંતોને દુષ્ટજનોએ જોયા તેથી કોપથી બળવા લાગ્યા. ॥૨૯॥ તે દુષ્ટો લોલંગરના શિષ્ય, લાલનેત્રવાળા, શરીર ઉપર ભસ્મનો લેપ કરેલા, હાથમાં હથિયાર ધારી રહેલા તે અસુરો પૂર્વ કાળના વેરનું સ્મરણ કરવા લાગ્યા. ॥૩૦॥ દુષ્ટ તે અસુરોએ પોતાના માથા ઉપરનો ભાર તે સંતો પાસે ઉપડાવી દુષ્ટ વચનો કહીને પોતાના નિવાસસ્થાને લઈ ગયા. ॥૩૧॥ માન ક્રોધને જીતેલા તે સંતો તેમના સામાનને ત્યાં તેમના સ્થાને નાખીને શ્રીહરિ પાસે જઈને સમગ્ર ઘટના અસુરોના ગામનું વર્ણન કરીને જણાવી. ॥૩૨॥ વાત સાંભળીને ક્રોધાયમાન થયેલા શ્રીહરિ મહાપ્રભુ સંતોના શરીર ઉપર અસુરોનાં મારનાં ચિહ્નો જોઈને સર્વના કલ્યાણદાતા મહાપ્રભુ સર્વ સંતોને કહેવા લાગ્યા. ॥૩૩॥ હવે હે સંતો, મહાઘોર યુદ્ધ થવાનું છે, તેમાં અસુરોનો નાશ થવાનો છે તે તમો જાણો. ॥૩૪॥ હંમેશાં યોગવૃત્તિવાળા હે સંતો ! મારી આજ્ઞા છે કે તમો અત્યારે નિર્ભય અને શાંતિનું સ્થળ સુરત છે, માટે તમો ત્યાં જલદી જઈને નિર્ભય થઈને નિવાસ કરો. ॥૩૫॥ આવી રીતના નારાયણ મુનિ ભગવાનના વચનમાં ભળીને સર્વ મુનિગણ ત્યાંથી સુરત ગયા અને ત્યાં શાંતિ પ્રાપ્ત કરીને ભક્તિ કરવા લાગ્યા. ॥૩૬॥ અહીંયાં પણ ધર્મનંદન ભગવાન મુક્તાનંદ સ્વામી તથા થોડાક સંતોની સાથે તથા ડુંગરજી આદિ

થોડા પાર્ષદોની સાથે રહ્યા. ||૩૭|| ત્યાં હંમેશાં શસ્ત્રધારી પાર્ષદોની સાથે કાંકરિયામાં સ્નાન કરવા જતા. નિત્ય ત્યાં પાર્ષદોની સાથે નવા નવા પદો સિંધુ રાગનાં ગાતા અને ગવડાવતા હતા. ||૩૮|| હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ ભોજન કરીને નાનાભાઈ, મયારામ, ગોવિંદ, નરસિંહ આદિ ભક્તોએ પૂજન કરેલ, પ્રભુ સુંદર આસન ઉપર બેઠા હતા. ||૩૯|| આવી રીતે દિન પ્રતિદિન ભગવાનના પ્રતાપને વધતો જોઈને સહન નહિ કરનારા અસુરો ભેગા થઈને લોલંગર અસુરને જઈને મળ્યા. ||૪૦|| તે અસુરો મળીને ભગવાન સ્વામિનારાયણને ગાળો દેતા, ઊંટ જેવી અપભ્રંશ વાણીને બોલતા, યુદ્ધ કરવાની ઈચ્છાવાળા એવા તે ભગવાનના દ્વેષી અસુરો મહેમદાવાદપુરમાં આવ્યા. ||૪૧|| તે પાખંડ ધર્મનું આચરણ કરનાર અસુરોને પૂર્વે શ્રીહરિએ પરાજીત કરેલ અને શ્રીહરિના પ્રતાપને વિસ્તરતો જોઈને બળે છે, તેમની સાથે દ્વેષ કરે છે. તે શ્રીહરિ મહાપ્રભુ પાર્ષદોની સાથે નિવાસસ્થાને રહેલ છે. ||૪૨|| પાર્ષદો આ સર્વ વાતાવરણને જોઈને શ્રીહરિ મહાપ્રભુને કહે છે કે હે પ્રભુ ! અત્યારે યુદ્ધ કરવાનો સમય આવી ગયો છે, જેથી આપની આજ્ઞાથી અમો તેઓને લડાઈ કરીને યમપુરી મોકલી આપીએ. ||૪૩|| તે પાપીઓ, નબળા વિચારવાળા દુષ્ટો અમને શું કરી શકવાના છે ? હે કમળનયન ! અમારા પરાક્રમથી દેવતાઓને જીતી શકીએ છીએ તો એના માણસોને જીતવામાં કોઈ આશ્ચર્ય નથી. ||૪૪|| આવી રીતે શ્રીહરિ સ્મરણ કરીને પોતાના સેવકોને આગળ થયેલ વેર તેનું વર્ણન કરતા છતાં મારી આજ્ઞાથી સૈનિકોએ શસ્ત્રધારી અસુરોનો પરાભવ કર્યો હતો. ||૪૫||

**ઇતિ શ્રીહરિ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્રમાં હરિલીલા સુધાકરમાં અસુરોનાં પરાભવનો વિચાર કર્યો એ નામે છાંસઠમો અધ્યાય થયો. ||૬૬||**



## || અધ્યાય - ૬૭ ||

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! આવી રીતે શ્રીહરિના મુખ થકી દુષ્ટનાશનાં વચનો સાંભળીને શુરવીરો શ્રીહરિના વાક્યને શીર ધારણ કરીને તત્કાળ યુદ્ધ કરવા માટે તૈયાર થઈને આવતા હતા. ||૧|| પૂર્વ સમયે ભગવાન શ્રીકૃષ્ણે જે અસુરોને માર્યા હતા તે વૈરને લઈને અત્યારે વિરોધ કરી રહેલ છે, વૈરાગ્નિમાં બળી રહેલા તે અત્યારે યુદ્ધ કરવા આવેલા છે. ||૨|| તેમાં કેટલાક મહાભયંકર દુષ્ટ કર્મો વડે બળેલા દેહવાળા, કેટલાક બળવાથી તાંબા વર્ણવાળા કેશવાળા, કેટલા કેડમાં સાંકળોના બંધ બાંધેલા ||૩|| તેમાં કેટલાક અસુરો તલવારો ધારણ કરેલા છે, કેટલાકે ત્રિશૂળ હથિયાર હાથમાં લીધેલ છે. કેટલાકે ધનુષ બાણ ધારણ કરેલ છે. કોશ, ભાલાઓ ધારેલા કેટલાક યુદ્ધ કરવા આવેલ છે. ||૪|| હે રાજન્ ! હાથને હલાવતા, ઊંચાનીચા કરતા, ભયંકર મોટા બૂમબરાડા પાડતા, કેટલાક વાઘના ચામડાને ધારીને વિકૃત રૂપવાળા આવેલા છે. ||૫|| કેટલાક ભાતભાતનાં વસ્ત્રો પહેરેલા, કેટલાક વસ્ત્રો વિનાના કેવળ નેતરના દોરડા બાંધેલા, બંદૂકોના ભડાકા કરીને મોટા અવાજો કરતા આવેલા. ||૬|| કેટલાક ઊંટ ઉપર બેઠેલા, કેટલાક પાડાના વાહન બનાવીને લાવેલા, કેટલાક ગધેડા ઉપર બેઠેલા, કેટલાક ઘોડા-બળદો ઉપર બેઠેલા આવતા હતા. ||૭|| કેટલાક નગારાનાં અવાજ કરતા શંખ વગાડતા હતા. કેટલાક શીંગણાં વગાડતા હતા. કેટલાક પણવાનક ગૌમુખ આદિના નાદ કરતા હતા. ||૮|| હે રાજન્ ! તે લોકો આ રીતે પોતાના બળથી જાણે સાગર ડહોળતા હોયને શું તે રીતે મહાભયંકર અવાજો કરતા તેવામાં તેઓ આવીને હુમલો કરતા હતા. ||૯|| અહીંયાં શ્રીહરિ પાસે તેમના સેવકો શુરવીર હથિયાર ધારણ કરીને તે દૈત્યો સાથે યુદ્ધ કરવા માટે ઉતાવળા થઈ રહ્યા હતા. ||૧૦|| તેમાં ભગુજી, ખટવાંગરાજા, વીરાજી, જાલમસિંહ, દયાલજી, ડુંગરજી આદિ તથા અગ્રાજી, અમરાજી, ભીમસિંહ આદિ

શુરવીરોએ શ્રીહરિ માટે પોતાના જીવન અર્પણ કરેલ છે. ॥૧૧॥ આ યોદ્ધાઓ નાના પ્રકારના હથિયારો ધારીને તૈયાર થઈને શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞા મેળવ્યાની તત્પરતામાં રાહ જોવા લાગ્યા. ॥૧૨॥ ઉતાવળા થઈને સેવકો થાળ જમતા એવા શ્રીહરિ મહાપ્રભુને ઊંચા શ્વાસથી હાથ જોડીને કહેવા લાગ્યા. ॥૧૩॥ હે સ્વામિનાયરાણ મહાપ્રભુ ! હે ધર્માત્મજ ! આવેલા અસુરોનો નાશ કરવા તમારા પાર્ષદોને આજ્ઞા આપવા માટે યોગ્ય છો. અત્યારે સમય અનુકૂળ છે, તેથી આદેશ કરો. ॥૧૪॥ હે મહારાજ પ્રભુ ! પાપી એવા દૈત્ય-અસુરોનો અંત આવી રહ્યો છે, કેમ કે તમારા પ્રતાપથી આ બ્રહ્માંડમાં કાંઈ અમારા હાથમાંથી બચે તેમ નથી તો આપ આજ્ઞા આપો. અમે અસુરોનું મર્દન કરીએ. ॥૧૫॥ તે ભક્તોની પ્રાર્થના સાંભળીને ભગવાન મનુષ્યરૂપ ધારી અસુરોના નાશ માટે સંકલ્પ કરીને પોતાના પાર્ષદોને યુદ્ધ કરવા માટે અનુમોદન આપતા કહેવા લાગ્યા. ॥૧૬॥ પાર્ષદો તમે અત્યારે જ ઉદ્ધત, અભિમાની એવા તે અસુરોની સાથે યુદ્ધ કરો અને તેઓને જલદીથી મારી નાખો એવો આદેશ આપતા હતા. ॥૧૭॥ તે પાર્ષદ યોદ્ધાઓ પણ શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞા મળવાથી મદોન્મત્ત થઈને યુદ્ધ કરવા માટે આનંદમાં આવી જતા હતા. ધ્વજાદિ ચિન્હિત ચરણકમળમાં મસ્તક નમાવી અંતઃકરણને ભગવાનના સ્વરૂપમાં જોડીને તૈયાર થઈ ગયા હતા. ॥૧૮॥ જેવી રીતે પૂર્વે અસુરોની સાથે યુદ્ધ થયું હતું તે રીતે અસુરોને પીડા આપવા લાગ્યા. તેઓ યુદ્ધ સંગ્રામમાં ખૂબ જ શોભતા થકા તેઓની સાથે યુદ્ધ કરતા હતા, જેવી રીતે મહા નદી પાણીના પ્રવાહમાં મોટા મોટા વૃક્ષોને પાડી દે તેમ પાડતા હતા. ॥૧૯॥ તે અસુરોના પગના પ્રહારથી તલવાર આદિ આયુધોથી પૃથ્વી શોભતી હતી. તે યુદ્ધમેદાનમાં તલવારોના એકબીજાના પ્રહારથી એકબીજાની સાથે ભટકાવાથી મૃદંગ જેવો અવાજ થતો હતો. ॥૨૦॥ યુદ્ધભૂમિમાં જ્યારે યુદ્ધ થતું હતું ત્યારે એકબીજાને પાડવા માટે લડી રહેલા હતા ત્યારે પૃથ્વીમાંથી ધૂડની ડમરીઓ ઊડતી હતી અને તૂરી ભેરીના મોટા અવાજો થતા હતા. ॥૨૧॥ કેટલાક તલવારના



પ્રહાર કરતા હતા. કેટલાક ધનુષ્ય બાણથી કેટલાક પ્રાંશ નામના હથિયારોથી લડતા હતા. કેટલાક તોમરથી અરસપરસ લડતા હતા. ॥૨૨॥ નિંત્રિશો, પરિધો, ભાલા, ભિડીપાલો, બંદૂકો આદિથી (ઉલ્કા), અંબાડીઓ, ગદા આદિ હથિયારોથી યુદ્ધ કરતા હતા. ॥૨૩॥ હે રાજન્ ! અસુરો દ્વારા પ્રતિકારથી પીડા પામેલા પાર્ષદો ક્રોધાયમાન થઈને તે અસુરોના ટોળાને ખૂબ જ બળપૂર્વક તેઓના મસ્તકો કાપવા લાગ્યા. ॥૨૪॥ જુદા જુદા પ્રકારના હથિયારો વડે તે અસુરોના હાથો, ધડો પડતાં હતાં. તે દૈત્યો પૃથ્વી ઉપર પડતા હતા ત્યારે કેટલાક કપાયેલા અંગવાળા, કેટલાક દિગંબર પડતા હતા. ॥૨૫॥ કેટલાકના બાણો વડે તેમજ બરછી વડે પગો કપાઈ જતા હતા. જેવી રીતે વાદળમાંથી વીજળી પડે તથા વૃક્ષ ધરાશાયી થાય તેમ તે પગો પણ ધરાશયી થઈ જતા હતા. ॥૨૬॥ ભગવાન દ્વારા પહેલા યુદ્ધમાં મરાયા તેનું પૂર્વના વૈરનું સ્મરણ કરીને જીતવાની આશાવાળા તે અસુરો ફરી ભેગા થઈને આવતા હતા. ॥૨૭॥ ત્યારે ભગુજી, વીરાજી આદિ મુખ્ય યોદ્ધાઓ ભગવાનના ચરણકમળનું સ્મરણ કરીને તે દુર્બુદ્ધિ જીતવાની આશાવાળા ઉપર બાણની વર્ષા કરતા હતા. ॥૨૮॥ ત્યારે તે અસુરો બાણના વરસાદથી ચારેબાજુ છૂટા પડી જતા હતા જેમ ચારે દિશામાં ધુમ્મસથી આકાશ જુદું પડી જાય તેમ તેઓ અસ્તવ્યસ્ત થઈ ગયા હતા, આવું મહાયુદ્ધ થયું હતું. ॥૨૯॥ ત્યારે આકાશમાંથી સાકરના ગાંગડાનો વરસાદ થયો. આકાશમાં મેઘ ગર્જના કરવા લાગ્યા. વીજળી ચમકવા લાગી, જાણે કે યુદ્ધ કરવા તત્પર થઈ હોય તેવું લાગતું હતું. ॥૩૦॥ આકાશનું વાતાવરણ એવું ભયંકર લાગતું હતું જાણે કે ડાકીની શાકીની રણચંડીએ કેશ છૂટા કરીને, દિગંબર શીરવાળી, શીત ત્રિશૂળ આયુધો હાથમાં ઝાલી આવી હોય તેવું ભયાનક વાતાવરણ લાગતું હતું. ॥૩૧॥ આવી રીતની આસુરી માયાના વાતાવરણને મુક્તાનંદ સ્વામી શ્રીહરિના ચરણકમળનું સ્મરણ કરતા કહેવા લાગ્યા. ॥૩૨॥ હે મહાપ્રભુ ! સત્પરુષોના સ્વામી, આપે ભક્તો દ્વારા અસુરોની સાથે બળ કરીને તેનો પરાજય કર્યો

તે આસુરી માયાથી અમારું રક્ષણ કરજો. ॥૩૩॥ આવી રીતના પોતાના ઐશ્વર્યને વિસ્તારીને અદ્‌ભુત આશ્ચર્યકારક કાર્ય કરીને જોરજી, પુંજાજી, રાયઘણજીને શ્રીહરિ મહાપ્રભુ આ પ્રમાણે કહેવા લાગ્યા. ॥૩૪॥ હે શુરવીરો ! તમોએ અત્યારે મારા બળના આશ્રયમાં રહીને આ આસુરી વાતાવરણ જીતેલું છે તેથી ઉદ્ધત અધિક બળવાળા થઈને આવે નહીં તે માટે તમો મારા સ્વરૂપનું સ્મરણ કરતા જલદીથી અહીંથી નીકળી જાઓ. ॥૩૫॥ ત્યાર પછી શ્રીહરિ ધર્મનંદન પ્રભુના વચનને શિરોધાર્ય કરીને તે શુરવીર પાર્ષદો શ્રીહરિના સ્વરૂપમાં ધ્યાન જોડીને તેનાથી કરેલા અસુરોના કઠોરતાથી પરાજય કર્યો તેનું અનુસંધાન કરતા હતા. ॥૩૬॥ પૃથ્વીનો ભાર ઉતારવા પાર્ષદોએ યુદ્ધમાં અસુરોના મહંતને પૃથ્વી ઉપર પછાડ્યો ત્યારે તે અતિ ભયથી આકુળ-વ્યાકુળ થયેલો ભયંકર લાગતો હતો. તેનાં અંગો છેદાયેલાં હતાં. ॥૩૭॥ તેનાં વિકૃત અંગોમાં નાક તથા કાન કપાયેલાં હતાં ને દોડતો હતો તેને વીંધિ નાખીને પૃથ્વી ઉપર પાડ્યો. આ યુદ્ધના દૃશ્યને જોઈને દેવગણ આશ્ચર્ય પામી ગયાં. ॥૩૮॥ આવી રીતનાં શ્રીહરિની આજ્ઞાથી પાર્ષદગણ દ્વારા શૌર્યકાર્ય જોઈને દેવતાઓ આશ્ચર્ય પામીને પરસ્પર ચર્ચા કરીને સાથે મળીને ભગવાનના પાર્ષદો તથા શ્રીહરિ મહાપ્રભુનો જયનાદ કરતા આવીને શ્રીહરિ મહાપ્રભુના ચરણમાં વંદન કરીને પોતાને ધન્યભાગ્યવાળા માનવા લાગ્યા. ॥૩૯॥ આવી રીતના દૈત્યોનો પરાભવ થયેલો જોઈને ઈન્દ્ર સહિત દેવતાઓ સંતોષ પામીને ફૂલનો વરસાદ કરતા હતા અને દુંદુભિનો નાદ કરતા હતા. ॥૪૦॥ ઈન્દ્રાદિ દેવતાઓ પ્રભુ સ્વામિનારાયણ ભગવાન પાસે આવીને નિર્ભય થઈને આનંદ પામીને નમ્ર ભાવથી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. ॥૪૧॥ **દેવતાઓ સ્તુતિ કરે છે** : હે દેવ ! આ જગત તમારી ઈચ્છાશક્તિથી જ થયેલું છે. આપ અનંત કોટી બ્રહ્માંડો ઉપજાવો છો, તેનું પાલન કરો છો, તેનો લય પણ આપની ઈચ્છા મુજબ થાય છે એવા હે નારાયણ બ્રહ્મસ્વરૂપ આપના ચરણકમળને મુનિઓ હંમેશાં સેવે છે, તેથી હંમેશા સુખોને મેળવે છે,



તેથી જ આપને સત્વરૂપ માને છે. ॥૪૨॥ આપના ગુણ અમાપ છે, તેના પારને વેદો તેમજ હજાર ફેણવાળા શેષ પણ પાર પામી શકતા નથી તો અમે તો ક્યાંથી પામી શકીએ ? એવા આપના દ્વારા શત્રુના ભયનો નાશ કરનારા એવા મુનિઓના ગુરુ હરિકૃષ્ણ મહારાજ અમો આપને વંદન કરીએ છીએ. ॥૪૩॥ જે સર્વથી પર છે તેના ગુણ પણ અનંત છે, જે અખંડ છે, આદિ સ્વરૂપનું સેવન કરે છે. કોઈના બંધનમાં બંધાતા નથી. નિત્ય સ્વરૂપ છો અને અશેષ છતાં સિદ્ધો, વિદ્વાનો, દેવતાઓ, મનુષ્યો લોકોથી પર એવા સર્વનાં નિયંતા ધર્મપુત્ર નારાયણ અમારી ઉપર પ્રસન્ન થાઓ. ॥૪૪॥ હે નાથ ! આ તમારું સ્વરૂપ અધર્મ કરનારા પાપીઓના નાશ માટે છે. તમારો આશ્રય રાખીને ભક્તિ કરનારને અભય બનાવીને સુખ આપો છો. અમે જોયું કે અહીંયાં સંગ્રામની અંદર મરણ પામનાર જીવો નિર્ભયલોકને પામેલા છે. ॥૪૫॥ હે નારાયણ ! સમગ્ર જીવમાત્રના મિત્રરૂપ, ગર્વનો જેણે ત્યાગ કરેલ છે એવા, દ્વેષરહિત, સર્વને દૃષ્ટિમાં દેખનારા એવા હે નારાયણ ! વૈદિક ધર્મની રીતે પૂજવા યોગ્ય, તેમજ તમારાં ચરિત્રો અદ્‌ભુત છે, અમો તેનું શું વર્ણન કરી શકીએ એવા હે પ્રભુ ! આપને અમો નમસ્કાર કરીએ છીએ. ॥૪૬॥ સર્વ દોષોનો ત્યાગ કરીને, માયાનો ત્યાગ કરીને તમારા સ્વરૂપને વિશે મનને જોડીને મોક્ષાર્થી આત્માઓ આપના ગુણને ગાય છે. હે ઈશ ! સામવેદની રીતે જેમનું પૂજન થાય છે એવા હે સત્યસ્વરૂપ ! હે હરિ ! અમોને સુખશાંતિ આપો. ॥૪૭॥ હે મહારાજ ! મનુષ્ય શુભ અશુભ કર્મ કરે છે તેના ફળ આપ આપો છો, એવા પુરુષોત્તમનારાયણ તમે સર્વના હૃદયમાં કલ્પતરૂરૂપે ભળીને રહ્યા છો તે છતાં દેખાતા નથી, વિકાર વિનાના નિર્ગુણ સ્વરૂપે અક્ષરધામમાં વશો છો એવા હે ભગવાન ! ॥૪૮॥ હે કૃષ્ણનારાયણ ! આપ અત્યારે જીવો ઉપર કૃપા કરીને ધર્મભક્તિના ઘેર અવતાર ધારણ કરી પૃથ્વી ઉપર ભાગવત ધર્મની સ્થાપના કરી સાત્ત્વિક સત્યયુગના વિચારોને વિસ્તારતા પોષણ કરતા, પૃથ્વીના વાતાવરણથી વૈરાગ્યવાળા દેવતાઓ, બ્રાહ્મણોના

ધર્મને હણનારા અસુરોનો આ પૃથ્વી ઉપરથી નાશ કરવા વિચરણ કરો. ॥૪૯॥ આવી રીતે ઈન્દ્રાદિ દેવતાઓ શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુની સ્તુતિ-પ્રાર્થના કરીને સર્વજીવ પ્રાણીમાત્રના જીવન પ્રાણ કારણના કારણ સ્વામિનારાયણ ભગવાન જાણીને તેમને હૃદયપૂર્વક મસ્તક નમાવીને પ્રણામ કરીને સ્વર્ગલોક તરફ ગયા. ॥૫૦॥ દેવતાઓ પ્રાર્થના કરીને ગયા પછી શ્રીહરિ દયાળુ મહાપ્રભુ મહેમદાવાદમાં થોડું રોકાઈને પછી પૃથ્વી ઉપર અધર્મરૂપી શત્રુઓના બળનો નાશ કરવા માટે પોતાના ઐશ્વર્યપ્રતાપનો વિસ્તાર કરવા પોતાની સાથે થોડા સ્વારોને લઈને બીજે જવા નીકળ્યા. ॥૫૧॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર હરિલીલા સુધાકરમાં શ્રીહરિએ સ્વપ્રતાપે અસુરોનો નાશ કરી પરાભવ કર્યો એ નામે સડસઠમો અધ્યાય થયો. ॥૬૭॥**

## ॥ અધ્યાય - ૬૮ ॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! ત્યાંથી શ્રી નારાયણ મુનિ ભગવાન કણભા નામના ગામ પ્રત્યે ગયા અને ત્યાં જઈને નાથાભક્તના ઘેર ઉતારો કરતા હતા. ॥૧॥ ભગવાન સ્વામિનારાયણ પોતાના ઘેર આવ્યા એટલે તેમની પૂજા કરીને ભોજન કરવા માટે વિનંતીપૂર્વક પ્રાર્થના કરી એટલે મુકુદાનંદ બ્રહ્મચારીએ સુંદર થાળ બનાવ્યો તેને પ્રેમપૂર્વક આરોગતા હતા. ॥૨॥ ભોજન કરીને શ્રીહરિ મહાપ્રભુ સુંદર પ્રકારે રચેલ મંચ ઉપર બિરાજમાન થયા ત્યારે તે ગામના બીજા ભક્તજનોને ખબર પડી એટલે ત્યાં આવ્યા. આનંદિત થયેલા તેમણે શ્રીહરિનું અર્ચન-પૂજન કરીને ફૂલનો હાર પહેરાવી વસ્ત્ર અર્પણ કરતા



હતા. ॥૩॥ કણભા ગામના ભક્તો દ્વારા પૂજાયેલા મહાપ્રભુ ઉમાભાઈ આદિ પાર્ષદ સમુદાયથી વિંટાયા થકા ઘોડા ઉપર બેસીને પોતાને અતિપ્રિય એવું વહેલાલ નામના ગામ પ્રત્યે ગયા. ॥૪॥ વહેલાલ ગામમાં જેસંગભાઈ નામના ભક્તના ઘર પ્રત્યે ગયા. ત્યારે ત્યાં તેમના બહેન વખત બા નામના હતાં તે બીજી બહેનોની સાથે શ્રીહરિ ચરિત્રનું ચિંતવન કરતાં બેઠાં હતાં. ॥૫॥ આવેલ ભગવાનને જોઈને બુદ્ધિવાળી બાઈ શ્રીહરિ ભગવાનને કહે છે કે હે પ્રભો, ભક્તિધર્મના પુત્ર આપ આપના સ્વરૂપના દર્શન આપીને અમને જીવાડનારા હે નાથ ! અત્યારે ક્યાંથી આવો છો તે કહો. ॥૬॥ આ રીતે પૂછે છે એટલામાં ત્યાં જ નરનારાયણ મહાપ્રભુ પણ સ્મૃતિભાવને ભૂલી ગયા હોય તે વિસ્મૃત ભાવથી પોતે જ તેનું ખંડન કરતા હતા. ॥૭॥ ગુપ્ત કરેલ છે ઐશ્વર્ય જેમણે એવા શ્રીહરિના સ્વરૂપને જોઈને વખતબેન બીજી બેનોની સાથે ચર્ચા કરવા લાગી કે આ કોણ પુરુષ અહીંયા આપણી પાસે આવે છે, શા માટે આવે છે ? ॥૮॥ આ રીતે વિચાર કરીને ભગવાનને કહેવા લાગી કે તમે કોણ છો ? ત્યાં જ ઊભા રહો. અમને અડશો નહીં. અમે તો સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ તેથી અમને અડો તો ઉપવાસ થાય, આ રીતે કહેવા લાગી. ॥૯॥ હે રાજન્ ! તે સ્ત્રીઓ આ રીતે ચર્ચા કરીને શાંત રહ્યા અને સ્મરણ કરવાથી ઘણા ટાઈમે ખ્યાલ આવ્યો કે આ તો સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે. ખ્યાલ આવવાથી આનંદિત થઈને તત્કાળ શાંત થઈ જતાં હતાં. તેમની નજીક જતાં હતાં. પ્રાર્થના કરતાં હતાં. ॥૧૦॥ હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ ત્યાં પથારીમાં આરામ કરવા લાગ્યા અને વખતબહેન નજીકમાં બેસીને ભગવાનના મુખારવિંદના દર્શન કરતાં હતાં. ॥૧૧॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે :** કે હે રાજન્ ! ત્યારે શ્રીહરિ ભગવાન સ્ત્રીઓને ઉદ્દેશીને તેમના પ્રત્યે કહેવા લાગ્યા કે મારું વચન સાંભળો, અત્યારે અમારી પાછળ અસુર પક્ષના સૈનિકોનું બળ વધારે છે, તે અમારી પાછળ આવે છે. ॥૧૨॥ તે મહાન બળવાળા અસુરોને મારી તેનાથી અમારું રક્ષણ કરવાની તમારી શક્તિ

હોય તો અમો અહીં રહીએ. જો તેની રક્ષા કરવામાં અસમર્થ હો તો અમો બીજો વિચાર કરીએ, તમને જે યોગ્ય હોય તે કહો. ॥૧૩॥ ત્યારે શ્રીહરિના આવા વાક્યો સાંભળીને વખતબહેન આ શ્રીહરિને હાથ જોડીને નિર્ભય થઈને રૌદ્ર રૂપવાળા મુખથી કહેવા લાગ્યાં. ॥૧૪॥ **વખતબહેન કહે છે** : હે ભગવાન ! મારા મોટાભાઈ જેશિંગભાઈ છે તે તમારા પ્રતાપથી હજારોની સંખયામાં દેવો હોય તેમની સાથે યુદ્ધ કરીને રમત માત્રમાં પાડી દે તેવા છે તેથી તમે કોઈ જાતની ચિંતા કરશો નહીં. ॥૧૫॥ હે સ્વામિનારાયણ મહાપ્રભુ ! તમો અમારે ઘેર કોઈ જાતની શંકા રાખ્યા સિવાય રહો, તમોને કોઈ કાંઈ કરી શકે તેમ નથી, કેમ કે તમે તો સર્વના નિયંતા છો. તમારી મર્યાદા કોઈ ઉથાપી શકે તેમ નથી. તમે તો કેવળ મનુષ્યચરિત્ર કરીને અમને મુંઝાવો છો. ॥૧૬॥ વખતબા આ રીતે શ્રીહરિને કહેતાં હતાં એટલામાં શ્રીહરિ ભગવાનને શોધતા શોધતા રામદાસભાઈ સ્વામી બીજા સંતોની સાથે ત્યાં આવ્યા. મહાપ્રભુ સહજાનંદ સ્વામી હતા ત્યાં આવીને ઊભા રહ્યા. ॥૧૭॥ ભગવાન શ્રીહરિના દર્શનની આશાવાળા તે સંતો જયાનંદ બ્રહ્મચારીને પ્રેરણા આપતા હતા તેથી જયાનંદ બ્રહ્મચારી વખતબાને પૂછવા લાગ્યા કે હે બહેનો ! શ્રી સ્વામિનારાયણ ભગવાન અહીં છે ? ॥૧૮॥ અહીંયા નજીકમાં જ ભગવાનના દર્શનની આશાવાળા બીજા સંતો આવીને ઊભા છે, તેમણે ભગવાનના દર્શન વિના અન્નજળનો ત્યાગ કરી દીધો છે, જેમ માછલા જળ વિના ન રહી શકે તેમ સંતો પણ ભગવાનનાં દર્શન વિના જળ પણ લેતા નથી. ॥૧૯॥ હે વખતબહેન, તમો જઈને મેં જે કહ્યું તે મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનને જઈને કહો, તમારા દર્શન વિના દુઃખિત મનવાળા સંતો અધીરા થઈને ઊભા છે, એવા સમાચાર ભગવાનને જઈને આપો. ॥૨૦॥ આ પ્રમાણે બ્રહ્મચારી પાસેથી સાંભળીને ભગવાન પાસે જઈને કહ્યું, જયાનંદ બ્રહ્મચારી આવ્યા છે, તેમણે મારા દ્વારા કહેવડાવ્યું છે કે તમારા દર્શન માટે સંતો દુઃખી થાય છે, તો તમારે જે કહેવું હોય તે કહો. ॥૨૧॥ **ત્યારે શ્રીહરિ સહજાનંદ સ્વામી**



વખતબાને કહેવા લાગ્યા કે વર્ણિ જયાનંદને અહીં આવવા દો, આવી રીતની આજ્ઞા મળવાથી વખતબા જયાનંદ બ્રહ્મચારીને કહ્યું એટલે બ્રહ્મચારી શ્રીહરિ ભગવાનની પાસે ગયા. ॥૨૨॥ જયાનંદ બ્રહ્મચારી શ્રીહરિ સન્મુખ જઈને પ્રેમપૂર્વક શ્રીહરિને ચરણમાં દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. પ્રણામ કરીને શ્રીહરિ સહજાનંદ સ્વામીને કહે છે હે મહારાજ મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતો પણ આવેલા છે. ॥૨૩॥ તેઓ પણ અન્નજળનો ત્યાગ કરીને તમારા દર્શનની ઉત્કંઠાવાળા બહાર ઊભા છે. તમો આજ્ઞા આપો તો તેમને અહીં લઈ આવું. ॥૨૪॥ ત્યારે **શ્રીહરિ મહાપ્રભુએ જયાનંદ બ્રહ્મચારીને આજ્ઞા આપી કે** તમો જલદીથી જાઓ અને મારા આત્મીય એવા સર્વ સંતોને મારી સન્મુખ લાવો. ॥૨૫॥ અતિશય ઉત્સાહમાં આવેલ ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાયુક્ત વચનો સાંભળીને તે જયાનંદ વર્ણીએ સર્વ સંતોને સમાચાર આપ્યા. સંતો પણ આજ્ઞા સાંભળીને જલદી જલદી ત્યાં શ્રીહરિની સન્મુખ આવ્યા. ॥૨૬॥ સંતો આવ્યા ત્યારે અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ કમલનયન શ્રીહરિ જેસંગભાઈના ઘેર સુંદર બનાવેલા મંચ ઉપર વિરાજમાન કમલમુખ શ્વેત વસ્ત્રધારી રહેલા મુખારવિંદ આગળ ભક્તમંડળીથી વિંટાયેલા, સારી રીતે પૂજા કરાયેલા, કામદેવને પણ શરમાવે એવા શ્રીહરિને જોતા હતા. ॥૨૭॥ તેઓ આવીને શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ કરીને શ્રીહરિને પ્રીતિપૂર્વક ભેટીને સ્વામિનારાયણ ભગવાનની આગળ બેસીને શ્રીહરિના મુખકમળનું દર્શન કરવા લાવ્યા. ॥૨૮॥ ત્યાર પછી વખતબાએ સુંદર પકવાનોનો થાળ બનાવીને તૈયાર કર્યો. તેને શ્રીહરિ મહાપ્રભુ સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર ધારણ કરીને થાળ આરોગી સર્વ સંત સમુદાયને સારી રીતે પીરસીને જમાડતા હતા. ॥૨૯॥ શ્રીહરિ મહાપ્રભુ ભોજન કરી સંતોને જમાડીને શાંતિથી મંચ ઉપર આવીને વિરાજમાન થયા એટલામાં અસુરો બળ કરીને આવ્યા. તેઓ ગોમુખો શંખોને વગાડવાના કાર્યથી યુદ્ધ કરવાનો આદેશ જણાવતા હતા. ॥૩૦॥ યુદ્ધ કરનાર ખોટા અભિમાનવાળા તે દૈત્યો શ્રીહરિ ધર્મપુત્ર નારાયણ તથા તેમના પાર્ષદોને

શોધતા શોધતા ગામના ચોરે આવીને ઊતર્યા. ॥૩૧॥ તે અસુરોને ચોરે ઊતરેલા જોઈને કોઈ મનુષ્ય જેસંગભાઈને ઘેર આવીને સર્વ વૃત્તાંત જલદીથી કહેવા લાગ્યા. ॥૩૨॥ જેશિંગભાઈ માણસ પાસેથી સમાચાર સાંભળીને પરવાર્યા પહેલાં અનેક ભીલ સૈનિકો સાથે મહાશુરવીર યુદ્ધ કરવા માટે તૈયાર એવું દિવ્ય સૈન્ય આવીને ઊભું રહ્યું હતું. ॥૩૩॥ તે સૈન્યના યોદ્ધાઓ જલદીથી આવેલ તેમજ અનેક પ્રકારના આયુધો ધારણ કરેલા હાકોટા પડકાર કરીને મોટી ગર્જનાઓ કરીને બંદૂકોના અવાજો કરવા લાગ્યા. ॥૩૪॥ અસુરોનું સૈન્ય પણ આ ભીલ સૈનિકોના મોટા જમેલાને જોઈને ભય લાગવાથી જીવવાની આશાવાળા તેઓ પોતાના સાધનો લઈને ભાગી જતા હતા. ॥૩૫॥ આ રીતે તે દૈત્યો સૈન્યના ભયથી ભાગી ગયા તે જોઈને અસુરોના સૈન્ય પર જય મેળવીને ભગવાન સ્વામિનારાયણની પાસે આવીને ચરણકમળનાં દર્શન કર્યાં. ॥૩૬॥ આવેલ તે ભીલ સેનાપતિને જોઈને સહજાનંદ સ્વામી મહાપ્રભુ તેની સેવાથી રાજી થયા ત્યારે તેણે ભગવાન પાસે ચરણકમળની ભક્તિ અને આત્મકલ્યાણ માગીને ઘર પ્રત્યે જવા તૈયાર થયા. ॥૩૭॥ તે ભક્તજનોના પ્રાર્થનાપૂર્વકના વચન સાંભળીને અનંત જીવોના કલ્યાણ કરવાની ઈચ્છાથી સર્વભક્તોના ઘેર ભોજનની ભાવનાને અનુમતિ આપી બધાને ઘેર થાળમાં લાડુનું ભોજન જમ્યા. ॥૩૮॥ આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ દરેક ગૃહસ્થોના ઘેર થાળ જમીને બધાયને રાજી કરીને ફરી જેસંગભાઈના ઘેર મંચ ઉપર આવીને બેઠા અને વખતબાને કહેવા લાગ્યા. ॥૩૯॥ હે વખતબહેન ! મને ભૂખ લાગેલી છે. તો તમારે ઘેર કાંઈ ખાવાનું છે ? જો હોય તો અમને આપો. ત્યાં તેણીની વખતબાએ શ્રીહરિને રોટલો અને દૂધ-દહીં, માખણ વગેરે લાવીને આપ્યું. ॥૪૦॥ હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ ભોજન જમીને તૃપ્ત થયેલા સર્વ સંતોની સાથે તળાવની પાળે ગયા. ત્યાં ભક્તજનો દ્વારા લાવેલ પલંગ ઉપર પોઢી ગયા. ॥૪૧॥ શયન કર્યા પછી રાત વીતી ગઈ ત્યારે પ્રભાતનો સમય થયો ત્યારે ગાયકભક્તો વાજિંત્રોના તાલની સાથે



ભગવાનનાં કીર્તનો ભૈરવ રાગનાં ગાવાં લાગ્યા. ॥૪૨॥ હે રાજન ! એવી રીતે ગાયકોએ ગાન કર્યું ત્યાં સુધીમાં સૂર્યોદય થયો તો પણ શ્રીહરિ મહાપ્રભુ શયનમાંથી જાગ્રત થયા નહીં તેથી તાપને રોકવા માટે. ॥૪૩॥ શ્રીહરિને તાપ ન આવે તે માટે ચંદ્રની કાન્તિવાળું છત્ર કૃષ્ણાનંદ બ્રહ્મચારીએ ધાર્યું અને જયાનંદ મુનિ હાથ જોડીને ઊંચે સ્વરે ભગવાનના કીર્તનોના પદો બોલવા લાગ્યા : ॥૪૪॥ **જયાનંદ ઉવાચ :** હે પ્રભુ ! આપ રુચિ અનુસાર અક્ષરધામમાં સુંદર શય્યામાં પોઢેલા છો તેમને જાગ્રત કરવા માટે મુનિઓ વાજિંત્રોની સાથે સુંદર મલય રાગમાં ઊંચા શ્વરે આપના ગુણાનુરાગ કરનારા ભક્તો અમે પ્રાતઃકાળમાં ઉદાર મૂર્તિ એવા હે હરિકૃષ્ણ આપનું સ્મરણ કરીએ છીએ. ॥૪૫॥ હે કૃષ્ણ ! હે કમળાધિપતિ ! હે મુરારિ ! પ્રાતઃકાળ થયો છે. અરુણોદય થઈ ગયો છે. સૂર્યના કોમળ કિરણો દેખાવા લાગ્યાં છે. કોયલ, ભમરા, હંસો, મોર, પણ શબ્દ કરવા લાગ્યાં છે તેમજ લાલ પાંખડીવાળાં કમળનાં પડ પણ ઉઘડી ગયાં છે, માટે હે પ્રભુ ! આપ જાગ્રત થાઓ. ॥૪૬॥ હે પ્રભુ ! અનેક વૃક્ષોના કંપનથી સુગંધી પવન વાય છે. આપના મુખકમળનાં દર્શન કરવા માટે કંપન કરતા હોયને શું શ્વાસોચ્છવાસ દ્વારા સુગંધને આપવાની ઈચ્છા કરે છે, માટે હે બુદ્ધિદાતા પ્રભુ, આપ નિદ્રાનો ત્યાગ કરીને સર્વને સુખ આપો. ॥૪૭॥ મુખકમળના હોઠમાંથી નીકળતા અમૃત મેળવવા દૃષ્ટિ જોડીને ઊભેલાં, વક્રદૃષ્ટિથી જોઈને નેત્રપક્ષથી જોતા એવા, પૂર્ણિમાના ચંદ્રબિંબ જેવા મુખકમળનું દર્શન કરવાની આશાવાળા ભક્તોને આપ જાગ્રત થઈને આપના મુખારવિંદના દર્શન આપો. ॥૪૮॥ સમુદ્રપુત્રી કમળા (લક્ષ્મી)ના લલાટમાંથી સ્તન ઉપર પડેલ કુમકુમ જેવા રક્તવર્ણવાળા નખચંદ્ર શોભે છે. તથા શિવબ્રહ્માદિ દેવતાઓ આપના ચરણકમળની સેવા માટે હંમેશાં રાહ જુવે છે એવા હે મહાપ્રભુ ! નિદ્રાનો ત્યાગ કરી મને આપના મુખારવિંદના દર્શન આપો. ॥૪૯॥ હે મહારાજ ! જાગ્રત ભક્તો આપના ગુણનાં સ્તુતિ પદોથી તમારી સ્તુતિ કરે છે. ગંધર્વો, સિદ્ધો વાજિંત્રોના ઊંચા સૂરો કરીને તમને જગાડે છે.

અપ્સરાઓ આપને જગાડવા માટે નૃત્ય કરે છે, તો આપ જાગ્રત થઈને તેમને મુખકમળનાં દર્શન આપીને સુખ આપો. ॥૫૦॥ વેદને ગાનાર ગાયક ઊંચા સ્વરે વેદની ઋચાઓનું ગાન કરે છે, તેમ મધુર સ્વરથી સર્વજનો નૃત્ય કરે છે, ગાય છે. મુનિજનો સામવેદના મંત્રોને ઊંચે સ્વરે રસપૂર્વક ગાય છે, તેમાં હરિકૃષ્ણ નારાયણના ગુણને જ ગાય છે ને જગાડે છે. ॥૫૧॥ **બ્રહ્મમુનિ કહે છે** : આ પ્રમાણે ભક્તજનોની પ્રાર્થના-સ્તુતિ સાંભળીને જાગેલા ભગવાને પોતાના મુખકમળને ઉઘાડું કર્યું ત્યાર પછી મહાપ્રભુ નિદ્રા ત્યાગીને સ્નાનવિધિ પૂર્ણ કરીને તૈયાર થયા. ॥૫૨॥ શ્રીહરિ મહાપ્રભુ સર્વસેવકોને સંતોને જેસંગભાઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. અત્યારે આપણાથી અહીં રહેવાય તેમ નથી, કેમ કે ઉપર તાપ અધિક છે, સૂર્ય ખૂબ તપે છે, તેથી બીજે જઈને બેસીએ. ॥૫૩॥ આ પ્રમાણે કહીને શ્રીહરિ ભગવાન પોતે ત્યાંથી ઊઠ્યા. ઊઠીને વડના વૃક્ષો પાસે ગયા. સર્વ સાધુ પાર્ષદોની સાથે શ્રીહરિ ભગવાન વડની છાંયામાં વિરાજમાન થયા. ॥૫૪॥ હે રાજન્ ! વડવૃક્ષ નીચે બેસીને સંતોના હૃદયની પરીક્ષા કરી. તે કેવળ વૃદ્ધો અને બાળકોને જ્ઞાન માટે કેવળ ઉપદેશ આપીને જીવની મુક્તિ કરવાનો હેતુ એ પરમાત્માનું વિચરણ ચરિત્ર છે. ॥૫૫॥ આ રીતે ઉપદેશ કરીને શ્રીહરિ મહાપ્રભુ ગામમાં જેસંગભાઈને ઘેર ગયા. ત્યાં તૈયાર થયેલા થાળ આરોગી ત્યાર બાદ સંત પાર્ષદોને ખૂબ પીરસીને તૃપ્ત કરતા હતા. ॥૫૬॥ ત્યાં ભોજન કર્યા બાદ જેસંગભાઈએ પુત્ર અજુભાઈની સાથે શ્રીહરિ ભગવાનની ભક્તિભાવપૂર્વક પૂજા, અર્ચના કરી. બીજા ભક્તોએ પણ દયાળજી, રાયસંગ, શામળભાઈ આદિ તેમના પુત્રોની સાથે શ્રીહરિની પૂજા કરી રાજી થયા. શ્રીહરિ પણ ખૂબ રાજી થયા. ॥૫૭॥ હે રાજન્ ! ત્યાર પછી શ્રીહરિ નારાયણ મુનિ ભગવાન ત્યાંથી બીજે જવા માટે તૈયારી કરતા હતા ત્યાં દહેગામના હરિભક્ત ગણેશભાઈ ત્યાં આવ્યા. ॥૫૮॥ ગણેશભક્ત શ્રીજીમહારાજનાં દર્શન કરવા વહેલાલ આવ્યા ત્યારે સાથે પાકી કેરીનું ગાડું ભરીને લાવ્યા. તે કેરીનું ગાડું શ્રીહરિ ભગવાનને અર્પણ



કર્યું ને બીજા સંત ભક્તોને માટે પણ અર્પણ કરતા હતા. ॥૫૯॥ શ્રીહરિ નારાયણ પ્રભુ તે કેરીઓથી ભરેલા ગાડાને જોઈને ગાડા ઉપર બેસી સર્વ સંત-પાર્ષદોને કેરીઓ ખાવા માટે જાતે આપતા હતા. ॥૬૦॥ હે રાજન્ ! આવી રીતે શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુ પોતાના ભક્તજનોને અનંત પ્રકારનાં સુખો આપીને સલકી નામના ગામ પ્રત્યે જતા હતા. સલકી ગામ જઈને દયાલ ભક્તના ઘેર ચોતરા ઉપર ઉતારો કરી રહેતા હતા. ॥૬૧॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરનાર શ્રી પુરુષોત્તમ સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ વિરચિત ભક્તિશાસ્ત્ર હરિલીલા સુધાકરમાં શ્રીહરિ સલકી પધાર્યા એ નામે અડસઠમો અધ્યાય થયો. ॥૬૮॥**

## ॥ અધ્યાય - ૬૯ ॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ સ્વામી સલકી ગામમાં આવ્યા એટલે ત્યાંના ભગુભાઈ, જાલમભાઈ, મુખ્ય ભક્તોએ ભક્તિભાવથી શ્રીહરિનું પૂજન કર્યું અને સહજાનંદ સ્વામી તે સર્વ ભક્તજનોને સ્વમુખે ઉપદેશ આપતા હતા. ॥૧॥ સલકી ગામ પાસેથી નીકળતી ખારી નદી તેનું જળ ઉનાળામાં સૂકાઈ જતું તેથી શ્રીહરિને ભક્તોએ વિનંતી કરી તેથી તેમને આશીર્વાદ આપ્યા કે આ નદીમાં અખંડ જળનો પ્રવાહ વહેતો રહેશે. ॥૨॥ શ્રીહરિ ભગવાન નંદપુરી સ્થાનમાં જઈને બ્રાહ્મણોને ઉપદેશ આપીને આમંત્રણ આપ્યું. તે છતાં ભોજન કરવાની ના પાડી દેતા હતા. ॥૩॥ ત્યારે શ્રીહરિ મહાપ્રભુ ભક્તજનોની સાથે ચર્ચા કરીને ભીલ આદિ સામાન્ય જાતિના મનુષ્યોને જમાડી દેતા હતા તેથી બ્રાહ્મણો ખૂબ પસ્તાવા લાગ્યા અને પોતે ભૂલ કરી તેથી પોતાની હોશિયારીને

નિંદતા હતા. ॥૪॥ આ રીતે લીલા કરીને મહાપ્રભુ સહજાનંદ સ્વામી જાબાલી મુનિનો જ્યાં આશ્રમ હતો ત્યાં ઉત્કંઠેશ્વર મહાદેવના સ્થાન પ્રત્યે ગયા. ત્યાં જઈને મહાદેવના દર્શન કરવા ગયા પણ મહાદેવજી ઊંડા હતા તેથી તેમના લિંગને શોધીને સ્પર્શ કરતા હતા. ॥૫॥ ત્યાં ઉત્કંઠેશ્વરમાં પૂજા કરનાર પૂજારીને શ્રીહરિ ભગવાને પ્રસન્ન થઈને તેને પોતાના વસ્ત્રો અને આભૂષણો આપી દીધાં. ॥૬॥ ઉત્કંઠેશ્વરમાં શ્રીહરિ લીલા કરીને ત્યાંથી આંતરોલી ગામ પ્રત્યે ગયા. ત્યાં મહાદેવજીના મંદિરમાં ઉતારો કરીને મહાદેવજીનાં દર્શન કર્યાં. ॥૭॥ ત્યાં સુંદર રીતે બનાવેલા મંચ ઉપર શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ વિરાજમાન હતા ત્યારે કોઈ એક પંડિત ઘણા બધા પ્રશ્નો પૂછતો હતો, ત્યારે શ્રીહરિ ભગવાન તેના સુંદર રીતે ઉત્તરો કરીને તેને સંતોષ આપતા હતા. ॥૮॥ ત્યાર પછી તે મંદિરમાં પંડિતના ભાઈ શંકર નામના બ્રાહ્મણના ઘેર થાળ જમી શ્રીહરિ સહજાનંદ સ્વામી મુનિમંડળની સાથે કઠલાલ નગરમાં ગયા. ॥૯॥ હે રાજન ! ત્યાં કઠલાલમાં બીજા શ્રીહરિ મહાપ્રભુના આશ્રિતોમાં બ્રાહ્મણો નારાયણભાઈ, રાયજીભાઈ તથા સદાશિવભાઈ આદિપુરુષ ભક્તો તથા સ્ત્રીઓમાં રામસુખ આદિ મુખ્ય ભક્તો હતાં. ॥૧૦॥ શ્રીહરિ મહાપ્રભુ કઠલાલ ગામમાં ગયા ત્યારે તેમનું ખૂબ જ ભાવપૂર્વક પૂજન-અર્ચન કરીને આગ્રહપૂર્વક તેમને સારાં ભોજન પદાર્થો બનાવીને ખૂબ જમાડ્યા. ત્યાર બાદ શ્રીહરિ મહાપ્રભુ સંત-પાર્ષદોની સાથે વડથલ નામના ગામ પ્રત્યે ગયા. ॥૧૧॥ શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી જ્યારે કઠલાલથી વડથલ જતા હતા ત્યારે રામબાઈ નામના એક બહેન પાણીનો ઘડો ભરીને આવી અને શ્રીહરિ ભગવાન સાક્ષાત્ છે તેમના ચરણના પ્રતાપને જાણતી હતી તેથી તેમના ચરણોનો મહિમા હોવાથી ભગવાન પાસે માગણી કરતી હતી. ॥૧૨॥ દોડતી દોડતી ભગવાન પાસે જઈને કહેવા લાગી કે હે સ્વામિનારાયણ મહાપ્રભુ ! હે સંતોના સ્વામી ! મારા નાથ ! આપ આપના ચરણોને આમાં બોળો. ॥૧૩॥ તમે તો સર્વ અવતારોના અવતારી સર્વના કારણ અક્ષરધામાધિપતિ છો



અને તમો જીવોના કલ્યાણ કરવા માટે આ પૃથ્વી ઉપર અવતાર ધરીને વિચરણ કરો છો તે હું જાણું છું. તેથી મારી ઉપર દયા કરીને અહીં પધાર્યા છો. ॥૧૪॥ આપના ચરણકમળના જમણા અંગૂઠામાંથી નીકળેલી ગંગા નદી જગતના જીવોનું પાપ બાળી પાવન કરે છે, તો આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પધાર્યા છો, તો આપના ચરણોનો સ્પર્શ કરેલું જળ અનંતજનોનો ઉદ્ધાર કરનારું છે. ॥૧૫॥ રામબાઈનાં આવાં શ્રદ્ધા તેમજ ભક્તિભાવ અને સમાજોદ્ધારક વાક્યો સાંભળીને શ્રી સ્વામિનારાયણ પ્રભુએ તેના પાણી ભરેલા ઘડામાં જમણા ચરણનો અંગૂઠો બોળ્યો ત્યાર બાદ શ્રીહરિ મહાપ્રભુ ભક્તજનોની સાથે ગામમાં પ્રવેશ કર્યો. ॥૧૬॥ અજ્ઞાનના અંધકારનો નાશ કરનારા પુરુષોત્તમ મહાપ્રભુએ સાંજના સમયે વડથલ ગામમાં પધાર્યા તે સમાચાર સાંભળીને ગામના સર્વધર્મ પ્રેમીજનો ખૂબ જ આનંદ પામતાં હતાં. ॥૧૭॥ નગરજનોમાં મુખ્ય નાગર બ્રાહ્મણોમાં રઘુનાથ, બે ગિરધર ભાઈઓ, સુખરામ, રાયજીભાઈ, ધરમદાસ, જીજીદાસ, આદિ સર્વ ભક્તો ભગવાનની ભક્તિથી સુખી હતા. ॥૧૮॥ આ સર્વે હરિભક્તો સ્વામિનારાયણ ભગવાનના સ્વાગત માટે પૂજાસામગ્રી તથા ભેરી, પણવાનક, ગૌમુખ આદિ વાજિંત્રોના સાઝને લઈને જલદી જલદી સામા જતા હતા. ॥૧૯॥ સામા જતા હતા ત્યારે સંતમંડળની વચ્ચે હજારો સૂર્યથી પણ અધિક શોભાવાળા સ્વામિનારાયણ ભગવાનને જોઈ સર્વ મનુષ્યો ઊંચા સ્વરે જયજયકાર કરવા લાગ્યા. ॥૨૦॥ નેત્રને સ્થિર કરી ઘોડા ઉપર વિરાજમાન દિવ્યમૂર્તિ ભગવાન સ્વામિનારાયણને જોઈને હૃદયપૂર્વક તેમને નમસ્કાર કરવા લાગ્યા. પ્રેમભાવનાથી ઘેલા થઈ ગયા. ॥૨૧॥ દર્શન કરીને તે સર્વ ભક્તજનો પોતાના સંબંધીઓની સાથે ભગવાન સ્વામિનારાયણનું પૂજાસામગ્રીઓ વડે અર્ચન-પૂજન કરીને સુંદર મનોહર ચરણકમળમાં હાથ જોડીને નત મસ્તક કરીને સાક્ષાત્ વંદન કરવા લાગ્યા. ॥૨૨॥ પૂજન-વંદન વિધિ કરીને તે ભક્તજનો ઝાંઝ-મૃદંગના તાલ સાથે કીર્તનના પદોને બોલતા જાય ઉત્સવ કરતા કરતા ભગવાન શ્રીહરિનાં

લીલાચરિત્રોનાં કીર્તનોની લયની સાથે ચારે વર્ણના મનુષ્યોથી શોભતા વડથલ ગામમાં લઈ ગયા. ॥૨૩॥ તે ભક્તજનો વાજતેગાજતે પોતાને ઘેર લાવીને સ્વામિનારાયણ ભગવાનને સુંદર બનાવેલ મંચ પીઠ પર સ્વભક્તજનોની વચ્ચે બેસારતા હતા. ॥૨૪॥ ત્યાર બાદ મુકુંદવર્ણીએ સુંદર શીરો, પુરી, શાક, દાળ, ભાત વગેરે મધુર મનોહર થાળ તૈયાર કર્યો તે જમવા પધાર્યા. ॥૨૫॥ સર્વે ભક્તોજનોને આનંદ આપવા માટે ખૂબ જ પ્રેમથી ભોજન કરી તૃપ્ત થઈને મુખવાસ ગ્રહણ કરીને ત્યાર પછી સર્વ સંતોને જમાડી શ્રીહરિ મહાપ્રભુ મોટા વડ નીચે પધાર્યા. ॥૨૬॥ ત્યાં ભક્તજનો દ્વારા પૂજાયેલા ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુ તોરણપતાકા ધજા આદિ શોભાયમાન હિંડોળામાં વિરાજમાન થયા. તેમનું વસ્ત્ર આભૂષણોથી પૂજન કર્યું. ॥૨૭॥ ત્યારે તે અર્પણ કરેલા સુંદર વસ્ત્ર-આભૂષણોને ધારણ કરી કંઠમાં પુષ્પમાળા ધારણ કરીને શ્રીહરિ મહાપ્રભુ હિંડોળામાં વિરાજમાન થયા. ॥૨૮॥ હિંડોળામાં વિરાજમાન થયેલા મહાપ્રભુને ભક્તજનો પ્રેમપૂર્વક હિંચોળતા હતા ત્યારે સર્વ સંતસમુદાય તેમનાં દર્શન કરતા હતા. આવી રીતે શ્રી નારાયણ મુનિ ભગવાન સ્વ-ભક્તજનોને ખૂબ જ આનંદ આપતા હતા. ॥૨૯॥ હે રાજન્ ! લાંબા સમય સુધી હિંડોળામાં વિરાજમાન થઈને દર્શન આપી સ્વામિનારાયણ મહાપ્રભુ તૈયાર થયેલ થાળ જમવા પધાર્યા. કેરીનો રસ ઘી-સાકર નાખીને ખૂબ જમતા હતા. તૃપ્ત થઈને સંતપાર્ષદોને ખૂબ જમાડતા હતા. ॥૩૦॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુને કૃષ્ણાનંદ બ્રહ્મચારી કહેવા લાગ્યા કે આ પાકી કેરીઓનાં ફળો પડ્યાં છે તેને આપે જમીને પૂરા કરવાના છે ત્યારે તે ફળોની પ્રશંસા કરવા લાગ્યા. ॥૩૧॥ થોડાં ફળો જમ્યા અને બાદમાં ભક્તજનોને આનંદ આપવા માટે પોતાનો પ્રસાદ આપતા હતા. ત્યાર બાદ વડથલથી શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ ઉમરેઠ નામના નગર પ્રત્યે જવા તૈયાર થયા. ॥૩૨॥ શ્રીહરિ મહાપ્રભુ ઉમરેઠ જતાં માર્ગમાં આવતાં ગામની નજીકમાં ઉતારો કરતા હતા અને પોતાની જાતે પોતાનું રક્ષણ કરતા હતા. ત્યાંથી



સવારે વહેલા ચાલી નીકળતા હતા. ॥૩૩॥ આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ સંતો-પાર્ષદો ઘોડેસવારોથી વિંટાયા થકા ઘોડા ઉપર વિરાજમાન થઈને ઉમરેઠ નગરે આવતા હતા. ॥૩૪॥ શ્રીહરિ પોતાના ગામ આવવાના સમાચાર સાંભળીને નગરવાસીજનો હજારોની સંખ્યામાં આનંદ પામતાં થકાં ભગવાનના સ્વાગત માટે પૂજા સામગ્રી લઈને જલદી જલદી સામાં આવતાં હતાં. ॥૩૫॥ આવેલા ભગવાનને જોઈને આનંદિત થઈને સાથે લાવેલ પૂજા સામગ્રીથી અર્ચન-પૂજન કરતા હતા. ત્યાર બાદ શ્રીહરિ મહાપ્રભુને ચરણકમળમાં મસ્તકને નમાવીને હાથ જોડીને નમસ્કાર કરતા હતા. ॥૩૬॥ તે ભક્તજનો જુદા જુદા પ્રકારના વાજિંત્રોના નાદ વડે શ્રીહરિ ભગવાનનું સ્વાગત કરતા સ્વામિનારાયણ ભગવાનની જય બોલતા. 'સહજાનંદ સ્વામીને નમઃ' આ રીતે બોલતા થકા ગામમાં પધરાવતા હતા. ॥૩૭॥ નગરમાં પધરાવીને સારી રીતે તોરણપતાકાથી શણગારેલ તથા સારી રીતે પવિત્ર કરેલ આંગણાંવાળા નંદુભાઈના ઘર પ્રત્યે લઈ જઈને ત્યાં ઉતારો કરાવતા હતા. ॥૩૮॥ નંદુભાઈના આંગણામાં સુંદર મંચ બનાવેલ હતો તેની ઉપર શ્રીહરિ પ્રભુ બેસતા હતા. તેમની ફરતે સંત પાર્ષદો બેસતા હતા. મંચ ઉપર બેસીને સર્વજનવૃંદને સ્વદર્શનનું સુખ આપીને સ્વદષ્ટિનું સુખ આપતા હતા. ॥૩૯॥ બ્રાહ્મણ નંદુભાઈ શ્રીહરિ નારાયણ મુનિ ભગવાનને કેરીનો સુંદર રસ અને પૂરીનો થાળ બનાવીને શ્રીહરિ આનંદપૂર્વક જમાડતા હતા. ॥૪૦॥ જમીને તૃપ્ત થયેલા સહજાનંદ સ્વામી મહાપ્રભુ સર્વ સંતગણોને કેરીનો રસ, ઘી-સાકર સાથે પૂરી આદિ ભોજન ખૂબ આગ્રહ કરીને પીરસીને જમાડતા હતા. ॥૪૧॥ આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ સંતોપાર્ષદોને જમાડી તૃપ્ત કરીને બ્રાહ્મણોને પણ ખૂબ જ પ્રેમથી, આગ્રહથી જમાડતા હતા. ત્યાર બાદ બીજા દિવસે નિર્ભય રામ બ્રાહ્મણના ઘેર તેની પૂજા અંગીકાર કરતા હતા. ॥૪૨॥ નિર્ભયરામ બ્રાહ્મણને ઘેર થાળ જમી મુનિ પાર્ષદોને જમાડીને શ્રીહરિ મહાપ્રભુ ત્યાંથી પ્રયાણ કરવાનો વિચાર કરીને નીકળતા હતા. ત્યાંથી સંત પાર્ષદો અસવારોથી

વીંટાયેલા શ્રીહરિ મહેમદાવાદમાં આવીને તળાવને કાંઠે વૃક્ષની છાયામાં ઉતારો કરતા હતા. ॥૪૩॥ શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે, તેવા સમાચાર મળવાથી નગરજનો ભગવાનના સ્વાગત માટે હાથમાં પૂજાસામગ્રીને લઈને જલદી જલદી સામા આવતા હતા. ॥૪૪॥ તેમાં અંબારામ, ઈશ્વરચંદ્ર, મૂળજી, દુર્લભરામ, ભગુભાઈ ઈત્યાદિ પુરુષો અને સ્ત્રીભક્તો મળીને ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છાવાળાં ત્યાં આવતાં હતાં. ॥૪૫॥ ભગવાન પાસે આવી દર્શન-પૂજન કરીને અનેક પ્રકારના વાજિંત્રોના સ્વરનાદ સાથે ભગવાનનાં કીર્તનોનું ગાન ઊંચે સ્વરે કરતા શ્રીહરિને નગરમાં દોરતા હતા ત્યારે તે નગરની શોભા જોઈને શ્રીહરિ ખૂબ જ રાજી થતા હતા, આનંદ પામતા હતા. ॥૪૬॥ તે હરિભક્ત બ્રાહ્મણો શ્રીહરિ મહાપ્રભુનું ચંદન, ચોખા, ફૂલ વગેરેથી અર્ચન-પૂજન કરીને પોતાના જન્મમરણના દુ:ખમાંથી બચવા માટે પ્રેમપૂર્વક ભક્તિભાવથી ચરણકમળમાં મસ્તક નમાવીને વંદન-પૂજન કરતા હતા. ॥૪૭॥ ત્યાર પછી ચરણકમળ પૂજાયેલા સહજાનંદ સ્વામી મહાપ્રભુ ભક્તજનો દ્વારા મૃદંગ તાલ સાથે ઊંચે સ્વરે કીર્તન ગાતાં ગાતાં નગરમાં પધાર્યા. ॥૪૮॥ નગરમાં પધાર્યા પછી શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ નગરજનોને દર્શન કરવાના સુખ માટે ઊંચા મોટા ન્યગ્રોધ (પીપળો)ના ઝાડ નીચે ઉતારો કરતા હતા. ॥૪૯॥ હે રાજન્ ! ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ વાત્રક નદીમાં સ્નાન કરતા હતા ત્યારે સંતો પણ નદીએ સ્નાન કરવા માટે ત્યાં આનંદપૂર્વક આવતા હતા. ॥૫૦॥ સંતો સ્નાન કરવા ગયા ત્યારે શ્રીહરિના ચરણામૃતનું પાન કરવા માટે દોડતા સંતોને રોકવા માટે શ્રીહરિ મહાપ્રભુ મુક્તાનંદ સ્વામી ઉપર આકળા થઈને કહેતા હતા : આમને રોકો, ઠપકો આપો. ॥૫૧॥ ત્યારે શ્રીહરિ મહાપ્રભુએ મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે મારા દર્શન કરવા માટે પણ આમને તમારે રોકવા. તમને અનુમતિ ન આપું ત્યાં સુધી કોઈને દર્શને ન આવવું. આ રીતે આજ્ઞા થઈ તેથી સ્વામી સર્વ સંતોને નગરમાં લઈ ગયા. ॥૫૨॥ શ્રીહરિ મહાપ્રભુ બહેચર ભક્તના ઘેર



થાળ તૈયાર થયો એટલે સુંદર ભોજન આરોગીને ત્યાર બાદ સર્વ સંત સમુદાયને સુંદર ભોજન ખૂબ આગ્રહ કરીને જમાડીને તૃપ્ત કરતા હતા. ॥૫૩॥ ત્યાર પછી શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ સંતો સાથે મહેમદાવાદથી ગામડી નામના ગામ પ્રત્યે પધાર્યા. ત્યાં કાકુભાઈ ભક્તના ઘેર ઉતારો કરી ત્યાં સુંદર થાળ તૈયાર કરાવીને શ્રીહરિ મહાપ્રભુ જમ્યા અને સંતોપાર્ષદોને જમાડીને તૃપ્ત કર્યા. ॥૫૪॥ ત્યાં ભક્તજનોની સાથે રહીને શ્રીહરિ ધર્મનંદન પ્રભુ સર્વજનોને સ્વદર્શન સુખ આપતા હતા. તેઓને સ્વચરણકમળના સ્પર્શનું સુખ આપી ખૂબ રાજી કરતા હતા. ॥૫૫॥ હે રાજન્ ! ત્યાર બાદ શ્રીહરિ મહાપ્રભુ ઘોડા ઉપર વિરાજમાન થઈ સંતો, પાર્ષદો, હરિભક્તોથી ઘેરાયા થકા પોતાની રમણભૂમિ વૃંદાવન તુલ્ય એવા જેતલપુર ધામ પ્રત્યે પધાર્યા. ॥૫૬॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામિના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રી હરિલીલા સુધાકરમાં ભક્તિશાસ્ત્રમાં શ્રીહરિ જેતલપુર પધાર્યા એ નામે અગણોસિત્તેરમો અધ્યાય થયો. ॥૬૯॥**

## ॥ અધ્યાય - ૭૦ ॥

**રાજા પૂછે છે** : હે બ્રહ્માનંદ સ્વામી ! આપના મુખકમળમાંથી ભગવાનના ચરિત્રની કથા સાંભળવાથી તૃપ્તિ થતી નથી. જેમ કે, મૃત્યુથી બચવા માટે જેમ અમૃતપાન કરનાર તૃપ્ત થતો નથી તેમ ભગવદ્વાર્તા સાંભળવાથી મને પણ તૃપ્તિ થતી નથી. ॥૧॥ એટલા માટે હે મુનિરાય ! આપ ભગવાનના અન્ય ચરિત્રો શ્રીહરિએ ડભાણમાં યજ્ઞ કર્યો તે કથા તથા અન્ય બીજી જે લીલા હોય તે મને સંભળાવો ॥૨॥ મનુષ્ય સ્વરૂપને ધારણ કરીને શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામીએ પોતાના ઐશ્વર્ય પ્રતાપથી બીજો યજ્ઞ કર્યો તે કથા મને સમજાવો. તે કથા મને તૃપ્તિ આપનારી છે. ॥૩॥ હે સ્વામી ! આપના મુખકમળમાંથી નીકળેલા શ્રીહરિ

સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રની કથાથી મારી સાંસારિક વાસનાઓ શાંત થઈ ગઈ છે તેથી આ કથા મને નવી નવી જ લાગ્યા કરે છે. ॥૪॥ **બ્રહ્માનંદ સ્વામી કથા કહે છે** : હે રાજન ! સાંભળવાથી શ્રદ્ધાનો વધારો થાય છે. પ્રેમલક્ષણા ભક્તિ દૃઢ થાય છે, એવી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુની પવિત્ર કથા હું તમને કહું છું તે તમો ધ્યાન દઈને સાંભળો. ॥૫॥ અનંત કોટી ધામાધિપતિ શ્રીહરિ મહાપ્રભુ સખાઓની સામે ગામડીથી જેતલપુર આવ્યા ત્યારે ખૂબ સાદર ભાવથી રામાનંદ સ્વામીના મંદિરમાં આવ્યા. ત્યાં ગંગામાએ ભગવાનને જમવા માટે સુંદર થાળ તૈયાર કર્યો તેને જમતા હતા. ॥૬॥ ભોજન કર્યા પછી સંતો પાર્ષદોને ખૂબ આનંદ આગ્રહથી જમાડીને શ્રીહરિ સહજાનંદ સ્વામી પોતાના પાર્ષદોથી વિંટાયા થકા તળાવને કાંઠે મહેલમાં પધાર્યા. ॥૭॥ ત્યાં આસોપાલવના વૃક્ષ નીચે બનાવેલા ઊંચા મંચ ઉપર વિરાજમાન થયા. તેમના મુખારવિંદ આગળ વર્ણિઓ, સંતો પાર્ષદો, ગૃહસ્થો યથાયોગ્ય રીતે બેસતા હતા. ॥૮॥ તેમને શ્રીહરિ મહાપ્રભુ શરદઋતુના કમળ સમાન મુખકમળથી સર્વે ભક્ત સમુદાયને કહેવા લાગ્યા કે હે ભક્તજનો, સાંભળો આપણે બીજો યજ્ઞ કરવો છે. તેનો વિચાર કરવો છે. ॥૯॥ જે યજ્ઞમાં હોંશિયાર વિદ્વાન બ્રાહ્મણો યજ્ઞ કરતા હોય તે યજ્ઞનાં દર્શન કરવા દેશ-દેશાંતરથી હજાર મનુષ્યો આવે એવો મોટો યજ્ઞ કરવો છે. ॥૧૦॥ તે યજ્ઞ કરવા માટે ઘી, અનાજ, ખાંડ આદિ સીધા સામગ્રી ધ્યાન રાખીને ખૂબ ભેગું કરો. ॥૧૧॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે** : આ રીતના ભક્તજનોને ઉદ્દેશીને કહેલાં વચનોને સાંભળીને સર્વે આનંદ પામતા હતા. નાચિકેત, મયારામ તથા ઉવરચંદ આદિ ભક્તજનો પણ ખૂબ આનંદ પામતા હતા. ॥૧૨॥ શ્રીહરિ સહજાનંદ સ્વામીના આદેશ મુજબ યજ્ઞ માટેની સર્વવસ્તુઓ તે ભક્તજનો ભેગી કરતા હતા અને તે સર્વ પદાર્થો ધર્મનંદન શ્રી હરિકૃષ્ણને વિનયપૂર્વક સોંપતા હતા. ॥૧૩॥ ત્યાર પછી શ્રીહરિ સહજાનંદ સ્વામી આદિત્ય બ્રાહ્મણના પુત્રને અમદાવાદ રાજાને યજ્ઞની પત્રિકા આપવા રાજભુવનમાં મોકલતા



હતા. ॥૧૪॥ તે અમદાવાદનો રાજા સૂબો દુષ્ટમંત્રીઓના ભરમાવવાથી દુર્બુદ્ધિવાળો રાજા શ્રીહરિએ મોકલેલા દૂતને શંકાયુક્ત થઈને તેને બાંધી રાખતો હતો. ॥૧૫॥ સર્વના અંતઃકરણના મર્મને જાણનારા શ્રીહરિ સહજાનંદ સ્વામી શ્વેત વસ્ત્રધારી ઘોડા ઉપર સવાર થઈને થોડા પાર્ષદોની સાથે જેતલપુરથી ચાલી નીકળ્યા. ॥૧૬॥ હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ સ્વામી પ્રભુ જેતલપુરથી નીકળી સાંજ સમયે કાશીન્દ્રા નામના ગામે પહોચ્યાં, ત્યાં શ્રીહરિ મહાપ્રભુ પાર્ષદોની સાથે જયેષ્ઠારામ નામના ભક્તના ઘેર ઉતારો કરતા હતા. ॥૧૭॥ ત્યાં જયેષ્ઠરામ ભક્તના ઘેર ઊંચા બનાવેલા મંચ ઉપર પોચાં ગાદલાં પાથરેલાં હતાં તેની ઉપર બેસીને શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ તે પુરવાસીજનોને સુંદર જ્ઞાન ઉપદેશની વાર્તાઓ કરતા હતા. ॥૧૮॥ ત્યારબાદ જયેષ્ઠારામની પત્નીએ બનાવેલ પકવાનનો થાળ આરોગી દૂધ પીતા હતા ત્યાર બાદ ચળુ કરી, જળપાન કરી સુંદર શ્વેત બિછાવેલ પથારીમાં શયન કરતા હતા. ॥૧૯॥ સર્વ રીતે તૃપ્ત થયેલા મહાપ્રભુ ભક્તજનોથી રક્ષાયેલા શાંતિથી શયન કરી પ્રાતઃકાળ સુધી રાત વિતાવતા હતા. ॥૨૦॥ પ્રાતઃકાળે ઊઠી શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ સાબરમતી નદીએ જઈ શૌચવિધિ પતાવી નદીના પવિત્ર જળમાં સ્નાનવિધિ કરતા હતા. સ્નાન કરીને ફરી નિવાસસ્થાને આવીને નિત્યવિધિ પૂજાપાઠ કરતા હતા. ॥૨૧॥ ત્યાર પછી શ્વેત વસ્ત્ર ધારણ કરી શ્રીહરિ મહાપ્રભુ પ્રસન્ન થઈને તે જયેષ્ઠરામના પુત્રને ખોળામાં લઈને બેઠા હતા તેમને રૂપિયા અને વસ્ત્ર પુત્ર માટે આપતા હતા. ॥૨૨॥ ત્યારબાદ નજીક આવેલા ભાતગામના ભક્તોને જાણવા મળ્યું કે સ્વામિનારાયણ ભગવાન કાશીદ્રા પધારેલ છે તે જાણી દોડતા જયેષ્ઠારામ બ્રાહ્મણના ઘેર આવ્યા. ॥૨૩॥ પ્રેમપૂર્વક ભગવાનના દર્શન કરવા આવ્યા ત્યારે સાથે સાથે હાથમાં શ્રીફળ ચોખા પૂજાસામગ્રી લાવેલા તેનાથી પૂજન કરી ભગવાનના ગુણ ગાતા હતા. દર્શન કરીને ભગવાનને પોતાના ગામ લઈ જવા આમંત્રણ આપ્યું તેને શ્રીહરિએ સંમતિ આપી અને ભાત ગામ પધાર્યા. ॥૨૪॥ હે રાજન્

! કાશિંદ્રાથી ભાત પધાર્યા ત્યારે દાદુ, ઈશ્વર, કાશીનાથ, શંભુ, જીજીભાઈ, ગોપાળજીભાઈ, નારાયણભાઈ નૃસિંહભાઈ, બાજીદાસ, ભગવાનદાસ, આદિ ભક્તો ભગવાનની સેવામાં હતા. ॥૨૫॥ તથા નંદરામ, રામભાઈ, ભગુભાઈ, કુબેરભાઈ વિપ્ર અને વેનજીભાઈ આદિ મુખ્ય પુરુષો હતા તે સર્વે સ્ત્રીઓ અને પુરુષો સાથે મળીને શ્રીહરિનું ભક્તિભાવપૂર્વક પૂજન કરીને ॥૨૬॥ તે સર્વ ભક્તજનોની સેવાને અંગિકાર કરીને શ્રીહરિ મહાપ્રભુ ચલોડા નામના ગામે પધાર્યા. ત્યાં અંબાબાના માતા જીતબાની માતાની લૌકિક ક્રિયામાં પધાર્યા. ॥૨૭॥ ત્યાર પછી ત્યાંથી મહાપ્રભુ વેણીભાઈ ભક્તના ઘેર પાર્ષદોની સાથે ઉતારો કરતા હતા, ત્યાં મુકુંદવર્ણીએ બનાવેલ ભોજન શ્રીકૃષ્ણ મહાપ્રભુ જમતા હતા. ॥૨૮॥ સર્વ પાર્ષદોને પણ જમાડીને મહાપ્રભુ સુંદર તૈયાર કરેલ શય્યામાં શયન કરતા હતા. સવારમાં વહેલા જાગીને મહાપ્રભુ સ્નાનાદિક નિત્ય ક્રિયા કરીને તૈયાર થતા હતા. ॥૨૯॥ ત્યાં શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ ઘણા બ્રાહ્મણોને ભોજન કરાવતા હતા. ત્યાર બાદ પોતે પણ ભોજન કરીને પાર્ષદોને સારી રીતે ભોજન કરાવતા હતા ત્યાર બાદ શયન કરતા હતા. ॥૩૦॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુને તેમના માટે બહુ જ કિંમતી રથ લાવીને આપ્યો તે રથમાં વિરાજમાન થયા એટલે જાણે પૃથ્વી ઉપર બીજા સૂર્યનારાયણ આવ્યા હોયને શું તેમ શોભતા હતા. ॥૩૧॥ આવી રીતની શોભાયે યુક્ત થકા બીજાં ગામોમાં પોતાના સેવકો ભગવાનનાં કીર્તનો બોલતા હતા અને બીજા જનો શ્રીહરિનાં દર્શન કરીને ધન્ય ભાગ્યવાળાં થતાં હતાં. ભગવાન પોતાના દર્શનનું સુખ આપતા હતા. ॥૩૨॥ ફરી પાછા જીતબાના ઘેર પાછા આવીને તેમનો આપેલો રથ તે પાછો આપીને તે જીતબાએ શ્રીહરિની પૂજા કરી ત્યાર પછી સ્વતંત્ર શ્રીહરિ ભગવાન નીકળી ગયા. ॥૩૩॥ ત્યાંથી ફરી મહારાજ સ્વામિનારાયણ ભગવાન જેતલપુર પધાર્યા ત્યારે પોતાના પાર્ષદોથી વિટાયેલા હતા. તેમને જોઈને મનુષ્યના મનમાં ખૂબ જ આનંદ આવતો હતો. ॥૩૪॥ ત્યાં આવીને અક્ષર મહોલમાં ધાબા ઉપર બેસીને



શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ આનંદ સ્વામીને પૂછતા હતા કે તમે અત્યાર સુધી શુ કર્યું ? ॥૩૫॥ ત્યારે આનંદાનંદસ્વામી શ્રીહરિને કહેવા લાગ્યા કે આગલે દિવસે રાજાના સૈનિકો આવેલા અને યજ્ઞ કરવાની ના પાડી, ॥૩૬॥ આ વાત આનંદાનંદ સ્વામી કરી રહ્યા હતા, એટલામાં દુષ્કાળપીડિત અતીત બ્રાહ્મણો ત્યાં આવ્યા. અકસ્માત ત્યાં આવેલ બ્રાહ્મણોને શ્રીહરિ મહાપ્રભુ જોઈ જતા હતા. ॥૩૭॥ આ રીતે દુઃખી થયેલા તે દરિદ્રોને જોઈને શ્રીહરિ મહાપ્રભુ સંતોને કહેવા લાગ્યા કે યજ્ઞ માટે જે અનાજ ભેગુ કરેલ છે તે બધું જ આ આવતા દુઃખીઓને આપી દેજો એ જ શ્રેષ્ઠ છે. ॥૩૮॥ અમે અત્યારે ડભાણ જઈએ છીએ ત્યાં મોટો યજ્ઞ કરીશું. આ રીતે કહીને શ્રીહરિ મહાપ્રભુ સંતોપાર્ષદોની સાથે ચાલતા થયા. ॥૩૯॥ જ્યાં રાજ્યમાં શાંતિ હોય, જે રાજાના રાજ્યમાં કોઈ જાતનો ઉપદ્રવ ન હોય ત્યાં યજ્ઞના દર્શન કરવા મારા ભક્તો અને બીજા મનુષ્યો પણ શાંતિથી આવી શકે. ॥૪૦॥ આ પ્રમાણે કહીને શ્રીહરિ મહાપ્રભુ તે બધા સંતોની સાથે મંદિરમાં આવીને ગંગાબાએ બનાવેલ સુંદર ભોજન જમીને ચાલવા લાગ્યા. ॥૪૧॥ ઘોડા ઉપર બિરાજમાન થઈને વર્ણિઓ સંતો પાર્ષદોથી વિંટાયા થકા નારાયણમુનિ ભગવાન ફરતા થકા ખેડા નામના નગર પ્રત્યે પહોંચ્યા. ॥૪૨॥ તે ખેડા નગરની નજીકમાં ઉતારો કરેલા સાધુ અને પાર્ષદોના સમૂહને જોઈને તથા શ્રીહરિ મહાપ્રભુજીના દર્શન કરીને સર્વજનો સેવા કરવા લાગ્યાં. ॥૪૩॥ ત્યાં બ્રાહ્મણોના આગેવાન ખૂબ જ ધાર્મિક વૃત્તિના લક્ષ્મીરામ નામના બ્રાહ્મણ હતા તે શ્રીહરિ ભગવાનને જોઈને તેમની પાસે આવીને બંને હાથ જોડી મસ્તક નમાવીને કહેવા લાગ્યા. ॥૪૪॥ હે મહાપ્રભુ, અમારા જન્મ જન્માંતરના મહાન પુણ્ય પ્રતાપે આપનાં દર્શન થયાં છે તેથી આપ આપના ભક્તસમુદાયની સાથે મારે ઘેર પધારી અમારા ઘરને પવિત્ર કરો. ॥૪૫॥ આવી રીતે તેમણે પ્રાર્થના કરી. એ રીતે સર્વજીવનાં કલ્યાણ કરનારા પ્રભુ શ્રીહરિ મહાપ્રભુ થોડા સંતપાર્ષદોને સાથે લઈને તે બ્રાહ્મણના ઘર પ્રત્યે પધાર્યા.

॥૪૬॥ શ્રીહરિ મહાપ્રભુ એના ઘરે પધાર્યા એટલે તે બ્રાહ્મણ ભક્તિભાવથી ચંદન, ચોખા, અબીલ, ગુલાલ, પુષ્પમાળા આદિ વડે ખૂબ જ પ્રેમથી પૂજન કરતો હતો. ॥૪૭॥ એવી રીતે પૂજા પામેલા ભગવાન પૂજા કરી રાજી થયેલ તે બ્રાહ્મણને સાથે લઈને મંત્રીઓ અને સચિવોથી શોભાયમાન ગવર્નરના બંગલે પધાર્યા. ॥૪૮॥ તેને ઘેર પધાર્યા એટલે તે અંગ્રેજ ગવર્નર શ્રીહરિ ભગવાનને જોઈને મંત્રીઓની સાથે ઉભા થઈ ગયા મસ્તક ઉપરની ટોપી ઉતારીને બન્ને હાથ જોડીને તે મસ્તક નમાવીને ભગવાનને પ્રણામ કરવા લાગ્યા. ॥૪૯॥ બ્રહ્માનંદ સ્વામી કહે છે હે રાજન્ ! શ્રીહરિ ભગવાનનું આદર સન્માન કરીને સર્વાત્મા ભગવાનને બેસવા સુંદર સિંહાસન આપ્યું. ભક્તિભાવથી નમન કરીને રહ્યા. ॥૫૦॥ ત્યારે તે રાજા બંને હાથ જોડી મસ્તક નમાવીને નમ્રભાવે કહેવા લાગ્યા કે હે સ્વામિનારાયણ મહાપ્રભુ, આપના દર્શન થયાં તે અમારા મહાભાગ્યનો આજે ઉદય થયો. ॥૫૧॥ હે મહારાજ ! અમારે કરવા યોગ્ય કોઈ કામ હોય તો તે અમને કૃપા કરીને કહો, જે કોઈ કામ હોય તે અમને નિઃસંકોચ કહો. અમો આપના ચરણસેવક છીએ. ॥૫૨॥ આ રીતે તે રાજાથી પ્રાર્થના કરાયેલા પ્રભુ રાજી થઈને ફરી પોતાના ઉતારે આવીને સંત પાર્ષદોની સાથે ત્યાંથી આગળ જવા લાગ્યા. ॥૫૩॥ આ રીતે સંત પાર્ષદોથી પૂજાયેલા, નચિકેત બ્રાહ્મણથી દોરાયેલા, અંગ્રેજ રાજાથી સેવાયેલા, વર્ણિઓની અને ઘોડેસ્વારોની સાથે ગાડા ઉપર બિરાજમાન થઈને શ્રીહરિ નારાયણ પ્રભુ ડભાણ પુરી આવ્યા. ॥૫૪॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં શ્રીહરિ ડભાણ પધાર્યા એ નામે સિત્તેરમો અધ્યાય થયો. ॥૭૦॥**



## ॥ અધ્યાય - ૭૧ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! સ્વામિનારાયણ મહાપ્રભુ ખેડાથી નીકળી ડભાણનગરે પહોંચીને સર્વ સંત પાર્ષદોની સાથે એકાંતિક ભક્ત રઘુનાથદાસના ઘેર સુંદર રીતે ઉતારો કરતા હતા. ॥૧॥ ત્યાં રઘુનાથ ભક્તના ઘેર સુંદર મોટો મંચ બનાવ્યો હતો તે મંચ ઉપર શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ બિરાજમાન થયા અને સર્વ ભકતજનો તેમના મુખારવિંદના દર્શન કરીને ખૂબ જ આનંદ પામતા હતા. ॥૨॥ ડભાણ ગામના મનુષ્યો સ્ત્રીપુરુષો બીજા સર્વે કામો પડતાં મૂકીને શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુના દર્શન કરવા ત્યાં આવવા લાગ્યાં. ત્યાં આવીને પુરુષો સ્વામિનારાયણ ભગવાનનું પૂજન કરવા લાગ્યા. ॥૩॥ ત્યાર પછી શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન રઘુનાથ ભક્તને બોલાવીને કહેવા લાગ્યા કે તમો આ આવેલ સર્વ સંઘોને વિશાળ ખુલ્લી જગ્યામાં ઉતારા માટે વ્યવસ્થા કરો. ॥૪॥ તે રઘુભાઈ શ્રીહરિ ભગવાનની આજ્ઞા સાંભળીને તત્કાળ ઉતારા માટેની વ્યવસ્થા કરાવતા હતા. મોટી ખુલ્લી જગ્યામાં સર્વે સંઘને ઉતારવા માટે ગોઠવતા હતા. ॥૫॥ ત્યારબાદ શ્રીહરિ ભગવાન ગંગામાને કહેવા લાગ્યા કે તમે મારી સેવા કરવા માટે બંધાયેલાં છો તેથી અત્યારે અમારા માટે થાળ બનાવો. ભૂખ લાગી છે તેથી જલદી બનાવો. ॥૬॥ ત્યાર બાદ સર્વે વર્ણિઓ, સંતો, પાર્ષદો અને સત્સંગીઓ સર્વે શ્રીહરિ ભગવાનના મુખની વાણી સાંભળવા માટે સન્મુખ બેઠા. ॥૭॥ ત્યારે ઘનશ્યામ મહાપ્રભુ સર્વેને ધર્મજ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધિત ઉપદેશની મર્મજ્ઞ વાર્તાઓ કરીને સ્વ સ્વરૂપના સુખનું વર્ણન કરીને સર્વને સંતોષ આપતા હતા. ॥૮॥ આ જ્ઞાનવાર્તા કરતાં કરતાં રાત પડી ગઈ તે છતાં મુકુંદ બ્રહ્મચારી પણ ભગવાનને થાળ જમવા માટે બોલાવી ન શક્યા. કેમ કે ભગવાન વાર્તામાં તલ્લીન હતા તેથી સમયનું ભાન ન રહ્યું. ॥૯॥ ગંગામાએ ભગવાન માટે

થાળ બનાવીને તૈયાર કરેલા તે સર્વ ઘણો સમય પડ્યું રહ્યું તેથી ઠંડું થઈ ગયું તેથી ગંગામા ફરીથી સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરતાં હતાં. ॥૧૦॥ શ્રીહરિ ભગવાનને યજ્ઞકાર્યના સંબંધની વાતો કરતાં પ્રાતઃકાલીન કૂકડો બોલવા લાગ્યો ત્યારે રામદાસ ભક્ત હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. ॥૧૧॥ હે મહાપ્રભુ ! અત્યારે બ્રાહ્મમુહૂર્ત થઈ ગયું છે અને હવે પ્રાતઃકાળ થવાથી કોયલ, પોપટ, હંસો વિગેરે પક્ષીઓ કલરવ કરવા લાગશે. ॥૧૨॥ આ રીતે રામદાસનું કહેવું સાંભળીને શ્રીસ્વામિનાયરાણ ભગવાન ભૂલી ગયા ત્યારે રામદાસ કહેવા લાગ્યા કે હે મહારાજ ! આપે ભોજન ન કર્યું તો અમારાથી કેમ થાય ? ॥૧૩॥ આ રીતના રામદાસભાઈના વચન સાંભળીને શ્રીહરિ ભગવાન કહેવા લાગ્યા કે હું અત્યારે ભોજન કરું છું અને તમો સર્વે બ્રહ્મચારી, સાધુ, પાર્ષદો, હરિભક્તો સર્વે પણ ભોજન કરી લો. ॥૧૪॥ ત્યારે કોઈક બોલ્યું કે હે મહારાજ ! હે દિનાનાથ ! અત્યારે બ્રાહ્મ મુહૂર્ત થઈ ગયું છે. તેથી સ્નાનવિધિ કર્યા સિવાય ભોજન કેવી રીતે કરાય ? ॥૧૫॥ ત્યારે શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ કહેવા લાગ્યા કે હે ભક્તો ! તમે તો સર્વે મારા મુખથી નીકળતી વાણી જ્ઞાન મેળવતા હતા, તેથી તમોએ સત્સંગરૂપી ગંગાજીમાં સ્નાન કરેલું છે, તેમાં કોઈ સંદેહ જ નથી. ॥૧૬॥ આ રીતે કહીને શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ સર્વ તીર્થો જેમાં સમાયેલાં છે એવા પવિત્ર ચરણાર્વિંદ સર્વે ભક્તજનોને છાતીમાં અને મસ્તક ઉપર આપતા હતા. ॥૧૭॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ભગવાન આસન ઉપર બેસીને પ્રસન્ન મનથી સર્વ જીવ પ્રાણીમાત્રના આત્મા સર્વના પ્રાણપ્રિય એવા શ્રીહરિ સ્વયં થાળ જમવા લાગ્યા. ॥૧૮॥ ત્યાર બાદ સર્વ ભક્તજનો ભગવાનની આજ્ઞાથી ભોજન કરીને જળપાન કરીને આસન ઉપર બિરાજમાન શ્રીહરિ મહાપ્રભુના મુખકમળના દર્શન કરતા બેઠા હતા. ॥૧૯॥ ત્યારે ત્યાં રામદાસ સ્વામી શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાનને પ્રણામ કરીને કહેવા લાગ્યા કે હે પ્રભો ! આ ઋદ્રયાગ જ્યાં



કરવાનો હોય તે જગ્યા અમને બતાવો. ॥૨૦॥ આ રીતે રામદાસભાઈનાં વચન સાંભળીને સહજાનંદ સ્વામી ઊભા થઈને કહેવા લાગ્યા કે તમો સંતો પાર્ષદો સર્વે ભેગા મળીને અહીંયાં વૈદિક યજ્ઞનો કુંડ અને મોટો મંડપ બનાવો. ॥૨૧॥ ત્યારે દામોદર ભક્તને જોઈને શ્રીહરિ ભગવાન રાજી થઈને તેમને કહેવા લાગ્યા કે તમારા પગથી જમીન ઉપર લીટા કરીને મોટા મંડપનું આલેખન કરી આપો. ॥૨૨॥ તે દામોદરભક્તે ભગવાનની આજ્ઞાથી પૃથ્વી ઉપર પગથી લીટા કરીને આલેખન કરી આપ્યું ત્યારે શ્રીહરિ મહાપ્રભુ સર્વે પોતાના આશ્રિત ભક્તજનોને ઉદ્દેશીને કહેવા લાગ્યા. ॥૨૩॥ હે ભક્તજનો, તમો સર્વે યજ્ઞના કામમાં જોડાઈ જાવ અને રામદાસભાઈની અનુવૃત્તિ પ્રમાણે કામ કરવાનું. આ મારી લક્ષ્મણરેખા બનાવેલી છે તે પ્રમાણે સર્વેએ વર્તવાનું છે એવી અમારી આજ્ઞા છે. ॥૨૪॥ આ રીતે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર તે મારો દ્રોહી છે. ગુરુદ્રોહી થશે. મારી આજ્ઞાનો ભંગ કરનાર તે સર્વ સત્સંગનો દ્રોહી થશે. ॥૨૫॥ શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુ સર્વ સત્સંગી પુરુષોને આજ્ઞા કરીને પોતે થોડા પાર્ષદો સંતોને સાથે લઈને ઘોડાસર ગામ પ્રત્યે ગયા. ॥૨૬॥ હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ ઘોડાસર જઈને ત્યાંના રાજા જાલમસિંહ દરબારને ઘેર ઉતારો કર્યો. ત્યાર બાદ ગંગામાએ સુંદર બનાવેલ થાળ જમીને તૃપ્ત થયા. ॥૨૭॥ રાત્રે ત્યાં જ શયન કરીને પ્રાતઃકાળે વહેલા ઊઠીને સ્નાનવિધિ કરીને શ્વેત વસ્ત્ર ધારણ કરીને મહાપ્રભુ સહજાનંદ સ્વામી હાથરોલી ગામ પધાર્યા. ॥૨૮॥ સાક્ષાત્ નરનારાયણ મહાપ્રભુ ભક્તવત્સલ સત્પુરુષોના સ્વામી હાથરોલીમાં ભગુભાઈ ખાંટના ઘેર બનાવેલા મંચ ઉપર બિરાજમાન થયા. ॥૨૯॥ ત્યાં મુકુંદ બ્રહ્મચારીએ ભગવાનને માટે સુંદર રોટલો અને દાળ બનાવ્યાં. તેને શ્રીહરિ સહજાનંદ સ્વામી પ્રેમથી સુંદર આસન ઉપર બેસીને જમ્યા. તૃપ્ત થયા. ॥૩૦॥ જમીને પરવારીને બેઠા ત્યાં દામોદર ભક્તે રામદાસ સ્વામીનો મોકલેલ પત્ર લઈને આનંદપૂર્વક ત્યાં ભગવાનના

ચરણકમળમાં વંદન કરીને નમસ્કાર કર્યા. ॥૩૧॥ તેમણે શ્રીહરિમહાપ્રભુને હાથ જોડીને લાવેલ પત્ર અર્પણ કર્યો. ઘોડાસર ગામે સુરતનો સંઘ આવ્યો હતો તેના સમાચાર આપ્યા. ॥૩૨॥ આ રીતે કહેલું સાંભળીને શ્રીહરિ કરુણાનિધિ ધર્મનંદન ભગવાને પ્રસન્ન થઈને દામોદર ભક્તને જમવાનું કહ્યું ત્યારે કહે છે કે હું તો જમીને આવ્યો તો પણ પરાણે તેને જમાડ્યા. પોતે પણ જમ્યા. ॥૩૩॥ ત્યારે ચળુ કરીને શ્રીહરિ ભગવાન રામદાસ સ્વામીનો પત્ર ખોલી વાંચીને તેનું હાર્દ જાણીને વર્ણિરાય સ્વામિનારાયણ ભગવાન સેવકોની સાથે ઘોડાસર ગામ પ્રત્યે ગયા. ॥૩૪॥ ઘોડાસરમાં જાલમસિંહ દરબારના ઘેર મંચ ઉપર બિરાજમાન થયા અને સુરતના ભક્તો દર્શન કરીને મનમાં ખૂબ જ આનંદ પામી ગયા. ॥૩૫॥ જેવી રીતે ગાય પાણીની તરસી થઈને જળાશય ભાળે ને દોડે તે રીતે દર્શનની ઈચ્છાવાળા ભગવાનના ભક્તો શ્રી ઘનશ્યામ પ્રભુના દર્શન માટે દોડીને પ્રણામ કરવા લાગ્યા. ॥૩૬॥ હે રાજન્ ! ત્યાર પછી તે સુરતના હરિભક્તો શ્રીહરિને આનંદપૂર્વક અનેક અલંકારો, નવાં વસ્ત્રો અર્પણ કરતા હતા. ॥૩૭॥ ત્યારે દામોદર ભક્તે પણ પોતાના દ્રવ્યમાં સોનાની સાંકળમાંથી પાંચ હાથ પહોળું, વીસ હાથ લાંબુ સાંકળું હતું. ॥૩૮॥ તેનાથી અમૂલ્ય સોનાના તારથી બનાવેલ સાફો અર્પણ કરતા હતા. સોનાના તારથી બનાવેલ સુરવાળ અર્પણ કરતા હતા. ॥૩૯॥ તેમ જ સોનાના તારથી ગૂંથેલ અંગરખું અર્પણ કરતા હતા. એક દુપટ્ટો કેડે બાંધતા હતા અને હાથમાં બાજુબંધ બાંધતા હતા. ॥૪૦॥ ત્યાર પછી મણીમાળા તથા મણિયુક્ત શીરપેચ અર્પણ કરતા હતા. રત્નોથી જડેલા ચાંદલાશાહી તિલકને ભાલમાં ધારણ કરતા હતા. ॥૪૧॥ સોનાના હારો કંઠમાં પહેરાવતા હતા. મુક્તાફળની સોનાના તારથી ગૂંથેલ માળા પહેરાવતા હતા. રત્નોથી ગૂંથેલી બાહુપેચ તે બાવડામાં બાંધતા હતા. ॥૪૨॥ ભગવાનના હાથની આંગળીઓમાં મણિરત્નથી બનાવેલાં વેઢ, વીંટી, કડાં આદિ પહેરાવતા હતા. ષટકોણ, પવિત્રી આદિ



આભૂષણો અર્પણ કરતા હતા. ॥૪૩॥ સુરતપુરવાસી જનો શ્રીહરિને કપૂરની માળા કંઠમાં પહેરાવતા હતા. પુષ્પની માળાઓ બનાવીને શ્રીહરિ ભગવાનને ભાવપૂર્વક પહેરાવતા હતા. ॥૪૪॥ સુંદર રંગોથી શોભાયુક્ત પાત્રમાં દીવેટો અને કપૂરની આરતી બનાવીને ભાઈચંદ આદિ ભક્તો શ્રીહરિની આરતી ઉતારતા હતા. ॥૪૫॥ આવી રીતે વસ્ત્ર આભૂષણોને ધારણ કરી શ્રીહરિ ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા સુંદર પાલખીમાં બિરાજમાન થયા અને જાલમસિંહ દરબાર તે પાલખીને ઉપાડતા હતા. ॥૪૬॥ ત્યારે તે પાલખીને ઉપાડવામાં સુરતના ભક્તો પણ સાથે હતા અને બીજા ભક્તો વાજિંત્રોના નાદ કરતા હતા તેથી ભૂમિના વાતાવરણમાં આનંદ વ્યાપતો હતો. ॥૪૭॥ શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુ પાલખીમાં રાજમાર્ગમાં ચાલતાં અંબા બાનું ઘર આવ્યું ત્યારે ત્યાં સાકરયુક્ત પાણીનું પાન કરતા હતા. ॥૪૮॥ હે રાજન ! ત્યાંથી ચાલતાં માર્ગમાં ભક્તજનો પ્રેમભક્તિથી શ્રીહરિનું વસ્ત્ર આભૂષણો વડે પૂજન કરીને સંતોષ પામતા હતા. ॥૪૯॥ અંબા બાએ ભાવપૂર્વક ભોજનનો થાળ તૈયાર કરેલો તેને જમી તૃપ્ત થઈને યોગ્ય રીતે બનાવેલ શય્યામાં શ્રીહરિ આરામ કરતા હતા અને ભક્તજનો શ્રીહરિનાં ચરણમર્દનની સેવા કરતા હતા. ॥૫૦॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રીપુરુષોત્તમ સહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ મુનિ વિચરિત ભક્તિ શાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ ઘોડાસર ગામમાં વિચરણ કર્યું એ નામે ઈકોતેરમો અધ્યાય. ॥૭૧॥**

## ॥ અધ્યાય - ૭૨ ॥

**બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ સ્વામીએ પ્રાતઃ કાળમાં ઊઠી સ્નાનવિધિથી પરવારી સારાં પવિત્ર વસ્ત્રો ધારણ કરી પાર્ષદોની સાથે નીકળવાની તૈયારી કરી. ॥૧॥ હે રાજન્ ! થાળ જમીને શ્રીહરિ સહજાનંદ સ્વામી પાલખીમાં બિરાજમાન થયા અને સૂર્યોદય થવાથી તાપતેજ ન થાય, ચાલવામાં પરિશ્રમ ન થાય તે માટે વહેલા ચાલવા લાગ્યા. ॥૨॥ હે રાજન્ ! શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ અંબા બાના ઘેરથી નીકળીને ફરતા ફરતા સત્સંગીજનોને દર્શન આપતા ખેડી નદીકાંઠા પાસે આવ્યા, ત્યાં ડભાણનગરથી સત્સંગીઓના સંઘ આવ્યા. ॥૩॥ આવેલા સત્સંગીઓના સંઘને દર્શન આપવા માટે શ્રીહરિ ભગવાન પાલખીનો ત્યાગ કરી દેતા હતા અને ભક્તજનોથી સત્કાર કરાયેલા ભગવાન સ્વામિનારાયણ ઊંચા ઘોડા ઉપર બેસીને જવા લાગ્યા. ॥૪॥ ત્યારે સૈન્યના કોઈક માણસ ભગવાનના મંદહાસ્ય યુક્ત મુખનાં દર્શન કરવાથી પોતાના દેહ ભાવનાને ભૂલી જઈને દોડતો હતો તેવામાં તેના હાથમાંથી તીર છૂટી ગયું. ॥૫॥ તે તીર છૂટીને જાલમસિંહના (લલાટ) ભાલનો સ્પર્શ કરે તેટલામાં શ્રીહરિ સહજાનંદ સ્વામીએ પોતે કરકમળથી રોકી લીધું. ॥૬॥ ત્યારે તે રાજા જાલમસિંહ કહેવા લાગ્યા કે આમાં કાંઈક શંકા જેવું લાગે છે. આમાં કાંઈક કપટ હશે, બાકી મારા સૈન્યમાં કાંઈ શંકા જેવું હોય જ નહીં. આ રીતે મનનું સમાધાન કર્યું. ॥૭॥ આ રીતે ચર્ચા કરતા હતા તેટલામાં ભક્તજનોએ આવીને શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુનું ચંદન, ચોખા, પુષ્પો વડે ભક્તિભાવથી પૂજન કર્યું. ॥૮॥ હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ તે ભક્તજનોની પૂજા અંગિકાર કરીને સર્વ ભક્તો સાથે આગળ ચાલતા હતા અને સાંજના સમયે ડભાણનગરમાં પ્રવેશ કરીને સુખી થયા. ॥૯॥ શ્રીહરિ મહાપ્રભુએ ફરતા ફરતા ઉત્તર તરફના દરવાજાવાળા રાજમાર્ગથી



પ્રવેશ કર્યો ત્યારે પ્રકાશવાળા દીવાઓ બળતા હતા. ॥૧૦॥ હે રાજન્ ! શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન ઘણા બધા સ્વારોથી વિટાયેલા અનંત ધામોના સ્વામી, વેદો જેમના ગુણોનું ગાન કરીને થાકતા નથી, ઉત્સવો કરવામાં રુચિવાળા, નગરના મનુષ્યોએ જુદી જુદી પૂજાસામગ્રીથી પૂજા કરી છે જેમની એવા શ્રીહરિ નગરમાં રઘુનાથ ભક્તના ઘેર પધાર્યા. ॥૧૧॥ ભગવાન રઘુનાથ ભક્તના ઘેર ઊંચા મંચ ઉપર આવીને બિરાજમાન થયા અને દામોદર ભક્તને અત્યારે જ થાળ લાવો એવો આદેશ આપ્યો. ॥૧૨॥ ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા થવાથી દામોદર ભક્ત જલદીથી ગંગામાએ બનાવેલ પાકોનો થાળ દરેક પાકો જુદા જુદા વાસણોમાં તૈયાર કરાવી લેવા ગયા. ॥૧૩॥ તે થાળ ઉજ્જવળી, કંકુ, અવલ, વક્તિ, ઉતમા, આ સર્વે બહેનોએ પ્રેમભાવથી લાવીને ભગવાન સ્વામિનારાયણને અર્પણ કર્યો. ॥૧૪॥ લાવેલા થાળમાંથી જમીને પછી શ્રીહરિ મહાપ્રભુ સંતો પાર્ષદોને સર્વ પકવાનો વ્યંજનો ખૂબ પ્રેમથી પીરસીને જમાડીને તૃપ્ત કરતા હતા. ॥૧૫॥ સર્વને જમાડીને રાજી થયેલા શ્રીહરિ મહાપ્રભુ ગંગામાને કહેવા લાગ્યા કે ગંગા, અમારા આવ્યા પહેલાં તમે આટલો બધો થાળ કેમ કર્યો હતો ? ॥૧૬॥ ત્યારે ગંગામા હરિ મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણને કહેવા લાગ્યા કે પ્રભુ ! આપ જ્યારે આ પૃથ્વી ઉપર પગલાં પાડો છો. ત્યારે અન્નપૂર્ણા સ્વયમ્ પ્રગટ થઈને રિદ્ધિસિદ્ધિ રૂપે બની જાય છે. ॥૧૭॥ આપ તો અનંત ઐશ્વર્યમૂર્તિ અનંત પાર્ષદોથી સેવાયેલા પૃથ્વીલોકના જીવો ઉપર કૃપા કરીને અત્યારે મનુષ્ય રૂપે વિચરો છો તે આપની કૃપા જ છે. ॥૧૮॥ આ પ્રમાણે શ્રીહરિની સાથે વાર્તાલાપ કરીને સર્વ ભક્તો પોતાને સ્થાનકે ગયાં ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ સુંદર શય્યામાં રાત્રિશયન કરતા હતા. ॥૧૯॥ ત્યાર બાદ પ્રાતઃકાળમાં વહેલા ઊઠીને મહાપ્રભુ નિત્ય સ્નાનવિધિ પતાવીને ઊંચા ઘોડા ઉપર બિરાજમાન થઈને યજ્ઞશાળા તરફ પધાર્યા. ॥૨૦॥ તે યજ્ઞમંડપ કેળના થાંભલાઓથી ભરચક, વેદિકાઓ અને કુંડો

પણ સુંદર બનાવેલાં હતાં અને જાતભાતનાં તોરણો બાંધીને ખૂબ સુંદર બનાવ્યા હતા. ॥૨૧॥ આ મંડપ જોઈને શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુ રાજી થઈ ગયા અને બનાવનારની પ્રશંસા કરતા હતા અને વર્ણીઓ અને સંતોની સાથે મંચ ઉપર વિરાજમાન થયા. ॥૨૨॥ ભગવાન સ્વામિનારાયણની પાસે દેવાનંદ સંન્યાસી તથા પૂર્ણાનંદ સંન્યાસી અને કેટલાક બ્રાહ્મણો આવીને બેઠા. ॥૨૩॥ શ્રીમયારામ ભટ્ટ શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞાથી યજ્ઞકાર્ય માટે વૈદિક કર્મ અને કાળના જ્ઞાનવાળા વિદ્વાન વૈદિક બ્રાહ્મણ અને જુદા જુદા શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણોનું વરણ કર્યું. ॥૨૪॥ સૂર્યરામ, પ્રાણગોવિંદ, નિર્ભયરામ, આદિ જુદા જુદા વેદશાસ્ત્રના જ્ઞાનવાળા ત્રણસો બ્રાહ્મણોનું વરણ કર્યું. ॥૨૫॥ હે રાજન્ ! વરણ કરેલા બ્રાહ્મણોમાં ચાર મુખ્ય બ્રાહ્મણોને સોનામહોરો આપી અને પીતાંબરો આપ્યાં, બીજા બ્રાહ્મણોને રૂપિયા અને વસ્ત્રો આપ્યાં. ॥૨૬॥ ત્યાર પછી ધર્મનંદન શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાને સર્વે બ્રાહ્મણોને યજ્ઞકાર્યમાં વિધિ સાચી રીતે કરવાની આદરપૂર્વક વાર્તા કરવાનું સૂચન કર્યું. ॥૨૭॥ મયારામ ભટ્ટને આજ્ઞા કરી કે વિધિમાં જે વસ્તુ ખૂટે તે લાવી આપવાની પહોંચાડવાની. આ પ્રમાણે કહીને શ્રીહરિ ભગવાન બ્રાહ્મણોને ઊઠવાનું કહીને પોતે ઉતારે પધાર્યા. ॥૨૮॥ પાકશાળામાં જઈને પાકોનું નિરીક્ષણ કર્યું ત્યાં સંતોષકારક જણાણું એટલે સર્વે આશ્રિતો ઉપર રાજી થયા. પાકો બનાવવા માટે હજારો બ્રાહ્મણોને નિયુક્ત કરીને ત્યાંથી પધાર્યા. ॥૨૯॥ સહજાનંદ સ્વામી મહાપ્રભુ રસોડાથી ઉતારે પધાર્યા. અને બ્રાહ્મણો પણ વેદોના ઉચ્ચારોની સાથે મંત્રને ધારણ કરતા થકા યજ્ઞકાર્ય કરતા હતા, પાકશાળામાં બ્રાહ્મણો લાડુ બનાવતા હતા. ॥૩૦॥ યજ્ઞ મહોત્સવનું નામ સાંભળીને હજારો બ્રાહ્મણો ત્યાં આવતા હતા. લાડુ જેને પ્રિય હોય છે એવા બ્રાહ્મણો આવીને આનંદ પામતા હતા. ॥૩૧॥ હે રાજન્ ! શુદ્ધતાથી બનાવેલ પાકને જમવા માટે બ્રાહ્મણો હજારોની સંખ્યામાં પંગતમાં બેસીને જમતા હતા. ॥૩૨॥ મહારુદ્રના ઉત્સવમાં



સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરી દેશદેશાંતરથી ગણી ન શકાય એટલા બધા મનુષ્યોના સંઘો આવ્યા. ॥૩૩॥ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી દેવાનંદ સંન્યાસી અને પૂર્ણાનંદ પરમહંસ બ્રાહ્મણોને ખૂબ આગ્રહથી જમાડીને તૃપ્ત કરવા લાગ્યા. ॥૩૪॥ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પણ નિર્ભય સુખ આપવા માટે વિશાળ જગ્યામાં બનાવેલા ઊંચા મંચ ઉપર આવીને વિરાજી દર્શન આપવા લાગ્યા. ॥૩૫॥ હે રાજન્ ! તેમની આગળ મુનિઓ બેઠા પછી વર્ણીઓ અને ગૃહસ્થો આ સર્વે શુદ્ધ મનવાળા થઈને બધા સભામાં ક્રમ પ્રમાણે બેસતા હતા. ॥૩૬॥ તે સભામાં જે ઉદ્દેશથી આવેલા તે ભગવાન સ્વામિનારાયણનું અર્ચન પૂજન કરવા આવેલા તેણે ચંદનથી અર્ચા કરી ચોખા ચોડી ફૂલના હાર પહેરાવી વસ્ત્ર આભૂષણ અર્પણ કર્યા. ॥૩૭॥ ત્યાં નાથજી ભક્તે શ્રીહરિ ભગવાનને સુરવાળ અને તોડા અને સોનાના તારવાળું અંગરખું ભાવપૂર્વક અર્પણ કર્યું. ॥૩૮॥ દામોદર આદિ ભક્તોએ શ્રીહરિને ખૂબ જ ઊંચી કિંમતનાં વસ્ત્રો અને અનેક મણીઓ મુક્તારત્નોથી ગૂંથેલું શિરપેચ અર્પણ કર્યું. ॥૩૯॥ હે રાજન્ ! સુરતનિવાસી હરિભક્તોએ પીતાંબર અને ઉપરણી ખૂબ જ કિંમતવાળી અને જમણા હાથમાં નેકલેશ ધારણ કરાવતા હતા. ॥૪૦॥ શ્રીહરિને મસ્તક ઉપર મોળીયું, લલાટમાં લાલ ચાંદલાની સાથે તિલક ધરાવતા હતા. કાનમાં કુંડળ ધરાવતા હતા, હાથમાં કડાં, કેડમાં કંદોરો અર્પણ કર્યા. ॥૪૧॥ મુક્તામણીની માળા કંઠમાં ધરાવી, છત્ર આપ્યું. તે ખૂબ જ કિંમતી, દશાવતારનાં ચિત્રોવાળું તે ભગવાનના મસ્તક ઉપર ધાર્યું. ॥૪૨॥ આ રીતે અજીત ભગવાનના ભક્તો દ્વારા ભક્તિભાવથી અર્ચન કરીને અમૂલ્ય પદાર્થોથી પૂજાયેલા ભગવાન વસ્ત્ર અલંકારને ધારણ કરીને કામદેવને પણ શરમાવે એવા શોભવા લાગ્યા. ॥૪૩॥ ભગવાન સ્વામિનારાયણ રોજા ઘોડા ઉપર સોનાના પલાણાં પાથરીને પગમાં ઝાંઝર બાંધેલા તેનો રણકાર થાય એવા ઘોડા ઉપર સવાર થયા. ॥૪૪॥ સોનાની કલગીવાળા, ખૂબ

ઊંચા અને અતિ સુંદર લાગતા અશ્વ ઉપર બિરાજમાન, લગામ પકડવાની હોંશિયારીવાળા અને અસવારોથી વિંટાયેલા ભગવાન સ્વામિનારાણ ખૂબ જ શોભતા હતા. ॥૪૫॥ ખૂબ જ સ્વચ્છ ઉજ્જ્વળ વસ્ત્ર આભૂષણોને ધારેલા, ઊંચા ઘોડા ઉપર બિરાજમાન ભક્તજનો જેમના ગુણોને ગાઈગાઈને ચારેબાજુ જય જયકાર કરે છે, જેમની કીર્તિને ફેલાવે છે, લાલ કમળ સમાન મંદહાસ્ય મુખકમળવાળા, નેત્રકમળને પ્રેમપૂર્વક ફેરવીને પોતાના ભક્તજનોની મધ્યમાં વિચરણ કરતા, શ્રીધર્મભક્તિના પુત્ર એવા સર્વના સ્વામી શ્રીસહજાનંદ સ્વામી આપનો પૃથ્વી ઉપર સદાય જયજયકાર પ્રવર્તે ॥૪૬॥ હે રાજન્ ! એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ યજ્ઞમંડપની પ્રદક્ષિણા કરીને પાર્ષદોથી વીંટાયા થકા કરુણામય અમૃતદૃષ્ટિ કરતાં મંડપમાં બનાવેલા ઊંચા મનોહર મંચ ઉપર વિરાજમાન થયા. ॥૪૭॥

**ઇતિ શ્રીઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનાર શ્રીહરિ સહજાનંદ સ્વામી ચરણકમળના ઉપાસક કૃષ્ણાનંદ મુનિએ રચેલ ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં શ્રીહરિએ ડભાણનગરમાં યજ્ઞોત્સવ કર્યો એ નામે બોંત્તેરમો અધ્યાય થયો. ॥૭૨॥**

## ॥ અધ્યાય - ૭૩ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન્ ! ત્યાર પછી સ્વામિનારાયણ ભગવાન ગંગાબાએ અનેક રસોથી ભરપૂર પાક બનાવ્યો તેનો થાળ જમીને પછી બીજા રામદાસાદિ સર્વને પીરસીને ભોજન કરાવીને તૃપ્ત કરીને શાંતિથી વિરાજમાન થયા. ॥૧॥ ત્યાર પછી સાધુઓની સાથે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની ચર્ચા કરીને અરસપરસ સંવાદો કરીને મોડી રાત સુધી ઉપદેશ આપીને વિતાવી. ॥૨॥ અને મોડી રાત્રે મંચ ઉપર વસ્ત્ર અલંકારને ધારણ કરીને શયન કરી ગયા ત્યારે સુરતનો વતની કોઈક



મંદબુદ્ધિ પુરુષ મંચ ઉપર ચડી ગયો. ॥૩॥ તે મંચ ઉપર જઈને શ્રીહરિ મહાપ્રભુની સમીપમાં જ સૂઈ ગયો એટલે હલનચલન સ્પર્શ થવાથી શ્રીહરિ એકદમ ચમકીને જાગી ગયા ત્યાર પછી ભગવાન અકળાયા. ॥૪॥ હે રાજન્ ! તરત જ સ્વામિનારાયણ ભગવાન મંચ ઉપરથી નીચે ઊતરી ગયા અને પહેરેલાં ઓઢેલાં વસ્ત્રો આભૂષણો સર્વનો ત્યાગ કરી દીધો. ॥૫॥ ત્યારે ભગવાન જ્યારે યોગી લોકો યોગ ધારણાથી ભગવાનનાં સર્વ અંગોનાં દર્શન કરે છે, તેવાં સ્વરૂપનાં દર્શન અત્યારે થવા લાગ્યા. ॥૬॥ આ રીતે ઉપરનાં વસ્ત્રો આભૂષણોને ત્યાગ કરેલા તથા સ્વભાવ વિકૃત થયેલો જોઈને સર્વેસંતો દોડીને જ્યાં સ્વામિનારાયણ ભગવાન ઉદાસ થઈને ઊભા હતા ત્યાં આવ્યા. ॥૭॥ ત્યારે સર્વે સંતોની અનુમતિ સાથે રામદાસસ્વામી સ્વામિનારાયણ ભગવાનની સમીપ જઈને હાથ જોડી મસ્તક નમાવીને મધુર વાણીથી પ્રાર્થનાપૂર્વક કહેવા લાગ્યા. ॥૮॥ હે કૃપાળુ, હે હરિકૃષ્ણ ! તમે તો અક્ષરથી પરાત્પર છો, સર્વોપરી છો, હે શ્રીકૃષ્ણ ! હે વાસુદેવ મહાપ્રભુ ! આપ માયાની ઓથ લઈને આ મનુષ્યચરિત્ર કરો છો. ॥૯॥ હે મહારાજ ! અમારાથી જાણેઅજાણે જે અત્યાચાર થયો, તે સર્વ અમારાથી અપરાધ થયો છે તે ક્ષમા કરી આ કર્મ થયું તે ફરી થાય તો ક્ષમા ન કરશો. ॥૧૦॥ હે મહાપ્રભુ ! અમારા પ્રાણ તથા મન સર્વ આપમાં જોડેલાં છે. આપને પ્રાપ્ત કરવા માટે સર્વ સંબંધીઓનો ત્યાગ કરીને તમારામાં જોડી દીધાં છે, તેથી હે નારાયણ ! હવે આપ સર્વ સાધુના અપરાધને ક્ષમા કરો, અખંડ આપના સ્વરૂપમાં મનને જોડી રાખે છે તેથી ક્ષમા કરો. ॥૧૧॥ હે વિશ્વેશ્વર નારાયણ મહાપ્રભુ ! આપ અમારી ઉપર કૃપા કરીને હે ધર્માત્મજ, આપે ત્યાગ કરેલાં વસ્ત્રો અલંકારોને ધારણ કરીને દર્શનનું સુખ આપો. ॥૧૨॥ સ્વામી કહે છે કે હે રાજન્ ! આ રીતે રામદાસ સ્વામીનાં પ્રાર્થનાપૂર્વકનાં વચનો તથા પ્રેમપૂર્વક વિનંતીને સાંભાળીને સર્વજીવ હિતાવહ સહજાનંદ સ્વામીએ કૃપા કરીને સર્વેને રાજી કર્યા, ત્યાર બાદ સર્વે સંતો ભક્ત સ્વયં મહાપ્રભુ શયનાધીન થયા. ॥૧૩॥

ત્યારબાદ પ્રાતઃકાળમાં ઊઠીને શ્રીહરિ મહાપ્રભુ સ્નાન કરવા માટે નાના તળાવકાંઠે ગયા. ત્યાં જઈને શૌચક્રિયા કરીને પવિત્ર જગ્યામાં બેસીને દાતણ કરીને મુખ ધોઈને સ્નાનવિધિ કરી. ॥૧૪॥ ત્યાં વિદ્વાનોમાં પ્રતિષ્ઠિત રાણપુરવાસી બ્રાહ્મણ હાથમાં પંચાંગ લઈને મનમાં સંકલ્પ કરીને ત્યાં આવ્યો. ॥૧૫॥ આવેલ તે બ્રાહ્મણને જોઈને શ્રીહરિ સ્વામિનારાયણ પ્રભુએ આવકાર આપીને હસતાં થકા પૂછવા લાગ્યા કે હે ભૂદેવ ! તમો કયા ગામના રહેવાવાળા છો ? ॥૧૬॥ આવી રીતે શ્રીહરિ ભગવાને આવકાર આપી સમાચાર પૂછ્યા એટલે હૃદયમાં શાંતિ થઈ. તે બ્રાહ્મણ શ્રીહરિમહાપ્રભુને નમસ્કાર કરીને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. ॥૧૭॥ **જીવરામ ભક્તસ્તુતિ કરે છે.** હે પુરુષોત્તમ ! તમો સર્વેશ્વર સર્વના સ્વામી છો. હે નારાયણ ! આપ નરના મિત્ર છો. પ્રાણી માત્રના રક્ષક છો, હે વાસુદેવ ! આ પૃથ્વી ઉપર આવીને જીવોના કલ્યાણ માટે આપ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી વિચરણ કરો છો. તેમ જ આવા મોટા યજ્ઞ કરીને જીવોને ધર્મજ્ઞાન આપો છો. આપ તો સર્વેશ્વર છો. ॥૧૮॥ હે પ્રભુ ! હું જાણું છું કે તમે ધર્મદેવના પુત્રરૂપે છો. કમળનયન, આપ સર્વ દેવોમાં મુખ્ય છો અને આપને દેવતાઓ હંમેશા વેદની શ્રુતિઓ વડે આપની સ્તુતિ કરે છે. મુનિજનો અરણ્યમાં એકાંતમાં આપના સ્વરૂપનું ધ્યાન ધરે છે, એવા મારા આત્મા સ્વરૂપ આદિ પુરુષ એવા મનુષ્ય સ્વરૂપ ધરીને વિચરો છો તેને હું જાણું છું. ॥૧૯॥ હે વિશ્વના આત્મા આપ વિશ્વના સર્જક છો અને વિશ્વના ભરણપોષણના કરનારા, હે સંતોના સ્વામી ! તમારો દાસ એવો હું તે મને આપનો દાસ જાણીને આપની પાસે રાખીને મારું રક્ષણ કરજો. ॥૨૦॥ શ્રીહરિનો દઢ આશ્રય અને નિશ્ચય હતો એટલે તે બ્રાહ્મણ આ રીતે પ્રાર્થના કરી પ્રણામ કરીને વિરામ થયો ત્યારે સ્વામિનારાયણ ભગવાને બેસી પ્રાર્થના કરતા ભક્તને સુખી કર્યા. ॥૨૧॥ શ્રીહરિ મહાપ્રભુ સંત યોગી ત્યાં સરોવરમાં સ્નાન કરીને ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના ઉતારે પધાર્યા. વસ્ત્ર આભૂષણ ધારણ કરીને પાર્ષદો દ્વારા પૂજા પામેલા



ભગવાન બિરાજમાન થયા. ॥૨૨॥ ત્યાર બાદ ગંગામાએ બનાવેલ જુદા જુદા પદાર્થોનો થાળ શ્રીહરિ આરોગીને પછી સંતો પાર્ષદોને પીરસી જમાડીને તૃપ્ત કરી મંચ ઉપર આવીને બિરાજમાન થયા. ॥૨૩॥ ત્યારે ત્યાં ધર્મનંદન શ્રીહરિ આગળ સંતો બ્રહ્મચારીઓ ગૃહસ્થોની સભા થતી હતી તેમાં મુક્તાનંદ સ્વામીના અંગવાળા સંતો આગળ બેસી ચર્ચા કરી આનંદ કરતા હતા. ॥૨૪॥ તે સભામાં એક બ્રાહ્મણ શ્રીહરિ મહાપ્રભુજી પાસે આવીને કહેવા લાગ્યા. હે મહાપ્રભુ ! આજના દિવસે કેટલાક બ્રાહ્મણો કાંઈક તોફાન કરવાની યોજના કરે છે ॥૨૫॥ કહે છે કે કોઈ પણ પ્રકારનું વિઘ્ન નાખવું છે. આ પ્રમાણે હે મહારાજ ! કેટલાક બ્રાહ્મણો દુષ્ટ કર્મ કરવાનો વિચાર કરી રહ્યા છે. ॥૨૬॥ આ પ્રમાણે બ્રાહ્મણનાં વાક્યો સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ પોતાના ભક્તજનોને ઉદ્દેશીને કહેવા લાગ્યા હે મારા આશ્રિતો ! તમો સાવધાન થઈને ખાસ ધ્યાન રાખીને તૈયાર રહેજો. ॥૨૭॥ હે સૈનિકો ! તમો યુદ્ધકળાને જાણો છો, તમે ભાગ્યવાળા છો તે સાવધાન રહેજો અને સંતો સર્વે તમો પણ હાથમાં લાકડીઓ લઈને સાવધાન રહેજો. ॥૨૮॥ આવી રીતે પાર્ષદો અને સંતોને આદેશ આપીને જલદી ત્યાંથી ઊભા થઈને જ્યાં બ્રાહ્મણો જમી રહ્યા હતા તે ખીજડા નીચે શ્રીહરિ ભગવાન જઈને ઊભા રહ્યા. ॥૨૯॥ હે રાજન્ ! શ્રીહરિ ભગવાનના આદેશથી તે સર્વે સંતો, બ્રાહ્મણો જમતા હતા તે સ્થળે કેડ ઉપર ઉત્તરીય વસ્ત્રનું બંધન કરીને લાકડીઓ લઈને ચારે બાજુ ઊભા રહ્યા. ॥૩૦॥ હે રાજન ! ત્યાર પછી શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ યજ્ઞમાં ભંગ પડાવવાના ઘાટવાળા બ્રાહ્મણોને ઉદ્દેશીને મધુર ગંભીર વાણીથી કહેવા લાગ્યા. ॥૩૧॥ હે ભૂદેવ ! તમો સર્વે સાંભળજો. આ યજ્ઞ સત્ત્વગુણમય છે, છતાં કેટલાક આ યજ્ઞમાં વિઘ્ન કરીને વિનાશકારી રૂદ્રયાગ બનાવવાની ઈચ્છા ધરાવતા હોય એવું જણાય છે, સાવધાન રહેજો. ॥૩૨॥ બ્રાહ્મણોને જમાડીને યજ્ઞમાં હવન કરીને દેવતાઓની પૂજા કરવાથી પુણ્ય થાય છે, પરંતુ ક્રૂર-પાપી વિશ્વનો નાશ કરનારાઓનો નાશ કરવાથી કોઈનેય પાપ

લાગવાનું નથી. ।।૩૩।। હું તો પરબ્રહ્મ છું, સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ લય કરનાર હું જ છું. નિર્ગુણ નિર્વિકારી પરાત્પર અક્ષરધામાધિપતિ હું જ છું. ।।૩૪।। આ રીતે શ્રીહરિ મહાપ્રભુએ કહ્યું એટલે સર્વે બ્રાહ્મણો ઊભા થઈને બન્ને હાથ જોડીને મસ્તક નમાવીને કહેવા લાગ્યા કે હે મહારાજ ! આ રૂદ્રયાગ આપનાથી જ થાય. અમારાથી કોઈ ઉપાયે કરી જ ન શકાય. ।।૩૫।। ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા કે તમોએ આ લાકડીઓ શા માટે લીધી હતી ? અને આ સ્થળમાં કોઈ જાતનો ભય નથી તે છતાં તમે જમવા બેઠા ત્યારે લાકડીઓ લેવાનું શું પ્રયોજન હતું ? ।।૩૬।। તમો બધા પોતપોતાના ગામના ભેગા મળીને લાકડીઓ ભેગી કરીને અહીં પાર્ષદોને સોંપી દો અને જ્યારે તમો ઘેર જશો ત્યારે તે પાર્ષદો તમોને આપશે. ।।૩૭।। હે બ્રાહ્મણો ! તમો સુખેથી જમો અને જો કાંઈ પણ યજ્ઞના સમયમાં ઉત્પાત કરશે તો તેને અમારા સૈનિકો યોગ્ય રીતે અર્ચન કરી દેશે. ।।૩૮।। વિશ્વમાં જે કોઈ જીવો છે તેમાં બ્રાહ્મણો મને અધિક પ્રિય છે. બ્રાહ્મણોથી વિશેષ વહાલું નથી, તેમ છતાં જો કોઈ અટકચાળો કરશે તેને મારાથી શિક્ષા કરવામાં કોઈ અંતરાય નહીં થાય. ।।૩૯।। આ પ્રમાણે શ્રીહરિ ભગવાને કહ્યા પછી પણ કંઈ ચાલાકી ન કરે એ બોધ આપવા માટે ત્યાંથી ઊઠીને પોતાને ધ્યેય બતાવવાનો આદેશ આપ્યો. ।।૪૦।। હે રાજન્ ! સૈનિકોએ પોતાની પાસેની બંદૂકોમાંથી એક સાથે ગોળીઓ છોડીને દાળની ભરેલી કોઠીઓ ફોડી નાખી. તેનો ખૂબ મોટો અવાજ થવાની સાથે વાતાવરણમાં ગમગીનતા જામી ગઈ અને સ્વામિનારાયણ ભગવાને બ્રાહ્મણોને સમજણ આપી કે તોફાન કરશો તો આટલી વાર લાગશે. ।।૪૧।। સર્વત્ર જયજયકારને કરનારા સ્વામિનારાયણ ભગવાન ઉતાવળે પગલે અસવારો સૈનિકોને આગળ કરીને શ્રીહરિ ભગવાન બ્રાહ્મણો જમતા હતા તેમને પ્રદક્ષિણાઓ કરવા લાગ્યા. ।।૪૨।। યજ્ઞવિધિમાં ખૂબ જ યજન કરીને અવભૃથ વિધિ કરાવીને પછી યજ્ઞમાં શ્રીફળ આહુતિ કરીને પૂર્ણાહુતિ કરાવીને તે યજ્ઞમાં રોકેલા બ્રાહ્મણોને યોગ્યતા પ્રમાણે દાનદક્ષિણાઓ



આપીને ખૂબ જ રાજી કર્યા. ।।૪૩।। એવી રીતે ધર્મપુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાને મહારુદ્રયાગ વિધિવત્ પૂર્ણ કરાવ્યો અને તે યજ્ઞના શુભ પરિણામો આપીને હિસાબો ચૂકતે કરીને શ્રીહરિ પ્રભુ ભક્તજનોને સુખિયા કરીને વડતાલપુર પ્રત્યે પધાર્યા. ।।૪૪।। આવા અદ્ભુત હરિનાં ચરિત્રોને જે ભક્તજનો ભાવપૂર્વક એકાગ્રતાથી સાંભળે છે તે તથા જે ભક્ત વક્તા આવા ભગવાનના ચરિત્રોની લીલાને કહીને સમજાવે છે તે બંનેને ભગવાનના સ્વરૂપને વિશે ખૂબ જ પ્રીતિ જાગે છે અને ભગવાનની પ્રસન્નતા થાય છે અને અંતમાં આત્મસ્થિતિસહ ભગવાનના અમૃતમય અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. ।।૪૫।।

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્રમાં હરિલીલા સુધાકરમાં ભગવાન સ્વામિનારાયણે ડભાણમાં યજ્ઞ કર્યો એ નામે તોંતેરમો અધ્યાય થયો. ।।૭૩।।**

## ।। અધ્યાય - ૭૪ ।।

**રાજા પૂછે છે :** હે સ્વામી બ્રહ્માનંદજી ! સ્વામિનારાયણ ભગવાન વડતાલ જઈને ત્યાં કોના આગ્રહને વશ થઈને રહેતા હતા અને ત્યાં બીજા કયાં ચરિત્રો કર્યાં અને ત્યાર બાદ ગઢપુર પધાર્યા અને ત્યાં જે લીલા કરી હોય તે મને સંભળાવવા યોગ્ય છો. ।।૧।। બીજું કારીયાણી ગામ પધારીને ત્યાં જે લીલાઓ કરી તેમજ સાળંગપુરમાં જઈને રહેતા થકા લીલા કરી હોય તે તથા લોયા વગેરે જુદા જુદા ગામોમાં શું શું લીલાઓ કરતા હતા તે કથા મને સંભળાવો. ।।૨।। હે સ્વામી ! ભગવાનના નવાં નવાં ચરિત્રોનું અમૃત સાંભળવાથી દુષ્કૃતોનો નાશ થઈ જાય છે અને સુકૃત ઉદય પામે છે અને ભગવાનના સ્વરૂપને વિષે પ્રીતિ વધુ દૃઢ થાય છે. ।।૩।। એટલા

માટે હે સ્વામી ! તમો આવી રીતે ભગવાનનાં ચરિત્રોને વિસ્તાર કરીને મને સંભળાવો અને બીજા ભક્તો પણ સાંભળવા ઈચ્છતા હોય તે શ્રદ્ધાપૂર્વક એકાગ્રતાથી સાંભળે તો એમને પણ શ્રીહરિધામની પ્રાપ્તિ થાય જ. ॥૪॥ **શ્રી બ્રહ્માનંદસ્વામી કહે** : હે રાજન્ ! એક વાર વડતાલનો વતની, ડાકુઓનો સરદાર એવો જોબન પગી નામનો વ્યક્તિ ડભાણપુરીમાં ગયો. ॥૫॥ તે જોબન પગી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અતિ વેગવાન માણકી ઘોડી તથા કાઠી સ્વારોના ઘોડાં ચોરવા માટે ડભાણમાં શ્રીહરિ મહારુદ્રયાગ કરાવતા હતા ત્યાં લાખો માણસો એકત્રિત થયાં હતાં ત્યાં આવ્યો. ॥૬॥ તે રાત્રે અંધકારમાં ઘોડાં લેવાની આશામાં ફરતો ફરતો ઘોડશાળમાં ગયો. તપાસ કરવા લાગ્યો. અશ્વશાળામાં ગયો તો ત્યાં ધર્મનંદન મહાપ્રભુ ઘોડાંઓની સારસંભાળ લેતા જુદા જુદા સ્વરૂપે જોવામાં આવ્યા. જેટલાં ઘોડાં તેટલાંની એક સાથે સેવા કરતા જોવામાં આવ્યા તેથી ત્યાંથી ગુપ્ત રીતે નીકળી ગયો. ॥૭॥ ત્યાર પછી થોડીવાર સંતાઈને ઊભો રહ્યો અને મોડી રાત્રે ફરી તપાસ કરવા લાગ્યો તો ત્યારે પણ શ્રીહરિ ભગવાન ઘોડાની સેવા કરતા દેખાયા. આ રીતે ત્રણ દિવસ-રાત પ્રયત્ન કર્યો પણ કોઈ રીતે ઘોડાં ચોરવાની ફાવટ ન આવી તેથી તપાસ કરી કે ઘોડાં પાસે સ્વામિનારાયણ તો તેઓના ઉતારે તપાસ કરું, આમ વિચાર કરીને જ્યાં ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુ શયન કરતા હતા ત્યાં જઈને જોયું તો પ્રભુ તો ગાઢ નિદ્રામાં છે તેથી તે પાછો પડ્યો. ॥૮॥ શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાનને શયન કરતા જોઈને તે જોબન પગી આશ્ચર્ય પામી ગયો. ફરી ઘોડશાળમાં ગયો. ત્યાં ભગવાનને ઘોડાંની સેવા કરતા જોયા તેથી જોબન પગીએ નિશ્ચય કર્યો કે અહીંયાં મારી કારી કોઈ કામ નથી આવતી. અત્યાર સુધીના કામમાં હું ક્યાંય પાછો પડ્યો નથી પણ અહીંયા કાંઈક છે. ॥૯॥ આવી રીતે ફરતાં-ફરતાં રાતો વીતી ગઈ, પછી ત્રીજે દિવસે તે જોબનપગી થાકીને ભગવાનના ચરિત્રો જોઈને પોતાના અંતઃકરણમાં સદ્ભાવના જાગ્રત થવાથી સ્વામિનારાયણને ભગવાન માનીને



તેમના આશ્રયમાં જવાનો વિચાર કર્યો. ॥૧૦॥ સવારના પહોરમાં શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન સભા મધ્યે બિરાજમાન હતા ત્યારે તે જોબન પગી નમ્ર બની ત્યાં આવ્યો અને ભગવાનના ચરણકમળમાં નમસ્કાર કર્યા તેથી તેના મનના મેલ શાંત થઈ ગયા અને ભગવાનને હાથ જોડી મસ્તક નમાવી તેમના શરણે આવ્યો. ॥૧૧॥ **જોબન પગી પ્રાર્થના કરે છે** : હે નારાયણ, હે સર્વકારણના કારણસ્વરૂપ પાપનો નાશ કરવા અને સત્પુરુષોનાં સુખ માટે હે હરિ આપ આ પૃથ્વી ઉપર ભારત દેશમાં ઉત્તરકોશલ દેશમાં ધર્મ ભક્તિને ઘેર પ્રગટ થઈને વિચરણ કરો છો. ॥૧૨॥ એવા હે સ્વામિનારાયણ મહાપ્રભુ ! આપે મારી ઉપર ખૂબ કૃપા કરી છે કેમ કે મહાપાપી એવો હું તે મને આપના ઐશ્વર્ય પ્રતાપનો અનુભવ થવાથી તથા દૃષ્ટિગોચર થવાથી મારું મન શાંત થઈ ગયું છે અને આપને શરણે આવ્યો છું. ॥૧૩॥ એટલા માટે આપ મહાપ્રભુ આપના ચરણકમળને મારા પુરમાં સ્થાપન કરીને પાવન કરી અને વડતાલનગરમાં આપ નિવાસ કરીને સર્વજીવોને દર્શનસુખ આપો. ॥૧૪॥ હે મહાપ્રભુ ! આપના દર્શનથી હજારો પુલિંદો, હુણો, પુષ્કરો, આભીરો, યવનો, રંક લોકો નિર્મળ બને એટલા માટે મારે ઘેર પધારો. ॥૧૫॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે** : હે રાજન ! આ રીતે તે જોબન પગીએ ભગવાનને પ્રાર્થના કરી તેથી સ્વામિનારાયણ ભગવાન સંતોની સાથે ચર્ચા કરીને સંતો પાર્ષદોની સાથે તે જોબન પગીના ગામ વડતાલ જઈને જોબન પગીના ઘેર નિવાસ કરીને રહ્યા હતા. ॥૧૬॥ તે જોબન પગીના પુત્રો, પુત્રીઓ તેમજ બીજા સર્વે સંબંધીઓ શ્રીહરિ ભગવાનનો આશ્રય કરીને પ્રેમપૂર્વક સેવા કરવા લાગ્યાં, ભક્તિ કરવા લાગ્યાં. ॥૧૭॥ શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ આવી રીતે વડતાલમાં રહીને સ્વભક્તજનોને સુખશાંતિ આપીને સંતોને ગામડાંઓમાં સત્સંગ માટે વિચરવાની આજ્ઞા કરીને પોતે દુર્ગપુર પ્રત્યે પધાર્યા. ॥૧૮॥ શ્રીહરિ ગઢપુર પધાર્યા એટલે તે નગરના રાજા એભલ ખાચર ખૂબ જ ધાર્મિક, ક્ષમાવાળા ભક્ત હતા. તેના પુત્ર તથા દોહિત્રીઓ સર્વે ભગવાનના દર્શન

કરીને ખૂબ જ આનંદ પામી ગયાં. ॥૧૯॥ સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, બૃહસ્પતિ, બ્રહ્મા, કાર્તિક સ્વામી, વરુણ આદિ સર્વે આ સ્વામિનારાયણ ભગવાનના જ સ્વરૂપો છે અને સ્વામિનારાયણ ભગવાન જ તે છે. ॥૨૦॥ આ પૃથ્વી ઉપર તેમના જેવા રૂપ ગુણો સુંદરતા આદિનું સમાનપણું કોઈ પણ મનુષ્યમાં જોવા અનુભવવામાં નથી આવતું, તેથી ભગવાનપણાનો નિશ્ચય થયો. ॥૨૧॥ આવી રીતના ગુણો ઐશ્વર્યના લીધે જ પરબ્રહ્મ, સર્વના આધાર જગત્પતિ ભગવાનને પ્રેમપૂર્વક પોતાના ભાગ્ય રૂપ માનીને પોતાને ત્યાં રાખવાનો આગ્રહ કરતા હતા. ॥૨૨॥ અને સહજાનંદ સ્વામી મહાપ્રભુ તેઓના ઘેર નિવાસ કરીને રહેતા હતા. ॥૨૩॥ મહાપુરુષોને અનુભવ સ્વરૂપ આત્મા, અક્ષરધામના આત્મા એવા પુરુષોત્તમ નારાયણ ગઢપુરમાં ભક્તજનોના ભક્તિભાવને વશ થઈને તેમને દર્શનસુખ આપીને રહ્યા હતા. ॥૨૪॥ મનુષ્ય સ્વરૂપને ધારીને રહેલા સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં કેટલાક દિવસો ગુપ્ત રહીને ભણેલા વિદ્વાનના મુખેથી વેદપુરાણ શાસ્ત્રોનું શ્રવણ કર્યું. ॥૨૫॥ અતિ તપ કરવાથી દૂબળા શરીરવાળા તેમજ પંચકેશ પણ ખૂબ વધી ગયેલા છે જેમને એવા નીલકંઠ ભગવાન સંતોના સ્વામી ત્યાં દરબારગઢમાં કોઈને દર્શન આપ્યા વિના રહે છે. ॥૨૬॥ હે રાજન્ ! ત્યાં દરબારગઢમાં એભલ રાજાના પુત્ર-પુત્રીઓ સર્વે શ્રીહરિની આજ્ઞામાં રહીને મહાપ્રભુની પ્રેમપૂર્વક સેવા શૂશ્રુષા કરતાં હતાં. ॥૨૭॥ તે અભયરાજાના પુત્ર ઉત્તમ નામના (દાદા ખાચર) છે તે પણ ધર્મપરાયણ, ભક્તિમાં દૃઢ નિષ્ઠાવાળા, સત્ય બોલનારા, નમ્ર સ્વભાવના, બ્રહ્મનિષ્ઠાવાળા, શાસ્ત્રના જ્ઞાની એવા. ॥૨૮॥ તે ઉત્તમ રાજા સંત સેવામાં તત્પરવાળા, ગુણવાન, પ્રશંસા કરવા યોગ્ય, ઈન્દ્રિયોને વશમાં રાખનારા, ઘૃણારહિત, ક્ષમામાં કોઈની ઉપમા ન અપાય તેવા, દાન્ત ભાવમાં મહાન એવા. ॥૨૯॥ તેઓ પોતાના મનને ભગવાનના ચરણારવિંદમાં જોડી રાખે છે. વાણીને ભગવાન નારાયણના ઉચ્ચાર કરવામાં, હાથ ભગવાનની સેવા પરિચર્યા કરવામાં, કાન ભગવાનના કથા-કીર્તન સાંભળવામાં જોડી રાખનારા એવા



નિષ્ઠાવાળા. ॥૩૦॥ હે રાજન્ ! તે દાદા ખાચર રાજપુત્ર હોવા છતાં આવા ગુણવાળા, પ્રકૃતિવાળા, ભગવાન સ્વામિનારાયણના આનંદકાર, ભજનસ્મરણમાં તત્પર રહીને પોતાના દેહથી ભગવાનનું સેવન કરવામાં તત્પર. ॥૩૧॥ તે દાદા ખાચરનાં બહેન જયા નામે તે કુંતી જેવા હતાં. તે ભગવાન સ્વામિનારાયણના ભજનમાં ખૂબ જ પ્રેમભાવથી જોડાયેલાં રહેનારાં. ॥૩૨॥ લલીતા પણ મોટી બહેનની માફક ઉદાર દિલ રાખીને ભક્તિ કરવામાં દૃઢ અને ભગવાનને રાજી કરવા માટે નિયમ વ્રતપાલન કરવામાં ખૂબ જ જાગ્રત રહેનારાં એવાં. ॥૩૩॥ બીજી પણ સેંકડોની સંખ્યામાં પાંચાલી આદિ પોતાના આત્માની મુક્તિ કરવાના નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતાં હતાં. ॥૩૪॥ પોતાના પતિઓનાં ઘરનો ત્યાગ કરીને તેમજ પોતાના પુત્રો, ભાઈઓ, મિત્રો આદિનો ત્યાગ કરીને તેમજ જેમ ગોપીઓએ ઘરબાર વિગેરેનો ત્યાગ કરીને કેવળ ભગવાન કૃષ્ણમાં પોતાના મનને જોડ્યાં હતાં તેવી રીતે આ સર્વે સ્ત્રીઓ ભગવાનના ભજનમાં તત્પર રહેતાં. ॥૩૫॥ આ સર્વે ભક્ત સ્ત્રીઓ માનતી હતી કે અમારું મહાભાગ્ય છે, કેમ કે ભગવાનના મહિમાના નામસ્મરણમાં આપણે રત છીએ. એમના મહિમાને પાર પામવામાં શેષ, શારદા પણ પામી શકતાં નથી, પણ આપણા તો મહાન ભાગ્ય છે. આપણા મન અખંડ ભગવાનના સ્વરૂપમાં રહે છે અને નેત્રો ભગવાનના દર્શનમાં ભાગ્યવાળાં છે. ॥૩૬॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિએ રચેલ શ્રીહરિલીલા સુધાકર નામના ભક્તિશાસ્ત્રમાં શ્રીહરિ દુર્ગપુરમાં પધાર્યા એ નામે ચુંમોતેરમો અધ્યાય થયો. ॥૭૪॥**

સારી રીતે પીરસીને ખૂબ જમાડીને તૃપ્ત કર્યા. ॥૧૮॥ ત્યાર પછી બીજા દિવસે સારા મુહૂર્તમાં પવિત્ર બ્રાહ્મણો પાસે ગોપાળાનંદ સ્વામીના માર્ગદર્શન મુજબ યોગ્ય વિદ્વાન બ્રાહ્મણો પાસે યજ્ઞવિધિ કરાવીને જેવી રીતે અમદાવાદમાં વિધિ કરીને નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી તે જ રીતે ભુજનગરમાં નરનારાયણ દેવની વિધિસર સ્વયં સ્વામિનારાયણ ભગવાને સ્થાપના કરી. ॥૧૯ - ૨૦॥ તે સમયે મનુષ્યો પૃથ્વી ઉપર દુંદુભિ, ભેરી આદિ વાજિંત્રો વગાડવા લાગ્યા અને આકાશમાં દેવોના દિવ્ય વાજિંત્રો વાગવા લાગ્યાં અને ચંદનપુષ્પનો વરસાદ થવા લાગ્યો. ॥૨૧॥ ત્યાર બાદ શ્રીહરિ મહાપ્રભુ સર્વે બ્રાહ્મણોને, સંતોને, પાર્ષદોને, ભક્ત સમુદાયને ઘીખાંડના સુંદર લાડુ ખૂબ જમાડતા હતા અને બ્રાહ્મણોને દક્ષિણામાં વસ્ત્ર આપીને તૃપ્ત કરી દીધા. ॥૨૨॥ ત્યારે ત્યાં મુળીપુરથી બ્રહ્માનંદ સ્વામીના પત્રો લઈને દૂત આવ્યો તે શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ-વંદન કરીને પત્રો શ્રીહરિના હાથમાં આપ્યા. ॥૨૩॥ આવેલા તે બન્ને પત્રો વાંચીને સર્વ વિગત સમાચાર જાણીને શ્રીહરિ મહાપ્રભુ ભુજનગરથી જલદીથી મુળીપુર પધાર્યા. ॥૨૪॥ ત્યારે ત્યાં મૂળીમાં સ્વામિનારાયણ ભગવાન પધાર્યાના સમાચાર મળ્યા એટલે રામાભાઈ રાજા તથા નગરજનો પૂજાસામગ્રી તથા વાજિંત્રો લઈને શ્રીહરિને સન્માનવા સામા ગયા. ॥૨૫॥ શ્રીહરિનાં દર્શન થવાથી બ્રહ્માનંદ સ્વામી હાથ જોડી હર્ષ પામતા થકા હાસ્ય મુખવાળા એવા શ્રીહરિ મહાપ્રભુને ઉત્સાહપૂર્વક બાહુમાં લઈને બાથમાં દબાવીને ઘણા સમયના વિરહનો ત્યાગ કરવા લાગ્યા. ॥૨૬॥ શ્રીહરિને મળીને આનંદ પામેલા બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિનું ભક્તિપૂર્વક પૂજન કરી ખૂબ જ હર્ષ પામતા શ્રીહરિને સાથે લઈને મૂળીનગરમાં નિર્માણ પામેલા સ્વમંદિરમાં પધાર્યા. ત્યાં નિવાસ કર્યો. સુંદર આસન ઉપર વિરાજમાન થયા. ॥૨૭॥ ત્યાર પછી શ્રીહરિકૃષ્ણપ્રભુ તે બ્રહ્માનંદ સ્વામીએ વૈદિક વિધિ કરાવીને ભગવાનના અર્ચનસ્વરૂપોની પ્રતિષ્ઠા કરાવી. ॥૨૮॥ મુખ્ય



મંદિરમાં રાધાકૃષ્ણ હરિકૃષ્ણ (સ્વમૂર્તિ) આ ત્રણ પ્રતિમાઓ સ્થાપન કરી, બીજા દેરામાં ધર્મભક્તિના સ્વરૂપો સ્થાપ્યાં. ત્રીજા દેરામાં રણછોડ ત્રિકમસ્વરૂપની સ્થાપના કરી. ॥૨૯॥ આ રીતે બધા સ્વરૂપોની ખૂબ જ ધામધૂમ સાથે વિધિ કરાવીને પ્રતિષ્ઠા કરીને શ્રીહરિ નારાયણ મુનિ મહાપ્રભુ ભોજન કરાવીને બ્રાહ્મણોને ધન-વસ્ત્રો આપીને તેમને સંતોષ પમાડી દીધા. વિધિ પૂર્ણ કર્યો. ॥૩૦॥ ત્યાર પછી એક વખત ઘનશ્યામ મહાપ્રભુ ભોજન કરીને સંતો-પાર્ષદોને લાડુનું ભોજન કરાવીને તૃપ્ત કરીને સુખપૂર્વક ઘટાદાર લીંબડાની છાંયામાં વિરાજમાન હતા. ॥૩૧॥ ત્યારે રામાભાઈ રાજાને શ્રીહરિના સ્વરૂપમાં અદ્‌ભુતતા જોવામાં આવી. આ જોઈને તે અતિપુણ્યના પ્રતાપથી દિવ્યદૃષ્ટિથી ભગવાનના સ્વરૂપને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા. ॥૩૨॥ તે સમયે હાથમાં બંસરીને ધારણ કરેલા, શ્યામસ્વરૂપ, મોરના પીંછાનાં મુકુટને ધારણ કરેલા, કાનમાં કુંડળને ધારેલા સ્વરૂપવાળા, રાધાકૃષ્ણનાં સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં દર્શન થયાં. ॥૩૩॥ પીતાંબર વસ્ત્ર ધારેલા, વનફૂલોની માળાઓ કંઠમાં ધારણ કરેલા, હાસ્યથી મનોહર લાગતા તે સ્વરૂપે સહજાનંદ સ્વામીને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. ॥૩૪॥ **રામાભાઈ રાજા સ્તુતિ કરે છે :** હે ધર્મપુત્ર ! હે હરિકૃષ્ણ ! મારા પુણ્યના પ્રતાપથી આપના દિવ્ય સ્વરૂપના મને દર્શન થયાં તે આપની અલૌકિકતાનાં સ્વરૂપો જે રાધાની સાથે હાથમાં બંસરી ધારણ કરેલ, મસ્તક ઉપર મયુરપીંછનો મુગટ ધારેલા, સુવર્ણનાં રત્નજડિત કુંડળધારી રહેલા તે આપની મારી ઉપર કૃપા છે. ॥૩૫॥ હે પ્રભુ ! હું અત્યારે કૃતાર્થ થયો છું. મારા દાન, જપ, વ્રત, તપના પુણ્યનો આજે ઉદય થયો છે તેનું જ આ ફળ છે, જેથી મારો જન્મ તો શું, મારા કુળનો પણ બેડો પાર થઈ થયો. ॥૩૬॥ મારી વૃત્તિ, રુપ, આ નગર તેની તથા પ્રજા તેમજ આ પૃથ્વી પણ ધન્ય થઈ છે, જેમાં આપ વિરાજમાન છો એવો આ લીમડાના વૃક્ષનાં ધન્યભાગ્ય છે.

આ લોકના જીવો આ સ્વરૂપનાં ભક્તિથી જે દર્શન કરે છે તે પણ ધન્ય છે. ॥૩૭॥ હે મહારાજ ! આપ આ સ્વરૂપમાં પ્રત્યક્ષ નિવાસ કરો અથવા આ મૂર્તિમાં નિવાસ કરીને રહો એવું મને વરદાન આપો. હે મહારાજ ! મને એવું વરદાન આપો મારી મનની વૃત્તિ અખંડ આપના સ્વરૂપમાં જોડાયેલી રહે એવી મારી ઉપર કૃપા કરીને તમારી સાથે સંગત રહે એ મારી પ્રાર્થના છે. ॥૩૮॥ **આનંદાનંદ સ્વામી કહે છે :** આવી રીતના તે રાજાના શુભ ભાવનાં વચનો સાંભળીને ભગવાન નારાયણ મુનિ તેને અમૃત સમાન મધુર વાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યા. ॥૩૯॥ **શ્રીહરિ રાજા રામભાઈને ઉપદેશ કહે છે :** હે રાજન્ ! આ મારું મંદિર તેને તીર્થરૂપ માનીને તેનું સેવન કરવું, કેમ કે આ પૂર્વે મેં આ સ્થળને વિષે શ્રીકૃષ્ણ રૂપે અહીંયાં બહુ નિવાસ કરેલો. ॥૪૦॥ આ ભોગાવો નદીમાં અર્જુનની સાથે મેં ઘણી વખત સ્નાન કરેલાં તથા આ અલર્કવાવમાં અનેક વાર સ્નાનક્રીડા કરેલી હતી તેથી આ તીર્થ સ્થળ છે. ॥૪૧॥ જે જન આ મંદિરમાં આવીને શ્રદ્ધાપૂર્વક ભાવથી દર્શન કરશે, સ્વરૂપની ભક્તિ કરશે તે જન આ લોકમાં સુખ પામી અંતે અક્ષરધામને પ્રાપ્ત કરશે તે નિશ્ચય જાણવું. ॥૪૨॥ અહીંયા આવીને જે મનુષ્ય, સંતોને, બ્રાહ્મણોને ભોજન કરાવશે તથા જે જનો દાન આપશે તે પણ મોક્ષ પામશે. ॥૪૩॥ આપત્તિના સમયે આકસ્મિક જે કોઈ મૃત્યુ પામે ને તે પુત્રી હોય, પિતા હોય, માતા હોય, ભાઈ હોય તે પણ આપઘાત કરે, આકસ્મિક મૃત્યુ પામે ને અવગતે જાય તે અધોગતિને પામે છે. ॥૪૪॥ તે અહીં આવીને ભોગવતી ગંગામાં વિધિ કરાવીને તર્પણ પીંડદાન કરીને દેવતર્પણ કરે છે તેના પિતૃઓ ભગવાન કૃષ્ણના શરણમાં જાય છે. ॥૪૫॥ તેના બધા જ મનોરથો પૂર્ણ થાય છે. જે મનુષ્ય અહીંયાં પૂજન કાર્ય કરે છે તેમની સદ્ગતિ થાય છે. તે પિતૃઓ રાધાકૃષ્ણ દેવની પ્રસન્નતાને પ્રાપ્ત કરે છે. ॥૪૬॥ સર્વે તીર્થોમાં જે પુણ્ય થાય છે, સર્વે દાનોનું જે ફળ થાય છે તે



સર્વે ફળ આ રાધાકૃષ્ણદેવના દર્શન, ભજનભક્તિ કરવાથી મળે છે. ॥૪૭॥ **આનંદાનંદ સ્વામી કહે છે :** હે ભુભૃતવિપ્ર ! શ્રી સ્વામિનારાયણ ભગવાન રામાભાઈ રાજા તથા બ્રહ્માનંદ સ્વામી આદિ સંતો તથા બીજા ભક્તોને ઉપદેશ સમજાવીને શાંત થઈને શ્રીહરિ મૌન રહ્યા. ॥૪૮॥ હે વિપ્ર ! ત્યાર પછી શ્રીહરિ ઉત્સવનું કાર્ય પૂર્ણ થયા પછી કૃપાળુ શ્રીહરિ તીર્થભૂત મૂળીપુરથી પોતાના પાર્ષદોથી વીંટાયા થકા શ્રીહરિ મહાપ્રભુ મૂળીથી જલદીથી ગઢપુર પધાર્યા. ॥૪૯॥ અનંતધામનાં ધામીના આવી રીતના ચરિત્રો અનંતગુણોના સ્વામી દિવ્યમૂર્તિનાં ચરિત્રોને મનના ભાવપૂર્વક બુદ્ધિમાં ગ્રહણ કરે છે, તેનું મનન કરી જીવનમાં ગ્રહણ કરે છે, તે જીવાત્મા પુણ્યવાન થઈને પરમપદને પામે અર્થાત્ અક્ષરધામને પ્રાપ્ત કરે છે. ॥૫૦॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી પુરુષોત્તમ સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ વિરચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ ભુજનગર તથા મૂળીપુરમાં દેવપ્રતિષ્ઠા કરી ગઢપુર પધાર્યા એ નામે એકાણુમો અધ્યાય થયો. ॥૯૧॥**

## ॥ અધ્યાય - ૯૨ ॥

**ભૂભૃત વિપ્ર કહે છે :** હે સ્વામી લક્ષ્મીનારાયણ ! દેવનાં અર્ચાસ્વરૂપોની શ્રીહરિ સહજાનંદ સ્વામીએ જે રીતે મંદિરો તૈયાર કરાવીને પ્રતિષ્ઠાવિધિ કરીને મહામહોત્સવ કર્યા તે કથા મને સંભળાવવા યોગ્ય છો. ॥૧॥ હે સ્વામી ! શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરિત્રામૃતને શ્રદ્ધાપૂર્વક હંમેશાં સાંભળવાથી પણ મનમાં અતૃપ્તિ જ વર્તાયા કરે છે. તૃપ્તિ થતી જ નથી તેથી બીજાં નવાં ચરિત્રો મને સંભળાવવા મારી ઉપર કૃપા કરો. ॥૨॥

**શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! એવી રીતનાં તે વિપ્રનાં વચનો સાંભળીને સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી તે જિજ્ઞાસુ વિપ્રને રસ ઉપજાવનાર શ્રીહરિની કથા કહેવા લાગ્યા. ॥૩॥ **આનંદાનંદ સ્વામી કહે છે :** હે વિપ્ર ! શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ કોઈક સમયે ગઢપુરમાં ઊંચા આસન ઉપર વિરાજમાન હતા તે સમયે વડતાલપુરથી રાજા જોબનભક્ત શ્રીહરિ પાસે આવ્યા. ॥૪॥ અને તેઓ શ્રીહરિનારાયણ મુનિ ભગવાનને હાથ જોડીને તે જોબનભક્ત આનંદ પામતા થકા કહેવા લાગ્યા : હે નારાયણ મુનિ ! મહાપ્રભુ આપ અમારા ગામમાં પણ મોટું મંદિર બનાવો. ॥૫॥ હે મહારાજ ! વડતાલપુરમાં આપ મંદિર બનાવશો તેથી ત્યાંના મનુષ્યોના તથા ગુજરાત પ્રદેશના મનુષ્યોનાં જીવોને તેનાથી ભગવદ્‌માર્ગ ઉપર વૃત્તિ થાય. ॥૬॥ **આનંદાનંદ સ્વામી આગળ કહે છે :** એવી રીતે તે જોબનભક્તની પ્રાર્થના સાંભળીને પાસે બેઠેલા બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરીને તે રાજાની સાથે મંદિર બનાવવા માટે જલદી તે રાજા સાથે મોકલ્યા. **બ્રહ્માનંદ સ્વામી** વડતાલ જઈને તે વડતાલપુરમાં અતિશય શોભાયમાન કલાકૃતિવાળું મોટું મંદિર તૈયાર કરાવ્યું. તે મંદિર ઊંચા ગગનચુંબી શિખરોથી અતિશય આકર્ષક જાણે કે ત્રિકૂટ પર્વત હોયને એવી રીતે અદ્‌ભુત જે હિમાલયનાં શિખરો જેમ શોભે છે તેમ આ મંદિરના શિખરો શોભાવાળાં લાગે છે. હે વિપ્ર ! આ મંદિર પૃથ્વી ઉપર ખૂબ જ પ્રસિદ્ધિવાળું થશે એવું અદ્‌ભુત થયું છે. ॥૭, ૮, ૯, ૧૦॥ બ્રહ્માનંદ સ્વામીએ ઊંચું શિખર શિખરીઓવાળું મંદિર તૈયાર કરીને પત્રો લખીને દૂતને ગઢપુર મંદિરના સમાચાર પહોંચાડવા મોકલ્યો. ॥૧૧॥ તે બ્રહ્માનંદ સ્વામીએ મોકલેલા દૂત ગઢપુરમાં આવીને દરબારગઢમાં રહેલા શ્રીહરિ સહજાનંદ સ્વામીને વંદન નમસ્કાર કરીને તે પરાત્પર પરમાત્મા શ્રીહરિને પત્રો અર્પણ કર્યા. ॥૧૨॥ શ્રીહરિ મહાપ્રભુ તે પત્રનું વાંચન કરીને તે મંદિરની પ્રતિષ્ઠા કરવા માટે મુહૂર્ત કઢાવ્યાં અને



સંતપાર્ષદો, ગૃહસ્થો તથા બ્રાહ્મણોની સાથે ત્યાંથી નીકળવાનો કાર્યક્રમ કર્યો. ॥૧૩॥ અન્નકૂટનાં કામ ચાલતાં હતાં તે બાકીના પકવાનો બનાવરાવીને પછી શ્રીહરિ નીકળીને જલદીથી બોટાદપુર પ્રત્યે પધાર્યા. ॥૧૪॥ ત્યાં રાત્રે શયન કરીને શ્રીહરિ મહાપ્રભુ પોતાના ભક્તોથી ખૂબ સેવાપરાયણ અડવાળ પધાર્યા ત્યાંથી કમિયાળા પધાર્યા. ॥૧૫॥ હે વિપ્ર ! ત્યાં મુક્તાનંદ સ્વામીના હાથમાં ખૂબ જ પીડા થવા લાગી, પણ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિવાળા તેમને ભગવાનની કૃપાથી થોડા સમયમાં સારું થઈ ગયું. ॥૧૬॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ પોતાના પાર્ષદોના સમૂહથી વિંટાયેલા થકા વડતાલ પધાર્યા. શ્રીહરિ પધાર્યાના સમાચાર મળવાથી જોબનપગી તથા સત્સંગીઓ ભગવાનના સ્વાગત માટે પૂજાસામગ્રી તથા વાજિંત્રો, સાજ લઈને જલદી સામા ગયા. ॥૧૭॥ બ્રહ્માનંદ સ્વામી આદિ સંતો તથા બીજા સત્સંગીઓ પણ તે શ્રીહરિના સ્વાગતની સામગ્રી લઈને આનંદિત મનવાળા થઈને સામા ગયા. ॥૧૮॥ તે બધા જ ભક્તો આવેલા શ્રીહરિને પ્રેમપૂર્વક જોઈને તેમના ચરણકમળમાં પ્રણામ કરીને પોતાના અંતઃકરણમાં ધારણ કર્યા. ॥૧૯॥ હે વિપ્ર ! શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાનને આવેલ સર્વેભક્તોએ દૃષ્ટિથી જોઈને તેમને પોતાના દર્શનનું સુખ આપ્યું ત્યાર પછી અનેક પ્રકારના વૃક્ષોથી શોભાયમાન વડતાલપુરમાં શ્રીહરિ મહાપ્રભુ પધાર્યા. ॥૨૦॥ મન-બુદ્ધિને આનંદ આપનારા સુગંધવાળા શીતળ વાયુથી અને તે નગરમાં બગીચાઓમાં અનેક પ્રકારના વૃક્ષો શોભા આપતાં હતાં. ॥૨૧॥ ચારે વર્ણના મનુષ્યોથી રાજમાર્ગો તથા ચોરાઓ, ફૂલોની પાંખડીઓ પાથરવાથી તથા સદ્‌ગૃહસ્થોના ઘરમાં ધૂપદીપોથી તે નગર શોભાયમાન દેખાતું હતું. ॥૨૨॥ તે સમયે શ્રીહરિ મહાપ્રભુ પોતાના અસવારોથી વિંટાયા થકા તેમના મુખથી જયજયના ધ્વનિને કરતા થકા સ્ત્રીઓ અને પુરુષો ભગવાનનાં દર્શન કરવાના ઉત્સાહવાળાં તે નગરના જનો જાતજાતના વાજિંત્રો વગાડીને આનંદ મેળવવા

લાગ્યાં. ॥૨૩॥ શ્રીહરિ ત્યાં અતિશય ઊંચું અને સુંદર કલાકારીગરીના કૌશલ્યવાળાં પોતાના મંદિરમાં પ્રવેશ કરીને ઊંચાં શિખરોવાળાં નંદભુવન જેવાં દેવતાઓનાં નિવાસસ્થાન ભુત મહામંદિર ઉપર ખૂબ જ શોભા આપતું હતું. ॥૨૪॥ તેને જોઈને રાજી થયેલા શ્રીહરિ સહજાનંદ સ્વામી તે મંદિરના મધ્ય ભાગમાં બનાવેલા ઊંચા મંચ ઉપર વિરાજમાન થયા તથા તેને ભક્તજનો પ્રેમપૂર્વક ચંદન, કુમકુમ, ચોખા, પુષ્પમાળાઓ વડે પૂજન કરીને આનંદ પામ્યા. ॥૨૫॥ ત્યાર પછી ત્યાંથી ઊભા થઈને શ્રીહરિ મહાપ્રભુ બ્રાહ્મણો યજ્ઞમંડપમાં હતા ત્યાં પધાર્યા. ત્યાં ઊંચી વેદિકાવાળા મુખ્ય મંદિરમાં પધાર્યા. તે દેવતાનાં સ્થાનને જોઈને શ્રીહરિએ પોતાના હાથથી તેને ઉપાડ્યા ત્યારે શ્રીહરિ ભગવાનનો જયનાદ થયો. ॥૨૬-૨૭॥ બ્રાહ્મણો કહે છે : યજ્ઞ, દાન, તપ, હોમ, સ્વાધ્યાય, આદિકર્મોનાં ફળો હે હરિ ! આપણને તુરત જ મળી જાય છે. ॥૨૮॥ માટે હે નારાયણ પ્રભુ ! અત્યારે લક્ષ્મીનારાયણ આદિ દેવોની પ્રતિષ્ઠાપન વિધિનો અત્યારે શુભ સમય છે. એ પ્રમાણે વિદ્વાન બ્રાહ્મણોના કહેવાનું સાંભળીને શ્રીહરિ તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે બ્રહ્મદેવતાઓ, એ પ્રમાણે સમયમર્યાદામાં વિધિપૂર્ણ કરી પ્રતિષ્ઠાકાર્ય જલદી પૂર્ણ કરો. મુહૂર્તનો સમય બગાડવો તે યોગ્ય ન કહેવાય. ॥૨૯-૩૦॥ શ્રીહરિના કહેવાનું સાંભળીને બ્રાહ્મણો દેવમંદિરમાં ગયા. ત્યાં જઈને ભગવાનની અર્ચન-પ્રતિમાઓને ખૂબ જ ગંગાજળથી અભિષેક કરવા લાગ્યા. ॥૩૧॥ ચારે દેવની સ્તુતિનું ગાન કરીને શ્રીહરિનું ધ્યાન કર્યું તથા સ્તુતિ કરી તેનું સમાપન કર્યું, પછી વૈદિક વિધિ કરી તે બ્રાહ્મણો દેવની પ્રતિષ્ઠાવિધિને પૂર્ણ કરીને ॥૩૨॥ ત્યાર પછી શ્રી નારાયણ મુનિ પોતે તે બ્રાહ્મણો તથા મુક્તાનંદ સ્વામી આદિક સંતોની સાથે તે લક્ષ્મીનારાયણ આદિ દેવોની સ્થાપના કરી. ॥૩૩॥ ત્યારે આકાશમાં દેવતાઓના દુંદુભિના તથા ભેરીના નાદ થવા લાગ્યા તથા ઈન્દ્રાદિક દેવો શ્રીહરિનો જયજયકાર કરીને ચંદન-



પુષ્પનો વરસાદ કરવા લાગ્યા તથા પૃથ્વી ઉપર મનુષ્યો વાજિંત્રો વગાડીને આનંદ મેળવવા લાગ્યા. ॥૩૪॥ પ્રતિષ્ઠા વિધિ થયા પછી શ્રીહરિ ધર્મનંદન શ્યામસ્વરૂપવાળા મુકુંદ ભગવાન રણછોડજીને ચંદનઆદિથી અર્ચન કરીને વસ્ત્રો આભૂષણો ને પુષ્પના હારો વગેરે સર્વે સેવા બ્રહ્મચારીઓ તથા બ્રાહ્મણો પાસે કરાવરાવીને પૂર્ણ કર્યું. ॥૩૫॥ બીજા મંદિરમાં શ્રીહરિ પોતાના સ્વરૂપને રાધાકૃષ્ણની સાથે સ્થાપન કર્યા પછી ત્રીજા મંદિરમાં પણ વાસુદેવનારાયણના સ્વરૂપની સાથે ધર્મભક્તિનાં સ્વરૂપોની સ્થાપના કરીને અર્ચન કરી વસ્ત્ર આભૂષણો ધારણ કરાવરાવ્યાં. ॥૩૬॥ તથા બીજા મંદિરોમાં પણ નૃસિંહ આદિ અવતારની સ્થાપના કરી. કૃષ્ણઅવતારનાં સ્વરૂપોની સ્થાપના કરી. ॥૩૭॥ એવી રીતે શ્રીહરિએ આજ્ઞા કરી તે મુજબ બ્રાહ્મણોએ શ્રીહરિના સ્વરૂપોની સ્થાપના કરીને અર્ચન વિધિ કરાવીને શ્રીહરિ મહાપ્રભુ મંચ ઉપર વિરાજમાન થઈને પોતાના પ્રેમીભક્તોને શાંતિથી દર્શન આપવા લાગ્યા. ॥૩૮॥ ઘણા ભક્તોજનો મંદિરમાં બેસીને ઉત્સુક મનવાળા થઈને લક્ષ્મીનારાયણ આદિક દેવોનાં ખૂબ દર્શન કર્યાં. તેમાં તેઓને ખૂબ જ આશ્ચર્ય દેખાયું. શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે દેવોને કાશ્મીરી ફૂલોથી તથા અનેક આભૂષણોથી પૂજા કરતા જોવામાં આવ્યા. ॥૩૯-૪૦॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુએ આયુધની મુદ્રા બનાવરાવીને તે કલ્યાણના માર્ગ બતાવનારી છાપો શ્રીહરિ પોતે બાહુમાં ગ્રહણ કરીને પછી સદ્‌ગુરુ સંતોને બાહુમાં આપીને બીજા હરિભક્તોને આજ્ઞા કરીને તેથી તેઓ પણ પોતાના હાથમાં આયુધોની મુદ્રાઓને પડાવીને આજ્ઞાપાલન કર્યું. ॥૪૧-૪૨॥ ત્યાર પછી છાપનાં ચિહ્‌ન બાહુમાં ધારણ કરાવ્યાં. પછી ગોમતી સરોવરમાં સ્નાન કરવાથી તે જનોને શ્રીહરિના દિવ્યદર્શન થયાં. અભયપદને પામ્યા. ॥૪૩॥ અનેક તીર્થરાજ છે તે તો પાપ નાશ કરનારાં છે પણ આ ગોમતી તીર્થના કાંઠે તો શ્રીહરિ વિરાજમાન થયેલા છે. તેથી તો આ તીર્થરાજ

મહાન છે. ॥૪૪॥ શ્રીહરિ ત્યાં વિરાજમાન હતા ત્યાં છપૈયાવાસી રામપ્રતાપજી અને ઈચ્છારામજી બન્ને શ્રીહરિનાં બાંધવો તથા ફુલ્લચરી તથા સુવાસિની તથા વસુમતી આદિ સ્ત્રીઓ આવ્યાં. ॥૪૫॥ ગોપાલ, નંદરામ તથા સીતારામ, મહાબુદ્ધિશાળી બદરીનાથ આદિ સર્વેજનો કૌશલ દેશથી અહીં આવ્યા. ॥૪૬ ॥તેમને આવેલા જોઈને શ્રીહરિનારાયણ પ્રભુ ઊભા થઈને તત્કાળ તેમને પ્રીતિથી મળ્યા અને તેમને રહેવા માટે ઉતારા કરાવરાવ્યા. ॥૪૭॥ એવી રીતે શ્રીહરિએ લક્ષ્મીનારાયણ આદિ દેવોની સ્થાપના કરી તેમને ભોગ ધરાવીને પછી સર્વે સંતોને ભોજન કરાવી તૃપ્ત કર્યા તથા બ્રાહ્મણોને ભોજન કરાવી તથા બીજા આવેલ જનોને જમાડીને તૃપ્ત કર્યા અને બ્રાહ્મણોને દક્ષિણાઓ આપીને તૃપ્ત કર્યા. ॥૪૮॥ એવી રીતે શ્રીહરિ નારાયણ ભગવાન અદ્‌ભુત ચરિત્રો કરીને લોકોના મનોરંજન કર્યાં તે ચરિત્રોને કવિજનોએ આ કાવ્યમાં આલેખ્યાં. તે જે જે જન ગાશે-સાંભળશે તથા શ્રદ્ધાથી સ્મરણ કરશે. તે જન જન્મમરણના દુઃખોથી મુકત બનશે ને અક્ષરધામને પામશે તે નિશ્ચય વાત છે. ॥૪૯॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિએ રચેલું ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ પ્રતિષ્ઠા વિધિ કરી એ નામે બાણુમો અધ્યાય થયો. ॥૯૨॥**



## ॥ અધ્યાય - ૯૩ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! આવી રીતનાં શ્રીહરિનાં ચરિત્રોને સાંભળીને ભૂભૃદ ઋષિએ આનંદાનંદ સ્વામીને શ્રીહરિનાં ચરિત્રો સંભળાવવા માટે પ્રાર્થના કરી. ॥૧॥ **ભૂભૃદ ઋષિ પૂછે છે :** હે આનંદ સ્વામી ! હું શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુનાં ચરિત્રો હંમેશાં સાંભળવાની ઈચ્છા રાખું છું, કેમ કે શ્રીહરિ મારા મનમાં અખંડ નિવાસ કરીને રહે એ જ ભગવાનના ચરિત્રોનું ફળ છે. ॥૨॥ હે સ્વામી ! શ્રીહરિ સુરત જઈને ત્યાં કયાં કયાં નવા ચરિત્રો કર્યાં તથા વડોદરામાં જે જે ચરિત્રો કર્યાં તેની કથા મને સંભળાવો એ જ મારી પ્રાર્થના છે તો આપ કૃપા કરો. ॥૩॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન ! ભૂભૃદ ઋષિનાં વચનો સાંભળીને આનંદાનંદ સ્વામી તેમને કહેવા લાગ્યા કે હે ભક્ત ! તમો ભગવાન હરિકૃષ્ણના બીજાં નવાં ચરિત્રોની કથા આપને કહું છું તે ધ્યાનથી સાંભળો. ॥૪॥ **આનંદાનંદ મુનિ કહે છે :** હે વિપ્રવર્ય ! એક વખત શ્રીહરિ મહાપ્રભુ વડતાલપુરમાં વિરાજમાન હતા ત્યારે તે સુરતનગરના ઘણા ભક્તો શ્રીહરિ મહાપ્રભુને ખૂબ જ પ્રેમથી પ્રાર્થના કરવા લાગ્યા. હે મહાપ્રભુ, અમારે ત્યાં પધારીને દર્શનસુખ આપો. ॥૫॥ આ રીતે તેમની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ તે સુરતપુરવાળા ભક્તો ઉપર પ્રસન્ન થઈને પોતાના પાર્ષદો-મુનિઓ-વર્ણીઓ, બ્રહ્મચારીઓની સાથે સુરતપુર જવા માટે તત્કાળ નીકળ્યા. ॥૬॥ હે રાજન્ ! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ મહી નદીને ઊતરીને ભરૂચ તરફ પધાર્યા ત્યારે ત્યાં રેવા (નર્મદા) નદીને ઓળંગીને માર્ગ ઉપર ચાલતા થકા આગળ જવા લાગ્યા. ॥૭॥ ચાલતાં ચાલતાં તાપી નદી આવી તેને પાર ઊતરીને શ્રીહરિ પાર્ષદોની સાથે તાપી નદીના કાંઠે મસ્તૂર બાગમાં ઉતારો કરીને રોકાયા. ॥૮॥ ત્યાં મહાપ્રભુ બાગમાં એક વૃક્ષની નીચે પલંગ ઉપર

વિરાજમાન હતા. સર્વે જનોને કહેવા લાગ્યા કે આ સ્થાન આપણા માટે ખૂબ જ સારું છે. ॥૯॥ શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન અહીં આવ્યા છે. એ પ્રમાણેના સમાચાર જાણ્યા એટલે તે સુરતનગરના ભક્તો શ્રીહરિના દર્શન માટે તથા તેમનું સત્કાર સામૈયું કરવા ઉતાવળથી પૂજાસામગ્રી લઈને આવવા લાગ્યા. ॥૧૦॥ ત્યાં તેમણે સંત-પાર્ષદોની સાથે સફેદ વસ્ત્રો ધારણ કરેલા પૂર્ણિમાના ચંદ્ર સમાન મંદ હાસ્ય મુખકમળ જેમનું છે એવા કાનોમાં કુંડળ ધારેલા તથા મનોહર કમળની પાંખડી સમાન કંજનેત્રવાળા, સુંદર કંઠવાળા, સુંદર હોઠવાળા તથા લાંબા હાથવાળા, વિશાળ ખભાવાળા, નૂતન મેઘ સમાન આકૃતિવાળા એવા શ્રી ધર્મનંદન શ્રીહરિને જોઈને પ્રણામ કરવા લાગ્યા. ॥૧૧॥ ચંદન પુષ્પહારોથી એમનું પૂજન કરીને પોતાના જન્મનું સફળપણું માનવા લાગ્યા. શ્રીહરિને પ્રણામ કરીને સર્વે મુનિજનોને પ્રણામ કરીને પોતાને પવિત્રપણું માનવા લાગ્યા. ॥૧૨॥ ત્યાર પછી મુકુંદવર્ણીએ પાક તૈયાર કર્યો એટલે શ્રી નારાયણ મુનિ મહાપ્રભુ પ્રથમ થાળ આરોગીને પછી મુનિ પાર્ષદોને પીરસીને ખૂબ જમાડી તૃપ્ત કર્યા. ॥૧૩॥ ત્યાર બાદ ત્યાં જ રાત્રિશયન કર્યું અને સવારે વહેલા ઊઠીને સંતોની સાથે તાપી નદીમાં સ્નાન કરીને પરવારીને ઊંચા બનાવેલા મંચ ઉપર વિરાજમાન થયા ત્યારે અરદેશર કોટવાળ વાજિંત્રોના નાદ કરતા ત્યાં આવ્યા. ॥૧૪॥ તે અરદેશર પોતાના સંબંધીઓની સાથે આવીને શ્રીહરિ મહાપ્રભુને નમ્રતાપૂર્વક નમસ્કાર કરીને વિનયપૂર્વક શ્રીહરિના ચરણમાં મસ્તક મૂકીને નમન કરવા લાગ્યા. ॥૧૫॥ તથા તેમના ગુરુ મુનિ બાવાએ મોકલેલ સમાચાર શ્રીહરિ નારાયણ મુનિ ભગવાનને પ્રણામ કરીને કહેવા લાગ્યા. ॥૧૬॥ **મુનિબાવા કહે છે :** હે ભાઈઓ ! તપ કરીને મહાન સિદ્ધતાવાળા અલૌકિક મૂર્તિ શ્રીહરિની આ નગરમાં પ્રવેશ કરવામાં અમારી ઉપર કેમ કઠોર થાવ છો ? અમારાં તપ ઓછાં છે એટલે જ ને ? ॥૧૭॥ હે મહાપ્રભુ ! નગરમાં



આપના પ્રવેશથી પૃથ્વી ઉપર અપંગ જીવોને પાંગળાં, વૃદ્ધ, બાળકો આદિને આપનાં દર્શન થાય તથા આપની ચરણરજથી આ ભૂમિ પવિત્ર તીર્થરૂપ બની જાય માટે કૃપા કરીને નગરમાં પધારો. ॥૧૮॥ હે અક્ષરધામના અધિપતિ ! આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો. આપ તો જીવોના કલ્યાણ કરવા માટે આ પૃથ્વી ઉપર મનુષ્ય અવતાર ધારણ કરીને પામર જીવનાં કલ્યાણ કરો છો, તેથી હે દયાળુ ! અહીં પધારો. ॥૧૯॥ **આનંદાનંદ સ્વામી કહે છે :** એવી રીતના તે મુનિબાવાના પ્રાર્થનાનાં વચનો સાંભળીને શ્રીહરિ તે સુરતપુરમાં જવા માટે મુનિઓ પાર્ષદોથી દોરવાતા પ્રભુના ગુણનાં કીર્તનો ગાતા ગાતા જવા પ્રયાણ કર્યું. ॥૨૦॥ હે વિપ્ર ! શ્રીહરિ પાલખીમાં વિરાજમાન થયા. પાર્ષદો સાથે ચાલવા લાગ્યા. મુનિઓ બીજાં વાહનોમાં બેઠા. કેટલાક પગે ચાલીને જવા લાગ્યા. ॥૨૧॥ તે સર્વેની આગળ ઢોલનગારાં, મૃદંગ ભેરી આદિકના નાદ સાથે ભગવાનનાં કીતર્નો ઊંચા સ્વરે ગાઈને દિશાઓમાં રહેલા અધર્મને દૂર કરી વાતાવરણને પવિત્ર કરતા હતા. ॥૨૨॥ હે બ્રહ્મદેવ ! શ્રીહરિનારાયણ પ્રભુ પોતાના ભક્તજનોની સાથે રાજમાર્ગ ઉપર પધારતા હતા કેમ કે નગર દર્શન ઉત્સુક પ્રેમીજનોને સ્વ-સ્વરૂપના દર્શન આપતા થકા પધારતા હતા. ॥૨૩॥ ત્યાર પછી ઘોડા ઉપર વિરાજમાન થયેલા ધર્મનંદન મહાપ્રભુ શ્વેત વસ્ત્ર ધારણ કરીને શ્વેત પુષ્પની માળાઓને ધારણ કરાવવાથી તથા જય જય ધ્વનિ થવાથી તે સ્થળે વાતાવરણ રળિયામણું લાગતું હતું. ॥૨૪॥ એવી રીતે શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ સુરતનગરમાં પ્રવેશ કરતા થકા તે નગર ચારે વર્ણના મનુષ્યોથી મહોલ્લા પ્રમાણે ખૂબ જ શોભતું હતું. ॥૨૫॥ નગરમાં આવેલા દેવમંદિરોનાં ઊંચા શિખરો ઉપર ધ્વજદંડની સાથે ધજાઓ શોભતી હતી તથા ઊંચા શિખરો ઉપર તડકો પડવાથી ખૂબ જ પ્રકાશમાન લાગતાં હતાં તથા સારી રીતે સાફસૂફ કરેલા રસ્તાઓ ઉપર ફૂલો પાથરેલાં હતાં તેમજ સૂર્યના પ્રકાશને લીધે મહાસુંદર લાગતાં હતાં.

॥૨૬॥ ત્યાં નગરમાં પ્રવેશ કરતાં કમલનયન ધર્માત્મજ શ્રીહરિ મહાપ્રભુ આકાશમાં ગ્રહમંડળથી જેમ સૂર્યચંદ્ર શોભે તેમ સંત પાર્ષદ અસવારોથી ઘેરાયેલા શ્રીહરિ ખૂબ જ શોભતા હતા તથા માર્ગમાં વિચરણ કરતા મહાપ્રભુ આવવાના સમાચાર જાણીને સ્ત્રીઓ પોતાના મકાન ઉપર તેમજ માર્ગ ઉપર આવીને દર્શન કરીને જોતી હતી. ॥૨૭॥ શ્રીહરિ મહાપ્રભુ મંદ હાસ્યમુખવાળા, સૂર્ય સમાન ઉજ્જ્વળ કાન્તિવાળા, ચંદન પુષ્પમાળાઓ ધારણ કરાવેલા અને પૂજાયેલા શ્રીહરિનું સ્ત્રીઓ સોનામહોરોરૂપી પુષ્પોથી વધાવતી થકી પ્રીતિપૂર્વક પૂજન-વંદન કરીને પોતાના મનુષ્યજન્મને સફળ માનવા લાગી. ॥૨૮॥ અસંખ્ય માણસો પૂજાસામગ્રી હાથમાં લઈને શ્રીહરિની પૂજા કરવા માટે રાહ જોઈને ઊભા હતા ત્યારે શ્રીહરિ પાર્ષદોની સાથે આવ્યા એટલે તેમની પૂજા કરી. ॥૨૯॥ ત્યારે ત્યાં પણવાનક દુંદુંભિ આદિના મહાન શબ્દો થવા લાગ્યા તથા શ્રીહરિ નારાયણ મુનિ ભગવાન આગળ બ્રહ્મઘોષનો મહાન ઉદ્‌ઘોષ થવા લાગ્યો. ॥૩૦॥ હે વિપ્ર ! અશ્વ ઉપર વિરાજમાન થયેલા મહાપ્રભુ નગરના મનુષ્યોને અદ્‌ભુત દર્શન આપતા થકા નગરની મધ્યમાં સુંદર વાડી હતી તેમાં પધાર્યા. ॥૩૧॥ સુંદર ફૂલના મોટાં ઝાડોથી શોભાયમાન ખૂબ જ વિશાળ ભૂમિવાળી તે વાડીમાં શ્રીહરિ ભગવાન મુનિવર્ણી અસવારોની સાથે ઉતારો કરીને નિવાસ કરતા હતા. ॥૩૨॥ તે વાડીની મધ્યમાં ઊંચા સ્થાન ઉપર આસન ઉપર શ્રીહરિ નારાયણ મુનિ ભગવાન વિરાજમાન થયા અને તેમની સન્મુખ સર્વે સંતભક્તજનો યોગ્ય રીતે હાથ જોડીને બેઠા. ॥૩૩॥ તે સમયે કેટલાક ભક્તો ભિખારીદાસ, ગોવિંદરામ, દયારામ તથા પુરુષોત્તમ ભક્ત આદિ સર્વે ભક્તો શ્રીહરિ મહાપ્રભુનું અર્ચન પૂજન કરવા તથા સેવાપરિચર્યા કરવા ઉત્સાહપૂર્વક તૈયાર થઈને ઊભા હતા. ॥૩૪-૩૫॥ ત્યાર બાદ ત્યાં વર્ણીએ તૈયાર કરેલા પાકનો થાળ આરોગવા પધાર્યા. પ્રથમ સ્નાન કરીને શ્રીહરિ મહાપ્રભુ થાળ



આરોગ્યા. તૃપ્ત થઈને પછી સર્વે મુનિ પાર્ષદોને ખૂબ પીરસીને તૃપ્ત કર્યા. ॥૩૬॥ હે વિપ્ર ! ત્યાર પછી બીજા દિવસે તે વાડીમાં મહાન દિવ્ય સભા થઈ. તેમાં શ્રીહરિની આગળ સંતો-મુનિઓ બેઠા. બીજી બાજુ પડખામાં ગૃહસ્થો, નગરના બીજા જનો આદિ બેઠા. ॥૩૭॥ ત્યાં બીજા સંસ્કૃત ભાષાના મહાન વિદ્વાન પંડિતો સંસ્કૃતમાં બોલનારા શ્રુતિ જ્ઞાનવાળા, સાંખ્ય, મીમાંસા, યોગન્યાયબોધવાળા કેટલાક પંડિતો ॥૩૮॥ જુદા જુદા વિષયો પ્રમાણે તે સર્વે પંડિતોએ પૂછેલા પ્રશ્નોના શ્રીહરિએ સુંદર રીતે સંતોષકારક ઉત્તરો આપીને સંતોષ આપ્યો. ત્યાર પછી ગાયકોએ શ્રીહરિ આગળ સંગીતવિદ્યાનું ગાન કર્યું. ત્યાર બાદ પુરાણોની કથા થઈ. ॥૩૯॥ હે રાજન્ ! તે સમયે ઘણા બધા પ્રશ્નો-ઉત્તરો થયા. તેના શ્રીહરિ મહાપ્રભુએ અમૃતમય મધુર વચનો વડે ઉત્તરો આપીને સર્વે ભક્તજનોને જ્ઞાનનું પોષણ કર્યું. ॥૪૦॥ તે જ સમયે સુરતના ગવર્નર એરન નામના અંગ્રેજ ત્યાં આવ્યા અને શ્રીહરિને ટોપો ઉતારીને શ્રીહરિનું પૂજન કરીને હાથ જોડીને મસ્તક નમાવીને પ્રણામ વંદન કર્યાં. ॥૪૧॥ ત્યાર પછી તે **ગવર્નર કહેવા લાગ્યા :** હે સ્વામિનારાયણ પ્રભુ ! આપનો મને જે દર્શન સમાગમ થયો તે મારા કેટલા બધા પુણ્યનો પ્રતાપ છે, જેથી આ નગરમાં આપે પધારીને મને દર્શન આપ્યાં એ અદ્‌ભુત વાત છે. ॥૪૨॥ હે મહારાજ ! હે ઈશ્વર ! હે દયાળુ ! આ નગર તથા રાજ્ય તથા આ મારો દેહ ! આ બધું જ આપનું છે. હું આપનો દાસ છું, તેથી મારાં યોગ્ય કાંઈ પણ આજ્ઞા હોય તો આપજો. હું આપની સેવામાં તત્પર છું. ॥૪૩॥ હે વિપ્ર ! આવી રીતે તે અંગ્રેજ રાજા શ્રીહરિને પ્રાર્થના કરીને અશ્વ ઉપર બેસીને આનંદ પામતો થકો શ્રીહરિ મહાપ્રભુ તથા સર્વે મુનિજનોને નમન કરીને પોતાના ઘર પ્રત્યે ગયો. ॥૪૪॥ હે રાજન્ ! ત્યાર પછી શ્રીહરિ સહજાનંદ સ્વામી અરદેશર કોટવાળના ઘેર પધાર્યા. તેમની સાથે મુનિઓ-પાર્ષદો પણ ગયા હતા. તે શ્રીહરિનું વસ્ત્ર

આભૂષણોથી પૂજન કરીને સન્માન કર્યું. ॥૪૫॥ ત્યાર પછી અરદેશરના ભાઈને ઘેર પધાર્યા. તે ઘર ખૂબ જ વિશાળ હતું તથા જાતજાતના ચિત્રો દોરેલાં હતાં, તેથી ખૂબ સારું લાગતું હતું. કાચ, નિલમણી તેમજ સોનાના પાત્રમાં ઘણા બધા દીવાઓની શોભાવાળું તથા નીચે સારાં પાથરણાં પાથરેલાં હતાં તથા મુક્તમણીઓનાં તોરણોવાળું તે ઘર હતું. ॥૪૬-૪૭॥ ત્યાં સભાખંડનાં મધ્યમાં ચળકતાં મણિઓથી મઢેલું સુંદર સિંહાસન બનાવેલું હતું તે ખૂબ જ ઝગારા મારતું હતું. તેની ઉપર શ્રીહરિ મહાપ્રભુ વિરાજમાન થયા ત્યારે શ્રીહરિ મહાપ્રભુનું તેમના સંબંધીઓની સાથે જાતજાતનાં વસ્ત્રો આભૂષણોથી જુદા જુદા કાશ્મીરી ચોખા તથા ચંદન-કેશર ફૂલહારોથી અર્ચન પૂજન કરીને ત્યાર પછી આરતી કરીને હાથ જોડીને શ્રીહરિ નારાયણ ભગવાનની ગદ્‌ગદ્ વાણીથી સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યા. ॥૪૮-૪૯-૫૦॥ **અરદેશર ઉવાચ** : હે સર્વેના ઈશ્વર ! સુખના નિધિ ! હે મુનિઓને અતિપ્રિય એવા કમળ નેત્રવાળા તથા વેદોની ઋચાઓ વડે સ્તુતિ કરાતા હે હરિકૃષ્ણ ! હે ધર્માત્મજ ! હે મહારાજ ! હે લીલામૂર્તિ ! સર્વે ભક્તજનને પ્રેમરસ આપનારા હે હરિ ! આપનું હંમેશાં સ્મરણ થાય એવી મારી ઉપર કૃપા કરો. ॥૫૧॥ એવી રીતે અરદેશરે સ્તુતિ કર્યા પછી શ્રીહરિ મહાપ્રભુ તૈયાર થયેલા થાળને આરોગી તૃપ્ત થઈને ફરીથી તે બન્નેને પોતાના ચરણકમળની છાપો આપીને તેની ઉપર ખૂબ કૃપા કરી. ॥૫૨॥ એવી રીતે તેઓને બન્ને ભાઈઓને અલૌકિક સુખ આપીને શ્રીહરિ મહાપ્રભુ પોતાના યશનો જયજયકારના ઉદ્‌ઘોષ કરાવતા થકા પોતાના ઉતારે પધાર્યા. ॥૫૩॥ હે દ્વિજ ! ત્યાં અગિયાર દિવસ રોકાઈને શ્રીહરિ નારાયણ મુનિ ભગવાન પાલખીમાં બેસીને દયારામ નામના ભક્તના ઘેર પધાર્યા. ॥૫૪॥ ત્યાંથી શ્રીજી મહારાજ પોતાના ભક્તો, સંતો તથા સેવકોની સાથે મસ્તુર બાગમાં પધાર્યા. ત્યાં ઊંચા મંચ ઉપર વિરાજમાન થઈને ખૂબ જ શોભા વધારતા



હતા. તેમને ફરતે ભક્તજનો બેઠા. ॥૫૫॥ ત્યાર પછી તે નગરના કોટવાળ અરદેશર ભક્તને ઉદાર કીર્તિ એવા શ્રીહરિએ પ્રસાદના સ્વરૂપે અમૂલ્ય મસ્તકની પાઘ આપી તથા અમૂલ્ય પ્રસાદ મેળવીને હૃદયપૂર્વક ભગવાનને ભજતો થકો. અમૂલ્ય સુખને પામ્યો. ॥૫૬॥ ત્યાર પછી ધર્માત્મજ નારાયણ પ્રભુ કૃષ્ણાનંદ વર્ણીએ સારી રીતે પકાવેલ ખીચડી આરોગીને તાપી નદી પાર કરીને ત્યાંથી નર્મદા પણ પાર કરીને અન્ય ગામોમાં વિચરણ કરતા મહાપ્રભુ સર્વ સંત ભક્ત મંડળની સાથે ગઢપુર પધાર્યા. ॥૫૭॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત શ્રીહરિલીલા સુધાકર ભક્તિશાસ્ત્રમાં સુરતનગરમાં લીલા કરી. શ્રીહરિ ગઢપુર પધાર્યા એ નામે ત્રાણુંમો અધ્યાય થયો. ॥૯૩॥**

## ॥ અધ્યાય - ૯૪ ॥

**આનંદાનંદ સ્વામી કહે છે** : શ્રીહરિ મહાપ્રભુ એક વખત ગઢપુરમાં પ્રાગજી પુરાણીના મુખ થકી કથા સાંભળવા માટે, લોકોને માર્ગદર્શન આપવા માટે, શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ, પ્રસન્ન થઈને લીલા કરી. ॥૧॥ શ્રીહરિ નારાયણ પ્રભુ નિષ્કુળાનંદ સ્વામીને બોલાવીને તેમને કહેવા લાગ્યા કે તમો જુદાં જુદાં વસ્ત્રો તથા તોરણપતાકા આદિ વડે સુંદર કલાકારીગરીવાળો એક મંડપ તૈયાર કરો. ॥૨॥ તેમાં કેળના થાંભલા ઊભા કરીને તે ખૂબ જ સારી રીતે શોભાવજો તથા આંબા-આસોપાલવનાં તોરણો બનાવીને બાંધવાનાં તથા ધજાઓ પતાકાઓ આદિની સજાવટ કરીને સુંદર મંડપની રચના કરીને તૈયાર કરો. ॥૩॥ **આનંદાનંદ સ્વામી કહે છે** : હે વિપ્ર ! એવી રીતની શ્રીહરિની આજ્ઞા થવાથી તેમના આદેશ મુજબ નિષ્કુળાનંદ

સ્વામી પોતાની કળા અનુરૂપ મંડપ બનાવીને તેમાં તોરણો પતાકા ધજાઓથી સજ્જ કર્યો. ।।૪।। ત્યાર પછી શ્રીહરિ ત્યાં આવીને તૈયાર કરેલા સિંહાસન ઉપર પ્રેમપૂર્વક વિરાજમાન થયા. પ્રાગજી પુરાણી પાસે સત્સંગી જીવનના પાંચમા પ્રકરણની કથા વંચાવતા હતા. ।।૫।। તે પાંચમા પ્રકરણમાં સ્વ-સ્વરૂપનું અલૌકિક જ્ઞાન આપીને કથાની પૂર્ણાહુતિમાં વક્તા બટુકની પ્રેમપૂર્વક જુદા જુદા ઉપચારોથી પૂજા કરીને વાજિંત્રો વગાડનારા પાસે મહાબ્રહ્મઘોષ કરાવીને જયજયકાર વર્તાવ્યો. ।।૬।। પ્રથમ સ્વામિનારાયણ ભગવાને વક્તાનું વસ્ત્રો મુદ્રાઓથી પૂજન કર્યું. ત્યાર પછી સર્વે શ્રોતાઓએ દાન અર્પણ કરીને પૂજન કર્યું. ।।૭।। સત્સંગી જીવન સાંભળનાર સત્સંગીઓના જીવન પવિત્ર છે. સત્સંગીજીવન સાંભળી તે પ્રમાણે વર્તનારો જીવ સત્સંગીઓને જીવનમાં પ્રિય થઈને જીવે છે. ।।૮।। સત્સંગીજીવન નામનો ગ્રંથ સર્વશાસ્ત્રના જ્ઞાનને જણાવનાર છે. તે ગ્રંથને વિષે શ્રીહરિ પ્રભુ પ્રવેશ કરીને ફળ આપે છે. ।।૯।। તે સત્સંગી જીવન ગ્રંથની કથા કરનારને તેમજ કથા સાંભળનારને શ્રી સહજાનંદ સ્વામી સ્વયં દર્શન આપીને તત્કાળ અનંતગણા ફળને આપે છે તથા ખૂબ જ સુખ આપે છે. ।।૧૦।। સત્સંગીજીવન ગ્રંથનું પઠન, શ્રવણરૂપ આશ્રય રાખનાર જીવને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક ગુણ તે આશ્રિતના જીવનમાં હાજર થાય છે, તે પ્રમાણે વર્તે છે. તે ધન્ય થાય છે. ।।૧૧।। શ્રીહરિ મહાપ્રભુ શ્રીમદ્ ભાગવતાદિક પુરાણોની પૂજાવિધિ, પ્રતિષ્ઠાપન વિધિ હરહંમેશ કરાવ્યા કરતા હતા. ।।૧૨।। શ્રી ધર્મનંદન મહાપ્રભુએ એવી રીતે સત્શાસ્ત્રોનો સત્કાર કરીને ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ગોપીનાથજીના મંદિરમાં પધાર્યા. ।।૧૩।। ત્યાં ગોપીનાથજી આદિ દેવોની વૈદિક મંત્રોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કરાવીને યાજ્ઞિક બ્રાહ્મણોને ખૂબ જ પ્રેમભાવથી દક્ષિણાઓ આપીને તૃપ્ત કર્યા. ।।૧૪।। હે વિપ્ર ! ત્યાર પછી તે સભામાં બ્રાહ્મણ વર્ણના કૌશલ દેશમાં વસનારા પોતાના પરિવારના બે



ભાઈઓના પુત્રો અયોધ્યાપ્રસાદ અને રઘુવીજીપ્રસાદ બંને ભાઈઓ આવ્યા. ।।૧૫।। તે બન્ને યુવાનો કોમળ અંગોવાળા, ખૂબ જ રૂપાળા, મધુર હાસ્યવાળા, મોટી છાતીવાળા, શોભાયમાન લલાટવાળા, સુંદર નેત્રોવાળા એવા ।।૧૬।। ઘનશ્યામ પ્રભુમાં વિશેષ હેત ભાવને લીધે શ્રીહરિના દર્શનની આકુળતાવાળા બન્ને આવીને શ્રીહરિ મહાપ્રભુને જોઈને તેમના ચરણકમળમાં પ્રણામ કર્યા. ।।૧૭।। નારાયણમુનિ ભગવાન પણ તેમને જોઈને અતિશય આનંદ પામ્યા અને આસન ઉપરથી ઊભા થઈને તે બન્નેને મળીને ખૂબ જ આનંદ પામ્યા. ।।૧૮।। શ્રીહરિ મહાપ્રભુ બન્ને પુત્રોને મળી ફરી પોતાના આસન ઉપર વિરાજમાન થયા. પુત્રોને ઉતારા કરાવી તેમના ઘેર સુખથી રહી શકે એટલા માટે અન્ન ધનાદિકની ગોઠવણ કરાવી દીધી. ।।૧૯।। ત્યાં શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપજી નામના તે આસન ઉપર વિરાજતા હતા ત્યારે કોઈક ભિક્ષા માગનાર અતિથિએ આવીને કાંઈક માગ્યું. ।।૨૦।। તેમણે કોઈક પાર્ષદને તે કાંઈક આપવા માટે પ્રેરણા કરી ત્યારે તે પાર્ષદે તે માગનારના માગવા મુજબ ન હોવાથી ન આપ્યું તે પોતે શ્રીહરિ જોતા હતા. ।।૨૧।। ત્યારે તે રામપ્રતાપજી દયાળુ સ્વભાવને લીધે મનમાં વિચારવા લાગ્યા કે શું કરીએ આપણી પાસે અત્યારે કાંઈક ધન કે ધાન્ય કાંઈ છે નહીં એટલે આપણાથી કાંઈ થઈ શકે તેમ નથી. ।।૨૨।। આવી રીતે મનમાં વિચાર કરીને રાત્રે પલંગમાં સૂતા સૂતા વિચાર કરવા લાગ્યા. તેને સર્વદૃષ્ટા શ્રીહરિનારાયણ ભગવાન તેમના મનના ઘાટને જાણવા લાગ્યા. ।।૨૩।। ત્યારે સવારમાં વહેલા ઊઠીને સર્વના કારણ એવા શ્રીહરિ મહાપ્રભુએ ઉત્તમ રાજાને બોલાવ્યા અને તેમને સર્વ હકીકતથી જાણ કરીને સમજણ પાડી. ।।૨૪।। હે રાજન ! અને એક હજાર રૂપાના સિક્કાનાં બે વાસણો ભરીને જલદીથી તમો અહીં લાવો, આળસ કરશો નહીં. ।।૨૫।। હે વિપ્ર ! ત્યાર પછી દાદા ખાચર બે પાત્રોમાં રૂપાના સિક્કા એક હજાર તૈયાર કરીને શ્રીહરિની આજ્ઞા મુજબ

લઈને શ્રીહરિના ભાઈના પત્નીને જઈને આપી દીધાં. ॥૨૬॥ ત્યારે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ નમ્ર થઈને મોટાભાઈને કહેવા લાગ્યા : તમે તો મારા પિતાની જગ્યાએ પિતા સમાન છો, તેથી મારાથી કાંઈ સામાન્ય અપરાધ થઈ જાય તેને આપ મહાન છો તેથી ક્ષમ્ય ગણવો. ॥૨૭॥ હે ભાઈ ! જે માતાપિતાએ બાલ્યઅવસ્થામાં નથી કર્યું તે આપે પોતાના પ્રાણની દરકાર કર્યા વગર કર્યું છે તે અમને ખબર છે. ॥૨૮॥ હે વિપ્ર ! આ રીતનાં નાના ભાઈનાં અમૃતમય વાણીવર્ષાનાં વચનો સાંભળીને મોટાભાઈ રાજી થઈને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. ॥૨૯॥ હે ઘનશ્યામ ! તમે તો સાક્ષાત્ પરબ્રહ્મદેવ વાસુદેવ સર્વની દૃષ્ટિના દાતા છો. જે આ જગતને ઓળખાવે છે, દર્શાવે છે, અનુભવાવે છે તે સર્વે આપના પ્રતાપથી જ જણાય છે. ॥૩૦॥ જેના ભયથી વાયરાઓ વાય છે, જેના ભયથી કાળગતિ કરી રહ્યો છે, જેના ભયથી અગ્નિ બળે છે તથા ઈન્દ્ર મેઘ વરસાવી રહ્યો છે, પૃથ્વી સ્થિર રહી છે એ સર્વે આપનાથી જ થાય છે. ॥૩૧॥ મુનિઓ હંમેશાં યોગનો અભ્યાસ કરીને આપના સ્વરૂપનું ધ્યાન કરે છે અને વનમાં નિયમબદ્ધ રહે છે. આપના પ્રતાપથી સર્વેશ્વર એવા આપ સર્વ પ્રાણનું વહન કરનારા સત્યસ્વરૂપ આપ એક જ સર્વેશ્વર છો. ॥૩૨॥ હે હરિ ! હે મહાપ્રભુ ! આપે છપૈયા નામના  ગામની ધરણી ઉપર અવતાર ધારણ કરવાનું સાર્થકપણું બતાવીને અમારા કુળને પવિત્ર કલ્યાણના અંગરૂપ બનાવ્યું. ॥૩૩॥ તપસ્વીજનો ઘણા જન્મ સુધી તપ કરે છે. બીજું, દાન, વ્રતો, યજ્ઞયાગો, મંત્રપાઠાદિ વરસો સુધી કરવા છતાં જે નથી મળતા એવા આપ આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને આપના દર્શનભક્તિના માર્ગદર્શનથી મોક્ષ સરળ થઈ ગયો છે તેથી આગળનાં સાધનો નિરર્થક થયાં. આપનાં દર્શનનિષ્ઠાથી સર્વે આવે છે. ॥૩૪॥ હે નારાયણ ! તમો કૃપામૂર્તિ એવા આપનું નિર્મળ મનવાળા તપસ્વીઓ અંતઃકરણમાં હંમેશાં દૃષ્ટિ રાખીને સેવન કરે છે એવા આપ



હંમેશાં બદરીવનમાં હે નારાયણ ! કૃષ્ણ નર રૂપે નિવાસ કરીને વિરાજમાન રહો એવા હે પ્રભુ ! હું આપને વારંવાર વંદન કરું છું. ॥૩૫॥ **આનંદાનંદ સ્વામી કહે છે** : હે વિપ્ર ! મોટાભાઈ દ્વારા એવી રીતે સ્તુતિ કરાયેલા શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ ફરી પોતાના ઊંચા આસન ઉપર વિરાજમાન થઈને દર્શન આપવા લાગ્યા. ॥૩૬॥ ત્યાર પછી નિત્ય મુજબ શૌચાદિક વિધિ દંતધાવન કરી સ્નાન કરીને દેવતાઓનું પૂજનાદિ ક્રિયાઓ તે લોકોને ધર્મનું શિક્ષણ આપવા માટે ક્રિયાઓ કરીને ॥૩૭॥ શ્રીહરિ મહાપ્રભુ મોટાભાઈ રામપ્રતાપજીના ઘેર સુવાસિની ભાભીના હાથનું પીરસેલું ભોજન જમવા માટે બાજોઠ ઉપર વિરાજમાન થઈને સારી રીતે પ્રેમથી ભોજન જમ્યા. ॥૩૮॥ આવી રીતના શ્રીહરિના દિવ્યચરિત્રો અનંત પ્રકારના શુભ ગુણોને વિસ્તારનારા હોય છે. તે ચરિત્રોને જોઈને તેનું સ્મરણ કરીને મુક્તમુનિ પોતાના શરીરની પુષ્ટિ કરતા હતા. ॥૩૯॥ ત્યાર પછી તે નામના સાધુને રસ ભરેલાં ભોજનો જમાડીને શ્રીહરિ તેમને સ્વહિત કરનારા યોગધર્મનો ઉપદેશ આપવા લાગ્યા. ॥૪૦॥ શ્રીહરિ પોતાના સંતોને અષ્ટાંગ યોગની ક્રિયાઓ શંખ પ્રક્ષાલન નોળી, કુંજરી આદિ શિક્ષાનું માર્ગદર્શન શ્રીહરિ આપીને યોગ પારંગત કરતા હતા. ॥૪૧॥ હે ભૂભૃત ઋષિ ! શ્રીહરિ યોગ શિક્ષાનો ઉપદેશ આપી રહ્યા ત્યારે, સુંદરિયાણા ગામના હિમરાજ શાહના પુત્રો વનરાજ શાહ તથા પૂંજા શાહ વાંણિયા ભક્તો ત્યાં આવ્યા અને આવીને શ્રીહરિનારાયણ ભગવાનને ભક્તિભાવથી કહેવા લાગ્યા કે હે મહારાજ ! અમારા પિતાજીનું દેહાવસાન થયું છે અને તેઓ અક્ષરધામમાં ગયા છે. ॥૪૨-૪૩॥ તેમના ઉત્તરક્રિયાના કાર્યમાં અમારા જ્ઞાતિ પરિવારજનો અમો સત્સંગમાં આવ્યા એટલે ક્રિયાકાંડમાં આવવાની ના પાડે છે તેથી અમો અહીં આવ્યા છીએ એટલે આપના સિવાય અત્યારે અમારું સગું કોઈ નથી તેથી આપ સંતપાર્ષદોની સાથે અમારે ઘેર પધારીને અમારા પિતાજીના

કર્મકાંડને પૂર્ણ કરવા અમારી ઉપર દયા કરો. પિતાના કાર્યને સિદ્ધ કરી આપો. ॥૪૪॥ આપ બધા જ સંતો, મુનિઓ, પાર્ષદો અને સર્વ સત્સંગીઓ અમારા ઘેર પધારી આવતી કાલે ત્રયોદશાનું ભોજન છે તે અમારા પિતાની લાજ રાખી આપો. ॥૪૫॥ **આનંદાનંદ સ્વામી કહે છે :** શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુ તે ભક્તોનાં વચનોની પ્રાર્થના સાંભળીને તે ભક્તોના હિતનું કાર્ય કરવા માટે શ્રીહરિ તે ભક્તોના મનોરથોની હંમેશા ખબર રાખે છે, તેથી તેમને અનુમોદન આપ્યું. ॥૪૬॥ અમો આવીએ છીએ, તમો ઘેર જઈને તૈયારીઓ કરો તેથી તે ભક્તો પોતાના ગામ ગયા. ઉત્સુકતાપૂર્વક સામગ્રી ભેગી કરવા લાગ્યા. શ્રીહરિના આશ્રિતો આવનારા સંઘ માટે ઘી, ગોળ, અનાજ, સાકર આદિ વસ્તુઓ લાવી રાખી. ॥૪૭॥ શ્રીહરિ મહાપ્રભુ સર્વે સેવકોની સાથે સુંદરીયાણા ગામે પધાર્યા. તે દિવસથી હિમરાજ શાહના પુત્રો સ્વામિનારાયણ ભગવાન આપણું સારું કરનારા એક જ સાચા છે. ॥૪૮॥ હે વિપ્ર ! ત્યારે હિમરાજ શાહના પુત્રોએ સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે એ પ્રમાણે સાંભળીને તેઓ તેમનું સામૈયું કરી ખૂબ જ સ્વાગત કર્યું. તેમના ઉતારા, પાણીની સગવડ કરીને તેમને વિશ્રાંતિ માટે તથા મુનિઓને ત્યાં જ ઉતારો કરાવ્યો. ॥૪૯॥ સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે એ પ્રમાણેનગરના બીજા જનો સાંભળીને શ્રી નારાયણ ભગવાનનાં દર્શન કરવા માટે આવવા લાગ્યા. ॥૫૦॥ શ્રીહરિ મહાપ્રભુએ એમને ભક્તિ ઉપદેશ આપીને તૃપ્ત કર્યા અને સાથે આવેલા સંત સત્સંગીગણને લાડુ આદિ પકવાનો જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી ત્યાં રોકાયા, તે સમયમાં વસંતપંચમીનો શુભ દિવસ આવ્યો. ॥૫૧॥ ત્યારે શ્રીહરિ સહજાનંદ પ્રભુ કેશર-ગુલાલ આદિ રંગો વડે સર્વે ભક્ત સમુદાયને રંગ નાખીને ખૂબ જ રંગ રમાડવા લાગ્યા. ॥૫૨॥ ત્યાર પછી સરોવરમાં સર્વે જનોની સાથે સ્નાન કરીને આવ્યા. શ્રીહરિ થાળ આરોગીને સર્વભક્ત સંતજનોને કેડ બાંધીને જલેબી આદિ



પકવાનો ખૂબ જ ભાવથી પીરસીને જમાડ્યાં. ॥૫૩॥ એવી રીતે ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુએ સર્વે ભક્તોને ઘણા પ્રકારના ભોજનો જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર બાદ હાથપગ ધોઈને ઊંચા મંચ ઉપર વિરાજમાન થયા અને સંતો શ્રીહરિની સ્તુતિ પ્રાર્થનાનાં પદો ગાવા લાગ્યા. ॥૫૪॥ ત્યાર પછી તે વનાશા આદિક હરિભક્તો તેમના ભાઈઓ ભેગા મળીને શ્રીહરિનું વસ્ત્ર આભૂષણોથી કુમકુમ-ચંદન-પુષ્પથી પૂજન-અર્ચન કરીને સંતોને પણ કુમકુમ આદિથી પૂજન કરીને તેમનું સન્માન કર્યું. ॥૫૫॥ ત્યાર પછી તે વણીક ભક્તો ઉપર પ્રસન્ન થઈને ઉપદેશ આપીને અનંત પ્રકારના સુખો આપીને તેમનામાં રહેલી અજ્ઞાનરૂપ અવિદ્યાનો નાશ કરીને શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ તેઓને પોતાનો અમૂલ્ય પ્રસાદ આપીને શ્રીહરિ સંતોની સાથે સર્વ પાર્ષદોથી વિંટાયા થકા અશ્વ ઉપર વિરાજમાન થઈને ગઢપુર પધાર્યા. ॥૫૬॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ સુંદરીયાણા નગરમાં લીલાચરિત્ર કરીને ગઢપુર પધાર્યા એ નામે ચોરાણુંમો અધ્યાય થયો. ॥૯૪॥**

## ॥ અધ્યાય - ૯૫ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! ભૂભૃત નામના મહાન મહર્ષિ આનંદાનંદ સ્વામીનાં મુખ થકી શ્રીહરિનાં ચરિત્રો સાંભળીને પોતાના ઘેર ગયા ત્યાર પછી થોડા સમયમાં જ શ્રીહરિનું ભજન કરીને અક્ષરધામમાં ગયા. તેમનું કલ્યાણ થઈ ગયું. ॥૧॥ **રાજા પૂછે છે :** હે સ્વામી ! શ્રીહરિ મહાપ્રભુએ એવાં બીજાં શું શું ચરિત્રો કર્યાં ? તે સર્વે ચરિત્રો પાપને નાશ કરનારાં હોવાથી તે વિસ્તારથી મને સંભળાવવા કૃપા

કરો. ॥૨॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિનારાયણ ભગવાને સદાય સુખ આપનારાં જે ચરિત્રો કર્યાં તે અમદાવાદમાં અમૃત સમાન અદ્‌ભુત ચરિત્રો કરીને ત્યાંના જનોને અક્ષરધામનું સુખ પામવાનો માર્ગ બતાવ્યો તે ચરિત્ર તમને કહું છું ॥૩॥ જ્યારે ફાગણ મહિનો આવવાનો થયો ત્યારે તે ફાગણ માસની પૂનમના રોજ ઉત્સવ કરવાની ઈચ્છાથી શ્રીહરિ મહાપ્રભુએ અમદાવાદ જવા માટે સંકલ્પ કરીને પોતાના ભક્તજનોને તૈયારી કરવાનો આદેશ આપ્યો. ॥૪॥ ત્યાર પછી નિર્ણય નક્કી કરીને ધર્માત્મજ શ્રીહરિ ઊંચા ઘોડા ઉપર બિરાજીને સંતોવર્ણીઓની સાથે તથા ગૃહસ્થ ભક્તો પણ સાથે ચાલવા લાગ્યા. ॥૫॥ ત્યારે માર્ગમાં સાળંગપુર આવ્યું ત્યાં શ્રીહરિ મહાપ્રભુ પધાર્યા ત્યારે ત્યાંના રાજા જીવાખાચરે શ્રીહરિનું ખૂબ જ સન્માન કર્યું. ॥૬॥ તે જીવાખાચર દ્વારા પૂજાયેલા શ્રીહરિનું અન્ન-ધન-વસ્ત્રો આદિથી સન્માન કર્યું. તેને ગ્રહણ કરીને શ્રીહરિ મહાપ્રભુ વઢવાણપુર પ્રત્યે પ્રયાણ કરીને પધાર્યા. ॥૭॥ હે રાજન ! ત્યાં સંઘનું ભોજન-પાણીની સગવડતા કરીને ત્યાંનાં ભક્તજનોએ સરભરા કરી શ્રીહરિની પ્રેમપૂર્વક પૂજા કરી રાજી થયા. ત્યાંથી શ્રીહરિ નારાયણ પ્રભુ ચાલતા થયા ને લખતર નામના નગરે પધાર્યા. ॥૮॥ ત્યાં દાજીભાઈ નામના મુખ્ય ભક્તે ખૂબ જ ભાવપૂર્વક વાજિંત્રોના નાદ સાથે શ્રીહરિની સામા જઈને તેમનું પૂજન કરી શ્રીહરિને પોતાના ઘેર તેડી લાવ્યા. ॥૯॥ ઘેર લાવીને સર્વ સંત-પાર્ષદોની સાથે શ્રીહરિ મહાપ્રભુને ભોજન કરાવીને સર્વ સંત ભક્ત સમુદાયને જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી ખૂબ જ ભક્તિભાવથી કુમકુમ, ચંદન, ચોખા વડે શ્રીહરિનું પૂજન કરીને રાજી થયા. ॥૧૦॥ હે રાજન્ ! ત્યાંથી ચાલીને શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ સંતોની સાથે, પદાતિઓની સાથે લીલાપુર નામના ગામે પધાર્યા. ત્યાં શિવરામના પિતા લાલજી ભક્તે પ્રેમપૂર્વકના ભાવથી અર્ચન-પૂજન કરીને આદર કર્યો. ॥૧૧॥ ત્યાર પછી સર્વે સંત



પાર્ષદોની સાથે શ્રીહરિ મહાપ્રભુ સંત પાર્ષદોથી વિંટાયા થકા શિવરામ વિપ્રના ઘેર આવીને ઉતારા કર્યા. ॥૧૨॥ તે પોતાના પુત્રની સાથે પ્રેમભક્તિભાવથી શ્રીહરિ મહાપ્રભુની સેવા કરી અને ભોજન કરાવીને તેમણે શ્રીહરિનું અન્ન, ધન, વસ્ત્ર, આભૂષણોથી ચોખા, ચંદન, કુમકુમથી પૂજન કર્યું. ॥૧૩॥ તેની સેવાને ગ્રહણ કરીને શ્રીહરિ મહાપ્રભુ લતીપુર પધાર્યા. ત્યાં જેઠાભાઈ, અક્ષયભાઈ આદિ પોતાના ભક્તજનોએ આગ્રહ કરવાથી ત્યાં રોકાણ કરતા હતા. ॥૧૪॥ ત્યાં રોકાઈને ભોજન જમીને ચાલતા થયા અને શ્રીહરિ મહાપ્રભુ સંત-પાર્ષદોની સાથે દેવળિયા (દેવાલયપુર) પધાર્યા. ત્યાંથી શ્રીહરિપ્રભુ રજોડા (રજક) ગામમાં મહાપ્રભુ રાત રોકાણા. ત્યાં આખી રાત સંતોની સાથે કીર્તનો ગવરાવીને સવારમાં વહેલા ત્યાંથી ચાલ્યા. ॥૧૫॥ ત્યાંથી શ્રીહરિ મહાપ્રભુ ગાંફ નામના ગામે પહોંચ્યા. ત્યાંથી સામાન્યપુર પધાર્યા. ત્યાંથી શ્રીહરિ સ્વામિનારાયણ પ્રભુ સંતોની સાથે ધોળકાપુર પ્રત્યે પધાર્યા. ॥૧૬॥ તે ધોળકાનગરની નજીકમાં મોટું સરોવર શોભા આપતું હતું. તે સરોવર અનેક જાતજાતનાં વૃક્ષોથી શોભાયમાન હતું તથા તેના કિનારે અનેક દેવમંદિરો શોભી રહ્યાં હતાં. ॥૧૭॥ શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાનના આવવાના સમાચાર સાંભળીને ત્યાંના બ્રાહ્મણ વર્ણના હરિભક્તો ભગવાનના સન્માન માટે હાથમાં પૂજાનાં પાત્રોને લઈને જલદીથી શ્રીહરિ સન્મુખ આવવા લાગ્યા. ॥૧૮॥ તેમાં રેવાશંકર નામના તથા મહાશંકર, મૂળજી તથા લક્ષ્મીરામ તથા બીજા કેટલાક ભક્તો શ્રીહરિ સન્મુખ આવ્યા. ॥૧૯॥ આવીને શ્રીહરિને જોઈને તેમણે ભક્તિભાવપૂર્વક આનંદિત મનવાળા થઈને પ્રણામ કર્યા. ત્યાર પછી તેમણે શ્રીહરિની અનેક પ્રકારની પૂજાસામગ્રીથી પૂજન કરીને ભેટસામગ્રી અર્પણ કર્યાં. ॥૨૦॥ તે ભક્તોએ પ્રેમપૂર્વક શ્રીહરિનું પૂજન કરીને અનેક પ્રકારના વાજિંત્રોનો ઉદ્‌ઘોષ કરીને નાગનાથ મહાદેવના મંદિરમાં લઈ ગયા. ત્યાં

ઉતારા કર્યા. ॥૨૧॥ તે મંદિરમાં ચારે બાજુ નજર ફેરવીને તે મંદિરમાં વેદિકા બનાવેલ તેની ઉપર શ્રીહરિ મહાપ્રભુ પાતળાં શ્વેત વસ્ત્રો ધારણ કરીને વિરાજમાના થયા. ॥૨૨॥ હે રાજન્ ! ત્યાર પછી તેમની ફરતા પોતાના પ્રિય સંતો બેઠા તથા તેમની પછી સર્વ પાર્ષદો બેઠા તથા તેમની પાછળ નગરના સર્વે સત્સંગીઓ શ્રીહરિની સન્મુખ બેઠા. ॥૨૩॥ તે ભક્તજનોની આગળ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુએ માહાત્મ્ય જ્ઞાન સહિત ભક્તિની વાર્તા કરીને તે ભક્તોના કલ્યાણ હેતુથી ખૂબ જ માર્મિક ઉપદેશ આપ્યો તે સાંભળીને જનો સર્વે શ્રીહરિનો સાચો ભગવાનનો નિશ્ચય કરતા હતા. ॥૨૪॥ ત્યાર પછી તેઓ હાથ જોડીને શ્રીહરિ મહાપ્રભુને પ્રાર્થનાપૂર્વક કહેવા લાગ્યા. હે મહારાજ ! અમને બધાને આપ ઉત્તમ પ્રકારની આપના સ્વરૂપની ભક્તિ થાય એવું બળ આપો. ॥૨૫॥ આ પ્રમાણે તે ભક્તજનોની પ્રાર્થના સાંભળીને નિખાલસ વચનોવાળા તે ભક્તો ઉપર રાજી થઈને કૃપાદૃષ્ટિથી તે ભક્તો માટે હાથમાં પાણી લઈને તે ભક્તજનો ઉપર પવિત્ર પાણીનો છંટકાવ કર્યો. ॥૨૬॥ આવી રીતે જળ છાંટીને તેઓનું કલ્યાણનું કાર્ય કરીને ત્યાં ભોજન તૈયાર થયાં એટલે આરોગીને તૃપ્ત થઈને ત્યાં જ રાત્રિશયન કરવા માટે સુંદર બનાવેલી શય્યામાં પોતાના ભક્તજનોથી પરિચર્યા કરાતા પ્રભુ શયન કરી ગયા. ॥૨૭॥ ત્યાર પછી સવારમાં વહેલા ઊઠીને મહાપ્રભુ પરવારીને ત્યાંથી સંત-પાર્ષદોની સાથે સાબરમતી નદીને પાર ઊતરીને સામે કાંઠે પાલડી નામના ગામે પધાર્યા. ॥૨૮॥ ત્યાં પોતાના ભક્તો ફર્વર, છાલુ, માલુ આદિજનોએ પોતાના ઘેર શ્રીહરિને બેસાડીને શ્રીહરિ મહાપ્રભુનું પૂજન કરીને ભોજન બનાવડાવીને જમાડ્યાં. ત્યાર પછી ત્યાંથી મહાપ્રભુ બીજે જવા માટે નીકળ્યા. ॥૨૯॥ હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી પાલડીથી ચાલી કમોડ નામના ગામની નજીકમાં મોટા વડના ઝાડ નીચે ઘાટી છાંયામાં ઠંડક લેવા માટે શ્રીહરિ પ્રભુ ઘોડા



ઉપરથી નીચે ઉતરીને વિશ્રામ લેવા રોકાયા. ॥૩૦॥ તેનાથી આગળ રહેલા જૂના થયેલા આકૃતિવાળા તે મોટા વડના ઝાડ નીચે મુનિજનોએ ઉતારો કર્યો. તે વડ પણ ખૂબ જ ફેલાયેલો હતો. તેની છાયા ખૂબ જ ઘાટી હતી. ॥૩૧॥ શ્રી હરિ મહાપ્રભુ નદીના જળમાં સ્નાન કરીને સંતોના સ્વામી શ્રીહરિએ ખીચડી જમીને પદાતિઓને આગળ ચાલતા કરીને શ્રીહરિ અશ્વ ઉપર વિરાજમાન થઈને ચાલતા થયા. ॥૩૨॥ હે રાજન ! આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ ફરતા થકા મુનિઓ દાદાખાચર આદિ ભક્તો પાર્ષદોની સાથે ગામોગામ ફરતા થકા જાતજાતનાં અનેક મકાનોથી શોભાયમાન એવા અમદાવાદ નગરે પધાર્યા. ॥૩૩॥ શ્રીહરિ પધારવાના સમાચાર સાંભળીને નગરના ભક્તજનો આનંદવિભોર બનીને જાતજાતનાં વાજિંત્રો લઈને તથા પૂજાસામગ્રી હાથમાં લઈને ઉતાવળા ઉતાવળા શ્રીહરિ પાસે આવવા લાગ્યા. ॥૩૪॥ તે સમયે સ્ત્રીઓ અતિશય આનંદમાં આવી જઈને ઊંચે સ્વરે મંગળ ગીતોને ગાતી થકી મસ્તક ઉપર જળ ભરેલા ઘડા લઈને શ્રીહરિ પાસે જઈને ઊભી રહી. ॥૩૫॥ આવી રીતે સર્વે ભક્તો શ્રીહરિ પાસે આવીને દર્શન કરીને અતિશય આનંદઘેલા બની ગયા અને લાવેલ પૂજાસામગ્રીથી પૂજન કરીને શ્રીહરિને મસ્તક નમાવીને વંદન કરતાં હતાં. ॥૩૬॥ ત્યાર પછી વાજિંત્રો વગાડીને ઊંચા બ્રહ્મઘોષને કરતા થકા શ્રીહરિના ગુણોને ગાતા ગાતા ઊંચે ઊંચે ત્રણ શિખરો દેખાવા લાગ્યાં એવા તે પોતાના મંદિરને જોયું. ॥૩૭॥ હે રાજન્ ! શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુએ ત્યાં આવીને શ્રી નરનારાયણ દેવનાં દર્શન કર્યાં ત્યાર પછી બીજા દેવોનાં પણ સારી રીતે નીરખીને દર્શન કર્યાં ॥૩૮॥ ત્યાર પછી શ્રીહરિ નારાયણ મુનિ ભગવાન શંભુ ભક્તના ઘેર અનેક પ્રકારના પકવાનોના થાળ આરોગીને પોતે તૃપ્ત થયા. ત્યાર પછી પોતાના સંતો-ભક્તોને કંસાર આદિ પદાર્થો પીરસીને જમાડ્યા. ॥૩૯॥ ત્યાર પછી પોતાના નિવાસસ્થાને મંદિરમાં આવીને લીમડા નીચે બનાવેલ

વેદી ઉપર વિરાજમાન થયા ત્યારે સંતોના સ્વામી શ્રીહરિને વસ્ત્રો-આભૂષણો અર્પણ કરીને પૂજન કર્યું. ॥૪૦॥ તથા ત્યાં આવેલ બધા હજારો હરિભક્તો અનેક પ્રકારના ફૂલોના હાર, ચંદન, કુમકુમ, ચોખા આદિ વડે શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુનું પૂજન કરીને તેમને વસ્ત્રો આભૂષણો અર્પણ કર્યાં. ॥૪૧॥ તે સમયે ગુલાબનાં ફૂલોના હારનો ગળામાં ખૂબ જ વધારો થવાથી તે હારો પોતાના સેવકોને પોતાના કંઠમાંથી ઉતારીને આપવા લાગ્યા. ॥૪૨॥ ગુલાબના ફૂલોના હાર તથા બીજા હાર ધારણ કરીને તથા મસ્તક ઉપર તોરા ધારેલા, હાથમાં ગુલાબના કંકણો ધારણ કરીને સુગંધયુક્ત વાતાવરણ કરતા તથા સત્સંગીજનોના ભૂષણરૂપ શ્રીહરિ ખૂબ જ શોભાયમાન લાગતા હતા. ॥૪૩॥ ત્યારે હરિઈચ્છાએ ત્યાં રમવાની ઈચ્છાવાળા નટોનું ટોળું આવ્યું. તેઓ શ્રીહરિકૃષ્ણ પ્રભુને નમસ્કાર કરીને તેમની આગળ અનેક પ્રકારની કળાઓ કરીને રમતા હતા. ॥૪૪॥ હે વિપ્ર ! ત્યારે તે નટોએ ઊંચા થાંભલા રોપીને તેની ઉપર દોરડું બાંધીને પૃથ્વી ઉપર વાજિંત્રો વાગવા લાગ્યાં. નટનટીઓ સાત ઘડા માથા ઉપર લઈને દોરડા ઉપર ચાલે તથા હથિયારો બાંધીને યુદ્ધ કરવા જાય તથા શ્રીહરિ ધર્મનંદન પ્રભુને જોતે થકે એક સ્થંભ ઉપર ચડી ગયો. એક થાંભલા ઉપર દોરડું બાંધેલ તેની ઉપર મોંમાં તલવાર લઈને ચાલતો થકો બીજા હાથમાં તલવારથી રમત કરતો જાતજાતના ચેનચાળા કરતો હતો. તે રીતની તેમની કળા એકાગ્રતા જોઈને શ્રી નારાયણ મુનિ ભગવાન રાજી થઈ ગયા. ॥૪૫, ૪૬, ૪૭॥ ત્યાર પછી તે નટોને ઘણા લાડુ આપ્યા તથા રૂપિયાના સિક્કા પણ આપ્યા. ત્યાર પછી તે નટમંડળી શ્રીહરિ મહાપ્રભુને નમન કરીને ચાલી ગઈ. ત્યાર પછી સર્વ ભક્તોને શ્રી નારાયણ ભગવાન આ પ્રમાણે કહેવા લાગ્યા. ॥૪૮॥ તમો સર્વે સાંભળો. તે સર્વે નટો જીવો છે અને થાંભલા છે તે ભગવાનનું સ્વરૂપ છે. તેમાં એકાગ્રતા કરીને ચિત્તવૃત્તિની એકાગ્રતા યોગની ક્રિયાની માફક કરીને કાર્ય



કરતા હતા. ॥૪૯॥ નટોના જેવી એકાગ્રતા દૃષ્ટિની દોરડાની માફક લાંબી ટૂંકી એકાગ્રતા જાણવી. તેઓ જો એકાગ્રતા ચૂકી જાય તો તરત જ પૃથ્વી ઉપર પડી જાય એમાં કોઈ સંશય કરવા જેવું છે જ નહીં. ॥૫૦॥ એવી રીતે શ્રીહરિ પ્રભુએ સાધુઓને ઉપદેશ વાક્યો કહીને ભગવાનના સ્વરૂપમાં એકાગ્રતા કરવાનો ઉપદેશ આપ્યો અને ગંગાબાએ સાંજનું ભોજન તૈયાર કર્યું તેને આરોગીને પોતાના નિવાસસ્થાને પધારીને સુખશય્યામાં શયન કર્યું. ॥૫૧॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિએ અમદાવાદ નગરમાં લીલાચરિત્ર કર્યાં એ નામે પંચાણુંમો અધ્યાય થયો. ॥૯૫॥**

## ॥ અધ્યાય - ૯૬ ॥

**રાજા પૂછે છે :** હે સ્વામી ! ત્યાં અમદાવાદ નગરમાં શ્રીહરિએ અમૃત સમાન બીજાં કયાં ચરિત્રો કર્યાં ? તે ચરિત્રો સાંભળવાથી જેમ સારું ભોજન ખાવાથી સ્વાદ લાગે તેમ ભગવાનનાં ચરિત્રો સાંભળવાથી ખૂબ જ અમૃતનો સ્વાદ આવે છે. ॥૧॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! ત્યાર પછી બીજા દિવસે સવારે વહેલા ઊઠીને ત્યાં સ્નાનાદિક નિત્યકર્મ પરવારીને ત્યાં સુંદર બનાવેલા આસન ઉપર વિરાજમાન થયા. ॥૨॥ તે દિવસે શ્રીહરિ સંતોને માટે નાથભક્તે સુંદર ભોજન તૈયાર કરાવ્યું. તેમાંથી દૂધપાક પૂરી આદિના ભોજનો શ્રીહરિ આરોગીને તૃપ્ત થયા. ॥૩॥ ત્યાર પછી પોતાના સંતગણ તથા પાર્ષદ ભક્તજનોને પીરસીને ખૂબ જમાડીને

તૃપ્ત કર્યા. ત્યાર પછી નરનારાયણ ભગવાન પાસેની વેદિકા ઉપર વિરાજમાન થયા. ॥૪॥ શ્રીહરિ મહાપ્રભુએ પોતાની આગળ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો, ગૃહસ્થ ભક્તજનોની મોટી સભા ભરાઈને બેઠેલી જોઈ. શ્રીહરિએ રંગની ભરેલી પિચકારી મંગાવીને તે ભક્તો ઉપર રંગ નાંખવા લાગ્યા. ॥૫॥ તે ફૂલછોડના ઉત્સવમાં દર્શન કરવાની ઈચ્છાથી આવેલ સત્સંગીઓના સમૂહને જોઈને તેમની ઉપર રંગનો વરસાદ થયો. ॥૬॥ શ્રીહરિએ નાખેલા રંગ વડે બધી દિશાઓ ખૂબ જ દીપવા લાગી. તેથી બ્રહ્મચારી, સાધુ પાર્ષદો, ભક્તજનો, સ્ત્રીભક્તો તથા ગૃહસ્થભક્તો સર્વે ॥૭॥ રંગ રમવાથી રંગભીનાં વસ્ત્રોવાળા સર્વેજનોનો મોટો સમુદાય થયો. તેમજ શ્રીહરિ મહાપ્રભુ પણ રંગ રમવાથી રંગભીના વસ્ત્રવાળા શોભવા લાગ્યા. ॥૮॥ ત્યારે આનંદાનંદ સ્વામીએ રંગનું પાત્ર લાવીને શ્રીહરિને આપ્યું તેથી તે શ્રીહરિએ રંગ સર્વ સંતો ઉપર નાખીને આનંદિત કર્યા. ॥૯॥ ત્યાર પછી ગુલાલના ખોબા ભરી ભરીને સંતો ઉપર નાખીને હસવા લાગ્યા. ગુલાલ ઉડાવવાથી ને પવન ભેળો ભળવાથી આકાશમાં પણ લાલ વાતાવરણ થવા લાગ્યું. ॥૧૦॥ તે રંગભીના શ્રીહરિનાં લીલાચરિત્રો જોઈને સૂર્યનારાયણ, બ્રહ્મા, શંકર, ઈંદ્રાદિ દેવો પણ આશ્ચર્ય પામી ગયા. તે જોવા માટે વિમાન લઈને ત્યાં આવ્યા. ચરિત્ર જોઈને સર્વે દેવો આશ્ચર્યથી પોતાનાં નેત્રથી જોઈને એક જ દૃષ્ટિના ફળને મેળવતા હતા. ॥૧૧॥ આવી રીતે પોતાના ભક્ત, સંતો તથા સેવકોની સાથે રંગની રમતને રમતા જોઈને આનંદ પામીને ઉત્સાહથી દુદુંભિના નાદ કરીને તેઓ શ્રીહરિ ઉપર ફૂલોનો વરસાદ કરવા લાગ્યા. ॥૧૨॥ શ્રીહરિકૃષ્ણ પ્રભુનું આવું રંગભીનું સ્વરૂપ જોઈને મોહ પામેલા દેવો તથા ભગવાનના હાસ્યયુક્ત અદ્‌ભુત રૂપને જોઈને કમળલોચન જોઈને દેવતાઓની સ્ત્રીઓ આનંદ પામીને નૃત્ય કરવા લાગી. ॥૧૩॥ હે વિપ્ર ! તે સમયે અહીં પૃથ્વી ઉપર મુખ્ય મુનિજનો ભગવાનની આગળ મૃદંગના તાલની સાથે વાજિંત્રો



વગાડીને હરિનાં ચરિત્રોનાં પદોને ઊંચે સ્વરે નવાં બનાવીને ગાવા લાગ્યા. ॥૧૪॥ હે રાજન્ ! મુક્તાનંદ સ્વામીને, અક્ષરાનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામીને હું બ્રહ્માનંદ, નિત્યાનંદ આદિ સંતો તથા ગોપાળાનંદ સ્વામી તથા મહાનુભાવાનંદ સ્વામી, સર્વજ્ઞાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી તથા જ્ઞાનાનંદ, ઉત્તમાનંદ સ્વામી, બદ્રીનાથ, ભૂમાનંદ, વાસુદેવાનંદ વર્ણી. ॥૧૫-૧૬॥ સર્વે રંગ ભરેલાં પાત્રો લાવીને બધાં એક સાથે આવ્યા ને તે રંગપાત્રો શ્રીહરિ પ્રભુ ઉપર એક સાથે રેડીને, રંગમય કરીને, મુખ ઉપર રંગનો લેપ કરીને રંગભીના કરી નાખ્યા. ॥૧૭॥ ત્યાર પછી શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપજી પણ પણવાનક વગાડીને ગાતા હતા ત્યારે જ તેમની ઉપર રંગ નાખીને મુખ ઉપર રંગનો લેપ કરીને રંગમય બનાવી દીધા. ॥૧૮॥ ત્યાર પછી ઉત્તમ આદિ શ્રીહરિના સેવકો અકળાઈને રંગાયેલા શરીરવાળા તેઓ એકસાથે રંગ લઈને સંતો ઉપર રંગનો વરસાદ વરસાવીને તેમને રંગભીના કરી નાખ્યા. ॥૧૯॥ નિર્ગુણ એવા નારાયણમુનિ ભગવાન પણ તથા સર્વના કારણના કારણ પોતે રંગ ભરેલાં પાત્રો લઈને સંતો ઉપર રેડવા જ લાગ્યા અને રંગમય લીલા કરવા લાગ્યા. ॥૨૦॥ અક્ષરધામાધિપતિ, સાક્ષાત્પુરુષોત્તમ, અનંત કોટી બ્રહ્માંડના કારણ, અક્રિયમાણ હોવા છતાં ક્રિયમાણ રૂપે શેષજી હરિના ગુણને ગાયા કરે છે. ॥૨૧॥ એવા તે શ્રીહરિ સંતજનોએ રંગ નાખવાથી રંગભીના કરી બંધનવાળા શ્રીહરિ, રંગભીનાં વસ્ત્રોથી કરોડો સૂર્યના પ્રકાશને ઝાંખો પાડનારા શ્રીહરિ, ભક્તજનની દૃષ્ટિમાં અતિસુખદાયક થાય છે. ॥૨૨॥ સર્વના આત્મા એવા શ્રીહરિ રંગલીલા કરીને, સર્વજનોને સંતોષ આપીને રંગભીના શ્રીહરિ નરનારાયણ ભગવાનનાં મંદિરમાં પધાર્યા. ॥૨૩॥ ત્યારે શ્રીહરિ નરનારાયણ ભગવાનના મંદિરમાં જતાં રંગભીના ચાર સ્વરૂપે ચાર ધમાસણાના ભક્તરાજ કસીભાઈને દર્શન થવા લાગ્યાં. શ્રીહરિ ચાર રૂપમાં દેખાવા લાગ્યા. ॥૨૪॥ ત્યારે તે ભક્ત

શ્રીહરિને બળપૂર્વક પકડીને કહેવા લાગ્યા : હે મહાપ્રભુ ! આપ ક્યાં પધારો છો ? હે મહારાજ ! મને પણ રંગ નાખીને પલાળી દો, ત્યાર પછી આપ જાઓ. ત્યારે શ્રીહરિ મહાપ્રભુએ તેમની ઉપર રંગ નાખી પછી શ્રીહરિ મંદિરમાં પધાર્યા. ॥૨૫॥ ત્યાં પોતાના ભક્તજનોને જોઈને ઉત્સવ કરવામાં રોકાયેલા તે ભક્તોની ઉપર પ્રસન્ન થઈને રંગ મંગાવીને તેમની ઉપર રંગ નાખીને રાજી કર્યા. ॥૨૬॥ તે સર્વેને ગુલાલ નાંખીને લાલ લાલ લેપ કરીને નારાયણ, કેવળ, હીરાદાસ આદિને રંગમય કરી નાખીને આનંદ ઉપજાવ્યો. ॥૨૭॥ આવી રીતે રંગક્રીડા કરીને શ્રીહરિએ સર્વના મનોરથો પૂર્ણ કર્યા, ત્યાર પછી ત્રણે મંદિરોમાં ભગવાનની મૂર્તિઓનાં દર્શન શ્રીહરિએ કર્યાં. ॥૨૮॥ અતિશય પ્રસન્ન મનવાળા, રંગ રમવાથી અતિશય રંગભીના વસ્ત્રવાળા શ્રીહરિ મહાપ્રભુ માણકી ઘોડી ઉપર સવાર થઈને અનેક ઘોડેસવારોથી વીંટાયા થકા જયજયના નાદને ગજાવતા થકા ॥૨૯॥ રંગભીના વસ્ત્રોવાળા પ્રિય, ભક્તજનો, સંતો, બ્રહ્મચારીઓ, ગૃહસ્થ ભક્તોની સાથે મહાપ્રભુ જાતજાતના વાજિંત્રોના તાલ-સૂર સાથે કીર્તનોના ગાન કરતા જવા લાગ્યા. ॥૩૦॥ નારાયણઘાટે સ્નાન કરવા માટે જલદીથી જવા લાગ્યા ત્યારે જયાનંદ વર્ણી ચામર લઈને ઢોળવા લાગ્યા. ॥૩૧॥ તેમની આગળ સોનાની છડી લઈને કુબેરદાસ ભક્ત જતા હતા અને શ્રી હરિના જયના નાદ કરી છડી પોકારતા થકા ચાલતા હતા. ॥૩૨॥ શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુ ઉપર ભગુજી ભક્તે છત્ર ધરીને છાયા કરી રાખી હતી. તે સમયે મુકુંદ બ્રહ્મચારી ચામર લઈને સાથે ચાલતા હતા. ॥૩૩॥ આવી રીતની શોભાવાળા શ્રીહરિ મહાપ્રભુના અમદાવાદના નિવાસિજનો દર્શન કરતાં હતાં. સર્વેજનો આશ્ચર્યચકિત થઈને આનંદ પામવા લાગ્યાં. ॥૩૪॥ ચારે બાજુ ચાલનારા ભક્તો શ્રીહરિનાં ચરિત્રોનાં કિર્તનો બોલતા ચાલતા હતા. તેમની સાથે સ્ત્રીપુરુષો બીજા ભક્તોની સાથે શ્રીહરિ પણ ગાતા હતા. ॥૩૫॥ આવી



રીતે ગાતાગાતા નારાયણઘાટે પહોંચ્યા. તે સાબરમતીના તટને જોઈને તથા ગંગાજળથી પલળેલી રેતીવાળા વિશાળ નદીના પટને જોઈને ખૂબ શાંતિ મેળવતા હતા. ॥૩૬॥ ત્યાર પછી શ્રીહરિ ઘોડા ઉપરથી નીચે ઊતરીને રંગભીના વસ્ત્રોવાળા શ્રીહરિ ભક્તોની સાથે કૃપા નેત્રવાળા દયાળુ નહાવાની ઈચ્છાવાળા સર્વજનોની સાથે નિર્મળ જળવાળી સાબરમતી નદી તરફ ગયા. ॥૩૭॥ નદીના જળમાં પ્રવેશ કર્યો એટલે નદીએ પોતાના હાથરૂપી તરંગોથી સ્પર્શ કરીને કંજ નેત્રોથી શ્રીહરિને રંગભીના વસ્ત્રો તથા શરીરને જોઈને નારાયણ ભગવાનના ચરણનો સ્પર્શ કરવા લાગી. ॥૩૮॥ ધર્માત્મજ શ્રીહરિની તરવાની ક્રિયાથી તથા પોતાના ભક્તજનોના રંગવાળા વસ્ત્રોથી તે નદીનું જળ તત્કાળ જ નીલવર્ણમાંથી લાલવર્ણવાળું થઈને વહેવા માંડ્યું. ॥૩૯॥ તે નદીના જળમાં શ્રીહરિના પોતાના ભક્તોની સાથે જળક્રીડાનાં દર્શન કરવા માટે આવેલા દેવતાઓને આનંદ આપવા માટે જળલીલા કરતા શ્રીહરિનાં દર્શન કરીને દેવતાઓ પોતાના વિમાનોમાં આનંદ મેળવવા લાગ્યા. ॥૪૦॥ ત્યારે તે દેવતાઓ શ્રીહરિ ધર્મનંદનનાં દર્શન કરીને તે દેવતાઓનાં જૂથો દેવવનમાં ઊભા રહીને સુગંધવાળાં દેવપુષ્પોનો વરસાદ કરવા લાગ્યાં. મનુષ્ય સ્વરૂપ ભગવાનને પ્રસન્ન કરવા લાગ્યાં. ॥૪૧॥ શ્રીહરિ જળક્રીડા કરતા હતા ત્યારે ત્યાં ગંગાજી મૂર્તિમાન આવ્યાં. શ્રીહરિને પોતાનામાં પ્રવેશેલા જોઈને મહાભાગ્ય માનવા લાગ્યાં અને શ્રીહરિને માનપૂર્વક હાથ જોડીને પ્રાર્થના-સ્તુતિ કરીને અનંત મૂર્તિ મહાપ્રભુને રાજી કરવા લાગ્યાં. ॥૪૨॥

**ગંગાજી પ્રાર્થના કરે છે** : હે પ્રભુ ! આપનો મારે વિશે પ્રવેશ કરીને આપે સ્નાન કર્યું એ મારું મહાભાગ્ય છે. આપના સંબંધનું સુખ અમાપ છે. આપનાં જેને દર્શન થાય છે તેને સર્વત્ર સુખ પ્રાપ્ત થાય છે; એટલા માટે હે પ્રભુ ! પોતાના સંબંધીઓમાંથી મન પાછું વાળીને આપના સ્વરૂપમાં વૃત્તિ જોડાયેલી રહે તથા આપના ચરિત્રોના દર્શન શ્રવણ થાય એવું તથા આપના

ભક્તના સહવાસમાં રહીને તમારા સ્વરૂપની ભક્તિ થાય એવી મારી ઉપર કૃપા કરો. ।।૪૩।। હે હરિ ! તમારા સ્વરૂપની અકળ ગતિને સામાન્ય જીવો નથી જાણી શકતા. આપના મહિમાને જાણનારા ઓળખી શકે છે અને તે સાચા સુખને પામે છે ! બ્રહ્મા, ઇન્દ્ર, શંકર તથા શેષશારદા - આ સર્વે આપના ગુણોને હંમેશાં ગાય છે, છતાં પાર પામી શકતાં નથી, તો સામાન્ય જીવ મહિમા સિવાય કેવી રીતે ઓળખી શકે ? ।।૪૪।। હે પ્રભુ ! પરબ્રહ્મ સ્વરૂપને મેળવવા માટે એક જ સ્વરૂપનો આશ્રય રાખીને ભક્તિ કરવાથી પ્રાપ્ત થાય છે. સ્વસ્વરૂપની એકાત્મતા જ અક્ષરધામને પ્રાપ્ત કરાવે છે. જે નિગમ ધામના મહિમાને પરમાત્મામાં સ્થિતિવાળા અને એકાગ્રવૃત્તિથી આપના ચરણકમળની પૂજા કરીને તેને વિશે વૃત્તિ જોડી રાખનારા મુક્ત પુરુષો જ અનુભવે છે એવી મારી સ્થિતિ થાય એ પ્રાર્થના છે. ।।૪૫।। હે પ્રભુ ! આ અપાર સંસારમાં અનેક ભવરોગો થાય છે. તે ભવરોગોથી બચવાનો ઉપાય સત્પુરુષનો સંગ મેળવી આપના મહિમાની પ્રાપ્તિ કરીને તાપથી છૂટાય છે. સત્પુરુષો દ્વારા તાપનું ભાન થાય છે અને આપના સ્વરૂપનો મહિમા, આપના સ્વરૂપના બળથી અક્ષરધામને પ્રાપ્ત કરે છે એવી મારી મતિને કરજો. ।।૪૬।। હે નારાયણ ! આપે મુનિમંડળની સાથે મારી અંદર આજે જે સ્નાન કર્યું તેથી હું ખૂબ જ આનંદમાં છું. હે સ્વામી ! હે હરિ ! આપના વિયોગમાં ઘણો સમય વીતી ગયો. ઘણા સમયથી આપનો વિયોગ હતો તે આજે પૂર્ણ થયો. હે મહારાજ ! આજે સ્નાન કરવાથી હું ખૂબ જ આનંદમાં છું, પણ હે નાથ ! આ મનુષ્યો મારામાં સ્નાન કરી જે પાપોનો ઓઘ મૂકી જાય તેને સહન કરવાથી મને કોઈ જાતનો પાસ ન લાગે એવી કૃપા કરજો અને હે ધર્માત્મજ ! આપ અખંડ મારા મનમાં નિવાસ કરો એવી પ્રાર્થના છે. ।।૪૭।। હે વૃષપતે ! હું બધા દેવો, ઋષિઓ, સંતો, ભગવદ્‌ભક્તો સર્વના સ્નાન કરવામાં પવિત્ર કરવામાં ઉપયોગી થઈશ તથા હે મંદ



હાસ્યમુખવાળા પ્રભુ ! મારો આ સંકલ્પ જીવોના સુખ માટે છે તેને પાર પમાડજો. હે ઘનશ્યામ ! આપનાં ચરણકમળ તેની અંદર ધ્વજ અંકુશ, ઊર્ધ્વરેખા આદિ ચિહ્‌ન છે એવા કમલનેત્રવાળા, કંઠમાં પુષ્પની માળા ધારણ કરેલા આપ આ સ્વરૂપે દર્શન આપજો. ।।૪૮।। મૂંગી એવી હું તે મારા મનના દુઃખો તથા મનના મેલોને તથા આપના મુખના અમૃતરસની તૃષાને દૂર કરી આપનું સ્વરૂપ મારા અંતઃકરણમાં રહેવાથી જન્મમરણનો ભય દૂર થઈ ગયો. હું નિર્ભય થઈ છું, જેમ પોતાના ભક્તજનને અમૃતમય દૃષ્ટિ રાખીને સુખ આપો છો તેમ આપની સર્વત્ર જયજય થાય. આ પૃથ્વી ઉપર મનુષ્યદેહ ધારીને આપની ભક્તિ કરનારા થાય તે જ મનુષ્યશરીરની સાર્થકતા છે. ।।૪૯।। **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** આવી રીતે તે નદીનાં પ્રાર્થનાયુક્ત વાક્યો સાંભળીને શ્રી સહજાનંદ સ્વામી તેની ઉપર પ્રસન્ન થઈને સર્વજીવોનાં હિતકારક વચનો કહેવા લાગ્યા. ।।૫૦।। **શ્રીહરિ કહેવા લાગ્યા :** હે ગંગે ! હું મારાં વચનો અત્યારે કહું છું, સાંભળ, અત્યારે મારાં માહાત્મ્યયુક્ત થઈને જે સ્નાન કરવા આવે તે જીવો આજથી મારા અક્ષરધામને પામશે એ પ્રમાણે જાણજે. ।।૫૧।। હે દેવી ગંગે ! તારા કાંઠે કોઈ દૈવી જીવ આવીને સ્નાન કરીને ભાવપૂર્વક તર્પણ કરશે તેના પિતૃઓ તર્પણ કરવાથી તે પણ મારા ધામને પામશે. ।।૫૨।। પ્રાતઃકાળમાં વહેલા ઊઠીને દરરોજ નારાયણ ઘાટના આરે આવીને હંમશાં મારો ભક્ત સ્મરણ કરતો થકો સ્નાન કરશે તે જન પણ અક્ષરધામને પામશે. ।।૫૩।। જો કોઈ જન અકસ્માત રીતે તારા જળમાં પડી જશે તે જન લાંબા સમય સુધી આ લોકનાં સુખો ભોગવીને પછી પુણ્ય પ્રાપ્ત કરવાથી અક્ષરધામને પામશે. ।।૫૪।। મૃગો તથા બીજા પ્રાણીઓ, પક્ષીઓ જેવા જીવો સ્થળનાં કે જળનાં તારા કાંઠા ઉપર તારા જળનો સ્પર્શ થશે તે પણ લાંબા સમયે સદ્‌ગતિને પામશે. ।।૫૫।। હે સતીગંગા ! આ અમદાવાદ શહેરનાં મનુષ્યોમાંથી મારું

સ્મરણ કરીને તથા તારા જળમાં બીજા પ્રદેશનાં ગંદવાડવાળું પાણી અંદર ભળેલું હોય તેમાં સ્નાન કરશે તો પણ તેનું કલ્યાણ થશે. ||૫૬|| તારા જળમાં સ્પર્શ કરવાથી થોડા પુણ્યથી પણ મૃગલાંઓ હરિધામમાં જશે તથા જે તારું દર્શન કરશે તથા દેખાવ માત્ર જો તારામાં નહાશે તે પણ સત્યલોકમાં જનાર થશે. ||૫૭|| તારા તટ ઉપર જે જન નારાયણબલિ કરાવશે તે મનુષ્યો ભોગને પ્રાપ્ત કરશે. મુક્તિને મેળવશે અને આશાવાળા જીવો ધનપુત્રાદિકને પણ મેળવશે. ||૫૮|| તારા નિર્મળ, શીતળ, શાંતજળમાં, ભમરીઓવાળા જળમાં સ્નાન કરીને તારા તટ ઉપર બેસીને સંતો હંમેશાં મારું સ્મરણ કરશે. ||૫૯|| જે જન નરનારાયણ ભગવાનના આયુધોની છાપો પોતાનાં અંગ ઉપર મંદિરમાં આવીને પડાવશે તે જીવ તારા જળમાં સ્નાન કરશે તે મારા સ્વરૂપને પ્રાપ્ત કરશે. ||૬૦|| શ્રીહરિ મહાપ્રભુએ આ રીતે ગંગા નદીનો આદર કરીને તેના જળમાં શ્રીહરિ નિવાસ કરીને તેમાં સ્નાન કરીને બહાર નીકળીને ધર્મનંદન મહાપ્રભુ પણ અંગો ઉપર શ્વેત વસ્ત્રો ધારણ કરતા હતા. ||૬૧|| ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ઘોડા ઉપર વિરાજમાન થઈને ત્યાર પછી સંતોના સમુદાયની સાથે અમદાવાદ નગરમાં પધાર્યા. ||૬૨|| જે જીવ શ્રીહરિ પ્રભુનાં આ અદ્ભુત ચરિત્રોને પ્રેમપૂર્વક સાંભળે છે, ભક્તિભાવપૂર્વક વાંચે છે આવા ભક્તિના પ્રયત્નથી સુખને પામે છે તથા બ્રહ્મપદને મેળવે છે, આ પૃથ્વીલોક ઉપર કીર્તિ પામશે. અંતે ધામને પામશે. ||૬૩||

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી પુરુષોત્તમ સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા સુધાકરમાં શ્રીહરિ સાબરમતી નદીમાં સ્નાન કરવાથી નદીએ સ્તુતિ કરી એ નામે છન્નુંમો અધ્યાય થયો. ||૯૬||**



## || અધ્યાય - ૯૭ ||

**શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે :** હે બ્રહ્મન જયસિંહ રાજા ! બ્રહ્માનંદ સ્વામીના મુખ થકી શ્રીહરિનાં લીલાચરિત્રોની કથા સાંભળી સ્વરૂપનિષ્ઠાના થયેલા જ્ઞાનથી શ્રીહરિની દૃઢ એકાંતિકી સ્થિતિને પામ્યા. ||૧|| **રાજા કહે છે :** હે સ્વામી ! આપના મુખ થકી શ્રી નારાયણમુનિ શ્રીહરિની ચરિત્રોની કથા સાંભળીને હું ધન્ય થઈ ગયો છું તથા ભગવાનના સ્વરૂપના માહાત્મ્ય સાંભળીને હું અત્યારે બ્રહ્મસ્વરૂપને મેળવીને કૃતાર્થ બની ગયો છું. ||૨|| હે મુનિશ્વર ! અત્યારે આપના પ્રતાપથી મારા મનમાંથી મમત્વબુદ્ધિનો મોહ નાશ પામી ગયો છે. આપના પ્રતાપથી શ્રીહરિના ઉત્તમ જ્ઞાનશ્રવણથી મને શ્રીહરિના સ્વરૂપની દૃઢભક્તિ પ્રાપ્ત થઈ છે. ||૩|| હે વ્યાસ મૂર્તિ સ્વામી ! હવે શ્રીહરિ નારાયણ મુનિ ભગવાને જે કોઈ બીજાં ચરિત્રો કર્યાં હોય તે મારે સાંભળવાના બાકી હોય તો કૃપા કરીને જે નવાં ચરિત્રો હોય તે મને સંભળાવો. તે અમૃત સમાન ચરિત્રોથી તૃપ્તિ થતી જ નથી. ||૪|| **શ્રીબ્રહ્માનંદ સ્વામી આગળ કહે છે :** ત્યાર પછી ત્યાં અમદાવાદ નગરમાં શ્રીહરિ મહાપ્રભુએ સંતો, ભક્તો, સત્સંગીઓની મોટી સભા ભરી તે સભાના મધ્યમાં શ્રીહરિ વિરાજમાન થયા ત્યારે જેમ તારા મંડળના મધ્યમાં ચંદ્ર શોભે તેમ શ્રીહરિકૃષ્ણ વિરાજમાન થવાથી સભા શોભવા લાગી. ||૫|| ત્યારે તે સભામાં સૂચવવામાં આવ્યું કે આજે આ ઉત્સવ પૂર્ણ થાય છે, તેથી સર્વે સત્સંગીઓ સિંહાસન ઉપર વિરાજમાન થયેલા મહાપ્રભુને પૂજવા લાગ્યા. ||૬|| કેટલાક ભક્તો વસ્ત્ર આભૂષણો અર્પણ કરીને પૂજતા હતા. કેટલાક ભક્તો તુલસીપત્રથી પૂજતા હતા. કેટલાક ગુલાબના ફૂલોના હારો અર્પણ કરીને પૂજતા હતા. કેટલાક ગુચ્છો અર્પણ કરતા હતા. ||૭|| કુમકુમ, કેસર આદિથી ભાલમાં ચાંદલા કરીને ધૂપદીપો, ભેટ સામગ્રીથી

તથા ફળો અર્પણ કરીને પૂજન કરતા હતા. ॥૮॥ ત્યાં કોઈક પ્રહ્‌લાદપુરનો કાશીરામ નામનો બ્રાહ્મણ શ્રીહરિના નામનું રટન કરતો કરતો ત્યાં આવ્યો. ॥૯॥ પોતાના પુત્રને સાથે લાવીને શ્રીહરિ ભગવાન બેઠા હતા ત્યાં ગયો. હાથમાં ફૂલનો હાર લઈને શ્રીહરિ મહાપ્રભુને વંદન કરીને આનંદ પામ્યો. ॥૧૦॥ તે બ્રાહ્મણ પગે લાગ્યો એટલે તેની સામે કૃપાદષ્ટિથી જોઈને તે બ્રાહ્મણે પોતાના પુત્રના હાથ પકડીને શ્રીહરિના ચરણમાં સ્પર્શ કરાવ્યા તેના હાથમાંથી શ્રીહરિએ હાર લઈ લીધો. ॥૧૧॥ પોતાના પુત્રને શ્રીહરિ મહાપ્રભુના ચરણનો સ્પર્શ કરાવીને, પોતે ચરણસ્પર્શ કરીને તે બ્રાહ્મણ લજ્જા પામતો થકો જલદીથી પોતાના ઉતારે જતો રહ્યો. ॥૧૨॥ એવી રીતે શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ પોતાના ભક્તજનોને ખૂબ જ આનંદ આપતા થકા અનેક ચરિત્રો કરીને તે સ્થાનકમાં નિવાસ કરીને ચરિત્રોનું આલેખન કરનાર કવિઓના બળને વધારતા હતા. ॥૧૩॥ ત્યાર પછી ઉત્સવનું સમાપન કરીને શ્રીહરિ નારાયણ મુનિ ભગવાન ભક્તજનો દ્વારા કરાયેલું પૂજન સ્વીકારીને, ભોજન આરોગીને અમદાવાદ નગરથી પોતાના ભક્તજનોની સાથે ભક્તજનોને પ્રિયમૂર્તિ મહાપ્રભુ સાંજના સમયે અશલાલી ગામે પધાર્યા. ॥૧૪॥ ત્યાં અશલાલી ગામમાં વેણીભાઈ પટેલના ઘેર સંતો-પાર્ષદોની સાથે મનુષ્યરૂપ ધારણ કરીને વિચરણ કરતા શ્રીહરિ ત્યાં રોકાયા. ॥૧૫॥ ત્યાં ગંગાબાએ રસોઈ બનાવીને થાળ તૈયાર કર્યો. તેને શ્રી કરુણાનિધિ આરોગીને પોતાના મુનિગણો, પાર્ષદોને પીરસીને, જમાડીને તૃપ્ત કર્યા. ॥૧૬॥ ત્યાર પછી શ્રીહરિ ગામની બહાર આંબાનું વન હતું ત્યાં વેદિકા ઉપર વિરાજમાન થયા. તેમની આગળ વર્ણીઓ, સંતો, ભક્તો, સર્વે શ્રીહરિની આગળ સભામાં બેઠા. ॥૧૭॥ ત્યાર પછી શ્રીહરિનાં દર્શન કરવા માટે ગામમાં ઘણા મનુષ્યો ત્યાં આંબાવાડીયામાં આવ્યાં અને હરિભક્તોએ પ્રેમપૂર્વક શ્રીહરિને અનેક વસ્તુઓ ભેટ આપીને પૂજન કર્યું. ॥૧૮॥ તેમાં તુલજારામ, હરિદાસ,



વેણીરામ, કાળીદાસ તથા લાલજી, કાનદાસ, નથુદાસ, મુન્શા ઈત્યાદિ સર્વે શ્રીસ્વામિનારાયણ ભગવાનના સેવકો હતા. ॥૧૯॥ તેઓએ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પૂજન કરીને પ્રેમભક્તિપૂર્વક હાથ જોડીને ચરણમાં વંદન કરીને શ્રીહરિને પોતાના અંતઃકરણમાં ઉતારી લીધા. ॥૨૦॥ ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામીએ તે સર્વે ભક્તોને જ્ઞાનવાર્તાનો ઉપદેશ આપીને, પોષણ કરીને પોતાના ઉતારે આવીને રાત્રે શય્યામાં શયન કરવા લાગ્યા. ॥૨૧॥ ત્યાર પછી સવારમાં વહેલા ઊઠીને નિત્યક્રમ મુજબ શૌચ-સ્નાનાદિક નિત્ય ક્રિયાઓ કરીને ગામની બાજુમાં ઉપવનમાં આવીને ઊંચા આસન ઉપર વિરાજમાન થયા. ॥૨૨॥ ત્યારે ગામના નૃસિંહ, કાનદાસ,નરસિંહ, વ્રજજા આદિ હરિભક્તો ત્યાં આવીને ધર્મનંદન મહાપ્રભુના દર્શન કરીને આનંદ પામ્યા. ॥૨૩॥ એવી રીતે સર્વના કારણ શ્રીહરિ તથા સાધુઓ તથા પદાતીઓની સાથે ભક્તોને સુખ આપીને શ્રીહરિ વર્ણી, પદાતીઓની સાથે પોતાને પ્રિય એવા જેતલપુર નગર પ્રત્યે પધાર્યા. ॥૨૪॥ ત્યાં રેવતી બળદેવજીના મંદિરમાં ઉતારો કર્યો. ત્યાર પછી ત્યાંના ગંગાદાસ, આદિ ભક્તોએ સન્માન કરીને તેમનું પૂજન કર્યું. ॥૨૫॥ ત્યાર પછી ગંગાબાએ રસોઈ બનાવીને તૈયાર કરી. તેના થાળને ધર્મનંદન મહાપ્રભુ આરોગીને સ્વજનોને સારી રીતે ભાવપૂર્વક પીરસીને જમાડીને તૃપ્ત કર્યા. ॥૨૬॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ ઘોડા ઉપર વિરાજમાન થઈને મોટા વડનાં ઝાડો હતાં ત્યાં પધારતા હતા. જ્યારે શ્રીહરિ ઉતારામંદિરથી બહાર નીકળ્યા ત્યારે સ્ત્રીઓ સામે આવી. ॥૨૭॥ તેને શ્રીહરિ કહેવા લાગ્યા : વાહ ! માથા ઉપર પાણીના નોંધારા વાસણો ધારેલ છે અને હાથ નીચા રાખીને ચાલે છે. કપાળમાં ચાંદલા છે. એકબીજાની સાથે વાતો કરતી, હસતી થકી જતી હતી તેને જોઈને શ્રીહરિ કહેવા લાગ્યા. ॥૨૮॥ હે સ્ત્રીઓ ! કેમ કટાક્ષ નેત્રોવાળી બહેનો ! તમારા માથા ઉપર પાણીના ભરેલાં વાસણો કાયમ

નિરાધાર (નોંધારા) કેવી રીતે રહેતાં હશે ? ॥૨૯॥ **ત્યારે સ્ત્રીઓ બોલી :** હે સ્વામિનારાયણ ભગવાન ! અમારા ગ્રામદેવતા બળવાનમાં બળવાન હનુમાનજીના પ્રતાપથી અમારા માથા ઉપર પાણી ભરેલા બેડાં સ્થિર રહે છે તે હનુમાજીનો પ્રતાપ છે. ॥૩૦॥ આવી રીતની તે સ્ત્રીઓની વાણી સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ સર્વના સ્વામી શ્રીહરિ વડના છાંયામાં જઈને ઊંચા મંચ ઉપર વિરાજમાન થયા. તેમની સન્મુખ સભા ભરાણી તેમાં સંતો, ભક્તો બેઠા. ॥૩૧॥ હે રાજન ! તેવામાં તે સ્ત્રીઓ પાણી ભરીને ત્યાંથી નીકળી ત્યારે તે સર્વે સ્ત્રીઓના માથા ઉપર પાણીનાં ભરેલાં બેડાં એકસાથે ફૂટી ગયાં. ॥૩૨॥ ત્યારે તે સ્ત્રીઓ બધી જ આશ્ચર્ય પામીને શ્રીહરિ ભગવાન પાસે આવીને શ્રીહરિ મહાપ્રભુને હાથ જોડી પ્રાર્થના કરતી થકી કહેવા લાગી. ॥૩૩॥ હે ધર્મનંદન મહાપ્રભુ ! આપે આ શું કર્યું ? આ અમારા માથા ઉપર પાણીનાં બેડાં હતાં તે તોડવામાં તમારું જ કાર્ય છે. એક સાથે બધા જ ઘડા આજે જ ફૂટ્યા એ આશ્ચર્યની વાત છે. ॥૩૪॥ હે મહાપ્રભુ ! તમે તો સર્વેશ્વર સર્વના કારણ સર્વના સાક્ષી ! હે જગતપતિ ! આપનાં આ ચરિત્રની આ સ્મૃતિ અમને કાયમ યાદ રહેશે તેની સાથે આપની મૂર્તિનું સ્મરણ પણ રહેશે. ॥૩૫॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહેવા લાગ્યા :** આવી રીતના તે સ્ત્રીઓ અને સ્વામિનારાયણ ભગવાનની ચર્ચા સાંભળીને સ્વામી પ્રભુ હસતા થકા તે સ્ત્રીઓને સમજાવવા લાગ્યા. હે સાધ્વીઓ ! જે જે જગ્યાએ આ હનુમાનજીએ તમારું કામ કર્યું એ તો મારી આજ્ઞા મુજબ કર્યું. ॥૩૬॥ શ્રીહરિ કહે છે ! મેં આ સર્વ વિશ્વના આત્મા તથા વિશ્વનું તથા કમળમાંથી ઉત્પત્તિ આદિક તથા જેનું દેવતાઓ હંમેશ દિવ્યભાવથી સ્તુતિ કર્યા કરે છે તે કોની સ્તુતિ કરે છે ? ॥૩૭॥ તે જ હું ગોલોકના મધ્યમાં કરોડો સૂર્યના પ્રકાશ કરતાં અધિક પ્રકાશવાળું તથા મારા એકાંતિક ભક્તો જ્યાં બેસીને ધ્યાન લગાવે છે એવા ગોલોકધામમાં હું રહું છું, પરંતુ મારા



ભક્તોનાં કાર્યો કરવા માટે હું વારેવારે ધર્મની વૃદ્ધિ કરવા પ્રગટ થાઉં છું. ॥૩૮॥ એવી રીતના ધર્મનંદન મહાપ્રભુનાં વચનો સાંભળીને આશ્ચર્ય પામેલી તેઓ શ્રીહરિને સર્વાત્મા પરમેશ્વર માનીને તેમનું સ્મરણ કરતી પોતાના ઘેર જતી રહી. ॥૩૯॥ હે રાજન ! ત્યાર પછી ગંગામાના કહેવાથી દામોદર ભક્ત શ્રીહરિને બોલાવવા માટે ત્યાં આવ્યા. જ્યાં સાધુના મંડળના મધ્યમાં શ્રીહરિ બેઠા હતા ત્યાં આવ્યા. ॥૪૦॥ **દામોદર ભક્ત કહે છે :** હે ઘનશ્યામ મહાપ્રભુ ! તમે જમવા માટે પધારો. ગંગામા તમારા માટે રસોઈ બનાવીને રાહ જોઈને બેઠાં છે. અત્યાર સુધી આપ વાર્તાલાપ કરવામાં તલ્લીન હતા તેથી રાહ જોતાં હતાં અને અત્યારે મને બોલાવવા મોકલેલ છે, તેથી પધારો. ॥૪૧॥ તેમણે ધાર્યું કે શ્રીહરિ અત્યારે મનુષ્યોને પોતાના મહિમાની વાતો કરવામાં પડ્યા છે તેથી ગંગામા ખિજાઈને મને ભારપૂર્વક તેડવા માટે આગ્રહ કરીને મોકલેલ છે. એ પ્રમાણે સાંભળીને શ્રીહરિ ખિજાઈને કહેવરાવે છે. ॥૪૨॥ પાક બનાવનાર ગંગાને જઈને કહે કે મહારાજ જમવાની ના પાડે છે, કહેવરાવે છે કે હે આર્યે ! ઈશ્વરાત્મા પ્રભુ તો મહાદુર્લભ છે તેથી નહીં આવે. ॥૪૩॥ એવી રીતે કહીને દામોદર ભક્તને મોકલ્યા. તે ભક્તે જઈને એ પ્રમાણે કહ્યું : **દામોદર ભક્ત કહે છે :** હે મા, ધર્મપુત્ર નારાયણને બહુ કહ્યું તોય પણ આવવાની ના પાડે છે. મેં ખૂબ જ પ્રાર્થના કરી તોય માનતા નથી. ॥૪૪॥ ત્યારે ગંગામાએ ફરીથી રસોઈ તૈયાર કરીને બોલાવ્યા તો પણ ન આવ્યા અને મહાપ્રભુ સત્સંગી ભક્તોને જ્ઞાનવાર્તા કરવામાં રોકાયેલા હતા. ॥૪૫॥ ત્યારે ગંગામાં ખિજાઈને દામોદરભક્તને કહેવા લાગ્યાં કે તમો અહીં બેસો અને હું હવે મહાપ્રભુને બોલાવવા માટે જઈશ. ॥૪૬॥ ગંગામાં ત્યાં જઈને રોષપૂર્વક હોઠને ફફડાવતી થકી શ્રીહરિને કહેવા લાગી કે તમો કેમ આવતા નથી ? હે કૃષ્ણ ! ખાવાનો સમય વીતી ગયો છતાં કેમ નથી આવતા ? ॥૪૭॥ અમે શું કરીએ તમે ભગવાન છો અને

તમારા આશ્રિત છીએ. બીજા હોય તો તેની પાછળ બીજો કોઈ વિચાર કરવાનો જ ન હોય. બીજાનો ભાર ન પડે તેથી તમારી પાછળ પાછળ ફરવું પડે છે. ॥૪૮॥ ત્યાર પછી ગંગામા રોષનો ત્યાગ કરીને પ્રેમપૂર્વક કહેવા લાગ્યાં કે હે ધર્મનંદન ! તમારા માટે અમે ઘરબારનો ત્યાગ કરીને તમારા શરણે આવ્યા છીએ તેથી ઘેર પધારો. ॥૪૯॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે** : આ પ્રમાણે ગંગામાનાં નમ્ર વચનો સાંભળીને મૌન થઈને તેની પાછળ પાર્ષદોની સાથે હંમેશાં ભક્તજનોનું પ્રિય કરવાવાળા શ્રીહરિ ગંગામાને ઘેર પધાર્યા. ॥૫૦॥ હે રાજન્ ! ત્યાં જઈને જગત્પતિ શ્રીહરિ સ્નાન કરીને, રૂપાનાં જે થાળમાં ભોજન પીરસીને તૈયાર કર્યા તે આરોગી તૃપ્ત થયા. ॥૫૧॥ ત્યાર પછી ભોજન કરી પરવારીને ધર્મનંદન પ્રભુ બળદેવજીના મંદિરમાં જલદીથી જઈને ગુપ્ત મનુષ્ય ચરિત્ર કરતા થકા રથમાં બેસીને પોતાના સેવકોની સાથે વડતાલ જવા નીકળ્યા. ॥૫૨॥ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સંતો-પાર્ષદોની સાથે વડતાલ પધાર્યા ને ત્યાં ખૂબ જ શોભાવાળા લક્ષ્મીનારાયણ દેવ મંદિરમાં ઉતારો કરીને રહ્યા. ॥૫૩॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ જેતલપુરમાં લીલા કરી વડતાલ પધાર્યા એ નામે સત્તાણુમો અધ્યાય થયો. ॥૯૭॥**



## ॥ અધ્યાય - ૯૮ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે** : શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં પ્રેમપૂર્વક નિવાસ કરીને મારા જેવા ભક્તોની સેવા અંગિકાર કરીને રહેતા હતા. ॥૧॥ હે સ્વામી ! શ્રીહરિ ! ધર્મનંદન મહાપ્રભુ, વડતાલમાં રહીને બીજા કયાં ચરિત્રો કર્યાં તે મારે સાંભળવાની ઈચ્છા થઈ છે તેથી મને સંભળાવવા માટે આપ વિસ્તારથી સંભળાવો એવી મારી પ્રાર્થના છે. ॥૨॥ આપના મુખ થકી નીકળેલી ભગવદ્ કથાના રસનું પાન કરવા માટે મારી છ ઊર્મિઓની સાથે તૃપ્ત થતી જ નથી તેથી આપના મુખથી નીકળતી કથા પ્રેમપૂર્વક સાંભળવા તત્પર છું. ॥૩॥ **મુક્તાનંદ સ્વામી કહે છે** : આવી રીતના રાજાનાં પ્રાર્થનાવચનો સાંભળીને બ્રહ્માનંદ સ્વામી ભાવપૂર્વક શ્રીહરિના ચરણકમળનું સ્મરણ કરીને કથા કહેવાનો પ્રારંભ કરતા હતા. ॥૪॥ **બ્રહ્માનંદ સ્વામી કહેવા લાગ્યા** : હે રાજન ! વડતાલમાં ગયા પછી સ્વામિનારાયણ ભગવાન પોતાના મનમાં વિચાર કરીને પોતાના નિકટના જનોની સાથે ચર્ચા કરી કે માનવ માત્રએ એક દિવસ આ શરીરનો ત્યાગ કરવાનો હોય છે. ॥૫॥ એટલે જ્યારે હું આ દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં જઈશ ત્યારે આ સંપ્રદાયની ધર્મધુરા કોણ સંભાળશે તથા આ પૃથ્વી ઉપર મારા જેવું કામ કરવા માટે કોણ જવાબદાર થશે ? ॥૬॥ આ પ્રમાણે શ્રીહરિનારાયણ મુનિ ભગવાને સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદોની સાથે વિચારણા કરીને પછી કહેવા લાગ્યા કે અમારા ભાઈના પુત્રો શાંત, ઉદાર, હોશિયાર અને તપોગુણવાળા છે; તેમને જવાબદારી સોંપીએ તો કેમ ? ॥૭॥ અમારા ભાઈઓ રામપ્રતાજી તથા ઈચ્છારામજી બન્ને ભાઈના પુત્રો અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરપ્રસાદજી બન્ને યોગ્ય અને સરખી ઉંમરના તપોગુણવાળા છે. ॥૮॥ કરુણાનિધાન શ્રીહરિ મહાપ્રભુએ તે બન્ને પુત્રોને પોતાના દત્તક પુત્રો નક્કી કરીને શ્રીહરિએ સર્વ

સંતો, વર્ણીઓ, ગૃહસ્થો આદિ સર્વના આચાર્યના સ્થાન ઉપર પ્રતિષ્ઠાપિત કર્યા. ॥૯॥ ત્યાર પછી લક્ષ્મીનારાયણ દેવના મંદિરના પાછળના ભાગમાં ઊંચો મોટો મંચ બનાવરાવીને તેની ઉપર તથા મંદિરના છત ઉપર બંને ભાઈઓ તથા તેમના બન્ને પુત્રો શ્રીહરિ પોતે પણ તે મંચ ઉપર વિરાજમાન થયા. ॥૧૦॥ તે મંચ ઉપર વિરાજમાન થઈને શ્રી નારાયણ પ્રભુ સર્વ સંતો, વર્ણીઓ, ત્યાગી ગૃહસ્થો સર્વને શ્રીહરિ કહેવા લાગ્યા કે મારી આજ્ઞાથી આ બન્ને પુત્રોને મેં આચાર્ય તરીકે સ્થાપ્યા છે, તેથી તમારે સર્વેએ એમનું સર્વ રીતે પૂજન સન્માન કરવું. ॥૧૧॥ ઉત્તર પ્રાંતના ભક્તજનો જે હોય તેમણે નરનારાયણ દેશ ગાદીના મોટા ભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજીને વસ્ત્ર આભૂષણ તથા ધનાદિથી તેમનું પૂજન-અર્ચન કરવું. ॥૧૨॥ નાના ભાઈના પુત્ર લક્ષ્મીનારાયણ દેવ દેશની ગાદીપતિ તરીકે રઘુવીરપ્રસાદજીને કર્યા છે તેથી તેમને દક્ષિણ વિભાગના ભક્તોએ વસ્ત્રધનાદિકથી તેમનું પૂજન કરવું. ॥૧૩॥ સર્વે સત્સંગીઓએ ગુરુમંત્ર તે આચાર્યો થકી મેળવીને પોતાનો મોક્ષ સાધવો. આચાર્ય સિવાય બીજાને ગુરુમંત્ર આપવાનો અધિકાર કોઈને નથી અને સ્ત્રીઓએ તે આચાર્યની પત્નીઓ પાસેથી ગુરુમંત્ર લેવો એવી મારી આજ્ઞા છે એ પ્રમાણે વર્તવું. ॥૧૪॥ તે આચાર્યોનું પૂજન-અર્ચન-અર્પણ જે કાંઈ કરશો તેને હું સ્વીકારીશ. જે કાંઈ અર્પણ કરશો તેને મારા આશ્રિતો પાસેથી એમના દ્વારા હું સ્વીકારીશ. ॥૧૫॥ મારા સ્થાપેલા ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત એવા આ લોકમાં મારી આજ્ઞા મુજબ આચાર્યોની આજ્ઞા માનવી. તે પ્રમાણે વર્તશે તે જરૂર મારા ધામને પામશે. ॥૧૬॥ આ પ્રમાણે કહીને ફરી સહજાનંદ સ્વામી પોતાના એકાંતિક બ્રહ્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી તથા વાસુદેવાનંદવર્ણી તમો તમારે અનુકૂળ સંતોની સાથે અયોધ્યાપ્રસાદજીની પડખે જઈને બેસો. એમની સેવામાં રહેવું. ॥૧૭॥ નિત્યાનંદ સ્વામી તથા સદ્‌ગુરુવર્ય સ્વયં પ્રકાશાનંદ સ્વામી તથા અખંડાનંદવર્ણી તમોએ રઘુવીરજીની પડખે સેવામાં રહેવું. ॥૧૮॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી**



**કહે છે :** આવી રીતે તે મારી આજ્ઞાથી તમો પોતાને અનુકૂળ જે આચાર્યની સેવામાં રહેવું છે. તેમણે તે તરફ જઈને બેસવું અને કાયમ તેમની સેવાપૂજન આદિ કરવું. ॥૧૯॥ એવી રીતે શ્રીહરિ મહાપ્રભુની આજ્ઞા થવાથી સર્વે ભક્તોએ પોતપોતાના વિભાગના સંતો અને આચાર્યોનું પૂજન કર્યું. ધનાદિક અર્પણ કર્યા. ॥૨૦॥ પ્રહ્‌લાદપુરના બ્રાહ્મણ કાશીરામ તથા સોનાના ઘાટ ઘડનાર હેમચંદ્ર તેઓ પ્રથમ આચાર્યનું પૂજન કરતા હતા. ॥૨૧॥ તેમની પછી મંછારામ આદિ ભક્તો હજારોની સંખ્યામાં જુદી જુદી ભેટસામગ્રીઓનું અર્પણ કરીને સૌ પોતપોતાના વિભાગના આચાર્યોનું પૂજન કરતા હતા. ॥૨૨॥ દામોદર, ઉગરચંદ, જયસિંહ તથા કકુજી તથા જેઠાભાઈ, વેણીભાઈ આદિ સર્વે ભક્તોએ દાન અર્પણ કરીને અયોધ્યાપ્રસાદજી મહારાજનું પૂજન કર્યું. ॥૨૩॥ એવી રીતે તે બીજા ભક્ત તથા રામચંદ્ર વૈદરાજ, નંદુભાઈ, રૂપાભાઈ આદિ ભક્તોએ રઘુવીરજી મહારાજનું પૂજન કરીને રાજી થયા. ॥૨૪॥ હે રાજન ! તે સર્વેજનોએ પોતપોતાના વિભાગના આચાર્યો પાસે શ્રીહરિની આજ્ઞા મુજબ પોતાના કલ્યાણ માટે અને શ્રીહરિની પ્રસન્નતા માટે ગુરુમંત્ર બન્ને દેશના આચાર્યો પાસે ગ્રહણ કરતા હતા. ॥૨૫॥ એવી રીતે શ્રીહરિનારાયણ મુનિ ભગવાને પોતાના આશ્રિતોની સાથે નિર્ણય કરીને સર્વ જીવોના કલ્યાણ માટે પ્રસન્ન થઈને પોતાના સ્થાન ઉપર બન્ને પુત્રોને સ્થાપન કર્યા. ॥૨૬॥ શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ ત્યાં વડતાલમાં વિરાજમાન હતા ત્યારે વડોદરાના દૂતે આવીને શ્રીહરિને પ્રણામ કર્યા. ॥૨૭॥ ત્યાર પછી તે દૂતે રાજાએ મોકલાવેલ પત્ર શ્રીહરિને અર્પણ કર્યો. તે પત્રને પ્રસાદાનંદ સ્વામીએ વાંચીને શ્રીહરિને સંભળાવ્યો. ॥૨૮॥ **રાજા પત્ર દ્વારા કહેવરાવે છે :** હે નારાયણ પ્રભુ ! હે ઈશ્વર ! એક ભિક્ષુકના મુખ થકી આપના ગુણો સાંભળીને કાન દ્વારા શબ્દ અંતઃકરણમાં પેસીને મનના તાપોને દૂર કરી નાખ્યા તે અનુભવ થયો. ॥૨૯॥ તેથી મારા નેત્રો દ્વારા આપના સ્વરૂપનાં દર્શન કરવાં છે તથા આપની અમૃતમય વાણીને

કાનના છિદ્રો દ્વારા સાંભળવી છે, તેની મધુરતા મેળવવી છે. ॥૩૦॥ જેના પ્રતાપને બ્રહ્માદિ દેવતાઓ પણ જાણી શકતા નથી એવા દયાળુ પ્રભુ અમારા રાજ્યમાં અમને દર્શન આપવા પધારો એવી વિનંતી છે. ॥૩૧॥ હે નારાયણ મુનિ ! આપને આપના મુનિપાર્ષદો, ભક્ત સમુદાયની સાથે અમે આમંત્રણ આપીએ છીએ. આપના દર્શનની તથા મળવાની ખૂબ જ ઇચ્છા છે તેથી આપ અમારા નગરમાં પધારી પાવન કરો. ॥૩૨॥ શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુએ તે પત્ર દ્વારા તેના વચનો સાંભળીને તેના આશયને જાણીને શ્રીહરિએ સંતોની સાથે મંત્રણા કરીને જવાનું નક્કી કર્યું. ॥૩૩॥ ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ વડતાલમાં લક્ષ્મીનારાયણના મંદિરમાંથી વડોદરા જવા માટેની તૈયારી કરવા લાગ્યા. ॥૩૪॥ ત્યાર પછી શ્રીહરિ સંતોની સાથે તથા અનેક અસવારોની સાથે ચાલવા તૈયાર થયા ત્યારે શ્રીહરિ શ્વેત વસ્ત્ર ધારણ કરીને હાથમાં સોટીને રમાડતા થકા ઘોડા ઉપર વિરાજમાન થઈને અસવારોથી શોભવા લાગ્યા. ॥૩૫॥ રથો તથા ઘોડા ઉપર બેઠેલા પાર્ષદોના હાથો હલાવવાથી હાથમાં રહેલાં હથિયારોથી તથા જુદા જુદા પ્રકારના વાજિંત્રોના ઘોષ વડે તેના તાલ સાથે ગવાતા કિર્તનોથી વાતાવરણને ગુંજાવતા થકા જવા લાગ્યા. ॥૩૬॥ હે રાજન્ ! આવી રીતની શોભાથી માર્ગમાં ચાલતા હતા ત્યારે મંદહાસ્યમુખકમળવાળા શ્રીહરિને જોઈને મનુષ્યોના મનને હરી લેતા હતા. એવી રીતે લીલા કરતા સાકર્દા નગર પ્રત્યે સર્વ સમુદાયની સાથે શ્રીહરિ પહોંચ્યા ત્યારે ત્યાં રાત્રિરોકાણ કરતા હતા. ॥૩૭॥ ત્યાર પછી બીજા દિવસે સવારમાં વહેલા ઊઠી સ્નાનાદિક ક્રિયાથી પરવારીને તે સર્વે મુનિગણો તૈયાર થયા. પોતાના પત્રની વિનંતીથી આવેલા સર્વ સંઘને જોઈને તે રાજા ખૂબ જ રાજી થયા. ॥૩૮॥ તે વડોદરાના રાજહાથીઓ, ઘોડાઓ, સોનાની પાલખીઓ લાવ્યા તથા અનેક અમાત્યોની સાથે તે રાજા શ્રીહરિની સામે તેડવા આવ્યા. ॥૩૯॥ હે રાજન ! તેઓ પોતાના ભક્તજનો પણ અનેક વાહનો સાથે શ્રીહરિની સામે આવ્યા. તેઓ પૂજાસામગ્રી પોતાની



સાથે લઈને આવ્યા હતા. ॥૪૦॥ તેઓ શ્રીહરિ મહાપ્રભુને જોઈને તેમને નમસ્કાર કરીને ચોખા, કુમકુમ વડે શ્રીહરિનું પૂજન કર્યું અને ફૂલના હારો પહેરાવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ॥૪૧॥ સોનાની પાલખીઓ સાથે મોટા પર્વતો જેવા હાથીઓ શોભતા હતા. તે પાલખીઓ લાવીને રાજાના સેવકના રૂપમાં આવીને શ્રીહરિને કહેવા લાગ્યા. ॥૪૨॥ હે સ્વામિનારાયણ પ્રભુ ! આપ આ હાથી ઉપર પાલખી છે તેમાં વિરાજમાન થાઓ. બીજા મુનિઓ આ હાથીઓ છે એની ઉપર વિરાજમાન થાય તથા બીજાઓ રથો ઉપર વિરાજમાન થયા. ॥૪૩॥ તે નારૂપંત મંત્રીનું કહેવું સાંભળીને શ્રી ઘનશ્યામ મહાપ્રભુ લોકો ઉપર દયા કરીને હાથીની પાલખીમાં વિરાજમાન થાય અને બીજા હાથીઓ ઉપર મુક્તાનંદ સ્વામી શુકાનંદ સ્વામી વગેરે બેઠા. ॥૪૪॥ તથા બીજા ઉપર અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી બેઠા તથા એક મંચ ઉપર તથા બીજા વાહનોમાં સંતો, મુનિઓ, વર્ણીઓ બેઠા. ॥૪૫॥ હે રાજન ! શ્રીહરિ, મનોહર મૂર્તિ, સર્વના સ્વામી હાથીની પાલખી ઉપર વિરાજમાન થયા. ત્યાર પછી ઘણા મુનિઓ, પાર્ષદોથી વીંટાયા થકા તથા ભક્તજનોથી જયજયનાદને કરાતા શોભતા હતા. ॥૪૬॥ હાથીઓના ગળામાં બાંધેલ ઘંટડીઓના તથા બીજા અનેક વાજિંત્રોના વગાડવાના અવાજથી તથા પૃથ્વી ઉપર વાગતા વાજિંત્રોના તાલથી ખૂબ મોટો પડઘો થતો હતો. તેવા વાતાવરણમાં શ્વેત વસ્ત્રો ધારેલા તથા ફૂલોની માળાઓને અંગ ઉપર ધારેલા ખૂબ જ શોભાયમાન થતા એવા શ્રીહરિ હતા. ॥૪૭॥ ગજ ઉપર વિરાજમાન શ્રીહરિને જોઈને સેવકો આનંદ પામતા થકા ચામર ઢોળી રહ્યા છે. ધર્મનંદન મહાપ્રભુએ અંગો ઉપર મણિરત્નોનાં આભૂષણ ધારેલાં છે, તેથી તેમનું સ્વરૂપ અતિશય સુંદર લાગતું હતું. તેમનું દર્શન કરનાર સ્વભક્તોને આનંદ ઉપજાવનારું થતું હતું. ॥૪૮॥ તે રાજાની ધજાપતાકાવાળી ચતુરાંગિણી સેના તે શ્રીહરિ પાસેથી પસાર થઈ ત્યારે તે ખૂબ જ શોભતી હતી. તેમાં તલવારના પટ્ટા ખેલનાર, તલવારના ઘર્ષણથી

અતિ ઊંચો અવાજ થતો હતો તે કાફલો ધર્મનંદન ભગવાન આગળથી પસાર થયો. ॥૪૯॥ હાથીઓ અને ઘોડાની ફરતા ફરીને મુનિઓ જતા હતા ત્યારે શ્રીહરિ ત્રાંસી આંખથી ઝીણી કરીને જોતા થકા અરસપરસ જોઈ લેતા હતા ત્યારે શ્રીહરિનાં દર્શન કરવા માટે તેઓ બંને હાથ ઊંચા કરીને જતા હતા. શ્રીહરિ તેમને અનુમોદન આપતા હતા. ॥૫૦॥ આ પ્રમાણે શ્રીહરિ પ્રભુ પોતાના ભક્તો પ્રત્યે આનંદ ઉપજાવતા થકા વડોદરા નગરમાં જલદીથી પ્રવેશ જેનો કરતા હતા ત્યારે ધજા વડે પડછાયો રોકાયેલા છે એવા અનંત સુંદરતાવાળા ચિત્રો ભેરુ નામના દરવાજા ઉપર જોવામાં આવ્યાં. ॥૫૧॥ ઘણાબધા સરોવરોવાળું પુષ્કરો તથા વિકસાવેલી રચનાઓથી શોભાયમાન લાગતા હતા તથા જાતજાતના ફૂલોની શોભાવાળાં ફૂલઝાડોથી ઢંકાયેલા દ્વિજાતિના લોકોના આવાસોની અંદર સુંદર ગીતોનો સુંદર શબ્દ થતો હતો. ॥૫૨॥ માર્ગ ઉપર ગૃહસ્થોના ઘણા બધાં ઘરો રહેલાં દેખાતાં છતાં તેના માર્ગો ઉપર હાથીઓના મદ જરવાથી ભીંજાયેલાં હતાં તથા દેવમંદિરોના શિખરોની પંક્તિથી ખૂબ શોભાયમાનનગર તથા શણગાર સજેલાં સ્ત્રીઓ અને પુરુષો શોભતાં હતાં. ॥૫૩॥ નગરની સ્ત્રીઓ નગરમાં પ્રવેશ કરતા શ્રી ધર્મનંદન પ્રભુને જોઈને મનોહર રૂપથી આનંદ પામતી થકી પોતાના મકાનના બારી, અટારિકા ઉપર બેઠી થકી માર્ગ ઉપર ચાલતા શ્રીહરિને નિહાળવા લાગી. ॥૫૪॥ હે રાજન ! તે સ્ત્રીઓ ઘરના કામકાજને પડતાં મેલીને માર્ગ ઉપર ચાલતા મુનિમંડળની સાથે અનંત બ્રહ્માંડના કારણ શ્રીહરિને જોવા માટે જલદી જલદી ખાવાપીવાનું પડતું મેલીને પોતાનાં મકાનો ઉપર ચડીને જોવા જતી હતી. ॥૫૫॥ મંદહાસ્યયુક્ત શ્રીહરિના મુખકમળને જોઈને સ્મરણ કરનારને મોહ ઉપજાવનાર, કરુણા ભરેલાં ભાવવાળાં નેત્રકમળને જોઈને તે સ્ત્રીઓ પોતાના મનમાં પોતાને ધન્યભાગ્યશાળી માનતી થકી પ્રભુ શ્રીહરિને ચોખા, ચંદન, પુષ્પથી અર્ચન કરીને સન્માનવા લાગી. ॥૫૬॥ કેટલીક સ્ત્રીઓ આનંદ પામતી થકી માણેકમોતી તથા પુષ્પમાળાઓથી



મણિમુક્તાફળો વડે માર્ગમાં ચાલતાં અશ્વોના સમૂહમાં ભક્તજનોના મધ્યમાં જઈને કુમકુમના ચાંલ્લા કરીને પોતાના પરિવારો સાથે શ્રીહરિને પૂજતી હતી. ॥૫૭॥ હે રાજન્ ! એ પ્રમાણે ભક્તજનોથી વિંટાયેલા, માર્ગમાં ચાલતા શ્રીહરિ મહાપ્રભુ નગરના મનુષ્યોને ખૂબ જ આનંદ આપતા થકા પૃથ્વીપતિ રાજદરબારના આંગણામાં (ચોકમાં) પધાર્યા. તેમને જોઈને રાજા પણ તુરત જ ત્યાં આવ્યા. ॥૫૮॥ આવીને શ્રીહરિકૃષ્ણ પ્રભુને હાથ જોડીને પ્રણામ કર્યા. ત્યાર પછી ચરણમાં પ્રણામ કરીને શ્રીહરિ પ્રભુના કુલપરિવારને પણ પ્રણામ કરીને શ્રીહરિને કહેવા લાગ્યા : હે પ્રભુ ! આપે અત્રે પધારીને અમારા કુલ પરિવારને તથા અમારા નગરને આજે પવિત્ર કરી દીધું. હે મહાપ્રભુ ! આપ મસ્તુબાગમાં ઉતારો કરીને નિવાસ કરો. ॥૫૯॥ શ્રી હરિ પાર્ષદોની સાથે તે વાડીને જોઈને ત્યાં મસ્તુબાગમાં રાજાને રમણ કરવાના સ્થળે ઉતારો કરીને તે પડદાવાળા મહેલમાં બેસીને શ્રીહરિએ અનંત જીવોને સુખ આપવા માટે ભોજન કર્યું. ॥૬૦॥ હે રાજન ! ત્યાર પછી સર્વે સંત પાર્ષદે પણ ત્યાં ભોજન કરીને શ્રીહરિની આજ્ઞાથી રાત્રે ત્યાં જ શયન કરીને રહેતા હતા. ॥૬૧॥ ત્યાર પછી ભક્તિ ધર્માત્મજ પણ પ્રેમથી ભક્તો સેવા કરતા હતા તેને અંગિકાર કરીને કોમળ પલંગ ઉપર સુંદર શય્યા બિછાવેલ તેના ઉપર શયન કરતા હતા. ॥૬૨॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ મહાપ્રભુ વડોદરા પધાર્યા એ નામે અઠ્ઠાણુમો અધ્યાય થયો. ॥૯૮॥**

## ॥ અધ્યાય - ૯૯ ॥

**બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રી હરિ ઘનશ્યામ મહાપ્રભુ વડોદરામાં રાત્રે શયન કર્યા પછી સવારમાં વહેલા ઊઠીને પ્રાતઃકાલીન શૌચસ્નાનવિધિ પતાવીને મંચ ઉપર વિરાજમાન થયા ॥૧॥ તેમની આગળના ભાગમાં સર્વે મુનીજનો હાથ જોડી નમસ્કાર કરીને બેઠા. ત્યાર પછી વર્ણિઓ તથા ઉત્તમાદિક પાર્ષદો નમસ્કાર કરીને તેમની પાછળ બેઠા ॥૨॥ શ્રીહરિ મહાપ્રભુનો જયઘોષ કરતા તેમજ ભગવાનના ગુણ ગવરાવતા હતા. અમાત્યોની સાથે સયાજીરાવ મહારાજા શ્રીહરિનાં દર્શન કરવા સભામાં આવ્યા. ॥૩॥ સભામાં આવીને તે રાજા શ્રીહરિ નારાયણમુનિ ભગવાનના તથા સર્વે વર્ણિસંત સભાજનોના દર્શન કરીને તથા શ્રીહરિને નમ્રતાપૂર્વક પ્રણામ કરીને તે સભાના આગળના ભાગમાં યથાયોગ્ય સ્થાને બેઠા. ॥૪॥ **શ્રીહરિ સહજાનંદસ્વામી મહાપ્રભુ** તે રાજાને તથા તેમના અમાત્યોને મધુર વચને કહેવા લાગ્યા કે રાજાએ પ્રજાનું સારી રીતે પાલન કરવું એ જ રાજાનો મુખ્ય ધર્મ છે. ॥૫॥ શુદ્ર બ્રાહ્મણના વંશમાં જન્મ લીધેલ બ્રાહ્મણ જો કોઈ દુર્જનનો સંગ થાય તો તે ભ્રષ્ટ થઈ જાય છે. તેને સંસ્કાર કરીને પવિત્ર કરી શકાય છે. ॥૬॥ જે જીવ બ્રાહ્મણના રક્તથી ઉત્પન્ન થયો નથી તે જીવ કોઈપણ ઉપાયે બ્રાહ્મણ થઈ શકે નહીં, કરોડો ઉપવાસ કરવાથી, કરોડો વર્ષ તપ કરવાથી, કરોડો યજ્ઞો કરવાથી ક્યારેય બ્રાહ્મણ થઈ શકાતું નથી. હે રાજન ! તમો તે પ્રમાણે જાણો. ॥૭॥ રાજગાદી ઉપર સત્તા ભોગવતો રાજા જો સત્તાના મદમાં ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય નથી રાખતો, ભગવાન શ્રી કૃષ્ણની ભક્તિ નથી કરતો તે અભક્ત રાજાના રાજ્યનો થોડા સમયમાં નાશ થઈ જાય છે. તે રાજા અધોગતિને પામે છે. તે રાજાનો નાશ થાય છે ॥૮॥ હૈહય (સહસ્રાર્જુન), નહુષ, વેન, રાવણ, નરકાસુર આદિ રાજાઓ લક્ષ્મી તથા સત્તાના અભિમાનમાં સત્પુરૂષો તેમજ ભગવાનના ભક્તોનો અનાદર



કરવાથી નાશ પામી ગયેલા. ॥૯॥ જે જીવ ગોલોકાદિક ધામમાં રહેતો હોય અને તે અભિમાનમાં આવીને ભગવાનના ભજનમાં રત ભગવાનના ભક્તની સાથે દ્રોહ કરનાર જો લક્ષ્મીજી જેવો હોય તો તે પણ ધામમાંથી પડી જાય છે ને રૌરવ નામના નર્કમાં દુઃખ ભોગવે છે. ॥૧૦॥ જે જનો જગતથી વિરક્ત થઈને ભગવાનની ભક્તિ કરતા હોય એવો સાધુ પુરુષ તેની ઉપર પ્રેમભાવથી અર્ચન પૂજન કરીને દાનદક્ષિણા આપીને તેને રાજી કરે છે તે જીવાત્મા ભગવાનના ધામમાં જાય છે. ॥૧૧॥ હે રાજન ! શ્રીહરિએ એવી રીતે તે રાજાને તથા તેના મંત્રીઓને ઉપદેશ આપીને તે રાજાને શ્રીહરિએ પોતાના કંઠમાંથી કાઢીને એક હાર પહેરાવ્યો તથા રાજાના મંત્રીઓને પણ હાર પહેરાવ્યા. ॥૧૨॥ ત્યાર પછી તે રાજા શ્રીહરિમહાપ્રભુને નમન કરીને સર્વે સંતોને ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરીને આનંદ પામતા થકા પોતાના મહેલમાં પધાર્યા. ॥૧૩॥ હે રાજન, શ્રીહરિ મહાપ્રભુએ મુકુંદ બ્રહ્મચારીએ તૈયારકરેલા થાળને આરોગીને સર્વે સંતો પાર્ષદોને ખૂબ જમાડ્યા અને તેઓને ખૂબ તૃપ્ત કર્યા. ॥૧૪॥ પછી તે રાજાના સમાચાર લઈને દૂત આવ્યો. શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ કરીને તે શ્રીહરિને કહેવા લાગ્યો. સયાજીરાવ રાજા મહાપ્રભુને તેમના મહેલમાં પધરામણી કરવા આમંત્રણ આપે છે. ॥૧૫॥ એ પ્રમાણે દૂતના કહેવાથી ધર્માત્માજ મહાપ્રભુ સંતોની સાથે તે રાજાના મહેલમાં પધારવા તૈયાર થયા ત્યાર પછી શ્રીહરિ હાથી ઉપર બેસીને ઘણાબધા પદાતીઓ તથા ઘોડેસવારોથી વિંટાયા થકા જવા લાગ્યા. ॥૧૬॥ જાતજાતનાં અનેક પ્રકારનાં ચિત્રો દોરીને સુશોભિત કરેલા શિખરોવાળા, મહેલના મનુષ્યોથી સેવાતા એવા તથા વાજિંત્રો વગાડીને વાતાવરણને મધુર બનાવતા થકા ધર્મનંદન શ્રીહરિને સાધુસંતોના સમુદાય સાથે તે રાજા પોતાના મહેલમાં લઈ જતા હતા. ॥૧૭॥ તે સર્વ શોભાને જોતા થકા શ્રીહરિ તે રાજાના મહેલની અંદર પ્રવેશ કરતા હતા. ત્યારે ત્યાં જાતજાતનાં પાથરણાં પાથરેલાં હતાં.

તેને મહેલની અંદર પ્રવેશ કરતા શ્રીહરિ મહાપ્રભુ જોઈને તે રાજાના વૈભવ તથા તેની શોભા આદિને જાણતા હતા. રાજાનો વૈભવ પ્રત્યક્ષ દેખાતો હતો. ॥૧૮॥ શ્રીહરિ પધાર્યા એટલે તે રાજા આનંદ પામતો થકો શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુને પ્રણામ કરીને અતિકોમળ, સારી રીતે સ્વચ્છતાથી પાથરેલ આસન ઉપર શ્રીહરિને બેસાર્યા. ॥૧૯॥ ત્યાર પછી તે રાજાએ શ્રીહરિને કુમકુમ ચંદનાદિકથી અર્ચા કરીને જાતજાતના વસ્ત્રો આભૂષણો અર્પણ કરીને પુષ્પની માળાઓ પહેરાવી બાદમાં સંતોનું અર્ચન કર્યું. ॥૨૦॥ ભગવાન સ્વામિનારાયણના કંઠમાં મુક્તામણીઓના હારો પહેરાવીને ધૂપ કર્યા, દીવા કર્યા. ત્યાર પછી આરતી કરતા હતા. ॥૨૧॥ તે રાજા શ્રીહરિમહાપ્રભુને સોનારૂપાના સિક્કાના થાળ ભરીભરીને પ્રેમપૂર્વક આનંદયુક્ત થઈને તે સર્વે દ્રવ્ય શ્રીહરિને અર્પણ કરતા હતા. ॥૨૨॥ **સયાજીરાવ રાજા કહે છે,** “હે સર્વેશ્વર દેવો, મુનિઓ, ઈંદ્રાદિકદેવોથી વંદન કરાયેલા આપ ધર્મનું રક્ષણ કરવા અને પાપી અને અધમ જીવોનો ઉદ્ધાર કરવા ધર્મભક્તિને ઘેર અવતાર ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરનારા હે ધર્માત્મજ ! હે આદિરૂપ નારાયણ ! આપને હું વંદન કરું છું ॥૨૩॥ હે અક્ષરધામના નાથ ! અક્ષરમુક્તો દ્વારા જેમના ચરણકમળ સેવાઈ રહ્યાં છે એવા, કરોડો સૂર્યોને શરમમાં નાખનારા આપ પુરૂષોત્તમ મારા ઘરમાં બિરાજમાન છો. એ જ સર્વરૂપે મુક્તો સાથે અખંડ મારા અંતઃકરણમાં સ્થિર થાઓ એવી મારી પ્રાર્થના છે. ॥૨૪॥ જેનો ક્યારેય અંત નથી આવતો એવા અનંત સ્વરૂપ, મહા તેજોમય મૂર્તિ જેમની છે એવા, સર્વે દેવોને પ્રકાશ આપનારા, સર્વે દેવોને પોતાનું સ્વરૂપ ઓળખાવનારા, સર્વે બ્રહ્માંડોને પ્રકાશ આપનારા, સર્વેના પ્રાણ,સર્વે બ્રહ્માંડના સ્વામી, હું આપના શરણે આવ્યો છું તેથી મને શરણે રાખો ॥૨૫॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** એવી રીતે સ્તુતિ કરાયેલા શ્રી સહજાનંદસ્વામી મહાપ્રભુ તે રાજાને તેના હિતનાં વચનો કહેવા લાગ્યા.



હે રાજન ! હું તમારા હિતના જે વચનો છે તે તમને કહું છું તે તમે સાંભળો. ॥૨૬॥ હું કોઈને નાશવંત પદાર્થ આપતો જ નથી. જેમનામાં પ્રવેશીને વિકાર ઉત્પન્ન કરે તે પુત્ર, ધન, સંપત્તિ આપતો નથી. સ્વર્ગાદિક સુખો પણ હું આપતો નથી તે તમો નિશ્ચય માનજો. ॥૨૭॥ હું જેની જેની ઉપર રાજી થયો છું તે ભલેને ચક્રવર્તી રાજા હોય કે પછી સાવ રાંક હોય, તેમને કાળના ભય થકી મુક્ત કરીને આત્મસ્થિતિમય આત્યંતિકી મુક્તિ આપું છું. ॥૨૮॥ શ્રીહરિ મહાપ્રભુજીએ તે સયાજીરાવ રાજાને કલ્યાણનું વરદાન આપ્યું. તે રાજાએ શ્રીહરિનું અર્ચન પૂજન કર્યું તેને સ્વીકારીને તે ભક્તિભાવવાળા રાજાના મહેલથી શ્રીહરિ નીકળી ગયા. ॥૨૯॥ એવી રીતે સ્વામિનારાયણ ભગવાન મહાપ્રભુ વડોદરામાં આત્યંતિક ધર્મસ્થાપનરૂપ વિજય કરીને સંતો, પાર્ષદો, પદાતિઓની સાથે જલદીથી વડતાલ નગર તરફ પધાર્યા. ॥૩૦॥ વડતાલ જઈને લક્ષ્મીનારાયણ દેવનાં મંદિરમાં જઈને શ્રી ઘનશ્યામ મહાપ્રભુ ઉતારો કરીને, ભક્તજનોની સેવાને ગ્રહણ કરીને શયન કરી ગયા. ॥૩૧॥ બીજા દિવસે સવારમાં વહેલા ઊઠીને પ્રાતઃકાલીન સ્નાન, નિત્યકાર્ય કરીને લક્ષ્મીનારાયણ દેવનાં મંદિરમાં જઈને શ્રીહરિ મહાપ્રભુ ખૂબ જ નીરખીને બધા દેવોનાં દર્શન કરતા હતા. ॥૩૨॥ ત્યારે વામન આદિ દેવો હાથ જોડીને શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુને આનંદપૂર્વક વચનો કહેવા લાગ્યા. હે પ્રભુ ! આપ લક્ષ્મીનારાયણ આદિક દેવો માટે કાંઈ લાવ્યા છો ? ॥૩૩॥ ત્યારે સ્વામિનારાયણ મહાપ્રભુએ મસ્તકનો મુકુટ લાવીને બ્રહ્મચારી વર્ણિને આપ્યો અને કહ્યું, “તમો લક્ષ્મીનારાયણદેવને કાયમ માટે આ મુકુટ ધરાવજો અને દેવને રાજી કરજો. ॥૩૪॥ આવી રીતે તે પૂજારી બ્રહ્મચારીને કહીને શ્રહરિ મહાપ્રભુ પોતાને ઉતારે પધાર્યા, ત્યાં પવિત્ર જળથી સ્નાન કરીને મુકુંદવર્ણિએ જે થાળ તૈયાર કરેલો તે થાળ આરોગીને તૃપ્ત થયા. ॥૩૫॥ સ્વયં ભોજન કરીને પછી મહાપ્રભુ સર્વે સંતોને બેસાડીને પંક્તિમાં

લાડુ પીરસતા હતા અને કહેતા હતા કે હે સંતો, તમો મારી પાસેથી લાડવા માગીને ખૂબ જમો. આ લાડવા અહીંયા છેલ્લી વખત પીરસાય છે, તેથી જેને લેવા હોય તે માગો. ॥૩૬॥ દેવતાઓને અપ્રાપ્ય એવા શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી મનુષ્યસ્વરૂપે બીજા દિવસે પણ સંતોની પંક્તિમાં પીરસતા થકા ફરતા હતા ત્યારે જલેબી લઈને આગ્રહ કરીને સંતોના પાત્રમાં આનંદપૂર્વક આપતા થકા ખૂબજ જમાડતા હતા. એવી રીતે વારંવાર પંક્તિમાં પીરસવામાં ફરવાથી ખૂબ થાકી ગયા, તેથી પોતાના ઉતારા પ્રત્યે ગયા. ॥૩૭-૩૮॥ ઉતારે જઈને શ્રીહરિમહાપ્રભુ કોમળ શય્યામાં શયન કરી ગયા, ત્યારે તેમને જોઈને સર્વે ભક્તજનો ખૂબ જ દુઃખી થવા લાગ્યા. ॥૩૯॥ હે રાજન્, પોતાના ભક્તજનોને દુઃખી થતા જોઈને શ્રી સહજાનંદ સ્વામી તે ભક્તો ઉપર કૃપા કરીને સર્વજીવહિતાવહ એવી શિક્ષાપત્રી પોતે લખતા હતા. ॥૪૦॥ તે શિક્ષાપત્રી ધર્મ, અર્થ, કામને મોક્ષને આપનારી, સર્વ મનુષ્યોને સુખ આપનારી થશે. શિક્ષાપત્રી પ્રમાણે વર્તનારના મનોરથો પૂરા કરશે. શિક્ષાપત્રી અનુસાર વર્તનારને તે મોક્ષ આપનારી થશે. તેને સાંભળનારનાં પાપોનો નાશ કરનારી થશે. ॥૪૧॥ શ્રી સ્વામિનારાયણ ભગવાનના નાનાભાઈ ઈચ્છારામજી મહારાજના શરીરમાં બીમારી આવી હોવાના સમાચાર સાંભળી શ્રીહરિએ ગઢપુર જવાનો વિચાર કર્યો. ॥૪૨॥ ભક્તોના આત્મા એવા, ઈચ્છિત ફળને આપનારા એવા શ્રીહરિ મહાપ્રભુ શ્વેત વસ્ત્રો ધારણ કરીને રથમાં બીરાજમાન થઈને સંતપાર્ષદોની સાથે ભક્તજનો દ્વારા કીર્તનો ગવાતા થકા ગઢપુર પધાર્યા. ॥૪૩॥

**ઈતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી પુરૂષોત્તમ શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય શ્રીકૃષ્ણાનંદ મુનિ વિરચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ વડોદરાથી વડતાલ અને વડતાલથી ગઢડા પધાર્યા એ નામે નવ્વાણુંમો અધ્યાય પૂરો થયો. ॥૯૯॥**



## ॥ અધ્યાય - ૧૦૦ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રી હરિ મહાપ્રભુએ વડતાલથી આવીને ગઢડામાં દાદાખાચરના દરબારમાં પોતાના નાનાભાઈની પાસે જઈને તેમને આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. ॥૧॥ તેમને પોતાના દેહના સંબંધીઓના સંબંધના મોહને તોડવાનો ઉપદેશ આપીને ભક્તિ અને સ્વધર્મનું જ્ઞાન આપીને દેહાદિકના બંધનને તોડનાર આત્મા સંબંધી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપીને દેહનો મોહ તોડાવી નાંખ્યો. ॥૨॥ પછી મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતો ભેગા મળીને વાજિંત્રો વગાડીને શ્રીહરિનાં કીર્તનો ગાઈને ઈચ્છારામજી ઉપર કૃપા કરીને નિત્ય ભગવાનના સ્વરૂપનું સુખ આપવા લાગ્યા. ॥૩॥ આવી રીતે તે ઈચ્છારામભાઈએ થોડા દિવસ શ્રીહરિ ભગવાનનાં કીર્તનો સાંભળતા થકા તથા શ્રીહરિની મૂર્તિનું સ્મરણ કરતા થકા પંચભૌતિક દેહનો ત્યાગ કર્યો. તેમના પુત્રો તથા તેમની પત્ની તથા સર્વે સંબંધીઓ વિલાપ કરવા લાગ્યાં. ॥૪॥ ત્યાર પછી ગોપાળ તથા રઘુવીર આદિ તેમના પુત્રો શ્રીહરિ મહાપ્રભુજીની સાથે ગઢડા ગામની બહાર જઈને તેમના પિતાની ઉત્તરક્રિયા કરતા હતા. ॥૫॥ તેઓએ ઈચ્છારામજીની ઉત્તરક્રિયા-અગ્નિસંસ્કાર કર્યા પછી શ્રીહરિ પ્રભુની સાથે સ્નાન કર્યું. બીજા સંબંધીજનો ઉન્મત્ત ગંગામાં જઈને સ્નાન કરતાં હતાં. ॥૬॥ દશ દિવસ સુધી સૂતક પાળીને દશમે દિવસે સૂતક ઉતારીને પુત્રોએ પિતાનું દશાન્હ શ્રાદ્ધ વિધિપૂર્વક કર્યું. ॥૭॥ ગોપાળપ્રસાદે શ્રીહરિના માર્ગદર્શન મુજબ પોતાના પિતાનું બારમાનું શ્રાદ્ધ શાસ્ત્રીય રીતથી બ્રાહ્મણો પાસે કરાવ્યું. ॥૮॥ અને તેરમાના દિવસે લલિતાનું પૂજન કરીને શય્યા આદિ પદાર્થોનું ખૂબ દાન આપીને પુરોહિતને સંતુષ્ટ કરતા હતા. ॥૯॥ હે રાજન ! ત્યાર પછી તે પુત્રોએ ઘી સાકરના લાડુ બનાવીને ઘણા બ્રાહ્મણોને જમાડીને ખૂબ દક્ષિણા આપી. ॥૧૦॥ હે રાજન ! ગઢપુરમાં શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુનાં દર્શન કરવા માટે હજારો મનુષ્યો તથા સત્સંગીઓ

આવતાં હતાં. ॥૧૧॥ તેઓ પૂર્ણપુરુષોત્તમ નારાયણ મહાપ્રભુનું પ્રેમપૂર્વક જુદાં જુદાં વસ્ત્રો આભૂષણો અર્પણ કરીને અર્ચન પૂજન કરતાં હતાં. ॥૧૨॥ હે રાજન ! તે સંઘમાં આવેલા સર્વે ભક્તોને ધર્મનંદન મહાપ્રભુ જમાડીને તૃપ્ત કરતા હતા તથા બીજા શ્વપચ, ચંડાળ આદિને પણ ઘણાં મિષ્ટાન્નો જમાડીને તૃપ્ત કરતા હતા. ॥૧૩॥ એવી રીતે શ્રીહરિ પોતાના નાના ભાઈની ઉત્તરક્રિયા કરાવીને વિશ્રાંતિ પામ્યા ત્યારે ભક્તજનોએ પ્રેમપૂર્વક વસ્ત્ર આભૂષણોથી શ્રીહરિનું પૂજન કર્યું. ॥૧૪॥ ત્યાર પછી પોતાના ભાઈની પત્ની તથા પુત્ર પરિવારજનોને તથા બીજી સ્ત્રીઓને શ્રીહરિ મહાપ્રભુ ધર્મજ્ઞાનનો ઉપદેશ આપતા હતા. ॥૧૫॥ **શ્રીહરિ મહાપ્રભુ કહે છે :** પોતાનો આત્મા છે તે તો નિર્ગુણ શુદ્ધસ્વરૂપે છે. સ્વયંપ્રકાશમાન, સર્વવ્યાપક, અવિનાશી, અમર, આનંદરૂપ, અમાપ, સ્વસુખના અનુભવવાળો છે. ॥૧૬॥ અનાદિ છે, અમર છે, અવિનાશી છે, ન છેદી શકાય તેવો, ન ગ્રાહ્ય, ન પકડી શકાય તેવો, સ્થિર અમર છે. દુઃખ નથી પામતો, તે શરીરમાં સર્વે અંગોમાં વ્યાપીને રહેલો છે. તેનું નવસર્જન થતુ નથી, તે અનાદિ સુખવાળો છે. ॥૧૭॥ જેની બુદ્ધિ અવળી થયેલી છે, તે એ દેહને પોતાનો માને છે. તેને ત્રિગુણી માયા તથા તેનો પરિવાર પોતાના પાશમાં બાંધે છે. ॥૧૮॥ તે આત્માને કોઈ માતા નથી, કોઈ પિતા નથી, કોઈ ભાઈ નથી, કોઈ પતિ નથી, કોઈ પુત્ર નથી, કોઈ સ્ત્રી નથી, આત્મા સત્યરૂપ છે, તે આખા દેહમાં ફરે છે તથા દેહથી જુદો થઈને પણ રહે છે. ॥૧૯॥ એટલા માટે પોતાના દેહને પોતાનો નહીં માનીને કેવળ પુરુષોત્તમ ભગવાનનું સ્મરણ-ભજન કરવું. હંમેશા સાકાર સ્વરૂપ કરુણામૂર્તિ એવા શ્રીહરિનું ભજન કરવું. ॥૨૦॥ તે સાકાર સ્વરૂપ - મસ્તક ઉપર મુગટ ધારેલા, કાનમાં કુંડળને ધારણ કરેલા, ચંદ્ર સમાન મંદહાસ્ય કરતા મુખવાળા, શ્યામ નેત્રકમળવાળા, સુંદર નાસિકાવાળા, સુંદર લલાટવાળા, લાલ હોઠવાળા, શંખસમાન લાંબા ગળાના ભાગમાં



અનેક પ્રકારના હારોને ધારણ કરનાર, પરાત્પર નારાયણ લાંબા હાથવાળા, સુંદર વળાંકવાળા પેટવાળા, કેડ ઉપર કંદોરો ધારણ કરેલાં, ઊંડી નાભિકમળવાળા, કોમળ કેળનાં થાંભલા જેવા ગોળ સાથળવાળા, ગૂંચળા જેવા બંન્ને બાજુઓવાળા ॥૨૧-૨૨-૨૩॥ ષોડશ ઊર્મિઓ સહિત ગુણવાળા, પરવાળા જેવા લાલ ચરણવાળા, કોમળ સુગંધિત ચંદનના લેપ કરાયેલા ચંદનવાળા શ્રીહરિના ચરણનું નિત્ય સ્મરણ રાખવું. ॥૨૪॥ આવી રીતની દૃઢ સ્થિતિવાળા થઈને શ્રીહરિની પ્રેમપૂર્વક ભક્તિ કરનાર જે જનો છે તેઓ આ જગતના કાર્યોમાં વૈરાગ્યવાળા થઈને જગતથી મુક્ત થઈ જાય છે. ॥૨૫॥ એ પ્રમાણે બુદ્ધિમાં દૃઢ નિશ્ચય કરીને અક્ષરધામાધિપતિનું સ્મરણ કરવું. તે સર્વલોકના સ્વામી છે અને કાળમાયાના બંધનમાંથી છોડાવનારા છે. અનંત ઐશ્વર્યવાળા છે. લક્ષ્મીના પતિ છે. ઈચ્છિત સુખ આપનારા છે. જેમનાં ચરણકમળને અનેક અક્ષરમુક્તોનાં જૂથો સેવી રહ્યાં છે. ॥૨૬-૨૭॥ ભૂખ તરસની દરકાર કર્યા સિવાય કંઠમાંથી શ્વાસોશ્વાસની સાથે શ્રીહરિના મંત્રનો સતત જપ કર્યા કરવો. આથી ક્યારેક ભગવાનનાં દર્શન થશે. શૂરવીર થઈને વિચારીને પગલાં ભરતાં થકાં સર્વે ઈંદ્રિયોને ભગવાન શ્રીહરિમાં જોડી રાખવી. ॥૨૮॥કોટી કોટી બ્રહ્માંડોના કારણ, પરમ આત્મસુખના અનુભવમાત્ર, બ્રહ્માદિક દેવતાઓ જેમની ચરણરજ મેળવવા માટે તલપ્યા કરે છે એવા સર્વેશ્વર મહાપ્રભુના સુખનું અખંડ ચિંતવન કરતાં થકાં હંમેશાં પોતાની મતિને યોગેશ્વરમાં જોડી રાખવાથી પરમાત્માનો અનુભવ થાય છે. ॥૨૯॥ મારા આશ્રિતોએ ભક્તિપૂર્વક તે શ્રીહરિનું ભજન કરવું. સર્વ વાસનાઓનો ત્યાગ કરીને શમ, દમ, શાંતિ, તિતિક્ષા આદિ ગુણોવાળા થઈને મારા ભક્તો પરમાત્મામય બની જાય છે. ॥૩૦॥ **શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** આવી રીતે શ્રીહરિનાં ઉપદેશના વાક્યો સાંભળીને તે ઈચ્છારામજીના પુત્રો તથા સંબંધીઓ, ભાઈની પત્ની આદિ સર્વે તે શ્રીહરિને સર્વેશ્વર

માનીને તેમનું ભજન કરવા લાગ્યાં. ॥૩૧॥ શ્રીહરિનાં વચનોથી તેઓના પિતાની મુક્તિ થઈ ગઇ. તેથી તેઓ શોકમુક્ત થઈ ગયાં તથા મોહથી મુક્ત થઈ ગયાં. તેમના બધાં સંબંધીઓ પ્રસન્ન મનવાળાં થઈ ગયાં. ॥૩૨॥ હે રાજન, ત્યાર પછી શ્રીહરિ મહાપ્રભુ પાસે રાજકોટના અંગ્રેજ રાજાનો દૂત જલદીથી આવ્યો તે રાજકોટના અંગ્રેજ ગવર્નરનો પત્ર લઇને આવ્યો હતો. ॥૩૩॥ તે દૂતે લાવેલ પત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાનના હાથમાં આપ્યો ને તે દૂતે હાથ જોડીને શ્રીહરિને પ્રણામ કર્યા. શ્રીહરિએ તે દૂતને અન્ન જમાડીને તેની સરભરા કરાવી. ॥૩૪॥ પછી શ્રીહરિ મહાપ્રભુએ વિદ્વાન બુદ્ધિશાળી સંતો સાથે તે પત્ર બાબતની વિચારણા કરી અને ઉત્તમ આદિ પોતાના પાર્ષદોની સાથે રાજકોટ નગર તરફ જવા લાગ્યા. ॥૩૫॥ શ્રીહરિ મહાપ્રભુ મુક્તાનંદ આદિ સંતો તથા વર્ણિઓથી વિંટાયા થકા તથા માર્ગમાં મનુષ્યોને દર્શનનું સુખ આપતા તેમને દૃષ્ટિનું ફળ આપતા થકા રાજકોટ નગર તરફ પધારતા હતા. ॥૩૬॥ શ્રીહરિ ચાલતા ચાલતા જલદીથી રાજકોટનગરે પધાર્યા અને રાજાના નિવાસસ્થાન-મહેલ પ્રત્યે આવ્યા ત્યારે ગવર્નર અંગ્રેજ રાજા શ્રીહરિને જોઈને મનમાં ખૂબ જ આનંદ પામવા લાગ્યો. ॥૩૭॥ ત્યારે તે શ્રીહરિ ભગવાન તથા તેમની સાથે આવેલ સંતો પાર્ષદોને માટે ઉતારાની સગવડ કરી આપી. અંગ્રેજ ગવર્નર પોતાના રાજમંત્રીઓની સાથે શ્રીહરિ તથા સંતોની સેવા કરવા લાગ્યા. ॥૩૮॥ ત્યાર પછી તે રાજા પોતાના નિવાસસ્થાન મહેલમાં - જે મહેલ જાતજાતના કાચ તથા હીરામણિઓથી શણગારેલો છે - તેમાં જાતજાતના પાથરણાં પાથરેલાં હતાં તેમજ કોમળ પથારીઓ તૈયાર કરેલી હતી. ॥૩૯॥ તે રાજાએ તે મહેલમાં શ્રીહરિ ધર્મનંદન ભગવાનને પ્રેમપૂર્વક ઉતારો આપ્યો અને પોતાના મસ્તક પરના ટોપાને હાથમાં લઈને તે રાજા શ્રીહરિ આગળ ઊભો રહ્યો. ॥૪૦॥ શ્રીનારાયણ મુનિ ભગવાન ત્યાં તે રાજાના મહેલમાં મોટા આસન ઉપર



મોટા તકિયા ગાલમશૂરીયાં મૂકેલાં હતાં, તે ઉપર બિરાજમાન થયા. ॥૪૧॥ શ્રીહરિની આગળ ઉત્તમ રાજા આદિ પોતાના પાર્ષદો આવીને બેઠા. તે રાજા શ્રીહરિને પ્રેમભાવથી આનંદપૂર્વક પૂજવા લાગ્યા. ॥૪૨॥ હે રાજન ! તે ગવર્નરે શ્રીહરિને કેશરયુક્ત સુગંદિત ચંદન વડે અર્ચા કરીને પછી સર્વે સેવકોને અર્ચા કરી, તથા શ્રીહરિમહાપ્રભુને ગુલાબના હારો કંઠમાં પહેરાવીને, મસ્તક ઉપર પાઘ અર્પણ કરી.પાઘ ઉપર ગુલાબના હારના તોરા ધારણ કરાવ્યા, તથા હાથમાં ફૂલના કંકણ બાંધ્યા. ॥૪૩-૪૪॥ શ્રીહરિની સાથે આવેલ સર્વે સાથીદારોનો તે રાજા પ્રેમભક્તિથી સુગંધી દ્રવ્યો વડે તથા ફૂલના હારો પહેરાવીને બહુ સત્કાર કરતા હતા. ॥૪૫॥ શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ તે ગવર્નર રાજાને ધર્મ સંબંધી તથા ભક્તિ સંબંધી શ્રેષ્ઠ જ્ઞાન આપવા લાગ્યા. તેમજ ભગવત્‌સ્વરૂપનું જ્ઞાન આપવા લાગ્યા. તે રાજા શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ પાસે સન્મુખ બેસીને તે જ્ઞાન પ્રેમભક્તિપૂર્વક સાંભળવા લાગ્યા. ॥૪૬॥ સ્વામિનારાયણ પ્રભુના મુખથી અમૃત સમાન મધુર વાણીને સાંભળીને તે રાજા પ્રભુને ત્રિલોકીના સ્વામી પૂર્ણપુરૂષોત્તમ નારાયણ માનતા હતા. તે રાજા પ્રેમભાવમય બનીને હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. ॥૪૭॥ **ગવર્નર રાજા સ્તુતિ કરે છે** : હે મહારાજ ! આપ તો સાક્ષાત્ નારાયણ છો. સર્વે દેહધારી જીવોના કલ્યાણ કરવા તથા સત્પુરૂષોનું રક્ષણ કરવા આપ ધર્મભક્તિના ઘરે અવતાર ધારણ કરીને પધાર્યા છો. ॥૪૮॥ હે મહાપ્રભુ ! હે મારા નાથ ! મારા શત્રુ એવા જે મારા અંતઃકરણના વિકારો-તેમના મસ્તકો કાપીને મારું રક્ષણ કરો. એટલી મારી ઉપર કૃપા કરો. હે સંતોના નાથ ! આપ સર્વ જીવ પ્રાણીઓનું કલ્યાણ કરો. સર્વ પ્રજાનું દુઃખો થકી રક્ષણ કરીને તેમના અંતઃકરણને આપનામાં જોડીને કલ્યાણ કરો. ॥૪૯॥ હે હરે ! દેવતાઓ આપનું અખંડ સ્મરણ કરે છે. તથા મુનિઓ વનમાં બેસીને હૃદયમાં આપનું અખંડ ધ્યાન કર્યા કરે છે. એવા પરાત્પર પુરૂષોત્તમ

આપને હું નમસ્કાર કરું છું. મુનિઓ અનંત યુગો સુધી આપનું ધ્યાન કર્યા કરે છે, એવા હે પ્રભુ ! આપના કોમળ ચરણકમળનું સેવન કર્યા કરું. હે અનંત રસોના સર્જનહાર ! આપ મારા અંતઃકરણમાં હંમેશા વાસ કરીને મને શાંતિ આપો. ||૫૦|| આવી રીતની તે રાજાની પ્રાર્થના સાંભળીને પ્રસન્ન થઈને તે ગવર્નર રાજાને શ્રીહરિ સારરૂપ હિતના વચનો કહેવા લાગ્યા. ||૫૧|| હે રાજન ! આ અમારા સેવક ઉત્તમ, તે તમોને એક સારો ઘોડો આપે છે તે તમો સ્વીકારો. તે પ્રમાણે શ્રીહરિનું વાક્ય સાંભળીને નીચું મુખમસ્તક કરીને તે રાજા કહેવા લાગ્યો. ||૫૨|| હે મહારાજ ! આપે તો અમોને ઘણું ઉત્તમ આપ્યું અને અમોને ઉપદેશ આપીને અમારા જીવનું કલ્યાણ કર્યું તથા આપ સ્વામિનારાયણ પ્રભુ સ્વયં મુનિપાર્ષદોની સાથે મારા ઘરે પધાર્યા એ અમારા ઉપર મહાકૃપા કરી. આપ હંમેશા અમારા ઘરે વાસ કરો એવી દયા કરો. ||૫૩|| એવી રીતનાં વચનો કહીને તે ગવર્નર રાજા શ્રીહરિને તથા સર્વ સંતમંડળને દંડવત્ પ્રણામ કરીને આનંદ પામતો થકો શ્રીહરિની સામે ઊભો રહ્યો. ||૫૪|| હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ તે રાજા ગવર્નરને કલ્યાણનું વરદાન આપીને સર્વ મુનિમંડળ તથા પાર્ષદ પદાતિઓની સાથે ગઢપુર જવા નીકળ્યા. ||૫૫|| ગઢપુરમાં એક દિવસ રામશરણના પુત્ર નારાયણપ્રસાદને જનોઈ ધારણ કરવાની યોગ્ય ઉંમર થવાથી શ્રીહરિએ યજ્ઞોપવીત સંસ્કાર કર્યો. ||૫૬|| એવી રીતે ભક્તિધર્મના પુત્ર શ્રીઘનશ્યામ મહાપ્રભુ પોતાના ભક્તજનોને આત્યંતિક સુખ આપતા હતા. તથા ગઢપુરમાં નિવાસ કરીને આત્મીયજનોને પોતાની રહસ્યમય વાત પોતાના ભક્તજનોને કરતા હતા. ||૫૭||

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ મુનિરચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ મહાપ્રભુ રાજકોટ પધાર્યા, ત્યાંથી ગઢપુર આવ્યા એ નામે એકસોમો અધ્યાય થયો. ||૧૦૦||**



## || અધ્યાય - ૧૦૧ ||

**બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન, શ્રીનારાયણમુનિ ભગવાન ત્યાં ગઢપુરમાં રહીને જીવોના કલ્યાણ કરવા માટે અનેક પ્રકારના ચરિત્રો કરતા હતા. ||૧|| **રાજા કહે છે :** હે સ્વામી ! તમોએ આગળ ભગવાનનાં રહસ્યોવાળાં ચરિત્રો અમોને કહ્યાં એવાં બીજાં ચરિત્રો પણ અમને સંભળાવો. ||૨|| આ વ્યક્તિ સહજાનંદ સ્વામીનો આશ્રિત છે એટલાથી તેને મુક્તિ મળે છે, એવા મુક્તિદાતા શ્રીહરિ જીવોના કલ્યાણ માટે જ આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને વિચરે છે એ પ્રમાણે હું જાણું છું. ||૩|| **બ્રહ્માનંદ સ્વામી કહે છે :** શ્રીહરિ કૃપા કરીને પોતાના બન્ને પુત્રોને ઉદ્દેશીને કહેવા લાગ્યા. હે પુત્રો ! તમો ધર્મ જ્ઞાનનાં ન્યાયપૂર્વકના હિતકારી અમૃતવાક્યો હું કહું છું તે તમો સાંભળો. ||૪|| હે ભક્તો ! તમારે મંદિરમાં રહીને ભક્તિ કરતી કે ન કરતી કોઈ પણ સ્ત્રીઓને ઉપદેશ આપવો નહીં તથા પોતાના નિકટના સંબંધ સિવાયની સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહીં તથા તેમની સાથે વાતો પણ કરવી નહીં. ||૫|| ક્યારેય તમારે હથિયાર ધારણ કરવું નહીં તથા બીજા કોઈની થાપણ રાખવી નહીં. કોઈના વ્યવહારિક કાર્યો હોય તો તેમાં સાક્ષી થવું નહીં. ||૬|| આપત્કાળના સમયે ભીક્ષા માગીને જીવનનિર્વાહ કરવો પણ કોઈની પાસેથી કરજ - ઋણ - લેવું નહીં. પોતાના આશ્રિતોએ આપેલ ધર્માદાનું અનાજ ક્યારેય વેચવું નહીં પણ જૂનાનું નવું કરવું. ||૭|| અમારા આશ્રિતો - સર્વ હરિભક્તોના - ધર્મના રક્ષણ માટે આચાર્યોની સ્થાપના કરી છે તે મુજબ તે આચાર્યો પાસે મુમુક્ષુજનોએ દીક્ષામંત્ર લેવા. ||૮|| સર્વ મારા આશ્રિતજનો પોતાના વર્ણાશ્રમના ધર્મપ્રમાણે જે માર્ગદર્શન આપેલ છે તે મુજબ પોતપોતાના ધર્મમાં રહીને યોગ્યતા પ્રમાણે આચાર્ય મહારાજ પાસે સંતની દીક્ષા લેવી. તથા આચાર્ય મહારાજાશ્રીઓએ તેમને સંસ્કૃત ભણાવવાની

સગવડ કરી આપવી તથા સત્શાસ્ત્રોનો અભ્યાસ કરાવવો. ॥૯॥ મોટાં મંદિર બનાવીને તેમાં અત્યારે લક્ષ્મીનારાયણ, નરનારાયણદેવ આદિ દેવોની મેં પ્રતિષ્ઠા કરેલી છે તે દેવોની વિધિપૂર્વક આચાર્યોએ સેવાપૂજા કરવી. ॥૧૦॥ દર્શનપૂજન કરવાની આશાથી કોઈ અતિથિ આવે અથવા અતિથિ અન્નની માગણી કરે તો તેને યોગ્ય આદર આપીને પોતાની શક્તિ પ્રમાણે તેનું યોગ્ય સન્માન કરવું, જમાડીને મોકલવા. ॥૧૧॥ પાઠશાળા બનાવીને તેમાં સારા વિદ્વાન બ્રાહ્મણ રાખીને પૃથ્વી ઉપર સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી. જેથી ધર્મની અભિવૃદ્ધિ થાય. ॥૧૨॥ તમારે બંને આચાર્યોએ હંમેશાં તમારા આચાર્યના કહેલા ધર્મ પ્રમાણે વર્તવું. મારી આજ્ઞાથી મારી કહેલી એકાંતિકી ભક્તિનો પૃથ્વી ઉપર વિસ્તાર કરવો. આ પ્રમાણે તમારે વર્તવું. ॥૧૩॥ બંને આચાર્યોની પત્નીઓએ મારા કહેલા આદેશ મુજબ સર્વે સ્ત્રીઓને શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ આપવો. તેમને ગુરુમંત્ર આપવો. તથા તેઓને હંમેશાં ધર્મમર્યાદામાં રાખીને સત્સંગનો ઉપદેશ આપવો. ॥૧૪॥ સ્ત્રીઓએ પોતાના પતિ સિવાય અન્ય કોઈ પુરૂષનો સંબંધી સિવાયનાઓનો સ્પર્શ કરવો નહીં તથા તેઓની સાથે બોલવું પણ નહીં, તથા તેઓને દૂરથી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જોવા નહીં. તેનો ત્યાગ રાખવો. કેવળ નિકટના સંબંધીઓની સાથે જ બોલવું. ॥૧૫॥ ગૃહસ્થ પુરૂષોએ વિધવા સ્ત્રીઓનો ક્યારેય સ્પર્શ કરવો નહીં તથા માતા, બહેન, દીકરી સાથે એકાંતમાં ક્યારેય પણ રહેવું નહીં. ॥૧૬॥ ઘરે આવેલ અતિથિને પોતાની શક્તિ મુજબ સરભરા કરીને તેનું સન્માન કરવું. દેવસંબંધી તથા પિતૃસંબંધી કોઈપણ પ્રકારનું કાર્ય કરવાનું હોય તેને તુરત જ કરી નાંખવું. તેમાં ઢીલ રાખવી નહીં. ॥૧૭॥ માતા, પિતા, ગુરૂ તથા દરદથી પીડાતા રોગી મનુષ્યની કાયમ માટે સેવાચાકરી કરવી અને શ્રદ્ધાપૂર્વક તેઓની અન્નધન આદિથી સરભરા કરવી. ॥૧૮॥ પોતાના બળ અને શક્તિ પ્રમાણે પોતાના કુટુંબના નિર્વાહ માટે દેશકાળના



વાતાવરણ પ્રમાણે અન્નનો તેમજ ધનનો સંગ્રહ કરવો તથા પોતાના વર્ણાશ્રમને અનુરૂપ યોગ્ય લાગે તેવો અહિંસાયુક્ત ઉદ્યમ કરવો એવું મારું કહેવું છે. ॥૧૯॥ પોતાના પુત્ર અથવા ભાઈ સાથે કોઈપણ લેવડદેવડનું લખાણ સાક્ષી રાખીને કરવું, સાક્ષી સિવાયનું લખાણ દુઃખકારક થાય છે. જમીન, વાહન, દ્રવ્ય આદિનો વ્યવહાર બીજાને આપો તો તેમાં પણ સાક્ષી સિવાય લે-વેચ કરવું નહીં. ॥૨૦॥ મારા આશ્રિતજનોએ હંમેશાં સત્સંગ કરવો તથા હંમેશાં સત્સંગની વૃદ્ધિ માટે સત્શાસ્ત્રો સાંભળવાં-ગાવાં અને એનો અભ્યાસ પ્રેમપૂર્વક કરવો તથા ગૃહસ્થભક્તોએ તીર્થયાત્રા કરવી. વ્રત - ઉપવાસ કરવાં. તપ કરવું. દાન-દક્ષિણા આપવાનું કામ હંમેશાં કર્યા કરવું. ॥૨૧॥ મારા આશ્રિત સત્સંગીઓએ મારા સ્થાપન કરેલાં નરનારાયણ, લક્ષ્મીનારાયણ મંદિરોના સેવાવિકાસ કાર્ય માટે પોતાની આવકમાંથી દશમો અથવા વીસમો ભાગ ધર્માદાનો અવશ્ય આપવો. ॥૨૨॥ અહિંસામય વિષ્ણુયજ્ઞો કરાવવા. વાવ કૂવા બંધાવવા. તથા દેવમંદિર કરાવવાં તેમાં ધન આદિક દાનો આપવાં. તેથી દરેક કાર્યોનો વિકાસ થાય. ॥૨૩॥ સ્વપ્રસમાન આ જગતમાં, ઘરમાં, ખેતરમાં, પશુઓમાં, બધાને નાશવંત સમજી હંમેશાં શ્રીહરિકૃષ્ણના સ્વરૂપમાં વૃતિ રાખીને ભક્તિ કરવી. એવી મારા આશ્રિતોને હું આજ્ઞા કરું છું. ॥૨૪॥ આ પ્રમાણે મારી આજ્ઞા મુજબ જે જન મારી ભક્તિ સત્સંગ કરે છે, તો તે મારા અક્ષરબ્રહ્મધામમાં જાય છે. તે ધામ કરોડો સૂર્યના તેજ કરતાં અધિક તેજવાળું છે. સત્યસ્વરૂપ અનાદિ પરિપૂર્ણ એવા અક્ષરધામને મારા ભક્ત જલદીથી પ્રાપ્ત કરે છે. ॥૨૫॥ હું મારા ભક્તોની પ્રેમયુક્ત એકાંતિકી ભક્તિથી વશ થઈ જાઉં છું. જેઓ પોતાનું મન મારે વિશે જોડીને મને સમર્પિત થઈ જાય છે, તેને હું વશ થઈ જાઉં છું. ॥૨૬॥ હે રાજન ! રાજાઓ જે મારા આશ્રિતો છે તેમણે ધર્મશાસ્ત્રની આજ્ઞા અનુસાર પોતાની પ્રજાનું હંમેશાં પાલન કરવું. જેમ પોતાના પુત્ર પરિવારનું પાલન

રાજા કરે તેમ પોતાના રાજ્યની પ્રજાનું પાલન કરવું. ॥૨૭॥ સુવાસિની સ્ત્રીઓએ પોતાના પતિ તરફ ભગવાનની માફક દેવબુદ્ધિ રાખવી. તેની સેવા શુશ્રૂષા કરવી. પોતાના પતિ તરફ પરમાત્મા બુદ્ધિ રાખી સેવા કરવી. પોતાનો પતિ આંધળો હોય, રોગી હોય, તો પણ તેની પૂજ્યપણે સેવા કરવી. ॥૨૮॥ પોતાના પતિ સિવાય બીજો પુરૂષ અતિ રૂપવાન હોય, ગુણવાન હોય, ધનવાન હોય તો પણ તેને મળ, મૂત્ર, હાડકાંનું હાડપિંજર ગણીને જોવો. ॥૨૯॥ સ્ત્રીએ ગર્ભપાત કરાવનારી, વ્યભિચારિણી, ખરાબ લક્ષણવાળી સ્ત્રીનો ત્યાગ કરવો કેમકે જેને ભગવાનની ભક્તિ કરીને પરમપદ અક્ષરધામમાં જવું છે તેણે જીવનમાં આ પ્રમાણે પાળવું. ॥૩૦॥ જેનો પતિ મરી ગયો છે, એવી વિધવા સ્ત્રીઓએ પોતે આત્મસ્થિતિમાં રહીને પરમાત્મા શ્રીહરિને પોતાના પતિ માનીને સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન પૂજન હંમેશાં કર્યા કરવું. ॥૩૧॥ વિધવા સ્ત્રીઓએ હંમેશાં વ્રતનિયમોનું પાલન કરીને દેહને કસ વિનાનો કરવો, એક વખત જમવું, જમીન પર પથારી કરીને સૂવું. અને નિત્ય પ્રત્યે ભગવાનની ભક્તિ કરવી. ॥૩૨॥ વર્ણીબ્રહ્મચારીઓએ હંમેશાં બ્રહ્મચર્યવ્રતમાં અષ્ટપ્રકારના બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીને, મારા સ્વરૂપમાં મન જોડીને અખંડ મારું સ્મરણ કર્યા કરવું. ॥૩૩॥ શમ, દમ, તપ, શૌચ, આત્મા - પરમાત્માનું જ્ઞાન તથા ધ્યાન, વૈરાગ્ય, ક્ષમા, શાંતિ આ પ્રમાણેના સાત્ત્વિક ગુણોનું હંમેશાં પાલન કરવું. ॥૩૪॥ પાન ખાવાં નહીં, તમાકુ તથા તમાકુમાંથી બનાવેલી વસ્તુઓનો, તમાલપત્રનો ત્યાગ કરવો, દ્યૂતકર્મ કરવું નહીં, શરીર પર તેલનું માલિશ કરવું નહીં, હથિયાર ધારણ કરવાં નહીં. ॥૩૫॥ સ્નાન, સંધ્યા, શ્રીહરિનું પૂજન, સ્વાધ્યાય, માનસી પૂજા કરીને તેમાં દેવોનું અર્ચન કરવું તથા ભોજન વૈશ્વદેવને અર્પણ કરીને બ્રહ્મચારીઓએ ભોજન લેવાનો નિયમ રાખવો. ॥૩૬॥ સાધુપુરૂષોએ કૃપા આદિક બત્રીસ લક્ષણોનું અનુસંધાન રાખીને તે પ્રમાણે વર્તવું અને



હંમેશાં જ્ઞાન, વૈરાગ્ય, સ્વધર્મમાં રહીને આત્મશ્રેય કરવું. ॥૩૭॥ નિષ્કામશુદ્ધિમાં કહેલ બ્રહ્મચર્ય ધર્મનું પાલન કરતા થકા વર્તવું તે સાધુઓનું આભૂષણ કહેલ છે. ભારે કીંમતી વસ્ત્રને શરીર ઉપર ક્યારેય ધારણ કરવાં નહીં. ॥૩૮॥ મારા આશ્રિત ત્યાગીએ ભીક્ષા અથવા સત્સંગ સભાના નિમિત્ત સિવાય કોઈપણ ગૃહસ્થના ઘરે જવું નહીં. ભગવાનના ભજન-કીર્તન સિવાય ખોટો સમય બગાડવો - વિતાવવો નહીં. પૂરેપૂરો સમય ભગવાનના ભજનમાં જ વિતાવવો. ॥૩૯॥

મારા સંતોએ મારે વિષે પ્રીતી રાખીને મારાં કહેલ વચનો પ્રમાણે વર્તતાં થકાં મારાં ચરિત્રોની કથા સાંભળવી અથવા કહેવી. આ બધું આનંદયુક્ત મનવાળાં થઈને કરવું. ॥૪૦॥ મારા સાધુઓએ મારું ધ્યાન કરવામાં તથા મારું સ્મરણ કરવામાં તથા અંદરોઅંદર જ્ઞાનચર્ચા કરવામાં આનંદિત મનવાળા થઈને શાંત ચિત્તથી ઉત્સાહપૂર્વક વિચારતા થકા રહેવું. ॥૪૧॥ સર્વેને ઉત્પન્ન કરનાર, સર્વને ધારણ કરનાર, સર્વનું પાલન કરનાર હું જ છું, સર્વને બોલાવનારો હું જ છું. મારી ઈચ્છાથી બધુ થાય છે, સ્થાવર જંગમ સર્વે મારી ઈચ્છાથીજ થાય છે, સર્જાય છે, દેખાય છે. ॥૪૨॥ આવી રીતના શ્રીહરિ પૂર્ણપુરૂષોત્તમના મહિમાને સમજીને જગતની આશાતૃષ્ણામય માયાને તુચ્છ સમજીને, તેનો ત્યાગ કરીને, ભગવાનના સ્વરૂપનો આશ્રય કરીને સંસારસાગરને તરી જવું. ॥૪૩॥ જેવી રીતે મુનિઓ મારા સ્વરૂપમાં પોતાની મનોવૃત્તિને જોડીને પ્રેમપૂર્વક મારા સ્વરૂપનું અખંડ ધ્યાન ધરે છે તેવી રીતે ગૃહસ્થોએ સાંસારિક ઉદ્યોગમય વાતાવરણમાંથી વૈરાગ્યવાન બનીને મારો આશ્રય કરવો. જેથી તમો મારા ધામને પામીને સુખી થશો. ॥૪૪॥ હું હંમેશાં સંતમાં તથા મારી પ્રતિમામાં નિવાસ કરીને રહીશ. મારા આશ્રિતોએ મારા ચરણનો આશ્રય કરીને ભજન કરવું અને મેં સ્થાપન કરેલા આચાર્યોની આજ્ઞાનું પાલન કરવું તથા તેમની પાસેથી જ્ઞાન મેળવવું. તે પ્રમાણે સત્સંગનો આશ્રય કરીને મારી ભક્તિ કરવી. ॥૪૫॥ **બ્રહ્માનંદ**

**સ્વામી કહે છે :** હે રાજન ! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના આશ્રિતોને આવી રીતનો ઉપદેશ આપીને પોતાના ઐશ્વર્યથી ધર્મમર્યાદામાં રાખીને મનુષ્યરૂપે વિચરતા એવા મહાપ્રભુ મૌન રહ્યા ॥૪૬॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રીહરિ સહજાનંદ સ્વામીના ચરણાનુરાગી કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રી ભક્તિશાસ્ત્ર, શ્રી હરિલીલા સુધાકરમાં શ્રીહરિ મહાપ્રભુએ આચાર્ય, સાધુ, સત્સંગીઓને પોતપોતાના ધર્મ સંબંધી ઉપદેશ આપ્યો એ નામે એકસોએકમો અધ્યાય થયો. ॥૧૦૧॥**

## ॥ અધ્યાય - ૧૦૨ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** આવી રીતે સર્વેને યોગ્ય ઉપદેશ આપનાર શ્રીહરિના ચરિત્રના પારને જીવાત્મા તો શું દેવતાઓ પણ પામી શકતા નથી. યોગથી, વિદ્યાથી, બુદ્ધિથી, તપથી તથા વેદવેદાન્તના જ્ઞાનથી પણ શ્રીહરિને પૂરા જાણી શકાતા નથી, એવા પૂર્ણપુરૂષોત્તમ પરબ્રહ્મ શ્રીહરિ છે. ॥૧॥ એવા તે શ્રીહરિ મહાપ્રભુ મને(બ્રહ્માનંદ સ્વામીને) બોલાવીને આ પ્રમાણે કહેવા લાવ્યા. મનુષ્યલીલા કરવા લાગ્યા. હે મુનિ, તમો મારી આજ્ઞાથી અત્યારે જુનાગઢ જાઓ. ॥૨॥ ત્યાં તમે મંડળ લઈને જાઓ. મંદિરનું અધુરું કામ પુરું કરો. કામ પૂરું કર્યા સિવાય કોઈ સાધુએ આ બાજુ આવવાની કોઈ પ્રકારની ઈચ્છા કરવી નહીં અને આ બાજુ આવવું નહીં. ॥૩॥ તમારે હંમેશાં મારાપરાયણ રહેવું. અખંડ મારું સ્મરણ કર્યા કરવું. સર્વે ધાર્મિક સ્થિતિવાળા ધર્મનું પાલન કરનારા સર્વે મારાપરાયણ જ છે. મારા સિવાય કોઈ કાંઈ કરી શકે તેમ નથી. તેથી તમારે હંમેશા મારા ચરિત્રોનું સ્મરણ કરતા થકા મારામાં ચિત્ત જોડી



રાખવું. ॥૪॥ હંમેશાં આત્માનંદમાં મસ્ત રહી આત્મસ્થિતિથી સત્સંગનું પાલન-પોષણ કરવું. સત્સંગની વૃદ્ધિ કરવી તથા ઉદાસીન વૃત્તિવાળા થઈને જગતના વસ્તુ પદાર્થોથી અલિપ્ત રહેવું. ॥૫॥ તમો દૂર રહેતા હોવા છતાં મારી અખંડ અનુસ્મૃતિથી મને પાસે જ માનજો. હું અખંડ તમારી સાથે જ છું. અક્ષરધામમાં હોઉં તે છતાં મારા સ્વરૂપની દૃષ્ટિ આદિ તમારી સાથે દિવ્ય સ્વરૂપે દર્શન આપતો થકો તમારી સાથે રહીશ. ॥૬॥ એટલા માટે હે તપસ્વી બ્રહ્માનંદ, તમો મારી આજ્ઞાથી અહીંથી જલદીથી નીકળી જાઓ, બીજા સાધુઓ કરતાં મારા વિશે અધિક એકાત્મતાથી હું હંમેશાં તમારી સાથે જ રહીશ. ॥૭॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** મનુષ્ય સ્વરૂપ ધારણ કરી પૃથ્વી ઉપર વિચરણ કરનાર શ્રીહરિ સહજાનંદ સ્વામીએ મને બોલાવીને છેતરીને આ લોકનો ત્યાગ કરવાની ઈચ્છાથી જૂનાગઢ જવાનું કહીને શ્રી ઘનશ્યામ મહારાજ મૌન થઈ ગયા. ॥૮॥ ત્યારે હું એમના કપટયુક્ત વચનો સાંભળીને મારા મનમાં ખૂબ જ દુઃખી થવા લાગ્યો. શ્રીહરિએ મને ધર્મસંકટમાં નાખી દીધો. તેથી હું ખૂબ જ ઊંડા વિચારમાં ઊતરી ગયો. મને બોલવાનું પણ સ્મરણ રહ્યું નહીં. ॥૯॥ શ્રીહરિએ મને જવાનું કહ્યું તેથી તેમના વિયોગને લીધે મન સાવ પીગળી ગયું. તેથી મારે બોલવાની પણ હોંશ રહી નહીં. આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. કંઠમાં ડૂમો ભરાઈ ગયો. હું ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુના ચરણમાં પડી ગયો. ॥૧૦॥ આંસુના પ્રવાહથી શ્રીહરિનાં ચરણોને ભીના ભીના કરી નાખ્યા. શ્રીહરિએ મને બે હાથથી ઊભો કરીને બાથમાં ખૂબ પ્રેમપૂર્વક દાબીને ભક્તો ઉપર કૃપા કરનારા શ્રીહરિ મને સમજાવવા લાગ્યા. ॥૧૧॥ શ્રીહરિ મને છાતી સાથે દાબીને, મારા મસ્તક ઉપર એક હાથ મૂકીને કરૂણાનિધિ અભય વચન આપવા લાગ્યા. ॥૧૨॥ પ્રેમમય વાણીથી ગંભીરતાપૂર્વક મને કહેવા લાગ્યા કે હે બ્રહ્માનંદ ! તું શું વિચારે છે ? હું કાંઈ આ પૃથ્વી છોડીને જવાનો નથી. હું તો સર્વ આત્માઓમાં નિવાસ કરીને રહેલો છું. તું કાંઇ ચિંતા કરીશ નહીં. ॥૧૩॥ જો હું અનંત

અક્ષરધામમાં જઈશ તો પણ સાકાર મૂર્તિમાન થઈને અહીં જ રહેવાનો છું. હું આ સત્સંગમાં કાયમ માટે રહેવાનો છું. હે મુનિ, હું બીજે ક્યાંય જવાનો નથી. ॥૧૪॥ હે બ્રહ્માનંદ ! તું મને ઉત્સાહિત મનવાળો થઈને મારા આ સ્વરૂપને ચંદન આદિથી અર્ચન કરી રાજી કર. હે મુનિ ! તમો મંડળની સાથે અહીંથી પ્રયાણ કરો. હું તમને ફરીથી કહું છું. તમો આજે જ જૂનાગઢ જાઓ. ॥૧૫॥ એવી રીતનાં શ્રીહરિનાં વાક્યો સાંભળીને હું તે ભક્તિપુત્ર શ્રીહરિને કેસર ચંદન ઘસીને કેસરચંદનનો ભરેલો કટોરો લઈને ઘનશ્યામ પ્રભુને અર્ચન કરવા લાગ્યો. ॥૧૬॥ રાજદરબારના ચોકમાં બિરાજમાન શ્રીહરિને તે ચંદન કટોરામાંથી લઈને શ્રીહરિને સુગંધયુક્ત કરીને સુંદર રીતે લેપ કરીને મારા મનને શાંત કરી દીધું. ॥૧૭॥ શ્રીહરિએ ચંદનના લેપવાળા બંને ચરણો મારી છાતી ઉપર છાપી આપ્યા. પછી લેપવાળા અંગોવાળા શ્રીહરિ મને બાથમાં લઈને ખૂબ પ્રેમપૂર્વક ભેટ્યા. ખૂબ પ્રેમ આપ્યો. ॥૧૮॥ શ્રીહરિએ મને બાથમાં દબાવ્યો તેથી મનમાં ખૂબ જ આનંદ આવ્યો. હું ખૂબ જ ધન્યતાવાળો થઈ ગયો. ખૂબ જ આનંદમગ્ન થઈ ગયો. હું શ્રીહરિનું મુખકમળ મંદ હાસ્યયુક્ત અતિશય શોભાયમાન જોઈને સુખ પામવા લાગ્યો. ॥૧૯॥ મારી સાથે આવનારા સર્વે સંતો મારી અનુમતિ મેળવીને મારી આજ્ઞાથી શ્રીહરિને ચંદનની અર્ચા કરતા હતા. પ્રથમ સર્વજ્ઞાનાનંદ સ્વામીએ અર્ચન કર્યું. ત્યાર પછી તદ્રુપાનંદ સ્વામીએ અર્ચન કર્યું. ॥૨૦॥ તેમના પછી દયાનંદસ્વામીએ અર્ચન કર્યું. ત્યારપછી નિર્દોષાનંદ સ્વામી તથા પ્રબોધાનંદ કવિરાજે અર્ચન કર્યું. ભગવાનના તે સ્વરૂપને અવદાતાનંદ, વિજ્ઞાનાનંદ, અક્ષરાત્માનંદ, સ્વરૂપાનંદ, શુદ્ધજ્ઞાનાનંદ, ઘનશ્યામાનંદ, રઘુનાથાનંદ આદિ સર્વે સંતોએ અર્ચન કર્યું. ॥૨૧-૨૨॥ શ્રીહરિ મહાપ્રભુએ તેમના નિવાસસ્થાને અમોને લઈ જઈને જાતજાતના રસેયુક્ત ભોજનો જમાડ્યાં. ॥૨૩॥ આવી રીતે અમને ભોજન જમાડીને તૃપ્ત કરીને શ્રીહરિ નારાયણમુનિ ભગવાન પોતે અમને આગ્રહ કરીને પ્રેમપૂર્વક જૂનાગઢ મોકલવા લાગ્યા.



॥૨૪॥ શ્રીહરિની આજ્ઞાથી હું મારા મંડળના સંતોની સાથે શ્રીહરિ પૂર્ણપુરૂષોતમનારાયણનું હૃદયમાં ધ્યાન કરતો થકો - મૂર્તિનું સ્મરણ કરતો થકો જૂનાગઢ જવા લાગ્યો. ॥૨૫॥ જૂનાગઢ જઈને ધર્માત્મજ શ્રીહરિની આજ્ઞા મુજબ મંદિરનો મંડપ ખૂબ જ સારો શોભાયમાન, વિશાળતાવાળો, અદ્‌ભુતતાવાળો બનાવરાવીને તૈયાર કર્યો. ॥૨૬॥ આ બાજુ ગઢપુરમાં શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુ પોતાના શરીરનો ત્યાગ કરવાની ઈચ્છાથી પોતાના શરીરમાં મંદવાડને ગ્રહણ કરીને અતિશય જ્વરને (તાવ)ગ્રહણ કર્યો. ॥૨૭॥ આ મંદવાડના સમાચાર જાણીને સર્વે સાધુઓ તથા સર્વે સત્સંગીઓ ત્યાં આવવા લાગ્યા. સ્ત્રીઓ તેમજ બીજા પોતાના આશ્રિતો સધવા - વિધવા બાઈઓ બધાં જ ત્યાં આવવા લાગ્યાં. ॥૨૮॥ આ બધાએ સંતોના સ્વામી શ્રીહરિને તેમના નિવાસસ્થાને પથારી ઉપર સૂઈ રહેલા જોયા. ગોપાળાનંદ સ્વામીને શ્રીહરિએ બોલાવ્યા. શ્રીહરિ ગોપાળાનંદ સ્વામીને કહેવા લાગ્યા. ॥૨૯॥ હે યોગીરાજ, તમો મારી નાડી તપાસીને કહો કે તે કેવી રીતની ચાલે છે ? તમો મારી નાડી બરાબર તપાસીને પરીક્ષા કરો કે તે કેવી રીતની ચાલે છે ? ॥૩૦॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** શ્રીહરિકૃષ્ણ, પ્રભુનાં આવા વચનો સાંભળીને યોગીન્દ્ર એવા ગોપાળાનંદ સ્વામી મહાપ્રભુના જમણા હાથની નાડી જોવા લાગ્યા. પણ જમણા હાથમાં તેમને નાડી પકડવામાં ન આવી. ઘણા પ્રયત્નો કર્યા છતાં નાડી ન પકડી શકાણી. તેથી વિચાર કરવા લાગ્યા. ॥૩૧॥ ગોપાળાનંદ સ્વામી આશ્ચર્ય પામતા થકા શ્રીહરિમહાપ્રભુને હાથ જોડીને કહેવા લાગ્યા. હે મહાપ્રભુ ! આપના શરીરમાં તો નાડી દેખાતી જ નથી. ॥૩૨॥ શ્રીહરિ મહાપ્રભુ સ્વામીનું કહેવું સાંભળીને કહેવા લાગ્યા કે હે મુનિ ! મારી નાડી તો જતી રહી છે એટલે હે મુનિ ! હું તમોને મારા સ્વરૂપ સંબંધી મહાજ્ઞાન કહું છું તે સાંભળો. ॥૩૩॥ હે ગોપાળાનંદજી ! તમો તો મારા વચનમાં સ્થિતિવાળા છો, તેથી મારા જેટલા જ ઐશ્વર્ય શક્તિવાળા છો. તમો યોગમાર્ગના પુરા જ્ઞાની છો. તમો બંને દેશ - અમદાવાદ તથા વડતાલના

મધ્યસ્થી રહીને બંને દેશના સત્સંગીઓનું હિત કરજો. ॥૩૪॥ મારા સ્વરૂપના માહાત્મયને સમજાવતા થકા, ધર્મ, જ્ઞાન વૈરાગ્ય, ભક્તિની પ્રવૃત્તિ કરતા થકા મારા સ્વરૂપના અનુસંધાનપૂર્વક નિત્ય ધ્યાન કરતા થકા પૃથ્વી ઉપર કાયમ ફરતા રહેજો. ॥૩૫॥ હે સ્વામી ! મારા ભાઈઓ કરતાં મારા આશ્રિત સંતો મને અધિક પ્રિય છે. તમો આ સત્સંગમાં સર્વશ્રેષ્ઠ છો તથા ભક્તિ પણ અધિક કરનારા છો. ॥૩૬॥ **બ્રહ્માનંદ સ્વામી કહે છે :** ગોપાળાનંદ સ્વામી શ્રીહરિના કહેલાં વચનો સાંભળીને શ્રીહરિનારાયણ પ્રભુને કહેવા લાગ્યા. હે નારાયણમુનિ મહાપ્રભુ ! હે ધર્માત્મજ ! હે સહજાનંદ સ્વામી ! હે સત્પતિ ! તમે તો સાક્ષાત્ પરબ્રહ્મપુરૂષોત્તમ છો. અક્ષરધામના મુક્તો, નિગમાગમ સર્વે આપનાં સ્તુતિગાન કર્યા કરે છે. આપ અક્ષરધામથી પૃથ્વી ઉપર ભક્તિધર્મના ઘરે પધાર્યા એવા આપ મહાન છો. ॥૩૭ -૩૮॥ આપ માયાના અંધકારરૂપ અજ્ઞાનનો નાશ કરનારા સર્વ કારણના કારણ છો. બ્રહ્મધામમાં નિવાસ કરીને સર્વ મુનિઓના આપ સર્વોપરી નાથ છો. ॥૩૯॥ એવી રીતે બોલતા યોગીન્દ્ર ગોપાળાનંદ સ્વામી સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીહરિકૃષ્ણપ્રભુને કહેવા લાગ્યા. તથા વિરહઆગમાં બળવા લાગ્યા. ॥૪૦॥ હે મહારાજ ! આપ આવી રીતે શા માટે ખોટી લીલાઓ કરો છો ? આવું કરવાનું શું પ્રયોજન છે ? અત્યારે જ સત્સંગમાં ખબર પડશે તો સર્વ સત્સંગ સમાજમાં સર્વ સત્સંગીઓના નાડીપ્રાણ નિરર્થક બની જશે. ॥૪૧॥ હે મહારાજ ! સર્વ સત્સંગીઓના તો આપ જીવનપ્રાણ છો. આપના વિના સત્સંગીઓ પોતાના પ્રાણ કેવી રીતે ટકાવી રાખશે ? સર્વે સંતો - સત્સંગીઓ આપના આધારે જ જીવે છે. ॥૪૨॥ આવી રીતે બોલતા તે ગોપાળાનંદ સ્વામીને રોકીને શ્રીહરિ ઠપકાના વચનોથી વઢતા થકા કહેવા લાગ્યા. હે મુનિ ! તમને મેં બંને દેશના સત્સંગ સમુદાયના મધ્યસ્થી કર્યા છે. તેથી મારું ચિંતવન કરતા સત્સંગને સ્થિર કરો. ॥૪૩॥ હું તો સાક્ષાત્ નારાયણ છું. સર્વે દેહધારીઓનો હું ભગવાન છું. તેથી કોઈપણ મનુષ્ય પોતાના નાકની



નસકોરી પણ ન ફોડે એ ખાસ ધ્યાન રાખવાનું છે. મારી આજ્ઞાનો ભંગ કરીને જો કોઇ સત્સંગી પોતાની યોજના પ્રમાણે પ્રાણ છોડશે તો તે આ લોકમાં હાંસીપાત્ર થશે. મારી પાછળ પ્રાણનો ત્યાગ કરીને જે કોઈ સત્સંગી ધામમાં આવશે તેને હું પાછો મોકલીશ. તેને ધામમાં રહેવા નહીં મળે. તે અધોગતિને પામશે. ॥૪૪ -૪૫॥ જે બળપૂર્વક પ્રાણ છોડશે તે ઘણા લાંબા સમય સુધી પશુયોનિમાં ભમશે, ત્યાં બહુ જ દુઃખ પામશે. તથા ભૂત, પ્રેત, બ્રહ્મરાક્ષસની યોનિમાં જઈને મહાપીડા ભોગવશે. ॥૪૬॥ ત્યાર પછી ભજનાનંદ સ્વામીને બોલાવીને શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી કહેવા લાગ્યા, જે કોઈ મારી પાછળ દેહ છોડવાની તૈયારી કરતો હોય તેને ઔષધિ - દવા - આપજો તેથી તેને સુવાણ થશે. ॥૪૭॥ **શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે :** એ પ્રમાણે પોતાના સંતોને શ્રીહરિ મહાપ્રભુ સમજાવીને ધર્મનંદન મહાપ્રભુએ પૃથ્વી ઉપર શયન કર્યું. પૃથ્વી ઉપરનાં પોતાનાં ચરિત્રોને પૂર્ણ કરીને મહાપ્રભુ માનુષી તનુનો ત્યાગ કરવા લાગ્યા. ॥૪૮॥ આવી રીતે શ્રીહરિના દેહત્યાગના આશય જાણીને સર્વે લોકના સ્વામી, દિક્પાલો, સ્વર્ગાદિ દેવતાઓ, સર્વે ઈશ્વરો, સર્વે મુક્તો વગેરે ત્યાં આવવા લાગ્યા. ॥૪૯॥ ત્યારે આકાશમાં ચારે બાજુ વિમાનો છવાઈ ગયાં. ત્યારે આકાશમાંથી દેવો ફૂલોની વર્ષા કરવા લાગ્યા. તથા દુદુંભિ આદિ વાજિંત્રો વગાડવા લાગ્યા. ॥૫૦॥ બ્રહ્માદિ સર્વે દેવો શ્રીધર્મનંદન ઘનશ્યામ મહાપ્રભુને હાથ જોડીને વંદન કરતા થકા પોતાના લોકમાં લઈ જવા માટે શ્રીવેદસ્તુતિથી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. ॥૫૧॥ **દેવતાઓ સ્તુતિ કરતા થકા કહે છે :** હે સર્વેશ્વર ! સર્વ ગુણના નિધિ, હે નારાયણ ! તમે તો બદ્રિકાશ્રમના સ્વામી છો તમે ભક્તિધર્મના પુત્રરૂપે પ્રગટીને નૈષ્ઠિક બ્રહ્મચારીવ્રત લઈને વર્ણીવેશે વિચરણ કર્યું એવા આપના ચરણકમળને વંદન કરીએ છીએ. ॥૫૨॥ કરોડો સૂર્યના તેજથી અધિક તેજાયમાન સ્વરૂપવાળા પરમપુરૂષ એવા અક્ષરધામાધિપતિ, આપ મુક્તોથી વિંટાયા થકા જેમની કીર્તિને મુક્તો હંમેશાં ગાયા કરે છે, એવા હે નાથ !

અમારી ઉપર રાજી થઈને હંમેશાં તમારા સ્વરૂપના દર્શન આપીને સુખ આપો. ॥૫૩॥ આનંદ પુણ્યના પ્રતાપથી આ લોકમાં મુનિઓ આપના ચરણની સેવા કરે છે. એવી મહાતેજોમય મૂર્તિ આપની છે. ભક્તિધર્મના પુત્ર આપ મનોહર અદ્ભુત રૂપવાળા પોતાના સ્વરૂપને પ્રગટ કરતા થકા અનેક દુઃખોના વમળમાં અટવાતા જીવોના ભયને દૂર કરનારા છો. હે પ્રભુ ! આપ અમોને સ્વસ્વરૂપે હંમેશાં દર્શન આપો. ॥૫૪॥ એ પ્રમાણે સ્તુતિ કરતા દેવતાઓને મુનિજનો ત્યાં આવીને જોતા હતા. મુક્તાનંદસ્વામી આદિ સર્વે સંતો ત્યાં શ્રીહરિને જોવા, દર્શન કરવા આવ્યા. ॥૫૫॥ આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ સર્વે દેવોને દર્શન આપીને મહાઅંધકારથી પર પોતાના અક્ષરધામને વિષે પધારીને અક્ષરધામમાં વિરાજમાન થયા. ॥૫૬॥ એવી રીતે ભક્તિધર્માત્મજ મહાપ્રભુએ સંતમુનિઓને સંતોષ આપવા માટે અનેક પ્રકારના ચરિત્રોને કરતા થકા વિચરણ કરીને સુખ આપ્યા. તે ચરિત્રોને જે મનુષ્યો હંમેશાં ગાશે, સાંભળશે, પ્રેમપૂર્વક તેનું સ્મરણ કરશે તે જીવો જરૂર અક્ષરધામને પામશે તે વાત નિશ્ચત છે. ॥૫૭॥ શ્રીહરિ ધર્માત્મજના ચરિત્રોના કીર્તનો ઘણા કવિઓએ રચ્યાં છે તથા અનેક દિવ્ય ચરિત્રો લખ્યાં છે. તેને સાંભળીને, પોતાના જીવનમાં ઉતારીને અનેક જીવો પૃથ્વીનો ત્યાગ કરીને તથા સર્વદુઃખોનો ત્યાગ કરીને મહાસુખરૂપ શ્રીહરિના ધામને પામે છે. ॥૫૮॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તાવનારા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામી રચિત ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિ મહાપ્રભુ માનુષી તનુનો ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા એ નામે એકસોબેમો અધ્યાય થયો. ॥૧૦૨॥**



## ॥ અધ્યાય - ૧૦૩ ॥

**શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :** હે રાજન્ ! શ્રીહરિના અક્ષરવાસ પછી અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરપ્રસાદજી - બન્ને બુદ્ધિશાળી નારાયણ ભગવાનના પુત્રો શ્રીહરિની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરતા હતા. ॥૧॥ તે બંને પુત્રો શાસ્ત્રની રીત મુજબ પોતાના સગાસંબંધીઓની સાથે તથા વર્ણીઓ, સંતો, પાર્ષદો, સત્સંગીઓની સાથે શ્રીહરિની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરતા હતા. ॥૨॥ તેરમાના દિવસે શાસ્ત્રમાં કહ્યા મુજબ શ્રીહરિના પુત્રો ખૂબજ રાજી થઈને બ્રાહ્મણોને મહાદાનો આપીને રાજી કરતા હતા. ॥૩॥ ત્યાર પછી અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરપ્રસાદજીએ તથા સંતો અને બ્રહ્મચારીઓએ ખૂબ ઘી નાખીને ચુરમાના લાડુ સર્વે બ્રાહ્મણોને ખૂબ જમાડી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. ॥૪॥ પોતાના શિષ્યો એવા હરિભક્તોને ખૂબ જમાડીને તૃપ્ત કર્યા તથા બીજા પણ ઘણા મનુષ્યોને સુંદર ભોજનો બનાવીને જમાડીને બંને આચાર્ય મહારાજાઓએ રાજી કર્યાં. ॥૫॥ એવી રીતે પોતાના પિતા ઘનશ્યામ પ્રભુજીની શાસ્ત્રોક્ત રીત પ્રમાણે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીએ ઔર્ધ્વદૈહિક ક્રિયા ખૂબજ ધામધૂમપૂર્વક કરી. ॥૬॥ ઉત્તરક્રિયા કરાવીને અયોધ્યાપ્રસાદજી ગઢપુરથી શ્રીહરિ મહાપ્રભુના આદેશ મુજબ અમદાવાદ પધાર્યા. ત્યાં નરનારાયણદેવના મંદિરમાં પોતાના પરિવાર સાથે રહેવા લાગ્યા. ॥૭॥ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ હું બ્રહ્માનંદ તથા બીજા સંતો તથા ભગુજી આદિ પાર્ષદો સર્વે અયોધ્યાપ્રસાદજી આચાર્યની સેવા કરવા લાગ્યા. ॥૮॥ રઘુવીરપ્રસાદજી પણ શ્રીહરિની આજ્ઞામુજબ વડતાલ પુરીમાં નિવાસ કરીને રહેવા લાગ્યા. નિત્યાનંદ સ્વામી આદિ સંતો તેમની સાથે વડતાલમાં રહેતા હતા. ॥૯॥ વૃંદાવન, ગોપાલ, સીતારામ, બદરીનાથ આદિ ભાઈઓની સાથે વડતાલનગરમાં રહેતા હતા. ॥૧૦॥ અક્ષરાનંદ સ્વામી તથા રતનજી આદિ પાર્ષદો શ્રીહરિની આજ્ઞા મુજબ તે આચાર્ય મહારાજની

ચરણસેવા કરીને તેમને રાજી કરતા હતા. ॥૧૧॥ પોતાના બ્રહ્મચારીઓને આજ્ઞા કરીને શ્રીલક્ષ્મીનારાયણ આદિ દેવોની આચાર્યમહારાજ સેવા કરાવતા હતા. ॥૧૨॥ પોતે ધર્મમર્યાદાનું પાલન કરીને પોતાના આશ્રિત સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ, ગૃહસ્થ હરિભક્તો સર્વેને શાસ્ત્રનો ઉપદેશ આપીને ધર્મની મર્યાદામાં આચાર્ય મહારાજ રાખતા હતા. ॥૧૩॥ મહાયશસ્વી રઘુવીરજી પોતાના દેશમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ આદિકનો ઉપદેશ આપીને સત્સંગનું પોષણ કરીને મહાવિજય કરતા હતા. ॥૧૪॥ પોતાના ભાઈ બદ્રીનાથના પુત્ર ભગવતપ્રસાદને યોગ્ય પાત્ર સમજીને તેમને પોતાના પુત્રસ્થાને લઈને પોતાની ધર્મધુરા ભગવતપ્રસાદજીને સોંપી દેતા હતા. ॥૧૫॥ ભગવતપ્રસાદજી પણ પિતાની માફક આચાર્યપદ મેળવીને શિક્ષાજ્ઞાન સંપાદન કરીને સર્વને ભાગવતી શાસ્ત્રના જ્ઞાનનો ઉપદેશ આપીને સત્સંગને દૃઢ કરતા હતા. ॥૧૬॥ અહીંયાં અમદાવાદમાં અતિ બુદ્ધિશાળી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી શ્રી નરનારાયણ આદિ દેવોની પ્રેમપૂર્વક બ્રહ્મચારીઓ દ્વારા સેવા કરાવતા હતા. ॥૧૭॥ શ્રીહરિની આજ્ઞા મુજબ પોતાના આશ્રિતોને ભાગવતી શાસ્ત્રનો ઉપદેશ આપીને શુભગતિ જીવોને વૈષ્ણવી દીક્ષા આપીને શ્રીહરિની ભક્તિનો ઉપદેશ આપતા હતા. ॥૧૮॥ સત્ય, શૌચ, ક્ષમા આદિનું જ્ઞાન, દયા, આર્જવ, આત્મદૃષ્ટિ, શમ, દમ, તપ, આદિનો અનુભવ, ઉપકાર આદિ શુભ ગુણોનો ઉપદેશ આપીને તેઓને ભગવદ્‌માર્ગમાં જોડતા હતા. ॥૧૯॥ ભવસાગરમાં ભટકતા અનેક જીવોને ભગવતસ્વરૂપનો ઉપદેશ સંતો દ્વારા અપાવીને સત્સંગીજનોને આનંદ આપતા હતા. સત્સંગીઓ ધીરગંભીર મૂર્તિ એવા, હંમેશાં શ્રીહરિના સ્વરૂપમાં ધ્યાનમગ્ન રહેતા એવા તે આચાર્ય મહારાજશ્રીને વસ્ત્રઆભૂષણનું દાન આપીને રાજી કરતા હતા. ॥૨૦॥ શ્રીહરિના પુત્ર એવા તે અયોધ્યાપ્રસાદજી આચાર્ય સ્થાન ઉપર રહીને ઘણાને સુખ આપતા હતા. તેમણે સત્સંગીઓને ઉપદેશ આપીને સત્સંગીઓને દૃઢ બનાવ્યા અને પોતાની ખૂબ જ કીર્તિ વધારી. ॥૨૧॥ નારાયણની પૂજા, અર્ચન, વંદન,



કીર્તન આદિ વડે પોતાના ગુણને વિસ્તારતા થકા પોતાના ઈષ્ટદેવમાં સખાભાવની સ્મૃતિ, દાસ્યભાવની ભક્તિ ઈષ્ટદેવમાં મન જોડીને કરતા થકા સ્વામિનારાયણની ગાદી શોભાવતા હતા. ॥૨૨॥ હંમેશાં શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં પ્રીતિવાળા, બ્રહ્મસ્વરૂપવાળા, અમાપ ઐશ્વર્યવાળા, કરૂણાસભર નેત્રવાળા, સત્ય બોલનારા, પ્રતાપી, કલ્યાણમૂર્તિ એવા અયોધ્યાપ્રસાદજી હંમેશાં પ્રસન્ન મુદ્રામાં રહેતા હતા. ॥૨૩॥ પોતાના દેશનાં નાનાં ગામોમાં ઝુંપડામાં રહેનાર સામાન્ય સ્ત્રીઓ પણ શ્રીહરિની મનોહર મૂર્તિમાં જોડાઈ જતી હતી. આવી સ્ત્રીઓ આચાર્ય મહારાજની આશ્રિત થઈને પોતાના આત્મકલ્યાણ માટે શ્રીહરિની ભક્તિ કરતી હતી. ॥૨૪॥ પોતાના ઈષ્ટદેવના ચરિત્રોનો ઉપદેશ આપીને અનેક જીવોને શ્રીહરિમાં જોડીને સંપ્રદાયની પુષ્ટિ કરતા હતા તથા પોતાના શિષ્યોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી ઉપદેશ આપીને ઉપાસના દૃઢ કરાવતા હતા. ॥૨૫॥ પોતાના મનને ધ્યાનમાં જોડીને શ્રીહરિના ધીરગંભીર સાગર સમાન સ્વરૂપનું સ્મરણ કરીને ભક્તજનોને તે સ્વરૂપમાં જોડતા હતા. જેમ મેઘ જ્યારે વર્ષા કરે છે ત્યારે તેનાથી ગરીબ જીવોને અર્થની પ્રાપ્તિ થાય છે તેમ આચાર્ય મહારાજ પણ નાનામાં નાના ગૃહસ્થને પણ સુખ આપતા હતા. ॥૨૬॥ જેના પ્રતાપથી અગ્નિનો દાહ શાંત થાય છે. એવા ગુરુ સ્થાન પર બિરાજમાન, પોતાના ભક્તોને દિવ્ય સુખ આપનારા આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ સિવાય બીજા કોઈનું નામ અમે સાંભળ્યું નથી. જેમણે પોતાના પરિવાર સાથે મંદિરમાં રહીને સત્સંગીઓને સુખ આપ્યું છે. ॥૨૭॥ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના પુત્ર કેશવપ્રસાદજીને ગુણવાન યોગ્યતાવાળા જાણીને આચાર્યની ગાદી ઉપર બેસારીને પોતે નિવૃત્તિ પામીને ઘણું જ સુખ પ્રાપ્ત કર્યું. ॥૨૮॥ શ્રીહરિના ચરિત્રોના ગ્રંથોનું શ્રવણ કરીને, શ્રીહરિની અનન્ય ભક્તિ કરીને આ પાર્થિવ શરીરનો ત્યાગ કરીને શ્રી અયોધ્યાપ્રસાદજી અક્ષરધામમાં વાસ કરીને શ્રીહરિના સુખને પામતા હતા. ॥૨૯॥ તેમના પુત્ર

કેશવપ્રસાદજી પોતાના પિતાની માફક ધર્મનું બળ લઈને, સત્સંગમાં વિચરણ કરીને, શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન આપીને ભક્તિ માર્ગનું ખૂબ જ સુખ આપતા હતા. ॥૩૦॥ **મુક્તાનંદ સ્વામી કહે છે :** એવી રીતે તે રાજાને સ્વામિનારાયણ ભગવાનના ચરિત્રો સંભળાવીને બ્રહ્માનંદ સ્વામીએ તેમને ખૂબ જ આનંદ આપીને સુખી કર્યા. ॥૩૧॥ ત્યાર પછી બ્રહ્માનંદસ્વામી અમદાવાદથી મુળી પધાર્યા. ત્યાં રાધાકૃષ્ણદેવના મંદિરમાં ઊતર્યા. શ્રીહરિનાં ભક્તિમય ચરિત્રોનું સ્મરણ કરીને શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરતા થકા તેમજ શ્રીહરિનું ભજન કરતા થકા આ પાર્થિવ દેહનો ત્યાગ કરીને શ્રીહરિના ચરણની દિવ્ય સેવામાં પધાર્યા. ॥૩૨॥ એ પ્રમાણે શ્રી બ્રહ્માનંદ સ્વામીએ રામસિંહરાજાને શ્રીહરિનાં ચરિત્રો કહીને ઉપદેશ આપ્યો. તે સર્વ ચરિત્રો શ્રીકૃષ્ણાનંદ સ્વામીએ પોતાના શિષ્યને માટે આ સુંદર ગ્રંથના રૂપમાં બનાવીને હરિસ્વરૂપદાસ નામના પોતાના શિષ્યને આ કથા સંભળાવીને શ્રીહરિની કૃપા પ્રાપ્ત કરી. ॥૩૩ - ૩૪॥ બીજા પણ કૃષ્ણદાસ આદિ તેમના શિષ્યોને આદર થકી સંભળાવી તેથી તે શિષ્યોએ સત્સંગમાં ભગવાનના ચરિત્રો સંભળાવીને આ ગ્રંથનો ફેલાવો કર્યો. ॥૩૫॥ આ ગ્રંથ સાંભળનારને મહાપુણ્ય પ્રાપ્ત થાય છે. ચારે વર્ગના મનુષ્યોને સુખ આપનાર આ ગ્રંથ છે. આ ગ્રંથ હરિ લીલાસુધાકારના નામથી જગતમાં પ્રસિદ્ધ થયેલ છે. ॥૩૬॥ આ ગ્રંથ નિત્ય શ્રવણ કરનારને શ્રીધર્મનંદન શ્રીહરિના સ્વરૂપમાં દૃઢતા થાય છે. પ્રીતિ ઊપજે છે. આ ગ્રંથનું શ્રવણ કરવાથી મુમુક્ષુજનોનો મોક્ષ થાય છે. આ ગ્રંથ શ્રીહરિના ભજનમાં પ્રીતિ કરાવનારો છે. ॥૩૭॥ જે જન શ્રદ્ધાપૂર્વક આ ગ્રંથને વાંચશે તથા મન જોડીને એકાગ્ર ચિત્તે આ ગ્રંથ સાંભળશે તે જન પરમ આનંદ પામીને સુખરૂપ અક્ષરધામને પ્રાપ્ત કરશે. ॥૩૮॥ ધનની આશા રાખનારને આ ગ્રંથ પઠનશ્રવણ કરવાથી ધનની પ્રાપ્તિ થશે. પુત્રની આશાવાળા જીવને આ ગ્રંથ એકાગ્રતાથી શ્રવણ કરવાથી પુત્રની પ્રાપ્તિ



થશે. વિદ્યા પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો શ્રદ્ધાથી આ ગ્રંથ સાંભળે તો તેને શ્રીહરિના પ્રતાપથી ઈચ્છિત વિદ્યા પ્રાપ્ત થશે. ॥૩૯॥ જે જે કામનાઓથી મનુષ્ય આ ગ્રંથનો અભ્યાસ કરશે તેના પ્રતાપથી તે મનુષ્યના સર્વ મનોરથો પૂર્ણ થશે એટલા માટે શ્રદ્ધાથી આ ગ્રંથ- હરિલીલા સુધાકર - જે ભક્ત સાંભળે છે તે પરમ પદને પામે છે. ॥૪૦॥ જે જન આ ગ્રંથનું પુરશ્ચરણ હંમેશાં દેવાલયમાં ભગવાનની સન્મુખ બેસીને કરે છે તેને શ્રીહરિ ભગવાન રાજી થઈને ઈચ્છિત મનોરથ પૂર્ણ કરે છે. ॥૪૧॥ બાર હજાર વર્ષ સુધી સતત ગંગાસ્નાન કરે જે ફળ પ્રાપ્ત નથી થતું તે ફળ શ્રદ્ધાપૂર્વક એકાગ્રતાથી આ ગ્રંથ શ્રવણ કરવા માત્રથી મળી જાય છે. ॥૪૨॥ વૃક્ષોમાં દેવવૃક્ષ પૂજાય છે. નદીઓમાં ગંગા પૂજનીય છે. પથ્થરોમાં ચિંતામણી, ગાયોમાં કામધેનું સર્વથી શ્રેષ્ઠ ગણાય છે. ॥૪૩॥ તેવી રીતે સર્વશાસ્ત્રોમાં સર્વસારમય સમૃદ્ધ આ ગ્રંથ છે. જેના શ્રવણથી કેવળ ભગવાન શ્રીહરિકૃષ્ણના ચરિત્રોનું જ શ્રવણ થાય છે. તેથી આ ગ્રંથ મહાગ્રંથ કહેવાય છે. ॥૪૪॥ આસુરી વિચારવાળાને આ ગ્રંથ આપવો નહીં. શ્રદ્ધા વિનાનાને પણ આ ગ્રંથ આપવો નહીં. કેવળ શ્રદ્ધાવાળો જિજ્ઞાસા યુક્ત હોય તેને આ ગ્રંથ આપવાથી આ ગ્રંથનું મહાત્મ્ય વધે છે. ॥૪૫॥ આ ગ્રંથ સત્સંગીઓને - હરિના સેવકોને આપવો. તથા સંતોને - સત્પુરુષોને - માનરહિત હોય તેને આ ગ્રંથ આપવો તેમાં દોષ નથી. ॥૪૬॥ આ મહાગ્રંથમાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના અપાર ચરિત્રોનું વર્ણન કરેલ છે. તેથી તેનું દર્શન કરવાથી તમને મનની અંદર કેવળ શાંતિ પ્રાપ્ત થાય છે. ॥૪૭॥ પોતાના ભક્તજનોને સુખી કરવા માટે ધર્મનંદન મહાપ્રભુ આ પૃથ્વી ઉપર મુનિજનોના સુખ કલ્યાણ માટે તેમને પ્રિય મૂર્તિરૂપ થઈને, તારણહાર થઈને, અનેક ચરિત્રો કરીને સંસારસાગરમાં અનેક રીતે ચરિત્રોનો વિસ્તાર કરીને પોતાના આશ્રિતોને સુખ આપ્યાં. એવી આ પૃથ્વી ઉપર શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ જય પામો. ॥૪૮॥ આ કથાને જયસિંહરાજાએ મુક્તાનંદ સ્વામીના

મુખ થકી સાંભળીને શ્રીહરિના ચરણમાં પ્રીતિવાન થઈને શ્રીહરિના પરમધામને પ્રાપ્ત કર્યું. ॥૪૯॥

**ઇતિ શ્રીમદ્ ઉધ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનાર અધર્મવંશનો નાશ કરનારા શ્રી સહજાનંદ સ્વામી પૂર્ણપુરૂષોત્તમ શ્રીહરિના શિષ્ય કૃષ્ણાનંદ મુનિ વિરચિત શ્રી ભક્તિશાસ્ત્ર શ્રીહરિલીલા સુધાકરમાં શ્રીહરિના ચરિત્રથી આચાર્યોનો વિજય થયો એ નામે એકસોત્રણમો અધ્યાય પૂર્ણ થયો ॥૧૦૩॥**

## ॥ અધ્યાય - ૧૦૪ ॥

**કવિ કહે છે :** સર્વગ્રંથના સારરૂપ, મહાપુણ્યના વર્ણન યુક્ત, સર્વગ્રંથ સમુચ્ચયનું હું વર્ણન કરું છું. જેને સાંભળવા માત્રથી જીવ સંસારસાગરને તરી જાય છે. ॥૧॥ ગ્રંથના પ્રથમ અધ્યાયમાં મંગળાચરણમાં શ્રીહરિનું સ્મરણ કરેલ છે. વક્તા અને શ્રોતાનો પરસ્પર સંવાદ આવે છે. તેના શ્રવણથી મન આનંદને પામે છે. ॥૨॥ બીજા અધ્યાયમાં નરનારાયણ ભગવાનના રૂપનું વર્ણન આવે છે. ત્રીજા અને ચોથા અધ્યાયમાં ઋષિઓના નામોનો નિર્દેશ કરેલ છે. ॥૩॥ પાંચમા અધ્યાયમાં ધર્મદેવ તથા ભક્તિમાતાના જન્મનું વર્ણન કરેલ છે. તેમજ તેઓ અસુરોના ત્રાસથી પ્રયાગતીર્થમાં ગયા તેનું વર્ણન આવે છે. ॥૪॥ શ્રીરામાનંદ સ્વામી પાસેથી ધર્મદેવ અને ભક્તિમાતાએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી શ્રીહરિના આશ્રિત થયા તેનું વર્ણન આવે છે. છઠ્ઠા અધ્યાયમાં ધર્મ અને ભક્તિએ વૃંદાવનમાં મુનિઓની સાથે શ્રીકૃષ્ણ ભગવાનની આરાધના કરી તેનું વર્ણન છે. ॥૫॥ સાતમા અધ્યાયમાં અશ્વત્થામાનો શાપ થયો તથા ઈંદ્રે ભક્તિમાતાના ગર્ભમાં શ્રીહરિની સ્તુતિ કરી તેનું વર્ણન છે. ॥૬॥ આઠમા અધ્યાયમાં શ્રીહરિના



પ્રાગટ્યનું વર્ણન છે. શ્રીહરિએ માતાપિતાને દિવ્ય દર્શન આપ્યા તેમજ માતાપિતાએ શ્રીહરિની સ્તુતિ કરી તેનું વર્ણન છે. ॥૭॥ નવમા અધ્યાયમાં માર્કંડેયમુનિએ નામકરણ સંસ્કાર કર્યો, શ્રીહરિના દિવ્ય સ્વરૂપનું તથા દિવ્ય ગુણોનું વર્ણન કર્યું. ॥૮॥ દશમા અધ્યાયમાં ઘનશ્યામ પ્રભુની બાળલીલા વર્ણવી છે. અગિયારમા અધ્યાયમાં ગૌઘાટનું વર્ણન તથા વનની શોભાનું વર્ણન કર્યું છે. ॥૯॥ બારમાં અધ્યાયમાં છપૈયાની શોભાનું વર્ણન, નારાયણ સરોવરનું વર્ણન છે. તેરમાં અધ્યાયમાં અયોધ્યા ગયા તેનું વર્ણન છે. ॥૧૦॥ ચૌદમા અધ્યાયમાં શ્રીહરિએ સુવાસીની ભાભીની વીંટી ચોરી તેનું વર્ણન છે. પંદરમાં અધ્યાયમા શ્રીહરિને ઉપવીત આપી તેનું વર્ણન છે. તેને માટે મંડપ બનાવ્યો તેનું તથા વેદિકા બનાવી તેનું વર્ણન છે. ॥૧૧॥ સોળમા અધ્યાયમાં વર્ણિરૂપ શ્રીહરિની બ્રહ્માદિક દેવતાઓએ સ્તુતિ કરી તથા માર્કંડેય ઋષિએ શ્રીહરિનું ભવિષ્ય ભાખ્યું તેનું વર્ણન છે. ॥૧૨॥ સત્તરમા અધ્યાયમાં ભક્તિમાતા તથા ધર્મદેવને મુક્તિ આપી, અઢારમા અધ્યાયમાં ઘરનો ત્યાગ કર્યો, તથા ભાઈઓને વનવિચરણના સમાચાર હનુમાનજી દ્વારા કહેવરાવ્યા. ॥૧૩॥ ઓગણીસમા અધ્યાયમાં વનવિચરણનું વર્ણન છે. વીસમા અધ્યાયમાં શ્રીનીલકંઠ વર્ણી લોજપુરમાં પધારે છે. ॥૧૪॥ એકવીસમા અધ્યાયમાં રામાનંદ સ્વામીના જન્મોત્સવનું વર્ણન તથા મુક્તાનંદ સ્વામી આદિક સંતોને મળ્યા તેનું વર્ણન છે. ॥૧૫॥ બાવીસમા અધ્યાયમાં શ્રીનીલકંઠ વર્ણીએ તથા મુક્તાનંદ સ્વામીએ ભૂજ શ્રી રામાનંદ સ્વામીને પત્ર લખ્યો. ત્રેવીસમા અધ્યાયમાં શ્રીનીલકંઠ વર્ણી રામાનંદ સ્વામીને પીપલાણામાં મળ્યા તેનું વર્ણન છે. ॥૧૬॥ ચોવીસમા અધ્યાયમાં શ્રીહરિએ પોતાનો પ્રતાપ પ્રગટ કર્યો તથા પચીસમાં અધ્યાયમાં મેઘજીત ભક્તનો માંગરોળમાં પરાજય કર્યો તેનું વર્ણન છે. ॥૧૭॥ છવ્વીસમા અધ્યાયમાં મુક્તાનંદ સ્વામીનો સંશય શ્રીહરિએ દૂર કર્યો. સતાવીસમા અધ્યાયમાં મગનીરામ દેવીવાળા શ્રીહરિના આશ્રિત થયા.

॥૧૮॥ અઠ્ઠાવીસમા અધ્યાયમાં સંતોને અમદાવાદ નગરમાં મોકલ્યા. ઓગણત્રીસમા અધ્યાયમાં શ્રીહરિએ સમાધિ પ્રકરણ ચલાવ્યું. ॥૧૯॥ ત્રીસમા અધ્યાયમાં શ્રીહરિએ ભોજન કરીને પોતાના આશ્રિતોને ભોજન કરાવીને તૃપ્ત કર્યા તથા એકત્રીસમા અધ્યાયમાં ઉત્તમરામ શાસ્ત્રીએ શ્રીહરિની સ્તુતિ કરી શ્રીહરિને રાજી કર્યા. ॥૨૦॥ બત્રીસમા અધ્યાયમાં દયારામ વિપ્ર વિષ્ણુયાગમાં રામશંકર આદિ બ્રાહ્મણોને પૂજીને શ્રીહરિને પુરૂષોત્તમ નારાયણ માનવા લાગ્યા, શ્રીહરિની પ્રાર્થના કરી. ॥૨૧॥ તેત્રીસમા અધ્યાયમાં દ્વેષીજનો શ્રીહરિની સાથે દ્વેષ કરે છે, ઈર્ષા કરે છે. ચોત્રીસમા અધ્યાયમાં શ્રીહરિ અસુરોના ઉપદ્રવને શમાવી નાખે છે. ॥૨૨॥ પાંત્રીસમા અધ્યાયમાં જેતલપુરમાં ગંગામા પ્રેમથી શ્રીહરિને ખૂબ જ લાડ લડાવે છે. તથા છત્રીસમાં અધ્યાયમાં શ્રીહરિના મહિમાનું વર્ણન આવે છે. ॥૨૩॥ સાડત્રીસમાં અધ્યાયમાં નિષ્કામવ્રતનું વર્ણનું કરેલ છે. તથા આડત્રીસમા અધ્યાયમાં શ્રીજી મહારાજે પોતાનું રહસ્ય કહ્યું તથા તેજના ગોળાના સર્વને દર્શન થયાં. ॥૨૪॥ ઓગણચાલીસમા અધ્યાયમાં તે ગોળા આકાશમાં અદશ્ય થઈ ગયા. ચાલીસમા અધ્યાયમાં જેતલપુરમાં યજ્ઞનો આરંભ કર્યો તથા સંતોએ શ્રીહરિની સ્તુતિ કરી. ॥૨૫॥ એકતાલીસમા અધ્યાયમાં દેશદેશાંતરના મનુષ્યો યજ્ઞમાં આવ્યા. બેતાલીસમાં અધ્યાયમાં શ્રીહરિ યજ્ઞમાં હવન કરવા બેઠા. ॥૨૬॥ તેતાલીસમા અધ્યાયમાં વાડીમાં વેદિકા ઉપર શ્રીહરિ બેઠા તથા દેવસરોવરમાં સ્નાન કર્યું તે લીલાનું વર્ણન છે. ॥૨૭॥ ચુંમ્માલીસમા અધ્યાયમાં યજ્ઞની પૂર્ણાહુતિ કરી. બ્રાહ્મણોને લાડવા જમાડ્યા. શ્રીહરિ ધમડકા પધાર્યા. ॥૨૮॥ પિસ્તાલીસમા અધ્યાયમાં કર્ણીબાએ પૂજા કરી. છેંતાલીસમાં અધ્યાયમાં શ્રીહરિ ભૂજનગર પધાર્યા. ॥૨૯॥ સુડતાલીસમા અધ્યાયમાં શ્રીહરિ સુંદરજી સુતારને ત્યાં નિવાસ કરતા હતા. અડતાલીસમા અધ્યાયમાં શ્રીહરિએ અસુરોનો નાશ કર્યો. ॥૩૦॥ ઓગણપચાસમા અધ્યાયમાં શ્રીહરિ માંડવી નગરમાં પધાર્યા.



પચાસમા અધ્યાયમાં શ્રીહરિ કાળા તળાવ પધાર્યા. ત્યાંથી તેરા પધાર્યા. ॥૩૧॥ એકાવનમા અધ્યાયમાં શ્રીહરિ લાંઘણજ પધાર્યા. ત્યાં નારાયણ વિપ્રને સુખ આપીને શયન કર્યું. ॥૩૨॥ બાવનમા અધ્યાયમાં મહેમદાવાદમાં વડના ઝાડ નીચે બેઠા ત્યાં સંતોએ પ્રભુનાં દર્શન કર્યાં. ॥૩૩॥ ત્રેપનમા અધ્યાયમાં શ્રીહરિ સંતો સાથે સિધ્ધપુર પધાર્યા. ચોપનમા અધ્યાયમાં શ્રીહરિ વડનગર પધાર્યા. ॥૩૪॥ પંચાવનમાં અધ્યાયમાં વિસનગર પધાર્યા. ત્યાં કીર્તિ ફેલાવી વિસનગરથી ગેરીતા, વિજાપુર પધાર્યા. ॥૩૫॥ છપનમા અધ્યાયમાં પ્રહ્‌લાદપુર પધાર્યા. સત્તાવન તથા અઠ્ઠાવન અધ્યાયમાં પ્રહ્‌લાદપુરની લીલાનું વર્ણન છે. ॥૩૬॥ ઓગણસાંઈઠમાં અધ્યાયમા માણસાપુરમાં પધાર્યા. સાંઈઠમાં અધ્યાયમાં ઉનાવા ગામમાં રામદાસ ભક્તે પૂજા કરી. ॥૩૭॥ એકસઠમા અધ્યાયમાં કરજીસણ પધાર્યા. બાસઠમા અધ્યાયમાં અડાલજ વાવ ઉપર પધાર્યા. ॥૩૮॥ ત્રેસઠમા અધ્યાયમાં (શ્રીનગર) અમદાવાદ પધાર્યા, નવાવાસમાં ઊતર્યા તથા ભક્તજનોને દર્શન ઉપદેશનું સુખ આપ્યું. ॥૩૯॥ ચોસઠમા અધ્યાયમાં શ્રીહરિ ખોખરા મહેમદાવાદમાં ઉતર્યા તથા કાંકરીયા સરોવરમાં કાયમ સ્નાન કરવા જતા તેનું વર્ણન છે. ॥૪૦॥ પાંસઠમા અધ્યાયમાં શ્રીહરિએ અસુરોનો નાશ કર્યો. છાસઠમા અધ્યાયમાં શ્રીહરિ વહેલાલ પધાર્યા. ત્યાં ભક્તોને સુખ આપ્યું. ॥૪૧॥ સડસઠમા અધ્યાયમાં વડથલમાં લીલા કરી. અડસઠમા અધ્યાયમાં જેતલપુરમાં ચરિત્રો કર્યાં. ॥૪૨॥ ઓગણસિત્તેરમાં અધ્યાયમાં ડભાણ પધાર્યા. ત્યાં યજ્ઞ પ્રારંભ કરાવી હોમ કર્યો. બ્રહ્મણોને જમાડ્યા. સિત્તેર-ઈકોતેર તથા બોતેર અધ્યાયોમાં યજ્ઞ ઉત્સવની પૂર્ણાહુતિ કરાવી. ॥૪૩ - ૪૪॥ તોંતેરમાં અધ્યાયમાં શ્રીહરિ ગઢપુર પધાર્યા. ચુંમોતેરમાં અધ્યાયમાં વડોદરાના રાજાના મંત્રીનો ઐશ્વર્ય પ્રતાપથી પરાભવ કર્યો. પંચોતેરમાં અધ્યાયમાં શ્રીહરિ દુર્ગપુરમાં રહ્યા તેનું વર્ણન તથા દુર્ગપુરમાં રંગોત્સવ કર્યો તથા બોટાદપુરમાં પધાર્યા.

ત્યાં રંગોત્સવ કર્યો તેનું વર્ણન છે. ॥૪૫ - ૪૬॥ છોંતેરમા અધ્યાયમાં શ્રીહરિએ ગઢપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો તથા સર્વ ત્યાગી તથા ગૃહસ્થ ભક્તોને દિવ્ય સુખ આપ્યું તેનું વર્ણન છે. ॥૪૭॥ સીત્યોતેરમા અધ્યાયમાં શ્રીહરિએ ગઢપુરમાં રહીને દિવાળીનો અન્નકૂટનો ઉત્સવ કર્યો. ॥૪૮॥ ઈઠ્યોતેરમાં અધ્યાયમાં શ્રીહરિએ કારીયાણીમાં અતિરૂદ્ર યજ્ઞ કર્યો તથા પોતાના ભક્તો પાસે તળાવ ગળાવીને તેનું ભર્યું કર્યું. ॥૪૯॥ ઓગણએંશીમા અધ્યાયમાં કારીયાણીમાં દિવાળીનો ઉત્સવ કર્યો તથા લોયા - નાગડકા પધાર્યા. ॥૫૦॥ એંશીમા અધ્યાયમાં લોયામાં શાકોત્સવ કર્યો. શ્રીહરિએ સ્વયં રીંગણાનું શાક ઘીથી વઘાર્યું. સંતોએ સ્તુતિ કરી. ॥૫૧॥ એક્યાસીમાં અધ્યાયમાં છપૈયાથી રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામજી આવ્યા. ચંદ્રગ્રહણનું ભદ્રાનદીમાં સ્નાન કર્યું તેનું વર્ણન છે. ॥૫૨॥ બ્યાસીમાં અધ્યાયમાં શ્રીહરિએ ઉત્તરાયણ તહેવાર ઊજવ્યો. નાગડકે પધારી ત્યાં તલને ગોળના લાડુ જમ્યા. ॥૫૩॥ ત્યાંસીમા અધ્યાયમાં પંચાળામાં શ્રીહરિએ રાસોત્સવ કર્યો. ચોર્યાસીમા અધ્યાયમાં શ્રીહરિ જૂનાગઢ પધાર્યા. ॥૫૪॥ પંચ્યાસીમા અધ્યાયમાં શ્રીહરિએ ધરમપુર અને વાંસદામાં લીલા કરી તેનું અદ્ભુત વર્ણન આપેલ છે. છયાસીમા અધ્યાયમાં શ્રીહરિ વડતાલ પધાર્યા અને વડતાલમાં મુગટને ધારણ કર્યો. ॥૫૫॥ સીત્યાસીમા અધ્યાયમાં શ્રીહરિએ મછીઆવમાં રંગોત્સવ કર્યો. ઈઠ્યાસીમાં અધ્યાયમાં અમદાવાદમાં મંદિર બનાવી શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી તેનું વર્ણન છે. ॥૫૬॥ નેવ્યાસીમા અધ્યાયમાં અમદાવાદમાં બ્રાહ્મણોની ચોર્યાશી કરી. નેવુંમા અધ્યાયમાં શ્રીહરિએ ભૂજનગરમાં તથા મુળીમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. ॥૫૭॥ એકાણુમા અધ્યાયમાં શ્રીહરિએ વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ પ્રતિષ્ઠા કરી અને ગોમતી સરોવરના કાંઠા ઉપર સાધુઓને છાપો આપી. ॥૫૮॥ બાણુમા અધ્યાયમાં શ્રીહરિ સૂરતનગરે પધાર્યા. તાણુમા અધ્યાયમાં શ્રીહરિ



સુંદરીયાણે પધાર્યા. ॥૫૯॥ ચોરાણુ તથા પંચાણુમા અધ્યાયમાં શ્રીહરિ અમદાવાદ પધાર્યા. ત્યાં સંતો, પાર્ષદો હરિભક્તો સાથે રંગે રમ્યા. ॥૬૦॥ છન્નુમા અધ્યાયમાં શ્રીહરિ જેતલપુર પધારી ત્યાં લીલા કરી વડતાલ પધાર્યા. ॥૬૧॥ સત્તાણુમા અધ્યાયમાં શ્રીહરિની પાસે ઉત્તમરાજા વડતાલ આવ્યા. અઠ્ઠાણુમા અધ્યાયમાં વડતાલની લીલા આવે છે. ॥૬૨॥ નવાણુમા અધ્યાયમાં ઈચ્છારામજી અક્ષરધામમાં ગયા તેનું વર્ણન છે તથા શ્રીહરિ રાજકોટ પધાર્યા. ॥૬૩॥ એકસોમા અધ્યાયમાં પૂર્વ દેશથી પોતાના ભક્તો આવ્યા. એકસોએકમા અધ્યાયમાં આચાર્ય, સાધુ તથા ગૃહસ્થોને ઉપદેશ આપ્યો. ॥૬૪॥ એકસો બેમા અધ્યાયમા શ્રીહરિ મહાપ્રભુ અંતરધ્યાન થયા. એકસો ત્રણમાં અધ્યાયમાં શ્રીહરિની ઉત્તરક્રિયા આચાર્ય મહારાજોએ કરી તથા આચાર્ય વિજયનું વર્ણન છે. ॥૬૫॥ એકસો ચારમા અધ્યાયમાં ગ્રંથના અધ્યાયોની અનુક્રમણિકા એકસો પાંચમા અધ્યાયમાં શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાનું વર્ણન કરેલ છે. ॥૬૬॥ એવી રીતે શ્રીહરિ ધર્મપુત્રના દયાસાગર સ્વરૂપનાં ચરિત્રો અસંખ્ય છે. જીવોના કલ્યાણ માટે ભગવાન મનુષ્ય અવતાર ધરીને, પૃથ્વી ઉપર સતત વિચરણ કરીને અદ્ભુત લીલાઓ કરીને જીવોને સુખ આપેલાં છે. તેનું સ્મરણ કરીને જીવો અક્ષરધામ પામે છે. ॥૬૭॥

**ઇતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદ સ્વામીએ રચેલ શ્રી ભક્તિશાસ્ત્ર શ્રી હરિલીલા - સુધાકરમાં સમગ્ર ગ્રંથ સાણિણ (અનુક્રમણિકા) કરી એ નામે એકસોચારમો અધ્યાય થયો. ॥૧૦૪॥**

## ॥ અધ્યાય - ૧૦૫ ॥

**કવિ કહે છે** : અક્ષરમુક્તોથી વીંટાયેલા એવા તેજોમયમૂર્તિ અક્ષરધામાધિપતિ, અનંત દિવ્ય વિભૂતિઓ જેમના ચરણકમળની સેવા કરે છે એવા ઐશ્વર્યવાળા શ્રીહરિ ભક્તજનો પર દયા કરીને, ધર્મભક્તિના ઘરે પ્રગટ થઈને, શુદ્ધ એકાંતિક ધર્મનું સ્થાપન કરીને પોતાના ભક્તજનોને ઘણાં સુખ આપ્યાં એવા શ્રીહરિ મારા અંતઃકરણમાં નિવાસ કરીને રહો, એવા સહજાનંદ સ્વામી મારી ઉપર પ્રસન્ન થજો. ॥૧॥ પ્રથમ શ્રીહરિના ચરણકમળને નમન કરીને તેમના ગુણોનું હું ગાન કરું છું. વનવાસીઓ, મુનિઓ જેમના ચરણકમળનું ધ્યાન કરે છે, જેમના ચરણકમળનું ધ્યાન કરવાથી અનંત જન્મોના પાપો નાશ પામે છે. શ્રીહરિના ગુણોને ભગવદ્‌ભક્તો, સંતો, બ્રહ્મધામમાં બેસીને નિત્યપ્રત્યે ગાયા કરે છે. ॥૨॥ જેના ગુણોના અંતને બ્રહ્માદિ દેવો પાર પામી શકતા નથી તથા સહસ્ત્ર મુખવાળા શેષજી શ્રીહરિના ગુણોને ગાતા પાર પામતા નથી એવા તે ધર્માત્મજ શ્રીહરિ - સહજાનંદ સ્વામીનું હું ધ્યાન ધરું છું. મહાપ્રભુ પ્રાતઃકાળમાં શૌચવિધિ કરીને, દંતધાવન કરીને, ઉષ્ણજળથી સ્નાન કરીને, હાથમાં ત્રાંબાનો લોટો લઈને જળથી સ્નાન કરીને પછી એક શુદ્ધ વસ્ત્ર હાથમાં લઈને શરીર પર ધારણ કરે છે. ॥૩॥ તે વસ્ત્રના એક છેડાને હાથમાં લઈને શરીરનાં અંગોને લૂછે છે, કોરાં કરે છે. ભક્તજનોના સુખ માટે ચરણકમળોને લૂછીને કોરાં કરે છે. પછી પાતળાં કોમળ વસ્ત્રો પોતાના અંગો ઉપર ધારણ કરે છે, આવી રીતે તૈયાર થઈને પોતાના બંન્ને ચરણક્મળોમાં પાદુકાઓને ધારણ કરીને આગળથી બનાવેલા મંચ ઉપર બિરાજમાન થાય છે. પછી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ભક્તજનો શ્રીહરિની પ્રાતઃકાલીન પૂજન વિધિ કરે છે. ॥૪॥ સુંદર બંને કાનોમાં કુંડળને ધારણ કરાવે છે. ભગવાનના ચરણકમળમાં સ્વસ્તિક આદિ સોળ ચિહ્નો છે. ડાબા પડખેથી જમણા ખભે દુપટ્ટો નાખેલો છે. શ્રીહરિ શુદ્ધ જળથી બંને



હસ્તકમળો ધોઈને શ્રીહરિ મહાપ્રભુ ભોજન કરવા પધારે છે. ભોજન કરતાં મધ્યમાં જળપાન કરતા તથા ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરવા માટે જુદાં જુદાં ચરિત્રો કરે છે. ॥૫॥ ભક્તજનોના સુખ માટે શ્રીહરિ મહાપ્રભુ શીરો, પુરી, રસથી ભરપૂર ફેણી, સાટા તથા જલેબી આદિ પકવાનો, શાક, પાપડ, રોટલી, કોથમીરનું સૂપ (દાળ), ભાત, લાડુ આદિ પદાર્થોને આરોગીને તૃપ્ત થાય છે. શુદ્ધ જળથી બંને હસ્તકમળોને તથા મુખારવિંદને ધોઈને જળપાન કરે છે. રૂપાની સળીથી દાંતોને સાફ કરીને શ્રીહરિ મુખશોધન કરે છે. ॥૬॥ ત્યાર પછી શ્રીહરિ પાટ ઉપર બિરાજમાન થાય છે. ભક્તજનો શ્રીહરિનું પ્રેમપૂર્વક પૂજન કરે છે. ભક્તજનો શ્રીહરિને પ્રેમપૂર્વક કોમળ પાતળાં વસ્ત્રો ધારણ કરાવે છે. મસ્તક ઉપર સુંદર પાઘ ધારણ કરાવે છે. પુષ્પોના હારો કંઠમાં ધારણ કરાવે છે. વનમાળાના તોરા પાઘમાં ધારણ કરાવે છે. કેડ ઉપર કંદોરો, બંને હાથમાં સોનાના કડા તથા કાનમાં કુંડળને ધારણ કરાવે છે. ॥૭॥ શ્રીહરિ પોતાના સખાઓની સાથે સંતોને પીરસવાને તૈયાર થાય ત્યારે પોતાનાં વસ્ત્રોને ઠીક કરીને કેડ ઉપર બાંધે છે. પંક્તિમાં જુદી જુદી વસ્તુઓ જલેબી, લાડુ, સાટા લઈને પીરસવા જાય છે. સંતોને પ્રેમથી પીરસીને જમાડે છે. આગ્રહ કરી કરીને પીરસે છે. કોઈના મુખમાં પણ મૂકી દે છે. ક્યારે લાડુ પીરસતા હોય ત્યારે આગ્રહ કરીને જમાડે છે. ના પાડે તો તેને લાડુથી મારે છે. ॥૮॥ શ્રીહરિ પોતાનું મુખારવિંદ બંને હાથના ખોબામાં જળ ભરીને મુખ ઉપર છાંટીને મુખારવિંદ ધોતા. ક્યારેક વસ્ત્રને માથા ઉપર ઢાંકીને બેસતા. ક્યારેક વસ્ત્રને પાથરણાની માફક પાથરીને તેના ઉપર બેસતા. ક્યારેક ઢીંચણ ઉપર કપડું બાંધીને કમર ઉપર વીંટીને ઊભા પગે બેસતા. ॥૯॥ ક્યારેક આસન ઉપર કે સભામાં બેઠા હોય ત્યારે શ્રીહરિ તુલસીની માળા માગી લઈને ફેરવતા. ક્યારેક માળા હાથમાં રાખીને આંખો બંધ કરીને સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન થઈ

જતા. ક્યારેક માળાને બેવડી કરીને ફેરવતા. ક્યારેક માળાના બબ્બે મણકા ભેગા ફેરવતા. ક્યારેક માળા ખેંચીને તોડી નાખતા. ॥૧૦॥ ક્યારેક જ્ઞાન વાર્તા થતી હોય ત્યારે ભક્તજનની સમીપમાં જઈને બેસતા. ક્યારેક ચર્ચા કરતા કરતા આસન ઉપરથી ખસીને નીચે ઊતરી જતા. ક્યારેક અંતરદૃષ્ટિ કરીને પોતાનું ધ્યાન કરવા લાગી જતા. ક્યારેક એકાગ્ર ચિત્ત થઈ જતા. ક્યારેક ધ્યાન કરતાં કરતાં એકદમ ઝબકીને જાગ્રત થઈ જતા અને ચારે બાજુ જોવા લાગી જતા. ॥૧૧॥ કોઈ ગામમાં યા દેશમાં ક્યારેક ત્યાગીગૃહીની મોટી સભા થાય ત્યારે સર્વેજનો ચકોર પક્ષીની માફક ચાતકદૃષ્ટિથી શ્રીહરિ સામું જોઈ રહેતા. ક્યારેક વીણા આદિ વાજિંત્રો વગાડીને મૃદંગ, દુકડ, સરોદા આદિના તાલ સાથે સંતો ગાતા હોય ત્યારે શ્રીહરિ તેમની સાથે ગાવા લાગી જતા. ॥૧૨॥ ક્યારેક અતિશય આનંદમય હોય ત્યારે સર્વે મુનિઓ શ્રીહરિ ધર્મનંદન સામું જોઈ રહેતા થકા કીર્તન ભક્તિ કરતા ત્યારે શ્રીહરિ મુનિઓની સાથે રાગમાં રાગ મેળવીને ગાવા લાગી જતા. ક્યારેક સંતો તાળી વગાડીને ગાતા હોય ત્યારે તેમની સાથે તાળી વગાડીને ગાતા. ક્યારેક કથા થતી હોય ત્યારે વચમાં શ્રીહરિ પોતે વાર્તા કરવા લાગી જતા. ॥૧૩॥ જગતના જીવોનું રૂડું કરવા માટે મનુષ્યચરિત્ર કરતા ત્યારે કોઈક ભક્ત સ્પર્શ કરવા આવે ત્યારે પોતે સંકોચાઈને આઘા ખસી જતા. ક્યારેક ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી મનોહર જ્ઞાનવાર્તા કરતા. કોઈ વખત ભગવાનના સ્વરૂપમાં ખેંચાઈને આવેલા દેશાંતરના ભક્તોને પૂજા કરવાનો ભાવ હોય તો તેમને પૂજા અર્ચન કરવા દેતા. ભક્તના મનને પોતાના સ્વરૂપમાં ખેંચતા થકા પોતાના સ્વરૂપમાં જોડી દેતા, સમાધિ કરાવી દેતા. ॥૧૪॥ ભક્તના નાડી પ્રાણ ખેંચાઈને નિષ્પ્રાણ થઈ જતા ત્યારે કૃપાદૃષ્ટિ કરીને શ્રીહરિ તેને જાગૃત કરતા હતા. ક્યારેક મુનિજનો પોતાની પાસે આવીને બેઠા હોય ત્યારે જ્ઞાનવાર્તા કરતા થકા આનંદ આપતા. ક્યારેક ફૂલની માળા હાથમાં



લઈને આંખ ઉપર દબાવતા. ક્યારેક ફૂલના ગોટાને બંને હાથથી ચોળી નાંખતા. ક્યારેક લીંબુને હાથમાં લઈને મુખ ઉપર ફેરવતા, મુખ ઉપર ઠંડક લાગતી. ॥૧૫॥ શ્રીહરિ ક્યારેક પોતાના સેવક ઉપર રાજી થઈ જાય ત્યારે કથાવાર્તા ચાલતી હોય તો પણ પરસ્પર પ્રશ્ન ઉત્તર કરવા દેતા. ઉત્સવ સમૈયામાં ભક્તો આવ્યા હોય તેઓ સભામાં વચ્ચે પૂજા કરવા કે હાર પહેરાવવા આવે તો તેમના પર ખિજાઈ જાતા અને તેમને ઠપકો આપતા હતા. ॥૧૬॥ ક્યારેક કોઈ જનના રહસ્યની વાત સાંભળતા ત્યારે અતિ રાજી થઈ જતા. તેના કર્માંતરની સ્મૃતિ કરીને ‘‘એકદમ આ તો આકસ્મિક બને છે.’’ એ પ્રમાણે શ્રીહરિ બોલતા. ક્યારેક અતિશય આનંદમાં આવી જાય ત્યારે સુખસાગર પોતાની બ્રહ્મસ્થિતિમાં આવી જઈને બ્રહ્માનંદ સ્વામીના શરીર ઉપર દૂધ-દહીં રેડીને રાજી થતા. ॥૧૭॥ ક્યારેક પુણ્યશાળી નારદ, શુક, સનકાદિકના ચરિત્રોનું ગાન કરતા. કયારેક જીભને દાંત તળે દબાવીને સ્વાદનો રસભાવ બતાવતા હતા. કોઈ પદાર્થ ચાવવું હોય તો આનંદપ્રમોદ કરતા થકા તેને પોતાના મુખમાં મૂકીને આનંદ આપતા હતા તેના અનુસંધાનમાં તે પદાર્થની વાર્તા કરતા હતા. ॥૧૮॥ કોઈ જીવ પોતાના કર્મવશ દુઃખી થતો હોય તો તેની ઉપર દયા કરીને તે દુઃખી જીવને અન્ન ધન આદિ જે જે વસ્તુની તેને જરૂર હોય તે તે વસ્તુ આપીને તેને સુખી કરતા હતા. ક્યારેક પોતાનું ઉત્તરીય વસ્ત્ર નીચે અડતું હોય તો તેને હાથમાં લઈને એક હાથ કેડ ઉપર રાખીને પોતે ચાલતા. અને ભક્તજનોને આનંદ ઉપજાવતા હતા. ॥૧૯॥ ઉન્મત્ત નદીમાં (ઘેલા નદીમાં) ચોમાસામાં ખૂબ પૂર આવ્યાં હોય ત્યાર પછી પાણી શાંત થાય. શરદઋતુમાં એ શાંત નિર્મળ જળમાં સંતો તથા સખાવૃંદની સાથે સ્નાન કરવા જતા ત્યાં જળક્રીડા કરતા, કીર્તનો ગાતા, ગવરાવતા, નારાયણધૂન કરાવતા વિગેરે લીલા ચરિત્રોને કરતા, પછી શ્વેત વસ્ત્રો ધારણ કરી અશ્વ ઉપર વિરાજમાન થઈને પોતાના સખાઓની સાથે

આનંદગોષ્ઠિ કરતા થકા દાદાખાચરના દરબારમાં પધારતા. રસ્તામાં મનુષ્યોને નેત્રપ્રાપ્તિના ફળરૂપ દર્શન આપતા હતા. ॥૨૦॥ શ્રીહરિ પોતાના ભક્તજનોને સુખ આપવા માટે ગઢપુરમાં નિવાસ કરીને રહેતા હતા. દાદાખાચરના દરબારગઢમાં રહેતા થકા પોતાના સેવકો સારા બિછાના આપતા તેની ઉપર વિરાજમાન થઈને સેવકોને રાજી કરતા હતા. પોતાના ભક્તો, સંતો, પાર્ષદો, હરિભક્તોની સભામાં ગ્રહમંડળમાં જેમ ચંદ્ર શોભે તેમ શોભતા થકા બેસતા હતા. ॥૨૧॥ ભક્તજનો પ્રેમથી જે કાંઈ વસ્ત્ર, આભૂષણ, બીજું કોઈ પણ પદાર્થ શ્રીહરિને અર્પણ કરે તેને સ્વીકારીને ભક્તજનોને રાજી કરીને તુરત તે પદાર્થ બીજા યોગ્ય જનને આપી દેતા હતા. આવો ઉદાર ત્યાગવૃત્તિવાળો સ્વભાવ શ્રીહરિનો છે. શ્રીહરિ ક્યારેક ભોજન કર્યા પછી રાત્રે પથારીમાં શયન કરતા હોય ત્યારે પોતાના હાથની બે આંગળીઓ લલાટમાં તિલક કરવાની માફક ફેરવતા થકા શયન કરતા હતા. શયન કરતા થકા જમણા હાથમાં માળા લઈને ફેરવતા હતા. ॥૨૨॥ ક્યારેક ભરનિંદ્રામાં પોઢ્યા હોય અને કોઇ ભક્ત લગાર અડી જાય તો ઝબકીને જાગી જતા. ક્યારેક ''કોણ છે'' એ પ્રમાણે પૂછીને તે ભક્ત ઉપર ખિજાતા હતા. એવી રીતે શ્રીહરિ કૃષ્ણપ્રભુએ ગઢપુરમાં રહીને અનેક લીલાઓ કરી છે. શ્રીહરિએ બીજા સ્થળોમાં પણ ઘણી મનોહર લીલાઓ કરેલી છે. તે લીલાઓની કથાઓ પાપને નાશ કરનારી છે તે કથાઓ તમોને કહું છું. ॥૨૩॥ દાદાખાચરના દરબારમાં લીંબતરૂ નીચે સભામધ્યે મંચ ઉપર શ્રીહરિ વિરાજમાન છે ત્યારે સુગંધયુક્ત પુષ્પોના હારો કંઠમાં, તોરાઓ મસ્તક ઉપરની પાઘમાં - કાન ઉપર બાહુમાં બાજુબંધ આદિ બાંધતા તે સુગંધિત પુષ્પોના હારો ભક્તોને આપતા તેને કંઠમાં પહેરીને ભક્તો ખૂબ શોભતા હતા. ॥૨૪॥ મુકુંદ બ્રહ્મચારી પકવાનો બનાવીને તૈયાર કરે એટલે મુનિપતિ નારાયણપ્રભુ રાજમંદિરમાં પધારીને જમતા હતા. જ્યાં નારાયણ ભગવાનની સાથે નર ભગવાન બિરાજમાન



હોય ત્યાં શ્રીહરિ પોતે જ ''નારાયણની જય''નો ઉચ્ચાર મોટે સ્વરે બોલતા હતા. ક્યારેક શ્રીહરિ મહાપ્રભુ સંતો, પાર્ષદોની સાથે કાંકરીયા સરોવરમાં સ્નાન કરવા માટે જતા હતા. ॥૨૫॥ કોઇ ભક્તોને આજ્ઞા કરીને નરનારાયણમંદિરમાં મંચ બનાવરાવીને ત્યાં મોટો હીંડોળો બંધાવરાવતા હતા, એમાં નરનારાયણ ભગવાનને ઝુલાવીને મહા રંગોત્સવ કરતા હતા. ખૂબ રંગ રમીને સંતો ભક્તોની સાથે રંગથી ભીનાં વસ્ત્રોની સાથે સ્નાન કરવા નિમિત્તે તાલમૃદંગાદિક વાજિંત્રોના તાલ સાથે કીર્તનો ગાતા ગાતા નારાયણઘાટે પધારતા હતા. ॥૨૬॥ શ્રીહરિ સંતો ભક્તોની સાથે રંગથી પલળેલાં વસ્ત્રોની સાથે નદીમાં સ્નાન કરતા ત્યારે નદીના નીલવર્ણા પાણી લાલવર્ણાં થઈને વહેવા લાગતાં હતાં. આ લીલાને જોવા આકાશમાં દેવતાઓ આવતા. તેઓ ભગવાનને ફૂલોના હારો અર્પણ કરતા તથા આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરતા હતા. આવી રીતે શ્રીહરિ સખાઓ - સંતોની સાથે લીલા કરીને શુદ્ધ જરીયાની વસ્ત્રો ધારણ કરીને અશ્વ ઉપર બિરાજમાન થઈને જય જયના નાદ સાથે સંતવૃંદ સાથે પોતાના નિવાસસ્થાને પધારતા હતા. ॥૨૭॥ શ્રીહરિ મહાપ્રભુ મંદિરમાં પધારી તૈયાર કરેલા પકવાનોના થાળ આરોગીને તૃપ્ત થઈને સંતો પાર્ષદોને પીરસીને જમાડીને તૃપ્ત કરતા હતા. ત્યાર પછી સભા ભરાતી હતી. તેમાં શ્રીહરિ મહાપ્રભુ બિરાજમાન થતા હતા. તે સભામાં સ્વયં ભગવાન જ્ઞાનવાર્તા કરતા હતા. દશેરાના દિવસે ભદ્રકાળીનો ઉત્સવ કરીને લોકોને આનંદ આપતા હતા. ॥૨૮॥ આવી રીતના શ્રીહરિ મહાપ્રભુનાં અલૌકિક ચરિત્રોને જે જન શ્રદ્ધાથી સાંભળશે તથા શ્રદ્ધાથી જે કોઇ ભગવાનના ચરિત્રોને કહેશે તે જન અનંતકોટી બ્રહ્માંડોના સ્વામી એવા શ્રી નારાયણ મહાપ્રભુને અતિશય પ્રિય થઈ જાય છે. ભક્તિરસના આનંદમાં રમતો થકો ભગવાનની કૃપાથી નિર્ગુણ સ્થિતિમાં પહોંચી જાય છે. તે ભક્તજન ઉપર ધર્મભક્તિના પુત્ર શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ખૂબ જ રાજી થાય છે ને પરમપદને

પામે છે. ॥૨૯॥ જેવી રીતે શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્રોને મેં કહ્યાં તેને જે જીવાત્મા શ્રીહરિમાં મન જોડીને તેનો પાઠ કરશે તેના અંતઃકરણમાં શ્રી સ્વામિનારાયણની મૂર્તિ પ્રત્યક્ષ દેખાશે. ॥૩૦॥ પ્રેમરસભર્યા મનોહર દર્શન આપનારા શ્રી સહજાનંદસ્વામીને હું નમસ્કાર કરું છું. જે સ્વરૂપના આશ્રયથી તેની ભક્તિ કરનાર જીવ જન્મ મૃત્યુના બંધનથી હંમેશાં મુક્ત થઈને હરિધામમાં જાય છે. ॥૩૧॥ બ્રહ્માદિક દેવો શ્રીહરિનું ભજન કરવા તલસે છે. તેઓ પૃથ્વી પર આવીને શ્રીહરિનાં દર્શન કરે છે એવા મનુષ્યરૂપ ધારણ કરતાં અક્ષરધામાધિપતિ શ્રીહરિનું હું સ્મરણ કરું છું. ॥૩૨॥ બ્રહ્મપુર ધામાધિપતિના કલ્યાણકારક અનંત ઐશ્વર્યયુક્ત ચરિત્રોને હજારો વેદની શ્રુતિઓ પણ જેના ગુણને પૂર્ણ રીતે ગાઈ શકતી નથી એવા શ્રીહરિનું હું સ્મરણ કરુ છું. ॥૩૩॥ હું તે શ્રીહરિના કમળની પાંખડીઓ સમાન કોમળ બંને ચરણોમાં વંદન કરીને કરોડો સૂર્યના તેજને ઝાંખું કરનાર શ્રીહરિના સ્વરૂપનું વર્ણન કરું છું. ॥૩૪॥ તમો આવો અને જુઓ. જીવ પ્રાણી માત્રના મનને મોહ પમાડનાર ભગવાનના સ્વરૂપનું જીવને વિસ્મરણ થાય છે. પણ ભગવાનના તે સ્વરૂપની ભક્તિ કરવાથી ભગવાનનું તે સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે. ॥૩૫॥ મારું મન જેમાં મોહ પામેલ છે એવી મસ્તક ઉપરની પાઘને, પાઘમાંની જુદી જુદી ભાતને હું જોઈ રહું છું. કંઠમાં સુગંધિત માન પુષ્પોના હારોને ધારણ કરેલા તથા પાઘમાં તોરાઓને ધારણ કરેલા શ્રીહરિનું હું સ્મરણ કરું છું. ॥૩૬॥ મુક્તાત્માઓને શોભા આપનાર તેજાયમાન લલાટમાં કુમકુમયુક્ત તિલકને શ્રીહરિએ ધારણ કરેલ છે. શ્રીહરિના ડાબા કાનમાં તિલનું ચિહ્‌ન છે. તેનું ચિંતવન કરવાથી મન હરાઈ જાય છે. ॥૩૭॥ મારા હૃદયને ભેદનાર શ્રીહરિની ઊંચી ભ્રૂકુટીવાળી દૃષ્ટિ છે. આપનાં દૈદીપ્યમાન નેત્રો ભક્ત હૃદયને બાંધી લે છે. ॥૩૮॥ તમારા પ્રેમરસમાં બંધાયેલો હું લલાટમાં ગોળ ચાંદલો જોઈને પ્રેમઘેલો થઈ જાઉં છું. એ ચાંદલો મારા અંતઃકરણમાં સ્થિર થઈ ગયો



છે. ॥૩૯॥ પોપટની ચાંચ જેવી નાસિકા, લાલ કાંતિવાલા હોઠો આપના મુખ પર જોઈને તથા આપની ગજગતી ચાલ જોઈને તથા તેનું સ્મરણ કરીને હું ઘણો જ સુખી થયો છું. ॥૪૦॥ હે હરિ, દાડમના બીજ જેવી આપના મુખમાં દાંતની હારો - દંતાવલી - શોભે છે તેનું સ્મરણ કરવાથી મારા અંતઃકરણમાં સુખ થાય છે. ॥૪૧॥ આપ શરદઋતુના પૂર્ણકળાવાળા, પૂનમના ચંદ્રમાની સમાન શોભાયમાન મનોહર સ્વરૂપવાળા છો. આપ મંદ હાસ્ય કરતા થકા પોતાના ભક્તજનોના મનને હરી લેનારા છો. ॥૪૨॥ શંખના જેવા કંઠમાં રહેલાં ચિહ્‌નોને જોઈને તથા જમણા હાથમાં તિલની હારાવલી જોઈને મન ખેંચાય છે. તેથી આપના દર્શન કરવા મન ઉતાવળું થાય છે. ॥૪૩॥ ગુલાબના ફૂલોના હારને આપ ધારણ કરો છો, ત્યારે આપ અતિશય સુંદર લાગો છો. એવા આપનું હું મારા હૃદયમાં ધ્યાન કરું છું ॥૪૪॥ અનંત કામદેવની શોભાને ઝાંખી પાડનાર તથા તેના ગર્વને હરનાર એવી મનોહર આકૃતિવાળા આપ છો. આપના આવા સ્વરૂપનાં દર્શન થવાથી મારાં નેત્રોમાં આનંદાશ્રુ વહે છે. એવા શ્રીહરિ, આપનું હું સ્મરણ કરું છું. ॥૪૫॥ આપનું રૂપ માખણ જેવું કોમળ છે, તથા નવીન મેઘ સમાન ગંભીર છે. મનોહર છે. આપની છાતી પરાક્રમી યુવાન સિંહની સમાન છે. આપની પ્રકૃતિ પણ યુવાન પરાક્રમી સિંહની સમાન છે. આપનાં દર્શન મધુર છે. ॥૪૬॥ આપનાં હસ્તકમળ, આંગળીઓનો સમૂહ, નખમણીનીં શોભા, મારા અંતઃકરણમાં પ્રવેશી ગઈ છે અને વારંવાર આપના આ અંગોનાં દર્શન કરવાની ઈચ્છા થાય છે. ॥૪૭॥ છાતીમાં શ્રી વત્સનું ચિહ્‌ન, ઉદરમાં ત્રિવળી, મનોહર કમળના પત્રસમાન પેટ, આ બધાં આપનાં અંગોનું હું ચિંતવન કરું છું. ॥૪૮॥ પોતાના ભક્તોને અભયતાનું સુખ આપતા આપના બંને હસ્તકમળની મનોહરતા તથા ચરણની શોભા મારા હૃદયમંદિરમાં પ્રવેશ કરીને મારા હૃદયને ખેંચે છે. ॥૪૯॥ નવ રસોથી ભરપૂર એવા આપના તેજસ્વી

શરીરને, આપના રૂપને જોઈને બ્રહ્મરસમાં રસિક ભક્તો બંધાઈ જાય છે. એવું મનોહર આપનું રૂપ છે. ।।૫૦।। આપના સ્પર્શસુખમાં ભક્તજનો આનંદ માણે છે. આપના સ્વરૂપનું જે જીવ ધ્યાન કરે છે તે જીવ આ લોકમાં તથા પરલોકમાં સુખ પામે છે. ।।૫૧।। હાસ્યયુક્ત મુખથી ગંભીર વાણી બોલીને જીવના મનોને ખેંચી લેનારા એવા આપના સ્વરૂપનું ધ્યાન કરનારને શાંતિ આપીને આપ મારા હૃદયમાં નિવાસ કરીને મને અખંડ સુખ આપો. ।।૫૨।। માખણ જેવા કોમળ ઉદરના મધ્યમાં ઊંડી નાભિકમળ જોઈને મને મનમાં આનંદ વ્યાપે છે. તથા આપનો કટીભાગ મૃગેન્દ્રની સમાન સુડોળ અને મનોહર લાગે છે. ।।૫૩।। કેળના થાંભલા જેવા જાડા આપના સાથળ તથા બન્ને જાંનુ અતિશય સુંદર લાગે છે. તેથી શ્રીહરિના સ્વરૂપને વિષે અતિશય પ્રેમ થાય છે. ।।૫૪।। હે હરિ ! આપના બંને કોમળ ચરણકમળો મનને ખેંચનારાં તથા દૃષ્ટિને ખેંચનારાં છે તથા પોતાના ભક્તને સુખ આપનારાં છે. બંને ચરણમાં ઊર્ધ્વરેખાઓ ખૂબ જ શોભાયમાન છે. દશે આંગળીઓના નખો ખૂબ જ મનોહર દેખાય છે. મુનિજનોએ કેસર ચંદનથી પૂજેલાં આપનાં ચરણો મારા અંતઃકરણમાં કાયમને માટે નિવાસ કરીને રહો. ।।૫૫।। આ ગ્રંથના એકસોને પાંચ અધ્યાય થયા. તેની કથા બે ભાગમાં કહેલી છે. પૂર્વભાગ તથા ઉત્તર ભાગ. ।।૫૬।। કૃષ્ણાનંદ સ્વામીએ આ ગ્રંથ શ્રીહરિલીલા સુધાકર નામક બનાવીને અમદાવાદ જઈને રહ્યા. શ્રીહરિનું ભજન સ્મરણ કરતા થકા શ્રીહરિના ધામને પામ્યા. ।।૫૭।। એ પ્રમાણે પુણ્ય આપનાર, હંમેશાં આનંદમાં રહેવાનાં વરદાનો આપનાર તથા બધા પ્રકારના અર્થોને આપનાર, પાપોનો નાશ કરનાર આ હરિલીલા સુધાકર ગ્રંથ છે. ।।૫૮।। આ ગ્રંથને જે હાથ જોડીને નમ્ર થઈને ભગવાન સ્વામિનારાયણની સન્મુખ બેસીને પાઠ કરશે તેને ધર્મનંદન ભગવાન ઈચ્છિત મનોરથો પૂર્ણ કરી સ્વસ્વરૂપનું સુખ આપશે. ।।૫૯।। બધાં જ તીર્થો કરવાથી જે પુણ્ય થાય છે, તથા યજ્ઞયાગ કરવાથી



તથા દાનપુણ્ય કરવાથી જે પુણ્ય થાય છે. તે પુણ્ય આ શાસ્ત્રનું પઠનપાઠન કરવાથી તથા તેનું એકાગ્રતાથી શ્રવણ કરવાથી પ્રાપ્ત થાય છે. ।।૬૦।। ભક્તિભાવપૂર્વક જે કોઈ જન આ ગ્રંથની પારાયણ કરાવે અથવા સપ્તાહ કરાવે તથા સાંભળે તે જીવો બ્રહ્મધામમાં જઈને શ્રીહરિના સ્વરૂપના સુખને મેળવે છે. ।।૬૧।। એ પ્રમાણે પરમપવિત્ર તથા સર્વશાસ્ત્રના અર્થરૂપ શ્રીહરિલીલા સુધાકર સંસારનાં બંધનોથી જીવોને મુક્ત કરાવે છે. જે જનો પરમભક્તિભાવપૂર્વક આ ગ્રંથનો પાઠ કરે છે. જે જનો આ ગ્રંથને સાંભળીને હૃદયમાં ધારણ કરે છે. તે મનુષ્ય દેહનો ત્યાગ કરીને શ્રીહરિના અક્ષરધામમાં જાય છે. અને શ્રીહરિના સમીપમાં મહા સુખને મેળવે છે. એ નિશ્ચય વાત છે. ।।૬૨।।

**ઇતિ શ્રીમદ્ ધર્મધ્વાન્તકનો નાશ કરનાર ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી પુરૂષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદ મુનિ વિરચિત ભક્તિશાસ્ત્રમાં શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાનું નિરૂપણ કરેલ છે. એ નામે એકસોપાંચમો અધ્યાય થયો. ।।૧૦૫।।**

**શ્રી સહજાનંદ સ્વામીની જય જય**

**।। આ પ્રમાણે ગ્રંથ પૂર્ણ થયો. ।।**